શ્રી કુમારપાળ ચરિત્ર

આચાર્ય શ્રીમદ્ અજીતસાગર સૂરીશ્વરજી મહારાજ

KUMARPAL CHARITRA

PART–2

Acharya Shree
AJITA SAGAR SURISWARJI MAHARAJ

Place of Publication :
Shree Mahudi (Madhupuri) Jain S. M. P.
Trust Mahudi
Ta. Vijapur. (N. G.)

(C) Copyright reserved

Second Edition 1988
Vir Savant : 2514
V. S. 2044

PRICE : Rs. 20-00

Linotype Setting by :
Navnitbhai J. Mehta
Sagar Printers
Relief Road,
Ahmedabad-1

Printed by :
Pooja Printers & Traders
Mahendikuwa, Shahpur,
Ahmedabad-380 001.

મહાકવિ
શ્રીજયસિંહસૂરિ
પ્રણીત

શ્રી કુમારપાળ ચરિત્ર

ભાગ—૨

આચાર્યશ્રીમદ્
અજિતસાગર સૂરીશ્વરજી
મહારાજ

પ્રકાશક, પ્રાપ્તિસ્થાન :
શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વે. મૂ. પૂ. ટ્રસ્ટ
મહુડી
તા. વિજાપુર (ઉ. ગુ.)

(c) સર્વહક્ક પ્રકાશકને સ્વાધીન.

દ્વિતીય આવૃત્તિ
વીર સંવત ૨૫૧૪
વિ. સં. ૨૦૪૪
સને ૧૯૮૮

કિંમત :
૨૦-૦૦

મુદ્રક સહકાર :
નવનીતભાઈ જે. મહેતા
સાગર પ્રીન્ટર્સ
પાદશાહની પોળ, મોદીનું ડહેલું,
રીલીફરોડ, અમદાવાદ-૧

મુદ્રક :
નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, નોવેલ્ટી સીનેમા પાસે,
અમદાવાદ-૩૮૦૦૦૧

પરમ પૂજ્ય
યોગનિષ્ઠ આચાર્ય ભગવન્ત
શ્રીમદ્ બુધ્ધિસાગર સૂરીશ્વરજી મ.સા.

જન્મ: વિ.સં. ૧૯૩૦ મહા વદ ૧૪ વિજાપુર
દીક્ષા: વિ.સં. ૧૯૫૭ માગસર સુદ ૬ પાલનપુર
આ.પદ: વિ.સં. ૧૯૭૦ મહાસુદ ૧૫ પેથાપુર
નિર્વાણ: વિ.સં. ૧૯૮૧ જેઠ વદ ૩ વિજાપુર

પરમ પૂજ્ય, શાસન પ્રભાવક,
પ્રસિદ્ધવક્તા, આચાર્ય ભગવન્ત
શ્રીમદ્ અજીતસાગર સૂરીશ્વરજી મ.સા.



જન્મ સંવત ૧૯૪૨ પોષસુદ ૫ બાર
દીક્ષા સંવત ૧૯૬૫ જેઠ વદ ૧૧ અમદાવાદ
પન્યાસપદ સંવત ૧૯૭૨ માગશર સુદ ૫ સાણંદ
આચાર્યપદ સંવત ૧૯૮૦ મહાસુદ ૧૦ પ્રાંતીજ
સ્વર્ગવાસ સંવત ૧૯૮૫ આસોસુદ ૩ વિજાપુર

પ્રકાશકીય

પરમ પૂજ્ય, પરમોપકારી, શાસન પ્રભાવક, ગચ્છાધિપતિ આચાર્ય દેવ શ્રીમત્ સુબોધસાગરસૂરીશ્વરજી મ. સા. ની સત્પ્રેરણાથી મહુડી (મધુપુરી) જૈન શ્વેતાંબર મૂર્તિ પૂજક ટ્રસ્ટ તરફથી પરમ પૂજ્ય, અધ્યાત્મજ્ઞાન દિવાકર, શાસ્ત્રવિશારદ, યોગનિષ્ઠ આચાર્ય ભગવન્ત શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર પરમ પૂજ્ય, કવિરત્ન, પ્રસિદ્ધ વક્તા, આચાર્ય ભગવન્ત શ્રીમદ્ અજિતસાગર સૂરીશ્વરજી મ. સા. વિરચિત અનેક સંસ્કૃત અને ગુજરાતી ગ્રન્થો પ્રકાશીત કરવાનું નક્કી કર્યું.

તદનુસાર ટુંક સમયમાં જ અમોએ ગુજરાતી ગ્રન્થો સુરસુંદરી ચરિત્ર ભાગ ૧, ૨, તથા સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૧-૨-૩ તથા આંબાની આગ (ભીમસેન ચરિત્ર) તથા 'અજિતસેન-શીલવતી' સંસ્કૃત ગ્રન્થ વગેરે ગ્રન્થોનું પ્રકાશન કાર્ય પૂર્ણ કર્યા પછી 'કુમારપાળ ચરિત્ર' ભા. ૧-૨ ગુજરાતી ગ્રન્થ પ્રકાશીત કરી ધર્માનુરાગી જનતા સમક્ષ રજુ કરતાં અમો આજે અવર્ણનીય આનંદ ઉલ્લાસ અને હર્ષ અનુભવીએ છીએ.

કુમારપાળ ચરિત્ર ગ્રન્થ વીર રસ, કરૂણા રસ વૈરાગ્ય રસ વગેરે અનેક વિધ સાહિત્ય વિષયક રસોથી ભરપુર છે.

વૈરાગ્ય રસ વગેરે અનેક વિધ રસોથી ભરપુર પ્રસ્તુત ગ્રન્થનો ધર્મભાવના શીલ જનતા અવશ્ય બહોળા પ્રમાણમાં લાભ મેળવે અને અમારા સુ-પ્રયત્નને સફળ કરે એજ શુભેચ્છા.

મહુડી (મધુપુરી) જૈન શ્વે. મૂર્તિ.
ટ્રસ્ટ.

યોગનિષ્ઠ આચાર્ય ભગવન્ત
શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી મ.સા. નું

જીવન ચરિત્ર

જ્યાં શીલ અને સંયમના દિવ્ય તેજ ઝળહળી રહ્યાં છે, સત્ય અને સાધનાના સંગીત સદાય સર્વત્ર ગુંજી રહ્યા છે, ભાવના અને ઉપાસનાના ભવ્ય સ્રોતો ઉભરાય રહ્યા છે, એવી ગરવી ગૂર્જર દેશની ભૂમિના ભવ્ય લલાટ સમાન વિજાપુર (વિદ્યાપુર) નગર આજના દિવસે ધન્ય ધન્ય બન્યું છે.

પાટીદાર જ્ઞાતીય અગ્રગણ્ય સુસંસ્કાર સમ્પન્ન શિવાભાઈ પટેલના ઘરે સુશીલ અને સદાચાર સમ્પન્ના સન્નારી અંબાબેને પવિત્રતાના પુંજ સમા પુણ્ય પનોતા પુત્ર-રત્નનો જન્મ આપ્યો. આ ધન્ય ઘડી અને ધન્ય પળ હતી વિ.સં. ૧૯૩૦ મહા વદ ૧૪ ની મધ્યરાત્રી.

અગમના એંધાણ

મહામના શિવાભાઈનો વંશ પરંપરાગત કૃષિનો વ્યવસાય હતો. કુટુંબનો નાનો મોટો સર્વ પરિવાર ખેતરના કામમાં મશગુલ હતો.

આંબાની ડાળીએ ડાળીએ કેરીના લુંબ ઝુમી રહ્યા છે. ડાળીએ બાંધેલી નાની ઝોળીમાં નાનકડો બાળ પરમ શાંતિથી નિદ્રામાં પોઢી ગયો છે.

આ સમયે એક કાળો ભયંકર સર્પ ત્યાં આવ્યો. વૃક્ષની ડાળીએ બાંધેલી ઝોળીમાં સૂતેલા બાળ-રાજાના મસ્તક પર સર્પે પોતાની ફણા પ્રસરાવીને છત્ર ધારણ કરી છાયા કરી.

એકાએક માતાની નજર બાળક ઉપર પડી. સર્પને બાળકના મસ્તક પર ફણા પ્રસરાવી સ્થિર થયેલો જોઈને માતાના મુખમાંથી ભયની કાળી ચીસ નીકળી પડી.

'ઓ....બાપરે !' ચીસનો ભયંકર અવાજ સાંભળીને સર્વ પરિવાર ભયભીત થઈ ગયો.

પ્રાણ પ્યારા પુત્રની ક્ષેમ કુશળતા માટે માતાએ પરમારાધ્ય પરમાત્માને પ્રાર્થના કરી.

'હે પ્રભુ ! હે મારા નાથ ! ! હે મારા જીવનાધાર ! ! !'

'મારા પ્રાણ પ્યારા લાડકવાયા પુત્રનું તું રક્ષણ કરજે !'

હર ઘડી અને હરપળે ઈષ્ટ દેવનું સ્મરણ કરનાર આર્યજનો આપત્તિ, વિપત્તિ–અને ઉપસર્ગના વિસમ સમયે પણ ઈષ્ટ દેવનું વિસ્મરણ કરતા ન હતા.

આવા હતા આર્ય ભૂમિના આર્યજનોના સુ–સંસ્કારો....

સંપત્તિમાં સ્મરણ કરે, વિપત્તિમાં યાદ કરે.

સંકટના સમયે પરમાત્માને પ્રાર્થના કરનારી આર્ય માતાની અન્તરની પ્રાર્થના પરમાત્માએ પોતે જ સ્વયં સાંભળી ન હોય, તેમ તે ભયંકર ભોરીંગ આંખના માત્ર એક જ પલકારામાં તો કયાંયનો કયાંય ગાયબ થઈ ગયો. ચારે બાજુ ઘણી ઘણી શોધ ખોળ પરંતુ કયાંય પણ તેનો પત્તો ન લાગ્યો.

પ્રાણથી અધિક પ્યારા લાડકવાયા લાલને માતાએ હૈયાના નીતરતા હેતથી હૈયા સરસો લીધો. ચુંબીઓ ભરી ભરીને આનંદ–રસમાં ગરકાવ કરી દીધો.

સહુના હૈયામાં આનંદ આનંદ ઉભરાઈ ગયો. ઉછળતા હૈયે ઉછાળી ઉછાળીને સહુએ લાડકવાયા લાલને રમાડયો.

ગામના ગોંદરે અને ખેતરના ખોળે બનેલી આ ગેબી ઘટના પવનની પાંખે સર્વત્ર પ્રસરી ગઈ. સ્નેહિઓ, સ્વજનો, સંબંધીઓ સહુ ગૃહાંગણે ટોળે ટોળે ભેગા થયા. એક મોટો મેળો જામી ગયો.

ગામમાં ફરતાં એક સન્યાસી ઓલીયાએ આ વાત સાંભળીને શિવાભાઈ પટેલના ઘરે આવ્યા. બાળકના ભવ્ય લલાટ પર રમતી તેજસ્વી રેખાઓ જોઈને મુખમાંથી શબ્દો સરી પડયા.

'यह लडका बडा भाग्यशाली है । एक दिन सारा संसारका तेजस्वी सीतारा बडभागी संत होगा ।'

માતા પિતાએ તેજસ્વી બાળકની નામકરણ–ઉત્સવ ઘણા જ ધામધુમથી ઉજવ્યો. નામ રાખ્યું 'બહેચર'

મનની ઉદાસી એને જોતાં જ ઊડી જાય, બોલાવવાનું પરાણે પરાણે પણ મન થઈ જાય, દોડી દોડીને તેડીને વહાલ કરવાનું મન થઈ જાય, એવો સૌને વહાલો લાગતો નાનકડો બાલુડો બહેચર ધુંટણીએ પડીને દોડતો, હસતો, રમતો ખીલખીલાટ કરતો સહુના ઘરમાં ઘુસી જતો, ને એક દિવસ તો મહોલ્લામાં, શેરીમાં અને પછી તો ગામને પાદરે મિત્ર મંડળી સાથે ગીલ્લી દંડા, પકડ–દાવ, સાત–તાળી, આંબલી–પીપળી, સંતા–કુકડી વગેરે બાળવય સુલભ રમત રમતો, ખેલતો બાળનેતા બન્યો.

અગમ્ય ઘટના

ગામની બહાર મિત્રોની સાથે રમતા બહેચરની નજર સામ સામે શીંગડા ભરાવીને લડતી ભેંસો પર પડી.

બીજી જ પળે બહેચરે સારાએ વિશ્વને અહિંસાના પરમ પવિત્ર પયગામ પહોંચાડનાર, અન્તરના પરમ ઉત્કૃષ્ટ ભાવે અહિંસાનુ પાલન કરી પવિત્ર જીવન જીવનારા બે જૈન સાધુઓ (પૂજ્ય શ્રી રવિસાગરજી મ. તથા પૂ. શ્રી સુખસાગરજી મ.) જોયા.

બહાદુર બહેચર એક પણ ક્ષણનો વિલંબ કર્યા વિના વિદ્યુત્‌વેગે ત્યાં પહોંચી ગયો. લાકડીનો એક જોરદાર ફટકો લગાવીને લડતા બન્ને પશુઓને જુદા કર્યા.

અહિંસા પરમો ધર્મ :

અહિંસાની સાક્ષાત્ મૂર્તિ સમા સન્તે અભયનો આહલેક જગાવ્યો. મુંગા અબોલા જીવને ત્રાસ આપવો, એ માનવીય કૃત્ય નથી.

પોતાના પ્રાણના ભોગે પણ જીવ માત્રનું રક્ષણ કરવું, એ માનવતાનું પ્રથમ પગથીયું છે.

સન્તના શબ્દોએ બાળક બહેચરના મન ઉપર ભારેમાં ભારે અસર કરી. પ્રાણી માત્રના રક્ષણ કાજે પોતાના પ્રાણની પણ પરવા ન કરનારા સન્તો શું આજે પણ આ વિશ્વ પર વિદ્યમાન છે ?

ધન્ય છે સન્ત રત્નોને ! કોટી કોટી વંદન તેમના ચરણોમાં ! ! ધન્ય ધન્ય તેમનું જીવન ! ! ! ધન્ય છે તેમની આધ્યાત્મિક સાધનાને ! !

જીવ સૃષ્ટિના કલ્યાણ કાજે જીવન જીવનારા મહાન સન્તોને આ પૃથ્વી પરના માનવો કદીપણ વિસરશે નહિ !

સન્તોના રક્ષણ કાજે ભારતવાસી પ્રજાજનો પ્રાણની પણ પરવા કરશે નહિં.

બાળક બહેચરને પુનિત સન્તોના સત્સંગની લગન લાગી. મહા સંયમી સન્ત રત્નના દર્શન માટે બાળક બહેચર પહોંચી ગયો.

साधूनां दर्शनं पुण्यम्

દર્શનીય મુનિઓના દર્શન કર્યા. હૈયાના ભાવ ભર્યા હૈતે વંદન કર્યા. પાવનકારી ચરણોનો સ્પર્શ કર્યો. સન્તોના પાવન ચરણોમાં મસ્તક ઝૂકાવી દીધું.

મુનિવરોની પ્રશાન્ત મુદ્રા, સાધનામય જીવન, જ્ઞાન, ધ્યાન અને સ્વાધ્યાયમાં લીનતા. અન્તર્મુખી જીવન ચર્યા. મુહપત્તિનો સંપૂર્ણ ઉપયોગ રાખીને જરૂર પડે તો અલ્પ શબ્દોમાં જ બોલવાનું. અલ્પ ઉપધિ અને ઓછામાં ઓછી જરૂરીઆતે જીવન જીવવાનું !

સર્વોત્તમ સર્વ શ્રેષ્ઠ સાધુ જીવન બહેચરના આત્માને સ્પર્શી ગયું. અનાદિના સુષુપ્ત સંસ્કારો જાગૃત થયા. જાગૃત મન ભાવુક બન્યું. ભાવુક મનમાં ભવ્ય ભાવનાઓ ઉદ્ભવી.

અને ઉત્તમ સંસ્કારયુક્ત સાધનામય સંયમી જીવન જીવવાના કોડ જાગ્યા. જેનું પુણ્ય જાગૃત હોય, તેના મનના સર્વ કોડ વિના પુરૂષાર્થે સિદ્ધ થાય છે.

બહેચરના મિત્રો ધાર્મિક જ્ઞાનની પ્રાપ્તિ માટે વિદ્યાશાળાએ જતા હતા. મિત્રોને બહેચરે પૂછયું.

'હું આવું તો મને પ્રાધ્યાપક અભ્યાસ કરાવશે ને ?' 'હા ! ! જરૂર. પ્રાધ્યાપક માયાળુ છે. જરૂર તને અભ્યાસ કરાવશે. તું આજે જ અમારી સાથે અભ્યાસ કરવા આવ.'

બુદ્ધિશાળી બહેચરે એક જ કલાકમાં ફટાફટ નવકાર ગોખીને

મુખે કર્યો. પ્રાધ્યાપક પણ તાજુબ થઈ ગયા. વિદ્યાર્થીની તેજસ્વી તીક્ષ્ણ બુદ્ધિ જોઈ પ્રાધ્યાપકે વિદ્યાર્થીને પ્રેમ ભર્યો આવકાર આપ્યો. ઝવેરીએ મહા કિંમતી મૂલ્યવાન રત્ન પરખી લીધું.

બહેચરે વિદ્યા અભ્યાસના પ્રારંભમાં પ્રથમ વિદ્યાગુરુના ચરણમાં નમસ્કાર કર્યો. વિદ્યા ગુરુના પરમ પવિત્ર ચરણનો સ્પર્શ કર્યો. ત્યાર પછી શ્રુતશારદા શ્રી સરસ્વતી દેવીને અન્તરના ભાવપૂર્વક પ્રણામ કર્યા. શ્રુતજ્ઞાનને નમસ્કાર કર્યો.

વિનય, વિવેક, નમ્રતા અને સભ્યતા સહિત મનના પવિત્ર ઉત્તમ વિચારો હૈયાના ઉછળતા ભાવો સહિત નમસ્કાર મહામન્ત્રનો વિધિ-પૂર્વક પાઠ ગ્રહણ કર્યો.

હવે તો દરરોજ નવો નવો અભ્યાસ કરતો ગયો અને દરરોજ નવું નવું જાણવા મળતું. સુદેવ, સુગુરુ અને સુધર્મની ઓળખાણ થઈ. જીવનમાં નવા નવા તત્ત્વોનો અભ્યાસ વધતો ગયો અને ધાર્મિકતા વધતી ગઇ.

રાત્રી ભોજનનો ત્યાગ કર્યો. કંદમૂળ, અભક્ષ્ય, અનન્તકાય, અપેયનો જીવનભર માટે નિયમ કર્યો.

સરસ્વતી દેવીની અસિમ કૃપા મળી અને પૂર્વજન્મના ક્ષયો-પશમથી પ્રાધ્યાપકની પાસે અધ્યયન પૂરુ કરીને મહેસાણા શ્રી યશો-વિજયજી જૈન સંસ્કૃત પાઠશાળામાં સંસ્કૃત, પ્રાકૃત અને કર્મગ્રન્થ, કર્મ પ્રકૃતિ વગેરે જૈન-દર્શનનો અભ્યાસ પૂર્ણ કર્યો.

અનેક સાધુઓ, સન્તો, ત્યાગી અને તપસ્વીઓનો પરિચય કર્યો, સેવા અને વૈયાવચ્ચ કરી આધ્યાત્મિકતાની પ્રાપ્તિ કરી.

પરમ ઉપકારી, પરમ ત્યાગમૂર્તિ, પરમ સંયમી, પૂજ્ય તપસ્વી શ્રી રવિસાગરજી મહારાજ વૃદ્ધાવસ્થાના કારણે મહેસાણામાં બીરાજતા હતા.

તેમની સેવાનો લાભ મળ્યો, ગુરુગમ મળ્યો, અન્તરના આશીર્વાદ મળ્યા. રાત અને દિવસ શિષ્યભાવે વૈયાવચ્ચનો લાભ લીધો. પરમ ઉપકારી, સંસારતારક ભવોદધિ-ઉદ્ધારક; સમકિત-દાતા, પરમ આરા-

ધ્યપાદ ગુરુદેવના સાનિધ્યમાં આત્માના ભવો ભવના કિલષ્ટ કર્મોનો નાશ કર્યો. આત્માને નવજીવન અર્પણ કર્યું.

ધર્મના રક્ષણ કાજે

એક દિવસનો પ્રસંગ છે. પૂજ્યપાદ ગુરુવર્યો બીરાજમાન છે ઉપાશ્રયમાં. તેની સામે ફક્ત પાંચ ફુટના અન્તરે જ વિશાળ મેદની જામી છે. રાત્રીનો નવ વાગ્યાનો સમય છે.

ખ્રિસ્તી ધર્મના પ્રચારક પાદરીએ ધર્મ પ્રચાર અર્થે પ્રચાર સભાનું આયોજન કર્યું છે. સ્વ ધર્મનો પ્રચાર કરવાનો દરેકને હકક છે. પરંતુ અન્ય ધર્મની નિંદા તો ત્યાજ્ય જ છે.

હિન્દુ ધર્મની નિંદા સાંભળીને પંડિતજી બહેચરભાઈનું દિલ ઘવાયું. ભારે ખિન્ન થયું. નવયુવાન વય, ઉછળતી યુવાની સ્વધર્મની નિંદા સાંભળતાં જ ખુન્નસ સળવળી ઉઠયું. સભામાં પહોંચી ગયા. હિન્દુ ધર્મની શ્રેષ્ઠતા સહુને સમજાવી. આર્યદેશની ઉત્તમ સંસ્કૃતિનું સર્વને ભાન કરાવવા સભાને ઉદ્બોધન કર્યું.

આર્ય દેશના સજ્જનો અને સન્નારીઓ આપણે આર્યદેશના પ્રજાજનો છીએ. આપણો દેશ હિન્દુસ્તાન. અહીં વસનારા આપણે સહુ હિન્દુઓ. આપણો ધર્મ હિન્દુ ધર્મ.

ખાવા પીવા માટે અનાજ પાણી આપણને મળે કે ના મળે પરંતુ તેથી કાંઈ આપણે આપણા ધર્મનો ત્યાગ કદી પણ કરી શકીએ ખરા !

ખાવા અનાજ ન મળે, પીવા પાણી ન મળે, એટલા માત્રથી જ શું આપણે આપણા હિન્દુ ધર્મનો ત્યાગ કરી અન્ય ધર્મને અપનાવી લઈએ એટલા હિન સત્યવાળા બની ગયા છીએ !

પ્રાણના ભોગે પણ હિન્દુ ધર્મનું દૃઢતા પૂર્વક પાલન કરવાની પ્રતિજ્ઞાવાળા, ધર્મ માટે પ્રાણનું બલીદાન આપનારા આપણા પૂર્વજો કયાં ? અને તેના વારસદારો આપણે કયાં ?

બોલો, તમારામાંથી કોણ આ ખ્રિસ્તી ધર્મ સ્વીકારવા તૈયાર થાય છે ?

સભામાંથી... (સર્વના એકી અવાજે પોકારો) ...ના, ના... અમારામાંથી એક પણ હિન્દુ બચ્ચો ખ્રિસ્તી ધર્મ સ્વીકારવા તૈયાર નથી.

ખ્રિસ્તી ધર્મના પ્રચારક પાદરી સમયને પારખી ગયા. પ્રચાર સભાના કાર્યને ઝડપથી આટોપી લીધું અને દોડ બારા ગણી લીધું.

જૈન દર્શન જ્ઞાન મેળવ્યા પછી આજની સુવર્ણ પળે ધર્મ રક્ષણ કાજે સ્વ-વીર્યનો સદુપયોગ કર્યો.

રવિ અસ્ત થયો.

પૂજ્યપાદ શ્રી રવિસાગરજી મહારાજાની દિન પ્રતિદિન શારીરિક અસ્વસ્થતા વધતી જાય છે.

હવે અન્તિમ સમય નજીક આવી પહોંચ્યો છે, પરલોકમાં પ્રયાણ માટે આતમ પંખી હવે ઉતાવળ કરી રહ્યો છે. જર્જરીત બનેલું દેવળ વધુ સમય ટકે તેમ નથી. સંબંધ પૂરો થયો છે.

પૂજ્યશ્રીનો આરાધક આત્મા આરાધનામાં જ મસ્ત છે, તલ્લીન અને તદાકાર છે. કાયા વ્યાધિ-ગ્રસ્ત હોવા છતાં મન તો સમાધિ-મસ્ત હતું.

નમસ્કાર મન્ત્રનું રટણ ચાલુ છે. સ્વયં સ્વસ્થ ચિત્તે સતત ઉપયોગ પૂર્વક સમાધિભાવમાં સ્થિર છે.

ભાવવાહી સ્તવનો, સજ્ઝાયો અને સૂત્રોનું શ્રવણ બહેચરદાસ કરાવી રહ્યા છે. ચઉ સરણ પયન્નો, સંથારગ પયન્નો, આઉર પચ્ચક્ખાણ, મહાપચ્ચક્ખાણ વગેરે સૂત્રોના ભાવાર્થનું શ્રવણ ચાલુ છે. સર્વજીવ રાશીને ખમાવ્યા.

खामेमि सव्व जीवे,
सव्वे जीवा खमन्तु मे ।
मित्ती मे सव्व भूएसु,
वेरं मज्झं न केणइ ॥

વિક્રમ સંવત ૧૯૫૪ જેઠ વદ ૧૧ ના દિવસે હજારો જૈન-જૈનેતરોની હાજરીમાં ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં 'નમો અરિહંતાણં'

અન્તિમ ઉચ્ચાર કરતાં તેમનો અજર અમર આત્મા નશ્વર દેહનો ત્યાગ કરી સ્વર્ગધામમાં પ્રયાણ કરી ગયો.

અન્તિમ દર્શન માટે હજારો માનવો એકત્રિત થયા. મહેસાણા શહેરમાં પાખી પડી.

નજીકના અને દૂરના અનેક ગામો અને શહેરોમાંથી ભક્ત સમુદાય અન્તિમ યાત્રામાં ભેગા લેવા ઉપસ્થિત થયો.

ભવ્ય સ્મશાન યાત્રા નીકળી, જૈન સંઘે નગરની બહાર પાવન પૂનિત દેહનો અગ્નિ સંસ્કાર કર્યો. આ જગ્યા 'દાદાવાડી' ના નામે પ્રસિદ્ધ થઈ.

પંડિત બહેચરદાસને મહેસાણાથી આજોલ આવવાનું થયું. આજોલ ગામમાં વૃદ્ધ યતિવર્યશ્રીના નવદીક્ષિત શિષ્યને અધ્યયન કરાવવા સાથે શ્રાવક શ્રાવિકાવર્ગને પણ અધ્યાપનનો લાભ આપ્યો.

યતિવર્યશ્રીની પાસેથી અનુભવ જ્ઞાન મેળવવા સેવા, વૈયાવચ્ચ અને ઉપાસના કરી. મન્ત્રાદિકનું જ્ઞાન મેળવ્યું.

વિ.સં. ૧૯૫૬ ની સાલમાં ભયંકર દુકાળ પડયો. ગામો ગામ ફરી જનતામાં જીવદયાનો પ્રચાર કરી ભૂખે મરતા પશુઓને બચાવવાનું સુંદર કાર્ય કર્યું.

વિ.સં. ૧૯૫૬ આસો માસ મહિનામાં શાશ્વતગિરિ શ્રી સિદ્ધાચલજી મહાતીર્થના સાનિધ્યમાં ત્યાગી, તપસ્વી, યોગી અને પરમ વૈરાગી મુનિવરોની સેવા, ભક્તિ, વૈયાવચ્ચનો લાભ લીધો.

દિવાળીના ત્રણ દિવસનો અઠ્ઠમ તપ કરી શ્રી સિદ્ધગિરિરાજની તળેટીમાં શ્રી સરસ્વતી દેવીની ગુફામાં–દેરીમાં ધ્યાન ધર્યું. મન્ત્રજાપ કર્યો.

કારતક સુદ ૧૫ ના દિને શ્રી સિદ્ધગિરિરાજની સ્પર્શના કરી.

આદીશ્વરજી દાદાની યાત્રા કરી, અષ્ટ પ્રકારી પૂજા કરી, જીવન ધન્ય બનાવ્યું.

વિ. સં. ૧૯૫૭ માગશર સુદ ૫ ના દિવસે પાલણપુરમાં બીરાજમાન પૂજ્યપાદ તપસ્વી મુનિવર્ય શ્રી સુખસાગરજી મ.સા. ના દર્શન કર્યા. વંદન કરી સુખશાતા પૃચ્છા કરી.

પૂજ્ય ગુરુદેવશ્રીએ શિષ્યને પ્રેરણા કરી. જ્ઞાનસ્ય ફલં વિરતિઃ । જ્ઞાનની પ્રાપ્તિ કર્યા પછી પરિણત જ્ઞાનનું ફળ છે સર્વ વિરતિ.

સર્વ વિરતિ ધર્મના પાલન વિના આત્માની પરાધીનતા ટળતી નથી.

જીવ અનાદિ કાળથી કર્મના બંધનમાં જકડાયેલો છે. કર્મની જંજીરો તોડવા માટે આ માનવ જન્મનો દુર્લભ અવસર સફળ કરવા પુરુષાર્થ કરવાની પરમ આવશ્યકતા છે.

પંડિત બહેચરદાસનો જાગૃત આત્મા વૈરાગી બન્યો.

આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી પણ જો જ્ઞાનનું ફળ સર્વ વિરતિ ધર્મના પાલન માટે ભવ્ય અભૂતપૂર્વ પુરુષાર્થ ન કરીએ તો પછી જ્ઞાની આત્મા અને અજ્ઞાની આત્મામાં તફાવત પણ શું સમજવો ?

પૂજ્યપાદ, તારક ગુરુદેવશ્રીની ધારદાર ટકોર સુજ્ઞ શિષ્ય બહેચરદાસ પામી ગયા. 'તેજીને એક ટકોરો જ બસ છે, હળુકર્મી આસન્નભવી, ભદ્રિક પરિણામી જીવ પરમ તારક ઉપકારી ગુરુ ભગવંતના વચનનો કયારેય પ્રાણાન્તે પણ અનાદર કરતા નથી. તાત્કાલિક તે જ પળે અને તે જ ક્ષણે સંપૂર્ણ દૃઢ નિશ્ચય કરી લીધો.

તારક ગુરુદેવના પાવનકારી ચરણોમાં મસ્તક ઝુકાવી દીધું. નમ્રભાવે વિનવ્યા. હે ગુરૂદેવ ! મને સર્વ વિરતિ ચારિત્ર આપી મારા ઉપર અનુગ્રહ કરો.

ગુરુદેવે કહ્યું. 'તથાસ્તુ'

વિ. સં. ૧૯૫૭ માગશર સુદ ૬ ના શુભ દિને શુભ મુહુર્તે પ્રલ્હાદનપુર પાલણપુર નગરમાં પ્રગટ પ્રભાવી શ્રી પલ્લવીયા પાર્શ્વનાથ ભગવાનની શીતળ છત્ર છાયામાં ચતુર્વિધ જૈન સંઘની ઉપસ્થિતિમાં નાણ સમક્ષ સર્વ વિરતિ સામાયિક ઉચ્ચરી સર્વ વિરતિધર સાધુ બન્યા. દિગબંધ સમયે તારક ગુરુવરે નૂતન મુનિવરનું 'બુદ્ધિસાગર' નામાભિધાન સ્થાપન કર્યું.

શુભ દિવસે પાલણપુરથી ગુરુદેવશ્રીએ નૂતન મુનિવર્ય શ્રી બુદ્ધિસાગરજી મ. સાથે વિહાર કર્યો.

પાટણ, ચાણસ્મા, ભોયણી, અમદાવાદ, ખેડા, માતર, ખંભાત કાવી, ગાંધાર, ભરૂચ થઇ સુરત પધાર્યા,

સુરતમાં વડીદીક્ષાના યોગોદ્વહન કર્યા અને પ્રથમ ચાતુર્માસ સુરતમાં કર્યું.

વિધર્મી પ્રચારનો પ્રચંડ પ્રતિકાર

ગુરુ આજ્ઞા અને ગુરુ નિશ્રાથી ભ્રષ્ટ જિત મુનિ નામે એક જૈન સાધુ પાદરીનો પરિચય પામી માર્ગ ભ્રષ્ટ થયો અને પાદરી બની ખ્રિસ્તી ધર્મનો પ્રચારક બન્યો.

ખ્રિસ્તી ધર્મના પ્રચારકોએ ખ્રિસ્તી ધર્મ અને જૈન ધર્મનો મુકાબલો પુસ્તક પ્રસિદ્ધ કર્યું. તેમાં જૈન ધર્મના સિદ્ધાન્તોની ઠેકડી ઉડાવી.

સારાએ સુરત જૈન સંઘમાં અને અનેક જૈન સંઘોમાં ખળભળાટ મચી ગયો. આ સમયે અંગ્રેજોનું રાજ્ય-શાસન હતું. આ કારણથી ખ્રીસ્તી ધર્મના પ્રચારકોએ કરેલા અઘટીત આક્ષેપોનો પ્રતિકાર કરવા કોઇએ હિંમત બતાવી નહિ.

નૂતન દીક્ષિત મુનિવર શ્રી બુદ્ધિસાગરજીનો આત્મા શ્રી જૈન સંઘની આવા પ્રકારની અગમ્ય સુષુપ્ત દશા જોઇ અકળાઈ ઉઠયો.

ખ્રિસ્તી ધર્મના પ્રચારકોએ કરેલા અતિનિંદ્ય આક્ષેપોનો સૌમ્ય ભાષામાં મુદ્દાસર પ્રત્યુત્તર આપવા કમર કસી.

પૂજ્યવર્ય શ્રી મોહનલાલજી મહારાજની તારક નિશ્રામાં સમસ્ત જૈન સંઘ એકત્રિત થયો. સર્વાનુમત્તે નિર્ણય લેવામાં આવ્યો કે જૈન ધર્મના ઉપર કરવામાં આવેલા આક્ષેપોનો ખુબજ મર્યાદામાં રહી સૌમ્ય અને સભ્યતા યુક્ત ભાષામાં પ્રત્યુત્તર આપવો. પ્રથમ ખ્રિસ્તી ધર્મના પ્રચારકોને જાહેર સભામાં આક્ષેપોની ચર્ચા માટે આમન્ત્રવામાં આવ્યા. પરંતુ તેઓના તરફથી કોઇ જ પ્રકારનો પ્રત્યુત્તર આવ્યો નહિ.

'મુનિવર શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ' જૈન ધર્મ અને ખ્રિસ્તી ધર્મનો મુકાબલો, નામનું પુસ્તક તૈયાર કર્યું. જૈન ફ્રેન્ડલી સોસાયટી સંસ્થાએ પુસ્તક પ્રકાશિત કર્યું. સર્વત્ર પુસ્તકની પ્રશંસા થઇ.

વિદ્વદ્વર્ય મુનિવર્ય શ્રી બુદ્ધિસાગરજી મ ને સકળ સંઘે ધન્યવાદ આપ્યા. જૈન શાસનની વિજય પતાકા લેહરાવી.

પૂજ્યશ્રી **રત્નસાગરજી** મહારાજનો સુરતના સમસ્ત જૈનસંઘ ઉપર અસીમ ઉપકાર હતો. તેઓશ્રીના ઉપકારની સ્મૃતિ માટે સંકળ જૈન સંઘને સુંદર પ્રેરણા આપી. શ્રી જૈન સંઘે પ્રેરણા ઝીલી લીધી.

'શ્રી રત્નસાગરજી જૈન વિદ્યાશાળા' નામની સંસ્થા સ્થાપન કરી. જૈનધર્મનું જ્ઞાન મેળવી અનેક આત્માઓએ આત્મકલ્યાણ સાધ્યું. જૈનત્વના સંસ્કારો સ્થિર કર્યા.

ચાતુર્માસ પૂર્ણ થયું. વિહાર કરી અનેક ગામોમાં અનેક શહેરોમાં ઉપદેશ આપ્યો. ધર્મ જાગૃતિ અર્થે પાઠશાળાઓની સ્થાપના કરી.

વિ. સં. ૧૯૫૮નું ચાતુર્માસ પાદરા કર્યું. મોહનલાલ હેમચંદ વકીલ વગેરે આગવાન શ્રાવકોએ મહાન લાભ લીધો.

શ્રાવક સંઘની વિનંતિથી **'ષડ્-દ્રવ્ય-વિચાર'** **'તત્વ-વિચાર'** **'ચિન્તામણિ'** વગેરે ગ્રન્થોની રચના કરી. શ્રી જૈન સંઘમાં અપૂર્વ ધર્મ જાગૃતિ આવી.

વિ. સં. ૧૯૬૫માં માણસા મુકામે કારતક સુદ પંચમીના દિવસે શેઠશ્રી વીરચંદ કૃષ્ણાજીના અધ્યક્ષતામાં પૂજ્યવર્યશ્રી રચિત ગ્રન્થોનું પ્રકાશન કરવા **'અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ'** સંસ્થાની સ્થાપના કરવામાં આવી.

પૂજ્યવર્ય શ્રી બુદ્ધિસાગરજી મહારાજ હાલતી ચાલતી જંગમ મહાવિદ્યાપીઠ જેવા હતા. જ્ઞાનના અગાધ સાગર હતા. અષ્ટાંગ યોગના નિષ્ણાત હતા. અનેક અચિન્ત્ય દિવ્ય મહાશક્તિઓના સ્વામી હતા. જૈન ધર્મના મહાન હિત ચિંતક હતા.

પૂજ્યવર્યશ્રીની વિદ્વત્તાની સુમધુર સૌરભથી આકર્ષિત થયેલા વડોદરા નરેશ શ્રીમાન્ સયાજીરાવ ગાયકવાડ મહારાજા તેમની આધ્યાત્મિક વાણી-રસનું પાન કરવા ઉત્કંઠીત થયા. વિ. સં. ૧૯૬૫ ચૈત્ર વદ ૪ ના દિવસે લક્ષ્મી વિલાસમાં 'આત્મોન્નતિ' વિષય ઉપર

ધર્મ વાણીનું ઉલ્લાસીત ભાવે શ્રવણ કરી ખુબ ખુબ સન્તુષ્ટ થયા. અને ઉત્કંઠીત ભાવે આનંદ પ્રદર્શિત કરતાં કહ્યું.

'અતિ પુણ્યવંતી આ મહાન ભારત દેશની ભૂમિમાં આવા થોડાક વધુ સંતો હોય તો આર્ય દેશની પ્રજાનો અવશ્ય ઉદ્ધાર થાય.

અનેક દેશ નેતાઓ, વિદ્વાનો, સાક્ષરો, અનેક ધર્મ ગુરુઓ, સમાજના અગ્રગણ્ય નેતાઓ પૂજ્યવર્યશ્રીના સાનિધ્યને પામીને આનંદપૂર્વક નિઃસંકોચભાવે મુક્ત મને જ્ઞાન-ગોષ્ઠી કરી મનના સંશયો દૂર કરે છે.

રાત્રીના સમયે આત્મ-ધ્યાનમાં લીન રહે છે. દિવસના સમયે તાત્વિક સામાજિક, આધ્યાત્મિક અને ઔપદેશિક ગ્રન્થોનું ધારાબદ્ધ-પ્રવાહમાં આલેખન કરે છે.

ક્ષણ માત્રનો પ્રમાદ નહિને કોઈની ઇર્ષ્યા કે અદેખાઈ નહિં. કોઈની નિંદા કે વિકથા નહિં.

હૃદયમાં સર્વદા સર્વના કલ્યાણની કામના છે, સર્વના ઉત્કર્ષની ભાવના છે, સર્વના હિતની ભાવુકતા છે અને સર્વના સર્વ રીતે સેવક બની રહેવાની ઉત્સુકતા છે.

આવી હતી પૂજ્યવર્યશ્રીની અતિ અદ્ભૂત, ભવ્ય દિવ્ય તેજોમય અલૌકિક પ્રતિભા.

શ્રી સિદ્ધગિરિ (પાલીતાણા) શ્રી જૈન સંસ્કૃત પ્રાકૃત પાઠશાળા સંસ્થા આર્થિક સંજોગો નબળા હોવાથી બંધ થવાની તૈયારીમાં છે.

આ સમાચાર પૂજ્યવર્યશ્રીને મળ્યા. મુંબઇમાં રહેતા ગુરુભક્તો શ્રીજીવણચંદ ધરમચંદ ઝવેરી, શ્રી કેશરીચંદ ભાણાભાઈ, શ્રીલલ્લુભાઈ કરમચંદ દલાલ ગુરુભક્ત ત્રિપુટીએ પૂજ્યવર્યશ્રીની પ્રેરણા પામી સંસ્થાને નવજીવન અપ્યું, નવપલ્લવીત સંસ્થાનું 'શ્રીયશોવિજયજી જૈન ગુરુકુળ' નામાનિધાન જાહેર કર્યું.

સેંકડો-નહિ હજારોની સંખ્યામાં જૈન બાળકોએ જૈનધર્મના સંસ્કારો પ્રાપ્ત કર્યા જીવનને ઉજ્જવલ બનાવ્યું.

જૈન સંઘ અને શાસન ઉપર જૈનેતરો તરફથી થતા આક્રમણો

અને આક્ષેપોનો એકલા હાથે સિંહની અદાથી હિંમત અને હામ પૂર્વક પ્રતિકાર કર્યો.

જૈન સંઘરૂપ દેહની અંદર ઉત્પન્ન થયેલા કલેશ, કંકાસ, ઝઘડા અને વિચાર ભેદોરૂપ અતિ ઉગ્ર દુઃસાધ્ય વ્યાધિઓને ઉપશમાવવા માટે વૈચારિક ભેદોને બાજુએ રાખી જૈનશાસનની ઐકયતા માટે જૈન શાસનના સર્વ ધુરન્ધરોને નમ્રભાવે મળ્યા. વિનમ્રભાવે વિનવ્યા.

સૌને ઐકયતા માટે સમજાવ્યા. પરંતુ વિધિની વક્રતા સમજો કે સમસ્ત જૈન સંઘનું કમનસીબ સમજો, ગમે તે કારણે શ્રી જૈન શાસનના ધુરન્ધર આચાર્ય ભગવન્તોએ પૂજ્યવર્યશ્રીના ઉમદા ઉન્નત વિચારોને પ્રામાણિકપણે ટેકો આપ્યો નહિં.

પૂજ્યવર્યશ્રીના જૈન સંઘની ઉન્નતિ અને જૈન શાસનની મહોન્નતિ માટે કેવા કેવા ઉમદા ઉદાત્ત અને વિશાળ વિચારો હતા અને ભાવનાઓ હતી, તે **'શ્રી સંઘ પ્રગતિ મહાગ્રન્થ, 'ધર્મ-કર્મ-વર્ણ-વિચાર' 'શ્રી જૈન ધર્મની પ્રાચીન અર્વાચીન સ્થિતિ'** વગેરે મહામૂલા અનેક ગ્રન્થોમાં જોવા મળે છે.

વીસમી સદીમાં થયેલા જૈન સંઘના અનેક પૂજ્યવર્ય ધર્મધુરન્ધર આચાર્ય ભગવન્તોમાં પૂજ્યવર્ય યોગાનિષ્ઠ શ્રીમદ્ બુદ્ધિસાગરજી મ. સા. નું સ્થાન આગવું અને અજોડ રહ્યું છે અને રહેશે.

જૈન ધર્મના પ્રચાર પ્રસાર માટે તેમણે જણાવેલા મહત્વપૂર્ણ સૂચનો સમસ્ત જૈનસંઘના અગ્રગણ્યોએ આજે પણ ગંભીરપણે ખાસ લક્ષમાં લેવા જેવા છે.

હજારો વર્ષ સુધી સમસ્ત જૈનસંઘ પૂજ્યવર્યશ્રીનો હંમેશા ઋણી રહે એવા અનેક ગ્રન્થોનું નિર્માણ તેમણે એકલા હાથે કર્યું છે.

ફક્ત ૨૫ વર્ષના સંયમ પર્યાયના ટૂંકા ગાળામાં ૧૨૫થી અધિક ગ્રન્થોનું મહા સર્જન કર્યું છે. જે એક મહાન આશ્ચર્યકારી ઘટના છે.

પૂજ્યવર્યશ્રીની વિદ્વત્તાથી અને સર્વતો મુખી પ્રતિભાથી આકર્ષિત

થયેલા મહાવિદ્વાનોએ તેમને 'સ્વ-પર-શાસ્ત્ર વિશારદ' પદથી વિભૂષિત કર્યા.

વિ. સં. ૧૯૭૦ મહા સુદ ૧૫ ના શુભ દિવસે ભારતવર્ષના અનેક સંઘોની ઉપસ્થિતિમાં પેથાપુર સમસ્ત જૈન સંઘે પૂજ્યવર્યશ્રીને આચાર્ય પદ અર્પણ કર્યું.

'કર્મયોગ' ગ્રન્થ વિષે બાલગંગાધર તિલક મહારાજા માંડલેની જેલમાંથી અભિપ્રાય આપતાં જણાવે છે.

'Had I known that you are writting 'Karma Yoga' I would never have written mine.

I am very happy that Bharat has got shadhu writers like you.'

આ ગ્રન્થમાં ભારતવાસીઓને ચેતવણી આપતાં જણાવ્યું છે,

'હે ભારતવાસીઓ! અધ્યાત્મ વિદ્યા વિનાની એકલી કોરી સમાજ સુધારાની પ્રવૃત્તિ પાછળ પડશો, તો તમે શુષ્ક વિચાર અને નિર્બળતા વિના કશું જ નવું પ્રાપ્ત કરી શકવાના જ નથી.

યોગ દીપક ગ્રન્થમાં જણાવ્યું છે કે, વ્યવહારિક કેળવણીના હજારો ગ્રન્થોની રચના કરો, હુન્નર ઉદ્યોગોની કળાના વિકાસ અને પ્રગતિ માટે હજારો ગ્રન્થોની રચના કરો, તેનો બહોળા પ્રમાણમાં પ્રચાર કરો, પરંતુ આ સર્વ કરતાં એક જ આધ્યાત્મિક ગ્રન્થની રચના કરી, તેનો સર્વથી અધિક પ્રમાણમાં પ્રચાર કરો, તો સમસ્ત વિશ્વ ઉપર સર્વથી ઉત્તમ પ્રકારનો ઉપકાર કરવા સમર્થ બનશો.

યોગના આઠ અંગો વિષે વિશેષ વિશદ સમજ આપી સુંદર માર્ગદર્શન આપ્યું છે.

આનન્દઘન પદ સંગ્રહ ભાવાર્થ

સત્તરમી સદીમાં થયેલા અધ્યાત્મ યોગીરાજ શ્રી આનન્દઘનજી મ. વિરચિત ૧૦૮ અધ્યાત્મભાવ સભર પદો ઉપર સરળ ભાષામાં ભાવવાહી વિવેચન કર્યું છે.

ગ્રન્થની પ્રસ્તાવનામાં અધ્યાત્મ જ્ઞાનની મહત્તા વિષે સુંદર પ્રકાશ પાડયો છે.

ભજનપદ સંગ્રહ ભા. ૧ થી ૧૧

૨૪ વર્ષના સંયમી જીવન દરમ્યાન પૂજ્યવર્યશ્રીએ જે હજારોની સંખ્યામાં ભજનોની રચના કરી છે, તે સર્વનો આ ગ્રન્થોમાં સંગ્રહ કરવામાં આવ્યો છે.

ભજનો મનનીય છે, ભાવવાહી છે. આત્માને, મનને, જીવનને ઉપયોગી બને તેવા છે. ફક્ત દરરોજ એક કલાક આ ભજનો ઉપર જ સતત મનન કરવામાં આવે, તો પણ આત્મા પરલોકમાં અવશ્ય સદ્ગતિ પામી શકે.

ભારત સહકાર શિક્ષણકાવ્ય

માનવે આમ્રવૃક્ષ પાસે કેવું શિક્ષણ લેવા જેવું છે? તે પૂજ્ય વર્યશ્રીએ માનવને સમજાવવા પ્રયત્ન કર્યો છે.

સુખસાગર ગુરુ ગીતા (કાવ્ય)

પૂજ્યવર્યશ્રીના ગુરુદેવ શ્રી સુખસાગરજી મ. ના ગુણોનું વર્ણન કરીને આત્માના અનન્ત ગુણોનું વિશદ્ ભાવાત્મક શૈલીમાં વિવેચન કરી ગુણ ગરિષ્ટ ગુરુદેવની ભાવ સ્તવના કરી છે.

સાબરમતી ગુણ શિક્ષણ (કાવ્ય)

પૂજ્યવર્યશ્રીએ નદીના અનેક ગુણો અને ઉપકારોનું ચિંતન કરી ગુણગ્રાહી દૃષ્ટિથી વિશિષ્ટ પ્રકારે વિવેચન કર્યું છે.

તીર્થયાત્રાનું દિવ્ય વિમાન

સુરત નિવાસી સુશ્રાવક જીવણચંદ ધરમચંદ શ્રી શત્રુંજય તીર્થની યાત્રાર્થે ગયા છે. પૂજ્યવર્યશ્રીએ સિદ્ધગિરિની યાત્રાની સફળતા માટે ભાવાત્મક યાત્રાનું દિક્ દર્શન કરાવ્યું છે.

જૈનસૂત્રમાં મૂર્તિ–પૂજા

મૂર્તિપૂજાના વિરોધ કરનાર વર્ગ આગમ સૂત્રોનો અર્થ વિપરીત રૂપે જણાવી અજ્ઞાની લોકોને ઉન્માર્ગે લઈ જવા પ્રયત્ન કરે છે.

પૂજ્યવર્યશ્રીએ આગમ-સૂત્રોનો અર્થ સત્ય સ્વરૂપે વર્ણન કરી મૂર્તિપૂજાની આગમ સૂત્રના સાક્ષી પાઠોથી સિદ્ધિ કરી છે.

જૈનોપનિષદ

જિનેશ્વર પરમાત્માનો અનુયાયી કેવા પ્રકારના ગુણોવાળો હોય તેની ફરજો કઈ, વગેરે અનેક બાબતોનું તલસ્પર્શી વિવેચન કરવામાં આવ્યું છે.

શિષ્યોપનિષદ

શિષ્યનું લક્ષણ, શિષ્યના ગુણો, શિષ્યની ફરજો વગેરે અનેક બાબતોના તલસ્પર્શી વિચારોના સુગ્રન્થનથી ગ્રન્થ મનનીય અને આદરણીય બન્યો છે.

ઇશાવાસ્યોપનિષદ

શ્રીમાન્ હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજાએ **પાતંજલ યોગદર્શન** ગ્રન્થ ઉપર જૈન દૃષ્ટિએ વિવેચન કર્યું છે. પૂજ્યવર્યશ્રીએ આ ગ્રન્થ ઉપર જૈન દૃષ્ટિએ વિવેચન કર્યું છે.

શ્રાવક ધર્મ સ્વરૂપ

શ્રાવકોનું, ગુણોનું, આચારોનું વિવેચન કર્યું છે.

પ્રતિજ્ઞા પાલન

પ્રતિજ્ઞાનું મહત્ત્વ, પ્રતિજ્ઞાના મહાનલાભ, તથા પ્રતિજ્ઞાના પ્રકારો વગેરે અનેક બાબતો ઉપર વિશિષ્ટ વિવેચન કર્યું છે.

પરમાત્મ જ્યોતિ

મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત સંસ્કૃત ગ્રન્થ ઉપર ગુજરાતી ભાષામાં સુંદર વિવેચન છે.

પરમાત્મ દર્શન

પરપ દુહાઓ કાવ્યની રચના કરી સુંદર વિવેચન કરી અતિ અદ્ભૂત પરમાત્મ તત્ત્વનું દિગ દર્શન કરાવ્યું છે.

વચનામૃત

મુક્તિ પદની પ્રાપ્તિ અર્થે જિનવાણીના દોહન સ્વરૂપ આધ્યાત્મિક વચનોનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

પૂજા સંગ્રહ

પૂજ્યવર્યશ્રીએ આધ્યાત્મિક દૃષ્ટિએ પરમાત્માની સ્તવના કરી છે.

વિજાપુર વૃત્તાન્ત

વિજાપુર નગરની પ્રાચીનતા, નજીકના પ્રદેશમાંથી ઉપલબ્ધ પ્રાચીન શીલા લેખો તેમજ પ્રાચીન ગ્રન્થોમાંથી મળતા ઉલ્લેખો તથા ઉપલબ્ધ ઐતિહાસિક પ્રમાણો ગ્રંથમાં સંગૃહીત કરવામાં આવ્યા છે.

જૈનધર્મની પ્રાચીન અર્વાચીન સ્થિતિ

જૈન ધર્મની પૂર્વના સમયમાં અપૂર્વ પ્રભાવકતાના પ્રમાણોનું વર્ણન કરવામાં આવ્યું છે. અર્વાચીન સમયની પરિસ્થિતિનું વિહંગ અવલોકન કરી પરિસ્થિતિ સુધારવા વિવિધ ઉપાયોનું સૂચન કરવામાં આવ્યું છે.

કક્કાવલી સુ-બોધ

'અ' અક્ષરથી પ્રારંભ કરીને હજારો કડીઓની કાવ્યમય રચના કરી કાવ્યમય ભાષામાં સુબોધનો મહાસાગર ગુજરાતી વાઙ્મયમાં અવતરણ કરી ધર્મબોધનો ધોધ વહાવી દીધો છે.

લાલા લજપતરાય અને જૈનધર્મ

'ભારત દેશકા ઇતિહાસ' પુસ્તકમાં દેશ નેતા લજપતરાયે અજ્ઞાન મૂલક આક્ષેપો કરી ભારત દેશની પરાધીનતા માટે જૈનધર્મની અહિંસાને કારણરૂપે બતાવી છે.

પૂજ્યવર્યશ્રીએ ઐતિહાસીક પ્રમાણો આપીને પૂર્વના પૂણ્યશાળી પૂર્વજોની જાહોજલાલી જૈનધર્મના અહિંસા ધર્મના આધારે હતી તે બતાવવા પ્રશંસનીય પ્રયાસ કર્યો છે.

જૈન ધાર્મિક શંકા સમાધાન

જૈન સંઘના ચાર અંગો છે.

(૧) સાધુ (૨) સાધ્વી (૩) શ્રાવક (૪) શ્રાવિકા

આ ચાર અંગો પૈકી શ્રાવક અને શ્રાવિકા સંઘ પૈકી કોઈનું કયારેક ઉપાધિ, ઉપદ્રવ અને ઉપસર્ગના પ્રસંગે આન્તરિક ધૈર્ય અતુટ

બળ ઢીલુ પડે ત્યારે નિરાકરણ કરવા પ્રયાસ કરવાની આવશ્યકતા ઉપસ્થિત થાય છે.

પૂર્વનો સમય એવા હતો, કે તે સમયે ધૈર્ય બળ અતુટ હતું, સામર્થ્ય સ્થિર હતું. શાન્તિ, તુષ્ટિ અને પુષ્ટિના વિશ્વસ્ત સાધનો સુલભ હતા. નિરૂપદ્રવતા યુક્ત શાન્તિ હતી.

સમય પરિવર્તન થતા આ પ્રાભાવિક સાધનો અને ઉપાયોનો ધીમે ધીમે અભાવ વર્તાવા લાગ્યો.

ઉપદ્રવની શાન્તિ માટે અણસમજુ વ્યક્તિઓ મીરાં દાતાર, બહુચરાજી અથવા તો કોઈક તો ભુવા વગેરે તરફ પ્રવૃત્ત થયો. ધર્મ ભ્રષ્ટતા વધવા લાગી અને ધર્મ શ્રદ્ધા ઘટવા લાગી.

ચતુર્વિધ મહાસંઘનું મહાયોગ અને મહા ક્ષેમ કરનારા પૂજ્ય વર્યશ્રીએ મહાસંઘના પરમ હિતને લક્ષમાં રાખી મહુડી (મધુપુરી) ગામમાં શુદ્ધ સમ્યકૃત્વશાલી **શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવની** સ્થાપના કરી.

શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવ શુદ્ધ સમ્યકૃત્વ ધારી શાસન રક્ષક દેવ છે. શાસન રક્ષક દેવની બાધા, માનતા, આખડી કે નિયમ રાખવાથી કે કોઇપણ પ્રકારની અશાન્તિના પ્રસંગે તેમને યાદ કરી સહાયતા ઈચ્છવાથી જિનાજ્ઞાધારક સુદેવ, સુગુરુ અને સુધર્મની પારમાર્થિક ભાવે આરાધના કરનાર શ્રાવક શ્રાવિકાઓને તેમના સમ્યકૃત્વ વ્રતમાં અંશ માત્ર પણ દૂષણ પ્રાપ્ત થતું નથી.

સમ્માદિટ્ઠિ દેવા દિંતુ સમાહિં ચ બોહિં ચ

સમ્યગ્દૃષ્ટિ દેવો પાસે સમાધિ અને બોધીને ઈચ્છવામાં આવી છે.

વેયાવચ્ચગરાણં સંતિગરાણં સમ્મદિટ્ઠિ સમાહિગરાણં

સૂત્ર દ્વારા સમ્યગ્દૃષ્ટિ દેવ દેવીઓના ધર્મી આત્માઓનો સહાય કરવાના તેમના ગુણોની પ્રશંસા કરવામાં આવી છે, અનુમોદના કરવામાં આવી છે.

પૂજ્યવર્યશ્રી વિરચિત ૧૨૫ ઉપરાંત ગ્રન્થોની સમાલોચના કરવી

એ એક મહાન ભગીરથ કાર્ય છે. જે પૂજ્યવર્યશ્રીના આન્તરભાવોને સ્પર્શી શકે, તે જ અલ્પ પરિચય આપવા શક્તિમાન થઇ શકે.

પૂજ્યવર્યશ્રી મહાજ્ઞાની હતા, મહાધ્યાની હતા, મહાયોગી હતા. અષ્ટાંગ મહાયોગની તાદાત્મ્યભાવે સાધના કરીને આત્મભાવમાં સ્થિરતા કરી હતી.

સાધનામય જીવનના પ્રભાવે દેવો પણ તેમના સાનિધ્યને પામી ધન્યતા અનુભવતા હતા.

પૂજ્યવર્યશ્રી અનેક સિદ્ધિઓના સ્વામી હતા. વિ. સં. ૧૯૬૭માં જણાવ્યું છે. (ભજન પદ સંગ્રહ ભા. ૮ પૃ. ૪૨૦)

રાજા સકલ માનવ થશે,
રાજા ન અન્ય કહાવશે.
એક ખંડ બીજા ખંડો,
ઘર બેઠા વાતો કરશે.

જે આજે સંપૂર્ણ પ્રત્યક્ષપણે જોવા મળે છે.

પોતાનો અન્તિમ સમય, અન્તિમ દિવસ કલાક અને મિનિટ સાથે જાણતા હતા.

એક મહિના પહેલાં એકી સાથે ૨૭ પુસ્તકોનું પ્રીન્ટીંગ કામ શરૂ કરાવી દીધું. પુરેપુરી ઝડપથી પ્રુફરીડીંગ વગેરે કાર્ય ચાલુ કરાવી દીધું.

૧૨૫ થી અધિક ગ્રન્થોના પ્રકાશન કાર્યનું મહાન ભગીરથકાર્ય અધ્યાત્મજ્ઞાન પ્રચારક મંડળે કર્યું.

જેઠ વદ ૨ના દિવસ સુધી તો 'ક્રકાવલી-સુબોધ' ગ્રન્થ લખવાનો ચાલુ હતો. છેલ્લા દિવસ સુધી અને છેલ્લી પળ સુધી વિશ્વના સમસ્ત પ્રાણીઓને જિનેશ્વર પરમાત્માનો ધર્મ પહોંચાડવા તનતોડ પ્રયાસ કર્યો.

જેઠ વદ ૩ ના દિવસે મહુડીથી પ્રાતઃકાળના સમયે વિહાર કર્યો અને વિજાપુર વિદ્યાશાળામાં સવારે ૭-૩૦ કલાકે પધારી ગયા.

શિષ્ય સમુદાય સર્વ સાથે હતો. સહુ વિદ્યાશાળામાં આવી ગયા.

ચતુર્વિધ સંઘ ઉપસ્થિત હતો. સર્વની સાક્ષીએ સર્વ જીવરાશીને સમાવ્યા.

સર્વનો સંગ તજ્યો. આત્માનો સંગ કર્યો.

પદ્માસને બેઠા ધ્યાનસ્થ થયા. જેઠ વદ ૩ મંગળવાર તા. ૯–૬–૨૫ ના રોજ સવારે ૮–૩૦ કલાકે ધ્યાનસ્થ સ્વર્ગત થયા. અમર આત્મા અમરગતિ પામ્યો.

૧૨૫ ઉપશાંત અમૂલ્ય ગ્રન્થોનો અમર વારસો મૂકી ગયા છે. પૂજ્યવર્યશ્રીના અમર આત્માના અમૃત–દર્શન ૧૨૫ ગ્રન્થોમાં કરીને પાવન થઈએ.

એક એક મહામૂલા ગ્રન્થમાં પૂજ્યવર્યશ્રીના અમર આત્માનું અમૃત દર્શન કરી દર્શન પામીએ, એજ અન્તિમ શુભેચ્છા.

સુબોધ મનોહર
શિશુ
ઉદય

આચાર્ય શ્રીમદ્ અજિતસાગર સૂરીશ્વરજી મ. સા. નું જીવન

આ પૃથ્વી પર અગણિત સંખ્યામાં માનવો જન્મે છે અને મૃત્યુને આધીન થાય છે. તેમાંથી આતમ કાજે જેઓએ આ જનમને સફળ કર્યો, સંયમી બની સાધના દ્વારા સિદ્ધિને વર્યા, તેઓનો જ એક જન્મ પ્રસંશનીય છે.

ગુજરાત રાજ્યના ખેડા જિલ્લામાં પેટલાદ ગામની નજીક નાર નામે ગામ, લલ્લુભાઈ નામે અગ્રગણ્ય નાગરીક પટેલ જ્ઞાતિમાં અગ્રેસર, તેમના પત્ની સતીત્વશીલ સંપન્ના સન્નારી સોનાબાઈની કુક્ષીથી વિ. સં. ૧૯૪૨ પોષ સુદ પંચમી દિને ભાવીનો તેજસ્વી સીતારો પ્રગટયો. નામ અંબાલાલ.

સાત વર્ષની વયે અક્ષર જ્ઞાન સાથે અક્ષર-ધામ મેળવવા સત્સંસ્કાર સમ્પન્ન પ્રાધ્યાપક પાસે સરસ્વતી સાધનાનો પ્રારંભ કર્યો. બુદ્ધિનો તીવ્ર ક્ષયોપશમ અને તેજસ્વીતા જોઈને માતાપિતા અને પ્રાધ્યાપકને સંપૂર્ણ સંતોષ થયો.

સાધુ સંતોની વાણી સાંભળીને બાળક અંબાલાલ ભાવવિભોર બની જતો, ધાર્મિક અધ્યયન શરૂ કર્યું. સાધુ સંતોની સાથે ધર્મ ચર્ચા, ધર્મ ગોષ્ઠી કરી જિજ્ઞાસા સંતોષવા હંમેશાં તત્પર બનતો.

પારસમણીનો સંગ લોખંડને સુવર્ણ બનાવે, જ્યારે સાધુ સંતનો સંગ આત્માને પરમાત્મા બનાવે.

૧૪ વર્ષની નાની વયમાં જ અંબાલાલ અમીઋષિ બન્યા. વિ. સં. ૧૯૫૬ શ્રાવણ સુદ પંચમીનો એ દિવસ હતો.

જૈન-આગમોનું અધ્યયન, સિદ્ધાંત અને દર્શન-શાસ્ત્રોનું પરિશીલન કર્યું. ભવોદધિ તારક, જિનભિંબોની અનન્ય ઉપકારિતા ઉપર દિલ ઓવારી ગયું. અન્તરના અનાદિના તિમિર ઉલેચી જિનેશ્વર પરમાત્માના ચરણોમાં મન અને આત્માને સ્થિર કર્યા. સાંપ્રદાયિકતાને વ્યામોહ ત્યજી દીધો.

વિ. સં. ૧૯૬૫ જેઠ સુદ ૧૩ દિને યોગનિષ્ઠ મુનિરાજ શ્રીમદ્

બુદ્ધિસાગરજી મ. સા. ના ચરણે અમદાવાદ આંબલીપોળ જૈન ઉપાશ્રયે સમર્પિત બન્યા. પૂ. ગુરુદેવ શ્રીના ચરણે જિનાગમોનું યોગોદ્વહન પૂર્વક અધ્યયન કર્યું. પ્રખર વ્યાખ્યાતા બન્યા. મેઘની ગંભીર ગર્જના સાંભળીને મયૂર સમૂહ જેમ મધુર કેકારવ કરે અને નાચી ઉઠે, તેમ પ્રખર વ્યાખ્યાતા મુનિવરની વૈરાગ્ય રસ ભરપૂર જિનવાણીનું શ્રવણ કરીને શ્રોતા સમૂહ સંસારના ક્ષણ ભંગુર ભોગો ત્યજી વૈરાગ્ય વાસિત બને છે.

વિ. સં. ૧૯૭૨ માગશર સુદ ૫ દિને સાણંદ મુકામે પન્યાસ પદે અલંકૃત થયા. વિદ્વાન મુનિવરે સંસ્કૃત ભાષામાં વૈરાગ્ય રસ ભરપુર ભીમસેન-ચરિત્ર, ચંદ્રરાજ-ચરિત્ર, અજિતસેન શીલવતી ચરિત્ર, તરંગવતી ચરિત્ર, કલ્પ-સૂત્ર, સુખોદધિ વૃત્તિ, શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ ચરિત્ર, શોભન-સ્તુતિ-ટીકા વગેરે તેમજ અનેક પ્રાચીન સંસ્કૃત પ્રાકૃત ચરિત્ર ગ્રન્થોનું ગુર્જર ભાષામાં ભાષાંતર કર્યું. કુમારપાલ ભૂપાલ-ચરિત્ર, સુરસુંદરી ચરિત્ર, સુપાર્શ્વનાથ-ચરિત્ર, ભીમસેન-ચરિત્ર તેમજ ગીતા પ્રભાકર, ગીતરત્નાકર, કાવ્ય-સુધાકર વગેરે ગ્રન્થો તેમજ સંવેધ-છત્રીસી તાત્વિક આગમ દોહન ગ્રન્થનું આલેખન કરી મહાન જિન-શાસન પ્રભાવના અને સેવા કરી.

વિ. સં. ૧૯૮૦ મહા સુદ ૧૫ ના શુભ દિને પ્રાંતિજ મુકામે મહાન શાસન પ્રભાવના પૂર્વક વિદ્વદ્વર્ય પન્યાસ પ્રવર શ્રી અજિતસાગરજી ગણિવર શ્રી પૂજ્યપાદ યોગનિષ્ઠ ધુરંધર આચાર્ય ભગવંત શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી મ. સા. ના શુભ હસ્તે પંચપરમેષ્ઠીના તૃતીયપદે બીરાજમાન થયા. આચાર્ય પદે અલંકૃત થયા.

વિ. સં. ૧૯૮૫ આસો સુદ ૩ ના દિને એકાએક મહાન શાસન પ્રભાવક આચાર્ય શ્રીમદ્ અજિતસાગર સૂરિશ્વરજી મ. સા. કાળધર્મ પામ્યા. આતમ-પંખી નશ્વર દેહ-પીંજર છોડીને અનન્તની મુસાફરીએ ઉડી ગયું.

ભાવભીના વન્દન સૂરીશ્વર ચરણે

અનુક્રમણિકા

પૃષ્ઠ	પરિચય
	પ્રકાશકીય
	યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિજીવનચરિત્ર પ્રસિદ્ધ વકતા આચાર્ય શ્રીમદ્ અજિતસાગર સૂરિ જીવન ચરિત્ર
	અનુક્રમણિકા
૩	ગુરુમહિમા
૩	ઋષભદેવ આદિ જિન દર્શન
૪	જિનેન્દ્ર વાણી
૫	હેમચંદ્ર સૂરીશ્વરનો ઉપદેશ
૬	વીરાંગદ કુમાર–દૃષ્ટાન્ત
૮	ઉદ્યાનગમન–ભયાક્રાન્તચોર
૯	શરણાગત રક્ષણ
૧૦	સુભટો સાથે સંવાદ
૧૧	ચોરને મુક્તિ
૧૨	ચૌર્ય કર્મ ત્યાગ–પ્રતિજ્ઞા
૧૨	શૂરાંગદ પ્રકોપ
૧૪	પૌરજન વિનંતિ
૧૬	દેવ–આગમન
૧૭	દેવની વિજ્ઞપ્તિનો અસ્વીકાર
૧૮	મણિ–પ્રદાન
૧૯	સૂર્યોદય
૨૦	ઉદ્યાન પ્રવેશ
૨૧	મણિ પ્રભાવ
૨૨	દિવ્ય સમૃદ્ધિ
૨૩	રાજ્ય પ્રાપ્તિ
૨૫	સુમિત્ર વિચાર
૨૫	સુમિત્ર ગવેષણા
૨૭	રતિસેના વેશ્યા
૨૯	ભોગ વિલાસ
૩૦	મણિ અપહાર
૩૧	સુમિત્ર તિરસ્કાર
૩૨	શૂન્યનગર
૩૫	ચમત્કારી નેત્રાંજન
૩૬	જયા વિજયા
૩૭	સુશર્મા પરિવ્રાજક
૩૮	મનોવિકાર
૩૯	ગંગાદિત્ય શ્રેષ્ઠી
૪૧	ગંગા પ્રવાહમાં–પુત્રીઓ
૪૨	મિથ્યા વિલાપ
૪૨	મર્કટ પ્રાદુર્ભાવ
૪૩	પરિવ્રાજક મૃત્યુ
૪૫	રાક્ષસ ઉપદ્રવ
૪૮	સિદ્ધ પુરુષ
૪૯	રાક્ષસ પરાજય
૫૧	અધમકાર્ય પરસ્ત્રીગમન
૫૨	રતિસેના વેશ્યા વિલાપ
૫૪	કુટ્ટિની પશ્ચાત્તાપ
૫૫	સુમિત્ર ચાતુર્ય
૫૬	મણિ પ્રાપ્તિ ઉપાય
૫૮	સુમિત્રને નૃપ–સમાગમ
૬૦	શૂન્યનગર–વાસ
૬૧	પ્રભુ દર્શન
૬૪	ધર્મ દેશના
૬૫	શિવ સુખ પ્રાપ્તિ
૬૬	સમરસિંહ રાજા

પૃષ્ઠ	પરિચય
૬૭	પુણ્યસાર દૃષ્ટાન્ત
૭૦	સરસ્વતીદેવી–પ્રસાદ
૭૧	પુણ્યસાર તિરસ્કાર
૭૩	કામા–કમલાદેવી યક્ષિણી
૭૪	કામદેવ શ્રેષ્ઠી
૭૪	ગણપતિ આરાધના
૭૫	પુણ્યસાર વિવાહ
૭૮	પુણ્યસાર પ્રવાહ
૮૧	કન્યા વિલાપ
૮૨	પિતા પ્રતિબોધ
૮૪	ગુણશ્રી પ્રતિજ્ઞા
૮૫	સમરસિંહ સમાગમ
૮૬	રાજપુત્રી મદનવતી
૮૯	પ્રિયંવદા સખી
૯૦	સમરશ્રી
૯૧	ગુણશ્રી વિચાર
૯૨	મદનવતી વિવાહ
૯૨	સ્ત્રી પરણી સ્ત્રીને
૯૪	પુણ્યસાર કુમાર
૯૫	ગુણશ્રી (ગુણસાર) મૈત્રી
૯૭	ગુણશ્રીને સખીબોધ
૯૭	પ્રતિજ્ઞા ભંગ કેમ થાય ?
૯૮	ગુણશ્રીની મરણક્રિયાની સાધના
૯૮	સમરસિંહનો ઉપદેશ
૯૯	ગુણશ્રીનો સંદેશ
૯૯	ચિતા પ્રવેશ
૧૦૦	લોકોનો હાહાકાર
૧૦૦	પુણ્યસારનો ગુણશ્રીને પ્રતિબોધ
૧૦૦	મરણનું કારણ શું ?
૧૦૦	સાચો મૈત્રી ભાવ

પૃષ્ઠ	પરિચય
૧૦૦	પુણ્યસારની ઝંપાપાતની તૈયારી
૧૦૧	ગુણશ્રીએ ગુપ્તવાત પુણ્યસારને પ્રગટ કરી
૧૦૧	પ્રિયનો સમાગમ
૧૦૨	પુણ્યસાર ગુણશ્રીનો પરસ્પર વાર્તાલાપ
૧૦૩	સંકેતિત શ્લોક
૧૦૩	પ્રિયનો સમાગમ અને સ્નેહરસ
૧૦૪	ગુણશ્રીનો પુણ્યસારને ઉપાલંભ
૧૦૪	મદનવતી વિવાહ
૧૦૬	મદનવતી પશ્ચાત્તાપ
૧૦૬	વલ્લભીપુર પ્રયાણ
૧૦૭	અગ્નિ પ્રવેશ
૧૦૮	કામદેવ શ્રેષ્ઠી
૧૦૯	નગર પ્રવેશ
૧૧૦	પુણ્યસાર સ્વપુરપ્રતિ
૧૧૨	જાતિ સ્મરણ
૧૧૨	પૂર્વ–ભવ
૧૧૨	ધર્મબંદ્ધ ભીલ
૧૧૩	ગર્ભિણી મૃગલી શિકાર
૧૧૩	પારાવાર પશ્ચાત્તાપ
૧૧૩	દયાભાવની સ્ફુરણા
૧૧૪	અહાહા ! નિરપરાધીનો ઘાત
૧૧૪	અન્તઃ પશ્ચાત્તાપ અને માંસાહારની પ્રતિજ્ઞા
૧૧૪	અન્તે ભદ્રભાવે મૃત્યુ અને દેવગતિ
૧૧૪	ચારણમુનિ–આગમન
૧૧૫	પ્રવચન ધર્મસ્વીકાર
૧૧૫	પૂર્વભવની સ્ત્રી કયાં ?

પૃષ્ઠ	પરિચય
૧૧૫	ગુણશ્રીનું વૃત્તાન્ત
૧૧૫	પુણ્યસારનું ગોપગિરિ ગમન
૧૧૫	કુટુંબ સમાગમ
૧૧૫	પુણ્યસારને રાજ્ય પ્રાપ્તિ
૧૧૫	સમરસિંહ શ્રમણત્વ સ્વીકાર
૧૧૬	પુણ્યસાર-ઉપવન-ગમન
૧૧૭	ગુરુ દર્શન ધર્મશ્રવણ
૧૧૭	શ્રમણત્વનો સ્વીકાર
૧૧૮	ધર્મ પ્રરૂપણા
૧૧૮	કર્મ ભેદ પ્રભેદ
૧૧૯	શુદ્ધ દેવાદિ સ્વરૂપ
૧૨૧	પ્રાણાતિપાત વિરમણ આદિ
૧૨૨	બારવ્રત સ્વરૂપ
૧૨૨	દયા સ્વરૂપ
૧૨૨	મૃષા વિરમણ
૧૨૨	ચૌર્ય કર્મ વિરમણ
૧૨૨	અબ્રહ્મ વિરમણ
૧૨૪	પરિગ્રહ પરિમાણ
૧૨૪	દિગ્‌વિરતિ ગુણ-વ્રત
૧૨૪	ભોગોપભોગ પરિમાણ ગુણવ્રત
૧૨૪	બાવીશ અભક્ષ્ય-અનન્તકાય ભક્ષણત્યાગ
૧૨૫	માંસ, મદિરા, માખણ, મધ ભક્ષણ ત્યાગ
૧૨૬	રાત્રી ભોજન ત્યાગ
૧૨૬	અનર્થ દંડ ત્યાગ ગુણવ્રત
૧૨૬	અનર્થદંડના પ્રકાર અને સ્વરૂપ
૧૨૮	સામાયિક વ્રત આદિ ચાર શિક્ષા વ્રત
૧૨૮	ભીમકુમાર

પૃષ્ઠ	પરિચય
૧૨૯	કુમારજન્મ
૧૩૦	વિમલબોધ મંત્રી
૧૩૨	જ્ઞાની-ગુરુ
૧૩૪	કાપાલિક આગમન
૧૩૫	વિદ્યા સાધના
૧૩૯	કમલા યક્ષિણી
૧૪૦	ભીમ કુમાર બોધ
૧૪૧	મુનિ-દર્શન
૧૪૨	આકાશભૂજ
૧૪૩	કાલિકા દેવી
૧૪૩	કાપાલિક સાહસ
૧૪૫	કાલિકા આગમન
૧૪૬	ભીમકુમાર અને મતિસાગર
૧૪૮	કાપાલિક પ્રાર્થના
૧૪૯	ગજપહાર
૧૫૦	શૂન્ય નગર
૧૫૨	રાજભવન
૧૫૩	સર્વંગિલ રાક્ષસ
૧૫૫	ચારણ મુનિ
૧૫૬	ચંદ્ર નૃપતિ
૧૫૭	અચંકારિત ભટ્ટિકા
૧૫૮	સુબુદ્ધિ મંત્રી
૧૫૯	સ્ત્રી રોષ
૧૬૦	પત્ની પતિ
૧૬૨	ભટ્ટિકા વિલાપ
૧૬૨	ધનપાલ બંધુ
૧૬૪	અશ્રદ્ધાલુ દેવ
૧૬૪	દેવ પ્રાદુર્ભાવ
૧૬૫	યક્ષ આગમન
૧૬૬	હેમરથ રાજા

પૃષ્ઠ	પરિચય
૧૬૭	કાલિકા દેવી
૧૬૮	કમલા યક્ષિણી
૧૬૯	સ્વ-પુર પ્રવેશ
૧૭૦	પિતા-આદિ સમાગમ
૧૭૧	રાજ્યાભિષેક
૧૭૧	ગુરુ સદ્બોધ
૧૭૪	જીવ દયા
૧૭૫	માહેશ્વર વણિક
૧૭૬	યુકા ચૈત્ય
૧૭૭	દેવી પૂજકો અને નવરાત્રી
૧૭૮	કંટકેશ્વરી-દેવીનો ઉપદ્રવ
૧૮૦	કુષ્ઠ રોગ
૧૮૦	ઉદયન મંત્રી
૧૮૨	મન્ત્રિત જળ
૧૮૩	ગુરુ ઉપકાર
૧૮૫	જયંતચન્દ્ર રાજા
૧૮૫	ચિત્રપટ સમર્પણ
૧૮૬	હિંસા વિનાશ
૮૧૮	મોહરાજા
૧૮૯	વિમલચિત્ત નગર
૧૯૦	પુત્રી ખેદ
૧૯૧	સમલચિત્ત નગર
૧૯૨	સુમતિ દૂતી
૧૯૩	કૃપા પરિણયન
૧૯૫	ધર્મરાજ સ્થાપના
૧૯૭	મોહરાજ અને જ્ઞાનાદર્શ દુત
૧૯૯	કુમારપાળ અને મોહરાજાનું યુદ્ધ
૨૦૧	દ્વંદ્વ યુદ્ધ
૨૦૨	મોહ પરાજય

પૃષ્ઠ	પરિચય
૨૦૩	ચતુર્વિધ ધર્મ
૨૦૬	વિક્રમ રાજા
૨૦૭	મુનિચંદ્ર ગુરુ
૨૦૮	દાન મહિમા
૨૦૯	જિનરાજ-આગમન
૨૦૯	જિનેન્દ્રને દાન
૨૦૯	દાનનો પ્રભાવ-પાંચ દિવ્ય
૨૦૯	વિક્રમનું ઉદ્યાનગમન
૨૧૦	વિક્રમને નિલકંઠ વિદ્યાધરનો સમાગમ
૧૧૨	વિક્રમનો વિદ્યાધરને ઉપકાર
૨૧૧	કૃતજ્ઞી વિદ્યાધરનું પ્રત્યુપકાર
૨૧૧	રાજપુત્રી રત્નમંજરીને સર્પદંશ
૨૧૨	વિક્રમે કરેલો વિષાપહાર
૨૧૩	હરિશ્ચન્દ્ર રાજાએ વિક્રમને કરેલું અર્ધ રાજ્યાર્પણ
૨૧૩	રત્નમંજરી રાણી
૨૧૪	મણિમંદિર પ્રવેશ
૨૧૫	મદનવેગા વિવાહ
૨૧૫	મુનિચંદ્ર સૂરિ
૨૧૬	શીલ ધર્મનો ઉપદેશ
૨૧૭	માયાવી અશ્વ
૨૧૭	અશ્વનું-આકાશ ગમન
૨૧૮	દિવ્ય-સ્ત્રી યુગલ
૨૧૯	વિક્રમને દેવીની કામ-પ્રાર્થના
૨૧૯	વિક્રમનો ઉપદેશ
૨૨૦	દેવીનો પ્રકોપ
૨૨૦	વિક્રમની અડગતા-દેવીપ્રસન્નતા
૨૨૧	ઇન્દ્ર સભામાં પ્રશંસા
૨૨૨	પુત્ર જન્મ રત્નસારનામ સ્થાપન

પૃષ્ઠ	પરિચય
૨૨૩	મુનિ ચન્દ્ર સૂરિ આગમન
૨૨૩	ધર્મ દેશના તપનો મહાનપ્રભાવ
૨૨૪	દિક્ષા ગ્રહણ વિગઈ ત્યાગ
૨૨૪	રાજપુત્ર ચંડ સેનની દુશ્ચેષ્ટા અને મૂર્ચ્છા
૨૨૫	વિક્રમ મુનિને પ્રાર્થના અને મુનિનો પ્રત્યુત્તર
૨૨૬	દેવ વચન
૨૨૬	મુનિ દર્શન જો અપશુકન ! તો પછી શુકન કયા ?
૨૨૬	તપના પ્રભાવથી દેવેન્દ્ર દાસત્વ સ્વીકારે
૨૨૭	ધર્મનું સ્વરૂપ
૨૨૮	મહાજન પ્રાર્થના
૨૨૯	કુબેરશ્રેષ્ઠીનું નિધન
૨૨૯	વૈરાગ્યવચનોથી કુટુંબપરિવાર ને બોધ
૨૩૦	નિર્વંશીઆનું ધન-ગ્રહણ ત્યાગ
૨૩૧	ગુરુ વંદન
૨૩૨	ચૈત્ય નિર્માણ
૨૩૨	રાજકૃતજ્ઞતા
૨૩૫	ઉદયન અભિગ્રહ
૨૩૬	સમરસ રાણો અને ઉદયન વચ્ચે યુદ્ધ
૨૩૮	મંત્રી વિચાર
૨૩૯	ઉદયન મંત્રીની અન્તિમ આરાધના
૨૩૯	વંઠને સાધુ વેષ
૨૪૦	કુમારપાળ વિષાદ
૨૪૧	તીર્થોદ્ધાર
૨૪૨	ભીમ વણિક
૨૪૩	સાધર્મિક બંધુઓ.
૨૪૫	ભીમ સત્કાર
૨૪૬	દ્રવ્ય નિધાન
૨૪૬	કપર્દિ યક્ષ
૨૪૭	ચૈત્ય જિર્ણોદ્ધાર
૨૪૮	ચૈત્ય પતન કારણ
૨૪૯	નવીન ચૈત્ય
૨૫૦	મૂર્તિ પ્રતિષ્ઠા
૨૫૧	આમ્રભટ મંત્રી
૨૫૨	મરણ સાહસ
૨૫૨	પ્રભાદયા દેવી
૨૫૩	પ્રતિષ્ઠા મહોત્સવ
૨૫૫	આરાત્રિક વિધિ
૨૫૬	યોગિની ઉપદ્રવ
૨૫૬	પદ્માવતી દેવી
૨૫૭	યશશ્ચન્દ્ર ગણિ
૨૬૦	સૌંધવી દેવી
૨૬૦	ગણિ ચમત્કાર
૨૬૦	યોગિની સ્તંભન
૨૬૧	સ્તંભન મુક્તિ
૨૬૧	શ્રી હેમચન્દ્ર પ્રભુના ચરણે દેવીઓ
૨૬૨	ઉદાયન રાજા
૨૬૨	વીતભય નગર
૨૬૩	કુમારનંદી સુવર્ણકાર હાસા પ્રહાસા દેવી
૨૬૪	ભોગ પ્રાર્થના
૨૬૫	ભારંડ પક્ષી પંચશીલ દ્વીપ

પૃષ્ટ	પરિચય
૨૬૫	મિત્ર નાગિલ
૨૬૬	વિદ્યુન્માલી દેવ પશ્ચાત્તાપ
૨૬૭	મિત્ર પ્રબોધ
૨૬૯	ભગવાન મહાવીર મૂર્તિ
૨૭૦	પ્રભાવતી રાણી
૨૭૨	ગાંધાર શ્રાવક
૨૭૩	કુબ્જા દાસી
૨૭૪	ચંડ પ્રદ્યોત રાજા
૨૭૪	વિદિશા નગર
૨૭૫	યુદ્ધ પ્રયાણ
૨૭૭	પ્રદ્યોતનો પરાજય ઉદાયનનો જય
૨૭૭	દશપુર નગર
૨૭૮	વાર્ષિક પર્વ આરાધન
૨૭૯	ઉદાયન પશ્ચાત્તાપ
૨૮૦	ઉદાયન રાજાની અપૂર્વ આત્મ ભાવના.
૨૮૦	શ્રી મહાવીર પ્રભુ ચંપાનગરીથી વિતભય પત્તન
૨૮૦	વીર પ્રભુની ધર્મ દેશના
૨૮૨	ઉદાયન રાજર્ષિને વ્યાધી
૨૮૩	વિષ-પ્રદાન
૨૮૪	દૈવી-પ્રકોપ
૨૮૫	શ્રાવક-ધર્મ પ્રાપ્તિ
૨૮૬	પ્રતિમા પ્રાપ્તિ
૨૮૭	યાત્રા ફૂલ-ઉપદેશ
૨૮૮	યાત્રા-પ્રયાણ
૨૮૯	કર્ણ રાજાનું યુદ્ધ પ્રયાણ
૨૯૦	ગુરુ કૃપા.
૨૯૦	યાત્રા મહોત્સવ
૨૯૧	ધંધૂકા નગર
૨૯૧	પુંડરિક ગિરિ
૨૯૨	માલા પરિધાન
૨૯૩	જગડુ શ્રેષ્ઠી
૨૯૪	પ્રભુ ભક્તિ
૨૯૫	ગુરુ કૃત સ્તુતિ
૨૯૫	ઉજ્જયંત ગિરિ
૨૯૭	દેવ પત્તન
૨૯૮	જૈન તત્ત્વ-બોધ
૩૦૦	જીવ અજીવ વગેરે નવતત્ત્વ
૩૦૦	છ દ્રવ્ય
૩૦૨	તીર્થંકરાદિ ચરિત્ર
૩૦૩	રાજ-અભિગ્રહ
૩૦૩	પ્રભાવિક ચમત્કાર,
૩૦૪	ધર્મ નિયમ
૩૦૫	તુર્ક શાહ
૩૦૬	દિવ્ય પલંગ
૩૦૮	કુમારપાલ વચન
૩૦૯	વચન સ્વીકાર
૩૦૯	રાજર્ષિ અભિગ્રહ
૩૦૯	કુશીલ મુનિને વંદન
૩૧૦	વંદનીય અવંદનીય મુનિ અધિકાર
૩૧૧	મુનિ પશ્ચાત્તાપ
૩૧૩	રાજ-ભક્તિ
૩૧૪	દેવી પ્રાદુર્ભાવ
૩૧૫	પલ્લી પતિ
૩૧૫	માલવ રાજા
૩૧૬	નૃપતિ કોપ
૩૧૭	શ્રી યશોભદ્રસૂરિ
૩૧૭	એક શિલા નગરી
૩૧૮	આઢર શ્રેષ્ઠી
૩૨૦	શતબલ રાજા

પૃષ્ઠ	પરિચય	પૃષ્ઠ	પારચય
૩૨૧	પ્રથમ તીર્થંકર પદ્મનાભ જિનેન્દ્ર	૩૩૨	શિષ્ય વર્ગ
૩૨૨	સ્થિર દેવી દાસી	૩૩૩	સ્વર્ગ કાલ
૩૨૩	રાજ્ય ચિન્તા	૩૩૪	આકસ્મિક પ્રચંડ જ્વર–તાપ
૩૨૪	બાલચંદ્ર શિષ્ય	૩૩૪	દુષ્ટ બુદ્ધિ અજયપાળનું કુકૃત્ય
૩૨૫	શ્રી હેમચન્દ્રાચાર્યશ્રીની અન્તિમ દેશના	૩૩૭	રાજર્ષિ સ્વર્ગવાસ
૩૨૯	નરેન્દ્ર વિલાપ	૩૩૮	અજયપાલને રાજ્ય પ્રાપ્તિ
૩૩૧	કુમારપાળ મૂર્ચ્છા	૩૪૦	ગ્રન્થકારશ્રીની લઘુતા
		૩૪૦	પ્રશસ્તિ

શ્રી કુમારપાળ ચરિત્ર

ભાગ–૨

ગુરુમહિમા

બાદ શ્રીકુમારપાલરાજા તે આસન ઉપર ગુરુને બેસારી તેમની આગળ કિંચિત્ હાસ્ય સમૂહના મિષથી પુષ્પોની વૃષ્ટિ કરતો હોય તેમ બોલવા લાગ્યો.

હે પ્રભો ! જ્યાં સુધી વિદ્યાના ઉદ્યોત વડે સૂર્ય રૂપ આપનો પ્રકાશ ન થાય, ત્યાં સુધી કલાશાલી ચંદ્રની માફક બીજા કલાવાનનો પ્રકાશ થાય છે.

સમુદ્રના તરંગો વડે સરોવરોની વૃદ્ધિઓ જેમ આપની કલાઓ વડે સર્વ કલાવંતની કલાઓ તિરોહિત થયેલી છે.

પછી સૂરીશ્વર કુમારપાલને ઓરડાની અંદર લઈ ગયા. હે રાજન્ ! મારા દેવતાનો અવસર તું જો, એમ કહી સૂરીશ્વરે ત્યાં મંત્રશકિત વડે વૃષભદેવઆદિ સર્વ જિનેંદ્ર તથા ચુલુકય વિગેરે તેના પૂર્વજોનું આકર્ષણ કરી કુમારપાલને કહ્યું કે, એમનાં દર્શન તું કર.

મણીમય પૃથ્વી પર પરતીર્થરૂપ મૃગલાઓને ત્રાસ આપવા માટે જેમ સોનાના સિંહાસન પર બેઠેલા,

ચારે દિશાઓમાં રહેલા લોકોને ચારે પ્રકારનો ધર્મ એક સમયે કહેવા માટે જેમ ચાર મુખને ધારણ કરતા,

કેવળીની અપેક્ષાએ ભવમાં રહ્યા છતાં પણ નિષ્કર્મતા વડે જાણે મુક્તિને પામ્યા હોય,

આ લોકમાં પણ બંને પ્રકારે મહાઆનંદના સમૂહવડેવિશાળ ઉદારવાળા હોય ને શું ?

ત્રણ જગતના ઉત્તમ ઐશ્વર્યની યાચના માટે દેવતાઓના સમૂહ અને ચુલુકયાદિ રાજાઓ જેમની આગળ સેવા કરતા હોય ને શું ?

એવા યથાશ્રુત સ્વરૂપવડે સ્ફુરણાયમાન શ્રીઋષભાદિક સર્વ તીર્થંકરોના શ્રીકુમારપાલે દર્શન કર્યા.

તેમના દર્શનરૂપ ચંદ્રથી ઉલ્લાસ પામેલા પ્રમોદસાગરમાં ડૂબતો હોય તેમ ભૂપતિ ક્ષણમાત્ર શૂન્ય થઈ ગયો.

ત્યારબાદ હેમચંદ્રસૂરિ કુમારપાલને લઈ જિનેંદ્રોને નમસ્કાર કરી તેમની આગળ બેઠા.

જિનેંદ્રવાણી

અત્યંતમાધુર્યથી ભરેલી વાણીવડે કાનને વિષે ઉત્તમ જલ સારણીનો પ્રચાર કરતા હોય તેમ શ્રીજિનેંદ્રો બોલ્યા.

સુવર્ણાદિક વસ્તુઓના પરીક્ષકો તો ઘણાએ હોય છે, પરંતુ ધર્મતત્ત્વનો પરીક્ષક તો કોઈપણ સ્થળે કોઇક જ કુશલ હોય છે.

હે રાજન્ ! ખરેખર હોંશીયાર તું એક જ છે. જેણે પાષાણસમાન હિંસાત્મક ધર્મનો ત્યાગ કરી રત્નસમાન દયામય ધર્મનો સ્વીકાર કર્યો.

નૃપાદિકને વિષે હૃદયને આનંદ આપનારી જે સંપત્તિ દીપે છે, તે ધર્મવૃક્ષનું પુષ્પ છે અને મુક્તિલક્ષ્મી એ તેનું ફલ છે.

વળી જેના હાથમાં ધર્મરૂપ ચિંતામણિ રહ્યો હોય, તેને નૃપ, ચક્રવર્તિ, ઇંદ્ર અને તીર્થંકરનો વૈભવ દૂર નથી.

તારા ભાગ્યની રચના બહુ અદ્ભુત છે, જેથી તત્ત્વનિધિ શ્રી હેમચંદ્રગુરુ તને પ્રાપ્ત થયા છે.

પછી ચુલુકચાદિ પૂર્વજોએ હેમચંદ્રસૂરિને પ્રણામ કરી કુમારપાલને આલિંગન આપી પ્રસન્ન થઈ કહ્યું,

હે વત્સ ! તારાવડે અમે પુત્રવાળા થયા છીએ, કારણકે, કુમાર્ગનો ત્યાગ કરી ઉત્તમ માર્ગનો તું આશ્રયી થયો છે.

આ જૈનધર્મનો ત્યાગ કરી અન્ય કોઇ કૃતજ્ઞપ્રભુ નથી. જે પ્રભુ પ્રણામ માત્રવડે પોતાના સેવકોને મોક્ષપદ આપે છે. માટે સંશયરૂપ હીંડોળામાં ખેલતા મનને સ્થિર કરી આ ગુરુની આગળ માયારહિત તું પોતાનું કાર્ય સિદ્ધ કર.

એમ કહી તે સર્વે ત્યાંથી વિદાય થયા.

પછી કુમારપાલ વિચાર કરવા લાગ્યો, શંકર વિગેરે દેવોએ તે પ્રમાણે કહ્યું હતું અને જિનેંદ્રોએ આ પ્રમાણે કહ્યું, તો પછી આ બન્નેમાં સત્ય કયું ?

એમ હૃદયમાં ઉત્પન્ન થયેલી સંશયરૂપ વેલીને તે તે વચનરૂપ જલવડે સિંચતા કુમારપાલે સૂરીંદ્રને પૂછયું કે; એમાં સત્ય તત્ત્વ શું ?

સૂરીશ્વર બોલ્યા. દેવબોધિએ તને શું કહ્યું હતું ? કુમારપાલે કહ્યું, તેના અને આપના કહેવામાં હું કંઇપણ સમજ્યો નથી.

સૂરીશ્વર બોલ્યા. હે રાજન્ ! કલા એ ઇંદ્રજાલ છે. તેની પાસે એક કલા શુદ્ધ છે. અને મારી પાસે તો તેવી સાત કલાઓ છે. તેની શક્તિવડે અમે બંને સ્વપ્નની માફક સર્વ તને બતાવ્યું.

જો તેમાં સંશય હોય તો તું બોલ ? અહીં તને સર્વ દુનિયા બતાવું ! પરંતુ હે રાજન્ ! આ સર્વ કૂટ નાટકના બોલ છે. એમાં કંઈ સાર નથી. માત્ર જે સોમેશ્વરે તને કહ્યું હતું, તેજ સત્ય છે.

એ પ્રમાણે ગુરુમહારાજના વચનરૂપ તરંગોના સિંચનવડે રાજાના હૃદયમાંથી ભ્રાંતિરૂપ સંતાપ દૂર થઈ ગયો, જેથી તે ખુશી થઈ પોતાના સ્થાનમાં ગયો.

બીજે દિવસે કુમારપાલરાજા ઉપદેશરૂપી અમૃતનું પાન કરવા ગુરુ સ્થાનમાં ગયો. ત્યાં સૂરીશ્વરે મેઘસમાન ગંભીરધ્વનિવડે ઉપદેશની શરૂઆત કરી;

क्षाराब्धेरमृतं घनाद्वितरणं वाणीविलासादृतं,
शालात्सत्फलमंगकादुपकृतिर्वंशाच्च मुक्तामणिः ।
मृत्स्नायाः कनकं सुमात् परिमलः पंकात्पयोजं यथा,
निःसारात् पुरुषायुषः सुचरितं सारं तथाऽऽकृष्यताम् ॥१॥

"લવણ સમુદ્રમાંથી અમૃત, દ્રવ્યથી દાન, વાણીવિલાસમાંથી સત્ય, વૃક્ષથી ઉત્તમ ફલ, દેહથી ઉપકાર, વાંસમાંથી મુક્તામણિ, મૃત્તિકામાંથી સુવર્ણ, પુષ્પમાંથી સુગંધ અને કાદવમાંથી કમલ જેમ ગ્રહણ કરાય છે, તેમ અસાર એવા જીવનમાંથી ઉત્તમઆચરણરૂપી સારનો સંગ્રહ કરવો.

વળી કંદમાંથી લતાઓ જેમ જેથી ઉત્કૃષ્ટસંપત્તિઓ વૃદ્ધિ પામે તેજ પુણ્ય કહેવાય, એમ શ્રીજગત્પ્રભુએ કહેલું છે.

ગમે ત્યાં ફરો, અથવા ગમે તેવા ઉદ્યમ કરો, પણ પુણ્યશાળી પુરૂષ જ **વીરાંગદકુમારની** જેમ લક્ષ્મી ભોગવે છે.

વીરાંગદકુમાર

આ ભૂલોકમાં પદ્મસમાન લક્ષ્મીનું નિવાસસ્થાન **જંબુદ્વીપ** નામે દ્વીપ છે.

તેની ચારે બાજુએ લવણ સમુદ્રના ઉછળતા જળતરંગો શોભી રહ્યા છે. તે દ્વીપની અંદર **ભરત**નામે ક્ષેત્ર છે.

તેના મધ્યપ્રદેશમાં આભૂષણ સમાન અને સ્વર્ગશ્રીના વિજયથી જેમ **વિજયપુર**નામે નગર હતું.

જેની અંદર હવેલીઓના શિખરોપર શ્રાંત થયેલા પવનથી કંપતા ધ્વજસમુદાયમાં લીન થઈ હોય ને શું ? તેમ લક્ષ્મી અને સ્ત્રીઓમાં ચંચલતા જોવામાં આવતી નહોતી.

તે નગરમાં મહાન પરાક્રમી **શૂરાંગદ**નામે રાજા રાજ્ય કરતો હતો. તેના ખડ્ગવડે વૈરિઓ રણભૂમિમાંથી નાસવાની કલા શિખ્યા.

તેમજ "જેની કીર્તિરૂપ સ્ત્રીને નીચે પહેરવાનું વસ્ત્ર ક્ષીર સાગર હતો. સુરનદી (ગંગા) રૂપ ઓઢવાનું વસ્ત્ર હતું.

કાસ (ઘાસ) રૂપી કંચુકી (કાંચળી) હતી. વિશાળ તારાઓની શ્રેણીરૂપ મુકતાહાર હતો.

મુખશ્રીને જોવા માટે ચંદ્રબિંબરૂપી મણિ દર્પણ હતું અને શ્વેત કમલ વનરૂપી ક્રીડા કમલ હતું.

તેમજ તે શૂરાંગદરાજાની સ્ત્રીનું નામ **વીરમતી** હતું. તે સ્ત્રી પોતાના પ્રાણથી પણ રાજાને બહુ પ્રિય હતી.

તેની કાંતિથી જીતાયેલી દેવાંગનાઓ સ્વર્ગવાસ સેવતી હોયને શું ? તેવી અદ્‌ભુત તેની કાંતિ હતી.

મતિસાર નામે તેનો મંત્રી હતો. તે રાજકાર્યમાં ધુરંધર હતો. વળી એકત્ર મળીને જેમ સમસ્ત જગતની બુદ્ધિ જેના હૃદયમાં રહી હતી;

વૃષભને વિષે જેમ તે મંત્રીપર રાજ્યભાર સ્થાપન કરી શૂરાંગદ રાજા વીરમતી રાણી સાથે ચંદ્ર રોહિણી સાથે જેમ ક્રીડા કરતો હતો.

એમ કેટલોક સમય વ્યતીત થતાં વીરમતી સગર્ભા થઈ. સમય પૂર્ણ થવાથી તેણીએ આરણ્યક દાવાનલ સમાન તેજસ્વી પુત્ર, રત્નખની (ખાણ) રત્નને જેમ પ્રગટ કર્યો.

ત્યારબાદ શૂરાંગરાજાએ પોતાની યોગ્યતા પ્રમાણે જન્મ મહોત્સવ કરાવ્યો. ગુણ પ્રમાણે ઉત્કૃષ્ટ વીરાંગદ એવું તેનું નામ પાડયું.

હવે તે જ અરસામાં મતિસાર મંત્રીને પણ એક પુત્ર થયો, બહુ આનંદપૂર્વક **સુમિત્ર** તેનું નામ પાડયું.

વીરાંગદ અને સુમિત્ર

વીરાંગદ અને સુમિત્ર એ બંને સમાન વયના, અધિક ઓજસ્વી તેમજ સૂર્ય અને ચંદ્રસમાન કુલના ઉદ્યોત કરનાર થયા.

સ્વચ્છતા અને સરલપણાને ધારણ કરતા, દીર્ઘ દૃષ્ટિવાળા તે બંનેની બાલ્યાવસ્થાથી આરંભી દર્શન, સ્પંદન, નિદ્રા અને જાગરણાદિકમાં નેત્રોની જેમ ગાઢપ્રીતિ જામી.

વળી "નૃપ અને મંત્રી પુત્રની જેવી પ્રીતિ હતી, તેવી ચંદ્ર અને કુમુદની, મયૂર અને મેઘની, સૂર્ય અને કમલની તેમજ એક હૃદયવાળા મિત્રોની પણ નથી દેખાતી."

દરેક માર્ગમાં કુશલ એવી બુદ્ધિવડે તે બંને જણાઓ સર્વ કલાઓના પારગામી થયા, જેથી તેઓએ કલાવિદ્ પુરૂષોનો સર્વ ગર્વ લીલાવડે હરી લીધો.

સર્વ યુવતીઓના જીવનભૂત યૌવનને પામી અશ્વિનીકુમારની પણ રૂપશ્રીને હરણ કરતા. તે બંને જણ અતિશય દીપવા લાગ્યા.

"યૌવનને પ્રાપ્ત થયેલા રાજકુમારનું વક્ષસ્થલ બુદ્ધિ સાથે વિશાલ હતું.

મધ્ય (કટી) ભાગ શત્રુઓની લક્ષ્મી સાથે કૃશ હતો.

ઉદયની સાથે શરીર બહુ પુષ્ટ હતું.

કાંતિની સાથે દાઢી મુચ્છ પ્રગટ થઈ હતી. યશની સાથે બાહુઓ સ્થૂલ હતા અને મહિમા સાથે સ્કંધ (ખભાઓ) ઉન્નત થયા હતા.

સોનાના કંકણવડે માત્ર હસ્ત જ શોભે છે, એમ જાણી હસ્તને શોભાવનાર સ્વર્ણકંકણનો ત્યાગ કરી તે રાજકુમારે સ્વ અને પરને વિષે પુણ્ય તથા લક્ષ્મી એમ બંને પ્રકારનાં દાનરૂપ કંકણ ધારણ કર્યાં.

એક દિવસ વીરાંગદ પોતાના મિત્ર સહિત વસંત સાથે કામદેવ જેમ ક્રીડા કરવાની ઈચ્છાથી મનોહર ઉદ્યાનમાં ગયો.

ત્યાં અનેક પ્રકારનાં પુષ્પો ખીલી રહ્યાં હતાં.

બહુ સૌંદર્યને લીધે સ્વેચ્છા પ્રમાણે ખૂબ ક્રીડા કરી પછી સ્વચ્છ જળથી ભરેલા સરોવરમાં બંને જણ સ્નાન કરી પોતાના ઘર તરફ ચાલતા થયા.

ભયાક્રાંતચોર

બંને જણ માર્ગમાં ચાલતા હતા, તેવામાં ત્યાં સંભ્રાંત થયેલો કોઈક પુરુષ મૃત્યુથી ઘેરાયેલાની જેમ દોડતો આવ્યો.

મારૂં રક્ષણ કર, રક્ષણ કર એમ બૂમ પાડતો તે રાજકુમારને શરણ ગયો.

હવે તું ભય પામીશ નહીં, એમ કહી વીરાંગદે તેને શાંત કર્યો, તેટલામાં ઉઘાડી તરવારે આગળ આવતા રાજસેવકો તેના જોવામાં આવ્યા.

તરત જ વીરાંગદે તેમને પૂછયું.

આ પુરુષ કોણ છે ? એનો શો અપરાધ છે ? એની પાછળ તમે શા માટે આવ્યા છો ?

એમ કુમારના પૂછવાથી તેઓ હાથ જોડી બોલ્યા.

તમારા સર્વ નગરને લુંટનાર આ ચોર છે. જીવિતવ્યને મૃત્યુની જેમ એણે લોકોનાં ધન હરી લીધાં છે.

વળી નગરની અંદર પોતાની ઇચ્છા પ્રમાણે પેસતો અને નીકળતો આ ચોર આત્માની જેમ સૂક્ષ્મદૃષ્ટિએ જોવામાં તત્પર થયેલા છતાં પણ લોકોના જોવામાં આવતો નથી.

આજે રાજાનો કોશ (ખજાનો) લુંટી આ ચોર બહુ ઉતાવળથી નાસતો પોતાના કર્મોવડે મનુષ્યની જેમ સર્વ બાજુએ ઉભા રહી અમોએ પકડયો હતો.

પછી શૂરાંગદરાજાએ તેને મારવાની આજ્ઞા કરી. વધસ્થાનમાં તે લઇ જવામાં આવ્યો.

ત્યાંથી શશક (શશલા)ની જેમ આ ચોર નાશીને હે ગુણિન્! તમારે શરણે આવ્યો છે. માટે હે સ્વામિન્! નીતિ તરફ દૃષ્ટિ કરો.

જલદી એને આપી દો. જેથી આ ચોરને હણીને અમે સજ્જનોમાં શાંતિ ફેલાવીએ.

તે સાંભળી દયાલુ વીરાંગદ સુભટોને કહેવા લાગ્યો.

જો કે આ ચોર મારવા લાયક છે, તો પણ હું તેને આપવાનો નથી.

જેમ ચંદ્ર આનંદ આપવાથી અને સૂર્ય તાપ આપવાથી લોકમાં પ્રસિદ્ધ છે, તેમ ક્ષત્ર શબ્દ શરણાગતનું રક્ષણ કરવાથી સાર્થક છે.

જો એનું રક્ષણ હું ન કરું, તો કીટનું નામ જેમ ઇંદ્રગોપ હોય છે, તેમ મારો ક્ષત્ર શબ્દ વ્યર્થ થાય.

જેના શરણે આવેલો માણસ મદોન્મત્ત હાથીની માફક નિર્ભયમનથી ઇચ્છા પ્રમાણે વારંવાર ન ફરે તો તેનું અભિમાન શા કામનું?

अचेतनास्ते तरवोऽपि वर्ण्या–स्तापादुपेतं प्रतिपालयन्तः ।
सचेतनास्ते न पुनः पुमांसो–ऽप्यवन्ति भीतेर्न जनं श्रितं ये ॥१॥

અચેતન એવાં વૃક્ષો પણ તાપથી પીડાયેલા અને પાસે આવેલા મનુષ્યનું પાલન કરે છે તો તે પ્રશંસાપાત્ર થાય છે, તેમજ જેઓ ભયને લીધે શરણે આવેલાનું રક્ષણ કરતા નથી તેવા સચેતન એવા પણ પુરૂષો નિંદવાલાયક થાય છે.

માટે હે સુભટો! મારા શરણાગતનું રક્ષણ કરવા રૂપી વ્રતને પાલવા માટે અન્યાયી એવા પણ આ ચોરને તમે છોડી દો.

ફરીથી સુભટો બોલ્યા. હે સ્વામિ ! એનું રક્ષણ કરવાથી આપને શું ફલ થવાનું છે ? વળી એને છોડી દેવાથી ઉલટો શત્રુની માફક તે લોકોને બહુ દુઃખદાયક થશે,

ચોર, વ્યાધિ, શઠ અને શત્રુએ ચારેને શુભેચ્છુ પુરુષે કંદની માફક મૂળમાંથી ઉખેડી નાખવા જોઇએ.

અને જો તેમનું રક્ષણ કરવામાં આવે તો તેઓ વિરૂદ્ધ કાર્ય કર્યા વિના રહેતા નથી.

જેમ સૂર્ય અંધકારનો નાશ કરી જગતને પ્રકાશ આપે છે, તેમ સમર્થ પુરુષ દુર્જનનો ઉચ્છેદ કરી સજ્જન લોકોનું પાલન કરે છે.

ચોર લોકોની સહાયતા કરવાથી જે સાધુ પુરુષોનો કલેશ વધારવો તે પાષાણના લોભથી ચિંતામણિનું ચૂર્ણ કરવા સમાન છે.

આ અન્યાય જાણી ન્યાયવાદી તમારા પિતા પણ અમારી ઉપર બહુ ગુસ્સે થશે અને તત્કાળ અમારો પ્રાણાંત કરાવશે.

તે સાંભળી ઉજ્જ્વલ દંતકાંતિના મિષથી હૃદયમાં સ્ફુરણાયમાન દયારૂપી સરિતાની લહેરને બતાવતો વીરાંગદકુમાર ફરીથી તેમને કહેવા લાગ્યો.

તમોએ જે ન્યાયની બાબત કહી તે વાત સત્ય છે. પરંતુ તમે જો ક્ષત્રિય હોવ તો ક્ષત્રિયનો ધર્મ કેવો છે ? તેનો ખ્યાલ કરો.

ક્ષત્રિયોનો ધર્મ શાસ્ત્રમાં અને લોકમાં પણ પ્રસિદ્ધ છે કે ધન અને પ્રાણોવડે પણ દુઃખીનું રક્ષણ કરવું જ જોઈએ. તેમજ;–

શેષઃ સ્વશેખરમણિં રમણીં વિવોઢા,
સ્તમ્બેરમો દ્વિદશનીં મૃગરાટ્ સ્વશૌર્યમ્ ।
સાધુર્વ્રતં ભટજનઃ શરણાગતં ચ,
જીવન્ન મુઞ્ચતિ પરં ક્રિયતે કદાચિત્ ॥૧॥

શેષનાગ પોતાના મસ્તક મણિને,
પતિ પોતાની સ્ત્રીને,
હાથી હાથણીને,
મૃગેંદ્ર પોતાના પરાક્રમને,

અને સાધુ પુરુષ અંગીકાર કરેલા વ્રતને જેમ જીવતાં સુધી છોડતો નથી,

તેમ પરાક્રમી પુરુષ કદાચિત્ મરી જાય તોપણ શરણે આવેલાને છોડતો નથી.

આત્મ સમાન આ જગત્માં કોનું પાલન કરવું ? અનેકોનો નાશ કરવો ? કેવલ શરણાગત ઉપર સર્વ જનોને હિતકારી દયા જ કરવી તે ઉચિત છે.

માટે તમે અહીંથી ચાલ્યા જાઓ અને રાજાથી ભય પામતા હો તો તમે ભૂપતિને કહેજો,

આપના કુમારે અમારી પાસેથી બલાત્કારે ચોરને મુક્ત કરાવ્યો.

એમ કહી સુભટોને વીદાય કરી વીરાંગદે ચોરને કહ્યું.

આ ચોરીના સુખનો તને અનુભવ હાલમાં થયો કે નહીં ?

દુર્ધ્યાનરૂપી પાણીથી સિંચેલા કુકર્મરૂપી વૃક્ષનું વધાદિકરૂપી પુષ્પ આ લોકમાં પ્રાપ્ત થાય છે અને મરીને નરક સ્થાનમાં ઘણી યાતનારૂપી ફલ ભોગવવું પડે છે.

ધાર્મિક ઉપાયો વિદ્યમાન છતાં કયો બુદ્ધિમાન્ પુરુષ ચૌર્ય કર્મ કરે ?

સુંદર આમ્રફલનો ત્યાગ કરી નિંબફલ (લીંબોળીઓ) કોણ ખાય ?

મેં કેટલો કલેશ સહન કરી હાલમાં તને છોડાવ્યો છે. ફરીથી ચોરી કરતાં તું જો પકડાઈશ તો તને કોણ મૂકાવશે ?

માટે હે સાધુ પુરુષ ! વિષસમાન પ્રાણનો અપહાર કરનાર ચોરીનો ત્યાગ કરી અમૃતસમાન પોતાનું હિત કરનાર ધર્મનું તું સેવન કર.

એ પ્રમાણે કુમારના ઉપદેશરૂપી અમૃતનું પાન કરવાથી ચોરનું હૃદય ઉઘડી ગયું અને વીરાંગદને પ્રણામ કરી તે ઉચ્ચસ્વરે કહેવા લાગ્યો.

હે સ્વામિ ! મારા પિતા, માતા, ભ્રાતા અને પ્રાણદાતા પણ તમે છો. કારણ કે; યમસમાન આ દુર્વ્યસનથી મારું તમે રક્ષણ કર્યું છે.

આ સંસારમાં આપના સરખા ઘણા સજ્જનરૂપી મેઘ ન હોય તો વિપત્તિરૂપી અગ્નિના તાપથી તપેલી પૃથ્વી કેવી રીતે રહી શકે ?

હાલમાં હું નિર્ધન છું. આપે મને જીવિતદાન આપ્યું છે, તો આપનો અનૃણી હું કેવી રીતે થાઉ ?

માત્ર ચૌર્યના ત્યાગરૂપી મારી ભક્તિ જ આપને વિષે સ્થિર થાઓ. એ પ્રમાણે ચોરની પ્રાર્થના સાંભળી બુદ્ધિમાન્ વીરાંગદે સર્વાંગે પહેરેલાં પોતાનાં આભૂષણોવડે સત્કાર કરી તેને વિદાય કર્યો.

અહો ! સત્પુરુષોની ઉદારતા કેવી હોય છે !

આ મારૂં વૃત્તાંત સાંભળી મારા પિતા મારી ઉપર ક્રોધ કરે છે કે નહીં ? એવી જીજ્ઞાસાથી રાજકુમાર કેટલોક સમય ત્યાં જ રોકાયો.

શૂરાંગદપ્રકોપ

સુભટો શૂરાંગદ રાજાની પાસે આવ્યા અને તેમના મુખથી પોતાના પુત્રની પ્રવૃત્તિ સાંભળી રાજાની ભૃકુટી એકદમ ભયંકર થઇ ગઈ અને બહુ ક્રોધથી તે બોલ્યો.

રે સુભટો ! આવો અવિનીતપુત્ર મારે ત્યાં કયાંથી જન્મ્યો ? ચોરનું રક્ષણ કરવાથી જે લોકમાં પ્રાણાપહારી થયો.

ન્યાય એજ એક જીવન છે જેનું, એવા મારાથી આ અન્યાયી પુત્ર થયો, તે શું અમૃતમય ચંદ્રમાંથી અંગારાની વૃષ્ટિ થઈ ન ગણાય ?

મેં ચોરનો નિગ્રહ કર્યો હતો, છતાં એણે બલાત્કારે તેનો બચાવ કર્યો.

અહો ! મારૂં પણ એણે અપમાન કર્યું, તેથી આ પુત્ર નથી પણ શત્રુ છે.

પિતાને અન્ય પણ કોઈ નીતિમાન્ હોય તો તે માન્ય હોય છે અને અવિનીતપુત્ર હોય તો પણ તે દ્વેષી થાય છે.

જેમકે શનિ પાપ ગ્રહ હોવાથી સૂર્યને અપ્રિય છે અને ચક્રવાક શ્રેષ્ઠ હોવાથી અતિપ્રિય થાય છે.

માટે રે સુભટો ! તમે ત્યાં જાઓ અને મારાં વચન તેને કહી મારા હુકમથી ચોરની માફક તેને દેશપાર કરે.

રાજાની આજ્ઞા પ્રમાણે સુભટો કુમારની પાસે ગયા અને ભૂપતિનો અભિપ્રાય બહુ સંકોચથી તેમણે ભય પામીને કહી સંભળાવ્યો.

તે સાંભળી વીરાંગદકુમાર રાજ્ય પ્રાપ્તિની માફક બહુ પ્રસન્ન થયો. હાલમાં ઈચ્છા પ્રમાણે આનંદથી હું દેશાટન કરીશ. તે સમયે **સુમિત્ર** બોલ્યો.

અહો ! દૈવની દુષ્ટતા કેવી છે ? કારણ કે, દુર્જનની માફક જે દૈવે ગુણને પણ દૂષિત કર્યો. પ્રાયે ગુણ જ પ્રાણિઓને કલેશ ઉપજાવનાર થાય છે.

કારણ કે, શુકો (પોપટો)નું વાક્ચાતુર્ય જ તેમના બંધન માટે થાય છે.

ત્યારબાદ દિવસનો ચંદ્ર જેમ ગ્લાન મુખવાળા પોતાના મિત્રને જોઇ પ્રફુલ્લ કમલની માફક વિકસ્વર મુખે **વીરાંગદ** બોલ્યો.

હે મિત્ર ! ખેદ કરીશ નહીં. માર્ગમાં રહેલા સફલ વૃક્ષની જેમ સત્પુરુષો પરોપકારની ઈચ્છાથી દુઃસહ કલેશને સહન કરે છે.

દેવોને પ્રસન્ન કરવાથી પ્રગટ થયેલી ચંદ્રની જેમ ક્ષીણતા તેમ પરોપકારથી ઉત્પન્ન થયેલી સજ્જનોની વિપત્તિ પણ સુંદર ગણાય છે.

પ્રથમ પણ મારૂં ચિત્ત દેશાવલોકનમાં ઉત્કંઠિત હતું, છતાં આ પિતાનો જે હુકમ થયો, તે દુધમાં શર્કરા (સાકર) બરોબર છે. દેશાટન કરવું એ મહોદયનું કારણ છે.

प्रौढा श्रीश्चतुरैः समं परिचितिर्विद्याऽनवद्या नवा,
नानाभाषितवेषलिप्यधिगतिः कुन्दावदातं यशः ।
धीरत्वं मनसः प्रतीतिरपि च स्वीये गुणौघे सतां,
मानात् को न गुणोदयः प्रसरति क्ष्मामण्डलालोकनात् ॥१॥

ભૂમંડળનું અવલોકન કરવાથી પ્રૌઢ લક્ષ્મી મળે છે.
પંડિતો સાથે પરિચય થાય છે.
નવીન પવિત્ર મનોહર વિદ્યાઓ પ્રાપ્ત થાય છે.
વિવિધ પ્રકારની ભાષા, વેષ અને લિપિ જાણવામાં આવે છે.

ચંદ્રની જ્યોત્સ્ના સરખો ઉજ્જવળ યશ મળે છે.

મનની દૃઢતા અને સત્પુરુષોનું માન કરવાથી પોતાના ગુણોપર પ્રતીતિ થાય છે. એટલું જ નહીં પણ કયો ગુણોદય પ્રસરતો નથી ?

જો કે, વાયુ અચેતન છે, તો પણ તે વનમાં ભમવાથી સુગંધમય થાય છે, તો સચેતન પુરુષ પૃથ્વીપર પરિભ્રમણ કરવાથી ગુણવાન કેમ ન થાય?

માટે હે મિત્ર ! તું સુખેથી ઘેર જા. તારો માર્ગ દુઃખદાયક મા થાઓ. હું પિતાની આજ્ઞા પ્રમાણે દેશાંતર જાઉં છું.

સુમિત્ર બોલ્યો. સ્વામિ ! તું જા, એ આપનું વચન યોગ્ય નથી. દેહિનો ત્યાગ કરી દેહ શું નિઃસ્નેહ થઈ ચાલી શકે ખરો ?

આપની સેવામાં રસિક હોવાથી મને માર્ગ પણ દુઃખદાયી થશે નહીં.

કલ્પદ્રુમને સેવનાર પ્રાણીને શું દરિદ્રતાની પીડા થાય ખરી ?

જો એવો જ તારો વિચાર હોય તો વેળાસર પ્રતિષ્ઠા સહિત અહીંથી તું ચાલ, એમ કહી મિત્ર સહિત રાજકુમારે ત્યાંથી પ્રયાણ કર્યું. ચંદ્રને નિસ્તેજ કરતી તે બંનેની મુખકાંતિ ઘરની અંદર જેવી હતી, તેવી જ પ્રવાસમાં પણ દીપતી હતી.

અહો ! મહાત્માઓના ધૈર્યની સીમા હોતી નથી. ઉત્સવ અને વિપત્તિ કાળમાં પણ મહાન પુરુષો સમાન રૂપમાં હોય છે.

મંથન કરવા પહેલાં અને પછીથી પણ મહાસાગરની સ્થિતિ એક સરખી જ હોય છે.

પૌરજનની વિનંતિ

વીરાંગદ અને સુમિત્ર એ બંનેનું પ્રયાણ સાંભળી તેમના ગુણ સમૂહથી મોહિત થયેલા નગરના લોકો બંધુની માફક તેમની પાછળ ગયા. અને બહુ શોકાતુર થઈ વિનંતિ કરવા લાગ્યા.

હે રાજકુમાર! પરોપકારી જનોમાં અગ્રણી, શરણાગત જનોનું પાલન કરનાર અને નેત્રને આનંદ આપનાર એવા આપ કયાં જાઓ છો?

બહુ બુદ્ધિમાન છતાં પણ આ રાજની મૂઢતા હાલમાં શાથી થઈ ? કારણ કે દેહમાંથી આત્માને જેમ મંદિરમાંથી તમને કાઢી મૂકે છે.

હે સ્વામિ ! સજ્જન રૂપી ચક્રવાકને ઉલ્લાસ આપવામાં સૂર્ય સમાન આપના પ્રયાણથી નગરની અંદર લોકોને આંધળું કરનાર શોક-મય અંધારૂં થશે.

આજે અમારા ભાગ્યની રચનાઓ નાશ પામી છે, કારણ કે પિતાની માફક દયાળું એવા આપ અમારા નગરમાંથી ચાલ્યા જાઓ છો.

એ પ્રમાણે પ્રાર્થના કરતા અને ગુણ સમૂહને વશ થયેલા નાગરિક લોકોને બલાત્કારે ઉભા રાખીને તેઓ બંને જણ નગરમાંથી નીકળી ગયા.

અમૃત સમાન પરસ્પર વાર્તા વિનોદવડે પોતાના સ્થાનમાં રહેલાની જેમ કિંચિત માત્ર પણ તેઓ માર્ગ શ્રમ જાણતા નહોતા.

કેટલોક માર્ગ ચાલ્યા એટલે ભયની રાજધાની સમાન મોટી એક વનભૂમિમાં તેઓ જઈ પહોંચ્યા.

જેની અંદર વૃક્ષોની ઘણી લક્ષ્મી દીપે છે.

શીકારી પશુઓની સ્વતંત્રતા,

અંધકારનું સામ્રાજ્ય અને વિપત્તિઓનો ભારે ઉત્સવ દેખાતો હતો.

થોડીક અટવી ઉલ્લંઘન કરી તેટલામાં સંસાર અસ્થિર છે, એમ ધીમે ધીમે તે બંનેને કહેતો હોય તેમ સૂર્યાસ્ત સમય થવા લાગ્યો.

જો કે હું સૂર (સૂર્ય-શૂરો) છું, તો પણ હમેશાં ઉદય-અભ્યુદય અને વ્યય (અસ્ત) ને પામું છું, તો બીજાની સ્થિરતા કયાંથી હોય ? એમ જણાવતો હોયને શું ? તેમ તે સમયે સૂર્ય પોતે અસ્ત થયો.

પોતાનો પતિરૂપ સૂર્ય અસ્ત થયે છતે તેના વિયોગને નહિ સહન કરતી દિવસની લક્ષ્મીએ ખરેખર સંધ્યાકાળના રાગરૂપી અગ્નિમાં પ્રવેશ કર્યો.

માતા પિતાના હૃદયમાં પણ સ્ત્રીજાતિ હોવાથી પ્રીતિ મારી માફક અસ્થિર છે, એમ પક્ષીઓના શબ્દોવડે તે બંનેને જણાવતી હોયને શું ? તેમ સંધ્યા પણ કોઈ ઠેકાણે ચાલી ગઈ.

મિત્ર (સૂર્ય) અસ્ત થયે છતે એકદમ ગાઢ અંધકારના મિષથી લોકમાં સર્વત્ર ઘણો શોક ફેલાઈ ગયો, એ ઉચિત છે.

પશ્ચિમ સમુદ્રમાં ડુબેલા સૂર્યને જોઇ ખરેખર તેના ઉદ્ધારની ઇચ્છાની જેમ તારાઓ આકાશમાં દોડવા લાગ્યા.

એ પ્રમાણે પ્રદોષ કાલનો કંઇક પ્રકાશ થયો એટલે એક વડની નીચે વસ્ત્ર પાથરી વીરાંગદકુમાર દેવનું સ્મરણ કરી સુઈ ગયો.

"જાગવાથી ભય લાગતો નથી" એ નીતિ વાકયનો જાણનાર સુમિત્ર કુમારની ચારે બાજુએ પ્રાહરિકપણે રહ્યો.

હું રાજા છું અને આ રાજકુમાર છે, વળી તે થાકી ગયો છે, માટે એને કર-કિરણામૃતવડે શાંત કરૂં, એમ જાણી ચંદ્ર તે સમય પ્રગટ થયો એમ હું માનું છું.

નિષ્કલંક કુમારનો મુખચંદ્ર કલંકિત એવા મને હસશે, એવા ભયની જેમ ચંદ્ર ધીમે ધીમે આકાશમાં ગયો.

આ રાજકુમાર પોતાના મકાનની અંદર ચંદ્રોદય-ચંદરવાની નીચે સુતો હતો, તેવી રીતે અરણ્યમાં પણ તે સુવો જોઇએ, એમ જાણી વિધિએ જરૂર તેની ઉપર ચંદ્રોદય કર્યો.

તે સમયે જળથી જેમ ગાઢ ચંદ્રના કિરણો વડે શુદ્ધ કરેલો આકાશ અને પૃથ્વીનો મધ્યભાગ સ્ફટિક રત્નોથી ઘટિત હોયને શું ? તેમ શોભતો હતો.

દેવનું આગમન

ચંદ્રનું તેજ ખીલી રહ્યું હતું, છતાં પણ અદ્‌ભુત કાંતિવડે દિશાઓના મુખને પ્રકાશિત કરતો કોઈક દેવ ત્યાં આવીને સુમિત્રને કહેવા લાગ્યો.

હું યક્ષ છું અને આ વડની અંદર રહું છું. આ પુણ્યશાળી કુમાર મારા સ્થાનમાં આવ્યો છે, માટે મારે એનો સત્કાર કરવો જોઇએ.

હે મિત્ર ! હાલમાં આ વીરાંગદકુમાર સુખ નિદ્રામાં સુતો છે. મારે એનું યોગ્ય આતિથ્ય શું કરવું ? તે ખરી હકીકત મને તું જણાવ.

એ પ્રમાણે બોલતા યક્ષની મૂર્તિ અને સ્ફૂર્તિ જોઇ સુમિત્રનું હૃદય ચકિત થઇ ગયું અને બહુ ભક્તિવડે યક્ષને પ્રણામ કરી તે બોલ્યો.

'ભાગ્ય, સૌભાગ્ય, સૌરાજ્ય, લક્ષ્મી, સુખ અને પુત્રાદિક સર્વ વસ્તુઓની પ્રાપ્તિ સુલભ છે, પણ દેવદર્શન બહુ દુર્લભ છે.'

तप्यन्ते कतिचित्तपांसि कतिचिन्मंत्रान्मुदोपासते,
विद्यां केऽपि जपन्ति केऽपि दहने मांसं निजं जुह्वति ।
स्थित्वा प्रेतवने नयन्ति कतिचिद् ध्यानेन सर्वानिशां,
मर्त्यानां न तथाऽपि दर्शनपथं प्रायः श्रयन्ते सुराः ॥१॥

દેવના દર્શન માટે કેટલાક મનુષ્યો તપશ્ચર્યાઓ કરે છે.
કેટલાક આનંદથી મંત્રોની ઉપાસના કરે છે.
કેટલાક વિદ્યાની આરાધના કરે છે.
કેટલાક પોતાના માંસનો અગ્નિમાં હોમ કરે છે
અને કેટલાક સ્મશાન ભૂમિમાં રહી આખી રાત્રી ધ્યાનમાં વ્યતીત કરે છે,

તો પણ મનુષ્યોને પ્રાયે દેવદર્શન થતું નથી.

માટે હે દેવ! નિધિ સમાન દુર્લભ એવું તારૂં દર્શન થવાથી મારો મનોરથ પૂર્ણ થયો, હવે કૃતાર્થ એવો હું શું યાચના કરું?

વળી હે દેવ! તું આપ, એમ પોતાના સેવકાદિકને અથવા પુત્રાદિકને દાતૃપણાથી કહેવું તે શ્રેષ્ઠ ગણાય, પરંતુ તું મને આપ, એમ યાચકપણાથી કોઇ દિવસ કહેવું ઉચિત ગણાય નહીં.

ઇંદ્ર ધનુષ દિવસે જ મંગલિક હોય છે અને તે રાત્રીએ જોવામાં આવે તો અમંગલિક થાય છે.' તો પણ તું કંઇક માગણી કર, એમ દેવતાએ ફરીથી બહુ આગ્રહ કર્યો છતાં પણ સુમિત્રે પોતાની ઈષ્ટવસ્તુ કંઇપણ માગી નહીં.

અહો! 'સત્પુરુષના વ્રતની કેવી દૃઢતા હોય છે?

મણિપ્રદાન

પછી યક્ષ પોતે પ્રસન્ન થઈ નીલ અને લાલ એમ બે મણિ આપી સુમિત્રને સ્પષ્ટ રીતે તેણે કહ્યું.

આ બંને મણિઓનો પ્રભાવ તું સાંભળ. આ નીલ મણિ તારે આ રાજકુમારને આપવો. ત્રણ ઉપવાસના આરાધનથી તે મણિ તેને રાજ્યસંપત્તિ આપશે.

તેમજ ૐ કાર સહિત હ્રીં કારનો જપ કરી આ પદ્મરાગ મણિની તારે પૂજા કરવી, જેથી તે મણિ ચિંતામણિની માફક તને અપ્રમિત ઘણી ઇચ્છિત લક્ષ્મી આપશે.

એમ કહી દેવ ત્યાંથી અદૃશ્ય થઈ ગયો.

સૂર્યબિંબ સમાન ઉત્કૃષ્ટ તેજસ્વી તે બંને મણિને જોઈ સુમિત્ર વિચાર કરવા લાગ્યો.

અહો ! પુણ્યનો મહિમા ત્રણ લોકમાં પણ માતો નથી, કારણ કે; આ ચિંતામણિ વિગેરે પદાર્થો સેવકના પણ સેવક થાય છે.

लक्ष्मीमानयति प्रियं प्रथयति प्रत्यूहमुन्मूलति,
द्वन्द्वे द्विष्टबलं पिनष्टि हरति व्याघ्रादिभूतं भयम् ।
कान्तारे सह बम्भ्रमीति दिविषद्वर्गं विधत्ते वशं,
पुण्यं पुण्यवतां न किं वितनुते प्राचीनमूर्ज्जस्वलम् ॥१॥

પૂર્વોપાર્જીત પુણ્યશાલી જનોનું અતિષ્ઠપુણ્ય લક્ષ્મીને સંપાદન કરે છે,

પ્રિય વસ્તુને વિસ્તારે છે, વિઘ્નને નિર્મૂલ કરે છે,

યુદ્ધમાં શત્રુબલને હઠાવે છે, વાઘ વગેરેના ભયને દૂર કરે છે,

અરણ્યમાં સાથે પરિભ્રમણ કરે છે,

સ્વાધીન કરે છે, એટલું જ નહીં પણ સર્વ ઇષ્ટ વસ્તુ પૂર્ણ કરે છે.

એમ સુમિત્ર ચિંતવતો હતો, તેટલામાં **વીરાંગદ** જાગી ઉઠ્યો અને સુમિત્રને તેણે કહ્યું કે, થોડીવાર તું પણ સૂઈ જા, એમ કહી સુમિત્રને સુવાડી દીધો.

સૂર્યોદય

ત્યારબાદ માંત્રિકની જેમ રાત્રીનો ઉચ્છેદ અથવા દોષનો ઉચ્છેદ કરનાર સૂર્યનું આગમન જાણીને પિશાચિની જેમ રાત્રી નાશીને અદૃશ્ય થઈ ગઈ.

રાગ–મોહથી વારૂણી પશ્ચિમ દિશા=મદિરાનું સેવન કરી પ્રસિદ્ધ કલંકને વહન કરતો ચંદ્રદ્વિજાધિરાજ છતાં પણ પતિત–અસ્ત થયો, એ બરોબર યોગ્ય છે.

આકાશરૂપી વનમાં રાત્રીએ જે તારા રૂપી પુષ્પો બરોબર ખીલ્યાં હતાં, તેઓને પ્રભાતકાલમાં કાળરૂપી માળીએ લઈ લીધાં.

આ રાજકુમાર તેજવડે મારો સન્નતિ છે, માટે એનો તપાસ કરૂં એમ જાણી સૂર્ય ઉદયાદ્રિના શિખરપર આરૂઢ થયો.

તે સમયે વૃક્ષોપરથી ઉડતાં પક્ષિઓ પોતાના શબ્દો વડે સ્તુતિ કરતાં વૈતાલિક બનીને કુમારની સેવા કરવા લાગ્યાં.

પ્રભાતકાળમાં નૃપ અને મંત્રીના બંને પુત્રો પોતાના ઇષ્ટદેવનું ધ્યાન કરી ત્યાંથી નીકળી આગળ ચાલતા થયા, કારણકે બુદ્ધિમાન લોકો આળસુ હોતા નથી.

રાત્રીએ બનેલું મણિવૃત્તાંત જલદી કહેવા જેવું હતું, પરંતુ સમય ઉપર કહીશ, એવી બુદ્ધિથી સુમિત્રે તે વાત કરી નહીં.

જો કે વનપ્રદેશ બહુ બરાબ હતો, છતાં પણ પૂર્વાર્જિત પુણ્યના પ્રભાવથી મદોન્મત્ત સિંહાદિક પશુઓ સિદ્ધની જેમ તેમને કોઈ પ્રકારની પિડા કરતા નહોતા.

ચાલતાં ચાલતાં મધ્યાન્હકાળ થયો. સૂર્યના તાપથી પીડાયેલા કુમારે સુમિત્રને કહ્યું, હે ભાઇ ! મને ક્ષુધા લાગી છે. બોલ, હવે ભોજનનું શું કરવું ?

સુમિત્રે વિચાર કર્યો કે, મણિની આરાધના કર્યા વિના આ વિપત્તિ ટળવાની નથી, પરંતુ સુકોમલતાને લીધે ત્રણ ઉપવાસ કરવાની શક્તિ કુમારમાં જણાતી નથી, માટે હાલમાં તે વાત મુલતવી રાખી

કોઈ પણ ઉપાયે એની પાસે ત્રણ ઉપવાસ કરાવું, એમ ધારી પોતાની બુદ્ધિથી તેણે કુમારને કહ્યું.

હે સ્વામિ ! આપણે કંઈ ભાતું લાવ્યા નથી. આ શૂન્ય જંગલમ કંઈપણ બીજું સાધન નથી.

વળી અહીં પાકેલાં ફલ પુષ્કળ છે, પરંતુ તે સંબંધી આપણને માહીતિ નથી. અજ્ઞાત ફલ ખાવાથી આપણને કોઇપણ અનર્થ ન થાય એટલા માટે ઉપવાસ કરવો ઠીક છે.

એમ સમજાવી તેણે કુમારને ઉપવાસ કરાવ્યો અને પોતે પણ ઉપવાસ કર્યો. એવીજ રીતે પુણ્યની પુષ્ટિવાળા તે બંને જણાઓ બીજા બે દિવસ પણ ઉપવાસી રહ્યા.

એ પ્રમાણે ત્રણ દિવસના ઉપવાસ થયા. ચોથા દિવસે તેઓ અરણ્યના સુંદર પ્રાંતભાગમાં જઇ પહોંચ્યા.

ઉદ્યાનપ્રવેશ

ત્યાં આગળ મહાન વૃક્ષોથી સુશોભિત અને લક્ષ્મીવડે વિશાલ **મહાવિશાલ** નામે નગરની નજીકમાં એક ઉદ્યાન હતું. તેની અંદર તેઓ ગયા અને હંસની માફક સરોવરની અંદર સ્નાન કરી સારી રીતે સ્વસ્થ થયા.

પછી વીરાંગદકુમાર બોલ્યો. હે મિત્ર ! હવે ક્ષુધા સહન થતી નથી. મારા પ્રાણ હવે ચાલ્યા જશે. તું વિલંબ કરીશ નહીં. કયાંયથી પણ ભોજન લાવ.

સુમિત્ર બોલ્યો. આપણે મોટો વિપત્તિરૂપી સાગર ઉતરી ગયા છીએ. હવે ક્ષણમાત્ર ધૈર્ય રાખવાનું છે, જેથી હું આપને દિવ્ય ભોજન કરાવીશ.

રાજકુમાર ફરીથી બોલ્યો. હે મિત્ર ! પ્રથમ ત્રણ ઉપવાસ તો કરાવ્યા છે અને હજુ પણ ધૈર્ય રાખવાની વાત કરે છે, માટે તું મને ભોજન આપવાનો નથી.

સુમિત્રે રાજકુમારને નીલમણિ તથા પુષ્પો આપી કહ્યું.

મણિપ્રભાવ

હે વિધિજ્ઞ ! વિધિ પ્રમાણે આ નીલમણિનું આપ પૂજન કરો.

એટલા માટે માર્ગમાં મેં આપની પાસે ત્રણ દિવસના ઉપવાસ કરાવ્યા છે.

કારણ કે

તપ વિના પુણ્યશાલી પુરુષોને પણ સિદ્ધિ મળતી નથી.

વળી સૂર્ય–તપશ્ચર્યા આ લોકમાં બહુ તાપ વડે શરીરને તપાવે છે. અને જલ–શૃંગારાદિ રસને શોષાવે છે, તો પણ તાપન (સૂર્ય =તપ) ને વિષે કમલિની જેમ સમસ્ત સિદ્ધિ રતિ (વિકાશ=આનંદ) ને પ્રાપ્ત થાય છે, એ મોટું આશ્ચર્ય છે.

કલેશને સહન કર્યા સિવાય કયો માણસ લક્ષ્મીપાત્ર થાય છે ?

જુઓ ! વેધાદિકના કષ્ટથી કાનને સોનાના અલંકાર મળે છે.

આ મણિ તુષ્ટ થવાથી રાજ્યસંપત્તિ આપશે. કારણકે; મણિ-મંત્રાદિકનો મહિમા અચિંત્ય હોય છે.

સ્વચ્છ બુદ્ધિ છે જેની અને મણિના દર્શનથી વિસ્મિત થયેલા રાજકુમારે પૂછયું.

હે મિત્ર ! ખરી વાત કહે. આ મણિ તને કોણે આપ્યો ? અને કેવી રીતે રાજ્ય આપશે ?

સમય ઉપર સર્વ વૃત્તાંત હું તમને કહીશ. હાલમાં આ મણિનું પૂજન કરો. એમ સુમિત્રના કહેવાથી રાજકુમારે પૂજનનો પ્રારંભ કર્યો.

તેટલામાં સુમિત્ર પણ એકાંત સ્થળે ગયો અને નિર્મલ બુદ્ધિથી પદ્મરાગમણિનું પુષ્પોવડે તેણે અર્ચન કર્યું. પછી યક્ષના કહ્યા પ્રમાણે જપવડે તેની આરાધના કરી. રત્નનો અધિષ્ઠાયક દેવ પ્રત્યક્ષ થયો.

સુમિત્રને કહ્યું; હું પ્રસન્ન થયો છું. તારા સ્મરણથી હું આવ્યો છું. તારે જે જે વસ્તુ ઈષ્ટ હોય તે તું બોલ. સર્વ પૂર્ણ કરવાનો તૈયાર છું.

તે દેવના પ્રસાદવડે સુમિત્ર ગ્રીષ્મવડે સૂર્યની જેમ દેદીપ્યમાન થઇ તત્કાલ રાજકુમાર પાસે ગયો.

તેટલામાં નિશ્ચલ ધ્યાનમાં આરૂઢ થઈ વીરાંગદ પણ વિધિ પૂર્વક મણિનું અર્ચન કરી નિવૃત્ત થયો હતો. જેની કાંતિ ચારે તરફ પ્રસરતી હતી.

દીવ્યસમૃદ્ધિ

પદ્મરાગ મણિના અધિષ્ઠાયક દેવનું સ્મરણ કરી સુમિત્રે સ્નાન, ભોજન વિગેરે અદ્‌ભુત વસ્તુની પ્રાર્થના કરી.

તરતજ તે દેવની પ્રેરણાથી દીવ્યઅલંકારોવડે વિભૂષિત દેવાંગનાઓ એકદમ આકાશમાંથી ઉતરી.

તે બંનેને પ્રણામ કરીને તે વનની અંદર તેમને માટે સોનાના રત્ન ભોંયથી વિરાજમાન અને રત્નોથી બાંધેલા ભૂતલવડે દેદીપ્યમાન એક મંદિર દેવમાયા વડે બનાવ્યું.

તેની અંદર સોનાનાં આસન, રત્નોનાં ભોજન પાત્ર અને આભૂષણો સજ્જ કરવાની વેદિકા માણિક્યમય હતી.

જેઓ પ્રેક્ષકના ચિત્તને બરોબર હરણ કરે છે.

સ્વર્ગના વિમાનને અપમાન કરનારી તે પ્રાસાદની લક્ષ્મી જોઈ 'હું માનું છું કે' તે દેવીઓ પણ પોતે હંમેશાં ત્યાં રહેવા માટે ઇચ્છતી હતી.

પછી દેવીઓ તે પ્રાસાદની અંદર બંને કુમારોને લઈ ગઈ. નિર્નિમેષ દૃષ્ટિએ સ્વર્ગશ્રીને જોતા જાણે દેવ હોય ને શું ? તેમ ક્ષણ માત્ર તેઓ થઈ ગયા.

પછી દેવીઓ પોતે તે બંનેને તેલ અને પિષ્ટિકા વડે મર્દન કરી સ્નાનપીઠ પર લઈ ગઈ અને દેવની માફક સુવર્ણમય ઘડાઓના જળથી બંનેને સ્નાન કરાવ્યું.

પછી ગંગાના તરંગ સમાન નિર્મલ દીવ્ય વસ્ત્રો પહેરાવ્યાં.

ચંદનાદિકનો લેપ કરી ઉત્તમ આભૂષણો પહેરાવ્યાં.

એ પ્રમાણે સ્નાન, ચંદન અને અલંકારોથી ભવ્ય શરીરવાળા બંને કુમારો આ લોકમાં પણ મણિના પ્રભાવથી દેવ સમાન થયા.

સ્ફાર વર્ષોપલ-હિમ (બરફ) સમાન (રૂપ) મુખ છે જેનું,
પક્વ આમ્રફલના ખંડ સમાન (રૂપ) અધર (ઓષ્ઠ) છે જેનો,
મોદક સમાન (રૂપ) છે ઉંચા સ્તન જેના,
ભગની ઢાલ સમાન (રૂપી) નીલ છે કંચુક જેનો,
માલુપુડા સમાન (રૂપી) છે વસ્ત્ર જેનું એવી વારાંગના સમાન દીવ્ય રસોઇ દેવાંગનાઓએ તેમની આગળ લાવી મૂકી.

કોઇ દિવસ નહી આસ્વાદેલી એવી વિવિધ રસ વતીને પોતાની ઈચ્છા પ્રમાણે જમતા તે બંનેની જીભ પણ રસજ્ઞાનમાં વિમૂઢ બની ગઈ.

અહો ! માધુર્યની કેટલી બલિષ્ઠતા ?

સુમિત્ર હાસ્ય પૂર્વક વીરાંગદને કહેવા લાગ્યો.

હે સ્વામિ ! ત્રણ દિવસથી આપ ભૂખ્યા છો, માટે રૂચિ પ્રમાણે સારી પેઠે જમો.

પછી બંને જણે મુખ પ્રક્ષાલન કરી પાનસોપારી વિગેરે મુખ-વાસ લીધો.

સુમિત્રના સ્મરણ કરવાથી જ દેવે સર્વ વસ્તુ અદૃશ્ય કરી નાખી. મેઘજાળની માફક સર્વ દૃશ્ય વસ્તુ અદૃશ્ય થવાથી રાજકુમારે તેનું કારણ સુમિત્રને પૂછ્યું.

તેણે જવાબમાં કહ્યું. હાલમાં કોઈક સ્થલે વિશ્રાંતિ લ્યો. પછી સર્વ હકીકત હું આપને જણાવીશ.

તે સાંભળી રાજકુમાર એક આમ્રવૃક્ષને નીચે સુઈ ગયો અને નિદ્રાધીન થઇ ગયો. બુદ્ધિનિધાન સુમિત્ર પણ એની પાસમાં બેઠો અને એને રાજ્ય કેવી રીતે મળશે, એમ પોતાના મનમાં વિચાર કરતો હતો.

રાજ્ય પ્રાપ્તિ

હવે તે **મહાશાલ** નગરમાં **ધનંજય** નામે રાજા હતો. તે ગત દિવસે ગાઢ માંદગીમાં આવી પડયો અને દૈવયોગે મરણ પામ્યો.

તેને કોઈ પણ પુત્ર નહોતો, તેથી મંત્રીઓએ વિચાર કરી રાજ્ય ભક્તિ માટે સાયંકાળે પંચદીવ્ય તૈયાર કર્યાં.

પ્રભાત કાળમાં વાજીંત્રો વાગવા લાગ્યાં. રાજકીય પુરુષોની સાથે પોતે પાંચે દીવ્ય રાજ્યાધિષ્ઠાયીના વૈભવથી ચાલવા લાગ્યાં.

સર્વ નગરની અંદર ફરતાં હતાં, ત્યારે દેદીપ્યમાન સ્વરૂપધારી સેંકડો નાગરિક લોકો રાજ્ય લેવા માટે એક બીજાની આગળ ઉભા રહેતા હતા.

અહો ! લોભની વિચિત્રતા !

वासार्थं वसतिश्चतुष्करमिता वेषद्वयं प्रावृत्तौ,
भुक्त्यै धान्यघृतोदकादि च कियत् किंचिद्व्ययार्थं धनम् ।
एकैकंशयनासनप्रियतमादासीगवाश्वादिकं,
भोगोऽयं नृपरङ्कयोस्तदपि ही राज्ये स्पृहावान् जनः ! ॥१॥

નિવાસ માટે ચાર હાથની ઝૂંપડી,
પહેરવા માટે ફક્ત બે વસ્ત્ર,
ભોજન માટે ધાન્ય, ઘી અને પાણી વિગેરે કેટલીક વસ્તુ,
વ્યય માટે કેટલુંક ધન,
એકેક શયનાસન, સ્ત્રી, દાસી, ગાય અને અશ્વ વિગેરે, આ ભોગ રાજા અને રંકને સામાન્યપણે હોય છે, છતાં પણ લોકો રાજ્ય મેળવવામાં અધિક સ્પૃહાવાળા હોય છે, "એ આશ્ચર્ય નહીં તો શું ?"

સર્વ બાજુએ નગરની અંદર ફરીને તે દીવ્યો સર્વ નગરવાસી જનોનો ત્યાગ કરી ઇચ્છા પ્રમાણે ક્રીડા કરવાની જેમ નગરની બહાર તેઓ નીકળ્યાં.

કોઈએ બોલાવેલાં હોયને શું ? તેમ તેઓ ત્યાંથી તે વનમાં ગયાં અને તે બંને કુમારોની પાસે આવ્યાં.

સ્વયંવરાની માફક રાજ્ય લક્ષ્મી આવી, એમ જાણી આનંદિત થયેલા સુમિત્રે રાજકુમારને જાગ્રત કર્યો.

તે સમયે શુંડાગ્રમાં ધારણ કરેલા કલશના જળવડે તેની ઉપર અભિષેક કરી ગર્જના કરતા હાથીએ વીરાંગદને પોતાની પીઠ પર બેસારી દીધો.

ઘોડાએ બહુ હર્ષથી ખુંખારો કર્યો. રાજ્યશ્રીની અધિષ્ઠાત્રી દેવીએ તેના મસ્તક પર છત્ર ધારણ કર્યું.

અને બંને તરફ ચામર વીંઝાવા લાગ્યા.

વીરાંગદના દર્શનવડે લોકોનો આનંદ હૃદયમાંથી ઉભરાતો હોયને શું? તેમ રોમાંચના મિષથી બહાર નીકળતો હતો.

સુમિત્ર વિચાર

સુમિત્ર પોતાના હૃદયમાં વિચાર કરવા લાગ્યો. મારા મિત્રને રાજ્ય મળ્યું. હવે તે મને નગરમાં લઈ જશે અને કોઈપણ નિયોગમાં મને જોડી દેશે.

સ્વકાર્ય, પ્રજાકાર્ય, રાજકાર્ય સંબંધી સર્વ સાધનોની ચિંતા-વડે નિયોગ એ પરાધીનતા માટે જ છે, તેથી તે કેવલ દુઃખદાયક છે.

યોગના કરતાં આ નિયોગ બુદ્ધિમાન પુરુષોને પણ દુઃસાધ્ય છે. કારણકે, યોગને વિષે કેવલ આત્માજ સાધ્ય કરવાનો છે, પરંતુ નિયોગમાં તો સર્વજગતને સાધ્ય કરવાનું હોય છે,

માટે તે ધમાલમાં પડવાની મારે કંઈ જરૂર નથી. મારી પાસે ચિંતામણિ સમાન આ પદ્મમણિ સ્વાર્થપૂર્ણ કરવામાં તૈયાર છે. તેના પ્રભાવથી કેટલોક સમય દેવની માફક હું ઇચ્છા પ્રમાણે આનંદ ભોગવીશ.

હવે તે રાજકુમારથી છુટા પડવામાં મને કોઇપણ પ્રકારનું દૂષણ નથી. કારણકે, એને મેં વિપત્તિરૂપ સાગરમાંથી ઉત્તીર્ણ કર્યો છે અને સમૃદ્ધિમય શ્રેષ્ઠ રાજ્ય પણ અપાવ્યું છે.

એમ વિચાર કરી સુમિત્ર એકદમ કોઈક ઝાડની અંદર ચાલ્યો ગયો, તે વીરાંગદના જોવામાં આવ્યો નહીં. કારણકે, તે સમયે નમન કરતા લોકોના મુખ તરફ તેની દૃષ્ટિ હતી.

સુમિત્ર ગવેષણા

ત્યારબાદ રાજાની દૃષ્ટિ સુમિત્ર તરફ ખેંચાઇ, પરંતુ તે સુમિત્ર તેના જોવામાં આવ્યો નહી, જેથી તે મોટા શબ્દોથી વારંવાર તેને બોલાવવા લાગ્યો તેમજ પોતાની નજીકમાં રહેલા લોકોને હુકમ કર્યો કે,

અહીં કોઇપણ ઠેકાણે મારા મિત્રની તપાસ કરો અને જલદી તેને શોધી કાઢો.

તરત જ તે લોકો વનેચરની જેમ વનની અંદર નીકળી પડ્યા.

હે સુમિત્ર ! સુમિત્ર ! અહીં આવ, અહીં આવ એમ બોલતા તેઓ સર્વત્ર તેની શોધ માટે ફરવા લાગ્યા.

પરંતુ નાશી ગયેલાની માફક કોઇ ઠેકાણે તેનો પત્તો લાગ્યો નહીં.

પછી થાકીને તેઓ રાજા પાસે ગયા અને કહ્યું કે, આખાય અરણ્યની અંદર કોઈ જગાએ તેનો પત્તો મળ્યો નહીં.

તે સાંભળી વીરાંગદ પણ સર્વસ્વ ગુમાવ્યું હોય તેમ બહુ દુઃખી થયો અને તત્કાલ તે વિલાપ કરવા લાગ્યો.

હે સુમિત્ર ! હાલમાં તારા વિના હું અધીર બની ગયો છું. જલદી તું અહીં આવ અને મારી સાથે વાર્તાલાપ કર.

હે મિત્ર ! માતાપિતાનો અસાધારણ સ્નેહ, ધન અને શારિરીક સુખ વિગેરે સર્વનો ત્યાગ કરી તેં મારા માટે જન્મથી આરંભી અનન્ય મિત્રતાના સંબંધવડે દુર્ગમ્ય અરણ્યવાસમાં મારી સાથે વન ભ્રમણનું મોટું દુઃખ સહન કર્યું,

હવે મને રાજ્ય મળ્યું, ત્યારે તું કેમ છુટો પડયો ? રાજ્યદાયક મણિના દાનવડે મારો ઉપકાર કરી હાલમાં પ્રત્યુપકારની ભીતિવડે જરૂર તું નાશી ગયો છે. કારણ કે,

स्थितिः सतां कोऽप्युपकृत्य यत्ते, प्रयान्ति तत्प्रत्युपकारभीताः ।
निर्वाप्य पृथ्वीं तपतापतप्तां, न वारिदा नेत्रपथे स्फुरन्ति ॥ १ ॥

સજ્જનોની તેવી કોઈપણ સ્થિતિ હોય છે કે;

તેઓ ઉપકાર કરી તેના પ્રત્યુપકારના ભયને લીધે ચાલ્યા જાય છે. સૂર્યના તાપથી તપી ગયેલી પૃથ્વીને શાંત કરી વાદળાં દૃષ્ટિગોચર થતાં નથી. અર્થાત્ અન્યત્ર ચાલ્યાં જાય છે.”

પછી વીરાંગદે કહ્યું, હે મંત્રીઓ ! તમે અહીંથી ચાલ્યા જાઓ. મારા મિત્ર વિના મારે આ ઐશ્વર્યનું કંઇ પ્રયોજન નથી.

મંત્રીઓ વિનયપૂર્વક બોલ્યા. હે સ્વામિ! એમ બોલવું આપને ઉચિત નથી. બહુ ભારે પુણ્યવડે પણ રાજ્યશ્રી બરોબર દુર્લભ હોય છે,

વળી હે પ્રભો! આ તમારો મિત્ર નામથી સુમિત્ર છે, પણ અર્થથી નથી. કારણકે, જે તુચ્છબુદ્ધિ આ તમારા ઉત્સવસમયમાં પલાયન થઇ ગયો.

હે સ્વામિ! આપનું ભાગ્ય બહુ તપે છે, જેથી બુદ્ધિમાન મિત્રો ઘણા આપને આવી મળશે. માટે કૃપા કરી આપ નગરમાં પધારો.

એ પ્રમાણે મંત્રીઓએ બોધ કરી બલાત્કારે વીરાંગદને પોતાના નગરમાં લઇ જવાની તૈયારી કરી.

ઉંચા તોરણ તેમજ ધ્વજ પતાકાઓથી નગર બહુ શોભાવવામાં આવ્યું હતું.

અદ્‌ભુત કાંતિમય શરીર અને લોકપ્રિય ગુણોવડે નગરમાં તથા પૌરાંગનાઓના હૃદયમાં ભૂપતિએ પ્રવેશ કર્યો.

ત્યારપછી તે વીરાંગદરાજા રાજમંદિરમાં ગયો. અને સૂર્યબિંબની જેમ સિંહાસનપર બિરાજમાન થયો.

મંત્રીઓ અને નાગરિલોકોએ મોટા ઉત્સવથી રાજ્યાભિષેક કર્યો. વરસતા મેઘજળની માફક વીરાંગદરાજાના વિદ્યમાનપણાથી સર્વત્ર તાપરૂપ વ્યાધિથી મુક્ત થઇ પૃથ્વીતલ શાંત થઈ ગયું. એ એના ગુણોને લીધે ઉચિત જ ગણાય.

ત્યારબાદ પૃથ્વીની અપ્સરાઓ અથવા નિમેષ દૃષ્ટિવાળી દેવાંગનાઓ સમાન રાજકન્યાઓ સાથે વીરાંગદનાં લગ્ન થયાં. હમેશાં લક્ષ્મીવિલાસના ભોગ પોતે ભોગવતો હતો છતાં પણ સમુદ્રની માફક તેના હૃદયને વડવાનળની માફક સુમિત્રનો વિરહ શોષવતો હતો.

રતિસેના

અરણ્યના ગહનકુંજમાં સુમિત્રે દિવસ વ્યતીત કર્યો.

સૂર્યમંડલે અસ્તાચલના શિખરની મુલાકાત લીધી.

સંધ્યાકાલનો રંગબેરંગી દેખાવ દૃષ્ટિગોચર થયો.

સુમિત્ર પણ કુંજરની (હાથી) માફક કુંજમાંથી બહાર નીકળ્યો અને તરતજ તે સીધા માર્ગે નગરમાં આવ્યો. ત્યાં કોઇ પુરુષના મુખથી તેના સાંભળવામાં આવ્યું;

અહીં **રતિસેના** નામે સુંદર રૂપવતી વેશ્યા રહે છે. પરંતુ તે પુરુષ વર્ગનો દ્વેષ કરનાર અને સ્ત્રીઓનું એક આભૂષણ સમાન છે.

તેના લાવણ્યરસના આસ્વાદમાં આદરવાળાં નેત્રોને વહન કરતો અને કામદેવ સમાન સ્ફારશૃંગારથી સુશોભિત સુમિત્ર તેના દ્વાર આગળ ગયો. ભૂમિ પર રહેલા દેવ સમાન આકૃતિથી મનોહર સુમિત્રને જોઈ રતિસેનાનું હૃદય ખુશ થઇ ગયું,

પોતાના પ્રાસાદની અંદર તેને બોલાવી તે વિચારવા લાગી;—

આસ્યં પર્વશશી વિલોચનયુગં વિસ્મેરમિન્દીવરં,
કણ્ઠઃ કમ્બુરુરશ્ચ કાઞ્ચનશિલા સ્કન્ધૌ ચ પૂર્ણૌ ઘટૌ ।
બાહૂ શૌર્યગજેન્દ્રયંત્રણમહાઽઽલાને કરૌ ચારુણાઽ–
મ્ભોજે વર્ષ્મ સુધાઞ્જનં નયનયોઃ કેનૈષ સૃષ્ટો યુવા ॥૬॥

અહો ! પૂર્ણિમાના ચંદ્રસમાન જેનું મુખ છે.
પ્રફુલ્લ નીલ કમલ સમાન નેત્રયુગલ છે.
કંબુ સમાન કંઠ છે. સુવર્ણશિલા સમાન વક્ષસ્થલ છે.
પૂર્ણ ઘટ સમાન ખભાઓ છે.
શૌર્યરૂપી ગજેંદ્રને સ્થિર કરવામાં સ્તંભ સમાન બાહુ છે.
લાલ કમળ સમાન હાથ છે. તેમજ નેત્રો છે,
અને અમૃતાંજન સમાન દેહ શોભે છે એવા આ યુવાનને કોણે સરજ્યો હશે ?

શારીરિક કાંતિવડે રતિને પણ લજ્જાવતી તે સુંદરીને જોઈ સુમિત્ર પણ અનહદ આનંદ પામ્યો અને મનમાં વિચાર કરવા લાગ્યો.

આ રતિસેના ત્રણ લોકોને જીતવામાં કામદેવની ખરેખર સેના છે.
જેણીનાં કટાક્ષ બાણો દેવોને પણ દુઃસહ છે,
અથવા આ સ્ત્રી નથી, પરંતુ શૃંગારરસની નદી છે. કારણ કે;

જેણીના આ લાવણ્યપુરમાં યુવકોના મનરૂપી હાથીઓ ડૂબી જાય છે,

એ પ્રમાણે એક બીજાના માત્ર દર્શનથી પરસ્પર વિચાર કરતાં પ્રથમના પરિચયવાળાં હોય તેમ તે બંનેનો અપાર પ્રેમ થયો.

રતિસેના ઘણો સત્કાર કરી તેને પોતાની બેઠકમાં લઈ ગઈ. આવાસમાં પોતાની મેળે આવેલા ચિંતામણીનું કોણ અપમાન કરે ?

રતિસેનાએ પોતે સ્નાન, પાન અને ભોજનાદિક કાર્યો વડે એવી રીતે તેની સેવા કરી કે; તે સમયે તેણે તે સ્ત્રીને પોતાને સ્વાધીન માની.

ભોગવિલાસ.

દ્રવ્યની જરૂર પડી ત્યારે સુમિત્રે મણિની આરાધના કરી. ધન સંપાદન કર્યું.

કુબેરની માફક ઈચ્છા પ્રમાણે રતિસેનાને દ્રવ્ય આપી પ્રસન્ન કરી દ્રવ્યની સહાયવડે રતિસેનાની વૃદ્ધમાતા તે બન્નેના ભોગનાં વિશેષ સાધનો પૂર્ણ કરતી હતી.

રતિસેનાની માતા જેટલું ધન માગતી હતી, તેટલું લક્ષ અને કોટી ધન સુખેથી તે આપતો હતો.

કલ્પદ્રુમની માફક તેના દાનથી વૃદ્ધાને વિસ્મય થયો અને તે વિચારમાં પડી કે; એની પાસે ધન દેખાતું નથી, તેમ ઉદ્યોગ પણ કરતો નથી, છતાં તે સ્વેચ્છા પ્રમાણે દ્રવ્ય આપે છે, એ પણ એક વિચારવા જેવું છે.

અથવા એની પાસે ચિંતામણી, નિધિ, સિદ્ધરસ અથવા સુરાદિક તુષ્ટ થયેલો હોવો જોઇએ. આ બાબતનો મારે તપાસ તો કરવી જોઈશે, એમ વિચાર કરી વૃદ્ધાએ પોતાની દાસીને સુમિત્રની પાસે કંઈક ધન લેવા માટે મોકલી.

દાસીએ ધનની યાચના કરી. સુમિત્ર દ્રવ્યની પ્રાપ્તિ માટે ઓરડામાં ગયો. દ્વાર બંધ કર્યું. મણિને પૂજવાનો પ્રારંભ કર્યો.

વૃદ્ધા ત્યાં આવીને છિદ્ર દ્વારાએ જોવા લાગી. અને તે સમજી ગઈ કે; આ સર્વ પ્રભાવ મણિનો છે, માટે એને હું લઈ લઇશ એમ પોતાના મન સાથે તેણીએ નક્કી કર્યું.

સુમિત્રે પણ મણિ પૂજન સમાપ્ત કર્યું. એટલે તેના અધિષ્ઠાયક દેવતાએ આપેલું ધન દાસીના હાથમાં તેને જોઇએ તેટલું તેણે આપ્યું.

મણિઅપહાર

બીજે દિવસે સુમિત્ર સ્નાન કરવા બેઠો. તે સમયે વૃદ્ધાએ તેના વસ્ત્રાંચલથી તે મણી લઈ લીધો અને તેના સ્થાનમાં એક કાંકરો બાંધ્યો. બાદ વસ્ત્ર જેમ હતું, તેમ મૂકી દીધું.

સ્નાન કર્યા પછી વસ્ત્રાંચલની ગ્રંથી જેવી હતી, તેવીજ સુમિત્રના જોવામાં આવી. તેથી તેણે જાણ્યું કે; અંદર મણિ છે, ભોળાશને લીધે તેણે અંદર તપાસ કરી નહીં.

તેને વિદાય કરવા માટે વૃદ્ધાએ ફરીથી ધન માગ્યું. એકાંતમાં જઇ સુમિત્રે પૂજન સમયે તપાસ કરી ત્યારે મણિ જોયો નહીં અને કાંકરો જોવામાં આવ્યો. વિચારમાંને વિચારમાં તે સ્તબ્ધ બની ગયો,

શું મારા મણિનો કાંકરો થયો હશે? અથવા કોઈ દુષ્ટ બુદ્ધિએ મણિ છોડી લઇને કાંકરો બાંધ્યો હશે? એમ વિચાર કરી સુમિત્રે દરેક વૃદ્ધાના પરિવારને પૂછયું.

જો કોઈએ પણ મારો મણિ લીધો હોય તો મને પાછો આપો. આપના શપથ (સોગન) અમે રત્નની વાત જાણતાં નથી. એ પ્રમાણે પરિવારનો જવાબ થયો.

એ વાત વૃદ્ધાના સાંભળવામાં આવી, જેથી તે એકદમ ગુસ્સે થઇ ગઇ અને ક્રોધથી બોલી.

રે વૈદેશિક! તારા દ્રવ્યનું અમારે કંઇ પ્રયોજન નથી. ચોરીના અપવાદથી અમારા લોકને કલંકિત કરીશ નહીં. કદાચિત્ અમારા ઘરમાં પણ ચોરી થાય તો સૂર્યને વિષે અંધકાર કેમ ન રહે?

એ પ્રમાણે વૃદ્ધાએ ધિક્કાર્યો છતાં પણ સુમિત્ર મૌન રહ્યો. કારણ કે; અતિ ધૂર્ત્તને બહુ ઘસારો લાગે છતાં પણ તે શું અન્યનું શરણ શોધે ખરો?

સુમિત્રતિરસ્કાર.

હવે એની પાસે કંઇ દ્રવ્યની આશા નથી, તો નિર્ધનને રાખવાથી શું ફલ ?

એમ વિચાર કરી વૃદ્ધાએ પોતાની દાસીઓને સમજાવી દીધી કે; હંમેશાં એની સેવા બરોબર કરવી નહીં. સ્નાન પાન વિગેરે કાર્યોમાં દાસીઓ તેનું અપમાન કરવા લાગી.

સુમિત્રનું કહેવું પણ તેઓ ગણકારતી નહોતી અને રોષથી તેઓ કહેતી કે; શું તારા હાથે તું તારૂં કામ નથી કરી શકતો ?

એક રતિસેના સિવાય સર્વનો અનાદર જોઇ સુમિત્રનો આનંદ નષ્ટ થયો.

આ પ્રમાણે પોતાનું અપમાન કરવાથી તેણે જાણ્યું કે; જરૂર આ વૃદ્ધાએ જ મારો મણિ લીધો છે, માટે પોતાની ઇચ્છા પૂર્ણ થવાથી તે વૃદ્ધા અપમાનવડે મને અહીંથી કાઢીમૂકવાની ઇચ્છા કરે છે.

અહો ! પણ્યસ્ત્રીઓમાં જાતિ, રીતે, સ્થિતિ, બુદ્ધિ અને વચન-ચાતુર્ય કેવું હોય છે ?

પશ્યત્યર્થકૃતે સુરાનિવ ગલત્કુષ્ટાનપિ પ્રાણિનો–
નિઃસ્વાન્ દાસવદસ્યતિ સ્વસદનાત્ પ્રાગ્દત્તવિત્તાનપિ ।
ન સ્નેહેન ન વિદ્યયા ન રમયા ન પ્રજ્ઞયાઽપ્યાત્મસાત્,
વિશ્વાંધંકરણીહ પણ્યરમણી ધાત્રા કુતો નિર્મમે ? ॥ ૧ ॥

જે વારાંગના દ્રવ્ય માટે કુષ્ઠરોગી મનુષ્યોને પણ દેવ સમાન માને છે.

પ્રથમ ઘણું ધન આપેલું હોય, છતાં પણ નિર્ધન થયેલા પુરુષોને દાસની માફક પોતાના ઘરમાંથી કાઢી મૂકે છે.

તેમજ સ્નેહ, વિદ્યા, લક્ષ્મી કે બુદ્ધિથી પણ જે સ્વાધીન થતી નથી,

તેવી વિશ્વને આંધળી કરનારી પણ્યસ્ત્રીને આ દુનિયામાં વિધાતાએ શા માટે નિર્માણ કરી હશે ?

વળી મદ્ય, માંસ, મદ મત્સર, માયા, મોહ, મંડન (આભૂષણ) અને મનોભવ (કામ) વિગેરે ઘણા મકારોનો આશ્રય લીધો છે, છતાં પણ શું પણ્યસ્ત્રી મમત્વને નથી પામતી ?

આ વૃદ્ધાએ મણિ લઇને મને જ કેવલ છેતર્યો છે એમ નહીં, પરંતુ તે પોતે પણ છેતરાઈ છે.

કારણ કે; આમ્નાય (વિધિ) વિના તે મણિ એને કંઈપણ દ્રવ્ય આપવાનો નથી અથવા હું વેશ્યાની શામાટે નિંદા કરૂં છું ? હું પોતે જ નિંદાને પાત્ર છું, કારણકે.

હું અત્યંત કામાંધ થઈ વારાંગનામાં લુબ્ધ થયો. સ્વધર્મનો જાણકાર થઇને પણ જે પુરુષે અશુભ અધ્યવસાયથી ભરેલી વારાંગનાનો સંગ કર્યો હોય, તેણે અવશ્ય નરક પ્રાપ્તિનો સાક્ષી સ્વીકારેલો સમજવો.

એમ છતાં પણ સર્વ નગરમાં આ દુષ્ટસ્ત્રીની વિગોપના કરી જો મારો મણિ હું પાછો ન લઉં તો મારી બુદ્ધિ તુચ્છ સમજવી. એવી તેણે પ્રતિજ્ઞા કરી.

વળી ઉપકારીનો ઉપકાર અને વૈરીનો અપકાર કરવાને જે પ્રાણી સમર્થ થતો નથી, તેને જીવતો પણ મરેલો જાણવો.

પગથી હણાયેલ ભસ્મ પણ જો કે પીડનારના મસ્તકપર અધિરોહણ કરે છે, તો અપમાન પામેલો બુદ્ધિમાન પુરુષ તેની પ્રતિક્રિયા કેમ ન કરે ?

એમ વિચાર કરી સુમિત્ર કહ્યા સિવાય જ વૈશ્યાના સ્થાનમાંથી નીકળી ગયો અને મણિ ગ્રહણ કરવાનો ઉપાય ફરીથી ચિંતવવા લાગ્યો.

શૂન્યનગર

આ નગરની અંદર મારો મિત્ર વીરાંગદ હાલમાં રાજગાદીએ બેઠો છે, તો તેને આ વાત કહી વિના પ્રયાસે મારો મણિ હું એની પાસેથી જલદી લઈ લઈશ અથવા અપમાન પામેલો હું મિત્રની આગળ કેવી રીતે જઇ શકીશ ! કારણકે.

દુઃખના સમયે સજ્જનોએ મિત્રનો આશ્રય લેવો, તે પણ લજ્જાકારક હોય છે.

દુઃસ્થિતિમાં મહાન પુરુષે મિત્રનો આશ્રય ન કરવો જોઈએ, એમ મારૂં સમજવું છે.

ક્ષીણ થયેલો ચંદ્ર, મિત્ર-સૂર્યનો આશ્રય લેવાથી પોતાના નામનો પણ લોપ કરે છે, અર્થાત્ કિંચિત્ માત્ર પણ દેખાતો નથી.

માટે દેશાટન કરી કોઇ સુંદર કલા મેળવીને વેશ્યા પાસેથી પ્રથમ મણી લઈ લઉં પછી મિત્રને હું મળીશ, એમ વિચાર કરી સુમિત્ર ત્યાંથી આગળ ચાલ્યો.

અનુક્રમે પૃથ્વી પર ફરતો હતો, તેવામાં એક સુંદર નગર તેના જોવામાં આવ્યું. જેનો કિલ્લો ઘણો ઉંચો અને સુવર્ણનો હતો-વળી તે કિલ્લો રત્નોના મોટા કાંગરાઓથી દેદીપ્યમાન હતો.

જે નગરની અંદર દીવ્ય ગંગાના તરંગો સમાન ધ્વજાઓના વસ્ત્રોવડે સુશોભિત ચૈત્યો (મંદિરો) શોભતાં હતાં, એવા રમણીય નગરને દૂરથી જોઇ સુમિત્ર આનંદથી તેની નજીકમાં ગયો.

મનુષ્ય તથા પશુ આદિનો સંચાર નહીં હોવાથી તેણે જાણ્યું કે; આ નગર શૂન્ય છે.

અરે ! આવું સુંદર નગર શૂન્ય શાથી હશે ? એમ આશ્ચર્ય પામી સુમિત્ર નગરની લક્ષ્મીવડે અત્યંત ખેંચાયો ન હોય શું, તેમ તે નગરની અંદર ગયો.

દરેક રાજમાર્ગમાં જવની માફક અનેક મુક્તા (મોતી)ના ઢગલા,
નાના પર્વતા સમાન દ્રવ્યના ઢગલા,
પાષાણના ટુકડાઓની માફક રત્નરાશિ,
લવણની માફક કર્પૂરાદિકના ઢગલા અને ખાદીની માફક પડેલાં દુકૂલના સમૂહને જોતો તેમજ મનુષ્યોને નહીં જોતો સુમિત્ર રાજ-મંદિરમાં ગયો.

ત્યાં પહેલા માળમાં ધાન્યના વિશાલ શ્રેણી બંધ કોઠાર હતા.

બીજે માળે કાંસા, પિત્તળ તથા તામ્રાદિક ધાતુઓનાં વિવિધ પ્રકારનાં પાત્ર હતાં.

ત્રીજે માળે સોના રૂપાનાં ઉત્તમ પાત્ર અને રસોડું હતું.

ચોથે માળે કૌશેય આદિ વસ્ત્રોનો સંચય હતો.

પાંચમે માળે લક્ષ્મીગૃહનું સ્થાન હતું અને

છઠ્ઠે માળે કુબેરનો જેમ રત્નાદિક સદ્વસ્તુઓનો ભંડાર હતો.

તે સર્વ જોઇને સુમિત્ર સાતમા માળે ગયો.

ત્યાં સોનાના પલંગપર બે ઉંટડીઓ બેઠેલી હતી. તેમના બન્ને પગ સોનાની સાંકળથી બાંધેલા હતા.

તે જોઈ તેના મનમાં આશ્ચર્ય થયું અને તે મનમાં વિચાર કરવા લાગ્યો.

આ શું અજ્ઞાન ! શું મનોવિકલ્પના !

શું મિથ્યાજ્ઞાન ! શું સ્વપ્ન !

શું માયા !

કે, શું કોઈ કલા હશે ! અથવા ઇંદ્રજાળ હશે ! શું દિગ્મૂઢ હશે ! અથવા મતિભ્રમ હશે ! અથવા વેષવડે કરેલું કૌતુક હશે !

શું કોઈ દેવતાએ કરેલું આશ્ચર્ય હશે ! અથવા કંઈ બીજું હશે !

સર્વથા શૂન્ય એવા આ નગરમાં અહીં આવવા માટે કોઇ પુરુષ પણ સમર્થ નથી, તો પછી આ ઉંટડીઓ અહીં સાતમે માળે કેવી રીતે ચઢી શકે ?

આ બંને ઉંટડીઓને અહીં કોણ લાવ્યું હશે ? અને પલંગ ઉપર એમને કોણે બેસારી હશે ?

તેમજ આ પ્રમાણે તેમના પગ સાંકળથી શા માટે બાંધ્યા હશે ?

પલંગપર બેઠેલી બંને ઉંટડીઓ શું કરે છે ? જોઉં તો ખરો, એમ વિચાર કરી સુમિત્ર તેમની પાસે ગયો,

તેમનાં નેત્ર શ્વેત અંજનથી આંજેલાં હતાં. તેમજ તેમની પાસે શ્વેત અને કૃષ્ણ અંજનના બે ડાભડા પડયા હતા. તેમની પાસે બે સોનાની અંજનશલાકાઓ પણ પડી હતી.

તે જોઇ સુમિત્ર વિચાર કરવા લાગ્યો. ખરેખર આ કોઈ સ્ત્રીઓ હોવી જોઈએ.

શ્વેતઅંજન આંજવાથી કોઇ સિદ્ધ અથવા કોઈપણ દેવતાએ નીડરપણે એમને ઉંટડીઓ બનાવી છે. વળી આ નીલ અંજન વડે આ બંને પોતાના સ્વાભાવિક સ્વરૂપને જલદી પ્રાપ્ત થશે, એમ સ્વબુદ્ધિપ્રભાવથી હું નિશ્ચય કહી શકું છું.

એમના નેત્રમાં અંજન આંજીને એમને સ્ત્રીઓ બનાવું. પોતાની હોંશીયારી અને અંજનનો પ્રભાવ જોઉં તો ખરો ?

કદાચિત્ અંજનથી તેઓ રાક્ષસીઓ અથવા પિશાચીઓ થઈને પ્રથમ જ મને ગળી જાય તો મારૂં શરણ અહીં કોણ થાય ?

અને જો તપાસ કર્યા વિના એમને એમ જ મૂકીને ચાલ્યો જાઉં તો, મારા મનની અંદર આ ઊંટડીઓ તીવ્ર શલ્યની માફક જીવન પર્યંત પીડા કરશે.

ભલે પ્રિય કે અપ્રિય જે થવાનું હોય તે ભલે થાય, પરંતુ સાહસ તો જરૂર કરીશ. કારણકે ભીરૂતાથી કોઈ દિવસ કોઈપણ ઉત્તમ કાર્ય સિદ્ધ થતું નથી.

ચમત્કારી નેત્રાંજન

અને બાદ સુમિત્રે કૃષ્ણાંજનનાડ બામાંથી અંજન લઇ બંને ઉંટડીઓના નેત્રોમાં આંજ્યું અને તરતજ તેઓ દેવાંગના સમાન સ્ત્રીઓ થઈ ગઇ.

જલદી પલંગપરથી નીચે ઉતરીને આશ્ચર્ય પામી વિનયપૂર્વક નમસ્કાર કરી પલંગ પર તેઓએ તેને બેસાર્યો.

ત્યારબાદ સુમિત્રે સ્ત્રીઓને પૂછ્યું.

હે સુભગે ! સત્ય વાત કહો, આ નગર શા કારણથી શૂન્ય થયું છે ? અને તમે કોણ છો ? તમે ઊંટડીઓનું સ્વરૂપ શામાટે ધારણ કર્યું હતું ?

બંનેમાંથી મોટી સ્ત્રી બોલી. જેની વાણી એટલી બધી મીઠી હતી કે, વીણા અને વેણુના નાદને પણ લજ્જાવતી હતી.

જયા અને વિજયા

ઉત્તરદિશામાં પદ્મની જેમ શ્રેષ્ઠ લક્ષ્મીનું નિવાસસ્થાન અને સજ્જનોને હંમેશાં આનંદ આપનાર **સુભદ્રપુર** નામે નગર છે.

હિમાલયની ભ્રાંતિને ધારણ કરતી હોય, તેમ ગંગાનદી જેના ઉન્નત અને સારા નિધિવાળા કિલ્લાનું અવલંબન કરી સેવે છે (વહે છે);

તે નગરની અંદર **ગંગાદિત્ય** નામે શ્રેષ્ઠી રહે છે. સૂર્યસમાન કાંતિને ધારણ કરતો અને પદ્મા (લક્ષ્મી) પદ્મ (કમળ) ને વિકસિત કરવામાં ઉત્સુક જે **સચ્ચક્ર**–સજ્જનો=ચક્રવાક પક્ષીઓના સમૂહને આનંદ આપે છે.

વિજળી સમાન ચંચળ એવી પણ લક્ષ્મી, જેના ઘરમાં પુણ્યવડે વશ થયેલી સ્ત્રીની માફક સ્થિર હતી.

વસુ (દ્રવ્ય) ધારાની માફક જગતને આનંદ આપનારી અને રૂપવડે અન્ય રતિ હોયને શું ? તેમ **વસુધારા** નામે તેની સ્ત્રી હતી,

પ્રબલપુણ્યના યોગથી અપૂર્વ પ્રેમધારી તે બંને સ્ત્રી પુરુષના ગૃહસ્થાશ્રમરૂપી વૃક્ષના ફલ સમાન બહુ પુત્રો થયા.

એક દિવસ તે દંપતીને વિચાર થયો.

આપણને પુત્ર ઘણા થયા. પરંતુ એમનું કુશલ કરનારી એક પણ પુત્રી નથી.

અહો ! લોકની વિચિત્ર સ્થિતિ હોય છે. પુત્રવાન પુત્રીની ઈચ્છા કરે છે અને પુત્રીવાળો પુત્રની ઈચ્છા રાખે છે. અથવા અવિદ્યમાન વસ્તુપર જગતની પ્રીતિ હોય છે.

બંને જણે પુત્રી માટે કુલદેવતાની આરાધના કરી. કામદુધા સમાન ગોત્રદેવી પ્રસન્ન થઈ અને વર આપ્યો.

વરદાનના પ્રભાવથી તેમને ઉત્તમ પ્રકારની બે પુત્રીઓ થઈ. એકનું નામ જયા અને બીજીનું નામ વિજયા.

તેઓ બંને બહુ વિનીત હતી. બહુ પુત્રોની પાછળ જન્મ થવાથી અમે ભાગ્ય તથા સૌભાગ્યથી પણ માતાપિતા તેમજ બંધુઓને તેઓ

અતિ પ્રિય થઈ પડી.

અનુક્રમે તે બંને સરસ્વતીની માફક સર્વ કલાઓમાં હોંશીયાર થઇ.

તેમજ શોભાવડે અપ્સરાઓને ઉલ્લંઘન કરતી અને સુંદર તારુણ્યને લીધે મનોહર અંગવાળી થઈ.

જે અંગોમાં વૈભવના અભાવની વિધિએ લાવણ્ય મૂકયું નહોતું, તે અંગોમાં પણ યૌવનશ્રીએ અનાયાસથી જ તે સૌકુમાર્ય સ્થાપન કર્યું. એ આશ્ચર્ય છે.

સુશર્માપરિવ્રાજક

પવિત્ર ગંગાના કાંઠાપર રમણીય વનની અંદર **સુશર્મા** નામે પરિવ્રાજક (સંન્યાસી) રહે છે. તે ધર્મિષ્ઠ અને ગંગાદિત્યનો પૂજ્ય ગુરુ છે.

શ્રેષ્ઠી હંમેશાં પોતે તેની ભક્તિ માટે તેના ત્યાં જતો હતો.

એક દિવસ શ્રેષ્ઠીએ પોતાને ત્યાં ભોજન માટે બહુ આગ્રહ કર્યો.

ત્યારે સુશર્માએ કહ્યું.

હે ધર્મજ્ઞ! તું ભક્ત છે, માટે તું આવી સેવા કરે, તેમાં કંઇ નવાઇ નથી. પરંતુ ગૃહસ્થોના ઘેર જવું, તે યતિ લોકોને ઉચિત નથી. કારણ કે, થોડો પણ ગૃહિજનનો સંગ યતિપણાનો જલદી નાશ કરે છે.

જેમકે; લેશમાત્ર પણ અગ્નિ ઘાસના સમૂહને બાળી નાખે છે. અરેખર દુનિયામાં આ બંને પુરુષ સ્વાર્થસાધક થતા નથી.

એક તો હંમેશાં સંગપરાયણ યતિ અને બીજો સંગરહિત ગૃહસ્થ. એ પ્રમાણે બાસ અંતઃકરણથી બોલતા **સુશર્મા** યતિને બલાત્કારે જમાડવાથી ઇચ્છાવડે શ્રેષ્ઠી બહુ આગ્રહથી પોતાને ઘેર લઇ ગયો.

સાક્ષાત્ મહેશની માફક અને કલ્યાણની મૂર્તિ સમાન સુશર્માને જોઈ શ્રેષ્ઠીનું કુટુંબ બહુ પ્રસન્ન થયું.

શ્રેષ્ઠીએ પોતે સાક્ષાત્ ભક્તિરસથી જેમ જલવડે તેના ચરણપ્રક્ષાલન કર્યા.

પછી સુંદર સ્થાનપર તેને જમવા માટે બેસાર્યો. શ્રેષ્ઠ કવિના કાવ્યની માફક વર્ણન કરવા લાયક છે વર્ણ-અક્ષર=સ્વરૂપ જેનું તેમજ સારી રીતે સંસ્કાર કરેલા રસાલ ભોજનનો સુશર્માએ જમવા માટે પ્રારંભ કર્યો.

પ્રથમ કોઇ પણ દિવસ નાના પ્રકારના રસથી ભરેલી આવી રસોઇ તેના જમવામાં નહીં આવેલી, તેથી તે યતિ માધુર્યરસથી ભરેલી સુધાને પણ તેની આગળ તૃણ સમાન માનતો હતો.

સ્ત્રી અને પુત્રો સહિત શ્રેષ્ઠી તેની ભક્તિ કરવામાં તત્પર હતો. વિશેષમાં તેણે કહ્યું કે, હે પુત્રીઓ ! તમે પણ વીંજણાથી પવન નાખો.

મનોવિકાર

પોતાના મનોહર અંગનાસંગથી શૃંગાર (શૃંગારરસ=આભૂષણ) ને શોભાવતી,

મુખચંદ્રની કાંતિવડે સ્નેહસાગરને ઉદ્વેલિત કરતી,

અને મંત્રાક્ષતની માફક ફેંકેલા ચંચલ કટાક્ષોવડે, મુનિઓના પણ મનને વારંવાર મોહ પમાડતી,

જયા અને વિજયા તે બંને પુત્રીઓ પિતાની આજ્ઞા પ્રમાણે સુશર્માની આગળ ઉભી રહીને કંકણોના ઝંકારા સાથે વીંજણાથી પવન નાખવા લાગી.

ચંદ્રના ઉદયની જેમ સુભગાઓના દર્શનમાત્રથી સમુદ્રની માફક સુશર્માનું હૃદય તત્કાલ ક્ષુભિત થઈ ગયું.

બાલાઓના લાવણ્ય રૂપી સુધારસનું પરિપૂર્ણ પાન કરવાથી તેણે વિષાન્નની માફક ભોજન કર્યું નહીં.

તેમની દૃષ્ટિરૂપ મેઘવડે વૃદ્ધિ પામતા રાગરૂપ પૂરતાં ડૂબતા તે તાપસનો શીલ રૂપી વૃક્ષ દૂર થઈ ગયો, જેથી તે તેનો આધાર ન થયો, તે યોગ્ય છે.

અહો ! જિતેંદ્રિયના પણ દેહરૂપ અરણ્યમાં કામ વ્યાધ સ્ત્રીમય પાશને પ્રગટ કરી મનોમૃગને બાંધે છે.

असीव्यद् देहे स्वे, पशुपतिरुमां कंसमथनो–
विगुप्तो गोपीभि–र्दुहितरमयासीत् कमलभूः ।
यदादेशादेतत् जगदपि मृगीदृक्परवशं,
स वश्यः कस्य स्या–दहह विषमो मन्मथभटः ॥१॥

મહાદેવે પાર્વતીને પોતાના શરીરમાં સીવી લીધી છે,
ગોપીઓએ કૃષ્ણની વિગોપના કરી છે,
બ્રહ્મા કામ વાસનાથી પુત્રીને અનુસર્યા છે, એટલું જ નહીં પણ
જેના આદેશથી આ જગત પણ સ્ત્રીઓના સ્વાધીન થયેલું છે,
તેને કોણ વશ કરી શકે ?

અહો ! કામ સુભટ બહુ વિષમ છે.

કામને સ્વાધીન થયેલ દુષ્ટ બુદ્ધિ તે સુશર્માએ કન્યાઓની પ્રાપ્તિનો કોઇ ઉપાય શોધી કાઢયો.

પછી કુભોજનની માફક ભોજનનો ત્યાગ કરી મુખ પ્રક્ષાલન કરીને તે ઉઠી ગયો.

ગંગાદિત્ય

ઉદ્વિગ્નની માફક ગુરુની મુખાકૃતિ જોઇ **ગંગાદિત્ય** શ્રેષ્ઠી બોલ્યો.

શું આપને કોઈ વ્યાધિ થયો છે ? અથવા માનસિક પીડા છે ? જેથી આપ બરોબર જમ્યા નહીં.

માયાવી સુશર્માએ એકાંત કરી તેને કહ્યું.

તારા ઘરમાં ભાવી વિઘ્ન જોઇ હું કેવી રીતે ભોજન કરૂં ? કારણ કે;

ભકિતના સ્નેહને લીધે મને પણ પીડા થાય તેમાં શી નવાઇ ?

શું વિઘ્ન થવાનું છે ? તે તમે સત્ય કહો, એમ શ્રેષ્ઠીના પૂછવાથી તેણે કહ્યું.

અમારા મઠમાં તું આવજે. સર્વ હકીકત તને હું કહીશ.

એમ કહી તે ધૂર્ત પોતાના આશ્રમમાં ચાલ્યો ગયો.

બાદ ગંગાદિત્ય તેના આશ્રમમાં ગયો અને પ્રશ્ન કર્યો.

હેગુરુ ! મારા ઘરમાં શું વિઘ્ન થવાનું છે ! કૃપા કરી જલદી આપ કહેા.

દુષ્ટ માયાવી સુશર્માએ તેને કહ્યું.

હે ભકતરાજ ! હવે મારે શું કરવું ? તું કહે. એક તરફ મારા વ્રતનેા ભંગ થાય છે અને બીજી તરફ તારા કુલનેા નાશ થાય છે.

ગૃહસ્થની ચિંતા કરવાથી જીવિતની માફક વ્રત ચાલ્યું જાય છે. અને જો તે ચિંતા હું નથી કરતેા તેા આ સમગ્ર તારૂં કુળ નષ્ટ થાય છે. છતાં પણ હે શ્રેષ્ઠિ ! તારી ભકિતવડે હું પ્રસન્ન છું, તેથી તને કહું છું.

આ તારી પુત્રીએા બહુ દૂષિત હેાવાથી તારા કુલનેા નાશ કરશે.

જેમ આ સુતાઓના શરીરપર અત્યંત રમણીયતા રહેલી છે, તેમ દેાષ પણ ઘણા રહેલા છે, કારણ કે.

વિધિ રત્નને દૂષિત કરનાર હેાય છે.

વળી આ કન્યાઓને કેાઈ સાથે પરણાવીને તું જો આપી દઈશ તેા તે લેનારના કુળનેા નાશ થશે. અને તેનું પાપ તને લાગશે.

એ પ્રમાણે તાપસનું વચન સાંભળી ગંગાદિત્ય ભયભીતની માફક ગભરાઇને બેાલ્યેા.

હે પ્રભેા ! તમે દયાળુ છેા. તેમજ કલાવાન છેા, આપ કહેા. હવે મારે શું કરવું ? જરૂર મારેા પાપવૃક્ષ જલદી ફલ્યેા.

એમ શ્રેષ્ઠીનાં વાકય સાંભળી દુષ્ટાત્મ સુશર્મા બહુ ખુશી થયેા અને કહ્યું.

પરમ દિવસે કૃષ્ણચતુર્દશીના મધ્યાન્હ સમયે લાકડાની નવીન પેટી બનાવરાવવી, તેમાં કેાઈપણ છિદ્ર હેાવું ન જોઇએ. તેની અંદર રેશમી વસ્ત્ર અને ભવ્ય આભૂષણેા પહેરાવી પેાતાની બંને પુત્રીઓને બેસારી તે પેટીને એક તાળું વાસી દેવું.

પછી બલિ પુષ્પાદ્રિ સહિત પેટી ઉપડાવીને તું એકલેા એકાંતમાં ગંગાના કીનારે આવજે. ત્યાં હું આવીને બલિપ્રદાનપૂર્વક ગંગાના પ્રવાહમાં તેને પધરાવીને શાંતિ પુષ્ટિ કરીશ.

હે બુદ્ધિમાન ! એમ કરવાથી તારા સમસ્ત કુલમાં શાંતિ થશે. જો તારે કુશલની ઈચ્છા હોય તો તું આ પ્રમાણે કર, મુંઝાઈશ નહીં.

પેટીની પધરામણી

આ પ્રમાણે પોતાના સ્વાર્થને લીધે સુશર્માએ મિથ્યા પ્રપંચ પણ એવો ઠસાવ્યો કે; ગંગાદિત્યના મનમાં તે સત્ય લાગ્યો.

કારણ કે; "ભક્ત લોકોની બુદ્ધિ ગુરુ વચનમાં પ્રાયે મુગ્ધ હોય છે."

અહો ! સ્વાર્થસિદ્ધિ માટે વિવિધ પ્રકારની માયામય ચતુરાઈ વાપરી જેઓ વિદ્યા, જ્ઞાન, કલાકૌશલ્ય અને ઔષધાદિક પ્રયોગોવડે જગતને છેતરે છે, તે પણ અંતરથી દુષ્ટ અને બહારથી વ્રતધારી એવા પાખંડી જો ગુરુઓ થાય, તો આ બકોટ (બગલા) વિગેરે ગુરુ કેમ ન થાય !

ત્યારબાદ શ્રેષ્ઠી પોતાને ઘેર આવ્યો અને આ વાત તેણે કોઇની આગળ કહી નહીં. જ્યારે કાળી ચૌદશ આવી, ત્યારે તેણે સર્વ સામગ્રી તૈયાર કરાવી.

કોઈ પણ કન્યા ભાગ્યશાળી હોય તો અન્ય કોઈ ગૃહસ્થના ઘરને દીપાવનાર થાય, પરંતુ આ દુષ્ટ કન્યાઓનો ત્યાગ કરવામાં મને શી હાનિ છે !

એમ મનમાં વિચાર કરી 'આપણા કુલમાં કન્યાઓ આ પ્રમાણે ગંગા નદીને નમન કરવા જાય છે.' એ પ્રમાણે મિથ્યા ઉત્તરવડે પોતાના પરિવારને તેણે સમજાવ્યો.

ગુરુના કહ્યા પ્રમાણે સર્વ વસ્તુ લઈ બંને પુત્રીઓ સહિત પેટી પોતાના માણસો પાસે ઉપડાવીને ગંગાના કાંઠાપર તે ગયો.

દુષ્ટ વ્રતી પણ ત્યાં આવ્યો અને શ્રેષ્ઠીના નોકરોને મોકલી પોતાની પુણ્ય શ્રેણીની માફક પેટીને નદીના જલમાં તેણે તરતી મૂકાવી દીધી. પછી સારી રીતે શાંતિ કાર્ય કરી ગુરુએ ગંગાદિત્યને કહ્યું. હવે તું ઘેર જા. કોઈ પ્રકારની ચિંતા કરીશ નહીં. વિઘ્નનો વિનાશ થવાથી તારા કુલમાં હવે આરોગ્યતા થઇ.

મિથ્યાવિલાપ

શ્રેષ્ઠી પોતાના ઘેર ગયો. લોકોની આગળ અસત્યવાદ બોલ્યો કે; ગંગામાં પેટી તરતી મૂકી, તરત જ તે જળના વેગથી તેવી રીતે ચાલી કે; તેને પકડવાને કોઈની શક્તિ ચાલી નહીં.

દર્પણ સમાન સ્વચ્છ બુદ્ધિવાળી હે પુત્રીઓ! તમને આ આપત્તિ કયાંથી આવી? ગંગાને વંદન કરવા માટે હું તમને લઇ ગયો હતો. તે ગંગા જ તમને ઝડપથી હરી ગઈ.

અરે! આ શો જુલમ? વિગેરે પોકો મૂકી કુટુંબ સહિત ગંગાદિત્ય શ્રેષ્ઠીએ ઘણા વિલાપ કર્યા અને તે સમયે તેમની મરણાંત ક્રિયા કરી.

'અહો! આ કૂટનાટકને ધિક્કાર છે.'

મર્કટી પ્રાદુર્ભાવ

કૂટકાર્યનો ખજાનો શઠ સુશર્મા પોતાના મઠમાં આવ્યો અને મૂર્ખશિરોમણિ એવા પોતાના શિષ્યોને છેતરવા માટે કલ્પિત વાત તેણે જાહેર કરી.

આજે હું સમાધિમાં બેઠો હતો, ત્યારે પ્રગટ થઇ શંકર મારી આગળ આવ્યા અને તેમણે કહ્યું.

હે યતિ! સ્થિર મનથી કરેલા તારા ધ્યાનવડે હું તારી ઉપર પ્રસન્ન થયો છું. તારા માટે હિમાદ્રિમાંથી પોતે લાવેલાં મહાન દીવ્યૌષધોથી ભરેલી એક પેટી ગંગાના પ્રવાહમાં હું મોકલી દઇશ.

તે પેટી શિષ્યો પાસે તારે મંગાવી લેવી. તેમાં રહેલાં ઔષધોના પ્રયોગથી વિશ્વને વશ કરનારી સુંદર વિદ્યાઓ જરૂર તને સિદ્ધ થશે.

માટે જલદી તમે ગંગાપર જાઓ, હવે વિલંબ કરશો નહીં. તે પેટી જલદી અહીં લાવો. અને તમારે કોઈ પ્રકારે તેને ઉઘાડવી નહીં.

અહો! આપણા ગુરુનું ભાગ્ય બહુ મોટું છે. જેના માટે દીવ્ય ઔષધોથી ભરેલી પેટી પોતે શંકર મોકલે છે.

એ પ્રમાણે અમંદ આનંદરસમાં મગ્ન થયેલા શિષ્યો અતિ વેગથી ઉંચા ગંગાના તટપર ગયા. દૂરથી આવતી પેટી તેમના જોવામાં આવી.

હવે તે પેટી પ્રવાહમાં એકદમ તરતી આવતી હતી, તેવામાં ત્યાં વચ્ચે તે **મહાપુર** નગરનો રાજા **સુક્ષીમ** જલક્રીડા કરતો હતો. તેના જોવામાં તે આવી,

રાજાએ તે પેટી પોતાની પાસે મંગાવી અને વિલંબ રહિત અન્ય ચાવી લગાડી તેને ખુલ્લી કરી તો, અંદરથી દેવકન્યા સમાન બે કન્યાઓ જોઈ, તે વિતર્ક કરવા લાગ્યો.

શું આ મૂળનક્ષત્રમાં જન્મી હશે ? અથવા વિષ કન્યાઓ હશે ? જેથી એમને આ પ્રવાહમાં મૂકી દીધી છે. અથવા નિર્દૂષણ છતાં પણ શું ગંગાના પૂજન માટે મૂકી હશે ?

એમ બહુ સંદેહમાં પડેલો રાજા તેમના રૂપથી મોહિત થઈ ગયો અને તે બંને સ્ત્રીઓને તેણે લઈ લીધી. કારણ કે; હાથમાં આવેલા રત્નને કોણ ત્યજી દે ?

ત્યારપછી એક મંત્રીનો એવો વિચાર થયો કે, તેમના સ્થાનમાં બીજી બે સ્ત્રીઓ ગોઠવવી, પરંતુ એ વિચાર નામંજુર કરી બીજા મંત્રીના કહેવાથી તેજ વખતે વનમાંથી બે મર્કટી-વાનરીઓ મંગાવી. પેટીની અંદર તેમને પૂરીને પ્રથમની માફક તાલુ દઈ દીધું.

ત્યારપછી રાજાના હુકમથી તે પેટી પ્રવાહમાં તરતી મૂકી. હવે તે પેટીને આવતી જોઈ શિષ્યોએ બહુ ઉત્સાહથી એકદમ બહાર કાઢી અને મૂર્તિમાન અનર્થની માફક તેને પોતાના મઠના ઓરડાની અંદર મૂકી દીધી.

પરિવ્રાજકમરણ

વિશાલ કામદેવના બાણોથી વિહ્વલ બનેલો સુશર્મા અતિશય પોતાના ભાગ્યની સમાપ્તિની જેમ દિનાંત-સાયંકાલની રાહ જોતો હતો. તેટલામાં જગતનો કર્મસાક્ષી-સૂર્ય પણ તેનું દુષ્કર્મ જોવાને અશકત હોય તેમ તેના પુણ્યની માફક અસ્ત થઈ ગયો.

ત્યાર બાદ શ્રેષ્ઠીની કન્યાઓ ઉપર ઉત્કટ અને મૂર્તિમાન તેનો રાગ હોયને શું ? તેમ સમગ્ર આકાશને રંગિત કરતો સંધ્યારાગ ખીલી નીકળ્યો.

તાપસના અતિ દુર્ધ્યાનથી પ્રગટ થયેલા દુરિત સમાન અંધકારથી જગત કજ્જલથી ડાભડો જેમ છવાઈ ગયું.

પછી સુશર્માએ પોતાના શિષ્યાને કહ્યું. રાત્રીએ હું વિદ્યા સાધીશ, માટે તારે દ્વાર બંધ કરી તાલુ વાસીને મઠની બહાર બેસવું. કદાચિત્ તે દુષ્ટવિદ્યા વારંવાર બોલતી દ્વાર ઉઘડાવે તો પણ તમારે દ્વાર ઉઘાડવું નહીં અને મનમાં ભય રાખવો નહીં.

શિષ્યોએ ગુરુની આજ્ઞા પ્રમાણે દ્વાર બંધ કર્યા. પોતાના વ્રતને દૂર કરી સુશર્મા રાત્રીના સમયે પેટીની પાસે ગયો અને પ્રાર્થના કરવા લાગ્યો.

આજ સુધી મેં કોઈપણ પ્રપંચ કર્યો નહોતો, પરંતુ કામના વશ થઈ તમારા માટે આજે મેં આ સઘળો પ્રપંચ કર્યો છે.

વળી પૂજ્યતા અને દેવત્વની પ્રાપ્તિથી ઉભય લોકનું હિતકારક જે વ્રત હતું, તે પણ તમારા માટે મેં તૃણની માફક છોડી દીધું.

માટે પ્રસન્ન થઈ સુંદર અંગવાળી હે કન્યાઓ! કામથી તપિ·ગયેલું મારૂ અંગ પોતાના અંગ સંગમ રૂપી રસવડે તમે શાંત કરો.

એમ કહી સુશર્માએ પેટીનું દ્વાર ઉઘાડયું. અંદરથી બહુ રોષ વડે ઉદ્ધત અને ભયંકર મોટા આકારની બે વાનરીઓ નીકળી.

ઘણા વખતથી અંદર રૂંધાઈ ગયેલી તેમજ બહુ ક્ષુધા અને તૃષાથી પીડાએલી વળી અંધારામાં નીકળવાનું દ્વાર પણ જડયું નહીં, તેથી બહુ ગભરાએલી તેઓ સુશર્માને જ બચકાં ભરવા લાગી.

આ ચક્ષુ વડે સ્ત્રીરૂપ જોઈ એણે આ કાર્ય કરેલું છે, એમ જાણીને જ ન હોય તેમ તે વાનરીઓએ પ્રથમ તેનાં બંને નેત્ર ફોડી નાખ્યાં.

દુષ્કર્મમાં જોડાયેલા આ પરિવ્રાજકને આવું કાર્ય ઉચિત નથી, એ હેતુથી ક્રોધાતુર થયેલી વાનરીઓએ તેનું નાક તોડી નાખ્યું.

આ હૃદય વડે જ એણે નક્કી આ દુર્ધ્યાન કર્યું છે, એમ જાણી તેના હૃદયના ટુકડે ટુકડા કરી નાખ્યા,

આ શરીરવડે એણે પરસ્ત્રી આલિંગનનો આનંદ ઇચ્છયો હતો, એમ જાણી તેનું સઘળું અંગ વારંવાર તેઓએ ફાડી ખાધું.

એ પ્રમાણે વાનરીઓથી ભક્ષણ કરાતો સુશર્મા વ્યાકુલ થયો અને પોતાના શિષ્યોને પોકાર કરી કહેવા લાગ્યો,

રે રે ! કોઈ પણ પાપી મારા શત્રુએ અંદર વાનરીઓ પૂરીને આ પેટી મોકલી છે, તે વાનરીઓ સિંહ જેમ બકરીને તેમ મને ફાડી ખાય છે.

જો તમારે ગુરુનું કામ હોય તો જલદી દ્વાર ઉઘાડો, નહિ તો તમારી હાજરીમાં પણ હું મરી ગયેલો છું. ગુરુએ એ પ્રમાણે ઘણીએ બૂમો પાડી પણ શિષ્યોને પ્રથમથી ના પાડેલી હોવાથી તે સઘળો વિદ્યાનો પ્રપંચ માની તેઓએ દ્વાર ઉઘાડયું નહીં,

પછી તિલચૂર્ણની માફક સર્વાંગે ખંડિત થયેલો સુશર્મા પાપી છે, એમ માનીને જેમ પ્રાણોએ તત્કાલ તેનો ત્યાગ કર્યો.

રાક્ષસનો ઉપદ્રવ

દુષ્કર્મને લીધે આ સુશર્મા રૌદ્ર ધ્યાનવડે મરી ગયો અને રાક્ષસદ્વીપમાં અતિ દુષ્ટ હૃદયનો તે રાક્ષસ થયો.

અહો ! દુષ્ટ કાર્યનું ફલ આવું જ હોય છે.

મૃષાવાદઃ પ્રૌઢિ, દૃઢયતિ શુભં નશ્યતિ જને,
પ્રતીતિર્ન ક્વાઽપિ, સ્ફુરતિ મનસિ ધ્યાનમશુભમ્ ।
અકીર્ત્તિસ્ત્રૈલોક્યે, લસતિ ચિરમન્તે ચ કુગતિઃ,
ફલાન્યેતાનિ સ્યુ-ર્નનુ તનુભૃતાં વઞ્ચનતરોઃ ॥ ૧ ॥

અન્યને ઠેતરવાની બુદ્ધિથી "મૃષાવાદની વૃદ્ધિ થાય છે, શુભનો નાશ થાય છે.

લોકોમાં કોઈપણ ઠેકાણે વિશ્વાસ રહેતો નથી.

મનમાં અશુભ ધ્યાનની સ્ફુરતિ રહે છે.

ત્રણે લોકમાં અપયશ ફેલાય છે અને છેવટે દુર્ગતિ થાય છે.

આ સર્વ બરોબર મનુષ્યોના વંચન-કપટતરુનાં ફલ છે.

હવે તે રાક્ષસ અવધિજ્ઞાનવડે પોતાના મૃત્યુનું કારણ સુભીમને જાણી તેની ઉપર બહુ કોપાયમાન થયો અને એકદમ આ નગરમાં આવ્યો.

ધોબી વસ્ત્રને જેમ તિરસ્કાર પૂર્વક પત્થરપર પછાડે તેમ તેણે રાજાને મારી નાખ્યો.

શક્તિ છતાં અન્યનો પરાભવ કોણ સહન કરે ?

પછી તે બંને સ્ત્રીઓને છોડીને બાકીના સર્વ નગરવાસી લોકોને તેણે બહાર કાઢી મૂકયા. કારણ કે; શત્રુનો નાશ કર્યો એટલે તેના પક્ષના માણસોનો પણ નિગ્રહ કરવો જોઇએ, એમ નીતિશાસ્ત્રનો ઉલ્લેખ છે.

અહો ! પરસ્ત્રી ગ્રહણનો આગ્રહ બહુ દુરંત હોય છે. જેથી પોતાનો નાશ થાય છે એટલું જ નહીં પરંતુ બીજાઓનો પણ થાય છે.

તે જયા અને વિજયા નામે અમે બંને તે ગંગાદિત્ય શ્રેષ્ઠીની પુત્રીઓ છીએ તેમજ તે રાક્ષસે ઉજજડ કરેલું આ નગર તારી આગળ દેખાય છે.

આ સર્વ પોતાનું વૃત્તાન્ત કહીને ફરીથી તેઓ બોલી.

હે કુમાર ! વળી તે રાક્ષસે કહ્યું કે; પૂર્વભવના પ્રેમવડે હું તમને પરણીશ.

આ શૂન્ય નગરમાં આ સ્ત્રીઓ રહીશે, એમ જાણી તેણે ઊંટડી અને સ્ત્રીત્વકારક આ બંને પ્રકારનાં અંજન બનાવ્યા.

શ્વેત અંજનવડે અમને ઉષ્ટ્રી બનાવીને તે રાક્ષસદ્વીપમાં ચાલ્યો જાય છે અને બેત્રણ દિવસે પાછો આવે છે.

જલદી બોલાવ્યો હોય તો તે બહુ વિલંબથી આવે છે અને વિલંબથી બોલાવ્યો હોય તો જલદી આવે છે. એમ તેની સ્થિતિ બહુ વિચિત્ર પ્રકારની છે.

બ્રહ્મા પણ તે જાણી શકે તેમ નથી.

આ પ્રમાણે દૈવે અમને દુઃખ સમુદ્રમાં નાખી છે. તેમાંથી અમારો ઉદ્ધાર કરનાર કોઇપણ મરો પરાક્રમી નથી. પરંતુ હજી પણ

અમારી કંઇક ભાગ્યરેખા દેખાય છે, જેથી દીન અનાથના જીવનદાતા આપ અહીં આવ્યા છો.

હવે તમે કોઈ ઉપાય શોધી કાઢો, જેથી સિંહના પંજામાંથી મૃગલી જેમ આ અધમ રાક્ષસથી અમને જલદી છોડાવો.

સંતપુરુષો પરોપકારના ઉત્સાહથી પોતાનું કષ્ટ ગણતા નથી. અંગ ઘર્ષણવડે ચંદનો જગત જનોના તાપને શું નથી હારતા ?

એ પ્રમાણે બન્ને સ્ત્રીઓએ સેંકડો પ્રિય વચનો વડે આભારિત કરેલો અને દાક્ષિણ્યનો એક મહાસાગર સુમિત્ર વિચાર કરવા લાગ્યો.

એક તરફ કુરનો શિરોમણિ તે રાક્ષસ પ્રાણોનું હરણ કરે છે અને અન્ય બાજુએ રક્ષણ કરવા લાયક આ બે સ્ત્રીઓ શરણે આવેલી છે, તો એમના માટે નશ્વર પ્રાણોને મારે છોડી દેવા તે સારૂ છે, પણ પ્રાર્થનાનો ભંગ કરી રંકની માફક હું ચાલ્યો જાઉં તે સારૂ નથી.

દૃઢ ધૈર્યનું અવલંબન કરી એમને પોતાના નગરમાં હું લઈ જાઉં. અમારા ત્રણેના પુણ્યથી કોઇપણ રક્ષણ કર્તા મળી આવશે.

જો રાક્ષસથી હું મુકત થઈશ તો આ બંને મારી સ્ત્રીઓ થશે, અથવા તેનાથી જો મારૂં મરણ થશે, તો પરોપકાર માટે આ પ્રાણો ધન્યવાદને લાયક થશે.

ત્યારપછી સુમિત્રે કન્યાઓને પૂછયું. તે રાક્ષસ કયારે આવશે?

આવવાની તૈયારી છે. એમ તેમનું વચન સાંભળી સુમિત્ર બોલ્યો, એમ હોય તો જલદી એને બોલાવો.

કન્યાઓ બોલી. ગંધવડે જાણશે કે; તરત અહીં તે તમને મારી નાખશે, માટે અહીં નીચે ભંડાર છે, તેની અંદર રહીને આજની રાત્રી તમે નિર્ગમન કરો.

એ પ્રમાણે તેમની બુદ્ધિનો સ્વીકાર કરી સ્ત્રીઓને ઊંટડી બનાવી સુમિત્ર કોશગૃહમાં ગયો અને નિશ્ચેષ્ટની માફક પડી રહ્યો.

પ્રભાત કાલ થયો એટલે સુમિત્ર ત્યાંથી બહાર નીકળ્યો. બંને ઉષ્ટ્રીઓને સ્ત્રીઓ કરી રાત્રીનું રાક્ષસ વૃત્તાંત પૂછવા લાગ્યો.

સ્ત્રીઓ બોલી. રાત્રીએ રાક્ષસ આવ્યો હતો, મનુષ્યની ગંધ આવવાથી 'કોઈપણ અહીં પુરુષ છે' એમ બોલતો તે દિશાઓમાં દૃષ્ટિ ફેરવવા લાગ્યો.

આ ગંધ તો અમારો જ છે, અહીં બીજો કોઇ નથી. સિંહની ગુહામાં મરવા માટે કોણ આવે ?

એમ અમારા કહેવાથી વિશ્વસ્ત થઇ તે રાત્રી સુધી રહ્યો ફરીથી જલ્દી તમે આવજો, એમ અમારા કહેવાથી તે પોતાના સ્થાનમાં ગયો.

ત્યારબાદ સુમિત્રે ધૈર્ય રાખી બંને પ્રકારનાં અંજન પોતાની પાસમાં લઇ લીધાં; અંજનવડે બંને સ્ત્રીઓને ઉષ્ટ્રીઓ બનાવી.

ખજાનામાંથી ઉત્તમ પ્રકારના રત્નોની બે ગોણીઓ ભરી એક ઉંટડી ઉપર બંને ઠરાવી દીધી,

એક ઉપર પોતે બેઠો અને બીજીને પોતાના હાથમાં દોરી લીધી. ત્યારબાદ **મહાશાલનગર** તરફ ચાલતો થયો.

સિદ્ધપુરુષ

રાક્ષસના આગમનની ભીતિવડે સુમિત્રનું ચિત્ત બહુ વિહ્વલ હતું, તેથી તે માર્ગમાં વાયુની માફક ઝડપથી ચાલતો હતો, તેવામાં અરણ્યના મધ્ય પ્રદેશમાં કોઈક વૃક્ષ નીચે બેઠેલો એક પુરુષ તેના જોવામાં આવ્યો.

સૂર્ય સમાન તેજસ્વી, ચંદ્રસમાન શાંતમૂર્તિ,

યોગી સમાન આત્મધ્યાની, ચિત્રામણની માફક સ્થિર

અને અપૂર્વ સ્ફૂર્તિવાળો આ કોઈ સિદ્ધ પુરુષ દેખાય છે, અન્યથા આવી કાંતિ હોય નહીં.

જરૂર આ મહાત્મા ઘાતકરાક્ષસથી મારું સંરક્ષણ કરશે.

એમ વિચાર કરી સુમિત્ર નીચે ઉતરી પડ્યો. બંને ઊંટડીઓને નજીકના વૃક્ષે બાંધી દીધી અને આનંદપૂર્વક તે મહાત્મા પુરુષના ચરણમાં પડ્યો.

ધ્યાનથી નિવૃત્ત થઇ આશિષ આપી સિદ્ધપુરુષ બોલ્યો.

વત્સ ! તું શાથી ઉદાસ દેખાય છે? ચિંતાનું કારણ તું નિવેદન કર.

ખુશ થઇ સુમિત્ર બોલ્યેા. અગ્નિજ્વાલા સમાન સંતાપ કરનારી મેાટી ચિંતા મારે આવી પડી છે. તેમાં જો આપ મેઘ સમાન શાંતિ દાયક થાએા, તેા હે પ્રભેા! આપનું પૂછવું ચેાગ્ય ગણાય.

સ્મિતમુખે સિદ્ધ બોલ્યેા. આ બાબતમાં તને સંદેહ છે? ચમત્કારિક કેાઈ અપૂર્વ મારી શકિત તું સાંભળ !

'ભૂત, વ્યંતર, યક્ષ અને રાક્ષસના કુલને હુંકારાથી હું બંધ કરૂ છું.

સૂર્ય ચંદ્રને હાથમાં રાખું છું, સમુદ્રને શેાષી લઉ છું.

દેવેા સહિત ઈંદ્રને ખેંચી લઉ છું તેમજ ભુજંગ સહિત શેષનાગ અને સર્વ જગતને વિપરીત કરી નાખુ છું,

એટલું જ નહીં પરંતુ હે સુભગ ! કેાઈપણ ઠેકાણે કંઈપણ કાર્ય મારે દુષ્કર નથી.

આ પ્રમાણે સાંભળી સુમિત્ર સિદ્ધના આશ્રયથી સંતૃષ્ટ થયેા.

ત્યારપછી તેણે તે રાક્ષસનું વૃત્તાંત સાદ્યંત કહી સંભળાવ્યું અને તેની પાસે રાક્ષસથી અભય માગી લીધેા.

રાક્ષસપરાજય

સિદ્ધ અને સુમિત્ર વાર્તાલાપ કરતા હતા, તેટલામાં પાછળથી તે રાક્ષસ આવી પહેાંચ્યેા.

જેનું મુખ વિવર ખુલ્લા દરવાજાવાળા નગર સમાન હતું.

શિખરાગ્રપર વૃક્ષેાવાળા પર્વત સમાન જેના ઉંચા હાથ શેાભતા હતા.

જેની ઝળહળતી દૃષ્ટિનેા પ્રકાશ વીજળીના ચમકારાને અનુસરતેા હતેા.

તેમજ શબ્દવડે બ્રહ્માંડરૂપી પાત્રને ભેદતેા હતેા.

શરીરની આકૃતિ મેઘ સમાન શ્યામ હતી.

ઉંચે વૃદ્ધિ પામતા મસ્તકવડે ઉંચા આકાશને પણ આગળ–ઉપર વધારતેા,

બહુ ભારથી ભરેલી પણ પૃથ્વીને પગના ભારવડે અતિશય ભારવાળી કરતો,

અતિ ભયંકરવડે મૃત્યુને પણ ત્રાસ આપતો હોયને શું ? તેમ રોષથી દ્વિગુણ વેગને ધારણ કરતો,

તેમજ કિકીયારીવડે જગતને શબ્દમય કરતો હોય ને શું ? તેમ તે દુષ્ટશિરોમણિ રાક્ષસ સુમિત્રને કહેવા લાગ્યો.

રે ચોર શિરોમણિ ! તારૂં સાહસ સામાન્ય નથી.

મૃત્યુ સમાન મારા સ્થાનમાં આવી તું સ્ત્રીઓને હરણ કરી ગયો છે. સુભીમરાજા પ્રથમ મારી સ્ત્રીઓને હરી ગયો હતો, તેને મેં સહકુટુંબનો યમઅતિથિ કર્યો અને હાલમાં તને પણ કરીશ.

રે જડ ! મારી સાથે વિરોધ કરી, કયાં સુધી તું જીવવાની ઇચ્છા રાખે છે ?

સિંહનો પરાજય કરીને મૃગલો લાંબી વખત શું જીવે ખરો?

જો કે; તેં મને જોયો નહોતો પણ તે સાંભળ્યો યે ન હોતો?

રે મૂર્ખ ! જગતને ગળવા માટે હું રાક્ષસ, મૃત્યુનો મોટો ભાઈ છું.

આ શરણ્ય-સિદ્ધપુરુષની સાથે તારો એક જ ગ્રાસ હું કરીશ; એમ બડબડતો તે રાક્ષસ સિદ્ધપુરુષ અને સુમિત્ર એ બંનેને ગ્રસવા માટે એકદમ દોડયો.

સુમિત્ર ભયભીત થઈ ગયો.

સિદ્ધપુરુષે જલ્દી તેને ધૈર્ય આપી અમોઘ મંત્રાક્ષરોની માફક ત્રણ હુંકારાઓવડે રાક્ષસને સ્તંભાવી દીધો. તીક્ષ્ણ અગ્રવાળા બાણોવડે જેમ ત્રણ હુંકારાઓવડે તે રાક્ષસનાં સર્વ અંગ કાષ્ઠસ્તંભની માફક સ્થિર થઇ ગયાં.

ત્યારપછી તે વ્યથાતુર થઈ ગયો અને બોલ્યો.

હે સિદ્ધ ! મને આ સ્તંભનમાંથી તું મુકત કર. 'રાક્ષસોને પણ બીવરાવનારા છે, એ વાત આજે સત્ય થઇ. '

સિદ્ધપુરુષ બોલ્યો. તું જો મુકત થવાને ઇચ્છતો હોય તો આ કુમાર તરફનું વૈર છોડી દે.

તે સાંભળી રાક્ષસ બોલ્યો. જો એમ હોય તો એની પાસેથી મારી સ્ત્રીઓ તું મને પાછી અપાવ.

સિદ્ધપુરુષ બોલ્યો. તારી સ્ત્રીઓ કયાં છે? તે પણ પૂર્વ જન્મ પરિવ્રાજકના ભવમાં શ્રેષ્ઠીને છેતરીને જ તેની પુત્રીઓ લઇ લીધી હતી. હજી પણ આર્યને અનુચિત એવા પરસ્ત્રીગમનથી તું તૃપ્ત થયો નથી? જેથી તારા વ્રતનો નાશ થયો તેમજ ખરાબ મરણ થયું અને છેવટે તું રાક્ષસ થયો છે.

પરસ્ત્રીગમન એ અધમમાં અધમ કાર્ય છે.

વરં બહ્વ્યઃ પત્ન્યો, વરમભિસૃતાઃ પણ્યલલનાઃ,
વરં ષષ્ઠીભાવો-વરમતિશુચિ બ્રહ્મચરણમ્ ।
વરં શ્વેડગ્રાસો-વરમનશનં શુદ્ધમનસાં,
ભવદ્વૈતસ્તેનો-ન વરમપરસ્ત્રૈણહરણમ્ ॥ ૧ ॥

"બહુ સ્ત્રીઓ પરણવી સારી,
વારાંગનાઓનો સંગમ કંઇક સારો તેમજ નપુંસકપણું સારૂં,
અતિશુદ્ધ બ્રહ્મચર્યપાલન સારૂં,
વિષભક્ષણ કરવું સારૂં અને અનશન કરવું તે પણ સારૂં, પરંતુ સત્પુરૂષોના બંને ભવને લુંટનાર પરસ્ત્રીહરણ સર્વથા નિષિદ્ધ છે."

મોક્ષસુખ આપનાર વ્રત કયાં? અને નરકાવાસ આપનાર વિષયભોગ કયાં? એમ છતાં પણ લોકો ભોગની આશા છોડતા નથી. અહો! લોકના ચેષ્ટિતને ધિક્કાર છે.

વ્રતનો ભંગ કરી કયો બુદ્ધિમાન વિષયોની ઈચ્છા કરે?

અહો! ચિંતામણિના ચૂરેચૂરા કરી કાંકરાઓનો કોણ સ્વીકાર કરે?

વળી મનુષ્યપણાથી આ સ્ત્રીઓનાં અંગ દુર્ગંધથી ભરેલાં છે અને દેવપણાને લીધે તારૂં અંગ બહુ રમણીય છે. તો મારો સંબંધ કેવી રીતે થાય?

માટે હે રાક્ષસ! સુમિત્ર પર રોષનો ત્યાગ કરી આ બંને સ્ત્રીઓ તું તેને આપી દે અને શાંતિરૂપ સુધાસાગરમાં નિમગ્ન થઇ સ્વેચ્છા પ્રમાણે તું ચાલ્યો જા.

આ પ્રમાણે સિદ્ધના ઉપદેશવડે રાક્ષસને બોધ થયો.

પછી સિદ્ધે સ્તંભનથી તેને મુકત કર્યો.

બંને ઉંટડીઓને સ્ત્રી બનાવી રાક્ષસે સુમિત્રને કહ્યું. આ બંને સ્ત્રીઓને તું ગ્રહણ કર તેમજ વિશાલ સમૃદ્ધિથી સુશોભિત તે **સુભદ્રપુર**ને વસાવી તેનું રાજ્ય પણ તું સુખેથી ભોગવ.

તારી ઉપર સર્વથા હું વૈરનો ત્યાગ કરૂ છું.

એમ કહી અતિશાંત બુદ્ધિને અનુસરતો રાક્ષસ સિદ્ધ, સુમિત્ર, તેમજ બંને સ્ત્રીઓને ક્ષમાવીને પોતાનું દીવ્ય સ્વરૂપ પ્રગટ કરી અંતર્ધાન થઇ ગયો.

ત્યારબાદ સુમિત્ર સિદ્ધને કહેવા લાગ્યો,

આપના પ્રસાદરૂપી રસાયનોએ આ રાક્ષસ રૂપી સંનિપાતના ભયથી મને જીવાડયો છે. હું માનું છું કે, વિધિએ સર્વ વિદ્યાઓ અને સર્વશ્રેષ્ઠ કલાઓ એકઠી કરી આ તમારૂં શરીર બનાવ્યું છે, અન્યથા આવી શકિત કયાંથી હોય ?

આજ સુધી મેં ઉપકારની મૂર્તિ સાંભળી નહોતી, પરંતુ હાલમાં આપના દર્શનથી તે મૂર્તિમાન છે, એમ મને નિશ્ચય થયો.

ત્યારપછી તે સિદ્ધની આજ્ઞા લઇ ફરીથી સ્ત્રીઓને ઉંટડીઓ બનાવી, તે ઉપર આરૂઢ થઈ સુમિત્ર આનંદથી મહાશાલ નગરમાં ગયો.

ત્યાં તેણે કેટલાક મણિ વટાવીને એક મોટી ભવ્ય હવેલી ખરીદી. પછી બંને સ્ત્રીઓ સાથે તેણે લગ્ન કર્યું. બુદ્ધિવૈભવથી ઇચ્છા મુજબ ભોગવિલાસમાં તે દિવસો વ્યતીત કરવા લાગ્યો.

પૂર્વભવમાં સંપાદન કરેલું જેનું પુણ્ય ચિંતામણિ સમાન જાગ્રત હોય છે, તેને દેવની માફક સર્વ ઇચ્છિત વસ્તુ સુલભ થાય છે.

રતિસેનાવિલાપ

હવે તે **રતિસેના** વારાંગનાએ પણ પોતાના પતિ–સુમિત્રનું અનાગમન જોઇ સર્વ નગરમાં અને બહાર પોતાની દાસીઓ પાસે તેની શોધ કરાવી, પરંતુ કોઇ ઠેકાણે તેનો પત્તો મળ્યો નહીં.

રતિસેનાને ત્રણ દિવસના ઉપવાસ થયા. પતિના વિયોગથી ચક્રવાકીની જેમ તેણીનું શરીર બહુ કૃશ થઈ ગયું અને વિયોગથી દુઃખાવસ્થા ભોગવવા લાગી.

સુમિત્ર ગયો, તેમાં તારૂં શું ગયું ? તેના જેવો અન્ય પતિ શું નહીં મળે ? અહો ! એક હંસ ચાલ્યો ગયો એટલે શું સરોવર હંસ વિનાનું રહે ખરૂં ?

ઈત્યાદિક પોતાની માતાના વચન પરથી તે સમજી ગઇ કે આ સર્વ બનાવ એણીના લોભથી જ બનેલો છે. બળતા હૃદયથી રતિસેના તેને ઠપકો દેવા લાગી.

હે જનની ! હું માનું છું કે; કંઈક અધિક દ્રવ્યની માગણી કરી મારા પતિને તેંજ કાઢી મૂકયો છે અથવા છેતરીને એની પાસેથી કંઈક લઈને ઘરમાંથી વિદાય કર્યો છે.

એમ ન હોય તો મારો પ્રિય મને મરતાં સુધી પણ છોડે નહીં. સૂર્ય અસ્ત પામતાં સુધી પણ પોતાની કાંતિ શું ત્યજે છે ? દેવની માફક આ મહાશય ધન આપતો હતો, છતાં પણ તારૂં હૃદય હજી ધરાયું નહીં. લોભના મહાસાગર સમાન તને ધિક્કાર છે.

અહો ! વારાંગનાના લોભની સીમા.

औदार्येण महान् गुणेन गुणवांस्त्यागेन याञ्चापरो
वाणिज्येन वणिक् सुखेन तनुभृत् कोशेन पृथ्वीपतिः ।
नीरेणाम्बुनिधिः श्रुतेन विदुरः काष्ठेन धूमध्वज–
स्तृप्तिं कर्हिचिदेति पण्यवनिता द्रव्येण नैव ध्रुवम् ॥ १ ॥

"મહાપુરુષ ઉદારતાવડે, ગુણવાનપુરુષ ગુણવડે,
યાચક દાન–ગ્રહણવડે, વણિક વેપારવડે
પ્રાણી સુખવડે, રાજા કોશખજાનાવડે, સમુદ્ર જલવડે,
વિદ્વાન્ શાસ્ત્રવડે અને અગ્નિ કાષ્ઠવડે કદાચિત્ તૃપ્તિ પામે,
પરંતુ વારાંગના દ્રવ્યવડે કોઈ દિવસ તૃપ્ત થતી નથી, એમાં કોઈ પ્રકારનો સંશય નથી."

હજી પણ તું ધારતી હશે કે, પુત્રી વેશ્યાપણું ધારણ કરશે. એવી આશા તું હવે રાખીશ નહીં.

હે જનની ! સાવધાન થઇ મારી પ્રતિજ્ઞા તું સાંભળ. જવાલાથી જટિલ બનેલો અગ્નિ મારા શરીરને આલિંગન કરે, પરંતુ રૂપવડે કામદેવ સમાન હોય છતાંયે સુમિત્ર સિવાય અન્ય પુરુષ મને સ્પર્શ કરવાનો નથી.

આ પ્રમાણે બોલતી અને બહુ દુઃખથી હૃદયભેદક પુષ્કલ વિલાપ કરતી રતિસેનાને પોતાની જ્ઞાતિના લોકોએ મહામુશીબતે ભોજન કરાવ્યું.

છતાંયે વિરહની પીડાને લીધે તે સ્નાન કરતી નથી.

મધુર ભોજન કરતી નથી.

સારાં વસ્ત્ર પહેરતી નથી: અલંકાર ધારતી નથી.

હસવું છોડી દીધું અને બોલાવી બોલતીયે નથી.

અહો ! જાતે વેશ્યા છે, છતાં પણ ગીતાદિક રંગથી વિમુખ થઈ કુલાંગનાની માફક પ્રવૃત્તિ કરવા લાગી.

કુટ્ટિની પશ્ચાત્તાપ

કુટ્ટિની રતિસેનાની વૃદ્ધમાતા સુમિત્ર પાસેથી ચોરી લીધેલા મણિનું વિધિપૂર્વક પૂજન કરી ધનની યાચના કરવા લાગી. પરંતુ તેને આમ્નાયનું જ્ઞાન નહી હોવાથી કંઇપણ ધન મળ્યું નહીં.

મણિ ધન આપતો નથી. છેતરવાથી જમાઇ ચાલ્યો ગયો. પુત્રીએ સતીધર્મ અંગીકાર કર્યો. એમ સર્વથી ભ્રષ્ટ થયેલી વૃદ્ધા પશ્ચાત્તાપ કરવા લાગી.

તેવામાં એક દિવસ સુમિત્ર પોતાના મિત્ર વર્ગ સાથે વાર્તાલાપ કરતો હતો. પ્રસંગોપાત્ત કેટલાક આપ્ત પુરુષોએ કહ્યું

રતિસેનાગણિકા હાલમાં સતીસમાન વર્તે છે.

તે સાંભળી સુમિત્રને પોતાના મણિ ગ્રહણની પ્રતિજ્ઞા યાદ આવી.

જેથી તે શરીરે ઇંદ્રની શોભાને ધારણ કરતો,

ઘોડો બોલાવતો પોતાને પ્રસિદ્ધ કરવાની ઇચ્છાથી રતિસેનાના ઘર આગળ ગયો.

ત્યાં જતા જમાઈને જોઇ વૃદ્ધા દ્વાર આગળ આવી અને પ્રેમથી નમ્ર બની કોયલની જેમ મધુર સ્વરે બોલાવવા લાગી. સુમિત્ર પણ વૃદ્ધાને જોઇ સંભ્રાંતની માફક નમી ગયો.

પછી તે વૃદ્ધા કૃત્રિમ રુદન કરતી તેને કહેવા લાગી.

કોઇ મુસાફર પણ જલ પીવા માટે ક્ષણમાત્ર ઘરની અંદર રહે છે તેમજ એને જવાની ઘણી ઉતાવળ હોય છે, છતાં પણ પૂછ્યા વિના જતો નથી.

તમને તો બહુ ભક્તિવડે અમે હંમેશાં પ્રસન્ન રાખતાં હતાં, છતાં અમને કહ્યા વિના કેમ ચાલ્યા ગયા ?

"સજ્જનોની મૈત્રી સાત ડગલાંમાં બંધાય છે." એ જનશ્રુતિ પ્રસિદ્ધ છે,

તમને તો અમે જમાઇ કર્યા છે, છતાંયે હાલમાં સૌહાર્દનો અમલ કરતા નથી. જો કે, હિતોપદેશથી કઠોર જાણી મને તમે ગણતા નથી, પરંતુ કેવલ તમને ઉદ્દેશી જીવિતને ધારણ કરતી મારી પુત્રીને કેમ તરછોડી છે ?

મેઘથી લતા જેમ તારાથી ત્યજાયેલી મારી પુત્રી જે હાલતમાં આવી છે, તે તેનું શરીર જ કહી આપશે. બાકી હું કંઇક આપને વિદિત કરૂ છું કે,

વિરહાગ્નિવડે અત્યંત બળતું હોયને શું ? એવા હૃદયને તારી સ્ત્રી મેઘશ્રેણિની જેમ ધારાબંધ અશ્રુની વૃષ્ટિવડે સિંચન કરે છે.

પોતાના હૃદયમાં રહેલા તમને જ પરમાત્મ સ્વરૂપ જોતી અને વિયોગથી પીડાયેલી તે યોગિની સમાન આંખો મીચી બેસી રહે છે,

માટે હે વત્સ ! સ્વચ્છતા પૂર્વક અહીં આવો અને પોતાના દર્શનરૂપ રસાયનવડે મુડદાની હાલતમાં આવી પડેલી તમારી સ્ત્રીને ફરીથી પણ તમે સજીવન કરો.

સુમિત્ર ચાતુર્ય

અહો ! આ વૃદ્ધાની અંદર પ્રસન્ન કરવાની યુક્તિ, કપટ ચાતુર્ય,

છેતરવાની વિચિત્રતા અને નિર્લજ્જપણું કોઈ નવીન પ્રકારનું વિલસે છે.

જેવી આ માયાવિની છે, તેવી જ રીતે મારે પણ માયા કર્યા વિના છુટકો નથી. એમ ધારી પોતાના મનમાં નક્કી કરી તે બોલ્યો.

હે વૃદ્ધે! હું તમારી પ્રીતિ સારી રીતે જાણું છું, પરંતુ સાર્થ-સંગાથની પરાધીનતાને લીધે મારે એકદમ પ્રયાણ કરવું પડયું, તેથી તમને પૂછવાનો અવકાશ મળ્યો નહીં, તેમજ મળી શકાયું પણ નહીં.

કદાચિત્ બીજુ ભૂલી જવાય પરંતુ વજ્રલેપની માફક સચોટ તમારા કરેલા સત્કારને મારૂં હૃદય કેવી રીતે ભૂલી જાય?

એ પ્રમાણે માર્મિક એવી સુમિત્રની વાણીવડે વૃદ્ધાનું હૃદય ચકિત થઈ ગયું અને હસતે મુખે તે સુમિત્રને હાથે પકડી પોતાના ઘરમાં લઈ ગઈ.

વિલાસરૂપ તરંગોથી વંચિત, રમણીય લાવણ્ય રસવડે દુર્બલ, મલિન વસ્ત્રરૂપ સેવાલને ધારણ કરતી, ઉજ્વલ હંસ-નૂપુર=હંસપક્ષીના વિયોગને સેવતી,

ગ્રીષ્મકાલની નદી સમાન વેશ્યા છતાં પણ સતી ધર્મમાં રહેલી પ્રિયાને જોઈ,

સુમિત્રનું હૃદય આશ્ચર્યથી પુરાઈ ગયું અને પ્રેમ વાકયોવડે તેણે રતિસેનાને તુષ્ટ કરી.

સ્વામીનો સમાગમ થવાથી પ્રિયા પણ તેના રૂપ અને વચનને જોવા તથા સાંભળવા માટે બહુ આતુર થઈને નેત્ર તેમજ કાનનું બહુપણું ઈચ્છવા લાગી.

વિયોગને લીધે દ્વિગુણિતપ્રેમની સ્થિરતાને ધારણ કરતાં તેઓ બંનેનો અનુપમ સુખમય કેટલોક સમય વ્યતીત થયો.

મણિગ્રહણ ઉપાય

સુમિત્રને પોતાનો મણિ લેવાની ઈચ્છા થઈ, જેથી તેણે એક દિવસ રતિસેનાને કહ્યું.

પ્રિયે ! તું જો કોપ ન કરે તો હું કંઇક ગમ્મત કરૂં.

રતિસેના બોલી. હે સ્વામિ ! આપ પ્રાણેશ્વર છો. આપને આ પૂછવાનું હોય ખરૂં ? આ મારા પ્રાણ આપના જ છે, આપનીઇચ્છા પ્રમાણે ચેાજના કરેા.

ત્યારપછી તેણે શ્વેતાંજનથી રતિસેનાને ઊંટડી બનાવી અને વૃદ્ધા ન દેખે તેવી રીતે પ્રભાતમાં સુમિત્ર પેાતાને ઘેર ચાલ્યેા ગયેા.

બંને-જમાઇ પુત્રીના મુખપ્રક્ષાલન માટે સેાનાની ઝારી લઈ કુટ્ટિની ઉપરના માળમાં ગઇ તેા આગળ બેઠેલી ઊંટડી તેના જોવામાં આવી.

સંભ્રાંત થઇ હૃદયમાં તે વિચાર કરવા લાગી.

અરે ! આ શું થયું ? જમાઇ અને પુત્રીના સ્થાનમાં આ ઊંટડી કયાંથી આવી ?

આ ઊંટડી સત્ય નથી, પરંતુ પિશાચી અથવા કોઈ રાક્ષસીએ તે બંને સ્ત્રી પુરુષને ખાઈને આવું સ્વરૂપ ધારણ કર્યું છે.

હા જમાઈ ! હા પુત્રી ! તમે ઘરમાં રહેલાં હતાં છતાં દૈવયેાગે આ તમને શું થયું ? કારણકે; તમારા સ્થાનમાં આ ઊંટડીનેા પ્રવેશ કયાંથી થયેા ?

એમ બોલતી વૃદ્ધા અશ્રુપાત સાથે છાતી કુટતી અને રૂદન કરતી વિલાપ કરવા લાગી. તેમજ પેાતાના પરિવારને આશ્ચર્ય દેખાડવા લાગી.

દુઃખી થયેલી વૃદ્ધાને જોઈ પુરતેા વિચાર કરી પરિવારે કહ્યું.

સુમિત્ર તેા હાલમાં જ અહીંથી પેાતાને ઘેર ગયેા.

વૃદ્ધાએ જાણ્યું કે પ્રથમના અપમાનવડે વૈરશુદ્ધિની ઈચ્છાથી તે ધૂર્ત આ વિડંબના કરી અહીંથી ચાલ્યેા ગયેા.

તપાસ કરવી જોઈએ. જો એ તેને ઘેર હેાય તેા જરૂર આ કર્તવ્ય તેનું જ હેાવું જોઇએ.

"સાધારણ મૂર્ખ પણ અપમાનને સહેતેા નથી, તેા કલાવાનની તેા વાત જ શી ?" ત્યારબાદ તપાસ કરાવતાં ખબર પડી કે; સુમિત્ર પેાતાને ઘેર છે; એમ જાણી વૃદ્ધા તેના દ્વારમાં જતી હતી, તેને તેના પરિવારે રેાકી. તેના રત્નનું સ્મરણ થતાં વૃદ્ધાને નિશ્ચય થયેા,

આ અનર્થ તે ધૂર્તનો કરેલો છે.

પછી તે ક્રોધાતુર થઇ **વીરાંગદ**રાજાની આગળ ગઈ. નગર છતાં પણ હું ઘોળા દિવસે લુંટાઈ.

એ પ્રમાણે તે બહુ પોકાર કરવા લાગી.

કોણે તને લુંટી ? એમ રાજાએ પૂછયું.

ત્યારે નેત્રોમાં અશ્રુપ્રવાહને ધારણ કરતી વૃદ્ધાએ સુમિત્રનું ઊંટડી સંબંધી વૃત્તાંત જાહેર કર્યું.

સુમિત્રનૃપ સમાગમ

સુમિત્રનું નામ સાંભળવાથી રાજાને પોતાના મિત્રનું સ્મરણ થયું. ત્યારપછી ભૂપતિએ તેનો પ્રાપ્તિ દિવસ તથા તેનું રૂપ અને ઉંમર વિગેરે પણ પૂછી જોયું.

વેશ્યાના મુખથી પોતાના મિત્ર સંબંધી સર્વ હકીકત સાંભળી વીરાંગદે પોતાના સેવકો પાસે સુમિત્રને બોલાવરાવ્યો.

ઘણા દિવસે આજે રાજાનું દર્શન થશે, એમ જાણી દિવ્યભેટ લઇ સુમિત્ર રાજમંદિરમાં આવ્યો.

દૂરથી આવતા સુમિત્રને જોઇ રાજા બહુ ખુશી થયો અને ભુજાઓ સાથે આલિંગન દઈ તેણે પોતાના અર્ધાસનપર તેને બેસાડયો.

અમૃતને વરસાવનારી બંનેની ગોષ્ઠી ચાલતી હતી, તેટલામાં તે દુષ્ટા પોતાની ધૃષ્ટતાને પ્રગટ કરતી બોલી.

હે દેવ ! આપે એનું ધૂર્તપણું જોયું ? માત્ર દર્શનથી આપને પણ એણે વશ કરી લીધા. જેથી આપે એને અર્ધાસન આપ્યું. હે સ્વામિ ! મારી પુત્રીને સજ્જ કરાવીને આ ધૂર્તને આપ કાઢી મૂકો, અન્યથા તમારા નગરમાં જરૂર આ ધૂર્ત અનર્થ કર્યા વિના રહેશે નહીં.

રાજા કિંચિત્ હાસ્ય કરી બોલ્યો. હે મિત્ર ! એની પુત્રીની વિડંબના તેં કરી છે ?

સુમિત્ર બોલ્યો. કલાની પ્રસિદ્ધિ થાય અને વેશ્યાનો નાશ ન થાય તેવી યુક્તિ કરી છે.

ખિન્ન થયેલી કુટ્ટિની બોલી. અહીં ગાલ ફુલાવવાનું કંઈ કામ નથી. તારી બધીએ કલા મેં જાણી છે. જલદી મારી પુત્રીને સજ્જ કર.

સુમિત્ર બોલ્યેા. હે દુષ્ટે! જ્યાં સુધી તને ઊંટડી બનાવી નગરની વિષ્ટા ન ચરાવું, ત્યાં સુધી મારી કલા શાકામની?

રે! ચૌર્યકર્મકરનારી! નહીં તેા વેળાસર તે મારૂં રત્ન મને તું આપી દે.

તે સાંભળી રાજાએ પૂછયું. હે મિત્ર! રત્ન શાનું? તે વાત તેા કર.'

સુમિત્ર બોલ્યેા. "માર્ગની અંદર જેનાથી આપણેા સ્નાનાદિક વિધિ થયેા હતેા, તે રત્ન મારા જીવિતની માફક આ પાપિણીએ ચેારી લીધું. છે."

વીરાંગદ ક્રોધથી બોલ્યેા. રે દુષ્ટે! "ગામ પણ પેાતે બાળે અને દેાડેા દેાડેા એમ બૂમ પણ પેાતે પાડે" એ ઉક્તિ તેં સત્ય કરી. જલદી તે મણિ તું લાવ, નહિ તેા હાલ જ તારા નાક અને કાન કાપી લઈને આ નગરમાંથી તને કાઢી મૂકવામાં આવશે."

એમ રાજાનેા હુકમ સાંભળી વૃદ્ધા બહુ દીન થઈ ગઈ અને પેાતાના ભંડારમાંથી મણિ લઈ આવી. સુમિત્રને તે આપીને તેણીએ ક્ષમા માગી.

કલાવાનની આગળ બળની શી ગણતરી?

'આપણે વાર્તાલાપ પછીથી કરીશું, પ્રથમ એની પુત્રીનું ઠેકાણું પાડ, એમ કહી રાજાએ સુમિત્રને વિદાય કર્યો.

સુમિત્રે વેશ્યાને ત્યાં જઇ નેત્રેામાં કૃષ્ણઅંજન નાખી રતિસેનાનું પશુત્વ દૂર કર્યું. રતિસેનાએ પણ પેાતાની માતાનું દુશ્ચરિત્ર જાણી તેને બહુ ધિક્કારી.

પછી સુમિત્ર રતિસેનાને પેાતાના ઘેર લઈ ગયેા અને પેાતાની સ્ત્રીઓમાં રતિસેનાને તેણે મુખ્યત્વ આપ્યું.

ખરેખર આ એને સતીત્વનું ફળ મળ્યું.

વીરાંગદરાજાએ સુમિત્રને બલાત્કારે મુખ્ય મંત્રી સ્થાન આપ્યું અને પ્રેમનું ફલ પ્રગટ કરી બતાવ્યું, કારણકે સન્મૈત્રી આવી જ હોય છે.

શુન્યનગરવાસ

વીરાંગદરાજાના પૂછવાથી સુમિત્રે યક્ષે આપેલા મણિઓનું વૃત્તાંત, સ્ત્રી પ્રાપ્તિનું અને પોતાનું ચમત્કારી વૃત્તાંત નિવેદન કર્યું.

પછી તેણે વિશેષમાં જણાવ્યું કે, સુભદ્રનગર હાલમાં શૂન્ય-ઉજજડ થયેલું છે. તે જો વસાવવામાં આવે તો લક્ષ્મીથી ભરપુર તે રાજ્ય આપણા સ્વાધીન થાય.

તારૂં કહેવું સત્ય છે, એમ કહી ભૂપતિએ આજ્ઞા કરી કે તરત જ સુમિત્ર અનેક લશ્કર સાથે તૈયાર થઈ તે નગરમાં ગયો.

રાક્ષસે કાઢી મૂકેલા સર્વ નગરવાસીઓ તેજ નગરની આસપાસ રહેતા હતા. તેમને ત્યાં બોલાવીને ન્યાયનિષ્ઠ સુમિત્રે તે નગરને ફરીથી વસાવ્યું.

તેમજ તે સર્વદેશમાં પણ શ્રીવીરાંગદ રાજાની આજ્ઞા પોતાની કીર્તિ સાથે તેણે સુખેથી સ્થિર કરી.

તે રાજ્યની અંદર એક અધિકારી મૂકી ત્યાંનો કેટલોક સારભૂત બાજનો લઈ, સુમિત્રમંત્રી વીરાંગદની પાસે આવ્યો અને દિવ્ય ભેટો-વડે તેને બહુ ખુશ કર્યો.

સુમિત્રમંત્રીના વિચારવડે વીરાંગદ રાજાએ દુઃસાધ્ય એવા પણ શત્રુઓને માંત્રિક-મંત્રવેદી સર્પાદિકની જેમ અનાયાસે પોતાના સ્વાધીન કર્યા.

બલવાન એવા પણ સીમાડાના રાજાઓ કોઈ દિવસ વીરાંગદની આજ્ઞાનું નાગેંદ્રની આજ્ઞાનું ભોગીંદ્રો જેમ અપમાન કરતા નહોતા. તેમજ તેના રાજ્યમાં ભીતિ, દુર્ભિક્ષ, દુષ્કર્મ અને પરચક્રનો સમાગમ કથાની અંદર જ લોકો સાંભળતા હતા, પરંતુ દૃષ્ટિ ગોચર થતો નહોતો.

સુપુત્રો હેમાંગદ અને સુબુદ્ધિ

વીરાંગદરાજા અને સુમિત્રમંત્રીને પણ પોતાના પ્રતિબિંબ સમાન બે પુત્ર થયા.

રાજકુમારનું હેમાંગદ અને મંત્રીસુતનું સુબુદ્ધિ નામ પડયું.

એક દિવસ વીરાંગદરાજા મંત્રી સાથે રાજપાટીમાં જતો હતો. ત્યાં લક્ષ્મીવડે સુંદર અને વિશાલ એક આમ્રવૃક્ષની છાયામાં સ્વેચ્છા પ્રમાણે બેઠેલું અને શ્રીમદ્‌પાર્શ્વપ્રભુના ગુણગ્રામની સુંદરતા ભરેલા ગીતનું ગાયન કરતું કિંનરનું જોડલું તેના જોવામાં આવ્યું.

તેના કંઠની મધુરતા અને જિનેંદ્ર ભગવાનના પવિત્ર ગીતાવડે અનહદ આનંદનો અનુભવ કરતો વીરાંગદરાજા ક્ષણમાત્ર નિષ્પંદ સમાન સ્થિર થઈ ગયો.

પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે; પ્રભુ સંબંધી ગીત અને વાદિત્રમાં અનંત પુણ્ય થાય છે. એ શ્રુતિ ખરેખર સત્ય છે, જેથી પોતાનું અને બીજા શ્રોતાઓનું પણ મન સ્થિર થાય છે.

ત્યારપછી વીરાંગદરાજાએ પોતાના અંગનાં આભરણો વડે તે કિંનરના જોડલાને અલંકૃત કરી હાલમાં **શ્રીપાર્શ્વ**પ્રભુ કયાં વિરાજે છે ? એમ પૂછયું, ત્યારે કિંનર બોલ્યો.

હે દેવ ! આ આપના નગરથી સોલ યોજન દૂર શ્રીપાર્શ્વપ્રભુ ચરણ કમળવડે ભૂમિને પવિત્ર કરતા વિચરે છે.

ફરીથી વીરાંગદ વિચારવા લાગ્યો. અહો ! તે દેશ ધન્યવાદને લાયક છે, કે જેની અંદર **અશ્વસેન** રાજાના પુત્ર શ્રીપાર્શ્વનાથ ભગવાન પોતે જંગમ તીર્થરૂપ વિરાજે છે.

વળી જેઓ સભામાં બેસીને ભગવાનના વ્યાખ્યાનરૂપ અમૃતરસનું તૃપ્તિ પર્યંત પાન કરે છે. તે મનુષ્યો પણ શુદ્ધમનવાળા દેવ સમાન થાય છે.

રાજ્યશ્રીરૂપ મદિરાના પાનથી મત્તની માફક હું હંમેશાં પોતાને પણ ઓળખતો નથી, તો પ્રભુ નમનની ઇચ્છાની તો વાત જ શી ? માટે હું પોતે ત્યાં જાઉં અને તેમની સેવારૂપ રસ વડે અતિક્ષીણ થયેલા પોતાના પુણ્ય શરીરને હાલમાં પુષ્ટ કરું.

પ્રભુદર્શન

મંત્રીઓને રાજ્યકાર્ય સોંપી સૈન્યસહિત વીરાંગદ નરેશ સુમિત્રને સાથે લઇ શ્રીપાર્શ્વનાથભગવાનના દર્શન માટે નીકળ્યો.

માર્ગમાં ચાલતાં હાથીઓના મદજળવડે જાનુ-ઢીંચણ પ્રમાણ નદીઓને નાવથી તરવા લાયક કરતો, તેમજ અગાધ જલવાળી દુસ્તર નદીઓને પ્રબલ સૈન્યથી ઉખડેલી ધુળના પુંજવડે સુખે તરવાલાયક કરતો અને શ્રીપાર્શ્વનાથ ભગવાનની સેવાના ઉત્સાહથી સત્વર ગતિ કરતો વીરાંગદરાજા કોઈ વનની અંદર સૈન્યનો પડાવ કરી રહ્યો.

તેવામાં ત્યાં અકસ્માત્ દવ લાગ્યો. જેની જવાલાઓ ચારે તરફ ફેલાઈ ગઈ અને ક્ષણ માત્રમાં ભક્ષ્ય પદાર્થને ખાવા માટે ભક્ષકની જેમ તે દાવાનલે વનપ્રદેશના ઘાસને બાળવા માટે પ્રારંભ કર્યો.

લીલાં વૃક્ષો પણ બળવા લાગ્યાં. જેમાંથી નીકળતા ધૂમાડાઓ આકાશમાં છવાઈ ગયા અને એટલું બધું આકાશ શ્યામ થયું કે; જેની કાળાશ હજુ સુધી પણ જતી નથી, એમ હું માનું છું.

તેમજ દાવાનળવડે બળતું તે વન ફટોફટ ફાટતા વાંસડાઓના શબ્દોવડે પોકાર કરતું હોય, તેમ ચારે તરફ દેખાતું હતું.

દ્વીપના મધ્યભાગમાં રહેલા માણસને ઉછળતા સમુદ્રના પૂરની જેમ સર્વત્ર પ્રસરી ગયેલા દાવાનલે રાજાના સૈન્યને રોકયું.

ચારે દિશાઓમાં અગ્નિની જવાલાઓ આકાશ માર્ગે પ્રસરી ગયે છતે શોણિતપુરમાં રહેલા લોકોની માફક રાજસૈનિકો શોભવા લાગ્યા.

જ્યારે ચારે તરફ અગ્નિ પ્રસરી ગયો, ત્યારે સૈન્યના લોકોએ બહાર નીકળવા માટે ઘણાંએ ફાંફાં માર્યાં, પરંતુ નીકળવાની શકિત રહી નહીં અને ત્યાંને ત્યાં જ સંભ્રાંત થઈ તેઓ આવર્ત્તજળની માફક ફરવા લાગ્યા. અગ્નિવડે પીડાતા સૈનિકોના પ્રસરી ગયેલા આકંદ સાંભળી રાજા બહુ દુઃખી થયો અને મનમાં વિચાર કરવા લાગ્યો.

હું બહુ ભાવથી શ્રીપાર્શ્વનાથપ્રભુને વાંદવા માટે જાઉં છું. તેમાં અંતરાય કરનારની માફક આ દાવાનલ બાળવાની ઈચ્છા કરે છે. તો પ્રભુની ભકિત કરનાર કોઇ પણ શાસનદેવી એવી સમર્થ નથી કે જે ક્ષણમાત્રમાં પવનસમૂહથી ધુળની જેમ શ્રાવકોના કલેશને દૂર કરે.

એમ વીરાંગદ ધ્યાન કરતો હતો, તે જ વખતે શુદ્ધ હૃદયથી

પદ્માવતી દેવી પ્રગટ થઈ અને નવીન ઉપસર્ગહરસ્તોત્ર બનાવી રાજાને આપી તેણીએ કહ્યું.

ચિંતામણિનામના મંત્રસહિત આ પાર્શ્વસ્તવનનું તું સ્મરણ કર. મેઘશ્રેણિવડે જેમ એના સ્મરણવડે જલદી દાવાનલ શાંત થઈ જશે.

રાજાએ તે પ્રમાણે કરે છતે એકદમ દાવાનલ શાંત થઈ ગયો. અંધકારને જેમ સૂર્ય તેમ શ્રીપાર્શ્વપ્રભુનું નામ પણ વિઘ્નને હણે છે.

શ્રદ્ધામય હૃદયને ધારણ કરતો રાજા ત્યાંથી નીકળ્યો અને નાગપુરમાં પ્રભુને જાણી બહુ ઝડપથી ત્યાં ગયો.

ત્યાં આગળ સર્વ વિમાનલક્ષ્મીના ક્ષરણવડે નિર્માણક રેલાની માફક દીવ્ય શોભામય, રજત, સુવર્ણ અને મણિમય ત્રણ કિલ્લાઓથી વિભૂષિત,

દેવ–સત્પુરૂષના વૃંદવડે સમન્વિત અને ત્રણે લોકના રક્ષાયંત્ર સમાન સમવસરણમાં બેઠેલા શ્રીપાર્શ્વનાથભગવાનનાં દર્શન કરી ભૂપતિ ચંદ્રને ચકોર જેમ, મેઘને મયૂર જેમ અને દ્રવ્યને જોઈ દરિદ્રી જેમ બહુ આનંદ પામ્યો.

બાદ ભક્તિવડે પ્રભુની પ્રદક્ષિણા કરી તેમજ બહુ આનંદથી કંઠ સુધી પૂરાઈ ગયેલા રાજાએ ઇંદ્રની માફક સ્તુતિનો પ્રારંભ કર્યો.

त्रिभुवनविभो ! तानि व्यर्थान्यहानि ममागमं–
स्तव पदयुगोपास्तिः स्वस्तिप्रदाऽजनि यत्र न !
अहमिदमहर्मन्ये धन्यं यदत्र मयाऽचिरात्,
सुरतरुरिव श्रेष्ठो दृष्टस्त्वमिष्टफलप्रदः ॥ १ ॥

"હે ત્રિભુવનપતે ! જે દિવસોમાં કલ્યાણકારી આપના ચરણકમલની સેવા મને ન હોતી, તે બધાયે દિવસો મારા વ્યર્થ ગયા. તેમજ અહીં અકસ્માત કલ્પવૃક્ષ સમાન ઉત્તમ ઇષ્ટફલ આપનાર આપનાં જે દર્શન થયાં, તેથી આ દિવસને હું ધન્ય માનું છું;"–

स्मृतिरपि तव स्वामिन् ! कलृप्ता ममाशु निरासुषी,
पथि पृथुदवज्वालाजालं दिधक्षुतयाऽऽपतत् ।
त्वमसि भगवन् ! भाग्यैर्लब्धोऽधुना स्तनयित्नुवद्,
भवदवभवं तापव्यापं समापय सर्वतः ॥ १ ॥

"હે સ્વામિ! આપ સંબંધી કલ્પેલી મારી સ્મૃતિએ પણ માર્ગમાં બાળવાની ઇચ્છાવડે પ્રગટ થયેલી વિશાલ દાવાનલની જ્વાલાઓને ક્ષણમાત્રમાં નિવૃત્ત કરી છે.

હે ભગવન્! હાલમાં મહાન્ ભાગ્યબલવડે આપ પ્રાપ્ત થયા છો, માટે મેઘની માફક સંસારરૂપ અગ્નિથી પ્રગટ થયેલ અમારા તાપ પ્રબંધને સર્વથા આપ દૂર કરો."

એ પ્રમાણે સ્તુતિ કરી ફરીથી નમસ્કાર કરી વીરાંગદરાજા સભાની આગળ હાથ જોડી બેઠો.

ધર્મદેશના

ત્યારબાદ અશ્વસેનરાજાના પુત્ર શ્રીપાર્શ્વનાથ ભગવાને ધર્મદેશનાનો પ્રારંભ કર્યો,

દેહઃ સૈકતગેહવત્ તરુણતા શૈલાપગાપૂરવ–
લક્ષ્મીઃ સ્ત્રૈણકટાક્ષવત્ પ્રણયિનીસંગસ્તડિદ્દણ્ડવત્ ।
ઐશ્વર્યં ખલમૈત્ર્યવત્ પરિજનસ્નેહઃ પતાકાગ્રવત્,
સૌખ્યં વારિતરંગવચ્છ્વસિતમપ્યંભોદ્વચ્ચઞ્ચલમ્ ॥ ૧ ॥

"રેતીના ઘરસમાન દેહ છે. પર્વતમાંથી નીકળતી નદીના પૂર સમાન યૌવન છે.

સ્ત્રીઓના કટાક્ષ સમાન લક્ષ્મી છે. વીજળીના ચમકારા સમાન સ્ત્રી સંગતિ છે.

ખુલપુરુષની મૈત્રીસમાન ઐશ્વર્ય છે. પતાકાના અગ્રસમાન પરિવારનો સ્નેહ છે.

જળતરંગસમાન આ દુનિયાનું સુખ છે તેમજ જીવન પણ મેઘની માફક ચંચલ છે."

માટે બૌદ્ધમતની માફક સર્વ જગત્ને ક્ષણિક જાણીને અક્ષયનિધાન સમાન એક ધર્મનું જ તમે આરાધન કરો.

જલવડે વૃક્ષ જેમ નિઃસીમ સુખને પ્રગટ કરનાર બંને લોકનો મહાન્ ઉદય માત્ર એક ધર્મવડે જ ઉલ્લાસ પામે છે.

આ લોકમાં મોટો વૈભવ અને વિશાલ કુટુંબ ભલે હોય, પરંતુ ભવાંતરમાં સહાય કરનાર તો માત્ર ધર્મ જ થાય છે.

દેવપૂજા, દયા, દાન અને શુભધ્યાન વિગેરે પૂર્વભવમાં કરેલા સુકૃતનું જ આ ભવમાં તમને ફલ મળ્યું છે.

હાલમાં પણ તેવો અપૂર્વ પુણ્યયોગ કોઈપણ પ્રાપ્ત કરો, જેથી વિમોહિત થઈને મુક્તિસ્ત્રી તમારી નજીકમાં આવે.

શિવસુખ પ્રાપ્તિ

એ પ્રમાણે ધર્મોપદેશ આપી **શ્રીપાર્શ્વનાથ**પ્રભુ વિરામ પામ્યા. પ્રભુની દેશનામૃતનું પાન કરી સુમિત્ર સહિત શ્રીવીરાંગદરાજાએ દ્વાદશ-વ્રતમય શ્રાવકના વિશુદ્ધ ધર્મનો સ્વીકાર કર્યો.

ચિંતામણિ સમાન શ્રાદ્ધધર્મની પ્રાપ્તિ થવાથી ભૂપતિ બહુ જ પ્રસન્ન થયો અને જિનેંદ્ર ભગવાનને નમસ્કાર કરી મહાશાલનામે પોતાના નગરમાં ગયો.

બાદ રાજા અને અમાત્ય બંનેએ અનેક ઉત્તુંગ મનોહર જિન-ચૈત્યો બંધાવ્યા. અનેક પ્રકારના ભયવિનાશકના જિનેંદ્રબિંબો ભરાવ્યા.

તેમજ પવિત્ર તીર્થયાત્રાઓ, પોતાના દેશમાં હિંસાનિવારણ, જિનમંદિરોમાં ઉત્તમ પ્રકારની પૂજાઓ અને સાધર્મિકજનોની સેવા વિગેરે ધર્મકાર્યોમાં તત્પર થયા.

બાદ બહુ સમય રાજ્ય ભોગવી વીરાંગદનૃપ અને સુમિત્ર મંત્રીએ પોતપોતાના પુત્રોને પોતાના સ્થાનમાં બેસારી જિનમંદિરોમાં અષ્ટા-હ્નિક મહોત્સવ કરાવ્યા અને બંને જણાએ બહુ આનંદ પૂર્વક **શ્રીમદ્દેવેંદ્ર**-સૂરીશ્વરની પાસે મોક્ષલક્ષ્મીની પર્યાલોચના સમાન દીક્ષા ગ્રહણ કરી.

શુદ્ધભાવપૂર્વક તપશ્ચર્યા કરવા લાગ્યા. તપશ્ચરણરૂપ પ્રદીપ્ત દાવાનલવડે કુકર્મરૂપી અરણ્યને ટુંક સમયમાં ભસ્મ કરી **કેવલજ્ઞાન** પામ્યા.

અપૂર્વ આનંદથી પ્રેરાયેલા દેવોએ સ્વર્ગમાંથી આવી મહોત્સવ કર્યો.

વીરાંગદરાજર્ષિ મિત્રસહિત શિવસુખ પામ્યા.

માટે હે કુમારપાલભૂપાલ ! આ વીરાંગદરાજાના દૃષ્ટાંતથી રાજ્યાદિક એ સદ્ધર્મનું ફલ છે, એમ જાણી હમેશાં સત્યતાપૂર્વક તે ધર્મનું જ તું પાલન કર, જેથી મોક્ષ લક્ષ્મી સુલભ થાય.

પુણ્યદ્રોઃ ફલમાવેદ્ય, તન્મૂલમથ જલ્પિતુમ્ ।
હેમાચાર્યોઽભ્યધાદ્ભૂય–શ્ચૌલુક્યનૃપતિં પ્રતિ ॥ ૧ ॥

સમરસિંહરાજા.

" શ્રીમાન હેમચંદ્રસૂરિએ પુણ્યરૂપી વૃક્ષનું ફલ નિવેદન કર્યું. હવે–પુણ્યદ્રુમનું મૂળ કહેવા માટે ફરીથી કુમારપાલરાજા પ્રત્યે આરંભ કર્યો."

અંકુરના ઉત્તમબીજની માફક પુણ્યનું મૂળ દયા છે,

પૃથ્વીઆદિકની માફક સત્ય વિગેરે તેને સહાય આપનાર છે. દીન, હણાતા અને ભયમાં આવી પડેલા પ્રાણીઓનું પોતાના પ્રાણની માફક રક્ષણ કરવું, તે કારૂણ્ય–દયાધર્મ કહેવાય છે.

કલ્યાણ રૂપી વલ્લીઓનો કંદ, સર્વવ્રત સંપાદકોના પ્રાણ સમાન અને સંસારસમુદ્રની નૌકાપણ દયા કહેલી છે.

તેમજ આ દુનિયામાં અદ્ભુત વૈભવદાયક દયાધર્મ કહેલો છે. વળી તે દયા મનુષ્યોને દીર્ઘાયુષ આપે છે. શરીરને આરોગ્ય આપે છે. દેવાંગનાઓને ભોગવવા લાયક ભાગ્ય આપે છે.

તેમજ જગતમાં ઉત્તમ પ્રકારના ગુણ, અખંડિત બલ, સમૃદ્ધિમય રાજ્ય, ચંદ્રસમાન ઉજ્વલ યશ અને છેવટે સ્વર્ગ તથા મોક્ષ સંપત્તિ આપે છે.

આ દયાધર્મ સર્વલોકોને સંમત છે. કેવળ જૈનો જ માને છે એમ નથી, પરતીર્થિકો પણ દયાધર્મને સ્વીકારે છે. વળી તેઓ કહે છે કે;–

એકતઃ ક્રતવઃ સર્વે, ક્ષોણીસર્વસ્વદક્ષિણાઃ ।
અન્યતો ભયભીતસ્ય, પ્રાણિનઃ પ્રાણરક્ષણમ્ ॥ ૧ ॥

"એક તરફ પૃથ્વીરૂપ સર્વસ્વદક્ષિણાવાળા સર્વે યજ્ઞો અને અન્ય બાજુએ ભયમાં આવી પડેલા પ્રાણીનો બચાવ કરવો, તે બંને સમાન છે."

વળી તેઓ કહે છે કે, "હે ભારત! પ્રાણીઓની દયા જે કાર્ય કરે છે, તે સર્વ વેદ, સર્વે યજ્ઞ અને સર્વે તીર્થાભિષેકો પણ કરી શકતા નથી."

હંમેશાં સેવન કરાતી કલ્પવલ્લી સમાન આ કરૂણા-દયા **પુણ્યસારની** જેમ અપૂર્વ સમીહિત-ઈચ્છિતને આપે છે.

આ જંબૂદ્વીપમાં **ભરતક્ષેત્રની** સંપત્તિનું **વિભૂષણ શ્રીગોપગિરિ** નામે સ્વર્ગપુરી સમાન નગર છે.

આ નગરમાં **સમરસિંહ** નામે રાજા હતો, બલવડે શત્રુરૂપ હાથીઓને હઠાવવામાં તે સાક્ષાત્ સિંહ સમાન હતો.

તેની કીર્તિરૂપ કાંતિ આગળ કર્પૂર કસ્તૂરી સમાન શ્યામ, હંસ વાદળા સમાન, મૌક્તિકશ્રેણિ નીલમ રત્ન સમાન,

ચંદ્રકાંતમણિ લોહચુંબક સમાન, ચંદ્ર કાજળના બિંદુ સમાન, ગંગા નદી યમુના સમાન અને શંભુ કૃષ્ણ સમાન દીપતા હતા.

દિવ્યલક્ષ્મીને ધારણ કરતા તે સમરસિંહરાજાને **સમરશ્રી** નામે સ્ત્રી હતી. તેના શરીરનો વિકાસ લક્ષ્મીસમાન નિરવધિ હતો.

પવિત્ર બુદ્ધિમાન **બુદ્ધિસાર** નામે તેનો મંત્રી હતો. અરેખર હું જાણું છું કે; જેની બુદ્ધિથી જીતાયેલો ગુરુ-બૃહસ્પતિ આકાશમાં રહ્યો છે.

વળી તેજ નગરમાં ઉત્તમ ગુણવાન **ધનસાર** નામે શ્રેષ્ઠી હતો. તે દરેક વેપારીવર્ગમાં મુખ્ય હતો. વિશેષ સ્ફૂર્ત્તિમય જેની કીર્ત્તિ અને સંપત્તિઓ પણ સર્વદિશાઓમાં વ્યાપ્ત થઈ હતી. અને પરસ્પર એક બીજીની સ્પર્ધા કરતી હોય તેમ પ્રતિદિવસ તેઓ વધતી હતી.

સુંદર કાંતિમય **ધનશ્રી** નામે તેની સ્ત્રી હતી. પોતાની કાંતિવડે લાવણ્ય સંપદાઓની અધિષ્ઠાત્રી દેવી હોય ને શું ? તેમ તે દીપતી હતી. રતિ અને કામદેવ સમાન અખંડ સુખ ભોગવતાં તેઓનો આનંદ દાયક કેટલોક સમય ચાલ્યો ગયો.

એક દિવસ અપત્ય–સંતાનની ચિંતારૂપ અગ્નિવડે તપી ગયેલ બંને સ્ત્રી પુરુષ 'અગણ્ય પુણ્યથી સર્વસિદ્ધિ થાય છે' એવા નિર્ણયથી અમારિ–હિંસાનિષેધ, બંદીમોચન, ચૈત્યવિધાન અને દેવપૂજન આદિક પોતાના ચિત્તની માફક વિશુદ્ધ અને અતિશય ધર્મારાધન કરતાં હતાં.

તેના પ્રભાવથી ધનશ્રી અને ધનસારને એક પુત્ર થયો. શરીરની કાંતિવડે જાણે બીજો કામદેવ હોય તેમ તે શોભતો હતો.

પુણ્યસાર અને મદનવતી

પ્રથમ પુત્ર નહીં હોવાથી ધનસાર અને ધનશ્રીને પુત્ર થવાવડે જે હર્ષ થયો, તેની આગળ સમુદ્ર પણ ગોષ્પદ સમાન હું માનું છું.

બાદ માતાપિતાએ પોતાની શક્તિ પ્રમાણે પુત્ર જન્મનો મહોત્સવ કરાવ્યો. પુણ્યસારવડે પુત્રનો જન્મ થવાથી **પુણ્યસાર** તેનું નામ પાડયું.

જ્યારે શ્રેષ્ઠીને ત્યાં પુત્ર જન્મ્યો, તેજ દિવસે સમરસિંહરાજાને ત્યાં પણ પુત્રીનો જન્મ થયો. ભૂપતિએ **મદનવતી** તેનું નામ પાડયું. ચંદ્રકલા જેમ પ્રતિદિવસે તે અધિકાધિક દીપવા લાગી.

બાલ્યવયમાં પણ તેણીની રૂપ સંપત્તિ જોઈ ચમત્કાર પામેલા કયા પુરુષો હર્ષાવેશને લીધે મસ્તકોને ન ધૂણાવતા ?

ત્યારબાદ રાજા અને શ્રેષ્ઠીએ પોતાની પુત્રી અને પુત્રને એક જ ઉપાધ્યાયની પાસે વિદ્યાભ્યાસ માટે મૂકયાં. સ્ત્રીજાતિ હોવાથી સરસ્વતીએ કરેલા સાંનિધ્યથી જેમ મદનવતી ટુંક મુદ્દતમાં શાસ્ત્ર સમુદ્રની પાર ગામી થઇ.

પુણ્યસારકુમાર તો બાલ્યચાપલ્યની ક્રીડાઓવડે અભ્યાસથી કંટાળેલો હોવાથી કંઈપણ હોંશીયાર થયો નહીં.

એક દિવસ કંઈક યૌવનવયમાં આવેલો શ્રેષ્ઠીપુત્ર–પુણ્યસાર તરૂણ અવસ્થાથી શોભતી મદનવતીને જોઈ કામાતુર થઈ ગયો અને તે બોલ્યો.

હે રાજસુતે! હું માનુ છું કે, નેત્રોને આનંદ આપનારી ખરે-અર તું જ છે. જેની રૂપ સમૃદ્ધિ અમૃતની જ્યોતસમાન વૃદ્ધિપામે છે.

ઇંદ્રના હજાર નેત્રોથી પણ હું મારાં બંને નેત્રોને ઉત્કૃષ્ટ જાણું છું, કારણ કે; ઇંદ્રનાં સહસ્ર નેત્રોએ નહી જોએલી તને મારાં બે નેત્ર ક્ષુધાતુરની માફક વારંવાર જુએ છે.

કોઈ ઠેકાણે રૂપ હોય છે, તો કોઈ ઠેકાણે કલા હોય છે અને તારામાં તો એ બંને રહ્યાં છે. સૌરભ્ય અને સૌકુમાર્ય તો ખરેખર માલતીમાં જ હોય છે, માટે તું મારી ઉપર પ્રસન્ન થા.

ઉત્કટ કામની પીડારૂપ સમુદ્રમાં હું ડૂબું છું, તો હાથ પકડી જલદી તું મારો ઉદ્ધાર કર. રાત્રી અને ચંદ્રની માફક આપણા બંનેની પ્રીતિ હંમેશાં સંયોગવડે જેવી રીતે વૃદ્ધિ પામે તેમ તું કર

એમ પુણ્યસારનું વચન સાંભળી મદનવતી પોતાની નાસિક વક્ર કરી અપમાનને જાહેર કરતી અને પોતાની હોંશીયારીવડે જગતને તૃણસમાન ગણતી હોય તેમ તે બોલી,

રે મૂર્ખ ! હું જાણું છું કે; હાલમાં સઘળી જડતા તારામાં જ ભરાઈ ગઈ છે. કારણ કે; તું પોતાનો અને પરનો વિચાર કર્યા સિવાય એકદમ આવા ઉદ્ગાર કાઢે છે.

વિદુષી એવી હું રાજસુતા કયાં ? અને મૂર્ખ એવો તું વણિ-કપુત્ર કયાં ? માટે હંસી અને કાગડાની માફક આપણા બંનેનો યોગ કેવી રીતે સંભવે ?

જો કે, પરણ્યા વિનાની સ્ત્રી સારી, પરંતુ મૂર્ખ પતિને સ્વાધિન થયેલી સ્ત્રીનો જન્મ વૃથા છે. કારણ કે; શૂન્ય મકાન સારૂં, પણ ચોરોની વસ્તીવાળું સ્થાન સર્વથા સારૂં નથી.

પાષાણ સમાન મૂર્ખપતિને પોતાને ગળે બાંધી કઇ ડાહી સ્ત્રી દુઃખ સાગરમાં પોતાને ડૂબાડે ? એ પ્રમાણે મદનવતીના તિરસ્કારથી પ્રચંડ જલવૃષ્ટિવડે કમલોનો સમૂહ જેમ પુણ્યસાર બહુ દુઃખી થયો.

પુણ્યસારના સમજવામાં આવ્યું કે; મારી જડતાને લીધે

મદનવતીએ મારૂં અપમાન કર્યું, માટે હવે સરસ્વતીનું આરાધન કરી વિદ્યા પ્રાપ્ત કરવી. એવો નિશ્ચય કરી તેણે ત્રણ દિવસના ઉપવાસ કર્યા. પુષ્પ અને કર્પૂર આદિકવડે નગરની બહાર રહેલી વિદ્યા અધિષ્ઠાત્રીદેવીનું આરાધન કર્યું.

મૂર્તિમતી સર્વવિદ્યા હોયને શું ? તેમ પ્રત્યક્ષ થઈ **સરસ્વતી** દેવી બોલી.

હે વત્સ ! તારી ઉપર હું પ્રસન્ન થઈ છું. બોલ ! તને શું આપું.

પુણ્યસારે દેવીને નમસ્કાર કર્યો અને મદનવતીએ કરેલા અપમાનનું સર્વ વૃત્તાંત નિવેદન કર્યા બાદ તેની પ્રાપ્તિ કરાવનારી અનવદ્ય વિદ્યાની યાચના કરી.

હે સરસ્વતી બોલી. સુભગ ! તારૂ પુણ્ય બહુ મોટું છે, માટે તે પુણ્યને લીધે અભ્યાસથી જેમ પાંડિત્ય જેમ તારો મનોરથ સિદ્ધ થશે. એમ કહી તેણીએ એક શ્લોક કહ્યો.

" यदाशाया न विषयं, दुर्घटं च जनेन यत् ।
तदप्यारोपयत्याशु, प्राक्तू पुण्यं प्राणिनां करे ॥ १ ॥"

" પ્રાચીન પુણ્યનો પ્રભાવ એવો છે કે; જેની આશા પણ ન થઈ શકે તેમજ જે પ્રાણીઓને દુર્ઘટ હોય તેવી વસ્તુ પણ અનાયાસે જલદી મનુષ્યોના હસ્તગોચર થાય છે."

આ શ્લોકનું હંમેશાં તારે હૃદયમાં ધ્યાન કરવું.

એમ કહી દેવી અદૃશ્ય થઈ ગઈ.

અને પુણ્યસાર પણ પોતાને ઘેર ગયો.

સ્વાર્થ સાધવામાં સમર્થ એવા તે શ્લોકનો અર્થ સારી રીતે વિચારીને પુણ્યસાર હંમેશાં કમલમાં જેમ રાજહંસ તેમ પુણ્યમાં જ આનંદ માનતો હતો. એમ કેટલોક સમય તેનો વ્યતીત થયો.

ત્યારપછી તે વિટપુરુષોના સમાગમથી તેમની સાથે ફરતો અને નગરની અંદર વિવિધ પ્રકારનાં કૌતુક જોવા લાગ્યો.

તેમજ વિટપુરુષોની સાથે રહેવું, ખેલવું, ફરવું, હસવું, આવું, પીવું, મળવું અને વાતચિત વિગેરેમાં પ્રાયે સમય ગાળતો પણ પોતાને ઘેર આવતો ન હતો.

વિટપુરુષોએ એક દિવસ તેનો બહુ સત્કાર કર્યો એટલે પુણ્યસારના મનમાં આવ્યું કે, મારે પણ આ લોકોનો સત્કાર કરવો જોઈએ.

પોતાની પાસે કંઈપણ દ્રવ્ય નહોતું, તેથી તેણે પોતાની માતાનો હાર ચોરી લીધો.

ધનશ્રીએ હારની તપાસ કરી, પણ કોઈ જગ્યાએ તેનો પત્તા લાગ્યો નહીં, તેમજ પોતાના પુત્રે તે લીધો છે, એવી ભ્રાંતિ પણ તેણીના મનમાં થઈ નહીં.

ફરીથી પણ તેવા કારણને લીધે હજાર સોનૈયા તેણે પોતાના ઘરમાંથી ચોરી લીધા. કારણ કે, જેણે એક વખત ચોરી વિગેરેનો સ્વાદ લીધો હોય છે, તે ફરીથી અટકતો નથી.

હાર અને ધનની ચોરી જાણી ધનસાર બહુ દુઃખી થયો. પછી તેણે પોતાના નોકરોને બોલાવી તિરસ્કાર પૂર્વક ધમકી આપીને પૂછયું. બોલો આ ચોરી કોણે કરી છે? તમારામાંથી કોઇ પણ માણસે આ ચોરી કરેલી છે. માટે સત્ય હકીકત જલદી કહો.

પુણ્યસાર તિરસ્કાર

પુણ્યસારે આ ચોરી કરેલી તે બાબત એક તેના સેવકના જાણવામાં હતી, તેથી તેણે કહ્યું. હે શ્રેષ્ઠિ! આ બંને પ્રકારની ચોરી તમારા પુત્રે કરી છે.

તે સાંભળતાં જ ધનસારને ક્રોધ આવી ગયો. પુત્રને તરત જ પોતાની પાસે બોલાવ્યો. અતિ રોષથી તાપી ગયો હોય, તેમ પરુષ વાણીમાં કહ્યું.

રે અનાર્ય! પંડિત પાસે તને કલાભ્યાસ માટે મૂકયો હતો, તેનો સર્વથા ત્યાગ કરી વિટપુરુષો સાથે તું ફરતાં શિખ્યો. રે! શું આવો ચોર થઇ ગયો?

વિટપુરુષો ખરેખર વટવૃક્ષસમાન કહ્યા છે. કુલીન-શ્રેષ્ઠિ એવા પણ તેઓ સત્પુરુષોને સેવવા લાયક નથી. કારણ કે, તેઓ કિંપુરુષ-ખરાબ પુરુષ=યક્ષોને સેવવા લાયક કહ્યા છે. માટે તેવા બાર પુરુષોની સંગતિનો સર્વથા ત્યાગ કરવો ઉચિત છે.

याञ्चा चेत् किमु लाघवेन ? जडता चेच्छून्यभावेन किं ?
लोभश्चेदुरितेन किं ? धनमदश्चेत्सीधुपानेन किम् ? ।
मोहश्चेन्निगडेन किं ? व्यसनिता चेत् पारवश्येन किं ?.
नैःस्व्यं चेन्मरणेन किं ? विटरतिश्चेदस्त्यमार्गेण किम् ? ॥१॥

" પુરુષની અંદર જો યાચના હોય તો લઘુતાવડે શું ?
કદાચિત્ જડતા હોય તો શૂન્ય ભાવથી શું ?
લોભ હોય તો પાપ વડે શું ?
ધનનો મદ હોય તો મદ્યપાનવડે શું ?
મોહ હોય ત્યાં બેડીથી શું ?
વ્યસન હોય ત્યાં પરવશપણાથી શું ?
દરિદ્રતા હોય તો પછી મરણ શું ?
તેમજ વિટપુરુષો સાથે પ્રીતિ હોય તો કુમાર્ગવડે શું ?
ઉત્તમપુરુષ પણ કુસંગવડે અધમ અવસ્થામાં જરૂર દોરાય છે.
મદિરાના ઘડામાં ભરેલું પાણી શું અપવિત્ર નથી થતું ?

અરે ! આજ સુધી મારા ઘરમાં કોઈ નોકરોએ પણ જે ન કરેલું તે ચૌર્યકર્મ તેં પુત્ર થઈને કર્યું, તને કંઈપણ શરમ ન આવી નહીં ?

કેટલાક પુત્રો સુવર્ણના પુષ્પોવડે પોતાની માતાને પૂજે છે અને તેં તો તેનો હાર ચોરી લીધો, તારા સત્પુત્રપણાને ધિક્કાર છે.

હાર અને સોનૈયા આપ્યા સિવાય તારે મારા ઘરની અંદર આવવું નહીં. એ પ્રમાણે પિતાનો તિરસ્કાર સાંભળી પુણ્યસારનું મુખ મષીસમાન શ્યામ થઈ ગયું અને તેજ વખતે ઘરમાંથી નીકળી તે વિચાર કરવા લાગ્યો.

મારા જીવિતને ધિક્કાર છે. પોતાના ઘરમાં મેં કલેશ ઉત્પન્ન કર્યો. કોઇ ચાકરને પણ ન થાય, તેવો પિતા તરફથી મને ધિક્કાર મળ્યો.

સમુદ્રને ઉલ્લાસ આપતો ચંદ્ર જેવો કોઇ કલાનિધિ સુપુત્ર પિતાની સમૃદ્ધિ વધારે છે. હું તો સૂર્યનો પુત્ર શનિ જેમ પોતાના પિતાનો સંતાપ કરનાર કુપુત્ર થયો છું.

કોઈ પણ દેશાંતરમાંથી તેટલું ધન લાવીને પિતાને આપું અને પ્રાણાંતમાં પણ ફરીથી આવું કુકૃત્ય હું કરીશ નહીં.

એમ નિશ્ચય કરી સરસ્વતીએ આપેલા શ્લોકાર્થનો વિચાર કરતો કુમાર અભિમાનને લીધે મધ્યાહ્ન પછી નગરમાંથી નીકળી ગયો.

કયે રસ્તે જવું ? તેનું બીલકુલ તેને જ્ઞાન ન હોતું, છતાં પણ પુણ્યની પ્રેરણાને લીધે બુદ્ધિમાન પુણ્યસાર પશ્ચિમદિશા તરફ ચાલ્યો. સુકોમલતાને લીધે ચાલવું ઘણું અશકય થઈ પડયું.

અરણ્યપ્રદેશનો અનુભવ કોઈ સમયે પણ થયેલો નહીં. બહુ મુશીબતે ચાર કોશ ચાલ્યો એટલે સૂર્યાસ્ત થયો.

લાંબો વખત કોઈ પણ સ્થળે હું નિવાસ કરતી નથી, એમ કાઢ્યા માણસોને બોધ આપતી હોય, તેમ લક્ષ્મીદેવીએ પદ્મોનો ત્યાગ કરી કુમુદનું સ્થાન લીધું.

પુણ્યસાર ચકવાક અને વિરહાતુર સ્ત્રીઓના હૃદયમાંથી નીકળેલાં દુઃખો હોયને શું ? તેમ અંધકારથી જગત ભરાઈ ગયું.

હાલમાં કુમાર શું કરે છે ? તે જોવા માટે તારાઓના મિષથી આકાશ વિકસિત નેત્રવાળું હોય તેમ હું માનું છું.

ચારે તરફ અંધકાર ફેલાઈ ગયો. જેથી આગળ જવાને કુમારની શક્તિ રહી નહીં. તેવામાં તે રસ્તામાં એક વડ આવ્યો. તેના કોટર-પોલાણમાં તે છુપાઇ ગયો.

કામા યક્ષિણી અને કમલાદેવી

હવે તેજ વડની અંદર **કામા** નામે કોઈ યક્ષિણી રહેતી હતી. તેને મળવા માટે તે સમયે **કમલા** નામની એક દેવી ત્યાં આવી. તેને આવતી જોઈ **કામા** યક્ષિણી ઉભી થઈ બોલી.

સખિ ! હાલમાં તું કયાંથી આવી ? કંઈ કૌતુક જોવામાં આવ્યું હોય તો તું નિવેદન કર.

કમલા બોલી. મારા સ્થાનભૂત સુવર્ણ દ્વીપમાંથી હું તને મળવા માટે આકાશમાર્ગે ચાલી આવી છું.

વિચિત્ર પ્રકારની ભૂમિનું નિરીક્ષણ કરતી **સુરાષ્ટ્ર**દેશના અલંકાર સમાન **વલભી**પુરમાં હું આવી. ત્યાં જે કંઈ મારા જોવામાં આવ્યું છે, તે હું કહું છું.

કામદેવ શ્રેષ્ઠી

વલભીપુરીમાં અતિ મનોહર કાંતિમય **કામદેવ**નામે શ્રેષ્ઠી છે. તે રૂપમાં કામદેવસમાન દીપે છે. જેણે શ્રેષ્ઠ વસ્તુઓથી ભરેલાં પોતાનાં ઘરોમાં જ લક્ષ્મીનું વિવિધસ્થાનોમાં સંભ્રમણનું ચાપલ્ય પૂર્ણ કર્યું છે.

ગુણવડે લક્ષ્મીસમાન લક્ષ્મી નામે પોતાની સ્ત્રી સાથે સુખ ભોગવતાં કામદેવને અનુક્રમે અભીષ્ટ આઠ પુત્રીઓ થઈ,

ધનશ્રી, સમરશ્રી, નાગશ્રી, વિમળશ્રી, સોમશ્રી, કમલશ્રી, સુંદરશ્રી અને ગુણશ્રી.

આઠે પુત્રીઓ સર્વકલાસંપન્ન હતી, તેમજ તરૂણ અવસ્થાથી વિભૂષિત રૂપમાં દેવાંગના સમાન તેઓ દેવોને પણ મોહિત કરતી હતી.

વળી વિભ્રમ–વિલાસરૂપી મેઘથી વ્યાપ્ત તેમજ ઉલ્લાસ પામતા લાવણ્ય રૂપી જલવડે પલ્લવિત થયેલા તે તે ગુણરૂપી વૃક્ષોથી વિભૂષિત, તે કુમારીઓના યૌવન રૂપ વનમાં પરિભ્રમણ કરતો કામરૂપી પારધી ચંચલ એવી તેમની ભ્રકુટી રૂપ ધનુષમાંથી નીકળતા કટાક્ષરૂપ પ્રખર બાણોવડે કયા કામુક મૃગલાઓને મારતો ન હતો ?

ગણપતિ આરાધના

કામદેવશ્રેષ્ઠી કન્યાઓના સમાન ગુણવાળા વરોની તપાસ કરવા લાગ્યો, પરંતુ તેવા ઉત્તમ ગુણી વરોની કોઈ ઠેકાણે પ્રાપ્તિ થઈ નહીં. તેથી તે બહુ ચિંતામાં પડયો.

હવે શું કરવું ? એમ ચિંતવતા તેણે ગણપતિની વિધિ પ્રમાણે આરાધના કરી.

ગણપતિએ પ્રત્યક્ષ થઈ શ્રેષ્ઠીને કહ્યું. તારી ઉપર હું પ્રસન્ન થયો છું. તારે જે કરવાનું હોય, તે તું કહે, હું તૈયાર છું.

શ્રેષ્ઠી બોલ્યો. મારી પુત્રીઓને યોગ્ય વર આપો. ક્ષણમાત્ર ધ્યાન કરી ગણપતિએ કહ્યું.

તારી આઠે પુત્રીઓને આનંદ આપનાર ગુણવાન સારો એક જ વર થશે. તું ઘેર જા. કન્યાઓના વિવાહની સામગ્રી તૈયાર કર. લગ્ન સમયે કામદેવ સમાન તેજસ્વી વરને હું લાવીશ.

એ પ્રમાણે દેવની આજ્ઞાથી કામદેવશ્રેષ્ઠી પોતાના સેવકો પાસે વિવિધ પ્રકારના અલંકાર, પોષાક અને સુંદરમંડપ વિગેરેની તૈયારી કરાવવા લાગ્યો.

તેમજ બાદ્યાદ્રિક ભોજ્ય પદાર્થોના તેવા ઢગલા કરાવ્યા કે, તે જોઈ લોકોને પર્વતોનો ભ્રમ થવા લાગ્યો.

માંગલિક દિવસે સાત મૃન્મય પાત્રોમાં ઝવેરા વાવીને પૌરાંગનાઓ સુંદર ધવળ મંગળ ગાવા લાગી.

પોતાના કુલની સ્ત્રીઓએ કન્યાઓને હાથે ઊર્ણમય મંગળ સૂત્ર બાંધ્યું.

બાદ સ્વર્ણ સમાન કાંતિમય આઠે કન્યાઓને પીઠી ચોળી, તેમજ માંગલિક કલશ રૂપી સ્તન છે જેના, તોરણ રૂપી ભ્રકુટી છે જેની અને મધ્યભાગમાં કૃશપણાને ધારણ કરતી જાણે બીજી કન્યા હોય ને શું ? તેમ લગ્નવેદિકા તૈયાર કરાવી.

પછી પોતાની કુમારીકાઓને કુલાંગનાઓ પાસે સ્નાન કરાવી અલંકાર પહેરાવી વરની વાટ જોઈ કામદેવશ્રેષ્ઠી મંડપમાં બેઠો છે.

હાલમાં તે શ્રેષ્ઠીની આઠે પુત્રીઓનું વર વિના પાણિ ગ્રહણ થાય છે, એ આશ્ચર્ય વલભીપુરમાં સાંભળીને તે સર્વ હકીકત દૃષ્ટિ ગોચર કરી હૃદયમાં વિસ્મય પામતી હું અહીં તારી પાસે આવી છું.

કામાયક્ષિણી બોલી. હે સખિ ! હાલમાં હું પણ તારી સાથે આવીશ અને તે જોઈશ.

દેવીએ કહ્યું. જો તારી ઈચ્છા હોય તો મારી સાથે તું ચાલ.

વડના કોટરમાં રહેલો પુણ્યસાર પણ તે સાંભળી ચકિત થઈ ગયો. પછી પોતાનું સર્વ વૃત્તાંત જણાવીને તેણે બંને દેવીઓને કહ્યું. જો મને ત્યાં લઈ જઈ તે આશ્ચર્ય બતાવીને પાછો અહીં લાવો તો હું પણ તમારી સાથે આવું.

તે સાંભળી દેવીઓ બહુ ખુશી થઈ. તેના દૈવથી પ્રેરાયેલી હોય તેમ તે બંને દેવીઓએ તેનું વચન અંગીકાર કર્યું. અહો ! સત્પુરુષોનો સત્કાર કોણ ન કરે ?

પોતાના પુણ્યરાશિની માફક પુણ્યસારકુમારને લઈ બંને દેવીઓ બહુ વેગવડે વલભીપુરમાં ઝડપથી ગઈ અને કામદેવ શ્રેષ્ઠીના ઘર આગળ પુણ્યસારને મૂકી તેઓ બોલી.

તારે સવારમાં અહીંયાં આવવું, જેથી અમે તને તે વડતળે લઇ જઈશું.

પુણ્યસારવિવાહ

ત્યારપછી તે બંને દેવીઓ કૌતુક જોવા માટે ચાલી ગઇ. પુણ્યસાર વિચાર કરવા લાગ્યો. મારે આ કૌતુક કેવી રીતે જોવું ? એમ ચિંતવન કરતો ત્યાં બેઠો. તેવામાં જ લગ્ન સમય નજીક આવવાથી પોતાની કન્યાઓનો વર લો, એમ કહી ગણપતિએ પુણ્યસારને પકડી શ્રેષ્ઠીને આપ્યો.

અશ્વિનીકુમારની માફક કાંતિમાન પુણ્યસારને જોઇ કામદાર શ્રેષ્ઠી અતિશય મોટા આનંદસાગરમાં નિમગ્ન થયો.

નિષ્કલંક કુમારના મુખચંદ્રને જોઈ મંડપમાં બેઠેલા કયા પુરુષનાં નેત્રકૈરવ–રાત્રીવિકાસી કમલ પ્રફુલ્લ ન થયાં ?

હું કયાં ? આ લોકો કયાં ? અને આ મને શું કરે છે ? એમ વિચાર કરતાં પુણ્યસારને કામદેવ પોતાના ઘરમાં લઇ ગયો.

ત્યારપછી સ્નાન કરાવી દેવની માફક દિવ્ય શણગાર પહેરાવી પોતાની કન્યાઓએ આશ્રય કરેલા માતૃકાભવન–માંયરામાં લઇ ગયો.

નેત્રોને અમૃતાંજનસમાન કુમારનું સ્વરૂપ જોઇ કન્યાઓ પોતાને કૃતાર્થ માનતી દરેક પોતપોતાના હૃદયમાં વિચાર કરવા લાગી.

અહો! નિરવધિ સૌંદર્ય સંપત્તિવડે આ શું કામદેવ હશે? અથવા શરીર વિનાના કામદેવની આવી શરીર સંપત્તિનો સંભવ કયાંથી હોય?

આપણું ભાગ્ય મોટું છે, કારણ કે; આવો તેજસ્વી પતિ પ્રાપ્ત થયો છે. ખરેખર ચિંતામણિરત્ન પુણ્ય સિવાય હસ્તગોચર થતો નથી. એમ ધ્યાન કરતી કન્યાઓની રોમાંચ સાથે પ્રગટ થયેલા કટાક્ષો પુણ્યસારની સ્વાગત ક્રિયા કરવા લાગ્યા.

ત્યારેબાદ માતૃકા-ગોત્ર દેવીઓનું પૂજન કરી તેમની આગળ ગોર મહારાજે કુમાર અને કન્યાઓના હસ્ત મેળાપની યોજના કરી.

વર અને કન્યાઓના ડાબા જમણી હાથ આપવાથી પરસ્પર એક બીજાના અપરિત્યાગમાં તનમીન આપ્યા.

તે આઠે કન્યાઓ કટાક્ષવડે રહી રહીને વારંવાર કુમારને જોતી હતી. જાણે લજ્જાનો કંઈક ભંગ કરતી હોય, તેમ તેમનું આચરણ દેખાતું હતું.

ત્યારપછી ત્યાં આચારવડે નહીં પણ નાસી જવાની ભીતિવડે પરસ્પર વસ્ત્રાંચલ બાંધીને કન્યાઓ સહિત વરને અન્ય વિશુદ્ધ વેદિકામાં લઈ ગયા.

ત્યાં અગ્નિ હોમ કરી પ્રથમથી જ ચાર ગતિ રૂપ સંસાર ભ્રમણને જણાવતો હોય, તેમ પુરોહિતે ચાર વાર વરકન્યાઓને પ્રદક્ષિણા કરાવી.

પછી કામદેવશ્રેષ્ઠિએ જગતમાં પણ જેની ઉપમા ન આપી શકાય તેવાં રત્ન, અશ્વ અને વસ્ત્રાદિક દાયજો (વરને આપવા લાયક વસ્તુ) બહુ હર્ષ વડે આપ્યો.

તેમજ નગરવાસી સર્વ લોકોને પોતાના બંધુની માફક દિવ્ય ભોજન, તાંબૂલ દુકૂલ, અને આભરણાદિકવડે પ્રસન્ન કર્યા.

ત્યારબાદ ઈંદ્રાણીઓની સાથે ઇંદ્રની જેમ તે આઠે કન્યાઓ સહિત પુણ્યસારકુમાર સાસરાની આજ્ઞાથી નવીન ઘરમાં રહ્યો.

અંગસંમર્દન, આલાપ અને પુષ્પ પત્રાદિક આપવાવડે સ્ત્રીઓએ બહુ લોભાવ્યો, તો પણ પુણ્યસાર પાષાણની માફક બીલકુલ ભેદાયો નહિ. પરંતુ મોહિતની માફક તે વિચારમાં પડયો કે; પુણ્યની રચના બહુ અદ્‌ભુત છે, કારણ કે; જે પુણ્ય પ્રાણીઓના દુર્ઘટ વસ્તુને પણ ક્ષણ માત્રમાં ઘટાવી દે છે.

અહો ! તે **ગોપગિરિનગર** કયાં ? અને આ **વલભી**પુર કયાં ? તેમજ તે નગરવાસી હું કયાં ? અને આ શેઠની કન્યાઓનો સંબંધ કયાં ?

પરંતુ પિતાનો ઠપકો અને દેવીનો સમાગમ વિગેરેથી આ સર્વ મારા પુણ્યનો જ પરિણામ છે. હું માનું છું કે; સરસ્વતીદેવીનો શ્લોક પણ હાલમાં આ કાર્યવડે સત્ય થયો. દેવતાનું વચન કદાપિ મિથ્યા થાય નહીં.

આ સ્ત્રીઓનું ચાતુર્ય જાણવા અને પોતાની ઓળખાણ માટે એક શ્લોક લખીને હું જાઉં.

તે શ્લોકવડે આ સ્ત્રીઓ મને જાણે છે કે નહીં ? એ પ્રમાણે પુણ્યસાર ધ્યાન કરતો હતો.

તેટલામાં તે મંદિરમાંથી કુમારને પ્રયાણ કરાવવાની ઈચ્છાથી જેમ રાત્રી પલાયન થવાની ઈચ્છાવાળી થઈ.

પુણ્યસાર પ્રયાણ

વિવાહનાં આભૂષણોને ધારણ કરતો કુમાર ધનાદ્રિક સંપત્તિને ત્યાં જ પડતી મૂકી શૌચ નિમિત્તે ત્યાંથી બહાર નીકળ્યો.

આઠમી ગુણશ્રી નામે સ્ત્રી સ્વામિભક્તિમાં બહુ જ દૃઢ હતી, તેથી તે હાથમાં પાણીની ઝારી લઈ તેની પાછળ ગઈ.

કુમાર બહારના દ્વારના આગળ આવ્યો. ગુણશ્રીનાં દેખતાં જ તે દ્વારના ભારવટ ઉપર પોતાને જણાવવા માટે એક શ્લોક તેણે લખ્યો.

ત્યારપછી તે પ્રથમ સંકેત કરેલા સ્થાનમાં ગયો. ત્યાં બંને દેવીઓ તેની વાટ જોઈ બેઠી હતી. તેમનો સમાગમ થયો. વિવાહનાં ચિન્હ જોઈ દેવીઓ બોલી.

હે કુમાર ! કામદેવશ્રેષ્ઠીની કન્યાઓને તું જ પરણ્યો કે શું ?

કુમારે હા કહી. તે સાંભળી દેવીઓ વિસ્મિત થઈ બોલી.

તને ધન્ય છે કે; આવી સુંદર કન્યાઓને તું પરણ્યો.

તે સાંભળી પુણ્યસાર બોલ્યો. એ તમારો જ પ્રસાદ, નહી તો પંગુ-પાંગલાની માફક અહી મારો સમાગમ કયાંથી થાય ?

તારે અહીં રહેવું છે કે આવવું છે ? એ પ્રમાણે દેવીઓએ પૂછયું. ત્યારે તેણે કહ્યું કે; મારા માતપિતાને નમવા માટે હું આપની સાથે આવીશ.

પછી તે કુમારને સાથે લઇ દેવીઓ આકાશ માર્ગે ચાલી. ક્ષણમાત્રમાં તે વડની પાસે તેને મૂકી દેવીઓ અદશ્ય થઇ ગઈ.

રાત્રીના ઉજાગરાને લીધે ઉદ્વિગ્ન થયેલો કુમાર તેજ વખતે પોતાનું ઓઢવાનું વસ્ત્ર પાથરી આનંદથી સૂઈ ગયો કે; તરતજ નિદ્રાવશ થઈ ગયો.

પુણ્યસારની માતા-ધનશ્રી પુત્રનો નિર્વાસ-કહાડી મુકેલો જાણી બહુ આક્રંદ કરવા લાગી અને પોતાના પતિને કહેવા લાગી.

ધનશ્રી પ્રલાપ

હે સ્વામિ ! આપની આવી ખરાબ બુદ્ધિ કયાંથી થઈ ? જેથી તમે પ્રાણથી પણ અધિક એવા પુત્રને ઘરમાંથી કાઢી મૂક્યો.

જો કે, એણે બાલ ચપલતાને લીધે હારાદિકની ચોરી કરી તો તેને સારી શિખામણ આપવી હતી, પણ નોકરની માફક તેને કાઢી મૂકવો નહોતો જોઈતો.

આપ ભૂલી ગયા ! ! ! પુત્રના અભાવથી કેટલું ધન ખરચી નાખ્યું, ત્યારે કામદેવસમાન સુંદર આકૃતિવાળો આ પુત્ર જોવા મળ્યો.

ધનની સ્થિતિ એક સરખી રહેતી નથી, તો તે અસ્થિર એવા ધન માટે પુત્રનો તિરસ્કાર કોણ કરે ? કારણકે પિત્તળ માટે સુવર્ણનો ત્યાગ કોણ કરે ?

માટે હે સ્વામિ ! જલદી ઉભા થાઓ ? પુત્રને શોધી લાવો. તેનું મુખ જોયા વિના હું અન્નજળ લેવાની નથી, એવો મારો નિશ્ચય છે.

ધનસાર બોલ્યો. ભદ્રે ! એનાં કુકર્મ દૂર કરવા માટે મેં શિક્ષા કરી છે. નહીં તો શું પુત્ર મને અળખામણો હશે ? મારા પ્રાણથી પણ તે અધિક પ્રિય છે.

ભલે પુત્ર હોય પણ તે ચૌર્યાદિક કરતો હોય, તો તે કુલનો નાશ કરનાર થાય છે. કારણ કે; વિષમિશ્રિત અમૃત પણ પ્રાણાપહારી થાય છે.

કદાચિત્ વ્યસનમાં આસક્ત પુત્રને પિતા શિખામણ ન આપે તો પ્રજાના પાપવડે રાજાની જેમ પુત્રના પાપ વડે પિતા લેપાય છે.

એમ કહી પોતાના સેવકોને ચારે દિશાઓમાં પુત્રની શોધ માટે જલદી મોકલી દીધા અને પોતે પણ તેની તપાસ માટે નીકળ્યો.

નગરની અંદર મિત્રોનાં ઘર વિગેરે જોયાં. તેમજ નગરની બહાર દેવાલયોમાં પણ તપાસ કરી, નષ્ટ વસ્તુની માફક શ્રેષ્ઠીએ આખી રાત તેનો તપાસ કરી. પરંતુ કોઈપણ ઠેકાણે તેનો પત્તો લાગ્યો નહીં.

પ્રભાતમાં દૈવ ઈચ્છાએ ધનસાર પશ્ચિમદિશા તરફ ચાલ્યો. ચારેક ગાઉ ગયો એટલે ત્યાં એક વડ આવ્યો. તેની નીચે વિવાહનો વેષ પહેરી સુતેલો કુમાર તેના જોવામાં આવ્યો.

ધનસાર પ્રમુદિત થઈ તેની પાસે જાય છે, તેટલામાં કુમાર પણ રાજહંસની માફક જાગી ઉઠયો.

માનવંત છતાં પણ લજ્જા પામતો પુણ્યસાર પૃથ્વી પર મસ્તક નમાવી શિષ્ય જેમ સદ્ગુરુને તેમ તે પિતાના ચરણમાં નમ્યો. આલિંગન કર્યા બાદ પિતાના નેત્રોમાંથી અશ્રુ પડવા લાગ્યાં.

પછી તેણે વિનયનો બોધ આપતાં કહ્યું કે; હે વત્સ ! પિતા પુત્રનો તિરસ્કાર કરે છે, તે તેના હિત માટે જ હોય છે. સૂર્ય બહુ તપાવે છે, તો પણ તે કમલના વિકાસ માટે જ થાય છે.

અશિક્ષિત પુત્ર કોઈ દિવસ મહત્ત્વ પામતો નથી. ઘર્ષણ કર્યા સિવાય રત્નની કિંમત વધતી નથી.

વત્સ ! તને મેં કાલે માત્ર વચનથી શિખામણ આપી હતી, એટલામાં એકદમ દેહમાંથી પ્રાણની જેમ તું ઘરમાંથી કેમ નીકળી ગયો.

તારી માતા તારા વિયોગ રૂપ અગ્નિથી બળી રહી છે અને ખાતી પણ નથી. હું પણ તારા માટે આખી રાત ફરી ફરીને બહુ થાકી ગયેા છું.

હે વત્સ ! દુઃખરૂપી અંધકારને દૂર કરનાર તારા આગમનથી આપણું ઘર ફરીને સૂર્ય મંડલથી પ્રકાશિત થયેલ આકાશને અનુસરેા.

ઈત્યાદિક વચન કહીને શાંત છે આત્મા જેનેા એવેા તે ધનસાર પુણ્યસારનેા હાથ પકડી બલાત્કારે તેને લઇ પેાતાને ઘેર ગયેા.

પુણ્યસાર પિતા સાથે ઘેર ગયેા. બાદ પેાતાની માતાને નિષ્પદ્મ –કમલ વિનાની પદ્મિની સમાન શેાભા રહિત જોઇ તે વિચાર કરવા લાગ્યેા.

અહેા ! મારા વિયેાગને લીધે મારી માતાની કેવી સ્થિતિ થઈ છે ? જે હાર પેાતે ચેારી લીધેા હતેા, તેનાથી ઘણેા કિંમતી હાર પેાતાના કંઠમાંથી ઉતારી માતાની આગળ ભેટ તરીકે મૂકીને વિનય-પૂર્વક તેના ચરણમાં પુણ્યસાર નમ્યેા.

પછી પેાતાની પાસે રહેલા સર્વ અલંકાર પિતાને ભેટ કરી તેણે ચેારેલા ધનનેા બદલેા વાળ્યેા.

પુત્રના પ્રેમમાં મગ્ન થયેલ માતાપિતાએ વારંવાર બહુ આગ્રહથી પૂછયું, તેા પણ પુણ્યસારે ગુપ્તમંત્રની માફક પાણિગ્રહણ મહેાત્સવની વાત કરી નહીં.

પછી પુણ્યસાર ધર્મક્રિયામાં એવેા નિષ્ણાત થયેા કે; હિમાલયને ગંગાપ્રવાહ જેમ સમગ્ર કુલને તેણે પવિત્ર કર્યું.

કન્યા વિલાપ

હવે તે **ગુણશ્રી** કુમારની પાછળ ગઈ હતી, તેણીએ ઘણી વાટ જોઈ છતાં તે આવ્યેા નહીં. પછી વિલક્ષમુખે પાછી આવી. પેાતાની બહેનેાને તેણીએ તે વાત કરી.

ત્યારબાદ સર્વે બહેનેા એકઠી થઈ ગૃહઉદ્યાનાદિક સર્વસ્થલેામાં તપાસ કરી, પરંતુ પેાતાના પુણ્યની માફક પતિનેા પત્તેા લાગ્યેા નહીં.

પુત્રીઓના કહેવાથી તે વાત કામદેવ શ્રેષ્ઠીના જાણવામાં આવી. પછી તેણે સર્વ નગરમાં તપાસ કરાવી, પરંતુ માર્ગમાં ગુમાવેલા રત્નની માફક પુણ્યસારનો પત્તો મળ્યો નહીં, તેથી દુઃખસાગરમાં નિમગ્નની માફક શ્રેષ્ઠી બહુ દુઃખી થઈ ગયો.

તેની આઠે કન્યાઓ પતિના વિયોગથી બહુ અશ્રુપાત કરવા લાગી. અને પ્રાણ લુંટાયાની માફક અતિશય વિલાપ કરવા લાગી.

હા કાંત ! હા મનોવિશ્રાંત સ્થાન ! હા ગુણશ્રેણિ સદ્મ !

હા રમરમૂર્તે ! હા પ્રાણાધાર ! હા હારનિર્મલ !

તમે અમને પરણીને વૈરીની માફક તજી દીધી, તે શું કુવામાં નાંખીને દોરડું કાપવા બરોબર ન કર્યું ?

નલરાજાએ પણ બહુ દુઃખી થઇને પોતાની સ્ત્રીને ત્યજી હતી. પરંતુ તમે તો વિના કષ્ટે અમારો ત્યાગ કર્યો છે. અહો ! આ તમારું પુરુષાતન કેવું ?

અમે પરમાત્માની માફક આપની સેવામાં બહુધા હાજર હતી, છતાંયે હે નાથ ! મુમુક્ષુની માફક આપે અમારી તરફ દૃષ્ટિએ ન કરી.

અમારા મંદભાગ્યને લીધે તમારા સરખો પતિ અમને કયાંથી મળે ?

કડવી તુંબડીની વેલીઓને કલ્પદ્રુમનો સમાગમ દુર્લભ હોય છે.

રે પ્રાણો ! હવે તમે ચાલ્યા જાઓ. રે જીવ ! તું પણ જલદી ચાલ્યો જા.

રે હૃદય ! હવે તારીપણ કંઈ જરૂર નથી, બલાત્કારે બળી જા.

રે દેહ ! તું બળીને ભસ્મ થઈ જા,

જો કે તમારા સર્વનો સ્વામી તે પુણ્યસાર તો કોઇપણ સ્થળે ચાલ્યો ગયો, તો હવે તેના વિના તમે અહીં રહીને શું કરવાના છો ?

કામદેવ પ્રતિબોધ

કામદેવશ્રેષ્ઠી રૂદન કરતી પોતાની પુત્રીઓને કહેવા લાગ્યો. હે પુત્રીઓ ! હવે તમે વરને માટે દુઃખી થશો નહીં.

પ્રથમ તમને આ ઉત્તમ પ્રકારનો વર જેણે આપ્યો હતો, તે ગણપતિ જે ફરીથી તે વર લાવી આપશે. ચિંતા કરશો નહીં અને હું પણ તેને માટે હાલમાં જ તેની આરાધના કરૂં છું. એમ કહી પિતાએ મહામુશીબતે પુત્રીઓને શાંત કરી.

હવે સરસ્વતી સમાન હોંશીયાર ગુણશ્રી શોકને કંઈક શિથિલ કરી પોતાના મનમાં વિચાર કરવા લાગી.

સુંદર આકૃતિવડે જેની બુદ્ધિનો પ્રભાવ દીપતો હતો, તે પતિએ કોઈ કારણને લીધે અમારો ત્યાગ કર્યો, પરંતુ પોતાનું સ્વરૂપ જણાવ્યા વિના તે અહીંથી જાય નહી.

વળી જતી વખતે તે બહારના દ્વારા આગળ થોડો સમય રોકાયો હતો, તે ઉપરથી નિશ્ચય થાય છે કે,

પોતાની જાણ માટે તેણે કંઈક લેખ લખ્યો હશે. હું તપાસ તો કરૂં, એમ ધારી ગુણશ્રી એકદમ ઉઠીને દ્વાર આગળ ગઇ. અને ત્યાં જોયું તો ભારવટપર લખેલો એક શ્લોક તેણીના જોવામાં આવ્યો.

ક્વ સ ગોપગિરિં ક્વેયં, વલભી ક્વ વિનાયકમ્ ।
દૂરાદેત્ય કુમારોઽત્ર, પરિણીય કનીર્યયૌ ॥ ૧ ॥

"તે ગોપગિરિનગર ક્યાં ? અને ક્યાં આ વલભીપુરી ? તેમજ ગણપતિનો સમાગમ ક્યાંથી ? દૂરથી કુમાર અહીં આવી કન્યાઓને પરણીને ચાલ્યો ગયો."

પતિના દર્શનસમાન તે શ્લોકના દર્શનથી બહુ આનંદ માનતી ગુણશ્રીએ બુદ્ધિપ્રભાવવડે તેના અર્થ ઉપરથી સાબીત કર્યું કે;

રૂપમાં કામસમાન તે અમારો પતિ જરૂર ગોપગિરિનો રહીશ હોવો જોઈએ અને ત્યાંથી તેને ગણપતિ અહીં લાવ્યા હશે.

અમારા ચાતુર્યની પરીક્ષા માટે આ શ્લોક લખી અમને અહીં મૂકીને તે પોતાને ઘેર ગયો છે.

અહો! તેની ધુર્ત્તતામાં કંઈ બાકી નથી.

એ પ્રમાણે ગુણશ્રીએ પતિ સ્થાનનો નિશ્ચય કરી પોતાના પિતાને કહ્યું.

હે તાત! આ શ્લોક ઉપરથી મેં મારા પતિનું નગર જાણ્યું છે. માટે મને ત્યાં મોકલો, વિલંબ કરવાની જરૂર નથી.

વેપાર નિમિત્તે ગોપગિરિમાં જઈને પોતાની બુદ્ધિના પ્રભાવથી હું સ્વામીને લાવીશ.

કામદેવ બોલ્યો. વત્સે ! તું પતિનું સ્થાન જાણે છે ખરી, પરંતુ તેનું નામ વિગેરે કંઈ જાણતી નથી, તો તું કેવી રીતે તેને ઓળખીશું ?

વળી ત્યાં ચોર લોકો ચારે તરફ ફરતા હોય છે, તેથી તે માર્ગ પણ ઘણો કઠિન છે અને દેવાંગના સમાન તને જોઈ કામાતુર થયેલા તે ચોરો તને પકડી લેશે.

માટે હે પુત્રી! તારે અહીં જ રહેવું, આ બાબતનો પ્રયાસ કરવાની તારે જરૂર નથી. હું જ પોતાના આપ્તપુરુષો પાસે જલદી તેનો તપાસ કરાવીશ.

ગુણશ્રી પ્રતિજ્ઞા

ગુણશ્રી બોલી. હે તાત! અમારી હોંશિયારી જોવા માટે તેણે અમારો ત્યાગ કર્યો છે, જો અમે પોતે જ તેને શોધી કાઢીએ તોજ અમારી હોંશીયારી સ્પષ્ટ દેખાય.

વળી માર્ગમાં આવતાં વિઘ્નોને દૂર કરવા માટે હું પોતે જ આપની પાસેથી પોતાના રક્ષાયંત્રની માફક પુરુષવેષ ગ્રહણ કરીશ તેમજ હે તાત ! આ મારી માતા આ સર્વે બહેનો અને તમે એક મારી દૃઢ પ્રતિજ્ઞા સાંભળો.

છ માસની અંદર નીતિશાળી પોતાના પતિને જો હું ન લાવું તો ત્યાં જ ચિતાગ્નિમાં પતંગની માફક હું પ્રવેશ કરવાની.

ત્યારબાદ શુભ દિવસે પિતાએ તેને પુરુષનો વેષ આપ્યો. પુરુષ વેષ પહેરવાથી અદ્‌ભુત કાંતિમય ગુણશ્રી જનકાદિકની આજ્ઞા લઈ ચાલવાને તૈયાર થઈ.

તે સમયે કેટલાક તેના ગોત્રીઓપણ વેપાર માટે સુખદાયક તેના સાથમાં બહુ પ્રમોદથી પ્રયાણ કરવા લાગ્યા.

વલભીનગરમાંથી બહાર નીકળી ગુણશ્રીએ પોતાના પિતાને કહ્યું કે; આજથી હવે 'ગુણચંદ્ર' એવું મારૂં નામ લોકમાં પ્રસિદ્ધ કરવું.

ગુણશ્રી પુરુષનો વેષ પહેરી ઉન્નત અશ્વપર બેઠી. ઉન્મત સ્વારો વડે પોતાના અંગની માફક સર્વ સાથેનું રક્ષણ કરતી,

દાનેશ્વરીની માફક યાચકોને બહુ ઉમંગથી દાન આપતી અને પતિના શ્લોકનું સ્મરણ કરતી તે ગોપગિરિની બહાર જઈ પહોંચી.

આ નગરને ધન્ય છે જેની અંદર મારો પતિ નિવાસ કરે છે, એ પ્રમાણે રોમાંચિત અંગવાળી ગુણશ્રી વારંવાર તે નગરને જોતી હતી.

સમરસિંહ સમાગમ

ગોપગિરિ નગરના અધિપતિ સમરસિંહરાજાએ ગુણશ્રીના ઉદાર દાનથી તુષ્ટ થએલા માગધ લોકોના મુખથી સાંભલ્યું કે;

વલભીપુરથી કામદેવ શ્રેષ્ઠીનો **ગુણચંદ્ર**નામે ગુણવાન પુત્ર સવારમાં નગરની અંદર આવનાર છે.

તે જાણી ભૂપતિએ તેને સન્માન આપવા માટે પોતાના પ્રતિબિંબ સમાન મંત્રીઓને ઉત્સાહપૂર્વક ગુણશ્રી–ગુણચંદ્રના સામા મોકલ્યા.

ગુણશ્રીએ પોતે પ્રેમપૂર્વક મંત્રીઓની એવી બરદાસ કરી કે; તેના ગુણોથી આકર્ષાઈને તેઓ તેના જ હોય તેમ થઇ ગયા.

પોતાના સાર્થને નગરની બહાર નિવાસ કરાવીને નરવેષધારિણી ગુણશ્રી પ્રધાનો સાથે સમરસિંહરાજાને મળવા માટે ગઇ. પોતાના દેશનાં અનેક દિવ્ય ઉપાયન ભેટો અને અલૌકિક વિનયાદિક ગુણોવડે રાજાને બહુ ખુશી કર્યો.

રાજાએ પણ પોતાના મહેલની નજીક તેને રહેવા માટે ઉતારો આપ્યો તેમજ અતિથિને ઉચિત બહુ સારા સત્કારોવડે રાજાએ આગતાસ્વાગતા કરી, જેથી ગુણશ્રી બહુ પ્રસન્ન થઈ, ત્યાં રહેવું પણ તેને પ્રસન્ન પડ્યું.

વળી સમરસિંહનરેશના બહુ આગ્રહથી ગુણશ્રી મિત્રની માફક હંમેશાં ત્યાં જતી અને સવાર સાંજ બંને વખત રાજસભાને શોભાવતી હતી.

પોતાના પતિને જાણવાની ઇચ્છાથી તે ઝરૂખામાં બેસી, ત્યાં આગળ ગમનાગમન કરતા અનેક નાગરિકજનોને વારંવાર જોતી હતી.

પોતાની દૃષ્ટિ આગળ થઈ નગરની અંદર જતો આવતો પોતાનો પતિ પુણ્યસાર પણ ઘણી વખત નીકળેલો, તથાપિ ખાસ પરિચય નહીં હોવાથી તેને ઓળખી શકતી નહોતી.

નામ કે આકૃતિના જ્ઞાન વિના પ્રિયને ન જાણતી ગુણશ્રી અગ્નિથી સ્પર્શાયેલી કમલિની જેમ અતિશય બળવા લાગી.

કેવલ એનું ધ્યાન પતિ તરફ જ હતું. પુણ્યસારના પણ સાંભળવામાં આવ્યું કે; કામદેવ શ્રેષ્ઠીનો પુત્ર અહીં આવેલો છે, પરંતુ પોતાના સાળાનો તેને નિશ્ચય નહોતો, તેમજ લજ્જાને લીધે તે તરફ તે લક્ષ આપતો નહોતો, કારણ કે સજ્જનો ઉચિત કાર્યમાં જ પ્રવૃત્તિ કરે છે.

રાજપુત્રી મદનવતી

અન્યદા ઉત્કટ સુગંધ આપતા ચંદનાદિકના વિલેપનવડે દેવાંગનાની માફક દશે દિશાઓને સુગંધિત કરતી,

પોતાના શરીરે ધારણ કરેલા પુરુષને ઉચિત એવા શણગારની રચનાઓ વડે કામદેવની માફક પૌરવનિતાઓના હૃદયને મોહ પમાડતી અને રાજસેવા માટે પ્રયાણ કરતી ગુણશ્રી પોતાના ઝરૂખામાં બેઠેલી સમરસિંહરાજાની પુત્રી મદનવતીના જોવામાં આવી.

તેના દર્શનથી જ રાજપુત્રીનું હૃદય કામદેવના બાણોથી વિંધાઈ ગયું. તે વિચાર કરવા લાગી.

પ્રથમ બંદી લોકોની સ્તુતિવડે પછી ગાંધર્વોના ગાયનોવડે અને ત્યારબાદ સુગંધિત પવનવડે જણાવેલો આ કોઈ ઉત્તમ પુરુષ છે.

શું આ કામદેવ હશે ? ના, તે તો અનંગ–શરીર વિનાનો છે.

શું અશ્વિની કુમાર હશે ? ના, તેના બે સ્વરૂપ હોય છે.

શું ઉર્વશી અપ્સરાનો સ્વામી પુરુરવસ હશે ?

ના, તે તો પ્રાચીન સમયમાં થઈ ગયો, હાલમાં તે કયાંથી હોય ?

ત્યારે શું કોઈ દેવ હશે ? ના દેવની દૃષ્ટિ મિંચાય નહીં.

કદાચિત અનંગે તપશ્ચર્યા કરીને અનુપમ સ્વરૂપ ધારણ કર્યું હોય તો આ ઉપમાન પાત્ર થાય, અન્યથા એની ઉપમા થઇ શકે નહી.

માત્ર જોવાથી જ આ કુમાર ચોરની માફક મારા હૃદયને હરણ કરે છે. એનું કંઈ કારણ મારા જાણવામાં આવતું નથી.

ઉર્વશીનો પુરુરવસ જેમ આ કુમાર મારો પતિ થાય તો જ મારૂં જીવિત અને યૌવન સફલ થાય. એમ તે વિચાર કરતી હતી, તેટલામાં ગુણશ્રી-ગુણચંદ્ર તેણીના દૃષ્ટિ માર્ગથી ચાલી ગઈ.

ત્યારપછી તે શૂન્યની માફક પોતાની સખીને પુછવા લાગી. આ પુરુષ કોણ છે ?

સખીએ પોતાની હોંશિયારીથી તેણીનું મન પારખી લીધું અને ગુણશ્રીનું સ્થાનાદિક સર્વવૃત્તાંત પ્રથમથી તેણીના જાણવામાં હતું, તેથી તેણીએ કહ્યું.

હે મદનવતી ! આ કામદેવ શ્રેષ્ઠિનો પુત્ર ગુણચંદ્ર નામે પ્રસિદ્ધ છે.

લાવણ્યની ખાસ મૂર્તિ તેમજ વિનયમાં તે પ્રધાન છે.

વલભીપુરથી વેપારની ઇચ્છાથી અહીં આવેલો છે. તારા પિતાનો એની ઉપર બહુ પ્રેમ છે.

વળી કલાકેલિમાં નિપુણ તે ગુણચંદ્ર તારા પિતાના આગ્રહથી હંમેશાં આ માર્ગે થઇને આનંદપૂર્વક રાજસભામાં જાય છે.

સ્ફુરણાયમાન તરૂણ રૂપી ઉત્તમ વૃક્ષોથી વિભૂષિત આ નગરરૂપી નંદનવનમાં શારીરિક લક્ષ્મીવડે હાલમાં આ કુમાર કલ્પવૃક્ષ સમાન દીપે છે.

સ્ફાર સુગંધથી ભરેલા કમલની માફક એના ગુણો વિદ્વાનોના વર્ણન કરવાથી કોના શ્રવણ ગોચર નહીં થયા હોય ?

રોહિણી ચંદ્રને જેમ જે સ્ત્રી એને પરણે, તે સ્ત્રીને જ હું ભાગ્યના વૈભવવડે ધન્ય માનું છું.

એ પ્રમાણે પોતાની સખીના મુખથી ગુણશ્રીના ગુણો સાંભળી મદનવતી તેની ઉપર વિશેષ રાગવાળી થઇ.
"યૌવનથી ઉન્મત્ત થયેલાઓનાં મન પ્રાયે વિવેકહીન થાય છે." અન્યથા તે સ્ત્રી ગુણશ્રી ઉપર કેવી રીતે રકત થાય ? અથવા આ દોષ યૌવનવયનો નથી, ખરેખર દૈવનો જ છે. કારણ કે "જે દૈવ અયોગ્ય સ્થાનમાં પણ ચિત્તને બળાત્કારે વિમૂઢ બનાવે છે."

ત્યારબાદ તે મદનવતી ગુણચંદ્રના અનેક ગુણોનું વારંવાર સ્મરણ કરી કામાતુર થઈ ગઇ અને કરેણુહસ્તીની જેમ મહામોહરૂપી અગાધ કાદવમાં ડુબી ગઇ.

વિરહ વેદનાને લીધે સ્નાન, અંગવિલેપન, તાંબૂલ, ગીત, નૃત્ય અને ઉત્સવાદિ પણ વિષની માફક તેણીને દુઃખ દાયક થયાં, એટલું જ નહીં પણ કામદેવના પ્રતાપથી ઉત્પન્ન થયેલો તાપ તેણીને એટલો પીડવા લાગ્યો કે; દૈવની પ્રતિકુળતાથી જેમ દરેક ઉપાયો તે પીડાને શાંત કરી શકયા નહીં.

વિરહીજનોના શરીરમાં રહેલો તાપ પાણી, કમલ, જળથી ભીંજાએલો વીંજણો, ચંદન, ઝરણાં અને ચંદ્ર વગેરે

અતિ શીતલ પદાર્થોથી પણ શાંત થતો નથી, ઉલટો અતિશય વૃદ્ધિ પામે છે, તો આ વિષમ તાપને વૈદ્ય લોકો કેવી રીતે દૂર કરે?

વિરહમાં આવી પડેલી ચક્રવાકીની માફક વિકૂલવ બનેલી મદનવતીને જોઈ નામ અને ઉકિતથી પણ પ્રિયંવદા તેની સખીએ પોતાની હોંશિયારીથી તેને એકાંતમાં જઈ કહ્યું,

તારા શરીરે અતિ દુઃસાધ્ય શું વ્યાધિ થયો છે ? શું કોઈ માનસિક ચિંતા થઈ છે ? જેથી તું ગ્રીષ્મ ઋતુવડે વેલડી જેમ બહું શોચનીય દશાને અનુભવે છે.

મદનવતી બોલી. હે સખી ! હું જ્યારે ગવાક્ષમાં બેઠી હતી, તે સમયે સૂર્ય સમાન તેજસ્વી જે કુમાર મારી દૃષ્ટિગોચર થયો, તેના જોવાથી જ કમલિની સમાન મારી દૃષ્ટિ આનંદથી પ્રફુલ્લ થઈ ગઇ અને તેના માટે જ હું આવી દુર્દશામાં આવી પડી છું.

હાલમાં બ્રહ્મજ્ઞાની જેમ કેવલ બ્રહ્મને તેમ હું સર્વ દિશાઓમાં, આકાશમાં, આગળ પાછળ અને પડખાંઓમાં પણ તે કુમારને જ દેખું છું.

જ્યારે મેં એને દૂરથી જોયેા હતેા, ત્યારે તે ચંદ્ર સમાન શીતલ હતેા અર્થાત તે આનંદ આપતેા હતેા અને હાલમાં મારા હૃદયમાં આવ્યેા એટલે તે અગ્નિની માફક કેમ બાળે છે?

હે સખી! મારા દુઃખનું કારણ મેં તને નિવેદન કર્યું. જો મારૂં હિત ઇચ્છતિ હેાય તેા તું જલદી તે કુમાર મને પ્રાપ્ત થાય તેવેા ઉપાય કર.

પ્રિયંવદા સખી

પ્રિયંવદા બેાલી. હે સખી! હું તારા મનની વાત જાણું છું, છતાં પણ મેં તને જે પૂછયું, તે માત્ર કૌતુકને લીધે જ.

વળી તે સુંદરપતિ માટે તારા હૃદયમાં તુ બીલકુલ ખેદ કરીશ નહીં. કારણ કે; સુવર્ણ અને રત્નની માફક યેાગ્ય જનેાનેા સમાગમ દુર્ઘટ થતેા નથી.

તું પણ રાજપુત્રી છે. તારામાં કેાઈ પ્રકારની ખામી નથી અને ગુણચંદ્ર બહુ ગુણવાન છે.

તમારા બંનેની ઘટનામાં કંઈ પણ ન્યૂનતા નથી, માત્ર દૈવની પ્રબલ અનુકુળતા હેાવી જોઇએ, કારણકે; દરેક કાર્યેા દૈવ સિવાય સિદ્ધ થતાં નથી. સર્વત્ર એનું પ્રાધાન્ય ગણાય છે.

શંકર અને પાર્વતી, કૃષ્ણ અને લક્ષ્મીના પરસ્પર સમાગમથી દૈવ પણ યેાગ્યને યેાગ્ય સાથે જોડવામાં પ્રાયે ઉદ્યુકત હેાય છે, એમ જોવામાં આવે છે.

હે સખી! આ વૃત્તાંત તારી માતાને કહીને તેવી રીતે હું ઉદ્યમ કરાવીશ કે; જેથી તારેા મનેારથ સિદ્ધ થશે. તું કેાઇ પ્રકારની ચિંતા કરીશ નહિં.

એ પ્રમાણે રાજકુમારીને શાંત કરી, તે જ વખતે પ્રિયંવદા તેની માતા પાસે ગઈ અને આ સર્વવૃત્તાંત તેણીએ નિવેદન કર્યું.

સમરશ્રી

મદનવતીનું વૃત્તાંત જાણી રાજપત્ની સમરશ્રીએ પોતાના પતિને એકાંતમાં બોલાવી પ્રેમપૂર્વક મદનવતીનું વૃત્તાંત નિવેદન કર્યું.

સમરસિંહરાજાએ કહ્યું. હે દેવિ! પુત્રીને પરણાવવાનો વિચાર હું ઘણા દિવસથી કરતો હતો. પરંતુ તેવો ગુણવાન વર નહીં મળવાથી અનુદ્યમીની માફક હું છાનોમાનો બેસી રહ્યો છું,પણ આપણી પુત્રી પોતે જ ગુણચંદ્ર પર રાગવાળી થઇ છે, તે બહું સારૂ થયું.

વળી હે પ્રિય ! સુંદર લક્ષ્મીવાન આ વર બહુ પુણ્યવડે ખરેખર મળી શકે, પરંતુ તે વણિકપુત્ર છે તેથી મારા મનમાં કંઇક ચિન્તા રહે છે.

બહુ ખુશી થઇ રાણી બોલી. હે સ્વામિ ! આ ચિંતા તમારે બીલકુલ કરવી નહી. કારણ કે; વણિકો પણ સામાન્ય હોતા નથી, તેમની અંદર અલૌકિક ગુણો હોય છે.

કુલં શીલં સદાચારો-વિવેકો વિનયો નયઃ ।
શ્રેયસ્યં ચ યશસ્યં ચ, વણિક્ષ્વેવાઽખિલં કિલ ॥ ૧ ॥

" કુલ, શીલ, સદાચાર, વિવેક, વિનય, નીતિ, શ્રેયસ અને યશ એ સર્વ ગુણો વણિકજાતિમાં જે હોય છે. માટે આ પુત્રીને ગુણચંદ્રની સાથે જ પરણાવો, કારણકે; આ બંનેનો સંબંધ ચાંદની અને ચંદ્રની માફક બહુ શ્લાઘ્ય છે.

એ પ્રમાણે પોતાની સ્ત્રીનું વચન અંગીકાર કરી ભૂપતિએ તત્કાલ ગુણશ્રીને એકાંતમાં બોલાવી કહ્યું.

પ્રીતિરૂપ વેલડી અને મેઘની માફક દૈવયોગે આપણા બંનેની તેવી મૈત્રી થઈ છે કે; જેથી કોઇ પણ સ્થલે કંઇ પણ અંતર દેખાતું નથી, હાલમાં તેની દૃઢતાને માટે મારી પુત્રીનો તું સ્વીકાર કર.

હે ગુણપાત્ર ! એણીનું રૂપ સૌંદર્ય એવું છે કે; જેની આગળ દેવીઓ તૃણસમાન દેખાય છે.

તે વાત સાંભળી ગુણશ્રી ચિંતાતુર થઈ ગઈ અને તે સમરસિંહ રાજાને કહેવા લાગી.

હે પ્રજાબંધુ! આ સંબંધ કેવી રીતે ઉચિત ગણાય ? કયાં સૂર્ય અને ખદ્યોત ? કયાં મેરૂ અને સરસવ ?

કયાં કલ્પદ્રુમ અને ધત્તુર ધંતુરો ? કયાં માણિકય અને કાંકરો ? તેમજ લક્ષ્મીવડે કુબેરને જીતનાર એવા આપ કયાં અને રંક દશાને અનુભવ તો હું વણિકપુત્ર કયાં ?

મહાસાગરના સંબંધને તળાવ કોઈ દિવસ લાયક થાય નહીં. વળી દૂર રહેલ પુરુષો બહુ યત્નથી દેવની માફક જેની આરાધના કરે છે, તેની પુત્રીના વિવાહનું સાહસ સ્વપ્નમાં પણ ઇચ્છાવા લાયક નથી.

આપણી જાતિ પણ ભિન્ન છે. સમાન સંપત્તિનો અભાવ છો. એક સ્થાનમાં મારે રહેવાનું નથી તેમજ મારા માતાપિતાયે અહીં નથી, તો મારે આ કામ કેવી રીતે કરવું ?

ફરીથી રાજાએ તેને કહ્યું. તું જે બાબત કહે છે, તે સર્વ હું મારા હૃદયની અંદર જાણું છું. પરંતુ કોઈ વખત મારી પુત્રીના જોવામાં તું આવેલો, તેથી તે દેવપર દેવીની જેમ તારી ઉપર બહુ આસકત થઈ છે.

માટે હે વિદ્વાન ! મારી આ પ્રાર્થના છે. એમ સમજી ધન વિગેરેનો સંકોચ અને પિત્રાદિકને પૂછયાની વાત તું તારા મનમાંથી દૂર કર. તેમજ પ્રેમની વૃદ્ધિ માટે મારૂં વચન તું પ્રમાણ કર.

એ પ્રમાણે રાજાનો બહુ આગ્રહ જોઈ ગુણશ્રીએ કહ્યું વૃદ્ધોને પૂછી સવારમાં હું જવાબ આપીશ.

ગુણશ્રીવિચાર

રાજમંદિરમાંથી નીકળી ગુણશ્રી પોતાના ઘેર આવી અને મનમાં આશ્ચર્ય પામી વૃદ્ધોની આગળ સમરસિંહરાજાની હકીકત પ્રગટ કરી.

ફરીથી તેણે પૂછયું કે; હે વૃદ્ધપુરુષો ! હવે અહીં મારે શું કરવું ? તે આપ વિચાર કરી કહો !

દૈવે મને કેવા વિષમ કાર્યમાં નાખી દીધી છે. એક તરફ તત્ત્વને અજાણ આ ભૂપતિ પોતાની પુત્રી મને આપવા તૈયાર થયો છે. અને બીજી બાજુએ હું નારી છતાં કપટથી પુરુષ વેષ ધારણ કરી આવેલી છું.

હવે મારે શું કરવું ? કદાચિત્ હું મારૂં પોતાનું સ્વરૂપ પ્રગટ કરૂં તો સમગ્ર નગરમાં મારી વિડંબના થાય તેમજ પતિની પ્રાપ્તિ પણ થાય નહીં.

આ પ્રમાણે ગુણશ્રીનું વચન સાંભળી વૃદ્ધોએ તેને બહુ સુંદર ઉત્તર આપ્યો.

આ બાબતમાં અમને કંઈ સમજણ પડતી નથી. અમે ઉંમરથી-મોટા છીએ, પરંતુ શુદ્ધ બુદ્ધિવડે વૃદ્ધ નથી.

અમોએ ઘણો વિચાર કર્યો પરંતુ આ બાબત અમારા લક્ષમાં આવતી નથી. સર્વ કાર્યોમાં તારી બુદ્ધિ મુખ્યતા ભોગવે છે.

માટે હે વત્સ ! બરોબર વિચાર કરી તું પોતે જ યથોચિત કાર્ય કર.

એમ વૃદ્ધોનો જવાબ સાંભળી ગુણશ્રીએ વિચાર કર્યો. આ રાજાને મેં ઘણી ના પાડી છે, તો પણ તે કન્યા પરણાવવાના અતિ આગ્રહને જરૂર છોડશે નહી.

તેમજ જ્યાં સુધી પોતાના સ્વામીની પ્રાપ્તિ ન થાય, ત્યાં સુધી મારે મારૂં સ્ત્રીપણું જાહેર કરવું તે ઉચિત નથી, માટે હાલમાં પુરુષ વેષે રાજકન્યા મારે પરણવી તે ઉચિત છે.

જો છ માસની અંદર મારો પ્રિયપતિ મને મળશે, તો આ રાજ-કન્યા પણ તેની જ સ્ત્રી થશે. અને કદાચિત તે નહિ મળે તો મારા મરણ પછી તેણીને જેમ કરવું હશે તેમ કરશે.

એમ વિચાર કરી પુણ્યસારની સ્ત્રી–ગુણશ્રી પ્રભાતસમયે રાજસભામાં ગઈ અને રાજાના બહુ આગ્રહથી મદનવતીના પાણિગ્રહણનો સ્વીકાર કર્યો.

તે વાત સાંભળી મદનવતી બહુજ ખુશી થઈ. પ્રાયે સ્ત્રીઓને પોતાના સ્વામીની પ્રાપ્તિ અમૃતથી પણ અધિક પ્રિય હોય છે.

મદનવતી વિવાહ

સમરસિંહભૂપતિ પ્રમુદિત થયો અને મોટા ઉત્સવોવડે ગુણશ્રી સાથે પોતાની કન્યાને પરણાવી દીધી. ગુણશ્રીના હસ્તમેળાપથી મદન-વતીના હૃદયમાં જે હર્ષ થયો, તે કવિઓ પણ વર્ણવી શકે તેમ નહોતો.

વળી તે સમયે વરકન્યાના છેડા બાંધ્યા. ત્યાં વેદીની અંદર બેઠેલી ગુણશ્રી વિસ્મય પામી વિચાર કરવા લાગી.

સર્વત્ર વ્યાપક એવી કવિની બુદ્ધિ જ્યાં પહોંચી શકતી નથી, ત્રણે લોકને ઉલ્લંઘન કરનાર મનની સ્ફુરતી જ્યાં અટકી જાય છે. તેમજ ભવિષ્યવેદકના જ્ઞાનમાં પણ જેનો પ્રકાશ પડતો નથી, એવા કાર્યને પણ દૈવ એકદમ સિદ્ધ કરે છે, તે મોટું આશ્ચર્ય છે.

વળી સ્ત્રી સાથે સ્ત્રીનું પાણિગ્રહણ એ કોઈ સમયે દેખ્યું નથી, તેમ સાંભળ્યું પણ નથી. એમ છતાં વિધિએ આ પ્રમાણે જે ઘટના કરી તે મોટો અચંબો લાગે છે.

ત્યારપછી હસ્તમોચન સમયે સમરસિંહરાજાએ બહુ હર્ષથી ગુણચંદ્રને અનેક હાથી ઘોડા અને સુવર્ણાદિક દાયજો આપ્યો.

ત્યારબાદ સમરસિંહ વિગેરે રાજલોક સાથે ગુણચંદ્ર મદનવતીને લઇ પોતાના સ્થાનમાં ગયો.

તે સ્થાનની અંદર પોતાના ચિત્તની માફક વિશાળ એક મંદિર બનાવી તેની અંદર ગુણશ્રીએ મદનવતીને રાખી.

પછી બુદ્ધિશાળી ગુણશ્રીએ પોતાના પરિવારને કહ્યું કે; મારી વાર્તા આ મદનવતીની આગળ કોઈ દિવસ તમારે કરવી નહીં.

ત્યારબાદ રાત્રીના સમયે વરકન્યા બંનેનો પરસ્પર અમૃત સમાન વાર્ત્તાલાપ ચાલ્યો. ગુણશ્રીએ પોતાનું સ્ત્રીત્વ છુપાવવા માટે મદનવતીને કહ્યું, હે પ્રિયે ! વિશેષ વ્રત ઉપાસના માટે મેં છ માસ સુધી બ્રહ્મચર્ય વ્રત પાલવાની પ્રતિજ્ઞા કરી છે, હાલમાં બે ત્રણમાસ થઈ ગયા છે. બાકીનો સમય પૂરો થશે એટલે હું તારી સાથે આનંદથી હંમેશાં સુખ વિલાસ કરીશ.

છ માસ પૂરા થાય ત્યાં સુધી તારે ખેદ કરવો નહીં.

એ પ્રમાણે મદનવતીને આશ્વાસન આપતી ગુણશ્રી હંમેશાં ગોષ્ઠી અને અલંકારાદિક આપવાવડે સંતુષ્ટ કરતી હતી. કામક્રીડાના ભંગને લીધે ખિન્ન થયેલી મદનવતી પણ મહાકષ્ટથી દિવસો વ્યતીત કરતી હતી.

પુણ્યસારકુમાર

ગુણચંદ્ર મદનવતીને પરણ્યો તે વાત સાંભળી પુણ્યસારનો સર્વ મનોરથ નષ્ટ થયો અને હિમથી ઘેરાયેલા ચંદ્રની માફક કાંતિહીન થઈ ગયો. પછી પોતાના મનમાં તે વિચાર કરવા લાગ્યો.

મદનવતીને પરણવા માટે મેં પ્રથમ સરસ્વતીની પ્રાર્થના કરી હતી. તેની પ્રાપ્તિ કરાવનાર એક શ્લોક તેણીએ મને આપ્યો હતો. તેની ઈચ્છાને લીધે મંત્રની માફક તે શ્લોકનું હંમેશાં હું મારા હૃદયની અંદર સ્મરણ કરતો હતો, છતાં પણ ગુણચંદ્રકુમાર પોતાની ઉપર આસકત થયેલી તે મદનવતીને પરણ્યો. ધૂર્તની માફક સરસ્વતી દેવીએ શ્લોકવડે મને શામાટે છેતર્યો ?

હવે હું ધ્યાનથી તેને પ્રત્યક્ષ કરી ખૂબ ઠપકો આપું, એમ નિશ્ચય કરી પુણ્યસાર ધ્યાન કરવા બેઠો.

ધ્યાનના પ્રભાવથી સરસ્વતી પ્રગટ થઇ. બહુ ભકિતથી પ્રેરાયેલો પુણ્યસાર પ્રણામ કરી હાથ જોડીને બોલ્યો.

હે દેવી ! રાજપુત્રીની પ્રાપ્તિ માટે મને તેં શ્લોક આપ્યો હતો. તેનું હંમેશાં હું સ્મરણ કરતો હતો, છતાં પણ તે મદનવતીને અન્ય પુરુષ પરણી ગયો.

તારું પણ વચન જો મિથ્યાત્વથી દૂષિત થાય તો સૂર્યની કાંતિ અંધકારથી દૂષિત કેમ ન થાય ?

વાત્સલ્ય રસની નીક સમાન તું કહેવાય છે. છતાં પણ તેં મને છેતર્યો તો પછી માતા પુત્રને છેતરે તેમાં શી નવાઈ ?

સરસ્વતી દેવી બોલી. હે વત્સ ! તું વૃથા શા માટે મને ઠપકો આપે છે ? મેરૂશિખરની માફક દૈવી વાણી કોઈ દિવસ ચલાયમાન થતી નથી. સામાન્ય માણસને પણ હું કોઈ દિવસ પ્રપંચથી છેતરતી નથી, તો નિર્મલસ ભકિતમાં ઉદ્યુકત થયેલા તારા સરખા ઉત્તમ પુરુષની તો વાત જ શી ?

હે વત્સ ! હજુ પણ તે રાજપુત્રીને પોતાની સ્ત્રી કરવા તું

ઈચ્છતો હોય તો તે કામદેવના પુત્ર ગુણચંદ્ર સાથે મૈત્રી કર. એમ કહી દેવી ત્યાંથી અદૃશ્ય થઇ ગઈ.

પુણ્યસાર વિચાર કરવા લાગ્યો. હાલમાં પણ તે દેવી આવું અઘટિત વાક્ય કેમ બોલી ?

મદનવતી પારકી સ્ત્રી થઇ છે અને હું તો પરસ્ત્રીથી વિમુખ થયો છું. માટે તે મારી સ્ત્રી કેવી રીતે થશે ?

જરૂર હું ધારૂં છું કે; દેવીએ ફરીથી પણ મને છેતર્યો છે, તો પણ ગુણચંદ્રની સાથે મૈત્રી કરીને તે સ્ત્રીની ઈચ્છા માટે દેવીનું વચન હું સિદ્ધ કરીશ.

ગુણશ્રીમૈત્રી

ત્યારબાદ બુદ્ધિનિધાન પુણ્યસારે પોતાના મનમાં ગુણશ્રી સાથે મિત્રતા કરવાની તત્કાલ ઈચ્છા કરી.

પોતાના સ્વામીનું વૃત્તાંત નહી મળવાથી ગુણશ્રીએ પણ દ્વાર-ભૂમિની આગળ એક વેદિકા કરાવી. તે પર બેસી ગુણશ્રી પોતે નોકરો પાસે વેપાર વિગેરે કાર્ય કરાવે છે.

વેપારની ઈચ્છાથી પોતાનો સ્વામી પણ કદાચિત્ અહીં આવે, એવી ધારણાથી તે કામ કરાવતી હતી.

એક દિવસ પુણ્યસાર વેદી પર બેઠેલી ગુણશ્રીને જોઈ બહુ ઉમંગથી તેને મળવા માટે ગયો. દૂરથી પોતાની આગળ આવતા પુણ્યસારને જોઈ ગુણશ્રી પોતાના પતિને નહીં જાણતી છતાંયે તેના મનમાં બહુ પ્રેમ થયો.

પ્રથમ તેણીએ આનંદિત હૃદયવડે અભ્યુત્થાન કર્યું. પછી વિશાલ નેત્રોવડે ત્યારબાદ શરીરવડે તેનો સત્કાર કર્યો.

ત્યારપછી કેટલાંક ડગલાં ચાલીને ગુણશ્રીએ પોતાના અદ્ભૂત આસનપર તેને બેસાર્યો અને અમૃત સમાન વાણીવડે તેની સાથે ઘણીવાર વાર્તાલાપ કર્યો.

પુણ્યસાર પણ તેની દૃષ્ટિ તથા તેની ગોષ્ઠીરસનું પાન કરી અમૃતસાગરમાં મગ્ન થયો હોય, તેમ બહુ ખુશી થયો.

જો કે તેઓ બંને પરસ્પર સ્ત્રી પુરુષભાવને જાણતાં નથી, તો પણ તેમનાં મન અને નેત્ર અવિચ્છિન્ન સુખ માનતાં હતાં.

ખરેખર દૃષ્ટિ અને મન એ બંને પ્રિય અને અપ્રિયને સૂચવે છે. કારણ કે; એક બીજાના અવલોકનથી તત્કાલ દૃષ્ટિ અને મન પ્રીતિ અને દ્વેષને ધારણ કર્યા સિવાય રહેતા નથી.

પોતાના ચિત્તની માફક ગુણચંદ્રનું ચિત્ત પોતાના સમાગમથી પ્રસન્ન જોઈ પુણ્યસારે યાચના કરી કે; તારી સાથે હું મૈત્રી કરવા ઇચ્છું છું.

ગુણશ્રી બોલી. મારી સાથે મૈત્રીની પ્રાર્થના તું શામાટે કરે છે? અમૃતપાન માટે કોઈપણ સમયે કોઇને કહેવાની જરૂર પડતી નથી. જે પુરુષ તારો દાસ થઈને રહે, તે પણ ધન્ય પુરુષોમાં ચૂડામણિ સમાન થાય છે. તો તું પોતે જ પ્રીતિવડે જેનો મિત્ર થાય, તેનું તો કહેવું જ શું ?

એ પ્રમાણે ગુણચંદ્રના વચનામૃતથી પ્રસન્ન થયેલા પુણ્યસારે ગુણશ્રીની સાથે પ્રીતિ કરી.

એકત્ર નિવાસ, ક્રીડા, સુભાષિત અને સારભૂત કથાઓના રસવડે તેમનો પ્રેમ ચંદ્રના કિરણોવડે સમુદ્ર જેમ હંમેશાં વધવા લાગ્યો. હું માનું છું કે; એક બીજાના સંબંધથી તે બંનેનું ગાઢ એકપણું થઈ ગયું, અન્યથા તેમનો આત્મા સરૂપતાને કેમ પામે ?

એ પ્રમાણે પોતાના સ્વામીની ઉલ્લાસ પામતી પ્રીતિવડે ખુશી થયેલી ગુણશ્રીના છ માસ પુરા થવા આવ્યા. માત્ર સાત દિવસ બાકી રહ્યા, તોપણ પોતાના સ્વામીનું વૃત્તાંત કોઈપણ ઠેકાણે તેના સાંભળવામાં આવ્યું નહીં, તેથી તેણીએ મરવાનો વિચાર કરી એકાંતમાં પોતાના પરિવારને બોલાવી કહ્યું,

મેં પ્રથમ પ્રતિજ્ઞા કરેલી છે. જો છ માસની અંદર મારો પતિ મને ન મળે તો હું સતીની માફક પોતાનો દેહ અગ્નિમાં હોમી દઉં. અનુક્રમે છ પુરા થયાં. કોઈ ઠેકાણે પતિનો પત્તો લાગ્યો નહીં. માટે હાલમાં તમે નગરની બહાર ચંદનકાષ્ઠની ચિતા તૈયાર કરો.

સખીબોધ

જવલતા અગ્નિ બીલા સમાન તે વાણીવડે ગુણશ્રીનો પરિવાર બહુ વ્યાકુલ થઈ ગયો અને ગદ્ગદ કંઠે તેને કહેવા લાગ્યો.

હજુ તમારી પ્રતિજ્ઞામાં સાત દિવસ બાકી રહ્યા છે. શોધ કરતાં ગમે ત્યાંથી પણ જરૂર તમારો સ્વામી મળી આવશે. અથવા દુર્ભાગ્યને લીધે કદાચિત પતિ ન મળે તો પણ તમારે આત્મઘાત કરવો ઉચિત નથી. કારણ કે; તેમ કરવાથી જીવની દુર્ગતિ થાય છે.

વળી આ દુર્લભ મનુષ્યભવ પામીને તમે વિશુદ્ધ ધર્મની આરાધના કરો. જેથી આલોકમાં સર્વ ઈષ્ટ પદાર્થ પ્રાપ્ત થાય અને પરલોકમાં સદ્ગતિ થાય.

દરેક ભવમાં પતિ મળે છે, પરંતુ ધર્મ અત્યંત દુર્લભ હોય છે, કારણ કે; દરેક પર્વતોમાં પાષાણના ઢગલા હોય છે, પણ પદ્મરાગમણિ તો કવચિત જ હોય છે. એમ સમજી તું મૃત્યુની બુદ્ધિ છોડી દે અને ધર્મ કાર્યમાં મનને સ્થાપન કર. સ્વજનનું કહેવું માન્ય કર. અને પોતાના જીવિતનું રક્ષણ કર.

તે સાંભળી ગુણશ્રીની ભ્રકુટી બસી ગઈ અને પોતાના પરિવારને કહેવા લાગી.

શું મારા મનને તમે નથી જાણતાં ? જેથી તમે એવી રીતે બોલો છો ? આજ સુધી જ મળ્યો નહીં તે હવે કયાંથી મળે ?

આખા જન્મમાં જે કાર્ય સિદ્ધ ન થયું, તે મરણ કાલમાં કયાંથી સિદ્ધ થાય ? સ્વામીની અપ્રાપ્તિ થવા છતાં પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરી હું કેવી રીતે જીવું ?

એક દુઃખ પતિનો અભાવ અને બીજું દુઃખ વાણીની અસત્યતા. મારા સ્વામીથી પણ સત્ય વચન મને ઘણું જ વહાલું છે. હવે જો પ્રતિજ્ઞાનો ભંગ થાય તો સત્ય કેવી રીતે સચવાય ?

આપત સમાપતતુ સંપદપૈતુ દુરં,
જ્ઞાતિઃપરિત્યજતુ સર્પતુ ચાપકીર્તિઃ ।

આત્મા પ્રયાતુ સકલં કુલમન્તમેતુ,
ન સ્વીકૃતં કૃતિધયસ્તદપિ ત્યજન્તિ ॥

આપત્તિ આવે, સંપત્તિ દૂર ચાલી જાય, જ્ઞાતિ સર્વથા ત્યજી દે, અપકીર્તિ સર્વત્ર ફેલાય, આત્મા ચાલ્યો જાય અને સમગ્ર કુલનો નાશ થાય, તો પણ બુદ્ધિમાન પુરુષો પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરતા નથી.

એટલા માટે હાલમાં હું દુઃખથી મુક્ત થવા માટે ધર્મ કાર્યની માફક મરણ ક્રિયા સાધુ છું.

તમારે આ બાબતમાં કંઈપણ મને કહેવું નહીં.

એ પ્રમાણે પોતાના પરિવારને બોધ કરી ગુણશ્રીએ તત્કાલ નગરની બહાર ચંદનની ચિતા તૈયાર કરાવી.

સર્વપરિવારના નેત્રોમાંથી અશ્રુધારાઓ વહેવા લાગી. ગુણશ્રી પોતાના પરિવાર સાથે પ્રધાન અશ્વપર બેસી ચિતાની પાસે ગઈ.

તે સાંભળી મદનવતીના હૃદયમાં અગ્નિ જવાલા પ્રગટ થઈ.

શરીરમાં રોમે રોમ તીક્ષ્ણ સોયની વેદનાઓ થવા લાગી.

ધારા બંધ આંસુઓની વૃષ્ટિવડે વર્ષાકાલના મેઘના તરંગની માફક અતિ વિશાલ માર્ગને પણ પંકમય બનાવતી

અને મુષ્ટિઓના આઘાતવડે વક્ષસ્થલમાંથી પ્રાણોને કાઢતી હોય તેમ તે મદનવતી બહુ વિહ્વલ થઈ ને તેજ વખતે ગુણશ્રીની પાછળ ચાલી.

તે જોઈ રાજા, પ્રધાન વર્ગ તેમજ પૌરલોકો પણ બહુ દુઃખી થઇ ગયા અને ગુણશ્રીને મરણથી નિવારવા માટે એકદમ ત્યાં આવ્યા.

સમરસિંહનો ઉપદેશ

સમરસિંહરાજા મરણાભિમુખ ગુણશ્રી–ગુણચંદ્રને જોઇ બોલ્યો.

હે વત્સ ! સ્વજનવત્સલ ! દુઃખીની માફક તું અકસ્માત શા કારણથી મરવાને તૈયાર થયો છે ?

તારે કોઈપણ વસ્તુની શું ન્યૂનતા છે ? અથવા કોઇએ તારૂં અપમાન કર્યું છે ? શું તારા માતા પિત્રાદિકનું કંઈ અનિષ્ટ થયું

છે ? તારા દુઃખનું કારણ તું નિવેદન કર.

આ શરીર, આ લક્ષ્મી, આ સ્ત્રી આ સ્વજન વર્ગ વિગેરે આ સર્વનો ત્યાગ કરવો, તે તને ઉચિત નથી.

વળી તું શાસ્ત્રસાગરનો પારગામી છે, સર્વ કલાઓનો તું નિધાન ગણાય છે અને પંડિતોમાં પણ તું શિરોમણિ છે. છતા તું આત્મ-ઘાત કરવાને શા માટે તૈયાર થયો છે ? તેનું કારણ તું કહે.

એ પ્રમાણે રાજા અને નગરના લોકોએ ઘણુંએ પૂછ્યું, પરંતુ ગુણશ્રીએ તે સમયે નિંદાના ભયથી પોતાના મૃત્યુનું કારણ જણાવ્યું નહીં.

ગુણશ્રીનો સંદેશ

ત્યારબાદ ગુણશ્રી પોતાના પરિચયમાં આવેલા વૃદ્ધોના કાનમાં દીનવાણીથી પોતાના પિત્રાદિકને સંદેશો કહેવા લાગી.

હે માતા પિતા ! આ મારા છેવટના પ્રણામ છે. બાલ્યાવસ્થાથી આરંભી આજ સુધીનો જે કંઇ મારાથી અપરાધ થયો હોય, તેની હું આપની આગળ માફી માગું છું.

કોઈ ભાગ્યશાળી કન્યા હોય છે કે, જે પોતાના માતાપિતાને ચંદ્રની કાંતિ સમાન આનંદ આપે છે અને પાપાત્મા એવી હું તો આપને સૂર્યની કાંતિ સમાન તપાવનારી થઈ.

વળી હે બહેનો ! અસાર એવા પોતાના જીવિતનો અગ્નિમાં હોમ કરી તમે જલદી આવો, જેથી મને આગળ ઉપર મળો.

હે સખીઓ ! મિત્રતાને લીધે આપની આગળ જે કંઈ મેં કહ્યું હોય, તે અનિષ્ટ હોય તો પણ તમારે સહન કરવું, આ અંતિમ પ્રણામ છે.

ચિતાપ્રવેશ

ક્ષમાપના માગ્યા બાદ ગુણશ્રી પ્રીતિપૂર્વક ચિતાની ત્રણ પ્રદક્ષિણા કરી મંદ સ્વરે બોલી.

હે સૂર્ય ! અને હે લોકપાલો ! આપ સાવધાન થઈ મારૂં એક વચન સાંભળો.

હું પાપાત્મા મારા પતિની પ્રાપ્તિ માટે અહીં આવી હતી, છતાં તેનો પત્તો લાગ્યો નહીં, માટે આપનાં પ્રસાદથી ભવાંતરમાં મને તેજ પતિ પ્રાપ્ત થાઓ એવી મારી પ્રાર્થના છે.

તે સાંભળી સમરસિંહ વિગેરે સર્વ લોકો હાહાકાર કરવા લાગ્યા અને જેટલામાં ગુણશ્રી ચિતા પ્રવેશ કરે છે, તેટલામાં તેમણે તેને રોકી રાખી અને શાંત પાડી.

તેવામાં લોક મુખથી તે વાત સાંભળી વિહ્વલ થયેલો પુણ્યસાર અશ્રુ પ્રવાહવડે પૃથ્વીને ભીંજાવતો ત્યાં આવ્યો.

ગુણશ્રીના પરિવારની યોજનાથી અને પોતાના સ્નેહની બહુ લાગણીને લીધે કૃપાસાગર તે પુણ્યસાર તેને કહેવા લાગ્યો.

હે મિત્ર! અયોગ્ય કામ કરવાનો કેમ તેં આરંભ કર્યો છે?

તારા સરખા કોઈ વિદ્વાને આવું કાર્ય કર્યું નથી. હંમેશાં તું મારી સાથે વાતચિત કરે છે, તેમજ મારાથી તારે કાંઈપણ ગોપનીય નથી. માટે સત્ય હકીકત તું જાહેર કર. અગ્નિમાં પ્રવેશ કરવાનું શું કારણ છે?

વળી હે મિત્ર! મરણનું કારણ કહ્યા સિવાય જો તું મરીશ તો હું પણ જરૂર તારી પાછળ પ્રાણ ત્યાગ કરીશ, એવી મારી પ્રતિજ્ઞા છે.

निवारयति पातकात्, दिशति मार्गमत्युज्ज्वलं,
न मर्म वदति क्वचित्, प्रकटयत्यशेषान् गुणान् ।
समुद्धरति संकटात् वहति हर्षमत्युन्नतौ,
सह त्यजति जीवितं, स्फुरति मित्रकृत्यं मदः ॥ १ ॥

"પાપથી નિવારે છે. વિશુદ્ધ માર્ગનો ઉપદેશ આપે છે. કોઈ પણ સમયે દોષને જાહેર કરતો નથી.

સમગ્ર ગુણોને પ્રગટ કરે છે. સંકટમાંથી ઉદ્ધાર કરે છે,
અભ્યુદયમાં આનંદ માને છે અને સાથે જીવિતનો પણ ત્યાગ કરે છે. આ પ્રમાણે મિત્રનો ધર્મ પ્રસિદ્ધ છે."

એમ કહી તેજ વખતે દૃઢ મનથી પુણ્યસાર ચિતાની અંદર ઝંપાપાત કરવાને તૈયાર થઈ ગયો.

એ પ્રમાણે મરણાંતનો તેનો પ્રેમ જોઈ ગુણશ્રીના હૃદયમાં વિશ્વાસ થયો. જેથી તેણે એકાંતમાં જઈ પોતાની ગુપ્ત વાત તેને સ્પષ્ટ રીતે નિવેદન કરી.

તે સાંભળી પુણ્યસારનું હૃદય ચકિત થઈ ગયું અને પોતે વિચારમાં પડયો;

અહો ! ખરેખર આ તો આઠમી ગુણશ્રી મારી જ સ્ત્રી છે,

માત્ર શ્લોકના સંકેતવડે આ સ્ત્રી અહીં કેવી રીતે આવી ? અને પુરુષનો વેષ ધારણ કરી એણીએ આ રાજાની કન્યા શા માટે પરણી ? નૃપ વિગેરે સર્વ લોકોએ એને ઘણુંએ પૂછયું છતાં પણ એણે પોતાનું નામ શા માટે છુપાવી રાખ્યું ?

તેમજ પોતાનો પતિ નહીં મળવાથી સત્ય પ્રતિજ્ઞા પાળવાની ખાતર કેવી રીતે આ સ્ત્રી અગ્નિમાં પ્રવેશ કરે છે ?

આ ઉપરથી ચાતુર્ય, દૃઢતા, ગુપ્ત વિચારતા અને સત્યતાદિ એણીના ગુણોને વાણી પણ પહોંચી શકે તેમ નથી.

સરસ્વતી દેવીના કહેવાથી મેં પણ એની સાથે મૈત્રી કરી તે બહુ સારૂ થયું, નહીં તો આ મરી જાત એટલે ત્યાં રહેલી મારી તે સાતે સ્ત્રીઓ મરી જાત.

સ્ત્રીઓના ઉત્તમ ચાતુર્યની પરીક્ષા માટે આવી હોંશીયારી કરીને મેં પોતાની અનર્થ પરંપરા પ્રગટ કરી છે.

એમ પોતાના મનમાં વિચાર કરી અમંદ આનંદસાગરમાં કંઠ સુધી નિમગ્ન થઈ પુણ્યસાર પોતાની સ્ત્રી–ગુણશ્રીને કહેવા લાગ્યો.

પ્રિયસમાગમ

આ મોટું આશ્ચર્ય છે કે; આટલા દિવસ સુધી તે કૃત્રિમ પ્રીતિ કરી, મારો આટલો બધો સ્નેહ છતાં પણ તે કોઈ દિવસ આ વાત કરી નહી !!!

જો તેં આ વાત પ્રીતિના આરંભમાં–પ્રથમ જ કરી હોત તો તારો પતિ હું તને તેજ વખતે મેળવી આપત. હજુ પણ ઠીક થયું કે; આ વાત મને કરી.

તારૂં કાર્ય સિદ્ધ થયું. એમાં તું કંઈ સંશય રાખીશ નહીં. પરંતુ મારે તને કંઈક કહેવાનું છે. જો તું મારી પર ગુસ્સે ન થાય તો હું તને તે કહું

એ પ્રમાણે પુણ્યસારના વચનામૃતનું પાન કરી સજીવન થઈ હોય તેમ, તે ગુણશ્રી પોતાનું ડાબુ અંગ સ્ફુરવાથી પ્રિય સમાગમને જાણતી હોય, તેમ આનંદ માનતી તેને કહેવા લાગી.

મારા હૃદયદાહને શાંત કરવામાં ચંદન સમાન હે સુભગ! તું તારી ઈચ્છા પ્રમાણે સુખેથી બોલ.

તું મારા પતિનો સંદેશ આપનાર છે, તો તારી ઉપર ક્રોધ કરવાનું શું કારણ?

પુણ્યસાર બોલ્યો હે સુભગે! જેની ઉપર તું આટલો બધો સ્નેહ રાખે છે, તે પુરુષે તને નિઃસ્નેહની માફક ગણી ત્યજી દીધી, છતાં તેવા કુપતિ સાથે તું શા માટે પ્રીતિ ધરાવે છે?

વળી જે પુરુષ પોતાના ઉપર બહુ પ્રેમ રાખે, તેના ઉપર પ્રીતિ કરવી યોગ્ય છે, પરંતુ વિરકત ઉપર પ્રીતિ કરવી, તે તો અંધની આગળ મુખમંડન સમાન છે.

તેમજ લોકશ્રુતિ પણ એવી છે કે "મરતાની સાથે મરવું," એમ માનીને પણ તે અયોગ્ય પતિને માટે તું કેમ મરવાને તૈયાર થઈ છે?

વળી તું તેની આશા છોડી દઈ અન્ય કોઈ સારા પતિ સાથે સંબંધ જોડ, જેથી તે ચક્રવાકી પર ચક્રવાક જેમ તારી ઉપર ઉત્તમ પ્રકારની પ્રીતિ રાખે.

એ પ્રમાણે તેના અનિષ્ટ વાકયવડે પ્રદોષવડે પદ્મિનીની જેમ ગુણશ્રીનું મુખકમલ કરમાઈ ગયું અને પુણ્યસારને કહેવા લાગી.

તું સદાચારમાં મુખ્ય ગણાય છે, છતાં પણ આવું નિંદ્ય વચન કેમ બોલે છે? તારા સરખા સત્પુરુષોએ અધર્મનો ઉપદેશ આપવો ઉચિત ગણાય નહીં.

" સ્નેહ વિનાનો પણ પોતાનો પતિ એજ કુલીન સ્ત્રીઓને સેવનીય છે." કારણ કે, વેલીઓને શુષ્ક એવું પણ વૃક્ષ જ આલંબન થાય છે.

વળી નિઃસ્નેહતાને લીધે તેણે મારો ત્યાગ કર્યો નથી, પરંતુ હું માનું છું કે, શ્લોકના સંકેતથી પોતે હોંશીયારીની પરીક્ષા કરી છે.

કુલીન સ્ત્રીઓ પોતાનો પતિ જીવતે છતે જીવે છે અને તે મરે છતે મરી જાય છે. શું પતિ માટે ન મરે તો પાષાણ માટે મરે ?

વળી હે ધાર્મિક ! તું જે અન્ય પતિ કરવાનું મને કહે છે, તે વેશ્યાઓને ઉચિત છે, કુલીન સ્ત્રીઓને ઘટે નહીં. માટે આ હાસ્યનો ત્યાગ કરી જો મારા પતિને તું જાણતો હોય તો જલદી અહીં લાવ, નહી તો મને મરવા દે.

આ પ્રમાણે પોતાની સ્ત્રીની દૃઢ પ્રીતિવડે પુણ્યસાર પોતાના મનમાં ચકિત થઈ ગયો અને અમૃત સમાન વાણી બોલવા લાગ્યો.

હે સુભગાસુતે ! જો એવો જ તારો નિશ્ચય હોયતો તું પોતાના સ્થાનમાં ચાલ. હું તારા પતિને લાવી બતાવું છું.

ગુણશ્રી બોલી. આ તારી કૂટવાણીનો મને વિશ્વાસ આવતો નથી. જો પતિ મેળાપની વાત સાચી હોય, તો તું અહીં જ મારા પતિનો મેળાપ કરી આપ.

ફરીથી પુણ્યસાર બોલ્યો. હું એને અહીં લાવીશ તો પણ તું બરાબર પરિચય વિના તેને કેવી રીતે ઓળખીશ ?

ગુણશ્રી બોલી. હે સુભગ ! સંકેતિત શ્લોકના બોલવાથી જો મને વિશ્વાસ થશે, તો તે પતિને હું જાણીશ. કિંચિત્ હાસ્ય કરી પુણ્યસાર તે શ્લોક બોલી ગયો.

શ્લોકના શ્રવણ માત્રથી હર્ષવડે હૃદયમાં નૃત્ય કરતી હોય, તેમ તે ગુણશ્રીએ પોતાના પતિને ઓળખી લીધો.

પતિને જોઇ હૃદયમાંથી ઉભરાતા સ્નેહરસને સાત્વિક સ્વેદના મિષથી શરીરની બહાર અતિશય ધારણ કરતી અને ઉપોષિત નેત્રોને

તેના દર્શનરૂપ સુધારસનું પાન કરાવતી હોય, તેમ ગુણશ્રી તેને કહેવા લાગી.

હે સ્વામિન્! સ્નેહને આધીન હૃદયવાળી સ્ત્રીઓનો કયા અપરાધને લીધે આપે તૃણની માફક પ્રથમ દિવસે જ ત્યાગ કર્યો?

સ્ત્રીઓનો પ્રેમ બહુ ઉત્તમ પ્રકારનો હોય છે, કે જેઓ પોતાના પતિ માટે ક્ષણમાત્રમાં પ્રાણનો ત્યાગ કરે છે, પરંતુ અપરાધ વિના પણ પ્રેમલ સ્ત્રીઓનો ત્યાગ કરનાર પુરુષોનો તેવો પ્રેમ હોતો નથી.

તે વખતે મને છેતરીને આપ ઘરમાંથી ચાલ્યા ગયા હતા. હાલમાં મારા હાથમાં આવ્યા છો, બોલો હવે તમે શી રીતે જશો?

એમ કહી ગુણશ્રી તાર સ્વરે રૂદન કરવા લાગી. ત્યાર પછી પુણ્યસારે પ્રેમનાં વચનામૃતવડે વર્ષાઋતુના મેઘવડે સિંચાયેલી વેલીની માફક તેણીને પ્રફુલ્લ કરી.

ગુણશ્રીએ પોતાના પતિને પામી જે આનંદ મેળવ્યો, તેનું વર્ણન કરવા માટે હજાર જીભવાળો પણ કોઈ સમર્થ થાય નહીં.

હે વિબુધો! આલોકમાં પ્રિય દર્શન એજ અમૃત છે, અન્ય અમૃત વ્યર્થ છે. જેના પાનથી આત્મા શારીરિક સર્વ તાપનો ત્યાગ કરે છે.

હે પ્રિયે! આ પુરુષનો વેષ ઘેર જઈને તારે ઉતારવો, એમ કહી પુણ્યસાર તેને સાથે લઈ નગર તરફ ચાલ્યો.

મદનવતીવિવાહ

આ હકીકત જોઈ ત્યાં ઉભેલા રાજા મંત્રી વિગેરે સર્વે લોકો એકદમ મોટા સંશયમાં પડી ગયા.

"આ શું ઇંદ્રજાળ હશે?" એમ વિચાર કરતા તેઓ પોતપોતાને ઘેર ગયા. ગુણશ્રી પોતાના પતિ સાથે ઘેર આવી અને તત્કાલ તેની આજ્ઞાથી તેણીએ નટીની માફક પોતાનું સ્વરૂપ પ્રગટ કર્યું.

નિધાનને પ્રાપ્ત થઇ હોય તેમ ગુણશ્રીએ તેવો મહોત્સવ કરાવ્યો કે; જેથી સર્વ નગરના લોકોનાં હૃદય વિસ્મિત થયાં.

ત્યારપછી પોતાના સ્વામીનું સ્ત્રીપણું જોઇ મદનવતી પ્રભાત કાલમાં કુમુદિની જેમ એકદમ મ્લાન થઇ ગઇ અને પોતાના માતા પિતાની આગળ તે વાત તેણીએ જાહેર કરી.

તે સાંભળતાં રાજા અને રાણીના મનમાં બહુ આશ્ચર્ય થયું. જેથી ગુણશ્રીને પોતાની પાસે બોલાવી અને તેઓ તેનું વિચિત્ર તે ચરિત્ર પૂછવા લાગ્યાં.

ગુણશ્રીએ પોતાનું યથાસ્થિત સર્વ વૃત્તાંત નિવેદન કર્યું. તે સાંભળી રાજાને બહુ ક્રોધ થયો,

અહો ! " સ્ત્રી સાહસ અપાર હોય છે ? " એમ વિચાર કરતો તે બોલ્યો. પોતાનું સ્વરૂપ ગુપ્ત રાખી મને છેતરીને આ મારી કન્યાને તું પરણી અને આ પ્રમાણે મારી કન્યાની વિડંબના તેં શા માટે કરી ?

ગુણશ્રી બોલી. દેવ ! આપનો બહુ આગ્રહ થવાથી પોતાની વિગોપનાની ભીતિને લીધે મેં આ અકૃત્ય કર્યું હતું. હાલમાં મારા પતિનો સમાગમ થયો એટલે મેં મારૂં સ્વરૂપ પ્રગટ કર્યું. પોતાનું કાર્ય સિદ્ધ થવાથી કોઈ પ્રકારની અકીર્તિ હોતી નથી.

એમ સાંભળી સમરસિંહરાજાએ તેને વિદાય કરી.

પછી પોતાના મંત્રીને બોલાવી રાજાએ પૂછયું. હવે આ પુત્રીનું મારે શું કરવું ? જે યોગ્ય લાગે તે કહો.

વિચાર કરી મંત્રી બોલ્યો. હે દેવ ! ગુણશ્રી સાથે એનો જે પાણિ-ગ્રહ થયો તે વ્યર્થ છે. અને એના યોગ્ય બીજો કોઈ સદ્‌ગુણી વર નથી, માટે આ પુણ્યસારને જ આ કન્યા આપો.

મંત્રીનું યોગ્ય વચન સાંભળી રાજાએ પુત્રના વૃત્તાંતથી ખુશી થયેલા ધનસારને બોલાવી તેના પુત્રને પોતાની કન્યા આપવી, એવો નિશ્ચય કર્યો.

પછી તે બંનેનો મહોત્સવપૂર્વક તેણે વિવાહ કરાવ્યો. લાંબા વખતથી મનમાં ધારેલી અને પ્રથમ તિરસ્કારની લાગણીથી જોતી એવી

રાજસુતાને પરણી ધનશ્રીનો પુત્ર–પુણ્યસાર મનમાં બહુ ખુશી થઈ વિચાર કરવા લાગ્યો.

ભાગ્યશાળી પુરુષોમાં પણ હું ધન્યતમ છું, કારણ કે, પોતાની સ્ત્રીએ પરણીને નહીં ઈચ્છતી છતાં પણ રાજસુતાને મારી સાથે પરણાવી.

ભકતવત્સલ એક સરસ્વતી દેવીની જ હું સ્તુતિ કરૂં છું, કારણ કે; એક સ્ત્રી માટે મેં જેની આરાધના કરી હતી, તેણીએ મને બે સ્ત્રીઓ આપી. અથવા અન્યવડે શું ? માત્ર ઉત્કટ પુણ્યનો જ પ્રભાવ છે, જેની આગળ સમગ્ર સિદ્ધિઓ પણ સેવક સમાન હાજર રહે છે.

મદનવતી પશ્ચાત્તાપ

મદનવતી પણ પશ્ચાત્તાપ કરવા લાગી. આ પુણ્યસારપતિ મને ઇષ્ટ નહોતો છતાંયે મારા કર્મે આવી પડયો.

અયોગ્ય ઘટના કરનાર દૈવને ધિક્કાર છે, કે જે શત્રુની માફક વિપરીત કાર્ય કરે છે. આ દૈવે જ મને સ્ત્રી સાથે પરણાવી અને સમસ્તનગરમાં મારી વિગોપના કરી તેમજ આ પુણ્યસાર મને ગમતો નહોતો છતાં તેની સાથે મારે પરણવું પડયું. પરંતુ દૈવકૃત કાર્યમાં પોતાનો અભિમાન શા કામનો ? એમ સમજીને મદનવતીએ પતિ ઉપર પૂર્ણ પ્રેમભાવ ધારણ કર્યો.

વલભીપુર પ્રયાણ

એક દિવસ ગુણશ્રીએ પોતાના પતિને કહ્યું.

મેં જ્યારે નગરમાંથી પ્રયાણ કર્યું, તે સમયે મારી બહેનોએ જે પ્રતિજ્ઞા કરી છે, તે આપ સાંભળો,

હે બહેન ! તું છ માસના અંતે પતિ સહિત અહીં નહી આવે તો દુઃખને દેશવટો આપવા અમે અમારા પ્રાણોને પ્રબલ અગ્નિમાં હોમી દઈશું.

આ પ્રતિજ્ઞાના દિવસો હવે પાંચ જ બાકી રહ્યા છે, માટે હે વરિષ્ઠ ! આપ હવે વલભીપુરમાં જલ્દી પધારો, નહિ તો આપના વિયોગથી દુઃખી થયેલી મારી બહેનો અને મારાં માતા પિતા અગ્નિમાં શલભ-પતંગીઆની સુલભગતિને પામશે.

પુણ્યસારે આ વૃત્તાંત પોતાના પિતાને તથા રાજાને જણાવી તેમની આજ્ઞા મેળવી લીધી.

ત્યારપછી રતિ અને પ્રીતિ સહિત કામની જેમ બંને સ્ત્રીઓ સહિત ધનસારનો પુત્ર પુણ્યસાર પવનવેગી શ્રેષ્ઠ અશ્વો પર આરૂઢ થઈ નગરમાંથી નીકળ્યો.

ગ્રામ્ય લોકોના દરેક ગામોમાં વિનોદવડે મનને આનંદ આપતો જાણે કે આકાશ માર્ગે ચાલતો હોય તેમ ઘણી ભૂમિ ઉલ્લંઘન કરી ગયો.

પરસ્પર સ્ત્રીઓના મધુર આલાપની શ્રેણીરૂપ અમૃતવડે તૃપ્ત થયેલ પુણ્યસાર નિરંતર પ્રયાણ કરતો છતાં પણ માર્ગજનિત શ્રમને જાણતો ન હોતો.

એમ અખંડિત પ્રયાણ કરવાથી પુણ્યસાર પાંચમા દિવસે પ્રભાત સમયે **વલભીપુરમાં** જઈ પહોંચ્યો.

અગ્નિપ્રવેશ

તેજ દિવસે વલભીપુરની અંદર કામદેવની સાતે પુત્રીઓ દુઃખથી પીડાએલી પોતાના પિતાપાસે આવી કહેવા લાગી.

છ માસ પુરા થયા, પરંતુ ગુણશ્રી આવી નહીં, જરૂર એને પતિ મળ્યો નહીં હોય, તેથી તે મરી ગઈ હશે. આજ સુધી અમોએ પતિની આશાએ દરિદ્રી જેમ ધનની આશાએ તેમ વૃથા અતિ દુઃસહ વિરહાગ્નિને સહન કર્યો. માટે હે તાત ! પ્રસન્ન થઇ હવે જલદી અમને સર્વ દુઃખરૂપ વૃક્ષને બાળવા માટે અગ્નિ આપો.

એ પ્રમાણે પુત્રીઓનું વચન સાંભળી કામદેવ શ્રેષ્ઠી વિજળી સમાન તે વાણીવડે હૃદયમાં હણાયો અને દુઃખસાગરની લહરી સમાન વાણીનો પ્રચાર કરવા લાગ્યો.

હે પુત્રીઓ ! આટલી ઉતાવળ શા માટે કરો છો ? આપણે સર્વે એક સાથે સંગાથ કરીશું. મારા મનમાં પણ આજ વિચાર થયા કરે છે.

વળી મારા કહ્યા છતાં પણ તમે મૃત્યુથી અટકશો નહીં તેમજ તમારું મરણ મારાથી જોઈ શકાશે નહી. માટે હું તમારી સાથે

પ્રથમ એવું કરીશ કે; જેથી તમારા સહવાસથી મારો વિયોગ થાય નહીં.

કામદેવશ્રેષ્ઠી

ઘર વિગેરે પોતાની સમૃદ્ધિ પોતાના કુટુંબીઓને સમર્પણ કરી કામદેવશ્રેષ્ઠી પુત્રીઓ અને પ્રિયા સહિત નગરની બહાર બળતી ચિતાની પાસે ગયો.

આ વાત નગરના લોકોએ જાણી. જેથી તેઓ અશ્રુપાતવડે વસ્ત્રો ભીંજવતા શેઠની પાસે આવી મર્યાદા પૂર્વક કહેવા લાગ્યા.

હે શ્રેષ્ઠી ! સત્પુરુષોને નિંદવાલાયક આ અકૃત્યનો એકદમ શા માટે આરંભ તમે કર્યો છે ?

પુત્રી અને જમાઈને માટે આ પ્રમાણે કોઈપણ પ્રથમ કાલમાં મરેલો હોય તેવું સાંભળવામાં આવ્યું નથી.

જો કે; જમાઈ ન મળ્યો એટલે શું તમારે મરવું જોઇએ ? પિતા અથવા પુત્ર મરે તોપણ તેની પાછળ કોઇએ મરતું નથી, તેમ છતાં તમારે મરવાની જ ઇચ્છા હોય તો પણ તમારે સાયંકાળ સુધી વાટ જોવી જોઇએ.

કદાચિત્ દૈવયોગે પતિ સહિત પુત્રી અહીં આવે.

એમ શોકાતુર થયેલા સ્વજનોએ બહુ વાર્યો તો પણ કામદેવ શ્રેષ્ઠી કુટુંબ સહિત ચિતામાં પડવાને તૈયાર થયો.

તે સમયે કોઈ પુરુષ વૃક્ષ ઉપર ચઢી સર્વ દિશાઓમાં તપાસ કરી બોલ્યો ઘોડાઓ પર બેઠેલા કોઈપણ ત્રણ માણસો આવે છે.

અમૃત સમાન તે વાણીવડે કામદેવ તૃપ્ત થયો અને ઝંપા માટે તૈયાર થએલો પણ ક્ષણમાત્ર તેણે વિલંબ કર્યો.

તેટલામાં નગરની નજીકમાં ફેલાયેલો મેઘ સમાન ધૂમાડો જોઈ ગુણશ્રીના હૃદયમાં બહેનોના મરણની શંકા થઈ, જેથી પોતાના પતિને કહેવા લાગી.

આપ નગર તરફ દૃષ્ટિ કરો. આકાશમાં ફેલાયેલો ધૂમસ્તોમ-સમૂહ વધતો જાય છે. એથી હું માનું છું કે; મારી બહેનોએ અગ્નિપ્રવેશ

કર્યો હશે. જો તેઓ મરી ગઈ હશે તો આ સઘળો મારો શ્રમ વૃથા છે, અને કદાચિત્ તેઓ જીવતી હોય તો હે વલ્લભ! જલદી આપણે ચાલો.

એ પ્રમાણે ગુણશ્રીની પ્રેરણાથી પુણ્યસારે ઝડપથી ધૂમવાળી દિશા તરફ ઘોડાઓ ચલાવ્યા

દૂરથી આકાશમાં ઉછળતી અગ્નિની જ્વાલાઓ દેખાવા લાગી. વળી પાસે ગયાં એટલામાં તો લોકોનો કોલાહલ સાંભળવામાં આવ્યો.

પછી તે પુણ્યસાર બંને સ્ત્રીઓ સહિત ચિતાની પાસે ગયો, ત્યારે ત્યાં સાત પુત્રીઓ અને પોતાની સ્ત્રી સહિત કામદેવશ્રેષ્ઠી ચિતાની અંદર પડવાની તૈયારીમાં હતો.

તે જોઈ તે એકદમ ઘોડા ઉપરથી નીચે ઉતરી પડયો. વિનય પૂર્વક તેણે સાસુ અને સસરાના ચરણકમલમાં પોતાનું મસ્તક ભ્રમર સમાન કર્યું.

ગુણશ્રી અને રાજપુત્રી–મદનવતીએ પ્રણામરૂપી ભેટવડે માતા પિતાને ખુશી કર્યાં. ત્યાર પછી પોતાની પૂજ્ય બહેનોને પણ પ્રમુદિત કરી.

નગર પ્રવેશ

જલવડે જેમ વૃક્ષ તેમ કામદેવશ્રેષ્ઠી પુણ્યસારના મુખાવલોકનરૂપ રસવડે બહુ ઉલ્લાસ પામ્યો. તેમજ તેનું સઘળું કુટુંબ પણ આનંદમય થઈ ગયું.

વળી વ્યાકરણમાં અસૂ આદિક ધાતુઓના સ્થાનમાં ભૂ આદિ આદેશ થાય છે, તેમ આ લોકોના નેત્રોમાં શોકાશ્રુના સ્થાનમાં હર્ષાશ્રુ આવી ગયાં.

તે સમયે વિશ્વને જીતનાર પોતાના જમાઈનું સૌંદર્ય જોઈ કયો માણસ કામને જોવાની ઈચ્છા કરે ?

ત્યારપછી કામદેવશ્રેષ્ઠીએ ગુણશ્રીને પોતાના ખોળામાં બેસારી કહ્યું.

હે પુત્રિ! અલૌકિક એવા તારા કયા કયા ગુણો હું સંભારૂં ?

આ અતિ ઉગ્ર સાહસ, વિશ્વને અવલોકન કરનારી આવી બુદ્ધિ અને

આવું દુષ્કર કાર્ય તારા સિવાય અન્યત્ર કોઇ ઠેકાણે હું દેખતો નથી.

ઉત્તમ બુદ્ધિવડે તું પોતાના પતિ લાવી એટલું જ નહીં, પરંતુ નાશ પામતા આખા કુટુંબને જીવિત પણ તેં આપ્યું છે. વિશ્વને સ્પૃહા કરવા લાયક ગુણોથી વિરાજીત એવી લક્ષ્મીએ સમુદ્રને જેમ પ્રતિષ્ઠિત કર્યો, તેમ હે પુત્રિ ! તારાવડે હું પ્રતિષ્ઠિત થયો.

ત્યારપછી કામદેવની દૃષ્ટિ મદનવતી તરફ ગઇ. તેણે પૂછયું, આ બીજી સ્ત્રી કોણ છે ?

હે ગુણશ્રી બોલી. તાત ! આ સમરસિંહરાજાની પુત્રી–મારી શોકય છે. ત્યારપછી કામદેવશ્રેષ્ઠી લક્ષ્મી અને ધર્મની માફક વધૂ વરને આગળ કરી મહોત્સવ પૂર્વક પોતાના સ્થાનમાં ગયો.

સત્પુરુષોમાં ચૂડામણિસમાન કામદેવશ્રેષ્ઠીએ અતિ હિતકારી આતિથ્યક્રિયા કરી. નિવાસ માટે ઉત્તમ મકાન આપ્યું. નવીન નવીન અલંકાર તથા વસ્ત્રોવડે જમાઈનો સત્કાર કર્યો તેમજ પોતાની પુત્રી-ઓથી પણ મદનવતીને અધિક માન આપ્યું. કારણ કે,

"આ પોતાનો અને આ પારકો એવો વિભાગ મહાત્માઓને હોતો નથી."

મુનીંદ્ર જેમ નવે બ્રહ્મગુપ્તિઓને સમાન જુએ છે, તેમ પુણ્ય-સાર નવે સ્ત્રીઓને સમદૃષ્ટિએ જોતો હતો.

ચંદ્રની માફક વિશ્વને જીવન સમાન જમાઈના ગુણો જોઈ દક્ષરાજાની માફક કામદેવશ્રેષ્ઠી બહુ પ્રસન્ન થયો.

સ્વપુર પ્રયાણ

પોતાની સ્ત્રીઓ સહિત પુણ્યસાર ત્યાં આનંદથી રહેતો હતો, તેવામાં સમરસિંહરાજાએ અને તેના પિતા ધનસારે મોકલેલા હોંશીયાર પુરુષો ત્યાં આવ્યા.

પુણ્યસારને પ્રણામ કરી તેઓ બોલ્યા.

હે બુદ્ધિમાન ! સૂર્યની માફક તારો વિરહ સમરસિંહ તથા તારા માતાપિતાને પણ તપાવે છે. માટે હે દાક્ષિણ્યનિધે ! અહીંથી જલદી

તું પ્રયાણ કર અને પુષ્કરાવર્ત્ત મેઘની માફક પોતાના સ્વજનનો તાપ શાંત કર.

અનિષ્ટની માફક તે વૃત્તાંત સાંભળી કામદેવશ્રેષ્ઠી બહુ વ્યથાતુર થઈ ગયો. તેવા પુરુષોની પ્રયાણોક્તિ સાંભળી કોને પીડા ન થાય? દાયજામાં આપેલા સમગ્ર તેના ઘોડા, સુવર્ણાદિક ધન તેમજ રાજવિવાહને લાયક અમૂલ્ય વેષાદિક પુણ્યસારને આપીને ફરીથી પણ દિવ્યવસ્ત્ર તથા અલંકારોવડે તેનો બહુ સત્કાર કર્યો.

ત્યારપછી શ્રેષ્ઠિએ નવસ્ત્રીઓ સહિત કુમારને પ્રયાણની આજ્ઞા આપી.

પ્રયાણ સમયે પુત્રીઓ માતાપિતાના ચરણમાં પડી.

તે સમયે પ્રીતિપરાયણ થયેલા પિતાએ દરેક પુત્રીઓને હિતશિક્ષા આપી કે;—

પત્યૌ પ્રીતિરકૃત્રિમા શ્વશુરયોર્ભક્તિઃ સપત્નીજનેઽ-
નુત્સેકો વિનયો ननादरि महान स्नेहः कुटुम्बेऽखिले ।
देवार्चादिरतिः कुकर्मविरतिः क्षान्तिप्रियोक्तित्रपा-
दानाद्यानि च सुभ्रूवां विदधते स्थेष्ठां प्रतिष्ठां गृहे ॥ १ ॥

પોતાના પતિ ઉપર અકૃત્રિમ પ્રીતિ રાખવી.

સાસુ સસરાની ભક્તિ કરવી.

સપત્ની–શોકય ઉપર ક્રોધ કરવો નહીં.

નણંદની આંગળ વિનયથી વર્ત્તવું.

સમસ્ત કુટુંબપર બહુ સ્નેહ રાખવો.

દેવપૂજનાદિકમાં પ્રીતિ રાખવી. અધર્મનો ત્યાગ કરવો. તેમજ શાંતિ, પ્રિયવચન, લજ્જા અને દાનાદિક સદ્ગુણો ગૃહસ્થાશ્રમમાં સ્ત્રીઓની પ્રતિષ્ઠા વધારે છે.

માટે હે પુત્રીઓ ! આ કુલવધૂના ધર્મો તમારે ભૂલવા નહીં. પોતાના સુખ માટે તે પ્રમાણે તમારે વર્ત્તવું અને પોતાના વંશમાં તમે ચિરકાલ સુધી પતાકા સમાન થાઓ.

એ પ્રમાણે ઉપદેશ આપી કામદેવશ્રેષ્ઠી કેટલેક દૂર સુધી તેમને વળાવીને મહાકષ્ટે પાછો વળ્યો.

પુણ્યસારકુમાર પણ પિત્રાદિકના વિયોગથી પીડાયેલી પોતાની સ્ત્રીઓને રસિક કથાદિકના વિનોદવડે રંજન કરતો ત્યાંથી ચાલતો થયો.

જાતિસ્મરણ

કામની શસ્ત્રી-છુરીકા સમાન નવ સ્ત્રીઓ સહિત પુણ્યસાર રથમાં બેસી ચાલતો હતો.

એક દિવસ માર્ગમાં મૃગલાઓનું ટોળું તેની દૃષ્ટિગોચર થયું. તેમાં કેટલાક મૃગલાઓ પોતાની સ્ત્રીઓનાં વિશાલ નેત્રોથી જીતાએલા નેત્રોવાળા હોય તેમ બહુવેગથી દોડતા હતા,

કેટલાક આકાશને આક્રમણ કરવાની ક્રીડા કરતા હોય, તેમ ઉંચી ફાલો મારતા હતા.

કેટલાક ચકના મોટા ચિત્કારવડે સ્તંભિત થયા હોય તેમ સ્થિર હતા

અને કેટલાકને ક્રીડા કરતા જોઈ પુણ્યસાર પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો.

આ પ્રમાણે વનની અંદર આનંદથી ક્રીડા કરતા અને હૃદયમાં પ્રમોદ માનતા મૃગલાઓ કોઈ ઠેકાણે પ્રથમ મારા જોવામાં આવેલા છે. એમ વારંવાર વિચાર કરતો તે એકદમ મૂર્છિત થઈ ગયો અને યથાસ્થિત પોતાના પૂર્વભવના માણસો તેના જોવામાં આવ્યા.

પોતાના પતિને મૂર્છિત જોઈ તત્કાલ તે સ્ત્રીઓ આકુલવ્યાકુલ થઈ ગઈ. ચંદનાદિક ઉપચારોવડે તેને ઘણીવારે સચેતન કર્યો.

પછી સ્ત્રીઓએ મૂર્છાનું કારણ પૂછયું. પુણ્યસાર બોલ્યો. મૃગનું ટોળું જોવાથી હું મૂર્છિત થયો તેમજ જાતિસ્મરણ થવાથી મને મારા પૂર્વભવનું જ્ઞાન થયું છે.

પૂર્વભવ સ્વરૂપ

પૂર્વભવમાં હું **ધર્મનંદ** નામે પુલિંગ-ભિલ્લ હતો. વિશ્વમોહક લક્ષ્મીથી ભરેલા કોઈપણ પર્વતમાં સ્ત્રી સહિત મારો નિવાસ હતો.

એક દિવસ સ્ત્રી સહિત હું પ્રચંડ ધનુષબાણ ધારણ કરી શિકાર માટે પારધિની જેમ વનની અંદર ફરતો હતો. વનની અંદર ચારે તરફ

વ્યાપી ગયેલા ધનુષના ટંકારવ સાંભળી તે વનમાં ફરતા સઘળા પ્રાણીઓ ત્રાસ પામવા લાગ્યા.

ત્યારપછી પરસ્પર અખંડિત કામભોગના રસમાં લુબ્ધ થયેલ એક મૃગનું જોડલું મારી નજરે પડયું કે; તરતજ તેની ઉપર મેં પ્રાણાપહારી બાણ છોડયું.

નજીકમાં ધનુષ ખેંચતાં મને જાઈ મૃગલો નાસવાને શક્તિમાન હતો, પણ સગર્ભા મૃગલીના પ્રેમને લીધે વિચારમાં ને વિચારમાં તે નાશી શકયો નહીં. પરંતુ અનન્ય સ્નેહને લીધે પોતાના શરીરવડે મૃગલીનું શરીર ઢાંકીને દીનની માફક ભયભીત એને જોતો આગળ ઉભો રહ્યો.

આ સર્વ હકીકત જોઈને પણ નિર્દયતાને લીધે કૃતાન્ત જેમ સક્રિયાને તેમ તે મૃગલીને મેં મર્મઘાતી બાણવડે વીંધિ નાખી.

બાણ વાગતાની સાથે જ મૃગલી પૃથ્વીપર પડી. ઉદર ચીરવાથી અંદરનો ગર્ભ બહાર પડયો. મૃગલી તરફડીને મરણ પામી.

મરેલી મૃગલીને જોઈ મૃગલાનું હૃદય પાકા ચીભડાની જેમ પ્રીતિ અને ભયને લીધે તેજ વખતે ફાટી ગયું, જેથી તે પણ મરી ગયો.

ત્યાં જઈ મેં તપાસ કરી તો મૃગનું જોડલું મરી ગયું હતું અને કંઈક ચૈતન્ય હોવાથી ગર્ભ પૃથ્વીપર તરફડતો હતો.

તે જોઇ મને અને મારી સ્ત્રીને ઘણો પશ્ચાત્તાપ થયો. જેથી મારૂં હૃદય બહુ બળવા લાગ્યું. અમે બંને જણે પોતાના તે કુકર્મને બહુ ધિક્કાર આપ્યો.

જન્મથી આરંભી કોઈ સમયે ધર્મ–એવા અક્ષર રૂપશલાકાવડે મારો કાન વીંધાયો નહોતો, છતાં પણ તે સમયે દૈવયોગે દયાભાવ સ્ફુરવાથી મને વિચાર થયો,

શુદ્ધ બુદ્ધિવાળા પુરુષો મૃગયાને પાપવૃદ્ધિ કહે છે, તે સત્ય છે. જેની અંદર પ્રાણીઓનો ઘાત કરનારી આવી અતિક્રૂરતા રહેલી છે.

અહો ! કેટલાક ઉત્તમ પુરુષો અપરાધી પ્રાણીઓને પણ ક્ષમા આપે છે, અને હું કેવો અનાર્ય ! નિરપરાધી પ્રાણીઓનો પણ ઘાત કરૂં છું, એ મહાખેદની વાત છે. અહો ! મારી કેટલી મૂઢતા ?

એકવાર તૃપ્તિને માટે હિંસા કરવાથી આ પ્રાણીઓનો આખો જન્મ હું લોપુ છું.

આજ સુધી મેં પ્રાણીઓનો નકામો વધ કર્યો. હવે આજથી જીવનપર્યંત પ્રાણી વધ કરવાનો મારે ત્યાગ છે, તેમજ કંદમૂલ અને ફલાદિવડે પક્ષિની માફક પ્રાણોનું પોષણ કરતો હું કોઈપણ દિવસ પાપને વધારનાર માંસનું ભક્ષણ કરીશ નહીં.

એ પ્રમાણે અતિઉગ્ર અભિગ્રહ મેં લીધો. મારૂં હૃદય દયામય થઈ ગયું. મુનિની સ્થિતિ સમાન નિર્માયિક મારી સ્ત્રીને આ અભિગ્રહ મેં કહી સંભળાવ્યો.

તે સ્ત્રીએ પણ ધર્મપરાયણ થઈ માંસ ભક્ષણનો અભિગ્રહ કર્યો. પ્રાયે સતી સ્ત્રી પતિને અનુસરનારી હોય છે.

ત્યારબાદ વનચરજીવોને પોતાના જીવની માફક જોતાં અને પોતાના નિયમનું પાલન કરતાં અમે બંને જણે બહુ સમય વ્યતીત કર્યો. છેવટે ભદ્રભાવ વડે હું મરીને દયાના પુણ્યથી દેવસમાન અતિશય સુખના એક પાત્રરૂપ મનુષ્ય જન્મ પામ્યો છું.

દયાના જીવનરૂપ તે સ્ત્રી તો મારા વિરહથી પીડાયેલી મરીને કોઈપણ ઠેકાણે ઉત્પન્ન થઈ હશે, તે હું જાણતો નથી, એથી મને ખેદ થાય છે.

એમ તે પુણ્યસાર કહેતો હતો, તેવામાં ત્યાં આગળ પાપના નિવારક એક **ચારણ** મુનિ આકાશમાંથી ઉતર્યા.

તેમને જોઈ આનંદ અને સ્ત્રીથી યુકત પુણ્યસાર રથમાંથી નીચે ઉતર્યો. પછી તેણે વ્રતની મૂર્તિસમાન તે મુનિને પ્રણામ કર્યો.

મુનિએ ઉત્સાહથી કલ્યાણની રાશિસમાન આશીર્વાદ આપ્યો.

ત્યારબાદ પુણ્યસાર બોલ્યો. 'હે મુનીંદ્ર! મારા પૂર્વભવની સ્ત્રી કયાં છે ?

આ પ્રશ્ન સાંભળી મુનીંદ્ર પોતાના જ્ઞાનથી જાણી કહેવા લાગ્યા. હે વત્સ ! બહુ પ્રીતિ ધરાવતી આ ગુણશ્રી તારી પૂર્વભવની સ્ત્રી છે. પુરુષનો વેષ પહેરી આ તારા નગરમાં આવી. અને હે ધીમાન ! મરણના વૃત્તાંતવડે તું એને પ્રાપ્ત થયો, તે તને યાદ છે ?

પૂર્વભવની પ્રીતિને લીધે જ અન્ય સ્ત્રીઓમાં ખાસ **ગુણશ્રી** તારાઓમાં રોહિણી જેમ ચંદ્રપર તેમ તારી પર વિશેષ પ્રીતિ રાખે છે.

વળી પૂર્વભવમાં ગ્રહણ કરેલા જીવદયાના વ્રતથી પ્રાપ્ત થયેલા આ ઉત્તમ ફલને જોઇ આ ભવમાં પણ તારે જીવદયાવ્રત પાળવું.

સર્વ જીવોપર દયા એજ પરમ આનંદ આપે છે. જેમ ચંદ્રની કાંતિથી જ કુમુદવન ખીલે છે. તેમજ શરીર સત્ છે, પરંતુ તે ચેતન વિનાનું જેમ અસત્ થાય છે. તેમ દયા વિનાનું કરેલું પુણ્ય પણ પ્રાયે નહીં કરવા બરોબર થાય છે.

એ પ્રમાણે મુનિની વાણી સાંભળી સ્ત્રી સહિત પુણ્યસારે નિધિની માફક જીવદયામય શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો.

પછી તે ચારણમુનિને નમસ્કાર કરી સ્વસ્થતા પૂર્વક ત્યાંથી ચાલતો થયો. પોતાના માતાપિતાના દર્શનમાં ઉત્સુક થયેલો પુણ્યસાર **ગોપગિરિ** નગરમાં ગયો.

કુટુંબસમાગમ

તેના પિતા ધનસાર અને રાજા વિગેરે તેની સન્મુખ આવ્યા. નગારાં નિશાન સાથે મહોત્સવપૂર્વક પુણ્યસાર પોતાના ઘેર ગયો.

વિરહથી સંતપ્ત થયેલ પોતાની સ્ત્રીઓ ચિત્તને અકૃત્રિમ પ્રેમરસ વડે હમેશાં સિંચન કરતો તે કુમાર આનંદપૂર્વક ગૃહસ્થાશ્રમ ચલાવતો હતો.

ત્યારપછી સમરસિંહરાજાને પુત્ર નહોતો, તેથી તેણે પોતાના સ્થાનમાં પુણ્યસારને સ્થાપન કર્યો.

પોતે જ્ઞાની ગુરુ પાસે વૈરાગ્યભાવથી દીક્ષા લીધી. વિશુદ્ધચારિત્ર પાળી આયુષ પૂર્ણ કરી **સમરસિંહરાજર્ષિ** સ્વર્ગલોકમાં ગયા.

ત્યારપછી પુણ્યસાર ભૂપતિએ વિશાલ સૈનિકોવડે ભૂમંડલમાં જય મેળવી રાજાઓના મસ્તક પર પુષ્પમાલાની માફક પોતાની આજ્ઞા સુખેથી સ્થાપન કરી.

ગુણોથી જ્યેષ્ઠ એવી ગુણશ્રીને પટ્ટરાણી કરી. પતિ ઉપર સ્ત્રીઓની પ્રીતિ કલ્પલતા સમાન સુખદાયક થાય છે.

કષ્ટાદિકના રક્ષણથી, નીતિના ઉપદેશથી અને પોષણ કરવાથી પણ પુણ્યસાર ભૂપતિ પિતાની માફક પ્રજાને બહુ હિતકર થયો.

ઉત્તમ પ્રકારના પ્રાપ્ત થયેલા આ વૈભવ વિગેરે દયાનું જ ફલ છે, એમ જાણી તેણે પોતાના રાજ્યમાં અભયની ઉદ્‌ઘોષણા પૂર્વક જીવઘાતનો નિષેધ કરાવ્યો.

હું પૂર્વભવમાં ભિલ્લ હતો, છતાં પણ સુંદર દયાના પુણ્યથી અહીંયાં પણ ઇંદ્રની સંપત્તિ ભોગવું છું. એ પ્રમાણે દરેકને ઉપદેશ આપી પુણ્યસારભૂપતિ ધર્માચાર્યની માફક અન્ય રાજાઓને પણ દયા-ધર્મ પળાવતો હતો.

પુણ્યસંપત્તિના વિનોદ માટે કૃત્રિમ– પર્વતસમાન મનને આનંદ આપનાર મોટા જિનપ્રાસાદ બનાવ્યા.

ત્યારપછી પુણ્યસારનરેંદ્ર પરલોક પ્રાપ્તિ માટે લક્ષ્મીને સ્થાપન કરતો હોય તેમ, હંમેશાં દીનાદિક પ્રાણીઓને દાન આપવા લાગ્યો.

તેમજ મોક્ષદ્વારના પ્રતીહાર–રક્ષક અને મોક્ષલક્ષ્મીના હૃદયમાં હારસમાન પંચપરમેષ્ઠીના નમસ્કારને પોતાના નામની માફક તે સ્મરણ કરવા લાગ્યો.

એ પ્રમાણે પુણ્યને ઉપાર્જન કરતો, ન્યાયવડે ઉજ્જ્વલયશને ફેલાવતો અને સુખસંપત્તિનો આસ્વાદ લેતો ભૂપતિ ચિરકાલ રાજ્ય-પાલક થયો.

દીક્ષાગ્રહણ

ત્યારપછી ભૂપતિ અશ્વક્રીડા માટે સ્વારી સાથે ઉપવનમાં ગયો.

ત્યાં સદ્‌ગુરુનાં દર્શન થયાં. ગુરુ મહારાજે લાભ જાણી ધર્મ દેશનાનો પ્રારંભ કર્યો.

તૃષાતુરની માફક પોતે દેશના રસનું પાન કરવા લાગ્યો.

"મનુષ્યત્વાદિક સામગ્રી પામીને જે પોતાના હિતમાં પ્રમાદ કરે છે, તે દુર્બુદ્ધિ અમૃતપાનની પ્રાર્થના કરવા છતાં વિલંબ કરે છે. વળી કેટલાક પુણ્યશાળી લોકો પોતાનું હિત સાધવામાં પ્રમાદ કરતાં નથી.

गृहाऽऽशंसां मुक्त्वा, चरणभरमादृत्य सुचिरं,
तपस्यन्तः सन्तः, क्वचिदपि वने दूरितजने ।
समाधिस्वःकुल्या–जलविगलिताऽशेषकलुषा–
स्तदाप्तुं कैवल्यं, कतिचन यतन्ते सुकृतिनः ॥ १ ॥

હે નરેંદ્ર ! કેટલાક પુણ્યશાળી જીવો ઘરની આશંસા ત્યજી દઈ, લાંબો વખત વિશુદ્ધચારિત્રનું પાલન કરી કોઈપણ નિર્જનવનમાં તપશ્ચર્યા કરી, સમાધિરૂપ ગંગાના જળવડે સમગ્ર પાપમલને દૂર કરતા છતા, અદ્‌ભુત કેવલજ્ઞાન માટે યત્ન કરે છે.

આ પ્રમાણે ગુરુની દેશના સાંભળી રાજાને બોધ થયો. જેથી તેણે પોતાના પુત્રનો રાજ્યાભિષેક કરી તેજ ગુરુની પાસે દીક્ષા લીધી.

આત્મગુણમાં રમણતા કરતા તે **પુણ્યસાર**મુનિ તપશ્ચર્યારૂપ ગ્રીષ્મઋતુવડે કાલુષ્ય–દોષરૂપી જલને સુકાવીને કાલ કરી આનંદપૂર્વક સ્વર્ગલોકમાં ગયા.

ત્યાંથી ચ્યવીને તે મહાવિદેહક્ષેત્રમાં ઉત્પન્ન થયા. ત્યાં અદ્‌ભુત ઐશ્વર્ય ભોગવી દીક્ષા ગ્રહણ કરી કેવલજ્ઞાન પામ્યા. ત્યારપછી તે મુનીંદ્ર અક્ષય એવું મોક્ષસુખ પામશે.

હવે હે કુમારપાળ મહીપાલ ! તેં આ પુણ્યસારની કથા સાંભળી, તે ઉપરથી દયારૂપ કલ્પવૃક્ષનું અનંતફલ જાણીને સર્વ સિદ્ધાંતમાં સંમત અને સુકૃતનો એક સારભૂત દયાધર્મનો તું સ્વીકાર કર.

ધર્મપ્રરુપણા

પ્રથમ ધર્મનું સ્વરૂપ કહ્યું છે. હવે તેના ભેદ જણાવવાની ઇચ્છાથી રાજગુરુ–શ્રીહેમચંદ્રસૂરિએ ગૂર્જર નાયક–શ્રીકુમારપાલનરેંદ્રને ઉદ્દેશી કહ્યું.

મુનિ અને શ્રાવકની અપેક્ષાએ બે પ્રકારનો ધર્મ કહ્યો છે. વહાણની માફક જે ધર્મને પામીને જીવો સંસારસમુદ્રને તરે છે. એમાં સંશય નથી. તે બંનેમાં પ્રથમ પંચમહાવ્રતમય યતિધર્મ કહ્યો છે.

ધીરપુરુષોને મોક્ષનગરમાં જવાનો જે ઘણો નજીકનો માર્ગ છે. બીજો શ્રાવકધર્મ પણ સમ્યક્ત્વમૂલક દ્વાદશ વ્રતમય કહ્યો છે.

જીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ કેવી રીતે થાય છે, તે જ્ઞાની પુરુષોએ આગમમાં કહ્યું છે કે,

આ જીવ અનાદિ છે અને કર્મ પણ પ્રવાહથી અનાદિ છે. સુવર્ણ અને માટીની માફક જીવ અને કર્મનો સંબંધ પણ અનાદિનો છે.

કર્મવિભેદ

હવે તે કર્મ મૂલભેદવડે જ્ઞાનાવરણીય વગેરે ભેદવડે આઠ પ્રકારનું છે અને ઉત્તરભેદ વડે એક સો અઠ્ઠાવન (૧૫૮) પ્રકૃતિથી જોડાયેલું છે.

તેમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય એ ચારકર્મની ત્રીશ (૩૦) કોડાકોડી સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે.

મોહનીયકર્મની સીત્તેર (૭૦) કોડાકોડી સાગરોપમ છે.

નામ તથા ગોત્રકર્મની વીશ (૨૦) કોડાકોડી સાગરોપમ અને આયુષકર્મની તેત્રીશ (૩૩) કોડાકોડી સાગરોપમ ઉત્કૃષ્ટસ્થિતિ નારક તથા દેવલોકમાં હોય છે.

પછી પર્વતમાંથી નીકળતી નદીના પથરાઓ જેમ પરસ્પર એક બીજાના અથડાવાથી પોતે જ ગોળાકાર થઈ જાય છે, તેમ યથા–પ્રવૃત્તિકરણ એટલે વૈરાગ્યરૂપ ઉદાસીનવૃત્તિથી બહુ કર્મો ક્ષીણ થઈ જાય

છે અને આયુષ સિવાય બાકીનાં સાતે કર્મોની–દરેકની કંઈક ઓછી[૧] એક કોડાકોડી સાગરોપમ બાકી રહે, ત્યારે સંસારમાં ભ્રમણ કરતા જીવો, થાકી ગયેલા મુસાફરો સ્નાન માટે જેમ જલાશયના ઘાટને જેમ, રાગદ્વેષના પરિણામથી દઢ–પરિસ્થિતિને પ્રાપ્ત થયેલ દુર્ભેદ ગ્રંથિને પ્રાપ્ત થાય છે.

ત્યાંથી રાગાદિક શત્રુઓવડે હણાયેલા કેટલાક જીવો તીરે અથડાવવાથી સમુદ્રના ચંચલ તરંગો જેમ પાછા ફરે છે.

વળી કર્મોથી બંધાયેલા કેટલાક જીવો રાધાવેધ માટે યંત્ર ઉપર બાંધેલા ચક્રસમૂહની માફક ત્યાંને ત્યાં જ ફર્યા કરે છે. વળી ભાવિ બહુ શુભકર્મી કેટલાક જીવો અપૂર્વ[૨]કરણરૂપ વજ્રાગ્રવડે ગિરીંદ્રને જેમ પ્રૌઢશક્તિવડે તે ગ્રંથિને ભેદે છે.

ત્યારપછી અંતરકરણ કર્યા બાદ અનિ[૩]વૃત્તિકરણમાં રહેલા જીવો અંતર્મુહૂર્ત્તવડે ઘણાં કર્મ ખપાવે છે.

ક્ષારભૂમિમાં રહેલા અગ્નિની માફક ઉદયમાં આવેલું મિથ્યાત્વ જ્યારે શાંત થાય, ત્યારે પ્રાણીઓ મોક્ષ પ્રાપ્તિના હેતુભૂત સમકિત ને પામે છે.

ગ્રંથિભેદ થવાથી પ્રાણીઓને પ્રથમ જે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે, તે અંતર્મુહૂર્ત્ત પ્રમાણ ઔપશમિક સમ્યક્ત્વ જાણવું.

આ ઔપશમિક સમ્યક્ત્વને પૂર્વાચાર્યોએ નૈસર્ગિક–સ્વાભાવિક કહ્યું છે અને ગુરુપદેશથી જે થયેલું હોય, તેને આધિગમિક કહ્યું છે.

શુદ્ધદેવાદિસ્વરૂપ

સુદેવ, સુગુરુ અને સુધર્મને વિષે જે દેવ, ગુરુ અને ધર્મની

---

૧. પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી. ૨. એક કોડાકોડી સાગરોપમમાંથી એક મુહૂર્ત્ત અને અનાદિ મિથ્યાત્વ જે અનંતાનુબંધીની ચોકડી ખપાવવાને અજ્ઞાન–હેયને છોડવું અને જ્ઞાન–ઉપાદેયને આદરવું એવી વાંછારૂપ અપૂર્વ એટલે પહેલાં કયારેય ન આવ્યો હોય એવો જે પરિણામ તે અપૂર્વકરણ. ૩–મુહુર્ત્તરૂપ સ્થિતિ ખપાવવાને નિર્મલ શુદ્ધ સમકિત પામે અને મિથાત્વનો ઉદયમટે ત્યારે જીવ ઉપશમ સમકિત પામે એવો જે પરિણામ તે અનિવૃત્તિકરણ.

બુદ્ધિ રાખવી તે સમ્યક્ત્વ જાણવું અને તેથી વિપરિતબુદ્ધિ તે મિથ્યાત્વ કહેવાય.

જેના રાગાદિક સમગ્ર દોષો ક્ષીણ થયા હોય, ત્રણે લોકમાં પૂજ્ય, યથાર્થવાદી અને સર્વજ્ઞ એવા દેવ તો અર્હન્ ભગવાન જ છે, અન્ય નથી.

કામ, રાગ અને મોહથી ભરેલા, તેમજ ક્રોધની ચેષ્ટાઓવડે ભયંકર અને ભક્તોને છેતરવામાં તત્પર એવા દેવો મુક્તિમાટે સમર્થ થતા નથી.

ચારિત્રરૂપ લક્ષ્મીને ક્રીડા કરવાની વાવસમાન, બ્રહ્મચર્ય પાલનાર અને શુદ્ધ ધર્મના ઉપદેશક એવા ગુરુઓ મોક્ષદાયક થાય છે.

વિષયોમાં લોલુપ, નિર્દય, બ્રહ્મચર્યથી ભ્રષ્ટ, કલેશ, કષાયોનું સેવન કરનાર અને ધર્મના નાશ કરનાર ગુરુઓને નામધારીજ સમજવા. તેઓ હિતકારક થતા નથી.

મુકિતરૂપ લક્ષ્મીનો ચૂડામણિ, ચારગતિરૂપ શત્રુઓને પ્રતિકૂળ અને સર્વપ્રાણીઓને અનુકૂળ એવો દયા મૂલધર્મ જિનેશ્વરોએ માન્યો છે.

જો હિંસામય ધર્મ મોક્ષ આપતો હોય તો પ્રાણીઓના જીવિત માટે વિષભક્ષણ કેમ ન થાય?

જેમના ચિત્તરૂપી ઘરમાં હંમેશાં સમ્યક્ત્વરૂપી દીવો અતિશય પ્રકાશ આપી રહ્યો છે, તે પુરુષોને મિથ્યાત્વરૂપ અંધકારનો સમૂહ કોઈ દિવસ બાધ કરતો નથી.

જે મનુષ્ય અંતર્મુહૂર્ત્ત સુધી પણ હૃદયમાં સમ્યક્ત્વ ધારણ કરે છે, તેનો સંસાર અપાર્ધ–અર્ધપુદ્ગલ પરાવર્ત્ત થાય છે.

જો પૂર્વકાલમાં કુકર્મવડે નરકાદિકનું આયુષ ન બાંધ્યું હોય તો સમ્યકપ્રકારે સમકિતધારી પ્રાણી દેવની લક્ષ્મીને પ્રાપ્ત થાય છે.

જિનેશ્વરભગવાન ચારિત્રથી પણ સમ્યક્ત્વને અધિક કહે છે.

કારણ કે; "ચારિત્રહીન પ્રાણીઓ સિદ્ધ થાય છે અને સમ્યક્ત્વ વિનાના સિદ્ધ થતા નથી."

માટે હે પ્રાણીઓ ! જો તમે પોતાને મુક્તિ સ્ત્રી પ્રત્યે રૂચિ કરાવવાની ઈચ્છા કરતા હો તો હંમેશાં સમ્યક્ત્વરૂપ અલંકારવડે તમારા આત્માને સુશોભિત કરો.

સમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકતા, એ લક્ષણોથી જ્ઞાની પુરુષો સમ્યક્ત્વ પ્રતિપાદન કરે છે.

જિનશાસનમાં ભક્તિ, પ્રભાવના, સ્થિરતા, ઉદારતા અને તીર્થ સેવા, એ પાંચ સમ્યક્ત્વનાં ભૂષણ છે.

શંકા, કાંક્ષા, જુગુપ્સા અને મિથ્યાદૃષ્ટિની પ્રશંસા તેમજ તેનો પરિચય, એ પાંચ સમ્યક્ત્વમાં દુષણ છે, એમ મુનીશ્વરો કહે છે.

વ્રતાદિસ્વરૂપ

પ્રથમ પ્રાણાતિપાતાદિક પાંચ અણુવ્રત, દિગ્વિરત્યાદિક ત્રણ ગુણ વ્રત અને સામાયિકાદિ ચાર શિક્ષાવ્રત એ સર્વ મળીને બારવ્રત જાણવાં.

બંને પ્રકારે મન, વચન અને કાયાવડે સ્થૂલહિંસાદિકથી નિવૃત્ત થવું, તે અહિંસા આદિ પાંચ અણુવ્રત જિનેંદ્રોએ કહ્યાં છે.

દયા ધર્મમાં તત્પર થયેલા ભવ્યાત્માએ અપરાધ રહિત ત્રસ જીવોની સંકલ્પપૂર્વક હિંસા કરવી નહીં તેમજ સ્થાવર પ્રાણીઓની પણ વ્યર્થ હિંસા ન કરવી.

દેવ અને અતિથિ વિગેરેની પૂજા માટે, વેદ સ્મૃત્યાદિકના વાક્યથી જે વધ કરવામાં આવે, તે પણ નરક પ્રાપ્તિનો સાક્ષી થાય છે.

यदि भजति पयोधिर्धन्वतां शीतरश्मि—
र्वहति दहनभावं पुष्यति ध्वान्तमर्कः ।
दिनमपि रजनीत्वं याति रात्रिर्दिनत्वं,
तदपि हि सुकृतं न प्राणिघाति प्रसूते ॥ १ ॥

કદાચિત્ સમુદ્ર મરુસ્થલતાને પામે, ચંદ્ર ઉષ્ણતાને ધારણ કરે, સૂર્ય અંધકારની પુષ્ટિ કરે, દિવસ રાત્રિપણાને અને રાત્રિ

દિવસપણાને પામે. તો પણ હિંસા કરવાથી સુકૃત થાય નહીં."

તેવું શાસ્ત્ર, દેવપૂજા, કુલક્રમ કે; તેવું પુણ્ય પણ કોઈ નથી, કે જેની અંદર પ્રાણીની હિંસા હોય. માટે બુદ્ધિમાન પુરુષ દુર્જનની મૈત્રીની જેમ હિંસાને અતિ દૂર કરી સજ્જનની મૈત્રી સમાન બહુ સમીપ રહેલી એક દયા જ પાળવી

આ લોકમાં અપ્રતિષ્ઠાદિ અને પરલોક-જન્માંતરમાં મૂકત્વાદિ દોષો, એ અસત્યનું ફલ છે. એમ જાણી ધર્મિષ્ઠપુરુષે સ્થૂલ અસત્યનો ત્યાગ કરવો.

અંધકારમાં દીવો, સમુદ્રમાં વહાણ, શીતકાળમાં અગ્નિ અને રોગમાં ઔષધ, એમ દરેકના ઉપાય હોય છે, પરંતુ અસત્ય વાદીની કોઈ પ્રતિક્રિયા નથી.

અન્ય અસત્ય બોલવાથી પણ પ્રાણી દુર્ગતિમાં જાય છે, તો ધર્મ સંબંધી અસત્ય ભાષી માણસ કોણ જાણે કઈ ગતિમાં જશે ?

માટે કુકર્મની માફક અસત્યનો સર્વથા ત્યાગ કરી વિશ્વાસાદિક ગુણોનું સ્થાનભૂત સત્યનો જ આશ્રય કરવો. (૨)

હસ્તછેદ, શિરચ્છેદ અને શૂલારોપણ વિગેરે વધ, બંધન ક્રિયાઓ ચોરીનું ફલ છે; એમ જાણી સ્થૂલ ચોરીનો ત્યાગ કરવો.

વધ કરવાથી પણ ચોરી અધિક ગણાય છે. કારણ કે, મારવાથી એક જ પ્રાણી મરે છે અને ધન ચોરવાથી બહુ ક્ષુધાવડે સમસ્ત કુટુંબ મરી જાય છે. મનુષ્યો પ્રાણ આપીને પણ દ્રવ્યનું રક્ષણ કરે છે.

માટે વિવેકી પુરુષે પ્રાણથી પણ દ્રવ્યને અધિક જાણી સર્વથા ચોરી કરવી નહીં. તેમજ ચિરકાલ પોતાની કુશલવૃદ્ધિ ઈચ્છનાર બુદ્ધિમાન પુરુષે કાલકૂટની માફક પ્રાણાપહારી ચૌર્યવૃત્તિ કરવી નહીં.(૩)

દુષ્કીર્તિ, નપુંસકતા અને દ્રવ્યહાનિ એ અબ્રહ્મ-મૈથુનનું ફલ છે, એમ જાણી બુદ્ધિમાન પુરુષ પોતાની સ્ત્રી ઉપર પ્રીતિ કરે. ગૃહસ્થ પણ જે પુરુષ જિતેંદ્રિય થઈ શીલવ્રત પાળે છે, તેના ગુણોવડે રક્ત થયેલી હોય તેમ સુકૃતશ્રી પોતે આવી તેને વરે છે.

પોતાની, પારકી, વેશ્યા અને કન્યા એમ એકંદરે સ્ત્રીઓની ચાર જાતિ હોય છે. તેમાંથી સત્પુરુષોએ પોતાની સ્ત્રીમાં જ સંતોષ રાખવો, બાકીની સ્ત્રીઓને પોતાની માતાસમાન હંમેશાં જાણવી.

કામવડે અંધ બની જેઓ પરસ્ત્રી સેવે છે, તેઓ આગળ નરકસ્થાનમાં અગ્નિથી તપાવેલી લોઢાની પુતળીઓને દેખતા નથી.

જે સ્ત્રી પોતાનો જમણો હાથ આપીને પણ પોતાના પતિનો ત્યાગ કરે છે, દાસીસમાન શીલથી ભ્રષ્ટ થયેલી તે સ્ત્રી ઉપર પ્રેમ કેવી રીતે થાય ?

ક્ષણમાત્ર તાપ કરનારી અગ્નિ જ્વાલાનો આશ્રય કરવો સારો પરંતુ બહુ ભવમાં તપાવનારી આ પરસ્ત્રીની સંગતિ સારી નહીં.

પતિને દુઃખ દેનાર અને પિતૃ બાંધવોનો નાશ કરનાર જેને દયા નથી, તેવી પરસ્ત્રીનો અનર્થકારી–કટારની જેમ સ્પર્શ પણ કરવો નહીં.

તેમજ નિઃશ્વાસથી દર્પણ જેમ જેમના આલિંગનથી નિર્મલ એવો પણ કુલાચાર મલિન થાય છે, તે વારાંગનાઓનો સર્વથા ત્યાગ કરવો. વળી તેમનું મન એટલું ચંચળ છે કે,

प्रासादध्वजतः कुशाग्रजलतः सौदामिनीदामतः,
कुम्भीन्द्रश्रुतितः खलप्रकृतितः शैलापगापूरतः ।
लक्ष्मीतः कपिकेलितस्तरलतामुच्चित्य मन्ये विधि–
र्वारस्त्रीहृदयं व्यधत्त तरलं तेनैव तेभ्यश्चलम् ॥१॥

પ્રાસાદનો ધ્વજ, દર્ભના અગ્ર ભાગમાં રહેલું જલ, વીજળીનો ચમકાર,

ગજેંદ્રના કાન, ખલની પ્રકૃતિ, પર્વતમાંથી નીકળતી નદીનું પૂર,

લક્ષ્મી અને વાનરક્રીડા એ બધાઓની ચંચલતા એકઠી કરીને વિધિએ વેશ્યાઓનું હૃદય બનાવ્યું હશે, એમ હું માનું છું.

કારણ કે; ધ્વજાદિકથી પણ તે ઘણું ચંચળ હોય છે. માટે એમનો સમાગમ કોઈ દિવસ કરવો નહીં.

હાસ્ય કરીને, રૂદન કરીને અને કોટી કોટી કૂટ વચન બોલીને

પણ જે સર્વસ્વ છીનવી લે છે, તે વેશ્યા ઉપર કેવી રીતે પ્રીતિ થાય ?

વળી હૃદયમાં વિષ, વાણીમાં અમૃત, નેત્રમાં આંસુ અને મુખમાં હાસ્યને ધારણ કરતી જેઓ બીજાઓને છેતરવામાં જ તૈયાર હોય છે, તે વારાંગનાઓનો સર્વથા ત્યાગ કરવો.

એ પ્રમાણે કામાંધ થયેલા કોઈપણ પુરુષે કન્યા સાથે પણ ભોગની ઈચ્છા કરવી નહીં, કારણ કે, જે કન્યાના ભોગથી દુષ્કીર્ત્તિ અને પાપ પણ બહુ પ્રગટ થાય છે.

માટે પરસ્ત્રી વગેરેનો ત્યાગ કરી **શુદ્ધ બ્રહ્મચર્યવ્રત** પાળવું. જેના પ્રભાવથી દેવતાઓ પણ દાસપણું ધારણ કરે છે. (૪)

પ્રાયે પરિગ્રહ વધારવો, તે પાપના વ્યાપારનું કારણ છે અને તે પાપ વ્યાપાર દુઃખતરુનું મૂળ છે. માટે બુદ્ધિમાન પુરુષે જેમ બને તેમ પરિગ્રહની અલ્પતા કરવી.

ઘણા મોટા પરિગ્રહવડે સ્થૂલ સ્વરૂપને પામતા આરંભો, ઉડેલી રેતી સૂર્યને જેમ સુકૃતને જરૂર ઢાંકી દે છે.

એમ જાણી પરિગ્રહના માનવડે સંતોષરૂપી ઉત્તમ નિધિની સેવા કરવી. જે સંતોષના અનુચરપણાને પામે છે, તેને કોઈ પ્રકારની ન્યૂનતા રહેતી જ નથી. (૫)

જેની અંદર દશે દિશાઓમાં ગમન કરવાની કોઈપણ મર્યાદા કરવામાં આવે, તે દિગ્વિરતિ નામે પ્રથમ ગુણવ્રત કહેલું છે. ફરવા-વડે મરણ પામતા પ્રાણીઓના સંરક્ષણથી લોભસાગરના તટસમાન આ પણ શ્રાવકનું વ્રત કહ્યું છે. (૬)

જેની અંદર શક્તિ પ્રમાણે ભોગોપભોગની સંખ્યા–ગણતરી કરવામાં આવે છે, તે ભોગોપભોગ નામે બીજું ગુણવ્રત જાણવું. એકવાર સેવવા લાયક હોય તે ભોગ કહેવાય, અન્ન, કુસુમ વિગેરે.

તેમજ જે વારંવાર ભોગવવામાં આવે તે ઉપભોગ કહ્યા છે, જેમકે, સુવર્ણ, સ્ત્રી વિગેરે. વળી માંસ (૧) મધ (૨) માખણ (૩) મધ (૪) પાંચે ઉદુંબર (૯) રાત્રિભોજન (૧૦) અનંતકાય (૧૧) અજ્ઞાતફલ

(૧૨) તુચ્છફલ (૧૩) બહુબીજ (૧૪) વંતાક–રીંગણાં (૧૫) કરક–કરા (૧૬) હિમ–બરફ (૧૭) ચલિત રસ–જેનો રસ ચલાયમાન થયો હોય તે (૧૮) સંધાન–અથાણું (૧૯) મૃત્તિકા (૨૦) ઘોલવટક–ઘોલવડાં (૨૧) અને વિષ (૨૨)

આ બાવીશ પદાર્થોને શ્રીજિનેંદ્ર ભગવાને અભક્ષ્ય કહ્યા છે. તેમજ તેઓ પાપના કારણ છે. એ પદાર્થોનો જે ત્યાગ કરે છે, તે પુરુષ વિવેકી કહેવાય છે.

પંચેંદ્રિય પ્રાણીનો વધ કરવાથી જ સર્વ જાતનાં માંસ ઉત્પન્ન થાય છે, તો તે માંસને ખાનારા માણસો પણ રાક્ષસ કેમ ન કહેવાય ?

પારકાના માંસ વડે જ જેઓ હંમેશાં પોતાનું શરીર પોષે છે, તે નિર્દય મનવાળા મનુષ્યોમાં અને વ્યાઘ્ર વિગેરે હિંસક પશુઓમાં કેટલો ભેદ રહ્યો ? અર્થાત્ બંને સરખા જ ગણાય.

માટે દયામય ધર્મને જાણનાર પુરુષે તે સમયે ઉત્પન્ન થએલા તેના સરખાવર્ણવાળા અનેક જીવોથી વ્યાપ્ત એવા માંસનું કોઈપણ સમયે ભક્ષણ કરવું નહીં.

તેમજ જેના પાનથી જીવતો પણ મરેલા સરખો બેભાન બની જાય અને લોકમાં તથા શાસ્ત્રમાં દુષિત એવા મદ્યની કોણ ઈચ્છા કરે ?

ગાળેલા સીસાના પાનવડે મનુષ્યોએ મરવું તે સારૂ, પરંતુ મદિરાના પાનવડે સર્વત્ર ફજેત થવું તે સારૂ નહીં.

અપકીર્તિ, ઉન્મત્તપણું આદિક અનેક દોષોના સ્થાનભૂત મદ્યનો વિષમિશ્રિત જલની માફક સર્વ પ્રયત્નથી ત્યાગ કરવો.

વળી જેની અંદર અંતર્મુહૂર્ત્ત પછી તેના સરખી આકૃતિવાળા અનેક જીવો ઉત્પન્ન થાય છે, તે માખણનો પુણ્યાર્થી પુરુષે ત્યાગ કરવો.

તેમજ મક્ષિકાઓ–માંખોના મુખમાંથી નીકળેલું, જેની અંદર અનેક જીવો મરેલા હોય છે અને ગળફાની માફક નિંદનીય એવા મદ્યનું પણ કોઈ દિવસ ભક્ષણ કરવું નહીં.

તેમજ પિપળો, પીપર, કાકોદુંબર, ઉંબરો અને વડનું ફલ અનેક કીડાઓથી ભરેલું હોય છે, માટે તે ફલ કોઈ સમયે ખાવું નહીં.

જેની અંદર વમન આદિક સેંકડો દોષો પ્રત્યક્ષ દેખાય છે, તેવું રાત્રિભોજન તિર્યંચ સિવાય અન્ય કયો માણસ કરે ?

રાત્રિભોજનાદિકના મિષથી જે મૂઢ માણસો રાત્રિએ ખાય છે, તેઓ જરૂર શ્રીજિનભગવાને કહેલા અધઃસ્થાનમાં જાય છે, એમ હું જાણું છું.

પ્રાયે પશુઓ પણ રાત્રિએ ઘાસ ખાતાં નથી, તો રાત્રીભોજન કરનારા મનુષ્યો તે પશુઓથી પણ અધમ કેમ ન ગણાય ?

તેમજ સર્વ કંદ જાતિ, નવીન પલ્લવ, અને સૂત્રમાં કહેલી કુંવેરઆદિ ઔષધીઓને અનંતકાય હોવાથી સર્વથા ત્યાગ કરવો.

સોંયના અગ્રભાગ જેટલા અનંતકાયના શરીરમાં અનંત સૂક્ષ્મ જીવો હોય છે, એમ શ્રીજિનેંદ્ર ભગવાને કહ્યું છે.

જેમના અવયવો ગુપ્ત હોય, તેમજ શિરા–નસો અને સંધિ–સાંધા ગુપ્ત હોય, વળી જેઓ કાપવાથી પુનઃ ઉગે–પલ્લવિત થાય તેવા વૃક્ષોને અનંતકાય કહી છે.

વળી બીજા પણ જિનાગમમાં દૂષિત કહેલા અભક્ષ્ય પદાર્થોનું વિષ વૃક્ષના ફળની માફક ધર્મનિષ્ઠ પુરુષોએ ભક્ષણ કરવું નહીં. (૭)

આર્ત અને રૌદ્ર એ બે દુર્ધ્યાન એટલે **અપધ્યાનરૂપ** અનર્થ દંડ,

હિંસાનાં ઉપકરણ–સાધન આપવાં તે **હિંસપ્રદાન** અનર્થદંડ, પાપાચારનો ઉપદેશ આપવો તે **પાપોપદેશ** અનર્થ દંડ અને

પ્રમાદનું સેવન કરવું તે **પ્રમાદાચરણ** અનર્થદંડ.

આ ચારે પ્રકારનો અનર્થદંડ પાપનું કારણ હોવાથી વૃથા છે. એનો ત્યાગ કરવો તે ત્રીજું ગુણવ્રત જાણવું.

(૧) અનિષ્ટ વસ્તુનો સંયોગ, (૨) ઈષ્ટ વસ્તુનો નાશ, (૩) રોગનો પ્રકોપ અને (૪) નિદાન–નિયાણું કરવાથી આર્ત્તધ્યાન ચાર પ્રકારનું કહ્યું છે.

તેમાં અગ્નિ, અસ્ત્ર, વિષ, વ્યાધ, શત્રુ, દૈત્ય અને ખલ વિગેરે અનિષ્ટોવડે જે કષ્ટ ચિંતવવામાં આવે, તે **અનિષ્ટના** સંયોગથી થયેલું આર્ત્તધ્યાન જાણવું.

(૧) સ્ત્રી, પુત્ર, ભ્રાતા, માતા પિતા વિગેરે તેમજ ધન, રાજ્ય અને સુખાદિકનો નાશ થવાથી જે કષ્ટ થાય, તે **ઈષ્ટાર્થનો** નાશ થવાથી ઉત્પન્ન થયેલું આર્ત્તધ્યાન સમજવું. (૨)

વાત, પિત્ત, વાયુ જન્ય કુષ્ઠ, કાશ-ખાંસી, શ્વાસ અને જ્વરાદિ રોગો વડે જે પ્રચંડ ખેદ થાય, તેને **રોગજન્ય** આર્ત્તધ્યાન કહ્યું છે. (૩)

મોટું રાજ્ય, સારા ભોગ, પ્રસન્ન સ્ત્રીઓ અને વિશાલ સંપત્તિઓ કેવી રીતે પ્રાપ્ત થાય, એવી હંમેશાં બુદ્ધિ કરવી, તેને **નિદાન** આર્ત્તધ્યાન શાસ્ત્રમાં કહ્યું છે. (૪)

તેમજ હિંસા હર્ષ, મિથ્યા હર્ષ, ચોરી અને સંરક્ષણ કરવાથી પ્રાણીઓના હૃદયમાં ચાર પ્રકારનું **રૌદ્રધ્યાન** થાય છે.

તેમાં હણાયેલા, પીડાયેલા અને ક્ષુભિત થયેલા પ્રાણીઓને જોઈ મનુષ્યોને જે હર્ષ થાય, તે **હિંસાનુબંધી** રૌદ્રધ્યાન કહ્યું છે. (૧)

હિંસામાર્ગનો ઉપદેશ, કૂટકલ્પના અને લોકોને છેતરવા વડે જે હર્ષ થાય, તે **મૃષાનુબંધી** રૌદ્રધ્યાન. (૨)

ચોરીની ઈચ્છા કરવી, ચોરી કરીને આનંદ માનવો અને ચોરીના ધનવડે હૃદયમાં સંતોષ માનવો, તેને **સ્તેયાનુબંધી** રૌદ્રધ્યાન જાણવું.

ધારવાળાં તીક્ષ્ણ શસ્ત્રોથી શત્રુઓને મારી, ગ્રામ નગરાદિકને ભાંગી નાંખી, એકઠા કરેલા ધનનું સંરક્ષણ કરવું, તેને ચોથું રૌદ્રધ્યાન કહ્યું છે.

આર્ત્ત અને રૌદ્ર, એ બંને દુર્ધ્યાન સર્વ પાપનું મંદિર છે. માટે જેને નરકપીડાની ભીતિ હોય, તેણે તે બંને અપધ્યાનનો દૂરથી ત્યાગ કરવો.

મૂશલ-સાંબેલું, ઉદૂખલ-ખાણીઓ, યંત્ર, શસ્ત્ર અને અગ્નિ વિગેરે વિવેકી પુરુષોએ સ્નેહી સિવાય અન્ય કોઈને આપવાં નહીં.

વનને કાપી નાખ, ક્ષેત્રભૂમિ તૈયાર કર અને ભાડે બળદ લાવી ખેતી વિગેરેનું કામ કર ઈત્યાદિ પાપનો ઉપદેશ પુત્રાદિ સિવાય બીજાને આપવો નહિં.

દ્યૂત-જુગાર, દ્વારૂ, મેષાદિકની લડાઈ, આંદોલન, ભક્તાદિકની વિકથા, નિંદા, ગીત, નાટયાદિકનું અવલોકન તેમજ ચૈત્યની અંદર ચાર પ્રકારનો આહાર, નિદ્રા, ગળફા કાઢવા, કજીઓ અને વ્યાપારાદિકની વાર્ત્તા વિગેરે પ્રમાદનો બુદ્ધિમાન પુરુષે ત્યાગ કરવો. (૮)

દુર્ધ્યાન તથા સાવદ્ય કાર્યનો ત્યાગ કરી શુભાત્માનું જે બે ઘડી સમપણું રહેવું, તેને **સામાયિક** વ્રત કહેવાય.

સામાયિક કરવાથી આત્મા જે કર્મ ખપાવે છે, તે ઘણા સમય સુધી દુસ્તપ તપશ્ચર્યાઓથી પણ ખપાતાં નથી. (૯)

દિગ્વ્રત જે પ્રમાણે કરેલું હોય તેમાંથી દિવસે અથવા રાત્રીએ કંઈક ઓછું કરવું, તે **દેશાવકાશિક** વ્રત જાણવું. આ વ્રત પાળવાથી આત્મા પુણ્યશાળી બને છે. (૧૦)

ચારે પર્વતિથિઓમાં સર્વ પ્રકારના આહાર, અંગસત્કાર, અબ્રહ્મ મૈથુન અને સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરવો, તેને સંસારરોગના ઔષધ-સમાન પૌષધ વ્રત કહ્યું છે.

જેટલો સમય પૌષધવ્રત સેવનમાં વિધિપૂર્વક વ્યતીત થાય, તેટલા સમય સુધી તે પૌષધ કરનારને ચારિત્રી સમાન સત્પુરુષોએ માનેલો છે.(૧૧)

અતિથિઓને ભોજન, પાન, આવાસભૂમિ અને પાત્રાદિક વસ્તુ-ઓનું જે દાન કરવું, તે **અતિથિ સંવિભાગ** નામે વ્રત જાણવું.

ત્રણ રત્નની માફક શુભ એવાં ચિત્ત, વિત્ત અને પાત્રને પામી જેઓ દાન આપે છે, તેમને ત્યાં લક્ષ્મી સ્થિર રહે છે. (૧૨)

એ પ્રમાણે સમ્યક્ત્વમૂલ આ બાર વ્રત રૂપી અતિનિર્મલ શ્રાવક ધર્મ યતિધર્મની માફક ભવ્ય પ્રાણીઓના કલ્યાણ માટે થાય છે.

અતિચાર રહિત આ શ્રાવકધર્મને જે ભવ્યાત્મા પાળે છે, તે પુરુષ ભીમકુમારની માફક બંને પ્રકાર-સાંસારિક અને મોક્ષના સુખને મેળવે છે.

ભીમકુમાર

આ જંબૂદ્વીપની અંદર શુભ પદાર્થોથી સંપૂર્ણ એવા ભરતક્ષેત્રમાં ઉત્કૃષ્ટ સમૃદ્ધિથી ભરેલું **કમલપુર** નામે નગર હતું.

તે નગરમાં જિનેંદ્ર ભગવાનનાં અનેક મંદિરો દીપતાં હતાં. જેમનાં શિખરોપર વાયુથી કંપતી ધ્વજ પતાકાઓ જિનવંદન માટે શ્રદ્ધાળુ જનોને બોલાવતી હોય તેમ શોભતી હતી.

તે નગરની અંદર ઇંદ્રસમાન **હરિવાહન** નામે રાજા હતો. તેનામાં એ આશ્ચર્ય હતું કે; જે કોઈ દિવસ દાનવારિત્વ–અસુરોના શત્રુપણાને=દાન નિવારકપણાને ધારણ કરતો નહોતો.

તેમજ જેનો પ્રતાપરૂપ અગ્નિ કોઈ નવીન પ્રકારનો સ્ફુરતો હતો કે; ખડ્ગથી હણાયેલા શત્રુઓની સ્ત્રીઓના અશ્રુપૂરથી જેનો ઉદય થયો હતો અને સર્વ ભુવનમાં ચારે તરફ પ્રસરેલો છતાં પણ સેવકોને ઠંઠક આપતો, તેમજ તે શત્રુઓને તપાવતો હતો.

તે હરિવાહનરાજાની માલતી સમાન સુકોમલ **માલતી**નામે સ્ત્રી હતી. શીલરૂપ સુગંધથી મનોહર એવી તે સ્ત્રીને વિષે નૃપતિ ભ્રમરની માફક લીન હતો.

આસ્તિકનો શિરોમણિ **વિમલબોધ** નામે તેનો મંત્રી હતો. બુદ્ધિવડે જેની તુલાનાને નાસ્તિકપણાને લીધે બૃહસ્પતિ પણ પામતો નહોતો.

કુમારજન્મ

હરિવાહનરાજાને સિંહના સ્વપ્નથી સૂચવેલો માલતી રાણીની કુક્ષિમાંથી રત્નસમાન એક પુત્ર થયો. આ કુમાર ભીમની માફક બલવાન એવા શત્રુઓને અજય થશે, એમ જાણી પિતાએ મહોત્સવપૂર્વક **ભીમ** એવું તેનું નામ પાડયું.

તેજ દિવસે વિમલબોધ મંત્રીને ત્યાં પણ પુત્ર જન્મ્યો હતો. તેનું **મતિસાગર** નામ પાડયું.

સ્વામી અને સેવકનો પરંપરાથી એવો વૃદ્ધિક્રમ ચાલ્યો આવે છે. સત્ત્વ મહત્ત્વાદિક ગુણોવડે સમાનતાને ધારણ કરતા બંને કુમારોનો રામ અને લક્ષ્મણની માફક પ્રેમ થયો.

એક સાથે ભોજન, પાન વિગેરે ક્રિયાઓ કરવામાં કુશલચિત્ત હોવાથી પોતાના બંધુસમાન તે બંનેની પ્રીતિ બહુ વધી ગઈ.

તેમજ બંને કુમારને વિષે અતિ સ્ફાર શસ્ત્રવિદ્યાને જોઈ તેની સ્પર્ધાથી જેમ યત્નથી માત્રાવડે અધિક શાસ્ત્રની સ્ફુર્તિ થઈ.

ત્યારબાદ યૌવનના આરંભવડે સૌભાગ્ય પામતા તે બંને કુમારો લક્ષ્મીવડે કામદેવના ગર્વને દૂર કરવા લાગ્યા.

બંને પ્રકારે–પરાક્રમ અને બુદ્ધિથી પરસ્પર મળી ગયેલા નાસિકાથી[૧] જન્મેલા અશ્વિની કુમાર હોય ને શું ? તેમ નાસત્ય–સત્યવાદી બંને કુમાર પોતપોતાના સ્વરૂપવડે કયા પુરુષને જીત્યા વિના રહ્યા ?

વિમલબોધમંત્રી

એક દિવસ હરિવાહનરાજા પ્રભાતમાં પોતાના સ્થાનમાં અંદર બેઠો હતો. તે સમયે ભીમકુમાર અને મતિસાગર બંને રાજાને વંદન કરવા માટે ગયા. બંને કુમારો રાજાને પ્રણામ કરી તેના ચરણને પોતાના હસ્તકમલમાં રાજહંસપણાને પમાડી ખુબ સેવા કરવા લાગ્યા.

બંને પુત્રોની તેવી ઉત્કૃષ્ટભક્તિ જોઈ રાજા અને મંત્રી બહુ ખુશી થયા અને પોતાના આત્માને પુત્રવાન પુરુષોની મધ્યે મુખ્ય માનવા લાગ્યા.

અવસરને જાણીને વિમલબોધમંત્રી બોલ્યો. હે વત્સ ! જો કે; તમે બંને જણ સર્વવાત પોતે જાણો છો, તો પણ સ્નેહથી હું કંઈક કહું છું.

" મનુષ્યોમાં ગૌરવપણું ગુણોથી જ પ્રાપ્ત થાય છે. કોઈ દિવસ વૃદ્ધત્વથી થતું નથી. " કારણ કે; રત્ન ઘણું નાનું હોય છે, છતાં તે અમૂલ્ય હોય છે અને પાષાણ ઘણા મોટા હોય છે, તો, પણ તેઓ કિંમતને લાયક થતા નથી.

---

૧ સંજ્ઞા નામે સૂર્યની સ્ત્રી હતી, સૂર્યનું તેજ નહી સહન થવાથી તે સંજ્ઞા અશ્વિનું રૂપ ધારણ કરી ઉત્તરકુરૂમાં તપ કરતી હતી, ત્યારે અશ્વરૂપ ધારી સૂર્યના સમાગમથી તે સગર્ભા થઈ, તેણીએ અન્ય પુરુષના ભયથી તે વીર્યને નાસિક દ્વારાએ બહાર ફેંકી દીધું, તેનાથી તેઓ નાસત્ય–અશ્વિની કુમાર થયા, એમ પુરાણ કથા છે.

ઉત્તમ મોતીનો બનાવેલો હાર પણ ગુણ–દોરાનો ત્યાગ કરવાથી તેજ વખતે હૃદયમાંથી નીચે પડે છે. માટે ગુણોનો આગ્રહ કરવો.

તેમજ આ યૌવન મનુષ્યોને વિના મદ્યપાને મદોન્મત્ત કરે છે. નેત્રોમાં પડલ વિના અંધ કરે છે અને મૂર્છા વિના અચેતન કરે છે.

એજ કારણથી યૌવનવડે ઉન્મત્ત થયેલા માણસો કાર્યાકાર્યની વાત પણ જાણતા નથી તેમજ અવળા માર્ગે તેઓ ચાલે છે.

આ દુનિયામાં માત્ર એક યૌવન જ અનેક પ્રકારના અનર્થનું કારણ છે.

તેમજ યૌવન વયમાં ઐશ્વર્યનો ભોગ તે અગ્નિ અને વાયુના સમાગમ સરખો છે. વિકાર પામતા પાંચે ઇંદ્રિયો રૂપી ઘોડાઓને પરસ્ત્રીના ત્યાગરૂપ દામણ–પાદબંધનથી એકદમ કબજે કરવા.

તેમજ વિષ સમાન વિષયોમાં માત્ર પુત્રની ઈચ્છા સિવાય આસકત થવું નહીં. કારણ કે; વિષયાસક્તિ અરેઅર જીવિતને નાશ કરે છે.

આ લક્ષ્મી વેશ્યાની માફક ડાહ્યા માણસોને પણ વશ કર્યા વિના રહેતી નથી, પરંતુ જે પુણ્યયોગે લક્ષ્મીને વશ કરે તે પુરુષને ડાહ્યો જાણવો.

કામ, ક્રોધ વિગેરે અંતરંગ શત્રુઓ બહુ વિષમ કહ્યા છે. તેમને જો કબજે ન કર્યા હોય તો તેઓ કાળા સર્પની માફક વિકાર કરે છે.

આ અંતરંગ શત્રુઓને જીત્યા સિવાય બાહ્ય શત્રુઓને જીતવાથી પણ તે પરાક્રમી ગણાય નહીં, માટે બુદ્ધિમાન પુરુષે કામાદિક મોહરાજાના સુભટોનો પરાજય કરવો.

પીડાની માફક ક્રીડાનો ત્યાગ કરી સમગ્ર કલાઓનું સ્મરણ કરવું, તેમજ પોતાના નામની માફક રાજનીતિના તત્ત્વનો નિશ્ચય કરવો.

સાધુ રક્ષણ, બલપુરુષોનો ઉચ્છેદ, નીતિ, પ્રજાને આનંદ આપવો અને કોશ–ખજાનાની ન્યાયપૂર્વક વૃદ્ધિ કરવી, એ પાંચ રાજ્યરૂપી વૃક્ષનાં મૂલ છે.

ઉત્તમસ્થાનમાં વાસ, મહોત્સાહ, ચાતુર્ય, રાજ સાનિધ્ય, નિષ્કપટતા અને શુભ ઇચ્છા, આ છએ વાનાં સંપત્તિને વધારવાનાં કારણ છે.

દયા, વ્યસન ત્યાગ, વિવેક, પાત્ર–કલાવાન પુરુષનો સંગ્રહ, દાન, સત્ય અને ઉપકાર એ સાતે રાજાઓને સાધ્ય કરવાનાં છે.

ષટ્કર્તવ્ય દેવ દર્શન અને ધર્મતત્ત્વાદિકનું હંમેશાં શ્રવણ કરવું તેમજ આત્માને હિતકારી એવો અરિહંતભગવાનનો મત સ્વીકારવો.

હે પુત્રો ! હવે બહુ કહેવાનું કંઈ કારણ નથી. આજથી તમે એવી રીતે વર્તો કે; લોકોત્તર ગુણોવડે પોતાના પૂર્વજો કરતાં તમે અધિક કીર્તિમાન થાઓ.

આ પ્રમાણે મંત્રીનું વાકય બંને કુમારોએ તત્ત્વની માફક પોતાના હૃદયમાં સ્થાપન કર્યું. હિતઉપદેશનો કયો બુદ્ધિમાન સ્વીકાર ન કરે ?

એ પ્રમાણે તેમનો વાર્તાપ્રસંગ ચાલી રહ્યો હતો, તેવામાં ત્યાં **ઉદ્યાનપાલક**–આરામિક આવ્યો. હરિવાહનરાજાને પ્રણામ કરી તેણે વિનતિ કરી.

જ્ઞાનીગુરુ

હે દેવ ! આપને આનંદજનક વધામણી આપું છું કે, આપના ઉદ્યાનમાં સદ્ગુરુ પધાર્યા છે.

રાજાએ તુષ્ટિદાનથી આરામિકને પ્રસન્ન કર્યો. પદ્મની માફક હસતે મુખે હરિવાહનરાજા સભ્યલોકો સહિત સદ્ગુરુને વંદન કરવા ઉદ્યાનમાં ગયો. પાંચ પ્રકારનો અભિગમ[૧] કરી ભૂપતિએ અંદર પ્રવેશ કર્યો.

ધર્મનિધાનની માફક ત્યાં વિરાજમાન થયેલા **અભિનંદન**નામે સૂરિનાં દર્શન થયાં.

---

૧ ૨ ૩ ૪

–૧ "सचितदव्वमुज्जण–मचित्तमणुज्जणं मणेगतं । इगसाडि

૫

उत्तरासंग, अंजलि शिरसि जिणदिट्ठे ॥" જિનેંદ્રભગવાનનાં દર્શન થયે છતે સચિતદ્રવ્યનો ત્યાગ, અચિતનો નહીં ત્યાગ, મનનું એકત્વ, એક સાડી ઉતરાસંગ અને મસ્તકે અંજલિ એ પાંચપ્રકારનો અભિગમ જાણવો.

ભક્તિવડે ત્રણ પ્રદક્ષિણાપૂર્વક નમસ્કાર કરી જિનેંદ્રભગવાન આગળ ઇંદ્ર જેમ રાજા પુત્રસહિત સૂરીંદ્રની નજીકમાં બેઠો.

આગમના પારગામી ગુરુએ ચંદ્રની કલાસમાન પુણ્યરૂપ અમૃતને ઉત્પન્ન કરનાર દેશનાનો પ્રારંભ કર્યો.

જેમ ભૂમી ઉપર કલ્પવૃક્ષ અને મરુ ભૂમીમાં ક્ષીરસાગર તેમ સંસારમાં આ માનવ ભવ ઘણો દુર્લભ છે.

તે માનવભવ પામીને ચારિત્રનો સ્વીકાર કરવો, એ ઉચિત છે. કદાચિત ચારિત્ર પાળવાની શક્તિ ન હોય તો સમ્યક્ત્વમૂલક શ્રાદ્ધધર્મનો સ્વીકાર કરવો.

જિનેંદ્રદેવ, સાધુગુરુ, દયામયધર્મ, સદ્ દર્શન અને અહિંસા આદિક વ્રતો કહ્યાં છે.

હે ભવ્યાત્માઓ ! જો મનુષ્યો સમ્યક્ત્વરૂપ અમૃતપાન સ્વાભાવિક રીતે ન કરે તો મિથ્યાત્વ મહાવિષથી ગ્રસાએલા તેઓ કેવી રીતે જીવી શકે ?

સંસારમાં દાવાનલથી બળેલા પ્રાણીઓ જો જૈનધર્મરૂપી ક્ષીર સાગરમાં પ્રવેશ ન કરે, તો ચિરકાલીન શાંતિને કેવી રીતે પ્રાપ્ત કરે ?

વળી દુર્ગતિ આપનાર અન્ય રાજ્યાદિકની પ્રાપ્તિ સુલભ છે પરંતુ મુક્તિનું કારણ સદ્ધર્મરૂપી રત્ન મળવું બહુ દુર્લભ છે.

આ પ્રમાણે ગુરુમુખથી ધર્મોપદેશ સાંભળી ભીમકુમારને બોધ થયો. જેથી મતિસાગર સહિત તેણે મોક્ષબીજની માફક સમ્યક્ત્વ સહિત શ્રાદ્ધધર્મનો સ્વીકાર કર્યો.

શંકાદિ દોષ રહિત શ્રાવકધર્મનું તમારે પાલન કરવું. કારણ કે સંશય કરવાથી મંત્રાદિક પણ ફલ આપતા નથી, એ પ્રમાણે ગુરુની શિક્ષા મિત્ર સહિત ભીમકુમારે વિનયપૂર્વક સ્વીકારી.

પછી રાજા સૂરીશ્વરને વંદન કરી પોતાના પરિવાર સહિત પોતાના સ્થાનમાં ગયો.

વિકાસ પામતા પલ્લવાદિવડે ઉદ્યાનની લક્ષ્મી જેમ ભીમકુમારની કીર્તિ લોકપ્રસિદ્ધ ઉત્તમ ચરિત્રોવડે નૃત્ય કરવા લાગી.

કાપાલિક આગમન

એક દિવસ ભીમકુમાર પોતાના સ્થાનમાં બેઠો હતો, તેવામાં સાક્ષાત્ કલાઓની મૂર્તિસમાન કોઈક **કાપાલિક** પાખંડી ત્યાં આવ્યો.

જેના મુખમાં સુંદર કલા રહેલી છે. મસ્તકે જટા અને હાથમાં ત્રિશૂળ હતું.

વળી શરીરની અતિશય કાંતિથી પુરાઈ ગયેલો સાક્ષાત્ રૂદ્રસમાન તે **કાપાલિક** જોગરનો આશીર્વાદ આપી કુમારે દૃષ્ટિથી બતાવેલા આસનપર બેઠો.

સૂર્યસમાન અદ્ભુત કુમારની કાંતિ જોઈ કાપાલિક આશ્ચર્યસાગરમાં ગરક થઈ ગયો અને સ્પષ્ટવાણીથી ભીમકુમાર પ્રત્યે બોલ્યો.

હે બુદ્ધિમાન ! સ્ફાર ઉપકાર રૂપ પટહવડે તું બહુ દૂર હતો, પણ ઉદારસુગંધવડે ચંપકદ્રુમની માફક અમારી નજીકમાં હતો.

બહુ ખેદની વાત છે કે; આ દુનિયામાં કીડાસમાન કયા માણસો નથી જન્મતા ?

જેની બુદ્ધિ હંમેશાં ઉપકારમાં નિરાબાધ પ્રવર્તે છે, તેજ પુરુષ જન્મેલો ગણાય છે.

गत्वाऽन्तर्दशनं तनोति शुचितां गव्यादिकुक्षिस्थितं,
दुग्धीभूय जगद् धिनोति नयति ध्वंसं क्षुधां पाशवीम् ।
शीतार्द्यं विदलत्यवत्यरिगणात् प्राणान् परार्थेष्विति,
प्रौढं चेत्तृणमप्यहो ! ननु तदा वाच्यो महीयान् किमु ॥१॥

અહો ! આ જગતમાં ઘાસ પણ દાંતની અંદર પીલાઈને કુક્ષિમાં રહેલું ગવ્ય–ઘૃતાદિક બનીને મનુષ્યોને શુદ્ધ કરે છે, દુગ્ધ થઇને જગતને તૃપ્ત કરે છે.

તેમજ તે પશુઓની ક્ષુધાને શાંત કરે છે. શીતાદિકને દૂર કરે છે. શત્રુઓથી પ્રાણની રક્ષા કરે છે.

આ પ્રમાણે ઘાસ પણ પરોપકારમાં અરેઅર શક્તિમાન થાય છે, તો મહાન પુરુષનું તો કહેવું જ શું ?

તું પરોપકાર કરવામાં પ્રવીણ છે. એમ લોકમુખથી સાંભળી સ્વાર્થસિદ્ધિ માટે હું તારી પાસે આવ્યો છું. માટે હે ભીમકુમાર! સાવધાન થઈ મારૂં વૃત્તાંત તું સાંભળ.

ભુવનક્ષોભણી નામે મારી પાસે એક ઉત્કૃષ્ટ વિદ્યા છે, તેની પૂર્વ સેવા બાર વરસ સુધી મેં કરી છે. હવે તેની સિદ્ધિનો ઉદય થવાનો છે. પરંતુ અંકુરાઓ વરસતા મેઘને જેમ તે સિદ્ધિ તારા સાનિધ્યને ઈચ્છે છે.

આવતી કૃષ્ણચતુર્દશીના દિવસે તું જો ઉત્તરસાધક થાય, તો મૂર્તિમાન સિદ્ધિની જેમ તે મારી વિદ્યા સિદ્ધ થાય.

વિદ્યા સિદ્ધ થવાથી હું પણ જલદી તારો ઉપકારક થઈશ. કારણકે; કૃતજ્ઞપુરુષ પ્રત્યુપકાર કર્યા સિવાય રહેતો નથી.

વિશાલ દક્ષતાવડે પવિત્ર બુદ્ધિમાન ભીમકુમારે કાપાલિકનું વચન અંગીકાર કર્યું. પ્રાયે મોટા પુરુષો કલ્પદ્રુમની માફક પ્રાર્થનાનો ભંગ કરતા નથી.

વિદ્યાસાધના

કાળીચૌદશના દશ દિવસ બાકી છે, એમ મનમાં વિચાર કરતો કાપાલિક પણ ભીમકુમારને પ્રસન્ન કરવાની ઈચ્છાથી તેની પાસે રહ્યો.

મંત્ર અને યંત્રની કલામય મોટી મોટી વાતો કરતો તે કાપાલિક માયાવીની માફક હંમેશાં કપટજાળ કરવા લાગ્યો, જેથી ભીમકુમાર મોહિત થઈ ગયો.

મંત્રિસુત–મતિસાગરે જાણ્યું કે; આ દુષ્ટનો સંગ પરિણામે બહુ અનિષ્ટદાયક થશે. એમ વિચાર કરી તેણે ભીમકુમારને કહ્યું.

તું શુદ્ધ હૃદયનો છે, માટે આ મલિન કાપાલિકનો સંગ કરવો તને ઉચિત નથી. કારણ કે; તેજ અને અંધકારનો એક સાથે વાસ કેવી રીતે થઈ શકે?

અહો! દુષ્ટના પ્રસંગથી ઉત્તમપુરુષ પણ દુષ્ટાત્મા થાય છે. કારણ કે; જલ બહુ શુદ્ધ હોય છે, તો પણ કાદવના સંગથી મલિન થાય છે.

વળી પાખંડીના પ્રસંગથી સમ્યક્ત્વ પણ નષ્ટ થાય છે. કારણકે, કાજીના સંયોગથી દૂધનો સ્વભાવ પલટાયા વિના રહેતો જ નથી.

ભીમકુમાર બોલ્યો. કુસંગથી સાધુપુરુષ દુષ્ટ થાય છે, એ તારૂં માનવું અસત્ય છે.

વિષધર–સર્પના આશ્રયથી મણિ વિષમય થતો નથી. સજ્જન અથવા દુષ્ટ પણ પોતાની પ્રકૃતિથી જ હોય છે. અન્ય યોગથી થતા નથી. વળી એક છેડામાં મણિ અને કાંકરો શું સમાન નથી રહેતો?

તે સમ્યક્ત્વ પણ કેવું? કે જે કુસંગવડે નષ્ટ થાય. શું તેવું પણ તેજ હોય ખરૂં? કે જે અંધકારથી લીન થઈ જાય? આ પણ એક આશ્ચર્ય છે.

એ પ્રમાણે ભીમકુમારનું વચન સાંભળી મતિસાગર મંત્રી હસતે મુખે બોલ્યો.

હે કુમારેંદ્ર! આ તારો ઉત્તર પ્રકૃતને છોડી અપ્રકૃતનું પ્રતિપાદન કરવાથી પ્રતિવાદીના મતમાં અનિષ્ટકારક છે.

પરંતુ આ જીવ સ્ફટિકમણિની પાસમાં જે જે વર્ણના પદાર્થો મૂકવામાં આવે તે તે વર્ણ તેની અંદર પડે છે.

તે પ્રમાણે આ આત્માની અંદર ગુણોનો આવિર્ભાવ થાય છે. માટે આ દુષ્ટ કાપાલિકનો સંગ તારે કરવો નહીં. તે વચન ભીમકુમારે પણ માન્ય કર્યું.

ત્યારબાદ કૃષ્ણચતુર્દશીની રાત્રીએ તીક્ષ્ણ ખડ્ગ લઈ ભીમકુમાર તે પાખંડીની સાથે સ્મશાનમાં ગયો.

પછી કાપાલિકે સ્મશાનભૂમિમાં અખંડ એક મંડલ કર્યું અને પૂજનનો પ્રારંભ કરી શિખાબંધન કરવાની ઇચ્છાથી ભીમકુમારના મસ્તક પર હાથ નાંખવાનો વિચાર કર્યો. તેટલામાં ભયથી મુકત ભીમકુમાર બોલ્યો.

હે યોગીંદ્ર! મંત્રના નિયોગથી તું તારા અંગની રક્ષા કર. જેથી તને કોઇ પ્રકારની હાનિ થાય નહીં. મારે તો અંદર સત્ત્વ–ધૈર્યમય અને બહારથી શૌર્યમય રક્ષા રહેલી છે.

સમર્થ પુરુષો સિંહની જેમ અન્યથી રક્ષા ઈચ્છતા નથી. વળી હું ભૂખે પીડાયેલો છતાં પોતાનું પણ રક્ષણ કરવા સમર્થ ન થાઉં તો; ભયંકર અન્ય પ્રાણીથી તારું કેવી રીતે રક્ષણ કરીશ !

તે સાંભળી કાપાલિક વિચાર કરવા લાગ્યો. કાલિકાદેવીના પૂજન માટે શિખાબંધનના મિષથી એનું મસ્તક લઇ લેવું, એમ મેં ધાર્યું હતું. પરંતુ એની દ્રઢતાને લીધે તે મસ્તક હું લઇ શકયો નહીં, છતાં પણ એની કંઇ ચિંતા નથી.

પોતાની શકિતવડે બીવરાવીને હાલમાં જ હું એનું મસ્તક જલદી ઉઠાવી લઉં છું.

એમ વિચાર કરી તેણે પોતાનું સ્વરૂપ ભયંકર બનાવ્યું. જેનું મસ્તક પર્વતના શિખર સમાન આકાશમાં અટકેલું છે, દરવાજા સરખું વિશાલ મુખ,

કૂપ સરખા ઉંડા કાન, ગુંજા–ચણોઠીના ઢગલા સમાન લાલ નેત્ર, વજસરખી લાંબી અને હાલતી જીભ.

દિશાઓમાં પ્રસરી ગયેલા હાથ, ગજ સ્તંભ સરખી બંને સાથળ, ઉદ્ખલ–ખાણીયા સરખા સ્થૂલ ચરણ જેના દેખાતા હતા.

તેમજ મેઘ વીજળીને જેમ હાથમાં તરવારને નચાવતો અને વજસમાન પ્રચંડ પોતાના ઘોષવડે ભયંકર પ્રાણીઓને ભય ઉત્પન્ન કરતો, તે કાપાલિક ક્રોધથી કાલની જેવો અતિવિરૂદ્ધ આચરણ કરતો ભીમકુમારની પાસે આવ્યો અને તિરસ્કારપૂર્વક બોલ્યો.

રે રે ! અધમ ! તારામાં બત્રીશ લક્ષણ રહેલાં છે, માટે તારું મસ્તક લેવાનો મેં આ સર્વ આડંબર કર્યો છે. પરંતુ તેં મસ્તક ન લેવા દીધું, તો હવે આ તીક્ષણ ખડ્ગવડે લીલીકેળની માફક છેદીને તે લેવામાં મને બીલકુલ વિલંબ થવાનો નથી.

વાઘ હરણની માફક માશથી, જે તારું રક્ષણ કરે તે ઈષ્ટનું તું સ્મરણ કર. એમ બોલતો તે નિર્દય કાપાલિક તેને મારવાને તૈયાર થયો.

અહો ! એની ચેષ્ટા બહુ દુષ્ટ છે, એમ જાણી ભીમકુમાર અતિભયંકર ખડ્ગને કંપાવતો ભ્રકુટી ચઢાવીને બોલ્યો.

રે અધમ ! તેં કપટથી જેવી રીતે અન્ય નપુંસકોને બકરાંની માફક માર્યા, તેમ સિંહ સમાન પરાક્રમી એવા મને પણ મારવાની ઈચ્છા કરે છે ?

વિશ્વસ્ત જનોના ઘણા પ્રાણ તેં લીધા છે. તજ્જન્ય પાપોથી આજે તારી આપત્તિઓ પાકી ગઈ છે. માટે હાલમાં તને મારીને આ વિશ્વને પણ નિર્ભય કરૂં છું.

એમ કહી તેના ખડ્ગઘાતનો બચાવ કરી વાનરની માફક કૂદીને તેના બ્લાપર તે બેસી ગયો અને તેનું મસ્તક છેદવાની તેણે ઈચ્છા કરી.

ત્યારપછી સ્કંધપર બેઠેલા ભીમકુમારને વિચાર થયો કે; આ પાખંડી દશ દિવસ મારા ઘેર રહ્યો તેમજ કલાવાન છે, તેથી એને મારવો તે ઠીક નહીં.

કારણ કે; વધ કરવાથી હું મહાપાતકી થાઉં. માટે મદોન્મત્ત મલ્લની માફક મુષ્ટિના આઘાત વડે એને હું વશ કરૂં. કદાચિત્ પ્રતિબોધ પામીને જૈનમતનો સ્વીકાર કરે તો એનો ઉદ્ધાર થાય.

એમ જાણી તે વજ્રસમાન મુષ્ટિઓવડે તેના મસ્તક પર પ્રહાર કરવા મંડી પડ્યો.

માવત જેમ ગાઢ અંકુશના આઘાતવડે ગંભીરવેદી હાથી પીડે છે, તેમ મહાવ્યથા કરનાર તે પ્રહારો વડે ક્ષણમાત્ર કાપાલિક મૂર્ચ્છિત થયો.

ત્યારપછી જ્યારે શુદ્ધિમાં આવ્યો, ત્યારે બહુ ક્રોધ કરી તેણે ભીમકુમારના મસ્તકપર છરી મારી કે, તરત જ તાત્કાલિક.

બુદ્ધિમાન ભીમકુમાર ખડ્ગ સહિત, ગુહામાં સિંહ જેમ કૂપ સરખા તેના કાનમાં પેસી ગયો. અને કાનખજુરાની માફક અસહ્ય પીડા કરતો ભીમકુમાર તીક્ષ્ણ નખોવડે તેના કાનની અંદર ખોદવા લાગ્યો.

અહો ! મેં મોટા કાન વધાર્યા તે મારા પોતાના જ અનર્થ માટે થયા. કારણ કે; બિલની અંદર રહેલો ઉંદર જેમ આ રાજકુમાર મારા કાનની અંદર ખોદે છે.

એમ વિચાર કરતો બહુ દુઃખથી પીડાયેલો તે દુષ્ટ કાપાલિક બહુ ક્રોધાતુર થઈ ગયો અને બલાત્કારે તેને કાનમાંથી ખેંચીને કંદુક-દડાની માફક ઉછાળીને આકાશમાં ફેંકી દીધો.

યંત્રથી ઉચ્છાળેલા ગોળાની માફક તે આકાશમાર્ગે ઘણો દૂર ગયો, જેથી તે મૂર્ચ્છિત થઈ પૃથ્વીપર પડે છે, તેટલામાં સૂર્યસમાન કાંતિમાન આકાશમાંથી પડતા ભીમકુમારને જોઈ

કોઈ યક્ષિણીએ પોતાના કરસંપુટમાં તેને લઈ લીધો, અને તરત જ તે યક્ષિણી સર્વ સંપત્તિઓના સ્થાનભૂત પોતાના સ્થાનમાં તેને લઈ ગઈ. શીત અને સુંદર ઉપચારોથી તેની મૂર્ચ્છા દૂર કરી.

ત્યારબાદ વિમાન સમાન તે સ્થાન અને દિવ્યસ્વરૂપમય યક્ષિણીને જોઇ ભીમકુમારના હૃદયમાં મોટું આશ્ચર્ય થયું.

કમલા યક્ષિણી

મધુરસ્વરવડે કાનમાં અમૃતવૃષ્ટિની સારણિ-નીકને પૂર્ણ કરતી હોય તેમ, તે યક્ષિણી ભીમકુમાર પ્રત્યે બોલી.

હે દેવ ! આ વિંધ્યાચલ પર્વત છે. જેનાં શિખરો આકાશનો સ્પર્શ કરે છે, અને જે સુંદરતાને લીધે મેરુની માફક દેવોને પણ સેવવા લાયક છે.

લક્ષ્મીવડે સુંદર આ મંદિર મેં અહીં વૈક્રિય લબ્ધિથી બનાવ્યું છે. કમલાનામે હું યક્ષિણી છું. ક્રીડાની ઇચ્છાથી અહીં હું રહું છું.

હાલમાં હું આકાશમાર્ગે જતી હતી, તેવામાં તને નીચે પડતો જોઈ મારા કરકમલમાં મેં ઉત્તમ રત્નની માફક તને લઈ લીધો.

તારા સૌંદર્યનું પાન કરવા માટે દેવીઓએ અરેખર બ્રહ્મા પાસે પોતાનાં નેત્ર નિર્નિમેષ બનાવરાવેલાં છે.

હે વીરાગ્રણી ! તારા રૂપના દર્શનથી જ કામના બાણોવડે વીંધાયેલી હું તારા શરણે આવી છું. માટે મારૂં તું રક્ષણ કર.

અન્ય સ્ત્રીઓ પણ અન્ય પુરુષની પ્રાર્થના કરતી નથી. તેમાં વિશેષે કરીને ઉત્તમ દેવીઓ તો કરે જ નહીં, છતાં હું તારી પ્રાર્થના કરૂ છું, માટે મારી અવગણના તું કરીશ નહીં.

ભીમકુમારબોધ

કમલાનું વચન સાંભળી ભીમકુમાર પોતાના મન સાથે વિચાર કરવા લાગ્યો. કામદેવની દુષ્ટતાને ધિક્કાર છે. જે દેવીઓને પણ માનવની ઈચ્છાવડે હેરાન કરે છે.

અહો ! કામનો પ્રભાવ વિચિત્ર છે, જેથી મોટા પુરુષો પણ અધમની માફક અયોગ્ય સ્થાનમાં પ્રમોદ માને છે અને ઘણી ઘણી ખુશામત કરે છે.

શીલનું રક્ષણ કરવાથી કાપાલિકનું દુઃખ કંઈક સારૂં હતું, પરંતુ શીલને નિર્મૂલ કરનાર આ સુખ સારૂં નહીં.

પ્રથમ વિશુદ્ધ ઉપદેશરૂપ અમૃતનું પાન કરાવી કામવિષથી પ્રગટ થયેલી એની મૂર્છાને હું દૂર કરૂં. એમ ધારી ભીમકુમાર બોલ્યો.

હે દેવિ ! મારા પ્રાણનું રક્ષણ કરવાથી પ્રાયે તું મારી ધર્મપત્ની છે, તેથી તારૂં કહેવું સત્ય છે. પરંતુ મેં પ્રથમ ગુરુની આગળ પરસ્ત્રીનો ત્યાગ કર્યો છે.

તો મત્ત હાથીવડે દુર્ગની જેમ પરસ્ત્રીના સંયોગવડે તે વ્રતનો ભંગ થાય છે, અને વ્રતનો ભંગ થવાથી અવશ્ય નરકસ્થાન પ્રાપ્ત થાય છે. કાળકૂટ-વિષનું ભક્ષણ કરવાથી મરણનો સંશય કયાંથી હોય?

" શીલવ્રત પાલનારાઓનું મરણ સારૂં ગણાય છે, પણ કુશીલી-ઓનું જીવન સારૂં નહીં. " કારણ કે; સજ્જનોનું નિર્ધનપણું શ્લાઘ્ય છે અને દુર્જનોનું ધનવાનપણું શોચનીય છે.

વળી આ વિષયો અગ્નિની જ્વાલા સમાન છે. જેઓ પોતાના પ્રસંગવડે પ્રાણીઓના શીલરૂપી અંગને બાળે છે.

પરને લુંટનારા વિષયો જેના શીલધનને ચોરી લે છે, તે પુરુષનું પાંડિત્ય શા કામનું ! અને તેનું પરાક્રમ પણ નકામું છે.

વળી તું દિવ્યરૂપધારી દેવી છે અને હું મલિન અંગવાળો મનુષ્ય જાતિ છું. માટે કસ્તૂરી અને કાદવની માફક આપણા બંનેનો યોગ ઉચિત નથી.

એમ સમજી હે સુરોત્તમે! હિંસાની માફક દૂરથી ભોગેચ્છાનો ત્યાગ કરી દયાલુતાની માફક તું શીલ લીલાને ધારણ કર.

તેમજ અતિપ્રિય એવા મોક્ષને વશ કરવામાં ઔષધ સમાન સમ્યક્ત્વનો તું આશ્રય કર.

જેની અંદર જૈન ધર્મના સામ્રાજ્યની લક્ષ્મી હંમેશાં ક્રીડા કરે છે. એ પ્રમાણે ભીમકુમારના વચનામૃતના સિંચનથી યક્ષિણીનો કામ-જ્વર શાંત થઈ ગયો.

પછી શીલવ્રતની ઇચ્છાવાળી તે બોલી.

હે કુમારેંદ્ર! યૌવનવયમાં પણ મુનિસમાન દૃઢ શીલવ્રતનું પાલન કરી તેં પોતાના આત્માને જ પાપથી તાર્યો એમ નહીં, પરંતુ મારા આત્માનો પણ તેં જ ઉદ્ધાર કર્યો.

હે વિશુદ્ધગુણ! સમ્યક્ત્વનો બોધ આપવાથી તું જ મારો ગુરુ છે. એમ કહી દેવીએ ભીમકુમાર પાસેથી અલંકારની માફક સમ્યક્ત્વ ગ્રહણ કર્યું.

મુનિદર્શન

મધ્યરાત્રીના સમયે કોઈપણ દિશામાંથી આવતો મધુર ધ્વનિ ભીમકુમારના સાંભળવામાં આવ્યો. વિશુદ્ધ આશયથી તેણે દેવીને પૂછયું.

આ ધ્વનિ કોનો છે?

દેવીએ કહ્યું. હે સાહસનિધે! ચાતુર્માસ કરવા અહીં મુનિઓ રહેલા છે. તેમના સ્વાધ્યાયનો આ ધ્વનિ છે.

તે સાંભળી ભીમકુમાર બહુ ખુશી થયો અને બોલ્યો.

તું પણ ખરેખર ધર્મજ્ઞ છે. કારણકે; જેની પાસમાં સંસાર રોગના વૈદ્ય સમાન મુનિઓ રહે છે. પુણ્યના નિધાનની માફક તે મુનિ-ઓનો ઉપાશ્રય તું મને બતાવ, જેથી હું બાકીની રાત્રી ધર્મધ્યાનમાં વ્યતીત કરું.

રાત્રીના પ્રસંગે સ્ત્રી અથવા દેવી પણ સાધુના સ્થાનમાં ન જઈ શકે, એટલા માટે દ્વારથી બહુ દૂર રહીને દેવીએ તેને ઉપાશ્રય બતાવ્યો.

મધ્યરાત્રીએ પણ શુભધ્યાને કાયોત્સર્ગાદિકથી અપ્રમાદી મહર્ષિ-ઓને જોઈ હર્ષાશ્રુપૂર્વક નિહાળતો ભીમકુમાર વિચાર કરવા લાગ્યો.

નિરંતર ઉચિત મૈત્ર્યાદિ ભાવનાઓના યોગથી હૃદયને શાંત કરી વિશુદ્ધ અધ્યાત્મશાસ્ત્રનો અભ્યાસ કર્યા બાદ સ્વતંત્ર અને સ્ફુરણાયમાન વિશાલ ચિદાનંદના સાગરસમાન પરબ્રહ્મમાં લીન થયેલા આ મહર્ષિઓ પોતાનો જન્મ સફલ કરે છે.

અમે તો વિષયરૂપ વિષના આવેશને વશ થઈ પાપસંકટમાં પડતા પોતાના આત્માને જાણતા નથી, એ મહાખેદની વાત છે.

માટે હવે કોટીભવ સંસારનો છેદ કરનાર અને શિવસંપદાઓને લુંટનાર આ મહર્ષિઓનો કોઇપણ ઉપદેશ હું ગ્રહણ કરું.

આકાશભુજા

ધર્મજીજ્ઞાસુ ભીમકુમારે હાથમાંથી ખડ્ગ નીચે મૂકી મુનિઓને વંદન કર્યું. મુનિઓએ ધર્મલાભ આપ્યો. આનંદિત થઇ ભીમકુમાર તેમની આગળ બેઠો.

તેટલામાં મહિષના સરખી શ્યામ, આકાશ લક્ષ્મીની વેણી હોય તેમ બહુ લાંબી એક ભુજા ત્યાં આકાશમાંથી નીચે ઊતરી.

આ ભુજા કોની ? કયાંથી આવી ? અને શું કરશે ? એમ રાજકુમાર વિચાર કરતો હતો, તેટલામાં તે ભુજા ભીમકુમારનો ખડ્ગ લઈ આકાશમાં ચાલતી થઇ.

આ મારો ખડ્ગ લઇ કયાં જાય છે ! જોઉં તો ખરો ! એવી ઈચ્છાથી ભીમકુમાર વાનરની માફક ફાલ મારી તે ભુજાપર બેસી ગયો.

સ્ફુરણાયમાન શ્યામતારૂપ જલ વડે ભરેલા વિશાલ આકાશરૂપ સમુદ્રમાં અથવા વંટોળની માફક સત્વર ગમન કરતી લાંબી તે ભુજા નાવ સરખી દેખાવા લાગી.

ભુજાપર રહેલી ખડ્ગલતા પણ શ્યામ અને દીર્ઘ હોવાથી દિવ્યગંગાની સ્પર્ધાવડે આકાશમાર્ગે પ્રયાણ કરતી યમુના નદી હોય તેમ દીપતી હતી.

વિમાનમાં બેઠેલા દેવની જેવો ભુજાપર રહેલો રાજકુમાર વિચિત્ર પૃથ્વીનું અવલોકન કરતો બહુ વિસ્મય પામ્યો.

આકાશને ઓલંઘતી તે ભુજા કેટલેક દૂર ચાલી ગઇ. ત્યાં એક વનની અંદર **કાલિકાદેવી**નો મઠ હતો, તેમાં તે ઉતરી પડી.

પછી ભીમકુમાર પણ તેના ઉપરથી નીચે ઉતર્યો.

કાલિકાદેવી

જેની ભીંતો મોટાં મોટાં અસ્થિ–હાડકાંઓથી બાંધેલી હતી. બોખરીના કાંગરાઓ હતા.

ઉંટના અસ્થિનું દ્વાર, હાથીના દાંતનાં ઉંચાં તોરણ, મુડદાંની વેણીઓની ધ્વજાઓ,

બકરાના ચામડાનો ચંદરવો તેમજ ગાઢ રૂધિરથી વ્યાપ્ત ભૂમિ· વાળા તે મઠને જોઈ ભીમકુમાર વિચાર કરવા લાગ્યો.

શું આ નિંદાનું સ્થાન હશે? ભયનો ક્રીડા શૈલ હશે? શું મૃત્યુની રાજધાની હશે? કે; આપત્તિઓનું ખાસ આ ઘર હશે?

વળી તે મઠની અંદર ભયંકર આકૃતિને ધારણ કરતી જાણે મૂર્તિમાન કાલરાત્રિ હોયને શું? તેમ બોપરીની માલારૂપ અલંકારથી વિભૂષિત કાલિકાદેવી બેઠી હતી.

તે દિવ્યદેવીની પૂજા રચવામાં તત્પર તે કાપાલિકને અને તેની પાસમાં ઊભેલા એક ગરીબ પુરુષને જોઈ ભીમકુમાર વિસ્મય પામ્યો.

અરે! આ શું? એમ તે ચિંતવતો હતો, તેટલામાં તે ભુજા કાપાલિકને ખડ્ગ આપી તેના શરીરમાં પેશી ગઈ.

આ પાખંડી સામાન્ય નથી. મારા ખડ્ગવડે તે શું કરે છે? ગુપ્ત રહી હું જોઉં તો ખરો? એમ વિચાર કરી તે મંદિરના એક ખુણામાં ઉભો રહ્યો.

કાપાલિક સાહસ

કાપાલિક દેવીનું પૂજન કરી ભીમકુમારનું ખડ્ગ હાથમાં લઈ કેશ ખેંચીને પોતાની નજીક ઉભેલા પુરુષને ક્રોધથી કહેવા લાગ્યો.

રે રે દુર્ભગ! પોતાના ઈષ્ટનું તું સ્મરણ કર. તારા દુર્ભાગ્યને લીધે હાલમાં તારો મરણ કાલ આવી પહોંચ્યો છે. કારણ કે; તારા મસ્તક-રૂપ કમલને છેદી હું દેવીનું પૂજન કરીશ.

પુરુષ બોલ્યો. જગતના ઉદ્ધારક શ્રી જિનેંદ્રભગવાન અને તેમનો ભક્ત, પ્રચંડ પાખંડીઓને નાશ કરનાર **ભીમકુમાર** મારૂં શરણ થાઓ.

મેં તેને ના પાડી હતી. છતાં પણ તેણે તારા દુષ્ટનો સંગ તજ્યો નહીં. જો તે ભીમકુમાર અહીં હાજર હોત તો જલદી તારા ચુરેચુરા કરી નાખત.

ભીમકુમારનું નામ સાંભળતાં જ કાપાલિકના હૃદયમાં અગ્નિજવાલા પ્રગટ થઈ અને તે બોલ્યો.

રે દુષ્ટ! પ્રથમ મારે ભીમકુમારના મસ્તકથી જ દેવીની પૂજા કરવી હતી, પરંતુ તે નપુંસકની માફક નાસી ગયો. તેના બદલામાં હું તને અહીં લાવ્યો છું.

વળી તે ભીમકુમાર પણ વિંધ્યાદ્રિમાં મુનિઓની પાસે હાલ રહ્યો છે, એમ દેવીએ મને કહ્યું છે. પરાક્રમના જીવન સમાન આ તેનો જ ખડ્ગ તારા મસ્તકને છેદવા માટે મેં અહી મંગાવ્યો છે.

વળી જે શ્રી જિનેશ્વરભગવાન અને ભીમકુમારનું તું શરણ કરે છે, તે બંને જણ દૈવની માફક રૂષ્ટ થયેલા મારી આગળ તારૂં રક્ષણ કરવાને શક્તિમાન નથી.

જો તેં આ કાલિકાદેવીનું શરણ કર્યું હોત તો આ મરણ કાલમાં તે તારૂં રક્ષણ કરત.

એમ બહુ તિરસ્કાર કરી દુષ્ટ કાપાલિક મતિસાગરને મારવા તૈયાર થયો છે, તેટલામાં મહાપરાક્રમી ભીમકુમાર તેને ધિક્કારવા લાગ્યો.

રે રે અધમ! ભીમકુમાર નાશી ગયો, એમ તું કહે છે? તે જ હું પોતે તારી આગળ ઉભો છું.

જો તારામાં બળ હોય તો પ્રહાર કર. કોઈ બલવાનને તું મારે તો હું તારી શક્તિ જાણું, પરંતુ સર્વ લોકો ગરીબ પ્રાણીઓનું બલિદાન આપે છે. સિંહનું કોઇપણ આપતું નથી.

હું પ્રહાર કરીશ, ત્યારે તું અને તારી દેવી પણ શક્તિમાન નથી. કારણકે; સિંહ જ્યારે મૃગને મારે છે, ત્યારે તેને બચાવવાને કોણ સમર્થ થાય છે?

એમ કહી તેના હાથમાંથી પ્રહારવડે પોતાનો ખડ્ગ પાડી નાખી, મલ્લ જેમ પ્રૌઢમલ્લની સાથે જેમ ભીમકુમાર તેની સાથે યુદ્ધ કરવા લાગ્યો.

બંનેના પાદપ્રહારથી પીડાયેલી પૃથ્વી દુઃખીની માફક કંપવા લાગી. તેમના સિંહનાદના પ્રતિધ્વનિવડે મઠ પોકાર કરવા લાગ્યો.

તેમજ તેમના પાદપ્રહારના શબ્દોવડે આરણ્યક સિંહાદિક એવા પ્રાણીઓ પણ જાગ્રત થયા. અને મૃગાદિક તો ત્રાસ પામી ચારે દિશાઓમાં પલાયન થઈ ગયાં.

એમ લાંબો વખત બહુ પ્રચંડ સંગ્રામ ચાલ્યો, જેથી બંનેના પરાક્રમની સ્પષ્ટતા થઈ અને તે બંને જણ પરસ્પર એક બીજાનું અસાધારણ બલ જાણી ગયા.

ત્યારબાદ ભીમકુમારે ઘણો સમય યુદ્ધ કરી કાપાલિકને પૃથ્વીપર પાડી તેની છાતી પર પગ મૂકી તેને બીવરાવવા માટે ખડ્ગ ઉગામ્યો અને તે બોલ્યો.

રે દુષ્ટ! તારી બલવાન ગર્જના કયાં ગઈ? અને તે કાલિકાદેવી પણ કયાં છે? કે; જે કાળરૂપ મારા પંજામાંથી તને છોડાવે.

કાલિકા આગમન

તે સમયે પશુની માફક પ્રાણ સંકટમાં પડેલા કાપાલિકને જોઇ કાલિકાદેવી પ્રગટ થઈ અને ભીમકુમાર પ્રત્યે બોલી.

હે વત્સ! એને તું મારીશ નહીં. આ મારો ભક્ત છે અને હંમેશાં ઉત્તમ પુરુષના મસ્તકરૂપ કમલવડે મારૂં પૂજન કરે છે.

આજે મને આ પુરુષના મસ્તકનું બલિદાન આપવાથી એકસોઆઠ મસ્તકની પૂજા સંપૂર્ણ થવાની હતી અને હું સિદ્ધ થઈ આ કાપાલિકનાં સર્વ કાર્ય કરત, પરંતુ એના અભાગ્યને લીધે વિઘ્નની માફક તું અહીં આવી પડયો.

તું પણ કોઈ મહાન વીર પુરુષ દેખાય છે. તું મારા દેખતાં મારા પૂજારીને દેવની માફક નિર્ભયપણે પકડીને મથન કરે છે.

તારા પરાક્રમવડે હું પ્રસન્ન થઇ છું. તારી ઇચ્છા પ્રમાણે તું વર માગ અને એને જીવતો છોડી દે. કારણકે, સંતપુરુષો અલ્પનો ઘાત કરતા નથી.

ભીમકુમાર બોલ્યો. હે દેવી ! જો એમ હોય તો તું જીવવધનો ત્યાગ કર. લોક અને શાસ્ત્રથી વિરૂદ્ધ એવો આ જીવ વધ કરવો તને ઉચિત નથી.

તારા સરખી ઉત્તમ દેવી પ્રાણીઘાત કરે ખરી ? કારણકે, શીતલ ચંદ્રની કાંતિ તાપ વધારનારી હોય નહીં.

અત્યાર સુધી હું જાણતો હતો કે; આ પાખંડી પ્રાણીવધ કરે છે, પરંતુ પ્રાણિઓનો ઘાત કરાવનારી તું પોતે જ અધિક વધ કરનારી છે.

તારા માટે પ્રાણિઓનો વધ કરતા આ કાપાલિકને તું ના પાડે તો તે વધ કરે નહીં, કારણ કે; સેવક સ્વામીને સ્વાધીન હોય છે.

દેવને કવલાહાર નહીં હોવાથી માંસ તો તું ખાતી નથી, છતાં માત્ર ક્રીડાને લીધે નિરપરાધી પ્રાણીઓનો શા માટે વધ કરાવે છે ?

સામાન્ય જીવનો વધ કરવાથી પણ મોટો અનર્થ થાય છે, તો ત્રણે લોકનું રક્ષણ કરવામાં સમર્થ એવા મહાપુરુષોના વધનું તો કહેવું જ શું ?

વળી આ તારૂં દેવીપણું એ સાક્ષાત્ પુણ્યનું જ ફલ છે, એ તું જાણે છે, છતાં પણ હે દેવિ ! આવું પાપ કરે છે, તે તારો કેવો વિવેક ગણાય ?

માટે પાપરૂપ અંધકારને અમાસની રાત્રી સમાન પ્રાણી વધનો ત્યાગ કરી પુણ્યપ્રકાશના સૂર્યોદય સમાન દયાધર્મનું તું પાલન કર.

એ પ્રમાણે ભીમકુમારના ઉપદેશથી પ્રતિબોધ પામી દેવીએ તેનું વચન માન્ય કર્યું. પછી કાપાલિકને મુકત કરાવી તે પોતાનાં સ્થાનમાં ગઈ.

ભીમ અને મતિસાગર

દેવીના ગયા બાદ ભીમકુમારે વિનીત એવા પોતાના મિત્ર મતિસાગરને પૂછયું.

આ પાખંડીને તું જાણતો હતો તેમજ મને પણ તું શિખામણ આપતો હતો, છતાં તું એના પાશમાં કેવી રીતે આવી પડ્યો ?

મતિસાગર બોલ્યો. દેવ ! તારી સ્ત્રી સાયંકાલે તારા મકાનમાં ગઇ. ત્યાં તને જોયો નહીં. તેથી તે લુંટાઈ હોય તેમ બહુ આક્રંદ કરવા લાગી.

તે સાંભળી તારાં માતાપિતા એકદમ મૂર્ચ્છિત થઈ ગયાં. કેટલીક વારે તેઓ સચેતન થયાં. ત્યારપછી તેઓ પણ પ્રલાપ કરવા લાગ્યાં. જેથી ત્યાં બહુ કોલાહલ થઈ ગયો.

પછી ભૂપતિએ મને પૂછ્યું. ભીમકુમારની તારી સાથે ગાઢ મૈત્રી હતી, તેથી તું જાણતો હોઈશ. સાચી વાત બોલ. કોઈ એને હરી ગયો છે ? કે; તે પોતાની ઇચ્છાથી કોઈપણ સ્થાનમાં ગયો છે ?

આ પ્રમાણે રાજાનો પ્રશ્ન સાંભળી હું કંઈક જવાબ આપતો હતો, તેટલામાં તારી કુલદેવી બહુ પ્રભાવિક હોવાથી તે પોતે જ એક વૃદ્ધ સ્ત્રીના શરીરમાં આવીને બોલી.

હે નરેંદ્ર ! પુત્રને માટે તું ખેદ કરીશ નહીં. કાલિકાના પૂજનની ઇચ્છાથી પાખંડી તેને ઉપાડી ગયો છે. તે પાખંડીનો તિરસ્કાર કરી હાલમાં તારો પુત્ર યક્ષિણીના મંદિરમાં રહે છે.

કેટલાક દિવસ પછી મોટી સમૃદ્ધિ સહિત તે અહીં આવશે. એમ કુલદેવીની વાણીથી પ્રથમ વૃષ્ટિવડે દાવાનળથી બળેલો વૃક્ષ જેમ દુઃખી થયેલો રાજા કંઈક શાંત થયો.

પછી તે વૃદ્ધ સ્ત્રીના શરીરમાંથી કુલદેવી ચાલી ગઈ, એટલે તેમને શંકા થઇ કે; આ વાણી સત્ય હશે કે નહીં ? એની તપાસ કરવા તારા પિતાએ મને મોકલ્યો. તે હકીકત સાંભળી હું પાછો આવતો હતો, તેટલામાં ધૂળના સમૂહથી આકાશભૂમિને પૂરતો હોય તેમ એકદમ વંટોલ ચઢી આવ્યો.

અર્ધરાત્રીનો સમય અને સર્વત્ર ફેલાયેલી ધૂળને લીધે તેવો અંધકાર થઇ ગયો કે; જેથી મારાં દિવ્ય નેત્ર હતાં, છતાં પણ હું જન્માંધની માફક ફાંફાં મારવા લાગ્યો.

તેવામાં પિશાચ સરખો આ કાપાલિક ત્યાં આવી બાલકની માફક મને ઉપાડી આકાશમાર્ગે અહીં લાવ્યો.

અહીં આ દુષ્ટનો દુરાચાર જોઈ મારૂં હૃદય બહુ ક્ષુભિત થઈ ગયું. પ્રથમ પણ તારા વિયોગની અસહ્ય પીડા અનુભવતો હતો, જેથી હું મુડદાસમાન થઈ ગયો. જેટલામાં આ દુરાશય મારૂં મસ્તક કાપવાની ઇચ્છા કરતો હતો, તેટલામાં મારી ગોત્રદેવીની પ્રેરણાથી જેમ તું અહીં આવી પહોંચ્યો.

જો કે, આ કાપાલિક શત્રુ હતો, પણ આપણા બંનેના યોગથી તે હિતકારી થયો. કદાચિત્ દૈવયોગે વિષ પણ અમૃત થાય છે.

એ પ્રમાણે મિત્રનું વૃત્તાંત સાંભળીને અને માતપિતાના દુઃખનો વિચાર કરી ભીમકુમાર વૃક્ષની માફક દુઃખરૂપ દાવાનળથી બળવા લાગ્યો.

પોતાના કુકર્મને લીધે હૃદયમાં લજ્જા પામતો કાપાલિક ભીમકુમારની પાસે આવ્યો અને તેના પગમાં પડયો અને બોલ્યો.

કાપાલિક પ્રાર્થના

હે રાજકુમાર ! આ પૃથ્વી એક તારા વડે જ રત્નગર્ભા છે, જેનું આવું સત્યમય લોકોત્તર તેજ દીપે છે. પ્રથમ હું કોઈથી પણ જીતાયો નહોતો, છતાં હાલમાં તે મને જીત્યો.

બીજાઓએ નહીં પીધેલા સમુદ્રને પણ શું અગસ્તિઋષિ ન પી ગયા ?

કૃષ્ણની માફક કરૂણારસના સિંધુસમાન તેં કાદવમાં ડુબતા ગોમંડલની માફક મારો ઉદ્ધાર કર્યો.

"ઉપકારીનો ઉપકાર કરનાર સેંકડો સંતપુરુષો હોય છે, પરંતુ અપકારીનો ઉપકાર કરનાર તો તું એક જ મહાશય છે."

હું અવળે માર્ગે ચાલતો હતો, છતાં મને પ્રાણદાન આપવાથી તું મારો સ્વામી–નાથ હતો. હાલમાં સત્ય અને પથ્ય ઉપદેશવડે ગુરુ પણ તું થા.

ભીમકુમાર બોલ્યો. જો તું પોતાનું હિત ઇચ્છતો હોય તો પોતાના ઘાતની માફક પર ઘાતનો ત્યાગ કર.

દેવને માટે પણ કરેલો આ વધ હિતકારક થતો નથી. કારણકે, મંત્રથી પવિત્ર કરેલું પણ વિષ અવશ્ય પ્રાણઘાતક થાય છે. તેમજ વધ કરવાથી પ્રાણી બહુ દુઃખી થાય છે.

जन्तूज्जासनतः प्रपद्य नरकं भुङ्क्ते चिरं तद् व्यथा-
मेकाऽक्षेष्वखिलेषु पुद्गलपरावर्त्तान् घनांस्तिष्ठति ।
प्राप्तोऽपि त्रसतामहिप्रभृतिषु क्रूरेषु बम्भ्रम्यते,
जातो मर्त्यभवेऽपि नैव लभते जीवः कुलाद्यं शुभम् ॥१॥

પ્રાણીનો વધ કરવાથી આત્મા નરકસ્થાન પામી, ત્યાં ઘણા કાલ સુધી અસહ્ય પીડા ભોગવે છે.

ત્યારબાદ સર્વ પૃથ્વીકાયાદિકને વિષે ઘણા પુદ્ગલપરાવર્ત્ત સુધી રહે છે.

ત્યાર પછી ત્રસપણાને પ્રાપ્ત થયો છતાં પણ, અતિક્રૂર સર્પાદિક યોનિમાં વારંવાર ભમે છે.

પછી માનવભવમાં જન્મીને પણ જીભ શુભ કુલાદિકને તો પામતો જ નથી.' માટે જીવહિંસાનો હવેથી તારે સંકલ્પ પણ કરવો નહીં.

એમ શિષ્યની માફક તેને ઉપદેશ આપી ઉદાર આશયવાળા તે ભીમકુમારે દયામય તેમજ સર્વજનને હિતકારી એવા જૈનધર્મને વિષે સ્થાપન કર્યો.

તે સમયે પોતાની માતા સમાન ક્ષીણ થયેલી રાત્રીને જોઈ તેનાથી ઉત્પન્ન થયેલું ગાઢ અંધારૂં પણ ક્ષીણ થઈ ગયું, તે યોગ્ય છે. તેમજ પ્રકાશ આપતા અને ઘણા મળેલા એવા પણ તારાઓ દરિદ્રપણામાં ગુણોની જેમ તે સમયે બહુ ઓછા થઈ ગયા.

પ્રભાતકાલમાં નવીન વિજીગીષુની માફક અન્ય તેજને તિરસ્કાર કરતા અને કમલાકરને પ્રફુલ્લ કરતા સૂર્યનો ઉદય થયો.

ગજાપહાર

મિત્રસહિત ભીમકુમાર પણ મુખ પ્રક્ષાલનની ઇચ્છાથી મઠની બહાર નીકળ્યો અને સારસની માફક નિર્મલ જલથી ભરેલા સરોવર પર ગયો.

તેટલામાં જંગમ ચાલતા વિંધ્યાદ્રિ સમાન અને ઉન્મત્તપણાને લીધે ભયંકર કોઈક હાથી ભીમકુમાર તરફ દોડતો આવ્યો. વિરૂદ્ધ આશયવાળા તે હાથીને જાણી દૃઢતર કેડ બાંધી ભીમકુમારે ધીર માવતની માફક ધીમે ધીમે તેને શાંત કરવાનો પ્રારંભ કર્યો.

તેટલામાં દેવહાથીની માફક તે હાથી મિત્રસહિત ભીમકુમારને પોતાની પીઠ પર બેસારી આકાશમાર્ગે ઉપડ્યો.

ઐરાવણ હાથી વડે ઇંદ્ર જેમ તે હાથી વડે આકાશમાર્ગે ચાલતા ભીમકુમારે આ શું ? એમ પાછળ બેઠેલા પોતાના મિત્રને પૂછ્યું. વિચાર કરી મતિસાગર બોલ્યો.

આકાશમાં ચાલવાથી આ હાથી નથી તેમજ શરીરે કજ્જલ સમાન શ્યામ હોવાથી ઐરાવણ હાથી પણ નથી. માટે આ હાથીના રૂપમાં કોઈ દેવ અથવા અસુર હોવો જોઈએ. પરંતુ આપણને શા કારણથી તે લઇ જાય છે, તે હું જાણતો નથી.

તેઓ બને આ પ્રમાણે વાત કરતા હતા, તેટલામાં તે હાથીએ બહુ વેગથી દૂર જઇ કોઈ શૂન્ય નગરની નજીકમાં તે બંનેને મૂકી દીધા અને દેવની જેમ તે હાથી અદૃશ્ય થઇ ગયો.

શૂન્યનગર

ત્યારપછી રાજકુમાર પોતાના મિત્રને ત્યાં જ મૂકીને પોતે શૂન્ય નગરમાં ગયો. સ્વર્ગશ્રીને જોનાર દેવોને પણ મોહિત કરનાર અને સર્વત્ર અપૂર્વ દેખાવ આપતી તે નગરની શોભા અવલોકન કરતો ભીમકુમાર ઉત્તમ વસ્તુઓથી ભરેલા કોઇ બજારમાં ગયો.

ત્યાં તેણે એક સિંહ જોયો. જેના વિશાળ મુખમાં એક પુરુષ પકડેલો હતો. તે જોઇ ભીમકુમાર મનમાં સમજી ગયો.

આ કોઈ દુષ્ટ દેવનું ચેષ્ટિત છે. એમ જાણી તે પુરુષને મુક્ત કરવા માટે ભીમકુમાર સિંહની પાસે ગયો.

સિંહના મુખમાં રહેલો તે માણસ પણ ભયને લીધે ભીમકુમારને કંઈ પણ કહેવા માટે શક્તિમાન થયો નહીં. પરંતુ હણાતા બકરાની માફક દીન દૃષ્ટિએ તેના સન્મુખ જોઇ રહ્યો.

પછી મનુષ્યોમાં સિંહસમાન પરાક્રમી ભીમકુમાર સિંહ પ્રત્યે બોલ્યો, વસ્તુતઃ તું સિંહ નથી, કોઈપણ કારણને લીધે સિંહનું સ્વરૂપ કરી આવેલો તું કોઈપણ દેવ છે.

માટે હે દેવ ! દયાવડે જલદી આ માણસને તું છોડી દે. કારણ કે, પ્રાણીઓને પ્રાણદાન સરખું બીજું કોઈપણ દાન નથી.

મનુષ્યોને જેવું જીવિત ઇષ્ટ છે, તેવું રાજ્યાદિક ઇષ્ટ નથી. જીવિતદાન આપનાર દયાલુએ તેમને શું નથી આપ્યું !

એ પ્રમાણે ભીમકુમારનું વચન સાંભળી સિંહે પુરુષને મુખમાંથી બહાર કાઢી આગળના બંને પગની વચ્ચે પકડીને નાખ્યો.

ત્યાર પછી તે પોપટની જેમ માનવ ભાષાવડે ભીમકુમારને કહેવા લાગ્યો.

હે સાધુ પુરુષ ! ઉપકાર દૃષ્ટિએ તારૂં કહેવું સત્ય છે, પરંતુ હું બહુ ક્ષુધાતુર થયો છું, તેથી એને કેવી રીતે મુક્ત કરૂં ?

જેવી રીતે એની પર તને દયા આવે છે, તેવી રીતે મારી પર કેમ તું દયાલુ થતો નથી ? જેથી એનું તું રક્ષણ કરે છે અને ક્ષુધા તો મને મારવાની ઇચ્છા કરે છે.

વળી તારો ધર્મ પણ કેવો છે ? એકનું રક્ષણ કરે છે અને બીજાને મારે છે. ખરેખર સંતપુરુષો તો મધ્યમણિની માફક મધ્યસ્થ પક્ષપાત રહિત હોય છે.

વળી હું ખરેખર સિંહ જ છું, દેવ નથી. પૂર્વભવના સંસ્કારથી મનુષ્ય ભાષા હું જાણું છું, માટે મારૂં ભક્ષ્ય હું છોડીશ નહીં.

તે સાંભળી વિસ્મય પામી ભીમકુમાર બોલ્યો. રે સિંહ ! જો કે, તારૂં કહેવું સત્ય હશે, પરંતુ આ માણસને તું છોડી દે, મારા માંસવડે હું તને તૃપ્ત કરૂં છું.

સિંહ બોલ્યો. પૂર્વભવમાં એણે મને એવું દુઃખ દીધું છે, કે ઘણા ભવોમાં પણ એને મારવાથી મને શાંતિ થાય તેમ નથી.

ફરીથી ભીમકુમાર બોલ્યો. તારે આ શત્રુ પર ક્રોધ કરવો ઉચિત

નથી. કારણ કે; દરેક વસ્તુ પોતાના કર્મથી જ આવી મળે છે અને બીજા તો નિમિત્ત માત્ર ગણાય છે.

કોઇ પણ જન્મ્યા સિવાય મરતો નથી. અદત્તવસ્તુ કોઈ દિવસ મળતી નથી, તેમજ કર્યા સિવાય ભોગવાતું નથી. એ વાત તું નક્કી સમજ.

માટે એની ઉપર ક્રોધનો ત્યાગ કરી એને છોડી દે અને હે મૃગેંદ્ર! મારા અંગ વડે પોતાનું શરીર પોષવા તું કૃપા કર.

એમ તેણે ઘણુંએ કહ્યું, છતાં ક્રોધથી પુરુષને જ્યારે તેણે ન છોડયો, ત્યારે તેની પાસેથી વસ્ત્રની માફક ખેંચીને બલાત્કારે ભીમકુમારે તે પુરુષને પોતાની પાસે લઇ લીધો. અને તે પુરુષને બચાવા માટે આવતા સિંહને પશુની માફક પગે પકડીને પાષાણ ઉપર તેણે પછાડયો, જેથી તે દેવની માફક જલદી અદૃશ્ય થઇ ગયો.

રાજભવન

મૃત્યુના ભયથી મુક્ત કરેલા પુરુષને શાંત કરી તેને સાથે લઇ રાજકુમાર ત્યાંથી આમ તેમ ફરતો ફરતો રાજ ભવનમાં ગયો.

વિમાન સમાન રાજમહેલની લક્ષ્મીને વારંવાર જોતો ભીમકુમાર કૌતુકથી મોહિત થઈ ગયો અને દરેક માળની શોભા જોતો સાતમા માળે ગયો.

ત્યાં સજીવ હોય ને શું? તેવી માણિક્યની બનાવેલી પુત્તળીઓએ સ્તંભો ઉપરથી નીચે ઉતરી ભીમકુમારનો સત્કાર કર્યો. અને અમૂલ્ય આસન પર બેસાર્યો.

અને સ્નાનની સર્વ વસ્તુઓ આકાશમાંથી લાવીને સ્નાન માટે તેમણે પ્રાર્થના કરી.

ભીમકુમારે નગરની બહાર રહેલા મતિસાગરને તેઓની જ પાસે ત્યાં બોલાવરાવ્યો.

ત્યારબાદ આશ્ચર્ય સાગરમાં મગ્ન થએલા બંનેએ સ્નાન કર્યું. ઉત્તમ પ્રકારનાં દિવ્ય વસ્ત્ર તથા દિવ્ય અલંકાર ધારણ કરી બંનેએ તેમણે લાવેલું દિવ્ય ભોજન જમ્યા.

ભીમકુમારની આજ્ઞાથી જેને મૃત્યુથી બચાવ્યો હતો, તે પુરુષ પણ જમીને સેવકની માફક વિનીત થઈ તેમની પાસે બેઠો.

પછી કર્પૂરખંડસહિત તાંબુલ અને કુસુમાદિક આપી સર્વ પુતળીઓ પોતપોતાના સ્તંભ પર બેસી ગઈ.

સર્વંગિલ રાક્ષસ

તે જોઇ વિસ્મિત થયેલા ભીમકુમારે તે પુરુષને પૂછયું.

આ આશ્ચર્ય કેવું ? તેટલામાં ત્યાં આગળ સ્ફુરણાયમાન કાંતિમય કોઈ દેવ પ્રગટ થયો અને બોલ્યો.

હે સત્પુરુષ ! તારા પરાક્રમથી હું તુષ્ટ થયો છું.

ભીમકુમાર પણ બોલ્યો. જો તું પ્રસન્ન થયો હોય તો બોલ ! તું કોણ છે ? આ પુરુષ કોણ છે ? અને આ નગર શૂન્ય શાથી થયું છે ? વળી એનું નામ શું ?

દેવ બોલ્યો. આ હેમપુરનામે નગર છે. એની અંદર વાસુદેવ સમાન સમર્થ એવો આ **હેમરથ** નામે રાજા છે.

પ્રથમ **ચંડ**નામનો પ્રસિદ્ધ બ્રાહ્મણ એનો પુરોહિત-ગોર હતો. તે દૌર્જન્ય આદિ દુર્ગુણોવડે સમસ્તનગરમાં અપ્રિય હતો.

એક દુર્જનતારૂપ દોષ પણ બહુ ખરાબ ગણાય, તો ક્રોધાદિક સહિતનું તો કહેવું જ શું ! ! !

તેમજ કેવલ મદિરા અશુભ ગણાય તો મૃગયાદિ વ્યસન સાથે તો વિશેષતર નિંદનીય હોય તેમાં નવાઇ શી ?

પ્રતિદિન તે પુરોહિત ઉપર નાગરિક લોકોનો દ્વેષ બહુ વધતો ગયો.

એક દિવસ તેઓ એકઠા થઇ રાજા પાસે ગયા અને તેમણે વિનયપૂર્વક કહ્યું.

આ પુરોહિત મહાદુષ્ટ છે, તે હંમેશાં ચાંડાલી સાથે ક્રીડા કરે છે.

રાજાઓ પણ કાનના કાચા હોય છે, તેથી તેણે કંઈપણ વિચાર કર્યા વિના **ચંડને** સભાની અંદર ઉભો કર્યો અને તેલથી ભીંજયેલા રૂપવડે તેનું શરીર વીંટી લીધું.

પુરોહિત ક્રોધથી બહુ શાપ આપતો હતો, છતાં પણ અગ્નિવડે વૃક્ષની જેમ તેને સળગાવી દીધો.

અહો ! દ્વેષનો પરિણામ કેવો નઠારો હોય છે ? એકની સાથે પણ કરેલો વિરોધ અનેક વિપત્તિઓ આપે છે અને સર્વ લોકનો વિરોધ તો જીવિતનો પણ નાશ કરે છે.

તે પુરોહિત મરીને અશુભ ધ્યાનથી **સર્વંગિલ** નામે રાક્ષસ થયો. કારણ " અંતકાલમાં જેવી મતિ તેવી ગતિ થાય છે. " એ વાણી સત્ય છે.

અવધિજ્ઞાનથી પોતાના મરણનું કારણ જાણી મૃત્યુની માફક ભયંકર તે રાક્ષસ બહુ રોષથી અહીં આવ્યો.

અતિ દુઃસહ તિરસ્કાર કરી વાયુ જેમ વાદળાઓને જેમ નગરવાસી લોકોનો અપહાર કરી આકાશની માફક આ નગરને તેણે શૂન્ય કર્યું.

તે રાક્ષસ પોતે સિંહ થઇ આ હેમરથરાજાના કણ કણ વિભાગ કરવા લાગ્યો.

" અહો ! વૈરની સ્થિતિ દુરંત હોય છે."

તે સમયે એના પૂર્વજથી ખેંચાયો હોય તેમ ઉત્કૃષ્ટ બુદ્ધિમાન તું અહીં આવી પહોંચ્યો અને તે સિંહ પાસેથી એને તેં મુકત કર્યો.

અહો ! "પૃથ્વી પર વીર પુરુષો હોય છે."

અહીં પુત્તળીઓ પાસે તારી સર્વ સ્વાગતાદિ ક્રિયાઓને પણ તે રાક્ષસે જ કરાવી. કારણ કે " ગુણોવડે આ દુનિયામાં કંઈપણ દુર્લભ નથી." તે જ હું રાક્ષસ તારી સન્મુખ ઉભો છું, તે આ હેમરથ રાજા અને તે જ આ શુન્ય નગર છે. આ વાત તું સત્ય જાણ.

વળી તારી ભક્તિને લીધે જ ઈન્દ્રજાલિકની જેમ મેં આ સર્વ લોકોને પ્રગટ કર્યા, અવલોકન કર.

તે સમયે ભીમકુમારનાં નેત્ર વિસ્મયથી પ્રફુલ્લ થઇ ગયા અને તે ચારે તરફ જોવા લાગ્યો. ઇંદ્રની રાજધાની સમાન લક્ષ્મીને ધારણ કરતા પૌરજનોથી ભરેલા તે નગરને જોઈ ભીમકુમાર બોલ્યો.

હે દેવ! તું બહુ સ્તુતિપાત્ર છે, જેનું મન આવું દયાળુ છે. કારણકે; સર્વ નાગરિક લોકોનો અપહાર કરી પુનઃ એકદમ તેમની ઉપર તેં અનુગ્રહ કર્યો.

આ ઉપરથી હું માનું છું કે "નિગ્રહ અને અનુગ્રહ કરવામાં શકિતમાન તો મોટા પુરુષો જ હોય છે," કારણકે; સૂર્ય પૃથ્વીને તપાવી વૃષ્ટિજલવડે શાંત કરે છે.

લોકો દેવત્વને માટે દુસ્તર તપ આચરે છે, તે યોગ્ય છે. કારણ કે; અલ્પ દેવનો પણ આવો મહિમા છે. એ પ્રમાણે ભીમકુમાર રાક્ષસ સાથે વાત કરતો હતો.

ચારણમુનિ

તેટલામાં ઉદ્યાનપાલક ત્યાં આવ્યો. નમસ્કાર કરીને બોલ્યો.

હે દેવ! ઉદ્યાનમાં ચારણ મુનિરાજ પધાર્યા છે.

વર્ષાકાલમાં કેકી-મયૂર જેમ મુનિના આગમનમાં અતિ આનંદ પામતો ભીમકુમાર મિત્ર, રાક્ષસ અને હેમરથરાજા સહિત મુનિશ્વરના દર્શન કરવા માટે ગયો.

પંચાંગ પ્રણિપાતવડે પ્રમોદ સહિત વંદન કરી ભીમકુમાર શિષ્યની માફક હાથ જોડી ગુરુની આગળ બેઠો. ભકિતથી ખેંચાયેલા અન્ય નગરવાસી લોકો પણ વિનયપૂર્વક ત્યાં બેસી ગયા.

ગુરુશ્રીએ ક્રોધને ઉદ્દેશી દેશનાનો પ્રારંભ કર્યો.

ક્રોધ, માન, માયા અને લોભ, એ ચારે કષાયોમાં મહત્વથી જેમ જે મુખ્યપદ ભોગવે છે,

સંસાર વેલડી મૂળભૂત ક્રોધનો બુદ્ધિમાન્ પુરુષોએ ત્યાગ કરવો. કારણ કે; મહાન પુરુષ પણ ક્રોધને લીધે અતિદુષ્ટ કર્મ કરે છે, જેથી તે લોકમાં કર્મચંડાલ કહેવાય છે. તેમજ ક્રોધનાં ફલ બહુ ખરાબ છે.

આ લોકમાં વૈર, યુદ્ધ અને વિષાદ પણ ક્રોધથી જ થાય છે અને પરલોકમાં પશુ અને નારકીની તીવ્રવેદનાઓ થાય છે.

સર્પાદિકથી પ્રગટ થતું વિષ પોતાના ઉત્પત્તિ સ્થાનનો નાશ

કરતું નથી, પરંતુ ક્રોધ તો તેનો પણ નાશ કરે છે, માટે ક્રોધ એ વિચિત્ર પ્રકારનું વિષ છે.

સ્વ અને પરને બાળવાથી અગ્નિને તથા ક્રોધને સરખા માન્યા છે, પરંતુ અગ્નિ ક્ષણમાત્ર દાહ કરે છે અને ક્રોધ તો મૃત્યુ પર્યન્ત બાળે છે.

હે ભવ્યાત્માઓ ! ક્રોધ કરીને પણ જે છેવટે ક્ષમા માગે છે, તે પુરુષને **અચંકારિતભટ્ટિકા**ની માફક દેવ પણ નમે છે.

ચંદ્રનૃપતિ

આ ભરતક્ષેત્રમાં પોતાની સંપદાવડે સ્વર્ગશ્રીને અત્યંત જિતનાર અને માલવદેશના આભૂષણ સમાન **ઉજ્જયિની** નામે નગરી છે.

આ નગરમાં ધાર્મિક લોકો ગુણછેદ-પ્રત્યંચાનો વેધ=હયાદિક ગુણોનો નાશ કરતા નથી. તેમજ ચાપવિદ્યા-ધનુર્વિદ્યા=અપવિદ્યા શીખતા નથી. અને માર્ગણ બાણો ફેંકતા નથી=યાચકોનું અપમાન કરતા નથી.

તેમાં ચંદ્રની સમાન સુંદર આકૃતિવાળો **ચંદ્રનામે રાજા** હતો. તે હંમેશાં કુવલય ભૂમંડલ=કુમુદને ઉલ્લાસ આપતો અને તમસ્-અજ્ઞાન=અંધકારના સમૂહનો નાશ કરતો હતો. તેમજ તેની કીર્તિ દિગંતમાં પ્રસરી હતી.

કુમુદમમદમૈન્દ્રः સિન્ધુરોનોધ્ધુરૌજાः,
સ્ફટિકગિરિરગૌરः શઙ્કરः પ્રાપ્તશઙ્કः
વિધુરતિવિધુરશ્રીः સ્વસ્તટિન્યસ્તવેગા,
વિલસતિ સતિ વિષ્વગ્દ્રીચિ યત્કીર્ત્તિપૂરે ॥ ૧ ॥

જેની ઉજ્જવલ કીર્તિનો સમૂહ સર્વદિશાઓમાં વિલાસ કરે છતે,
કુમુદવન મંદ થઈ ગયું.
ઐરાવણ હાથી ઓજસહીન થઈ ગયો.
સ્ફટિકગિરિ-કૈલાસ શ્યામ પડી ગયો.
શંકર પણ શંકામાં પડયો.
ચંદ્ર નિસ્તેજ થઈ ગયો. તેમજ સ્વર્ગંગાનો વેગ હઠી ગયો.

વળી **કુમુદિની** નામે તેની સ્ત્રી હતી. ચંદ્ર જ્યોત્સના સમાન તે હંમેશાં આનંદ આપતી હતી.

પોતાના ઉદયવડે જે કમલ-કમલા=લક્ષ્મીને પ્રફુલ્લ કરતી હતી, એ એનામાં આશ્ચર્ય હતું.

વળી **સુબુદ્ધિ**નામે તે રાજાનો મંત્રી હતો. જેનો જન્મ શુદ્ધ વંશમાં અલંકારભૂત હતો અને તે પૃથ્વીપર આવેલો શુક્રાચાર્ય હોયને શું ? તેમ સર્વત્ર પ્રસિદ્ધ હતો.

તેજ નગરમાં નામ અને અર્થ એમ બંને પ્રકારે **ધનપ્રવર** શ્રેષ્ઠી હતો. તેના ગુણો બહુ શ્રેષ્ઠ ગણાતા હતા.

કમલશ્રીનામે તેની સ્ત્રી હતી. રૂપમાં દેવાંગના સમાન અને શીલવ્રતમાં તે અગ્રણી હતી.

અચંકારિતભટ્ટિકા

તે બંનેને પ્રાણથી પણ અધિકપ્રિય આઠ પુત્રો ઉપર એક પુત્રી થઈ. માતાપિતાએ મોટા ઉત્સવથી 'ભટ્ટિકા' એવું તેનું નામ પાડયું. તે ભટ્ટિકાને માત્ર એક ગુણો જ પ્રિય હતા, એ હેતુથી જેમ પોતાના મનમાં વિચાર કરી દૂષણોએ તેનો દુરથી ત્યાગ કર્યો. કારણ કે, શત્રુ-પર જેની પ્રીતિ હોય તેની કોણ સેવા કરે ?

સર્વ સૌંદર્યનો સંગ્રહ કરી બ્રહ્માએ તેને સરજી છે, એ વાત સત્ય છે, અન્યથા ત્રણે લોકમાં ભવ્ય કાંતિમય તે કયાંથી હોય ?

એક દિવસ તેની પ્રીતિને લીધે તેનાં માતાપિતાએ સર્વ પરિ-વારને કહ્યું,

આ પુત્રીને કોઈપણ સમયે કોઈએ 'न चंकारयितव्या'— તિરસ્કારવી નહીં. ચંકાર શબ્દ દેશીભાષામાં ચુંકારો એટલે તિરસ્કાર વાચક છે. તેથી તે અચંકારિતભટ્ટિકા નામે લોકમાં પ્રસિદ્ધ થઈ. તેમજ તે પિતાની માનીતી હોવાથી દેવીની માફક સ્વછંદ પ્રવૃત્તિ કરતી હતી.

ઉત્તમપ્રકારના ઘોડા, હાથી, રથ વિગેરે પરિવાર પણ તેણીના તાબામાં દાસની માફક હાજર રહેતો હતો. અનુક્રમે હૃદયદર્પણમાં સંક્રાંત થયેલા કલાવૈભવડે દેદીપ્યમાન તે કન્યા યુવાનોને સંજીવન-ઔષધસમાન યૌવનને દીપાવવા લાગી.

ત્યારબાદ દેવીની માફક નિઃશંક અને નાના પ્રકારના અલંકારોથી વિભૂષિત તે પોતાની સખીઓ સાથે ઉદ્યાનોમાં ઇચ્છા મુજબ રમવા લાગી.

ઉદ્યાનની અંદર આમ્રમંજરીની જેમ બહુ વિલાસ કરતી ભટ્ટિકાને જોઈ કામાતુર થયેલા યુવાન પુરુષો પિક-કોયલની માફક બહુ આસક્ત થયા અને તેણીના પિતા પાસે જઈ તેઓએ તેણીની પ્રાર્થના કરી.

પિતાએ પણ પ્રત્યુત્તર આપ્યો કે; જે એનું વાકય ઉલ્લંઘન ન કરે, તે પુરુષને એ કન્યા હું આપું.

કુલીન પુરુષોએ સ્ત્રીને સ્વાધીન થવું, તે ઉચિત ગણાય નહીં. એમ જાણી તે લોકોએ ફરીથી તેની માંગણી કરી નહીં.

સુબુદ્ધિમંત્રી

અન્યદા ઉદ્યાનમાં ક્રીડા કરતી અચંકારિતભટ્ટિકાને જોઈ સુબુદ્ધિ-મંત્રી કામાતુર થઈ ગયો, જેથી તેણે પોતાના બંધુઓને મોકલી તેણીના પિતા **ધનપ્રવર** પાસે તે કન્યાની માગણી કરાવી.

ધનપ્રવર શ્રેષ્ઠીએ કહ્યું. મારી પુત્રીનું વચન તારે પાળવું પડશે. સુબુદ્ધિએ તે પ્રમાણે કબુલ કર્યું. પછી મહોત્સવપૂર્વક ભટ્ટિકાની સાથે તેણે લગ્ન કર્યું.

દેવીની માફક ભટ્ટિકાની આજ્ઞાને હંમેશાં મસ્તકે મુકુટસમાન ધારણ કરતો સુબુદ્ધિમંત્રી પાર્વતીને શંકર જેમ પ્રીતિવડે તેને આનંદ આપતો હતો.

એક દિવસ તેણીએ પોતાના પતિને કહ્યું. હે સ્વામિ ! સૂર્યાસ્ત પહેલાં તમારે વહેલું ઘેર આવવું, બહાર રહેવું નહીં. સ્ત્રીની પ્રીતિ વધારવા માટે તે વચન પણ મંત્રીએ કબુલ કર્યું. અહો ! કામિની-સ્ત્રીઓ શું નથી કરતી ? અથવા લોકો કામથી અંધ બને છે.

ત્યાર બાદ સુબુદ્ધિમંત્રી હંમેશાં રાજકાર્ય બહુ ઝડપથી આટોપીને સાંયકાળે પોતાને ઘેર આવતો. સ્ત્રીના વાકયનું કોણ ઓલંઘન કરે ?

સ્ત્રીરોષ

એક દિવસ ચંદ્રરાજાએ પોતાના સેવકોને પૂછયું. હાલમાં આ મંત્રી બહુ વહેલો શા માટે ઘેર જાય છે ?

સેવકોએ તેની સ્ત્રીનું વૃત્તાંત નિવેદન કર્યું. તે સાંભળી રાજાને કૌતુક થયું. તેથી તેણે કામનો પ્રસંગ બતાવી તે દિવસે મંત્રીને અર્ધરાત્રી સુધી કચેરીમાં બેસારી રાખ્યો. ત્યારબાદ તે મંત્રી પોતાના ઘેર ગયો.

હે પ્રિયે ! દ્વાર ઉઘાડ, એમ તેણે ઘણી બુમો પાડી, પરંતુ રોષને લીધે તેણીએ દ્વાર ઉઘાડયું નહીં.

ફરીથી તે બોલ્યો. 'હે પત્નિ ! તું ક્રોધ કરીશ નહીં. આજે કંઇ કામને લીધે અત્યાર સુધી રાજાએ મને બેસારી રાખ્યો. ધનની ઇચ્છાથી ખરીદાયેલો જેનો આત્મા સ્વાધીન નથી, તે પુરુષ સ્વેચ્છા પ્રમાણે જવા આવવાને કેવી રીતે શક્તિમાન થાય ?

विक्रीणीते धनलवकृते जीवितं सौख्यहेतोः,
स्वातन्त्र्यञ्च त्यजति भजति द्वाःस्थतां मानलब्ध्यै ।
कीर्तिस्फूर्त्यै घटयति चटून्यानमत्युच्चतायै,
माहात्म्यार्थं तुदति जनतां सेवकस्याऽद्भुता धीः ??? ॥१॥

"લેશમાત્ર દ્રવ્ય માટે જીવિતને પરાધીન કરે છે.
સુખના લોભથી સ્વતંત્રપણું છોડી દે છે.
માનની પ્રાપ્તિ માટે દ્વારપાલની સ્થિતિ ભોગવે છે.
કીર્તિના વિલાસ માટે પ્રિય વચન બોલે છે.
ઉચ્ચતા માટે નમન કરે છે, તેમજ મહિમાની ઇચ્છાથી લોકોને દુઃખ દે છે.
અહો ! સેવકની બુદ્ધિ વિચિત્ર હોય છે.
માટે રાજાનો સેવક થઈ હાલમાં હું રહ્યો છું, તો મારો શો દોષ છે ?

તું વિચાર કર, ક્રોધનો ત્યાગ કર, એમ મંત્રીએ ઘણુંયે કહ્યું.

પરંતુ બહુ ક્રોધના આવેશથી તેની સ્ત્રીએ પ્રત્યુત્તર આપ્યો નહીં તેમજ દ્વાર પણ ઉઘાડયું નહીં.

ત્યારે સુબુદ્ધિમંત્રી ખિન્ન થઈ બોલ્યો. મારી આ કામાંધતાને ધિક્કાર છે કે; જેથી આ દુષ્ટ સ્ત્રીના દૃષ્ટિપાશમાં પક્ષીની માફક હું પડયો.

સર્પે ગ્રહણ કરેલી છછુંદરીની માફક વ્યર્થ મેં એનો સ્વીકાર કર્યો, જેથી એણીનો આદર અથવા ત્યાગ થઈ શકતો નથી.

પલ્લીપતિ

સુબુદ્ધિનું અઘટિત વચન સાંભળી તે અચંકારિતભટ્ટિકા દ્વાર ઉઘાડી બહાર નીકળી.

પોતાના પતિને છેતરી અશોકવનમાં ગઈ. ત્યાંથી પિતાને ત્યાં જવા માટેના માર્ગે ગઈ, કારણ કે; સ્ત્રીઓ જ્યારે રીસાય છે, ત્યારે તેમનું બળ તે તરફ હોય છે.

અંદર ક્રોધાગ્નિનો ધૂમ અને બહારના ગાઢ અંધકારને લીધે તેનાં નેત્ર રોકાઇ ગયાં, જેથી તેણીને પીયરના માર્ગની ગમ પડી નહીં. ટોળામાંથી છુટી પડેલી મૃગલીની જેમ તે બીચારી આમ તેમ ભમવા લાગી.

રૂપ અને આભૂષણોથી લક્ષ્મી સમાન દેખાતી તે સ્ત્રીને અકસ્માત આવેલા ચોરોએ પકડી લીધી. છાતીફાટ તે વિલાપ કરવા લાગી. તેના મુખમાં વસ્ત્રનો ડુચો મારી ચોર લોકોએ સર્વ આભૂષણ લઈ લીધાં, કારણ કે; તેમનું આ મુખ્ય કાર્ય છે.

ત્યારબાદ પુણ્યોથી ઉલ્લાસ પામતી વેલીઓ જેની અંદર રહેલી છે, એવી સિંહગુહાનામે પલ્લીમાં તેઓ તેને લઈ ગયા અને વિજય માટે ભેટની જેમ પલ્લીપતિને તે સ્ત્રી અર્પણ કરી.

કાકસમાન ક્રૂરસ્વર અને ખરાબ સ્વરૂપવાળા તે પલ્લીપતિને જોઇ હંસીની માફક ભટ્ટિકા તેની દૃષ્ટિગોચર પણ થઈ નહીં.

પલ્લીપતિએ તેને પોતાની માતાને સોંપીને કહ્યું કે; આ મારી સ્ત્રી થાય, તેવી રીતે તું એને બોધ આપ. એકાંતમાં માતાએ તેણીને કહ્યું.

વત્સે ! તું બહુ પુણ્યશાલી છે, કારણ કે; રૂકિમણીપર કૃષ્ણ જેમ તારી ઉપર મારો પુત્ર ઘણો પ્રેમી છે. અહીં એકેક ગુણવાળા તો ઘણાએ પુરુષો છે, પરંતુ સર્વોત્તમ સર્વગુણો તો મારા પુત્રમાં જ રહ્યા છે. પોતાને યોગ્ય પતિ જાણી કૃષ્ણને લક્ષ્મી જેમ પ્રથમ વરી હતી, તેવી રીતે તું પણ નીતિમાં પ્રચંડ એવા મારા પુત્રને વર.

એ પ્રમાણે તેનાં વાકયોવડે મર્મસ્થલમાં વીંધાઈ હોય તેમ તે ભટ્ટિકા કુબુદ્ધિને પ્રગટ કરનારી તેની માતા પ્રત્યે બોલી.

હે માતા ! તારો પુત્ર કામાંધતાને લીધે જો કે, આ પ્રમાણે બોલ્યો, પરંતુ તું વૃદ્ધ થઈને સતીનો આચાર જાણે છે, છતાં પણ આવી વિરૂદ્ધ વાત કેમ બોલી ?

જો કે; કોઇપણ વૈભવ અથવા અલંકારોને લુંટી જાય પરંતુ સતીઓનું શીલરત્ન હરવાને દૈવપણ સમર્થ નથી.

શેષનાગના મસ્તકમાં રહેલો મણિ, સિંહની કેશવાલી અને સતીઓનું વ્રત હરવાને કયો બલવાન પુરુષ શક્તિમાન થાય ?

હું મારા પતિને છોડી બીજા અનંગને પણ સેવું નહીં. તો અંગધારી પ્રાણીની તો વાત જ શી ?

આ પ્રમાણે મારો નિશ્ચય છે.

આ વાત વૃદ્ધાએ પોતાના પુત્રને કરી. તે સાંભળી પલ્લીપતિને બહુ ક્રોધ થયો. જેથી તે દુષ્ટબુદ્ધિએ દાસીની માફક રોષથી ઘણો તિરસ્કાર કરી, તેને ચાબુક વિગેરેના પ્રવાહથી ખુબ મારી. તેથી બહુ દુઃખી થઇ તો પણ ભટ્ટિકા શીલથી સ્ખલિત થઈ નહીં.

શું પક્ષીએ હલાવેલી શાખા વૃક્ષથી પડે ખરી ? આખરે પલ્લીપતિ થાકયો. પછી તેણે કંટાળીને કોઈ સાર્થવાહને ત્યાં તેને વેચી દીધી.

દુરાત્માઓને અકૃત્ય શું હોય ?

સાર્થવાહે પણ સ્ત્રી કરવા માટે તેની બહુ પ્રાર્થના કરી, પરંતુ પોતાનો નિશ્ચય તેણીએ છોડયો નહીં, તેથી તેણે ગુનેગારની માફક

ભટ્ટિકાને ઘણુંએ કહ્યું, છતાં તેણીએ નહીં માનવાથી તેણે પણ થાકીને ઈરાનદેશમાં કંબલના વેપારીને સોનૈયા લઈ આપી દીધી. તે વેપારીએ પણ ભોગને માટે બહુ સખ્તાઈ કરી.

ભટ્ટિકા વિલાપ

ભટ્ટિકા ઉદ્વિગ્ન થઈ વિચાર કરવા લાગી. સ્ત્રીઓને વિડંબના કરવામાં રૂપની સુન્દરતા મુખ્ય કારણ છે.

સ્ત્રીઓની વિરૂપતા ઉત્તમ ગણાય છે, કારણ કે; તેથી અસ્ખલિત શીલ પાલી શકાય છે. શીલ લીલાનો લોપ કરનારી રૂપવત્તા દરેક પગલે દુઃખ દાયક છે.

મહાખેદની વાત છે કે; સીતાદિક સતીઓ પણ જે દુઃખ પામી તે પણ આ રૂપને લીધે જ. માટે કલેશના સાગરસમાન આ રૂપને ધિક્કાર છે.

પ્રાણાંતમાં પણ જેઓએ શીલવ્રત મલિન કર્યું નથી, તે સતીઓ જ હાલમાં મારૂ રક્ષણ કરો. એમ વિચાર કરી ભટ્ટિકાએ કંબલ-વણિકનો તિરસ્કાર કર્યો. ત્યારે તે વેપારી પૂર્વભવનો વૈરી હોય તેમ તેણીના ઉપર બહુ ગુસ્સે થયો.

ત્યાર પછી યમની માફક નિર્દય થઈ, તેણે ભટ્ટિકાના સમસ્ત શરીરમાંથી રૂધિર કાઢી કંબલો રંગવા માંડી.

શરીરને પુષ્ટ કરે અને લોહી ખેંચે, એમ કરતાં ધીમે ધીમે તે બહુ કૃશ અને રૂની પુણિકાસમાન નિઃસાર થઈ ગઇ, તો પણ તે પોતાનું શીલ પાલતી અને પોતાના ક્રોધને નિંદતી ત્યાં દિવસો નિર્ગમન કરતી હતી. અહો ! કુલીનસ્ત્રીઓની પરીક્ષા દુઃખ સમયે થાય છે.

ધનપાળબંધુ

હવે એક દિવસ ઉજ્જયિની નરેશનો બહુ દયાલુ **ધનપાલ** નામે દૂત ત્યાં આવ્યો. તે ભટ્ટિકાનો મોટો બંધુ થતો હતો.

તેણે તેણીને જોઈને ઓળખી કે; આ મારી બેન છે. પછી ધન

પાળે તે વણિકને તેની ઇચ્છા પ્રમાણે ધન આપી પોતાની બેનને તેની પાસેથી મુક્ત કરી.

પોતાના સ્વામી તરફનું કામ કરી સારવસ્તુની માફક બેનને લઈ તે ઉજ્જયિનીમાં પોતાને ઘેર આવ્યો.

રૂદન કરતાં માતા પિતા વિગેરે બોલ્યાં.

હે પુત્રિ ! શીલરક્ષણથી તારી ઉત્તમ દશા હોવી જોઈએ, છતાં આવી દુર્દશા શાથી થઈ ?

કઠોર હૃદયના માણસોને પણ રૂદન કરાવતી અને પોતે અત્યંત રૂદન કરતી ભટ્ટિકાએ તેમની આગળ પોતાના ક્રોધની સ્થિતિ કહી.

ત્યાર પછી પોતાની પુત્રીને મહામુશીબતે રોતી છાની રાખી અને પ્રેમના સાગરસમાન બંધુઓએ શાંત કરી બોધ આપ્યો.

હે વત્સે ! આવો નિષ્કારણ ક્રોધ તેં શા માટે કર્યો ? જેણે આ તારો આત્મા લોઢની માફક દુઃખસાગરમાં નાખ્યો.

તે લક્ષ્મી, તે લીલા, તે રૂપ અને તે સુખ તારૂં કયાં ગયું ? અગ્નિ જેમ વનને બાળે તેમ આ તારૂં સર્વસ્વ ક્રોધે બાળી નાખ્યું.

કેટલાક ક્ષમાવાન સંતપુરુષો કારણ હોય છતાં પણ ક્રોધ કરતા નથી અને તેં વિના કારણે ક્રોધ કર્યો.

શું આ તારો વિવેક ગણાય ? જેમના હૃદયમાં કોઈ સમયે ક્રોધાગ્નિ બળતો નથી, તેઓ જ હંમેશાં વિદ્વાન પુરુષોને માન્ય અને શાંતિ પ્રિય કહેવાય છે.

માટે હે પુત્રિ ! ક્રોધ સંતાપની શાંતિ માટે ક્ષમામૃતનું પાન કરી ઘરની અંદર તું રહે અને ધર્મારાધન કર.

એ પ્રમાણે પિત્રાદિકના કહેવા પ્રમાણે ત્યારથી આરંભી અત્યંકાશ્રિત ભટ્ટિકાએ સાધ્વીની માફક શાંતિરૂપ સાગરમાં નિમગ્ન થઇ અભિગ્રહ કર્યો કે, સર્વસ્વ નાશ થાય અને મસ્તકનો છેદ થાય તો પણ હવેથી જીવતાં સુધી પોતાના ક્ષયની માફક હું ક્રોધ કરીશ નહીં.

ત્યારબાદ તેના પિતાએ તેના શરીરનાં વ્રણ રૂઝાવવા માટે લક્ષપાક તેલના ત્રણ ઘડા તૈયાર કરાવ્યા.

અશ્રદ્ધાલુ દેવ

એક દિવસ ભટ્ટિકાને ત્યાં લક્ષપાક તેલ લેવા માટે ધર્મની મૂર્તિ-સમાન કોઈક બે માંદા સાધુ આવ્યા.

તે સમયે સભાની અંદર બેઠેલા સુરેંદ્રે અવધિજ્ઞાનથી ભરત-ક્ષેત્રનું અવલોકન કરી એકદમ દેવો સમક્ષ કહ્યું.

અચંકારિત-ભટ્ટિકાએ ક્રોધનો એવી રીતે પરાજય કર્યો છે કે, જેને કુપિત કરવાને દેવો પણ સમર્થ નથી.

ઇંદ્રના આ વાકય પર અશ્રદ્ધાલુ થયેલો કોઈપણ દેવ તેની પરીક્ષા માટે ભટ્ટિકાને ઘેર આવ્યો. કારણકે; કૌતુકીને આળસ હોતી નથી.

તે અરસામાં બંને મુનિઓએ લક્ષપાક તેલની યાચના કરી. ઉદાર આશયની ભટ્ટિકાએ પોતાની દાસી પાસે ઘરમાંથી તે તેલનો ઘડો મંગાવ્યો.

તેણીના ક્રોધમાટે દેવે માર્ગમાં આવતાં દાસી પાસે તે ઘડો ભાંગી નંખાવ્યો.

ફરીથી તેણીએ દાસી પાસે બીજો ઘડો મંગાવ્યો. તે પણ દેવે ફોડી નાખ્યો, તો પણ તેણીએ બીલકુલ ક્રોધ કર્યો નહીં.

ત્રીજો ઘડો દાસી પાસે મંગાવી, તેમાંથી બંને મુનિઓને તેલ આપ્યું.

મુનિઓ બોલ્યા. હે સુભગે ! અમારા માટે તને તેલનું મોટું નુકશાન થયું, તેથી દાસી ઉપર તારે ક્રોધ કરવો નહીં.

કંઈક હાસ્ય કરી તે બોલી. હે મુનિરાજ ! મને ક્રોધતરૂનું ફલ એવું મળ્યું છે કે; હવે મારૂં મસ્તક છેદાય તો પણ હું ક્રોધ કરૂં નહીં.

કેવી રીતે ફલ મળ્યું ? એમ મુનિઓના પૂછવાથી મંત્રીપ્રિયા ભટ્ટિકાએ પોતાના ક્રોધથી જે દુઃખ અનુભવ્યું હતું, તે સર્વ આદ્યંત કહી સંભળાવ્યું.

દેવ પ્રાદુર્ભાવ

અદ્‌ભુત પ્રકારની ભટ્ટિકાની ક્ષમા જોઈ તેની આગળ દેવે

પોતાનું દિવ્યસ્વરુપ પ્રગટ કર્યું. ભદ્રિકાને નમસ્કાર કરી પોતાનું સર્વ વૃત્તાંત નિવેદન કરી તેણે કહ્યું.

હે પતિવ્રતે ! ખરેખર તારા જીવિતવ્યને હું ધન્ય માનું છું. કારણકે, જેની ક્ષમાની ઇંદ્રમહારાજ સભામાં બહુ હર્ષથી સ્તુતિ કરે છે.

આજ સુધી ક્ષમાની અંદર મુનિઓની ઉપમા આપતી હતી અને હાલમાં તો તું વર્તે છે, માટે તારું ભાગ્ય અલૌકિક છે.

એ પ્રમાણે સ્તુતિ કરી સાડાબાર કરોડ સોનૈયાની વૃષ્ટિ કરી દેવ તેની કીર્તિનાં વખાણ કરતો પોતાના સ્થાનમાં ચાલ્યો ગયો.

હે ભવ્યઆત્માઓ ! ક્રોધ અને શાંતિ સંબંધી આ ઉપદેશ સાંભળીને અનર્થમય ક્રોધનો ત્યાગ કરી કલ્યાણકારી શમ–શાંતિનો તમે આશ્રય કરો.

દેશનાની સમાપ્તિમાં બોધ પામેલો સર્વાંગિલ રાક્ષસ બોલ્યો.

હે પ્રભો ! આપના વચનથી હેમરથ સંબંધી મેં ક્રોધનો ત્યાગ કર્યો છે.

યક્ષ આગમન

તે સમયે ત્યાં આગળ પ્રચંડ ગર્જના કરતો, મેઘસમાન કોઈપણ હાથી મદજલની અખંડિત ધારાઓ વડે ભૂતલને સિંચન કરતો એકદમ આવ્યો.

તેને જોઈ સભાના લોકો ભયભીત થઈ ગયા.

ગજશિક્ષામાં ભીમકુમાર બહુ દક્ષ હતો. નિર્ભયપણે હાથીને શાંત કર્યો.

ત્યાર પછી તે હાથી સૂર્યસમાન પોતાની કાંતિવડે સભ્યજનોને વિસ્મય પમાડતો યક્ષરૂપે પ્રગટ થયો અને તે બહુ આનંદપૂર્વક મુનિના ચરણમાં નમ્યો.

મુનિએ પોતાના જ્ઞાનથી યક્ષને કહ્યું. પોતાના પૌત્ર હેમરથરાજાને દુઃખમાં પડેલો જોઇ તેના રક્ષણ માટે તું ભીમકુમારને લાવ્યો. અને હાલમાં તેને તેના પિતા પાસે લઇ જવાની તું ઈચ્છા કરે છે.

આ પ્રમાણે મુનિનું વચન સાંભળી યક્ષ બોલ્યો,

હે મુનીંદ્ર ! આપ મહા જ્ઞાની છો. આપે જે કહ્યું તે સત્ય છે. એમ કહી ફરીથી તે બોલ્યો.

હે મુનીશ્વર ! પૂર્વજન્મમાં આ હેમરથ રાજા મારો પૌત્ર હતો, માટે ભીમકુમારને લાવી આ રાક્ષસથી મેં એનું રક્ષણ કર્યું.

વળી પૂર્વ જન્મમાં સમ્યક્ત્વ તત્ત્વનો કંઈક અતિચાર આવવાથી હું ઈંદ્રની સમૃદ્ધિને યોગ્ય હતો, છતાં પણ વ્યતંર થયો, એ ખેદજનક છે. તો હવે આપ મારો ઉપર કૃપા કરો ને ફરીથી મને સમ્યક્ત્વ આપો.

એ પ્રમાણે પ્રસન્ન થયેલા યક્ષે ચારણમુનિની યાચના કરી.

ત્યાર પછી મુનિશ્રીએ યક્ષ અને હેમરથને મોક્ષના તત્ત્વરૂપ સમ્યક્ત્વ આપી, તેનું માહાત્મ્ય કહ્યું,

तिर्यग्नारकभावदावदहनो मर्त्यद्युलोकोद्भव–
द्वारोद्घाटनकुञ्चिका पृथुभवाकूपारयानं महत् ।
पुण्यांभोरूहभास्करस्त्रिभुवन–श्रीलब्धिदिव्यौषधं,
मुक्त्याकृष्टिनवांकुटी विजयते सम्यक्त्वमेकं नृणाम् ॥१॥

તિર્યંચ અને નારકના ભાવરૂપ વનને બાળવામાં અગ્નિ સમાન,
મનુષ્ય અને સ્વર્ગલોકના જન્મરૂપ દ્વારને ઉઘાડવામાં કુંચી સમાન,
અનંત ભવસાગર તરવામાં મહાન વહાણ સમાન,
પુણ્યરૂપ કમલોને સૂર્યસમાન,
ત્રણ લોકની સમૃદ્ધિ પામવામાં દિવ્ય ઔષધ અને મોક્ષનું આકર્ષણ કરવામાં નવીન સાણસીરૂપ એક સમ્યક્ત્વ જ મનુષ્યોને જય આપનાર છે.

તે સમયે ભીમકુમારે પણ કાપાલિક વિગેરેનો સંસર્ગથી સમ્યક્ત્વને કંઈક દૂષિત માનીને તે મુનિ પાસેથી આલોચના લીધી.

ત્યારબાદ તે સર્વે પોતાને ધન્ય માનતા છતા મુનીશ્વરને વંદન કરી પુનઃ હેમરથરાજાને ઘેર ગયા.

હેમરથરાજા

હેમરથરાજાએ ભીમકુમારને નમસ્કાર કરી કહ્યું.

હે સાહસિન ! પિતાની માફક તારા પ્રસાદથી મને પુનર્જન્મ પ્રાપ્ત થયો. વળી તે જન્મથી જે સુકૃત કરવું ઘણું દુર્લભ છે, તે તાત્વિક સમ્યક્ત્વ પણ તારા પ્રસંગથી મને પ્રાપ્ત થયું.

તેમજ નિષ્કારણ ઉપકારવડે સૂર્યની માફક તેં હાલમાં અંધકારથી માણસને જેમ અતિક્રૂર રાક્ષસથી મને બચાવ્યો.

પરોપકારનો પ્રયત્ન કરવો, એ સત્પુરુષોનો સ્વભાવ જ હોય છે, કારણ કે; કોની પ્રેરણાથી વરસાદ જગતને જીવાડે છે ?

પ્રાણદાતાનો કોઈપણ રીતે બદલો વળતો નથી. માટે હું તારા ગુણોથી વેચાણ થયેલો દાસની માફક તારી સેવામાં આનંદથી રહ્યો છું.

ભીમકુમાર બોલ્યો. હે રાજન્ ! આ તારા વિનયથી હું તુષ્ટ થયો છું. પ્રત્યુપકારનો વૃથા સંકોચ તું મનમાં લાવીશ નહીં.

જો મારૂં કરેલું કંઈ તારા હૃદયમાં હોય તો તું જૈનધર્મમાં હંમેશાં ઉદ્યોગી થા. કારણ કે, એનાથી બીજું કોઇ ઉત્તમ આત્મહિત નથી.

હેમરથરાજા બોલ્યો. હે દેવ ! જો એમ હોય તો હું નવીન શ્રાવક છું, માટે ધર્મમાં મને સ્થિર કરવા માટે કેટલોક સમય તમે અહીં રહો.

કાલિકા દેવી

હેમરથરાજા અને ભીમકુમાર એ બંને આ પ્રમાણે વાત કરતા હતા, તેવામાં લોકોને ઉંચા કાન કરાવતા ગાઢ ડમરૂકના શબ્દોવડે આકાશ ભૂમિને એકાકાર કરતી,

વિવિધ આયુધરૂપ પત્રોથી સુશોભિત પોતાનાની વિશ ભુજાઓવડે આકાશ વૃક્ષનું વૃક્ષપણું પ્રગટ કરતી.

અને સિદ્ધિવિદ્યાના પ્રભાવથી સૂર્યસમાન અતિ કાંતિમય તે કાપાલિક સહિત કાલિકાદેવી ત્યાં આવી.

ભીમકુમારને નમસ્કાર કરી તે બોલી.

હે સ્વસ્થાશય ! પોતાની ઇચ્છાથી અપાર આકાશ મંડલમાં ફરતી ફરતી તારા નગરની ઉપર હું આવી.

ત્યાં તારા નામનો ઉચ્ચાર કરતાં તારાં માતા પિતા અને પૌર-

જનોના પ્રલાપ સાંભળી હું આકાશમાંથી નીચે ઉતરી અને તેમને મેં કહ્યું.

હે મહીનાથ ! બે દિવસની અંદર તારા પુત્રને હું અહીં લાવીશ. એમ પ્રતિજ્ઞા કરી જલદી હું તારી પાસે આવી છું. માટે હે મહાશય ! તું જલદી તૈયાર થા. વિયોગ અગ્નિથી અત્યંત બળતાં તારા માતા પિતા વિગેરેને પોતાના દર્શનરૂપ જલવડે તું શાંત કર.

એ પ્રમાણે કાલિકાદેવીનું વચન સાંભળી ખુશ થયેલો ભીમકુમાર ચાલવાની તૈયારી કરે છે, તેટલામાં આકાશમાર્ગે અપાર કાંતિમય વિમાનશ્રેણી દેખાવા લાગી.

સ્ફુરણાયમાન વાજીંત્રોના ધ્વનિવડે આરણ્યક મયૂરોને નચાવતી તે વિમાન પંકિતને જોવા માટે સભ્ય જનોનાં નેત્ર આકાશ તરફ ખુલ્લાં થઈ ગયાં.

તે વિમાનોના મધ્ય ભાગમાં કાંતિના સમૂહવડે આકાશને લિંપતી નિઃસીમ સ્વરૂપવડે લક્ષ્મીને પણ લજાવતી અને મુખવડે દિવસે પણ વિકસ્વર ચંદ્રપણાને બતાવતી હોય તેમ, કોઇ દેવી સભ્યજનોની દૃષ્ટિ-ગોચર થઈ.

કમલા યક્ષિણી

દેવીને જોઇ આ કોણ હશે ? એમ સભાના લોકો વ્યાકુળ થઈ જોતા હતા, તેટલામાં તેણીના પાર્શ્વાનુચર દેવો વિમાનમાંથી આવી ભીમકુમારને પ્રણામ કરી બોલ્યા.

હે દેવ ! અમારી સ્વામિની વિવિધ પ્રકારના વિમાનોમાં બેઠેલા પરિવાર સહિત **કમલા** નામે યક્ષિણી આપને નમવા માટે આવે છે.

એમ તેઓ કહેતા હતા, તેટલામાં જલદી વિમાનમાંથી ઉતરી પોતાની કાંતિવડે સભ્યજનોને ચકિત કરતી તે યક્ષિણી ભીમકુમારને નમી

ત્યારબાદ નીચે બેસીને તે બોલી.

હે કુમારેંદ્ર ! પ્રભાતમાં મેં મુનિઓને પૂછયું. હાલમાં ભીમ-કુમાર કયાં છે ? પરંતુ મુનિઓએ કંઈ પણ ઉત્તર આપ્યો નહીં.

પછી જ્ઞાનવડે તને અહીં જાણી તરત જ હું ત્યાંથી નીકળી. માર્ગમાં કેટલેાક વિલંબ થયેા. હાલમાં હું અહીં આવી છું. જેથી આપનાં દર્શન થયાં.

સ્વપુરપ્રવેશ

હેમરથરાજાની બળાત્કારે આજ્ઞા લઈ ભીમકુમાર મિત્રસહિત યક્ષે બનાવેલા વિમાનમાં બેસી ગયેા.

પછી યક્ષાદિક પણ પેાતપેાતાના વિમાનેામાં બેસી ગયા.

સ્વર્ગમાંથી ઇંદ્ર જેમ ત્યાંથી વિમાનની ઋદ્ધિ સહિત ભીમકુમાર નીકળ્યેા.

તે સમયે દિવ્યકાંતિમંડલથી વિભૂષિત અને ચાલતા વિમાનેાવડે સેંકડેા સૂર્યવાળું હેાય તેમ આકાશને લેાકેા જોવા લાગ્યા.

આકાશમાર્ગે પ્રયાણ કરતા ભીમકુમારની આગળ યક્ષિણીએ પેાતાની દેવીઓ પાસે અદ્‌ભુત નાટકેાત્સવ કરાવ્યેા.

તે નાટયવિનેાદને લીધે આકાશમાં ચાલતા સિદ્ધાદિક દેવેા બહુ ઉતાવળ હતી તેા પણ ક્ષણમાત્ર સ્થિરતા કરી.

એમ આકાશ માર્ગનું ઉલ્લંઘન કરી હરિવાહનરાજાનેા પુત્ર ભીમકુમાર પેાતાના નગરની પાસમાં રહેલા ઉદ્યાનની અંદર જિનાલયની નજીકમાં ગયેા.

ત્યાં જિનેંદ્ર ભગવાનની પૂજા કરી સુરેંદ્રની માફક ભીમકુમારે તુષ્ટ થયેલી યક્ષિણી પાસે ઉત્તમ પ્રકારનું સંગીત કરાવ્યું.

તેનેા ધ્વનિ સાંભળી હરિવાહનરાજાએ પૂછયું. હે મિત્ર ! આ શબ્દ કયાંથી આવે છે ? એમ તે પૂછતેા હતેા, તેટલામાં ત્યાં ઉદ્યાનપાલક આવ્યેા. નમસ્કાર કરી તેણે વિનતિ સાથે કહ્યું.

હે દેવ ! વિમાનેાવડે પૃથ્વીને શેાભાવતેા આપનેા પુત્ર હાલ ઉદ્યાનમાં આવ્યેા છે. બહુ ભકિતથી ચૈત્યની અંદર તે નાટય કરાવે છે. તેનેા આ શબ્દ આપના પુત્રનું આગમન પ્રસિદ્ધ કરતેા હેાય તેમ સર્વ દિશાઓમાં પ્રસરી રહ્યો છે.

આ પ્રમાણે ઉદ્યાનપાલકની વાણી સાંભળી રાજાએ તેનો સત્કાર કર્યો. ત્યારપછી હૃદયમાંથી ઉભરાતા આનંદવડે હરિવાહનરાજા અંતઃપુર અને પૌર લોકો સહિત પુત્રના સન્મુખ નીકળ્યો.

પિત્રાદિ સમાગમ

પોતાના પિતાને સન્મુખ આવતા સાંભળી ભીમકુમારે વિલંબ રહિત યક્ષની પાસે હાથી, ઘોડા, રથ અને પાયદલ વિગેરે ભરપુર સૈન્ય તૈયાર કરાવ્યું.

પિતાને જોઈ ભીમકુમારે તેના ચરણ કમલમાં મસ્તકરૂપ કમળ મૂકયું, જેથી પદ્મપર બેઠેલી લક્ષ્મીસમાન શોભા સ્ફુરવા લાગી.

રાજાએ પણ પુત્રને ઉભો કરી હૃદયની અંદર નાખતો હોય તેમ દૃઢ આલિંગન કરી મસ્તકપર વારંવાર ચુંબન કર્યું.

ત્યારબાદ પુત્રના આલોકનથી ઉછળતા સ્તન્ય–ધાવણના મિષથી હૃદયમાં પ્રીતિરસને બતાવતી હોય તેમ પોતાની માતાને તે નમ્યો.

ત્યારપછી તેના કહેવાથી પોતાના સ્વામીના પિતૃત્વની ભક્તિવડે યક્ષાદિક સર્વ પરિવાર રાજાને નમ્યો. બરોબર સંતપુરુષો યોગ્યતાના જાણકાર હોય છે.

વિવિધ પ્રકારનાં ભેટણાં લઈ આવેલા અને વિયોગરૂપ ગ્રીષ્મથી તપી ગયેલા નગરવાસી લોકોને પ્રિય આલાપ રૂપ સુધાવૃષ્ટિવડે ભીમકુમાર પોતે વારંવાર સિંચન કરવા લાગ્યો.

ત્યારબાદ વિમાનશ્રેણીઓવડે આકાશને અને સૈન્યોવડે પૃથ્વીને શોભાવતો,

લક્ષ્મીવડે ઇંદ્રસમાન પ્રૌઢ ગજેંદ્રપર બેઠેલો,

વાગતાં વાજીંત્રોના ધ્વનિવડે બોલાવેલા સેંકડો નગરવાસી સ્ત્રી પુરુષોએ સ્તુતિ કરાયેલો,

સુવર્ણના દાનવડે યાચકોને ધનાઢય કરતો અને ધ્વજપતાકાઓવડે સૂર્યના કિરણ રહિત નગરને જોતો ભીમકુમાર પિતાની સાથે પોતાના સ્થાનમાં ગયો.

રાજ્યાભિષેક

યક્ષાદિકના કહેવાથી આશ્ચર્યજનક પુત્રનું ચરિત્ર સાંભળી રાજા બહુ ખુશી થયો અને તેજ વખતે ભીમકુમારને તેણે રાજ્ય ગાદીએ બેસાડયો.

તેમજ પોતે હરિવાહન રાજાએ સંયમરૂપ ઉત્કટ સૈન્યવડે પોતાને વશ કરેલું અને શાશ્વતલક્ષ્મીથી વિભૂષિત મુક્તિરાજ્ય દીપાવ્યું.

ભીમભૂપતિ બૃદ્ધિમાં બૃહસ્પતિસમાન મતિસાગરમંત્રીને પોતાની પાસે રાખી યક્ષાદિકને વિદાય કરી રાજ્યનું પાલન કરવા લાગ્યો.

યુદ્ધમાં કુશલ એવા ધનુષને ધારણ કરી લીલાવડે ભીમનૃપતિએ કૃષ્ણે દૈત્યોને જેમ યુદ્ધમાં શત્રુઓને જીતી લીધા.

ચતુરંગ સેના તો માત્ર તેના આડંબર માટે હતી, પરંતુ ભૂમંડલ તો તેણે પોતાના બલવડે જ કેવલ વશ કર્યું હતું.

વળી તેના રાજ્યમાં દુર્ભિક્ષનું તો નામ જ નહોતુ, તેમ જ અતિ-વૃષ્ટિ, અનાવૃષ્ટિ, શલભ–તીડ, મૂષક–ઉંદર, શુક–પોપટ, અને નજીકના વિરૂદ્ધરાજાઓ, એ છ ઇતિ ઉપદ્રવો પણ નહોતા,

અનીતિ, ચોરી, પરદ્રોહ અને ઇર્ષ્યાદિ દોષોનો સર્વથા તેના રાજ્યમાં અભાવ હતો.

રાજ્ય એ પ્રાચીન પુણ્યનું ફલ છે, એમ માની તત્ત્વદૃષ્ટિએ પુણ્ય-નુંજ આરાધન કરતો ભીમભૂપતિ સત્કાર્યની સેવા કરતો,

હૃદયમાં સમ્યક્ત્વને ધારણ કરતો, પ્રજાવર્ગને સુકૃતમાં ચલાવતો તેમજ જૈનમતનો ઉદ્યોત કરતો ભીમરાજા ઘણો વખત રાજ્યપાલક થયો.

ત્યારબાદ વૃદ્ધાવસ્થામાં વૈરાગ્યવર્ધક સદ્ગુરુની વાણી સાંભળી મહા-પરાક્રમશાલી પોતાના પુત્રનો રાજ્યાભિષેક કરી પોતે દીક્ષા ગ્રહણ કરી, દુસ્તપ તપશ્ચર્યારૂપ તાપવડે મલપંકનો ઉચ્છેદ કર્યો. ત્યારબાદ કેવલજ્ઞાન પામી ભગવાન **ભીમરાજર્ષિ** મોક્ષધામમાં ગયા.

ગુરુસદ્બોધ

એ પ્રમાણે મેઘની માફક ધર્મામૃતની વૃષ્ટિ કરી ગુરુમહારાજ શાંત

થયા. ત્યારે મયૂરની લાફક હૃષ્ટ થયેલા શ્રીકુમારપાલભૂપતિએ મધુરવાણીએ પ્રશ્ન કર્યો.

હે પ્રભો! મિથ્યાત્વરૂપ ધતુરાના આસ્વાદથી હું ભ્રાંત થયો હતો, જેથી લેષ્ટુ-માટીના ઢેફાને સુવર્ણ સમાન અને અતત્ત્વને પણ તત્ત્વરૂપ મેં જાણ્યું હતું.

હાલમાં તો આપની વાણીરૂપ અમૃતનું પાન કરવાથી મારો ભ્રમ ચાલ્યો ગયો છે.

સમગ્ર ધર્માદિતત્ત્વસ્વરૂપ યથાર્થ હું જાણું છું. બોધરૂપ શલાકાવડે મારા અજ્ઞાનપટલને દૂર કરી આપે જ્ઞાનમય નેત્ર પ્રકટ કર્યું છે.

વળી હે ભગવાન! મારી ઉપર કૃપા કરી મહાકલ્પવૃક્ષ, ચિંતામણિ વિગેરેના મહિમાને તિરસ્કાર કરનાર શ્રાવક ધર્મમાં મને સ્થિર કરો.

એ પ્રમાણે રાજાની પ્રાર્થનાનો સ્વીકાર કરી શ્રેષ્ઠ લગ્નમાં મહોત્સવપૂર્વક ચતુર્વિધ સંઘની સાક્ષીએ

શ્રી હેમચંદ્રસૂરિએ વિધિપૂર્વક સત્કર્મના સમૂહની માફક અખિલ ભૂમંડલનું ઐશ્વર્ય હોયને શું? તેમ સમ્યક્ત્વ સહિત શ્રાવક ધર્મનો ઉપદેશ કર્યો.

ત્યારબાદ વરરાજા જેમ વધૂને તેમ શ્રીકુમારપાલનૃપતિ ધર્મલક્ષ્મીને આગળ કરી પવિત્ર સમવસરણની પ્રદક્ષિણા કરતો બહુ શોભાને પાત્ર થયો.

રાજાની ઉપર મુનિઓએ શ્રીખંડચંદનનો વાસક્ષેપ કર્યો. જેથી તે સર્વદિશાઓમાં પ્રસરી ગયો.

તે સમયે લોકોને વસંતક્રીડાનો અનુભવ થયો.

ત્યારબાદ આસક્ત થયેલી પુણ્યલક્ષ્મીએ મૂકેલા હજારો કટાક્ષ હોય ને શું? તેમ સંઘ લોકોએ રાજાની ઉપર નાખેલા શુદ્ધઅક્ષત-ચોખા શોભતા હતા.

શ્રીકુમારપાલરાજા શ્રાવકધર્મ પામી આ લોકમાં પણ ભવિષ્યમાં પ્રાપ્ત થનાર મોક્ષની વાનકી સમાન પરમાનંદ પામ્યો.

તે સમયે સર્વત્ર દયા હર્ષ પામતી હોય, વિવેકિતા વળગતી હોય, દાન, શીલ, તપ અને ભાવના વિગેરે વિલાસ કરતાં હોય, તેમ દ્વિગંતર દેખાવા લાગ્યાં.

ગુર્જરનરેશના દયા દાક્ષિણ્યાદિ ગુણોનું વર્ણન કરતો કોઈપણ તેવો મહાન પુરુષ નહોતો કે; તેની સ્તુતિ ન કરે.

સ્થાપન કરેલા ધર્મની રક્ષા માટે ચોકીદારની માફક શ્રીહેમચંદ્રસૂરિએ રાજાને શિખામણ આપી.

कोशाद्विश्वपतेर्विकृष्य गुरुणा प्राणावनादिव्रत–
स्फूर्जन्मौक्तिकदामविस्तृतगुणं सम्यक्त्वसन्नायकम् ।
तुभ्यं दत्तमिदं महीधव ! वहन् हृद्यन्वहं जीववत्,
त्वं सौभाग्यभरेण मुक्तियुवतेर्भावी प्रियंभावुकः ॥१॥

હે ભૂપતિ ! વિશ્વપતિના ભંડારમાંથી વિસ્તૃત ગુણવાળો અને સમ્યક્ત્વરૂપ મધ્યમણિથી વિભૂષિત અહિંસાદિવ્રતમય દેદીપ્યમાન આ મુક્તાહાર ગુરુએ તને આપ્યો છે. તેને જીવની માફક હંમેશા હૃદયમાં ધારણ કરતો તું અત્યંત સૌભાગ્યવડે મોક્ષ યુવતિનો વલ્લભ થઈશ.

તે સમયે સંઘ તરફથી અત્યંત દુર્લભ **"ધર્માત્મા અને રાજર્ષિ"** એવાં બે નામ પ્રસાદની માફક તેને પ્રાપ્ત થયાં.

ત્યારબાદ ભૂપતિએ અન્ય દેવોનો ત્યાગ કરી હૃદયમાં અને ઘરમાં પણ ગુરુપાદુકા સહિત જિનેશ્વરભગવાનની પ્રતિમાઓનું સ્થાપન કર્યું.

ત્રણે કાળે તે મૂર્તિઓનું હંમેશાં કર્પૂરપુષ્પાદિવડે પૂજન કરી પોતાના આત્માને સુકૃતરૂપ સુગંધસંપત્તિવડે સુવાસિત કરતો હતો.

તેમજ અષ્ટમી આદિ સર્વ પર્વદિવસોમાં અષ્ટપ્રકારી ઉત્તમ પૂજાવડે જિનેંદ્રભગવાનની પૂજા કરી આઠ કર્મોને શિથિલ કરતો હતો.

બારવ્રત, સમ્યક્ત્વ અને જ્ઞાનાદિકના (૧૨૪) અતિચાર જાણી ભૂપતિએ તેમનો ત્યાગ કર્યો.

સુંદર બુદ્ધિમાન ભૂપતિ કંઈક ગુરુમુખથી અને કંઈક વાગ્ભટ મંત્રી પાસેથી સાંભળી સર્વશ્રાવકના આચારમાં પ્રવીણ થયો.

એ પ્રમાણે સમ્યક્‌ધર્મજ્ઞાતા ચૌલુક્યભૂપતિએ ધર્મનું મૂળસાધન દયાની સર્વત્ર પ્રવૃત્તિ કરવાની ઇચ્છા કરી.

જીવદયા

ચારે વર્ણોમાં પોતાને અથવા અન્યને માટે જે કોઈ પાપિષ્ઠ બકરાં તેમજ મૃગલાં વિગેરે જીવોનો વધ કરશે, તે પુરુષ રાજદ્રોહી થશે.

એમ નગરમાં નગારાની ઉદ્‌ઘોષણા કરાવી રાજાએ પ્રાણીઓના જીવિતદાનની માફક અમારી પ્રવર્તાવી.

તેમજ વ્યાધ–મૃગહિંસક, શૌનિક–કસાઈ, ધીવર–માછીમાર અને કલાલ વિગેરેના પાપસ્થાનોનો ઉચ્છેદ કરી તેમની પાસે પણ જીવદયા પળાવવા લાગ્યો.

તે સમયે જુગારીઓમાં સત્યવાણી અને દુષ્ટ લોકોમાં શિષ્ટતા જેમ કસાઈ વિગેરેમાં તે દયા આશ્ચર્યકારક પ્રગટ થઈ.

તેમજ રાજાની આજ્ઞાથી કોઈપણ માણસ વાછરડાં, બકરાં અને ગાયો વિગેરે પ્રાણીઓને પણ ગાળ્યા વિનાનું પાણી પાતા નહોતા.

ત્યારબાદ રાજાએ પોતાના દેશમાં તેમજ પોતાના સ્વાધીન રાજાઓના દેશોમાં પણ હિંસા નિષેધને માટે પોતાના હિતપુરુષોને મોકલ્યા.

ભૂપતિના હુકમથી તેઓએ પણ સૌરાષ્ટ્ર, **પાટરી**, **ખંભાત**, સમુદ્રકીનારાના અનેક સ્થલ, **લાટ**, **માલવ**, **આભીરક**, **મેદપાટ**, **મરુસ્થલ** મારવાડ અને સપાદલક્ષદેશોમાં જઈને શક્તિ, ભક્તિ અને દ્રવ્યાદિકવડે સર્વત્ર પાપવ્યાધિની માફક હિંસાનો નિષેધ કરાવ્યો.

દ્યૂતાદિક પણ હિંસાનાં કારણ છે, એમ જાણી રાજાએ સમસ્ત લોકોમાં નગારાની ઉદ્‌ઘોષણાપૂર્વક દ્યૂત વિગેરે સાતે વ્યસનોનો નિષેધ કરાવ્યો.

પછી સાતે વ્યસનોનાં મૃત્તિકાનાં પુત્તળાં બનાવ્યાં. તેમનાં મુખ મષીથી શ્યામ કર્યાં. પછી તે સાતેને ગધેડાપર બેસાડી દરેક રસ્તાઓમાં ફેરવીને નગરમાંથી તથા પોતાના દેશમાંથી કાઢી મૂકયાં.

માહેશ્વરવણિક

પોતાના દેશની અંદર કોઈપણ ઠેકાણે કોઈપણ માણસ જીવ-હિંસા કરે છે કે નથી કરતો ! તેની તપાસ માટે શ્રી કુમારપાલે પોતાના ચરપુરુષો મોકલ્યા.

તેઓ પણ હંમેશા સર્વત્ર ફરતા ફરતા હિંસકોનો તપાસ કરતા સપાદલક્ષ દેશના કોઈક ગામમાં ગયા.

તે સમયે ત્યાં માહેશ્વરનામે વણિક પોતાની સ્ત્રીપાસે કેશપાશ જોવરાવતો હતો.

તેના માથામાંથી તેની સ્ત્રીએ તેને એક યૂકા-જુ આપી. તેણે તે જુને મારી નાખી.

દૂર રહેલા છતાં પણ તે ચરપુરુષોએ તે બાબત પોતાની હોંશી-યારીથી જોઈ લીધી. તરત જ તેઓ માહેશ્વરની પાસે આવ્યા અને ચોરની માફક મરેલી જુ સાથે તેને પકડી લીધો.

ત્યારબાદ તેઓ તેને પાટણમાં લઈ ગયા. તેમજ તેમના કહેવાથી તે વણિકનું દુષ્ટચરિત્ર જાણી રાજાએ તિરસ્કાર પૂર્વક કહ્યું.

રે રે નિર્દય ! સર્વત્ર પ્રાણીવધનો મેં નિષેધ કર્યો છે, તે તું જાણે છે છતાં પણ આ યૂકા-જુ તેં શા માટે મારી ?

માહેશ્વર બોલ્યો. સ્વામીની માફક મારા માથામાં માર્ગ પાડી રાક્ષસીની જેમ આ જુ મારૂં રૂધિર પીતી હતી, માટે એને મેં મારી નાખી.

રાજાએ કહ્યું. રક્તપાન કરવાની જ એની સ્થિતિ હોય છે. તે સ્થિતિ પ્રમાણે વર્તતી આ યુકા જો મારવામાં આવે તો પોતપોતાની સ્થિતિમાં રહેલા સર્વ જીવો પણ મારવા જોઇએ. રે ! આવો પશુ સરખો તું કોણ છે ?

રાજા મહારાજા અને ચક્રવર્તીઓમાં પણ યૂકા પોતાની દુશ્રેષ્ટા છોડતી નથી. કારણકે; દરેકને પોતાની વૃત્તિ દુસ્ત્યજય હોય છે.

માત્ર પીડા કરવાથી યૂકા જો કે, તેં મારી નાખી, તો એણીના પ્રાણ હરણ કરવાથી તને કેમ ન મારવો જોઇએ ?

પોતાની માફક સર્વને સુખ દુઃખ થાય છે, એમ જાણતો છતો પણ તું હિત, અહિતનો વિચાર કર્યા વિના પ્રાણનો નાશ કરવાથી બીજાને શા માટે દુઃખ કરે છે ?

રે નિર્દય! જો કે; યૂકાને મારતાં તું પાપથી ડરતો નથી, પરંતુ હિંસકોનો ખાસ વિનાશ કરનાર એવા માશથીયે કેમ બીતો નથી ?

ખરેખર રાજાઓની આજ્ઞાનો લોપ કરવો, તે તેમનો શસ્ત્ર વિનાનો વધ કહેલો છે. તો હાલમાં તે પ્રમાણે વર્તનાર તું થયેલો છે, માટે તને વધ્ય પુરુષોના મધ્યમાં ગણવો જોઈએ.

આ વાત બહુ શોચનીય છે; પરંતુ એક યૂકાને માટે આ પ્રમાણે કોપાયમાન થઇને પણ હું કેવી રીતે તારો ઘાત કરાવું ? માટે સર્વસ્વ દંડવડે દુષ્ટની માફક તારો નિગ્રહ કરું છું. તેથી તું તારું સર્વ ધન ખરચીને આ નગરની અંદર તે જુના-યૂકાના કલ્યાણ માટે જલ્દી એક ઉત્તમ ચૈત્ય બંધાવ. જેથી આ વૃતાંત સાંભળી યૂકાચૈત્યને જોઇ બીજો પણ કોઇ નિર્દય માણસ તારી માફક પ્રાણી વધ કરે નહીં.

યૂકાચૈત્ય

એ પ્રમાણે શ્રીકુમારપાળની આજ્ઞાથી માહેશ્વરવણિકે ઘણું ધન ખરચીને પાટનગર-પાટણમાં પૃથ્વીના હારસમાન **યૂકાવિહાર** નામે મનોહર-મંદિર બંધાવ્યું.

આ પ્રમાણે શ્રી કુમારપાલના ચરપુરૂષોના સંચારથી કોઇપણ જગાએ રાત્રીએ તેમ ઘરમાં પણ કોઈ માણસ હિંસા કરતો નથી. એથી જિનેંદ્ર ભગવાનના તીર્થમાં જેમ મનુષ્યોની વૃદ્ધિ હતી, તેવી રીતે શ્રીકુમારપાલના રાજ્યમાં પણ જલચર, સ્થળચર અને આકાશ-ચારીઓની વૃદ્ધિ થઇ. તેમજ તેના રાજ્યમાં પશુ પક્ષીઓ નિર્ભય થઈ ફરતા હતા.

व्याधान् वीक्ष्य विहारिणः शिशुमृगाः स्वोक्त्या पितॄनूचिरे,
यामः सान्द्रलतान्तरेष्विह न चेदेते हनिष्यन्ति नः।
ते तान् प्रत्यवदन् बिभीत किमितो ? वत्साः ! सुखं तिष्ठत,
श्रीचौलुक्यभिया निरीक्षितुमपि प्रौढा न युष्मानमी ॥१॥

વનનાં અંદર ફરતાં મૃગબાલકો વ્યાધ-શીકારીઓને જોઈ પોતાની ભાષાવડે પોતાના માબાપને કહેવા લાગ્યાં. અમે અહીં ગાઢ ઝાડીમાં જઈએ છીએ. નહીં તો અમને આ નિર્દય શીકારીઓ મારી નાખશે.

આ પ્રમાણે મૃગ બાલકોનું વચન સાંભળી મૃગલાઓ બોલ્યા. હે બચ્ચાઓ! તમે શા માટે ભય પામો છો? સુખેથી અહીં આનંદ કરો. શ્રીકુમારપાલનરેશના ભયથી આ લોકો તમારી તરફ ક્રૂર દૃષ્ટિ કરવાને પણ સમર્થ નથી.

વળી તેના રાજ્યમાં જીવહિંસા નિષેધનું આથી બીજું શું વર્ણન કરવું? કારણ કે; જુગારમાં પણ 'મારી' એવા બે અક્ષર કોઇપણ બોલતું નથી.

નવરાત્રમાં દેવીપૂજક

નવરાત્રનો પ્રસંગ આવ્યો. તે સમયે શ્રીકુમારપાલરાજા ગુરુની સન્મુખ બેઠા હતા, ત્યારે દેવીના પૂજારીઓ રાજાને વિનંતિ કરવા લાગ્યા.

હે રાજન્! કંટેશ્વરી વિગેરે આપની ગોત્રદેવીઓ છે. તેમની પૂજા માટે સાતમ, આઠમ અને નવમી એ ત્રણે દિવસે અનુક્રમે સાતસો, આઠસો અને નવસો બકરા અને તેટલા જ પાડાઓ દરેક વર્ષે આપવામાં આવે છે. માટે આ સર્વ પશુઓ અમને અપાવો. જેથી દેવીઓની પૂજા થાય. જો નહીં આપો તો તેઓ ક્રોધ કરશે અને તેજ વખતે મોટું વિઘ્ન કરશે.

એ પ્રમાણે પૂજારીઓનું વચન સાંભળી રાજાએ નજીકમાં જઈ ગુરુને પૂછયું. હવે મારે શું કરવું? કંઇક ધ્યાન કરી ગુરુ બોલ્યા.

હે રાજન! શ્રી જિનેંદ્રભગવાને કહ્યું છે કે, દેવો પ્રાણીઓને મારતા નથી. તેમજ માંસ પણ ખાતા નથી, પરંતુ શાકિનીઓની માફક કેટલીક નિર્દય દેવીઓ માત્ર ક્રીડાને લીધે પોતાની આગળ મરાતા પશુઓને જોઈ ખુશી થાય છે.

આ દેવીના પૂજારીઓ દેવી પૂજનના બહાનાથી પશુઓનો વધ કરી પોતે જ ખાય છે. મહા ખેદની વાત છે કે, સ્વાર્થ માટે આ તેમની પ્રાર્થના છે.

માટે આપવાનાં બકરાં અને પાડાઓને દેવીના મઠમાં પુરાવો. પછી તેના દ્વારને તાળુ વાસી દઈ પોતાના માણસો મૂકી તેનો બંદોબસ્ત રખાવો.

એમ કરવાથી સર્વ પશુઓ રાત્રીએ જીવતાં જ રહેશે. પ્રભાતમાં તે પશુઓને વેચી તે દ્રવ્યવડે દેવતાઓનો ભોગ કરાવવો.

પ્રાણીઓની માતા સમાન ઉદાર એવી ગુરુની વાણી સાંભળી રાજાએ તે પ્રમાણે સર્વ કાર્ય કરાવ્યું.

સવારમાં દ્વાર ઉઘાડીને અંદર જોયું તો ધરાએલાંની માફક અત્યંત ફૂદતાં પશુઓને જોઇ રાજર્ષિ-શ્રીકુમારપાલે પૂજારીઓને કહ્યું

રે રે દુષ્ટો ! મેં તમારૂં ચરિત્ર જાણ્યું કે; તમે જ કસાઇઓની માફક નિર્દય થઇ આ પશુઓનો ઘાત કરાવો છો.

જો દેવીઓને માંસનું પ્રયોજન હોત તો બલિદાનમાં આપેલા આ પશુઓને આ દેવીઓ પોતે કેમ ન મારે ?

લોકમાં કહેવત છે કે; પોતે નષ્ટ થયેલા કેટલાક પુરુષો બીજાઓને પણ મારે છે, એ વાર્તા પાપિષ્ઠ એવા તમોએ જ સત્ય કરી.

રે અધમો ! પ્રથમ તમારાથી હું છેતરાયો. હવે હું તત્ત્વનો જાણકાર થયો છું, માટે મને કેવી રીતે છેતરશો ? કારણકે, ચોર લોકો જાગતાને લુંટી શકતા નથી.

ત્યારબાદ તે સર્વ પશુઓને વેચી તેના દ્રવ્યથી તત્કાલ તેણે ગોત્ર દેવીઓનો ભોગ કરાવ્યો. દશમીના દિવસે ઉપવાસ કરી ભૂપતિ પોતાના સ્થાનમાં શ્રીજિનેંદ્ર ભગવાનનું સ્મરણ કરતો મુનીંદ્ર જેમ ધ્યાનમાં બેસી ગયો.

કુંટેશ્વરી દેવી

શ્રીકુમારપાલરાજા એકાગ્ર ચિત્તે ધ્યાન કરતો હતો, તેવામાં પોતાની કાંતિ વડે દીપસહિત હોય તેમ મંદિરને પ્રકાશિત કરતી અને હાથમાં

ત્રિશૂલને ધારણ કરતી કોઇક દેવી આકાશમાર્ગે ઉતરી ત્યાં આવી. રાજાને તે કહેવા લાગી.

નેત્ર ઉઘાડી તું જો, કંટેશ્વરી નામે હું તારી કુલદેવી આવી છું. હે રાજન ! આજસુધી તારા પૂર્વજો અને તું પણ જે બલી અમને આપતા હતા, તે પશુ વિગેરેને હાલમાં કેમ તમે આપતા નથી ?

પોતાના કુલક્રમનો લોપ કરી, જે ગોત્રદેવીનું અપમાન કરે છે, તે પુરુષ અલ્પ સમયમાં બ્રાહ્મણના શાપથી જેમ તે દેવીના કોપથી નાશ પામે છે.

જો તું તારા કલ્યાણની ઈચ્છા રાખતો હોય તો જલદી મને પ્રસન્ન કર, નહી તો કોપવન્હિ વડે ઘાસની માફક તને બાળી નાખીશ.

તે સાંભળી દૃઢ ધૈર્યવાન રાજા બોલ્યો. હે દેવિ! હું ધર્મતત્ત્વ સમ્યક્‌રીતે જાણું છું, તેથી તારા માટે હું જીવહિંસા કરીશ નહીં.

જૈનધર્મ જાણ્યા સિવાય મેં પ્રથમ જે પ્રાણી વધ કર્યો, તે પણ મારા હૃદયને અગ્નિ જ્વાળાની માફક અત્યંત બાળે છે.

એક પણ પ્રાણીનો વધ કરવાથી અનંત પાપ થાય છે, એમ જાણતો છતો હું યમની માફક અનેક પ્રાણીઓનો વધ કેવી રીતે કરું?

તારે પણ આ પ્રાણીઓનો વધ કરાવવો ખરેખર ઉચિત નથી, કારણકે, દેવી દયાળુ હોય છે, એમ લોકમાં અને શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.

વળી જેઓ પોતે ઘાત કરનાર હોય છે, તેઓને પણ તારે અટકાવવા જોઈએ તેમજ જેઓએ જીવહિંસાનો ત્યાગ કર્યો હોય, તેમની પાસે પ્રાણી વધ કરાવવો, તે કાર્ય તને બીલકુલ ઘટતું નથી.

દયાના જીવાડનારા સંત પુરુષો કદાચિત પ્રાણીવધ કરે, તો પ્રકાશ કરનાર સૂર્યના કિરણો અંધકારની પુષ્ટિ કરે તેમાં શી નવાઈ?

હે દેવિ ! કર્પૂર પુષ્પાદિમય તારી યોગ્ય પૂજા મેં કરી છે અને પ્રાણીવધ તો પ્રાણાંતમાં પણ હું કરવાનો નથી, એવા મારો નિશ્ચય છે.

એમ બોલતા રાજાની ઉપર કુલદેવી કોપાયમાન થઇ અને તેના મસ્તકપર ત્રિશૂળ મારી દુર્દશાની માફક તે અંતર્ધાન થઇ ગઈ.

કુષ્ઠરોગ

ત્રિશૂલના ઘાતથી રાજાના સર્વ શરીરે એકદમ કુષ્ઠ નીકળ્યા. જેથી બહુ પીડા થવા લાગી. દેવીઓનો કોધ બહુ વિષમ હોય છે.

કુષ્ઠ રોગને લીધે રાજાની નાસિકા ચીપટી થઇ ગઇ. કાન ગળી ગયા હોય તેમ દેખાવા લાગ્યા.

હાથથી ઉત્પન્ન થયેલી છતાંએ આંગળીઓ ગળી ગઈ હોય તેમ ભાસવા લાગી.

કુટેલા ફોલ્લાની માફક તેના શરીરમાંથી પરૂ વહેવા લાગ્યું.

ગાઢ કર્દમ-કાદવ સમાન શ્યામ શરીરનો રંગ થઈ ગયો.

તેવા કુષ્ઠને જોઇ રાજાને સંસાર તથા પોતાના શરીર પર વૈરાગ્ય થયો, પરંતુ અર્હદ્ધર્મ-જૈનધર્મને વિષે કિંચિત માત્ર પણ દુર્ભાવ થયો નહીં.

પોતાના કર્મથી ઉપાર્જન કરેલું સુખ દુઃખ થાય છે, એમ વિચાર કરતા મહા બુદ્ધિમાન ભૂપતિને દેવી ઉપર પણ બીલકુલ કોધ થયો નહીં.

ઉદયનમંત્રી

શ્રીકુમારપાલ રાજાએ ઉદયનમંત્રીને બોલાવી દેવીનું સર્વ વૃત્તાંત નિવેદન કર્યું. પછી પોતાનું શરીર બતાવ્યું.

રાજાનું શરીર જોતાં જ મંત્રીનું હૃદય બહુ કંપવા લાગ્યું. ખરેખર મોટા પુરુષોનું દુઃખ જોઈ કોનું હૃદય દુઃખી ન થાય ?

પછી રાજાએ મંત્રીને કહ્યું. જેવી રીતે આ જૈનધર્મમાં મારા લીધે નવીન કલંક મને પીડે છે, તેવી રીતે આ કુષ્ઠ રોગથી મને પીડા થતી નથી.

વળી આ વાત જાણશે એટલે અન્યમતિ લોકો એમ કહેશે કે, રાજાએ જૈનમતનો સ્વીકાર કર્યો તેનું ફલ તેને મળ્યું, આખું શરીર કુષ્ઠ રોગથી ગંધાય છે.

આથી બરોબર યાદ રાખવાનું છે કે; જે માણસ શિવધર્મનો ત્યાગ કરી જૈન ધર્મનો સ્વીકાર કરે છે, તે શ્રીકુમારપાળ રાજાની માફક આ લોકમાં પણ મહા કષ્ટનો પાત્ર થાય છે.

આપણા સૂર્યાદિ દેવોની સ્તુતિ કરવાથી કુષ્ઠાદિ રોગોની તત્કાળ શાંતિ થાય છે અને અરિહંતની સેવાથી તો તે રોગો પ્રગટ થાય છે.

એ પ્રમાણે કુતીર્થીઓ આપણી નિંદા કરશે. માટે આ વૃત્તાંત શત્રુઓના સાંભળવામાં ન આવે તેટલામાં નગરની બહાર જઈ હું મારા દેહને અગ્નિમાં તૃણની માફક બાળી નાખીશ.

ઉદયનમંત્રી બોલ્યો. હે સ્વામિ! આ મરણની વાર્તા તમે વૃથા શા માટે કરો છો? દેવીને સર્વ ઇચ્છિત ભોગ આપીને જલદી પ્રસન્ન કરો.

વળી નક્ષત્ર તથા તારાઓનું સ્થાન જેમ આકાશ છે, તેમ પ્રાણોનું સ્થાન શરીર કહેવાય છે. શરીરનો જ્યારે નાશ થાય, ત્યારે બુદ્ધિમાન એવો પણ કયો પુરુષ નિયમની અપેક્ષા કરે?

સર્વ સ્થલમાં સંયમની રક્ષા કરવી અને તેથી પણ પોતાના શરીરની પ્રથમ રક્ષા કરવી. કારણ કે, શરીર સ્વસ્થ હોય તો ફરીથીએ વિદ્વાન પુરુષ પ્રાયશ્ચિત કરી શકે છે.

એમ સર્વજ્ઞભગવાનના કહેવાથી જ્યારે પ્રાણ સંકટ આવે છે, ત્યારે ચારિત્રધારી મુનિઓ પણ ચારિત્રનો ત્યાગ કરી શરીરનું રક્ષણ કરે છે.

તારો આ નિયમ પણ છ આગાર સહિત કરેલો છે, માટે દેવની આજ્ઞાથી કરેલી હિંસાવડે તે તારા નિયમનો ભંગ થશે નહીં.

હે રાજન્! આપ જીવે છતે આ પૃથ્વી બહુ સમય સુધી ઉત્તમ રાજા વાળી થાય અને લોકોને આનંદ મળે, માટે આપ ગમે તેમ કરી આત્મરક્ષણ કરો.

રાજર્ષિ શ્રીકુમારપાળ બોલ્યો. હે મંત્રી! તું આ શું બોલે છે? કલ્પાંતમાં પણ કોઈ રીતે હું જીવવધ કરવાનો નથી. સંસારી જીવોને સંસારનું કારણભૂત શરીર દરેક ભવમાં પ્રાપ્ત થાય છે. પરંતુ સર્વજ્ઞ ભગવાને કહેલું અને મુક્તિ આપનાર અહિંસા વ્રત ફરીથી મળતું નથી.

જો આવા દેહ વડે ઉત્કૃષ્ટ પુણ્ય પ્રાપ્ત કરવામાં આવે તો પત્થરના ટુકડા વડે ઘણું સુવર્ણ ખરીદવામાં આવે.

સર્વથી ચંચલ શ્વાસવાયુ ગણાય છે અને તે શ્વાસરૂપ જીવિત હોય છે, તો તેવા અસ્થિર જીવિતને માટે સ્થિર અને કલ્યાણકારી દયાનો હું કેવી રીતે ત્યાગ કરૂં ?

વળી પાપી પુરુષ મરણથી બીએ છે, પુણ્યવાન્‌ને તેનો ભય હોતો નથી. મેં ઘણુંએ પુણ્ય એકઠું કર્યું છે. ને મને તેની શી ભીતિ છે ?

શ્રીજિનેંદ્રદેવની આરાધના કરી છે. શ્રીહેમચંદ્રસૂરિ મારા ગુરુ છે અને દયાધર્મ સમ્યક્ પ્રકારે પાળ્યો છે, હવે મારે શું બાકી રહ્યું ? માટે તું વિલંબ કરીશ નહીં. ગુપ્ત કાર્ય કરવાને કામધેનુ સમાન રાત્રિ ન ચાલી જાય તેટલામાં જલદી તું કાષ્ઠની ચિતા તૈયાર કર.

મંત્રિત જળ

રાજાનો એવો નિશ્ચય જાણી અગાધ બુદ્ધિમાન્ ઉદયનમંત્રી તત્કાલ ગુરુની પાસે ઉપાશ્રયમાં ગયો અને આ સર્વ વૃત્તાંત તેમને કહ્યું.

વિદ્યાનિધિ શ્રીમાન હેમચંદ્રસૂરિ બોલ્યા. મરણની વાર્તાથી સર્યું, એ કંઈપણ ઉપાધિ કરવાની જરૂર નથી.

કંઇક ઉષ્ણ પાણી તું લાવ. હું મંત્રીને આપું. સૂર્યના કિંચિત્ પ્રકાશથી જગતનું અંધારૂં જેમ તે મંત્રિત જલના સ્પર્શવડે રાજાના શરીરમાંથી કુષ્ઠ રોગ ચાલ્યો જશે.

તે સાંભળી મંત્રી બહુ ખુશી થયો અને તરતજ તેણે પાણી લાવી આપ્યું. ગુરુશ્રીએ પોતે સૂરિમંત્રવડે મંત્રીને તે જળ ઉદયનને આપ્યું.

અમૃત સમાન તે જળને લઈ મંત્રીને રાજા પાસે ગયો અને અને તેણે કહ્યું કે, આ જલ ગુરુ મહારાજે મોકલ્યું છે.

સિદ્ધરસના સ્પર્શથી લોહની જેમ તે જળના સ્નાનથી રાજાનું શરીર સુવર્ણસમાન થઈ ગયું. જળના યોગથી પ્રથમ કરતાં પણ અધિક

---

૧ રાજા, સંઘ, બલ, દેવતા, વડિલગુરુ અને વૃત્તિસંકટ, એ છ અભિયોગ.

કાંતિમય શરીર જોઈ રાજા હર્ષ અને આશ્ચર્યાદિકને સ્વાધીન થઇ ગયો.

રાજાએ મંત્રીને કહ્યું. ગુરુમહારાજનું સામર્થ્ય અદ્‌ભુત છે. આવા અસાધ્ય કષ્ટને પણ જેણે ધન્વંતરિની માફક દૂર કર્યું.

મેઘ સમાન દૃષ્ટિવડે ગુરુ મહારાજ જ્યાં સુધી જોતા નથી, ત્યાં સુધી જ દેવીઓનો કોપાગ્નિ સંપૂર્ણ બાળે છે.

અહો ! મારી ઉપર ગુરુ મહારાજની કોઈ અલૌકિક કૃપા છે. વ્યાઘથી શિયાળ જેમ હંમેશાં મૃત્યુથી જે કૃપાએ મારૂં રક્ષણ કર્યું.

એમ રાજા ગુરુમહારાજની બહુ સ્તુતિ કરતો હતો, તેટલામાં દુઃખેથી નિર્ગમન કરવા લાયક રાત્રી પણ પાપશ્રેણિની માફક ક્ષીણ થઈ ગઈ.

ગુરુનો ઉપકાર

પ્રભાત કાળમાં પ્રાતઃકાળની ક્રિયા કરી શ્રીમાન કુમારપાલ રાજા મંત્રી વિગેરે સહિત ગુરુ પાસે ગયો. ચરણકમળમાં વંદનમાં કરી ગુરુને કહ્યું.

હે ભગવાન! એક જીહ્વાની આપના પ્રભાવનું હું કેટલું વર્ણન કરૂં ?

અગસ્ત્યની માફક આપ મારા દુઃખ સાગરનું વારંવાર પાન કરો છો. આપના પ્રાચીન ઉપકારોનો કોઈપણ બદલો મારાથી વળે તેમ નથી. વળી આ હાલના ઉપકારનો બદલો વસ્તુતઃ કયાંથી હોય ?

સર્વ ઉપકારોમાં પ્રાણ રક્ષણ કરવું તે સીમા છે, અર્થાત્ એનાથી અધિક બીજો કોઈ ઉપકાર નથી. વળી તદુપરાંત જે મને આપે સદ્ધર્મનો બોધ કર્યો, તે તેની ઉપર ચૂલા-શિખા સમાન થયો છે. આપનો પ્રત્યુપકાર હું કેવી રીતે કરી શકું ?

પ્રક્ષાલ્યાऽક્ષતશીતરશ્મિસુધયા ગોશીર્ષગાઢદ્રવૈ-
ર્લિપ્ત્વાऽભ્યર્ચ્ય ચ સારસૌરભસુરસ્વર્ણપ્રસૂનૈઃ સદા ।
ત્વત્પાદૌ યદિ વાવહીમિ શિરસા ત્વત્કર્તૃકોપક્રિયા-
પ્રાગ્ભારાત્ તદપિ શ્રયાભિ ભગવન્નાપર્ણતાં કર્હિચિત્ ॥૧॥

“ હે ભગવન ! પૂર્ણચંદ્રના અમૃતવડે આપના ચરણ કમલોને ધોઈ, ગોશીર્ષ ચંદનના ગાઢ દ્રવ્યવડે વિલેપન કરી,

ઉત્તમ સુગંધવાળા દિવ્ય સ્વર્ણપુષ્પોથી પૂજીને હંમેશાં હું મારા મસ્તકે વારંવાર ધારણ કરું, તોપણ આપે કરેલા અનેક ઉપકારોના દેવામાંથી કોઈ દિવસ હું મુકત થઈ શકું તેમ નથી."

આ પ્રમાણે નરેંદ્રની કૃતજ્ઞતાથી પ્રસન્ન થયેલા શ્રી હેમચંદ્રસૂરિ બોલ્યા,

હે રાજન્! મેં તારો શો ઉપકાર કર્યો છે? જેથી આ પ્રમાણે તું બોલે છે.

તું જે દુઃખમાંથી મુકત થાય છે, તે તારા પુણ્યનો પ્રભાવ છે, કારણ કે; દીવો જે અંધકારનો નાશ કરે છે, તે તેના તેજનો જ મહિમા છે.

જેની પાસે હંમેશાં પુણ્યરૂપી સૂર્ય પ્રકાશે છે, તેની નજીકમાં કોઇ દિવસ આપત્તિરૂપ રાત્રિ બાળે ખરી?

અમારા વચનથી તે સર્વત્ર હિંસા નિષેધ કરાવ્યો, એ અમારા સર્વ ઉપકારનો બદલો તેં વાળી આપ્યો છે.

તારે કોઇપણ નિષ્કય બાકી રહ્યો નથી.

તેમજ દક્ષ, નીતિજ્ઞ, ધનાઢય અને શૂરવીર તો ઘણાએ હોય છે, પરંતુ પરદુઃખથી દુઃખીઆ તો આ જગતમાં કોઈક ઠેકાણે બે ત્રણ જ હોય છે.

આ વિષમ સમયમાં પ્રાણાંત દુઃખ સહન કરીને પણ તે જે જીવદયા વ્રત પાળ્યું છે, તે પ્રમાણે બીજો કોઈ સાધુપણ પાળી શકે નહીં.

દારિદ્ર અવસ્થામાં દાનની, રણસંગ્રામમાં પરાક્રમી અને પ્રાણ સંદેહમાં વ્રત પરીક્ષાની કસોટી થાય છે.

આવા દુઃસહ કષ્ટવડે પણ તું વીરભગવાનની આજ્ઞાથી ભ્રષ્ટ ન થયો, તેથી હે નૃપ! "પરમાર્હત" પરમ શ્રાવક એવું તને બિરુદ આપવામાં આવે છે.

ત્યારછી દેવતાઓને પણ દુર્લભ એવું તે બિરૂદ પામીને પોતાને કૃતાર્થ માનતો ધર્માત્મા રાજા રાજ મહેલમાં ગયો.

જયંતચંદ્ર રાજા

કાશી દેશમાં **વારાણસી** નગરી છે. તેમાં શ્રીમદ્ ગોવિંદચંદ્ર રાજાનો પુત્ર **જયંતચંદ્ર**નામે રાજા રાજ્ય કરે છે.

તેના પ્રતાપરૂપ સૂર્યથી અત્યંત તપેલા શંકરે મસ્તક પર ગંગાને ધારણ કરી છે, તેમજ કેશવે સમુદ્રમાં વાસ કર્યો અને બ્રહ્માએ કમલાસનનો આશ્રય લીધો.

તે જયંતચંદ્રનું રાજ્ય સાતસો યોજનમાં પ્રસરેલું હતું, જેથી તે અન્ય રાજાઓને કિંકર સમાન ગણતો હતો.

અનેક મદોન્મત હાથી, ઘોડા રથ અને પાયદળથી ભરપુર તેના સૈન્યને જોઈ લોકો ચક્રવર્તિના સૈન્યની શંકા કરતા હતા.

પોતાની પાસે અસંખ્ય સૈન્ય હોવાથી જયંતચંદ્ર ગંગા અને યમુનારૂપ યષ્ટિ-લાકડી વિના ચાલવાને અશકત હતો. તેથી **પંગુરાજ** એવા નામથી તે પ્રસિદ્ધ હતો.

માછલાંઓનું ભોજન કરવાથી તેના દેશમાં મોટી હિંસા થતી હતી, તે સાંભળી તેના નિષેધ માટે શ્રીકુમારપાલરાજર્ષિએ બુદ્ધિ પૂર્વક વિચાર કર્યો.

પછી ઉત્તમ શિલ્પિઓ બોલાવી તેમની પાસે સુંદર પટ-વસ્ત્ર પર શ્રીહેમચંદ્રસૂરિની મૂર્ત્તિ ચિતરાવી, તેની આગળ પોતાની પણ ભવ્ય મૂર્તિ ચિતરાંવી. તે પટ સાથે બે કરોડ સોનૈયા અને બે હજાર ઉત્તમ જાતિના ઘોડાઓ આપી પોતાના મંત્રીઓને શિખામણ આપી કાશી દેશમાં મોકલ્યા.

ચિત્રપટ સમર્પણ

વારાણસીમાં ગયા બાદ મંત્રીઓ વિચારમાં પડયા. આ નગરી મુકિતપુરી કહેવાય છે. છતાં પણ આ નગરના સર્વ લોકો માંસાહાર કરે છે

સમુદ્ર અથવા નદીના કીનારે રહેલા દેશ અથવા નગરમાં પ્રાયે માછલાઓનો આહાર હોવાથી લોકો નિર્દય હોય છે.

આ નગરની અંદર બાલગોપાલ સુધીના સર્વ લોકો જીવદયા પાળે તે દુષ્કર લાગે છે. કારણ કે, પ્રચંડ પવનમાં દીપ પ્રકાશન ખરેખર અશકય હોય છે. માટે પ્રથમ રાજના સર્વ મનુષ્યોને યથેચ્છિત સુવર્ણાદિક આપી પ્રયત્નથી સંતુષ્ટ કરવા. જેથી તેઓ આ પ્રમાણે રાજાની આગળ આપણી પ્રાર્થનાનો ભંગ કરે નહીં.

બુદ્ધિથી તેમણે પોતાની હોંશિયારીથી મંત્રીઓને સ્વાધીન કર્યા પછી તેઓ જયંતચંદ્ર રાજા પાસે ગયા. દર્શન કરી તેની આગળ સુવર્ણાદિક સર્વ ભેટ મૂકી, પછી ચિત્રપટ મૂકીને ત્યાં બેઠા.

કાશી નરેશ શ્રીકુમારપાલનું કુશલાદિક પૂછી તે ચિત્રપટ પોતાના હાથમાં લઈ આ શું છે ? એમ પૂછયું.

પ્રધાનોએ કહ્યું. હે રાજન ! રાજગુરુ શ્રીહેમચંદ્રસૂરિની આ મૂર્ત્તિ છે અને આ તેના સન્મુખ રહેલી અમારા રાજાની મૂર્ત્તિ છે.

હે સ્વામિ ! બહુ ભકિતવડે પોતાની અને પોતાથી પણ અધિક એવી આ શ્રીગુરુમૂર્ત્તિની ભેટ કરી શ્રીકુમારપાળ રાજા આપને જણાવે છે કે,

સર્વ વિદ્યારૂપ સાગરના પારગામી શ્રીહેમચંદ્રાચાર્ય મારા ગુરુ છે. જેઓ સર્વજ્ઞની માફક લોકોને પરમતત્ત્વનો બોધ આપે છે. તે ગુરુ પાસેથી અનુકંપામય ધર્મનો સ્વીકાર કરી મેં સ્વદેશમાં અને પરદેશમાં તેની શત્રુભૂત હિંસાનો નિષેધ કરાવ્યો છે.

દુર્ગતિનો માર્ગ બતાવનારી તે હિંસા તમારા નગરમાં બહુ થાય છે; એમ મારા સાંભળવામાં આવ્યું છે, તેથી તેના નિષેધ માટે આ મંત્રીઓને મેં મોકલ્યા છે.

હિંસાવિનાશ

હૃદયમાં વિચાર કરી મંત્રી બોલ્યો. હે રાજન્ ! દયા એ પુણ્યનું મુખ્ય કારણ છે. માટે પોતાના દેશમાં દુર્નીતિ સમાન હિંસાને તમે દુર કરાવો. એમ પોતાના મંત્રીની વાણીથી અને આશ્ચર્યકારક ચિત્રના

જોવાથી પણ સંતુષ્ટ થયેલો જયંતચંદ્ર રાજા પોતાની સભા સમક્ષ બોલ્યો.

આ ગૂર્જરદેશ વિવેકવડે બૃહસ્પતિ સમાન છે, એમ સર્વ લોકો કહે છે, તે યોગ્ય છે, કારણકે, જેની અંદર આવો દયાલુ રાજા રહે છે.

જીવરક્ષા પ્રવર્તાવવામાં તેણે કેવો સુંદર ઉપાય કર્યો છે ? પુણ્યમાં જેનું મન આતુર હોય છે, તેને જ હું ધન્ય માનુ છું.

તે પોતે દયા કરાવે છે અને એની પ્રેરણાથી પણ જો હું આ ન કરાવું તો મારી બુદ્ધિ કેવી ગણાય ?

એમ વિચાર કરી રાજાએ પોતાના દેશ અને નગરમાંથી સર્વ જળો મંગાવી, એક લાખ બેંશી હજાર જળો એકઠી થઈ. તેમજ બીજા પણ હિંસાનાં સાધન-હજારો શસ્ત્રાદિક ત્યાં મંગાવ્યાં.

સર્વ એકઠાં કરી શ્રીકુમારપાલના મંત્રીઓની સમક્ષ અગ્નિ સળગાવી બાળી નંખાવ્યા. પછી હિંસા બાળી નાંખી. એ પ્રમાણે સર્વ નગરમાં પટહધ્વનિથી ઉદ્‌ઘોષણા કરાવી અને જાલિકાદિકને હુકમ કર્યો કે,

ફરીથી હવે કોઈએ જાલ વિગેરે હિંસાનાં સાધન બનાવવાં નહીં.

ત્યારબાદ શ્રીકુમારપાળે મોકલેલી ભેટથી દ્વિગુણ બહુ સુંદર ભેટ આપીને કાશી રાજાએ તે મંત્રીઓને વિદાય કર્યા. તેઓ પોતાના નગરમાં આવ્યા.

શ્રીહેમચન્દ્રાચાર્યની આગળ બેઠેલા શ્રીકુમારપાળને નમસ્કાર કરી મંત્રીઓએ ભેટ મૂકી કાશીરાજાનું સર્વ વૃત્તાંત નિવેદન કર્યું.

રાજાના તે અદ્‌ભૂત કાર્યવડે ગુરુમહારાજ બહુ ખુશી થયા. પછી ધર્મના ઉત્સાહ માટે તેમણે શ્રીકુમારપાળની પ્રશંસા કરી.

भूयांसो भरतादयः क्षितिधवास्ते धार्मिका जज्ञिरे,
नाऽभून्नो भविता भवत्यपि न वा चौलुक्य ! तुल्यस्तव ।
भक्त्या क्वाऽपि धिया क्वचिद् घनधनस्वर्णादि दत्वा क्वचिद्,
देशे स्वस्य परस्य च व्यरचयज्जीवावनं यद् भवान् ॥ १ ॥

હે ચૌલુકય ! ભરતાદિક ધાર્મિક રાજાઓ ઘણાએ પ્રસિદ્ધ થઈ ગયા, પરંતુ તારા સરખો કોઇ થયો નથી, કોઈ થવાનો નથી અને વર્તમાનમાં પણ કોઈ નથી. કારણકે,

તેં સ્વદેશ અને પરદેશમાં પણ કોઈ ઠેકાણે ભક્તિ-બહુમાન વડે, કોઈ ઠેકાણે બુદ્ધિવડે અને કોઇ ઠેકાણે બહુ દ્રવ્ય સુવર્ણાદિકના દાનવડે જીવરક્ષા કરાવી છે." માટે હે નરેંદ્ર ! તું દયાધર્મ પાળવા અને પળાવવામાં મુખ્યતા ધરાવે છે.

મોહરાજા

કરૂણારસમાં લુબ્ધ થયેલા શ્રીકુમારપાળ નરેંદ્રને જોઈ સપત્ની-શોકયની માફક હિંસા પોતાના મનમાં ઈર્ષ્યા કરવા લાગી.

રાજાના હૃદયમાં, ઘરમાં, નગરમાં, દેશમાં અને પૃથ્વીમાં કોઈ-પણ જગાએ તેણીને રહેવાનું સ્થાન ન મળ્યું, જેથી તે હિંસા પોતાના પિતા **મોહરાજાની** પાસે ગઈ.

સભામાં બેઠેલા મોહરાજાએ 'આ મારી પુત્રી છે, એમ ન ઓળખવાથી અજ્ઞાતની માફક પૂછયું.

का त्वं ? सुंदरि ! मारिरस्मि तनया ते तात ! मोह ! प्रिया,
किं दीनेव ? पराभवेन स कुतः ? किं कथ्यतां कथ्यताम् ।
हेमाचार्यगिरा परार्ध्यगुणवान् हृद्वक्त्रहस्तोदरा-
न्मामुत्तार्य कुमारपालनृपतिः पृथ्वीतलादाकृषत् ॥ १ ॥

હે સુંદરિ ! તું કોણ છે ?

હે તાત ! મોહ ! હું તમારી વહાલી પુત્રી હિંસા છું.

મોહ બોલ્યો. આવી દીન જેવી કેમ થઇ છે ?

પુત્રી બોલી. મારો પરાજય થયો છે, જેથી હું આવી દશામાં આવી પડી છું.

પરાજય કોણે કર્યો અને તે થવાનું શું કારણ ? તું જલદી બોલ.

હિંસા બોલી. શ્રીહેમચંદ્રસૂરિના ઉપદેશથી ઉત્તમ ગુણવાન શ્રીકુમાર-પાલભૂપતિએ હૃદય, મુખ, અને હાથમાંથી મને ઉતારી ભૂતલમાંથી કાઢી મૂકી છે."

એમ હિંસાની વાણી સાંભળી એકદમ મોહરાજાના હૃદયમાં કોપજ્વાલા પ્રગટ થઈ અને તે બોલ્યો,

હે વત્સે ! તું ફિકર કરીશ નહીં, તારા શત્રુઓને હું રોવરાવીશ. હાલમાં આ રાજા અન્યને છેતરનાર લિંગધારીઓના વાકયોવડે તારી ઉપર વિરક્ત થયો છે, તેથી તને દેશવટો આપ્યો છે.

તેમજ તે રાજા શ્રીહેમચન્દ્રાચાર્યના પ્રભાવથી અતિશય પ્રભાવિક થયો છે, પરંતુ પોતાની શક્તિવડે હું તેને ધીમે ધીમે ધર્મસંશયમાં નાખી દઈશ.

હવેથી હું તારો કોઈ એવો વર ઉભો કરીશ કે; જે તારૂં એક છત્રપણું પૂર્વની માફક વિસ્તારશે. ઈત્યાદિ વચનો વડે પોતાની પુત્રી–હિંસાને મહામુશીબતે શાંત કરી મોહરાજાએ તેને પોતાની પાસે સ્થાપન કરી.

એ પ્રમાણે ઉત્કટ દયારૂપ સુધારસવડે પ્રાણીઓને જીવાડતો, તેમના આશીર્વાદવડે જેમ હંમેશાં સર્વ સમૃદ્ધિઓવડે પોતાની વૃદ્ધિ કરતો.

શ્રીહેમચન્દ્રાચાર્યના સદુપદેશવડે તત્ત્વપ્રકાશના ઉદયથી વિલાસ કરતો અને પ્રાણી રક્ષક પુરુષોમાં ચૂડામણિ સમાન શ્રીકુમારપાલ નૃપચંદ્ર પ્રસિદ્ધ થયો.

વિમલચિત્તનગર

અન્યદા શ્રીહેમચંદ્રસૂરિના ઉપાશ્રયની પાસે ક્રીડા કરતી કોઈ ઉત્કૃષ્ટ કન્યાને જોઈ શ્રીકુમારપાળરાજા મનમાં વિચાર કરવા લાગ્યો.

અતિ સુકોમલમૂર્તિને ધારણ કરતી, અત્યંત પ્રભાવને વહન કરતી,
સ્નિગ્ધ સ્વભાવવડે સર્વજગતને પણ આનંદ આપતી,
શ્રેણી ગુણોનો નિધાન અને નિર્દોષ સ્વભાવવાળી,
આ દેવકન્યા સમાન મને પ્રીતિ કરનારી કોણ વિલાસ કરે છે?

વળી સ્વાધીન સુખના અંકુર સમાન આ કન્યાને જે પુરુષ દૃષ્ટિગોચર કરે છે, તેનું પુણ્ય પણ મનુષ્યોમાં હું બહુ દુર્લભ માનું છું.

ત્યારબાદ રાજાએ સૂરીશ્વરને પૂછયું.

હે પ્રભો! દ્વારમાં આ કન્યા કોણ છે? અને મારા મનને શાથી તે આનંદ આપે છે? કન્યા પ્રત્યે નરેંદ્રનો ઘણો પ્રેમ જોઈ શ્રીહેમચંદ્ર-સૂરિએ મૂળથી આરંભી તેની ઉત્પત્તિ કહેવાનો પ્રારંભ કર્યો.

સદ્ગુણોનું સ્થાન **વિમળચિત્ત** નામે નગર છે. જેની ચારે બાજુએ **વિનય** નામનો મોટો કિલ્લો છે અને **મર્યાદા** નામે ખાઈ છે.

તેમાં **અર્હદ્ધર્મ** નામે રાજા છે. જેની આજ્ઞા સુર, અસુર અને નરેંદ્રો પોતાના મસ્તક પર માળાની માફક ધારણ કરે છે. એટલું જ નહીં પણ પોતાની સેવામાં રસિક અને લોકોત્તર વૈભવને સંપાદન કરતો જે રાજા લોકોમાં 'સુસ્વામી' એવી પ્રસિદ્ધિને ધારણ કરે છે.

પુત્રીખેદ

અર્હદ્ધર્મરાજાને **વિરતિ** નામે સ્ત્રી છે. તે નિર્દોષત્વનું એક મંદિર છે.

સૌમ્યતાવડે પ્રસિદ્ધ **શમ, દમાદિક** તેના પુત્રો છે. શુદ્ધબુદ્ધિ-દાયક **સિદ્ધાંત** નામે મંત્રી છે.

અન્યાયી શત્રુઓ જેને ભેદવાને કોઈ પણ સમયે શક્તિમાન થતા નથી.

શત્રુઓને ચુરવામાં દીક્ષિત થયેલો **શુભધ્યાન** નામે સેનાપતિ છે.

તાત્કાલિક સિદ્ધિ કરનાર **સમ્યક્ત્વ** વગેરે તેના સૈનિકો છે.

અખિલ વિશ્વને પોતાની આજ્ઞાને સ્વાધીન કરી ધર્મરાજાને સુખવિલાસ કરતાં વિરતિ સ્ત્રીને વિષે ઉન્નતિનું કારણ કરૂણા નામે એક પુત્રી થઇ. તેના જન્મથી તેનાં માતાપિતા બહુ ખેદાતુર થયાં.

તે જોઈ પુત્રીના પિતામહ-દાદા **સર્વજ્ઞ** શ્રીજિનેશ્વર ભગવાન બોલ્યા.

પુત્રી જન્મી એમ જાણી તમે બંને જણ હૃદયમાં શામાટે ખેદ કરો છો?

આ પુત્રી વિશ્વનું જીવન હોવાથી પુત્રથી પણ અધિક સ્તુત્ય થશે. પુત્રીને માટે લોકો વૃથા ખેદ કરે છે, કારણ કે, સૂર્ય અને અગ્નિ પોતાના પુત્ર શનિ અને ધૂમવડે હજુ સુધી પણ તાપ છોડતા નથી.

સરસ્વતીએ લોકપ્રિય ગુણોવડે પોતાના પિતાને પ્રસિદ્ધ કર્યો. તેમજ આ પુત્રી તમને પણ વિખ્યાત કરશે. વળી આ પુત્રી જેને વરશે, તે પુરુષને પણ કમલા જેમ વાસુદેવને તેમ ખરેખર ઉત્તમ પ્રતિષ્ઠાપાત્ર કરશે.

એ પ્રમાણે તેનો પ્રભાવ સાંભળી માતા પિતાએ વૃદ્ધિ પમાડેલી કરૂણા ચંદ્રકલાની માફક તેમના માનસિક પ્રમોદસાગરને વધારવા લાગી.

સમલચિત્ત નગર

સમલચિત્ત નામે નગર છે. તેની નજીકમાં **દુર્ગ**નામે કિલ્લો છે. કિલ્લાની આજુબાજુએ **દુષ્ટસેવા** નામે મોટી ખાઈ છે,

તે નગરની અંદર દુષ્ટ આશયવાળો **મોહનામે** રાજા છે. યમની માફક તેના ભયથી સર્વ જગત કંપે છે.

તેની અવિરતિ નામે સ્ત્રી છે. તેની કુક્ષિથી ઉત્પન્ન થયેલા વિશ્વને દુર્જય એવા **ક્રોધાદિક** પુત્રો છે. અને **હિંસા** નામે એક તેને પુત્રી છે.

મિથ્યાશ્રુત મંત્રી, દુર્ધ્યાન સેનાપતિ અને દુર્વારપરાક્રમવાળા **મિથ્યાત્વાદિક** તેના સૈનિકો ગર્જના કરી રહ્યા છે.

હવે ધર્મરાજાનું વૃદ્ધત્વ હોવાથી મદોન્મત્ત મોહરાજાએ તેનો પરાજય કરી કુટુંબ સહિત તેને પોતાના સ્થાનમાં કાઢી મૂક્યો.

આમ તેમ ફરતો તે ધર્મરાજા અહીં તારો ઉદય જોઈ આપણા આશ્રમમાં આવી હાલમાં સુખેથી રહ્યો છે અને કૃપા–દયાનામે એની પુત્રી યોગ્ય પતિ નહીં મળવાથી પરણ્યા વિનાની તે રહેલી છે.

હે દેવ ! હાલમાં તે કન્યા દ્વારમાં રહેલી તેં જોઈ, એણીના સૌંદર્યની સંપત્તિનું આથી બીજું શું વર્ણન કરીએ ?

મોહવલ્લી સમાન જેણીએ મોટા મહાત્માઓને પણ વશ કરેલા છે. આ કૃપા–દયાને પ્રિયા–સ્ત્રી કરવાને ભાગ્યવાન જ શકિતમાન થાય છે.

સામાન્ય પુરુષ કોઈપણ સમયે કલ્પવલ્લીને શું સ્વાધીન કરે છે ?

એ પ્રમાણે ગુરુ મુખથી કૃપાની મહત્તા સાંભળી શ્રીકુમારપાલરાજા બહુ પ્રસન્ન થયો. "શ્રેષ્ઠ વસ્તુને વિષે કોણ નિઃસ્પૃહ હોય ?"

સુમતિદૂતી

તેણીના વિરહની વ્યાપ્તિથી વ્યાકુલ થયેલા ભૂપતિએ કરૂણા પ્રત્યે તેની પ્રાર્થના માટે પોતાની **સુમતિ** દૂતીને મોકલી.

દૂતી કરૂણાની પાસે જઈ હાથ જોડી ઉત્સાહ પૂર્વક શર્કરા સમાન મિષ્ટ વચન બોલવા લાગી.

ચુલુકયવંશરૂપી સાગરમાં કૌસ્તુભરત્ન સમાન **શ્રીમાન** કુમારપાળ નામે ગૂર્જરદેશનો રાજા આ નગરમાં રહે છે.

જે રાજા એકાકી છતાં પણ પૃથ્વીમાં પર્યટન કરી કળાવાન પુરુષોની સેવાવડે સમગ્ર કલાઓ પ્રાપ્ત કરીને પૂર્ણેન્દુ સમાન દીપે છે. તેમજ તેના સદ્ગુણોવડે વશ થઈ હોય તેમજ ગૂર્જરદેશની રાજ્યશ્રી પોતે જ આવીને ભાગ્યશાળીની સેવામાં રહેલી છે.

પરાક્રમી રાજાઓનો અભિમાન ઉતારનાર જે રાજા દ્યુત–જુગારમાં પાસાઓ વડે જેમ દિગ્વિજયમાં પ્રથમ ઉખાડીને આરોપિત કરેલા રાજાઓ ક્રીડા કરે છે.

કારૂણ્યનો એક સાગર અને હૃદયમાં સમ્યક્ત્વને ધારણ કરતો જે રાજા આલોકમાં ' પરમાર્હત ' એ પ્રમાણે પંડિતો વડે હંમેશાં અતિશય ગવાય છે.

દોષ રહિત વિદ્યાદ્વિક ગુણોવડે વરોમાં શિરોમણિ સમાન તે શ્રીકુમારપાલરાજા હાલમાં પાણિગ્રહણ માટે તારી પ્રાર્થના કરે છે.

માટે હે ભદ્રે ! વિશ્વને રંજન કરનાર આ રાજાને પરણી ચંદ્ર સાથે કૌમુદી જેમ હર્ષ સહિત તું સ્વેચ્છા પ્રમાણે તેની સાથે ક્રીડા કર.

કરૂણાદૌર્મનસ્ય

નાકની ટીસી ભરડી શ્રીકુમારપાલ ઉપર અરૂચિ જણાવતી કરૂણા તે દૂતી પ્રત્યે બોલી. રાજાની સ્તુતિ કરી તું શું મને છેતરે છે ?

રાજા સાથે સ્ત્રીઓનો વિવાહ સુખદાયક થતો નથી. રાજા પરણીને બહુ સ્ત્રીઓ પર રકત થઈ પ્રાયે પૂર્વ ભવના વૈરીની માફક ફરીથી સ્ત્રીના સન્મુખ જોતો નથી.

કુંવારી જ સ્ત્રી સારી અથવા દીક્ષા લેવી સારી, પરંતુ બહુ શોકચેાના દુઃખથી પીડાયેલી રાજાની સ્ત્રી સારી નહીં.

જો રાજાને જ વરવાની મારી ઈચ્છા હેાત તેા ત્રણ લેાકમાં પ્રસિદ્ધ લક્ષ્મીવાળા રાવણાદિક રાજાઓને શા માટે હું ન વરત ? માટે પતિ અથવા પુત્ર રહિત સ્ત્રીનું ધન, હિંસા અને દ્યુતાદિક વ્યસનેાનેા ત્યાગી તેમજ સત્યાદિ ગુણેાનેા ભંડાર જે હેાય, તે જ પુરુષ મારેા પતિ થાય.

એ પ્રમાણે કૃપાનું વચન સાંભળી " રાજાની ઇચ્છા કંઇક પલ્લવિત થશે " એ પ્રમાણે પેાતાના હૃદયમાં જાણતી દૂતી પ્રમુદિત થઈ ફરીથી બેાલી.

હે ભદ્રે ! આ કાર્ય સિદ્ધ થયું, કારણકે, તારા કહેવા પ્રમાણે ગુણવાન આ ભૂપતિ ખરેખરે તારેા પતિ થવાને લાયક છે.

અભક્ષ્યાદિક વસ્તુનેા ત્યાગ કરી તારી પ્રીતિને માટે જેમ સ્વદેશ અને પરદેશમાં આ રાજાએ હિંસાદિકનેા ત્યાગ કરાવ્યેા છે.

ત્યારપછી શ્રીકુમારપાલને પેાતાને ઉચિત માની લજ્જાને સ્વાધીન થઈ કૃપા પ્રસન્ન થઈ બેાલી. આ વાતમાં હું કંઇ જાણું નહી, પરંતુ સર્વ હકીકત મારા પિતા જાણે.

કૃપા પરિણયન

દૂતી ત્યાંથી નીકળી શ્રીમાન કુમારપાળરાજા પાસે આવી. કૃપાનું વૃત્તાંત નિવેદન કર્યું.

ગૂર્જરેંદ્ર આ વાત સાંભળી પેાતાને સ્વર્ગ મળ્યું હેાય તેમ બહુ ખુશી થયેા.

ત્યારપછી ભૂપતિએ તે વૃત્તાંત પેાતાના ગુરુ શ્રીહેમચંદ્રસૂરિને કહ્યું. સૂરીશ્વરે બેાધ કરી શ્રીધર્મરાજાની પાસેથી શ્રીકુમારપાલને તે કન્યા અપાવી.

ત્યારબાદ શુભલગ્ન સમયે શુભ ભાવરૂપી જળવડે જેણે સ્નાન કર્યું.

અભિગ્રહ રૂપ અનેક વસ્ત્રો પહેર્યાં. **સત્કીર્તિ** રૂપ ચંદનનો લેપ કર્યો.

સદાચારરૂપી છત્ર ધારણ કર્યું.

હૃદયમાં **સમ્યક્ત્વ** રત્ન ધારણ કર્યું.

દાનરૂપી કંકણથી હસ્ત સુશોભિત કર્યા અને

સંવેગ હાથીપર આરૂઢ થઈ શ્રીકુમારપાલ ભૂપતિ પોતાના ઘેરથી નીકળ્યો.

તે સમયે **બારવ્રતના** ભંગ-ભાંગા રૂપ જાનૈયાઓ તેમની પાછળ ચાલતા હતા.

ભાવના રૂપ અદ્ભુત નારીઓ ધવલ મંગલ ગીતો ગાતી હતી.

ક્ષમારૂપ ભગિની લુણ ઉતારતી હતી.

આ પ્રમાણે રાજા પોતાના ઘેરથી નીકળી અનુક્રમે **પૌષધાલયમાં** આવ્યો.

વિરતિ રૂપ સાસુએ ત્યાં આવી પોંખણાનો આચાર કર્યો.

શમાદિક માળાઓએ બતાવેલા માર્ગે થઈ અંદર પ્રવેશ કર્યો.

મૃદુતારૂપ જલ વડે નવરાવેલી,

શીલરૂપ ઉત્તમ વસ્ત્ર, **સત્યમય** કંચુક,

બંને ઉત્તમ **ધ્યાન** રૂપ કુંડલ,

પ્રભાવિક **નવપદ** રૂપ હાર અને વિવિધ તપના ભેદ રૂપ **મુદ્રિકાઓ** પહેરાવી પોતાની પુત્રી કૃપાને ધર્મરાજા ત્યાં લાવ્યા.

ત્યારબાદ **અર્હદ્દેવની** સાક્ષિએ અપાર પ્રેમ સાગરમાં મગ્ન થયેલ શ્રીકુમારપાલરાજાએ **કરૂણાનું** પાણિગ્રહણ કર્યું.

કરૂણાએ હસ્તકમલવડે સ્પર્શ કરેલો, પોતાનો હસ્ત જોઈ તેને ધન્ય માનતો ગૂર્જરેંદ્ર મનમાં બોલ્યો.

હે હસ્ત! અન્ય કાર્યનો ત્યાગ કરી તેં જે શ્રીમાન્જિનેશ્વર ભગવાનની પૂજા કરી તેના પ્રભાવથી જ આ **શ્રીકરૂણા**દેવીના હસ્તનો સ્પર્શ તને પ્રાપ્ત થયો.

બીજાઓને દુષ્પ્રાપ્ય એવો આ શ્રીકરૂણાદેવીનો હસ્તકમલ પામીને તેં પોતાનું દક્ષિણત્વ-ચાતુર્ય=વામેતરત્વ બંને પ્રકારે બતાવ્યું.

શાસ્ત્રમાં કહેલા શ્રાવકના ગુણરૂપી **કલશશ્રેણિ-ચોરી** કરીને
વિચારરૂપ ભવ્ય તોરણોથી શણગારેલી
શ્રદ્ધામય વેદી ઉપર
પ્રબોધ રૂપ અગ્નિમાં

તત્વરૂપ ઘીનો હોમ કરી પૂજ્ય ગુરુશ્રીએ વધૂ સહિત રાજાને વેદિકાની પ્રદક્ષિણા કરાવી.

પછી હસ્ત મોચન સમયે **ધર્મ**રાજાએ **જમાઈ**ને સૌભાગ્ય-સર્વજીવ **પ્રિયત્વ, દીર્ઘાયુષ** અનેક પ્રકારનું બલ અને **સૌખ્ય** આપ્યું.

એ પ્રમાણે વિવાહ મંગલનો મહોત્સવ પૂર્ણ થયા બાદ શ્રીમાન્ કુમારપાળે ગુરુમહારાજના ચરણકમલમાં પ્રણામ કર્યો.

સૂરીશ્વરે રાજર્ષિને આશીર્વાદ આપ્યો.

या प्रापे न पुरा निरीक्षितुमपि श्रीश्रेणिकाद्यैर्नृपैः,
कन्यां तां परिणायितोऽसि नृपते ! त्वं धर्मभूमीशितुः ।
अस्यां प्रेम महद्विधेयमनिशं खण्डयं च नैतद्वचो-
यस्मादेतदुरुप्रसंगवशतो भावी भृशं निर्वृतः ॥१॥

હે નરેંદ્ર ! પૂર્વકાલમાં શ્રીમાન શ્રેણિકાદિ મહારાજાઓએ જેનું દર્શન પણ કર્યું નહોતું, તે શ્રીધર્મરાજાની કન્યા તને પરણાવી છે.

એની ઉપર તારે હંમેશાં બહુ પ્રેમ રાખવો અને કોઈ દિવસ એના વચનનું ખંડન કરવું નહીં.

કારણ કે, એનો બહુ પ્રસંગ કરવાથી તું અનંત સુખ પામીશ"

ત્યારબાદ શ્રીકુમારપાળરાજા ગુરુને નમસ્કાર કરી પોતાના ઘેર ગયા અને તેજ સમયે વિધિપૂર્વક **કરૂણાદેવી**ને પટ્ટરાણીનું સ્થાન આપ્યું.

સર્વોત્કૃષ્ટગુણો વડે ચિત્તને આનંદ આપતી કરૂણાને જોઈ રાજા પોતાના સ્વભાવની માફક કોઇપણ સમયે તેને છોડતો નહોતો.

ધર્મરાજ સ્થાપના

પોતાના પતિને અતિપ્રસન્ન થયેલા જાણી શ્રીકરૂણાદેવી બોલી.

હે પ્રિય! મોહરાજાનો પરાજય કરી ફરીથી મારા પૂજ્ય પિતાશ્રીને તેમના પવિત્ર સ્થાનમાં બેસારો.

એમ શ્રીકરૂણાદેવીનું વચન સાંભળી શ્રીકુમારપાલરાજાએ તેજ વખતે શ્રીમાન ધર્મરાજા સાથે વિચાર કરી **સદ્ધ્યાન**રૂપી પોતાના સેનાપતિ પાસે તેના સમગ્ર સૈનિકોને તૈયાર કરાવ્યા.

ત્યારબાદ ભગિનીપતિ–બનેવીની સહાયથી ધર્મરાજાના પુત્ર **શમાદિક** ગ્રીષ્મઋતુમાં સૂર્યકિરણ જેમ તેજસ્વી થઈ કુદવા લાગ્યા.

ઔચિત્યરૂપ છત્ર, **ન્યાય** અને **સદાચાર**રૂપ ઉત્તમ ચામર, **સત્યરૂપ** બકતર અને **જ્ઞાન** તથા **તપ** આદિક આયુધને ધારણ કરી શત્રુઓને ઉચ્છિન્ન કરવાની અભિલાષાવાળા **શમાદિક** મોટા પરિવાર સહિત શ્રીધર્મરાજા શ્રદ્ધારૂપ હાથીપર બેઠો.

તેમજ **યોગ**વડે ગુપ્ત છે અંગ જેના,
જિનાજ્ઞાને મસ્તકે વહન કરતો,
સત્વરૂપ બ્હગને વહન કરતો,
શુદ્ધબ્રહ્માસ્ત્રવડે દેદીપ્યમાન છે કાંતિ જેની,
વિવેકરૂપ પ્રચંડ ધનુષ, **મૂલ** ગુણ અને **ઉત્તરગુણરૂપી** બાણ,
ભાવનારૂપ અદ્ભુત શસ્ત્રી–છૂરિકા તેમજ
માધ્યસ્થ્યરૂપ તીક્ષ્ણભાલાને ધારણ કરતો,
વળી શ્રીમાનહેમચંદ્રસૂરિએ કરી છે રક્ષા જેની અને
સર્વસાધુઓએ આપ્યો છે આશીર્વાદ જેને એવો શ્રીયુતકુમારપાલ ભૂપતિ સાક્ષાત્ **પરાક્રમ**ની મૂર્ત્તિ હોયને શું? તેમ **વૈરાગ્ય**રૂપ હાથીપર આરૂઢ થયો.

શ્રેષ્ઠ દિવસે સૈન્ય સહિત **શ્રીધર્મરાજા**ની સાથે ગુર્જરેંદ્ર **મોહરાજા**ને જીતવા માટે મનવડે પ્રયાણ કર્યું.

તે સમયે **માર્દવ, આર્જવ, સૌમ્યત્વ, વિનય** અને **અભિગ્રહ** વિગેરે તેના મુખ્ય સુભટ થયા.

મોહપુરની નજીકમાં જઈ કોઈપણ સ્થલે નિવાસ કરી શ્રીમાન

કુમારપાલે બંનેનો અભિપ્રાય જાણી પોતે ઉત્તર આપે અને સંદિષ્ટ કાર્ય સિદ્ધ કરે એવા **જ્ઞાનદર્પણ** નામે દૂતને મોહરાજા પાસે મોકલ્યો.

જ્ઞાનદર્પણ રાજદ્વારમાં ગયા. **દુર્જ્ઞાનવેત્રી**-છડીદાર તેને આગળ કરી મોહરાજાની સભામાં લઈ ગયો.

મોહરાજ અને જ્ઞાનાદર્શદુત.

શારીરિક તેજવડે દુર્ધર્ષ, ઉત્કૃષ્ટ વૈભવથી વિરાજીત, દુષ્ટ દૃષ્ટિ વિષ સર્પની માફક દૂરથી પણ દુઃખે જોવાલાયક, જગતનો જય કરવામાં ઉદ્ધત એવા **ક્રોધાદિક** પુત્રોવડે યુક્ત, અનુચિત વંઠ સમાન ઉલ્લંઠ એવા **મિથ્યાત્વાદિ** સુભટોથી પરિવૃત અને સાક્ષાત્ ત્રાસની મૂર્ત્તિ હોયને શું ? તેમ મનથી પણ નહી જીતાય તેવા **મોહ મહારાજને** જોઇને પણ **જ્ઞાનાદર્શદુત** કિંચિત્ માત્ર પણ ભય પામ્યો નહીં અને પોતાને કહેવા લાયક વચન બોલ્યો.

રે મોહ ! પ્રથમ સૈન્ય સહિત તારો જેણે પરાજય કર્યો હતો, તે **શ્રીહેમચંદ્રસૂરિ**ના ચરણકમલમાં ભ્રમર સમાન **શ્રીકુમારપાળ-રાજા** તને જીતવા માટે તારા નગરની પાસમાં આવેલો છે અને એણે મને અહીં મોકલ્યો છે.

મારે તને એટલું જણાવવાનું છે કે, સમગ્ર જગતને આક્રમણ કરી ઉન્મત્ત થયેલા તેં શ્રીમાન્ ધર્મરાજાને પોતાના સ્થાનમાંથી ભ્રષ્ટ કર્યો છે. તેથી તે નિરાશ થઈ **શ્રી હેમચંદ્રસૂરિ** પાસે આવ્યો.

સૂરીશ્વરના વચનથી પોતાની પુત્રી કૃપા તેણે ચૌલુક્યરાજા સાથે પરણાવી છે.

હવે કૃતજ્ઞતાને લીધે તે શ્રીકુમારપાલરાજા પોતાના સસરાને પુનઃ રાજ્યાભિષેક કરવાનો પ્રયત્ન કરે છે.

કારણ કે, "સત્પુરુષોની રીતિ પ્રીતિને વધારવા માટે એવી જ હોય છે."

તેમજ પોતાના સૈન્ય સાથે શ્રીમાન **ધર્મરાજા** પણ જયની ઇચ્છાથી તેની પાસે આવેલો છે, માટે જલ્દી તું ત્યાં આવી તેની આજ્ઞાનો સ્વીકાર કર.

નહિ તો હાથી મૂળ સહિત વૃક્ષને જેમ શ્રીયુત કુમારપાલરાજા સૈન્ય સહિત તારો ક્ષણમાત્રમાં જરૂર નાશ કરશે.

આ પ્રમાણે દૂતનું વચન સાંભળી મથન કરાતા સમુદ્રની માફક સર્વ સભા ખળભળી ઉઠી અને **ગર્વ**વડે આંધળા થયેલા **ક્રોધાદિક** યોદ્ધાઓ બોલ્યા.

રે રે!! ખરની માફક વાચાલ આ કોણ મૂર્ખ અહીં આગળ ભુંકે છે?

ગરદન પકડીને ખૂબ જોરથી એને મારો.

શું જોઈ રહ્યા છો?

ત્યારપછી **મિથ્યાત્વાદિ** સુભટો તેને મારવા માટે ઉઠયા.

તેમને નિવારણ કરી શ્રીમાન **મોહરાજાએ** દૂતને કહ્યું.

રે રે! અધમ! જગતને જિતનાર હું અહીં ઇંદ્રની માફક આનંદ કરૂં છું, તો તારા હેમચંદ્રસૂરિએ કયા મોહનો પરાજય કર્યો? તે તું કહે તો ખરો!

વળી આ **કુમારપાલરાજા** સંગ્રામની ઇચ્છાથી અહીં આવ્યો છે, તે યોગ્ય છે. કારણ કે, આ અતિ મૂઢરાજા અનર્ગલ-પ્રચંડ મારા ભુજબલને જાણતો નથી. પરંતુ જેને મેં પોતાના બલવડે નપુંસકની માફક સ્થાન ભ્રષ્ટ કરેલો છે, તે ધર્મરાજા શું મુખ લઇ અહીં આવ્યો છે!

પ્રથમ મેં એને વૃદ્ધત્વને લીધે જીવતો મૂકયો હતો. હાલમાં યુદ્ધ યજ્ઞની અંદર પ્રથમ આહુતિ એની જ હું કરીશ.

ધર્મરાજા બહુ વૃદ્ધ હોવાથી મરવાને તૈયાર થયો છે, તે ઘટિત છે, પરંતુ પારકાને માટે આ તારો રાજા મૂર્ખની માફક શા માટે મરવાની ઈચ્છા કરે છે?

ઠીક હું સમજી ગયો કે, ધર્મપુત્રીકરુણાના કહેવાથી પિતા ધર્મ-રાજાના સ્થાનમાં આ રાજા વગર મોતે મરે છે.

બહુ ખેદની વાત છે કે, સ્ત્રીને સ્વાધીન થયેલા પુરુષોની બુદ્ધિ કેટલી?

આ લોકો મારા હાથે મરવાના છે, એ પ્રકારની વિધિએ લખેલો પોતાનો લેખ સત્ય કરવા માટે આ અહીંઆં આવ્યા, તે યોગ્ય કર્યું છે.

રે દૂત ! હું તારી પાછળ યુદ્ધ કરવા માટે જરૂર આવું છું. રણસંગ્રામની અંદર ધર્મરાજા અને તારા સ્વામીને પણ તું બતાવજે.

એ પ્રમાણે મોહનો પ્રત્યુત્તર સાંભળી દૂત ત્યાંથી વિદાય થયો.

ત્યારપછી ભયંકર ભ્રકુટી ચઢાવી **મોહરાજાએ દુર્ધ્યાન** સેનાપતિની પાસે પોતાનું સૈન્ય તેજ વખતે તૈયાર કરાવ્યું.

સ્ફુરણાયમાન **માત્સર્યથી** બનાવેલા બખ્તરને શરીરે ધારણ કરતો **પરસ્ત્રીરૂપ** દુષ્કૃત્ય અને પ્રમાદઆદિક અસ્ત્રોથી વિભૂષિત મોહરાજા **નાસ્તિકતારૂપ** હસ્તીપર બેસી **અન્યાય વાચાલ** અને **કુશાસ્ત્રરૂપ** પ્રધાનાદિક સહિત શત્રુઓને જીતવા માટે ચાલ્યો.

કુમારપાળ અને મોહરાજાનું યુદ્ધ

મોહરાજા બહુ જોસથી યુદ્ધમાં ચાલ્યો, ત્યારે બહુ પ્રકારની સુંદર ચેષ્ટાઓ કરતા **સ્તબ્ધત્વ, અનાર્જવ, ક્રૌર્ય, નિંદા** અને **વ્યસન** વિગેરે ઘણા સુભટો તેની આગળ ચાલતા હતા. તેમજ ક્રૌધાદિક ઘણા તેના પુત્ર અને શત્રુઓનો ગ્રાસ કરવામાં જ તૈયાર થયેલા **મિથ્યાત્વાદિ** યોદ્ધાઓ તેની પાછળ ચાલ્યા.

શ્રીમાન કુમારપાળરાજાના સૈન્યની આ બાજુએ પોતાના લશ્કરનો પડાવ કર્યો. પછી મંત્રી તથા પોતાના પુત્રોને બોલાવી મોહરાજાએ કહ્યું.

અહો ! આ એક આશ્ચર્ય છે, તમે જીવતા છતાં કેમ દેખતા નથી ! પુરુષોમાં પશુશમાન કોઈક કુમારપાળ મને પણ જીતવાની ઇચ્છાય કરે છે.

અહો ! ઇંદ્રાદિક પણ જેના દાસ થઈ રહ્યા છે, તેની સાથે હાલમાં આ માણસ યુદ્ધ કરવા તૈયાર થયો છે. દૈવનું કાર્ય તો જુઓ.

વળી મને આ એક મોટી ચિંતા છે કે, ત્રણે લોકના બળને હરણ કરનાર આ મારી ભુજા મનુષ્ય કીટને કેવી રીતે મારશે ?

એ પ્રમાણે શ્રીકુમારપાળભૂપાલની અવજ્ઞા કરવામાં તત્પર થયેલા પોતાના સ્વામીને જોઈ મિથ્યાશ્રુતનામે મંત્રીએ તેને સમયોચિત ઉપદેશ આપ્યો.

હે દેવ ! **મનુષ્ય કીટ**, એમ બોલી તું રાજર્ષિનું અપમાન કરીશ નહીં. મેં લોકમુખથી સાંભળ્યું છે કે,

આ શ્રી કુમારપાળરાજા કોઈપણ પરમાત્માનો અંશ છે.

વળી મારો મહિમા જાણે છે છતાં પણ જે તમારા શત્રુને સાથે લઈ તમારી સાથે યુદ્ધ કરવા આવ્યો છે તે સામાન્ય કેમ હશે?

તેમજ હે સ્વામિ! તમારી પુત્રી **હિંસાને** એણે દેશ બહાર કાઢી મૂકી છે, તે તમે જુઓ છો.

અને **દ્યુતાદિક** તમારા મિત્રોની જે દુર્દશા કરી છે, તે હું તમને શું કહું ! વળી દેવસમાન એના ગુરુ એની પાછળ રહેલા છે. માટે દેવપણ પોતે એને જીતવાને સમર્થ નથી. પછી બીજાની તો વાત જ શી?

એના જ બલવડે ધર્મરાજા પણ વૈરનો બદલો લેવા આવ્યો છે. સમય ઉપર કયો બુદ્ધિમાન પોતાની કાર્યસિદ્ધિ ન કરે?

માટે હે સ્વામિ ! આ યુદ્ધનો સમારંભ વસ્તુતઃ સારો નથી. એમ કહી મંત્રી મૌન રહ્યો એટલે મોહરાજાના પુત્રો એકદમ ક્રોધાયમાન થઈ ગયા.

ત્યારપછી ક્રોધ બોલ્યો. શી ભીતિ છે? મને કહો ! વડવાનલની માફક હું સમગ્ર શત્રુના સૈન્ય સાગરને શોષી લઇશ. તમારે કોઇને ચિંતા કરવી નહીં.

ત્યારબાદ અભિમાનથી ઉદ્ધત બનેલો માન બોલ્યો. આચારરૂપ નેત્રનો લોપ કરી આ સર્વજગતને પણ આંધળું કરી નાખું. એટલી મારામાં શકિત છે, તો નષ્ટપ્રાય પુરુષનો શો હિશાબ છે?

ત્યારપછી ઉત્સાહસહિત **દંભ** બોલ્યો. દેવને પણ છેતરનાર હું રહે છતે આ સૈન્યને જીતવામાં શા માટે સંશય કરવો જોઇએ !

ભયરહિત લોભ બોલ્યો. સમુદ્રની માફક સર્વજગતને તૃષ્ણાપૂરમાં ડુબાવતાં મને દૈવપણ રોકવાને શકિતમાન નથી.

તેટલામાં **કામસુભટ** બોલ્યો. આ સૈન્યનો આડંબર વૃથા છે અને આ ઉદ્‌ભટ સુભટો શું બોલે છે ?

હે વિભો ! જલદી મને આજ્ઞા કરો. જેથી હું એકલો પણ યુદ્ધ કર્યા સિવાય યુવતિઓના ચંચલ કટાક્ષ શ્રેણીરૂપ પાશવડે સમસ્ત વૈરિકુલને બાંધી તમારી આગળ હાજર કરું.

એ પ્રમાણે **સુભટો**ની અતિશય સામર્થ્ય શકિત જોઈ મોહરાજા જીત મેળવેલાની માફક યુદ્ધભૂમિમાં ગયો.

તેટલામાં **જ્ઞાનાદર્શ**દૂતે પણ પોતાના સ્વામી પાસે આવી શત્રુનું આદ્યંત સર્વ વૃત્તાંત નિવેદન કર્યું.

તે સાંભળી હંમેશાં શાંત એવા પણ અસહ્ય પરાક્રમવાળા પ્રશમાદિક સુભટો શ્રીમાન કુમારપાળનરેંદ્રને કહેવા લાગ્યા.

અહો ! અમને બહુ શાંત જોઈ આ શત્રુઓ પોતાની મહત્તા પ્રગટ કરે છે. કારણ કે, દીવો જ્યારે મંદ પડે છે, ત્યારે અંધકારના તરંગો સ્ફુરે છે.

આ રંકદશાને પ્રાપ્ત થયેલો મોહ કોણ છે ? તેના પુત્ર તથા સુભટોની શી ગણતરી છે ?

આપની આજ્ઞાથી ક્ષણમાત્રમાં એમને કણની માફક અમે દળી નાખીએ છીએ. સમુદ્રની માફક અમે સૈન્યરૂપ તરંગોવડે શત્રુઓ પ્રત્યે ગમન કરે છતે દૈવ પણ દુઃખથી ઉલ્લંઘન કરે, એવી આપની આજ્ઞા જ તીરસમાન થાય છે.

ઠીક છે રણભૂમિમાં સર્વ જણાશે, એમ કહી શ્રીમાન ધર્મરાજા અને શ્રીકુમારપાળભૂપાળ બંને જણ દ્વંદ્વ યુદ્ધ માટે ઉભા થયા.

પછી સૈન્યસહિત ધર્મરાજાને પોતાનો પૃષ્ઠરક્ષક બનાવી શ્રીમાન ગુર્જરેંદ્ર પોતે શત્રુની સન્મૂખ રણક્ષેત્રમાં ગયો.

દ્વંદ્વયુદ્ધ

બહુ ગર્વિષ્ઠ થયેલા મોહરાજાને જોઈ શ્રીમાન કુમારપાળરાજાએ કહ્યું.

રે મોહ ! ચાલ આપણે બંને જણ યુદ્ધ કીડા કરીએ. સૈનિકો તટસ્થ જોયા કરે. સાક્ષાત પરાક્રમની મૂર્તિ હોયને શું ? તેમ તે

શ્રીયુત કુમારપાળને આગળ ઉભેલો જોઈ ધૂમવાળો છે ક્રોધાગ્નિ જેનો એવો મોહરાજા બોલ્યો.

રે પુંસ્કીટ! સમન્ततस्त्रिभुवनीमाक्रम्य तैर्विक्रमैः,
शक्राद्या अपि चक्रिरे किल मया येन स्वदासा इव ।
प्रत्यग्रस्फुरदुग्रविग्रहधिया मोहस्य तस्याग्रत
स्तिष्ठन् धाष्टर्यवशेन सांप्रतमसि त्वं कोऽपि वीराङ्कुर ॥१॥

રે પુરુષ કીટ! પ્રચંડ પરાક્રમવડે જે મેં સર્વત્ર ત્રણ ભુવનને જીતીને ઇંદ્રાદિક દેવતાઓને પણ પોતાના કિંકરસમાન કર્યા છે, તે મોહની આગળ પ્રચંડ યુદ્ધ કરવાની બુદ્ધિવડે હાલમાં તું ઉભો રહે છે, તે તારી કોઈ નવીન વીરાંકુરની ધૃષ્ટતા છે.

એ પ્રમાણે મોહરાજાની ઉદ્ધતાઈ જોઈ શ્રીયુત કુમારપાલભૂપાળ બોલ્યો.

રે મોહ! ત્રણ લોકનું આક્રમણ વિગેરે જે તું પોતાના પરાક્રમની પ્રશંસા કરે છે, તે સમય જુનો થઈ ગયો. પરંતુ હાલમાં યુદ્ધની આગળ ક્ષણમાત્ર ઉભો રહી, અરે! ખરજવાળા મારા ભુજબલની ક્રીડાને તું સહન કરે તો જરૂર તારી ગર્જનાને હું જાણું

વળી હે મોહરાજ! મારી એક પ્રતિજ્ઞા તું સાંભળ. હાલ રણ-સંગ્રામમાં તને જીતીને શ્રીમાન ધર્મરાજાને રાજ્યાસને બેસારૂં તો જ હું વીરકુંજર ખરો.

મોહપરાજય

આ પ્રમાણે શ્રીમાન કુમારપાળભૂપાળની પ્રતિજ્ઞા સાંભળી **મોહરાજા** બહુ ક્રોધાતુર થઈ ગયો અને મેઘ જેમ જલને તેમતે વીરધુરંધર પોતાના અસ્ત્રોની વૃષ્ટિ કરવા લાગ્યા.

ગ્રીષ્મ કાળનો સૂર્ય તીવ્ર કિરણોવડે સરોવરોની જેમ શ્રીકુમારપાલરાજા અતિ દારૂણ પ્રત્યસ્ત્રોવડે તે અસ્ત્રરૂપ જળને શોષવતો હતો.

વળી મોહરાજાએ **પરસ્ત્રી** વ્યસનાદિક જે જે અસ્ત્ર નાખ્યાં, તે સર્વ યોગથી ગુપ્ત એવા રાજાના અંગમાં પાષાણમાં જેમ કુંઠિત થઈ ગયાં.

ત્યારબાદ મોહરાજાના સમસ્ત અસ્ત્રો ક્ષીણ થઈ ગયા. જેથી તે ભ્રષ્ટબુદ્ધિની માફક બહુ વિચારમાં પડયો કે,

હવે હું શું કરૂં ? અને કયાં જાઉં ? એમ ગભરાટમાં પડી ગયો. તેટલામાં શ્રીકુમારપાલરાજર્ષિએ મોહને ઉદ્દેશી એવું બ્રહ્માસ્ત્ર માર્યું કે; સર્વના દેખતાં નપુંસકની માફક તે એકદમ રણસંગ્રામમાંથી નાશી ગયો.

તે સમયે જય, જય, એમ બોલીને મેઘ પંકિતની માફક શાસન દેવે શ્રીમાન કુમારપાલભૂપાલના મસ્તક ઉપર પુષ્પવૃષ્ટિ કરી.

ત્યારપછી શ્રીકુમારપાલરાજા શ્રીમાનધર્મરાજાનો રાજ્યાભિષેક કરી ગુરુને વાંદવા માટે આવ્યા, ત્યારે ગુરુએ કહ્યું.

सत्पात्रं परिचिन्त्य धर्मनृपतिस्तुभ्यं स्वपुत्री ददौ,
तद्योगात्त्वमजायथास्त्रिभुवने श्लाघ्यप्रियासङ्गमः ।
स्मृत्वाऽस्योपकृतिं निहत्य च रिपुं मोहाख्यमत्युत्कटं,
राज्येऽप्येनमधाः कृतज्ञ ! सुचिरं चौलुक्य ! नन्द्यास्ततः ॥१॥

શ્રીમાન ધર્મરાજાએ તને સત્પાત્ર જાણીને પોતાની પુત્રી આપી.
તેના યોગથી તું ત્રણે લોકમાં ઉત્તમ સ્ત્રીના સમાગમવાળો થયો.
એના ઉપકારનું સ્મરણ કરીને તેં અતિ પ્રચંડ મોહ શત્રુને માર્યો અને
આ શ્રીધર્મરાજાને રાજયમાં પણ બેસાર્યો. માટે
હે કૃતજ્ઞ ! ગૂર્જરેશ ! તું ઘણા કાલ સુધી આનંદ ભોગવ.

ચતુર્વિધ ધર્મ

મૂર્તિમાન વિવેક જેમ પ્રમુદિત થયેલો શ્રીકુમારપાલભૂપતિ શ્રીહેમચંદ્રસૂરિ પ્રત્યે સુંદર વચન બોલ્યો.

હે પ્રભો ! સદ્ગુરુના પ્રવેશ સમાન આપના ઉપદેશ વડે મેં ધર્મનું સ્વરૂપ જાણ્યું.
હવે એના ચાર ભેદનું સ્વરૂપ મને સમજાવો.
એ પ્રમાણે રાજર્ષિનો પ્રશ્ન સાંભળી સિદ્ધાંત સારના જાણકાર

એવા સૂરિશિરોમણિ શ્રીહેમચંદ્રાચાર્ય સુધાસમાન ઉત્કૃષ્ટવાણીવડે કહેવા લાગ્યા.

ચાર ગતિમય સંસારરૂપ ઉત્કટ વનને ભાંગવામાં હસ્તી સમાન દાન, શીલ, તપ અને ભાવવડે તે ધર્મ ચાર પ્રકારનો છે.

તેમાં સ્વર્ગ અને મોક્ષનું કારણભૂત જે **દાન**, અભય, જ્ઞાન અને ધર્મનાં ઉપકરણરૂપ ભેદથી ત્રણ પ્રકારનું કહ્યું છે.

વળી મૃત્યુથી ભય પામેલા પ્રાણીઓનું સંરક્ષણ કરવું, તેને પુણ્યશ્રીને વધારવામાં ખાસ તત્ત્વરૂપ પ્રથમ **અભયદાન** કહ્યું છે.

સુમેરૂથી અન્ય કોઇ સ્થિર નથી, આકાશથી બીજું કોઈ વિશાલ નથી અને સમુદ્રથી અન્ય કોઈ શુદ્ધ નથી તેમજ **અભયદાનથી** બીજું કોઈ હિત નથી.

આગમ અને સૂત્રાર્થના અધ્યાપનાદિવડે સાધુઓના બોધની જે વૃદ્ધિ થાય, તેને વિદ્વાન પુરુષો **જ્ઞાનદાન** કહે છે.

જેણે અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરવામાં સૂર્ય સમાન જ્ઞાનનો ઉલ્લાસ કર્યો છે, તેણે સમસ્ત પદાર્થોનું પ્રકાશ કરનાર ત્રિજુલોચન આપ્યું, એમ જાણવું.

જેમના આપવાથી મુનિઓનું સાધુપણું સચવાય, તેને ધર્મનું અવલંબન હોવાથી ઉત્તમ પ્રકારનું ત્રિજુદાન જાણવું.

તેમજ બુદ્ધિમાન પુરુષે પ્રસન્ન મુખથી આકાંક્ષારહિત રોમાંચિત થઇ પુણ્યની વૃદ્ધિ માટે સુપાત્રને શુદ્ધ અન્નાદિક આપવું.

માણિક્યરત્નથી દીપતા સુવર્ણની માફક જેની અંદર ક્રિયા સહિત જ્ઞાન રહ્યું હોય, તેને દુર્ગતિપાતનો રક્ષક હોવાથી વિદ્વાન પુરુષો પાત્ર કહે છે.

વળી પાત્ર અપાત્રનો વિચાર કર્યા વિના દયા દાન આપવું, તે પણ દુઃખી જનોને બહુ ઉપકારક હોવાથી ઉત્કટ પુણ્યદાયક થાય છે.

જેના માટે જગતના અધિપતિ શ્રીમાન જિનેંદ્ર ભગવાન પણ ઉંચો હાથ કરે છે, તેવા ઉત્તમ પ્રકારના દાનનો મહિમા કહેવાને કોણ સમર્થ થાય ? જેમકે.

वपुरनुपमरुपं भाग्यसौभाग्ययोगः,
समभिलषितसिद्धिर्वैभवं विश्वभोग्यम् ।
सुखमनिशमुदारं स्वर्गनिश्रेःयसाप्तिः,
फलमविकलमेतद् दानकल्पद्रुमस्य ॥ १ ॥

અનુપમ રૂપવાળું શરીર,
ભાગ્ય અને સૌભાગ્યનો સંયોગ, અભીષ્ટસિદ્ધિ,
વિશ્વમાં ભોગવવાલાયક વૈભવ, હંમેશાં ઉદાર સુખ તેમજ
સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ, એ સર્વ દાનરૂપ કલ્પદ્રુમનું અખંડિત ફલ છે.

સર્વથી અથવા દેશ થકી પણ જે બ્રહ્મચર્યવ્રત પાળવું, તે શીલ વ્રત કહેવાય છે.

આ શીલવ્રત કીર્તિ વધારવામાં મુખ્ય સ્થાને ગણાય છે.

શીલવ્રતની તુલના કરવા માટે કલ્પદ્રુમ કેવી રીતે શકિતમાન થાય ? કારણ કે, જે શીલવ્રત કલિયુગમાં પણ સેવન કરવાથી કલ્પનાતીત-કલ્પના રહિત ફલ આપે છે.

વિવિધ પ્રકારની ઈષ્ટ વસ્તુઓમાં મન અને ઇંદ્રિયોની ઈચ્છાનો જે રોધ કરે છે, તે તપ કહેવાય છે અને તપ પાપ સમુદ્રનું પાન કરવામાં અગસ્ત્યમુનિ સમાન હોય છે.

દુર્ભાગીઓની જેમ તેમની મુકિતરૂપી સ્ત્રી ઈચ્છા કરતી નથી, તેમને પણ તે તપ ઉત્કૃષ્ટ સૌભાગ્ય આપનારૂં થાય છે.

દાનાદિક ધર્મકાર્યોમાં માનસિક અત્યંત પ્રીતિ રાખવી, તે ભાવ કહેવાય અને તે ભાવ ભવ-સંસારરૂપી વાદળાંને વિખેરવામાં પવન સમાન હોય છે.

જેમ લવણ વિનાનું ભોજન બહુ સ્વાદિષ્ટ હોતું નથી, તેમ સમગ્ર દાનાદિક પણ એક ભાવ વિના રૂચિકર થતાં નથી.

હે નરેંદ્ર ! આ પ્રમાણે બુદ્ધિમાન પુરુષ મન, વચન અને કાયા

વડે ચાર પ્રકારના ધર્મનું આરાધન કરતા છતાં રાજ્યશ્રી ભોગવી વિક્રમરાજની માફક મુક્તિશ્રીને પામે છે.

વિક્રમરાજા

લક્ષ્મીથી ભરપૂર **ધાતકી** ખંડના ભરતક્ષેત્રમાં **શિવપુર** નામે નગર હતું.

તે સમસ્ત પૃથ્વીનું એક આભૂષણ હતું. જેની અંદર શોક રહિત લોકો વસતા હતા, તેમજ હંમેશાં વિપત્તિ રહિત સંપત્તિઓ, દુઃખરહિત સુખ અને રોગના ઉદ્ભવ વિના ભોગો હતા.

તે નગરમાં ચંદ્રસમાન યશ અને કાંતિથી વિરાજમાન સજ્જનોને શાંતિ અપવામાં ચંદ્રસમાન **હરિશ્ચંદ્ર** નામે રાજા હતો.

વિરુદ્ધ રાજાઓના નિર્મલ યશનું ભોજન કરતો પણ જેનો ખડ્ગ કાલસમાન દીપતો હતો, એ મોટું આશ્ચર્ય હતું.

શીલરત્નને ધારણ કરતી **રોહિણી** નામે તેની સ્ત્રી હતી. જેણીએ સૌભાગ્યના અદ્ભુત વૈભવો વડે રોહિણીનો પરાજય કર્યો હતો.

તેજ નગરમાં ત્રિવિક્રમ–વાસુદેવ સમાન મહાન પરાક્રમી **વિક્રમ** નામે એક રાજપૂત હતો. પરંતુ તે દુરંત દારિદ્રથી પીડાયેલો હતો.

તે અનેક પ્રકારના ઉપાયોમાં બહુ કુશળ હતો, છતાં પણ નિર્ભાગ્યના શિરોમણિસમાન કોઈપણ ઠેકાણેથી તે ધન મેળવી શકયો નહીં. જેથી બહુ ખેદાતુર થઈ તે વિચાર કરવા લાગ્યો.

અરે ! એક ધન વિના આ મારા શૌર્યાદિક સમગ્ર ગુણો અંક વિનાના મીંડાઓ જેમ નિરર્થક થયા છે.

હું માનું છું કે, આ દુનિયામાં સર્વને સંજીવન ઔષધ એક ધન જ છે. કારણ કે; જેના દર્શનથી પણ મનુષ્યો જીવે છે, એ મોટું આશ્ચર્ય છે.

નિર્ધનપણાથી બીજું કોઈ દુઃખ નથી અને ધનથી અન્ય કોઈ સારૂ નથી, એમ જાણી બુદ્ધિમાન પુરુષોએ ઉત્તમ પ્રકારે ઘણું ધન સંપાદન કરવું. એવો નિશ્ચય કરી વિક્રમરાજક્ષત્રિય દ્રવ્યાર્જન માટે દેશાંતરમાં ગયો, કારણકે; "દ્રવ્ય મેળવવામાં મુખ્ય કારણ ઉદ્યમ હોય છે."

મુનિચંદ્ર ગુરુ

દેશાંતરમાં ફરતો ફરતો તે વિક્રમ કોઈપણ વનમાં ગયો. ત્યાં મૂર્તિમાન પોતાના ભાગ્યસમાન, વીતરાગ ધર્મના ઉદ્યોગી મુનિચંદ્ર નામે મુનિમહારાજ બેઠા હતા.

ઉત્તમ જ્ઞાની સમાન તેમને જોઈ વિક્રમે નમસ્કાર કર્યો. ત્યારપછી તેણે પૂછયું.

હે ભગવન્ ! ઉદ્યમ કરવા છતાં પણ મને ઘણું ધન કેમ મળતું નથી ?

ગુરુમહારાજ બોલ્યા. તેં પૂર્વભવમાં દાન ધર્મની સેવા કરી નથી, માટે તને યતિની માફક આ અકિંચનપણું પ્રાપ્ત થયું છે.

કેટલાક મનુષ્યો દરિદ્રીઓના અગ્રેસરોની માફક 'તું આપ, તું આપ' એમ બોલતા જે ઘરોઘર ભિક્ષા માગે છે, તે કૃપણતાનું જ કારણ છે.

'તું આપ' એ પ્રકારનું એક જ વાકય જીભ પર રહેલું દાનીનું ગૌરવપણું અને યાચકનું લઘુપણું કરે છે.

સંગ્રહ કરવામાં કરોડો કીટાદિક પણ આગ્રહવાળા હોય છે અને દાન આપવામાં કેટલાક દેવો પણ પ્રાયે દક્ષ હોતા નથી.

જેઓ લક્ષ્મીને ભોંયમાં દાટીને રૂંધી મૂકે છે, તેમની ઉપર ક્રોધાયમાન થઈ હોય તેમ, તે લક્ષ્મી ફરીથી તેમના સામું જોતી નથી.

માટે એકાગ્ર મન કરી તું પોતાના અનુમાનથી દાન કર, જેથી મેઘવડે જેમ આ દાનધર્મવડે તારા દારિદ્રરૂપ તાપનો નાશ થાય.

વળી તારે એવી શંકા ન કરવી કે; મારી પાસે અલ્પ ધન છે, તો હું શું દાન કરું ?

દરિદ્ર અવસ્થામાં થોડું આપેલું દાન પણ પુણ્ય સંપત્તિની પુષ્ટિ માટે થાય છે.

પાત્રને આપેલું દાન કોઈપણ ઠેકાણે નિષ્ફળ જતું નથી.

તું જો, મેઘને આપેલું સમુદ્રનું જળ નદીઓના પ્રવાહરૂપ થઈ ફરીથી પણ સમુદ્રને જ મળે છે.

એ પ્રમાણે ગુરુવચનનો સ્વીકાર કરી વિક્રમ ત્યાંથી આગળ ચાલ્યો. અને હંમેશાં જે કંઈને કંઈ વસ્તુનું દાન આપતો, તે ઘણી ભૂમિ ચાલી નીકળ્યો.

દાનમહિમા

એક દિવસ કોઈપણ વનમાં ગયો, ત્યાં તે આંબાના વૃક્ષની નીચે બેઠો. પછી વિચાર કરવા લાગ્યો.

હું લક્ષ્મીને કેવી રીતે મેળવીશ? પાત્રદાન કેવી રીતે કરીશ? એમ સંકલ્પ કરતો હતો. તેવામાં ત્યાં એક દર તેની નજરે પડયું. તેની અંદર એક સોના મહોર જોઈ તેણે જાણ્યું કે; અહીંયાં નિધિ હોવો જોઈએ. તેણે તે બિલ ખોદવા માંડયું. કેટલોક ભાગ ખોદ્યો એટલે નિધિ પ્રગટ થયો. અંદર પાંચસો સોનૈયા દાટેલા હતા.

આ પારકું ધન લેવું કે, ન લેવું, એમ તે વારંવાર વિચાર કરતો હતો, તેટલામાં ત્યાં પ્રગટ થઈ કોઇક દેવી બોલી.

હે વિક્રમ! તારી દાનમય બુદ્ધિ જાણી તને નિધિ આપવા માટે આ આંબાના વૃક્ષમાં રહીને મેં બિલમાંથી એક સોનૈયો તને બતાવ્યો હતો.

આ દ્રવ્યનિધાન તું ગ્રહણ કર અને પોતાના દ્રવ્યની માફક ઇચ્છા પ્રમાણે ભોગવ, એમ કહી દેવી અદૃશ્ય થઈ ગઇ.

પછી વિસ્મય પામી વિક્રમ વિચાર કરવા લાગ્યો.

અહો! દાનનો મહિમા કોઇ વિચિત્ર છે. જેની વાસના પણ આ દેવીએ મને દેય...આપવા લાયકની માફક નિધિ આપ્યો.

ત્યારપછી તે ધન લઈ વિક્રમ પોતાના ઘેર ગયો. સામાન્ય ગૃહસ્થાશ્રમીની માફક તે ધનથી તે કંઇક સુખી થયો.

સર્વ સંપત્તિઓનું કારણ દાન છે, એમ માની વિક્રમ તે દિવસથી આરંભી હર્ષપૂર્વક વિશેષ દાન કરવા લાગ્યો.

કારણ કે; દૃષ્ટફલમાં કોણ પ્રમાદ કરે?

અનુક્રમે પુણ્યરૂપ સૂર્યનો ઉદય થવાથી તેનો નિર્ધનતારૂપ અંધકાર નષ્ટ થયે છતે પ્રકાશની માફક ધીમે ધીમે વૈભવનો ઉલ્લાસ થવા લાગ્યો.

જિનરાજ આગમન

એક દિવસ વિક્રમ પોતાના ત્યાં ભોજન કરવા બેઠો હતો. તે સમયે તેના પુણ્યયોગે પારણા માટે શ્રીમાન જિનેંદ્ર ભગવાન ત્યાં આવ્યા.

તેમને જોઈ આંતરિક પ્રીતિવડે રોમાંચિત થઇ ગયો અને બહુ ભાવના ભાવતા તેણે વંદન કરી શ્રીજિનેંદ્ર ભગવાનને વિશુદ્ધ અન્ન વહોરાવ્યું.

તે સમયે અતિ ગંભીર શબ્દોવડે ત્રણે લોકમાં તેના ઉત્તમ પ્રકારના દાનને ઉચ્ચ સ્વરે પ્રસિદ્ધ કરતા હોય, તેમ આકાશમાં દુંદુભિનાદ થયા.

તે સમયે વિક્રમના ઘર ઉપર તે દાનનું આશ્ચર્ય બતાવનાર આકાશમાંથી હર્ષાશ્રુની વૃષ્ટિ સમાન ગંધોદકની વૃષ્ટિ થઈ. તે દાનને પૂજવા માટે જેમ દેવતાઓએ વિકસીત પુષ્પોની વૃષ્ટિ કરી.

આકાશમાંથી પડેલા અપૂર્વ રત્ન અને સુવર્ણ રાશિના મિષથી વિક્રમના ઘરમાં લક્ષ્મી એ પોતાની રાજધાની કરી હોય તેમ સ્થિરતા કરી.

તેમજ તે દાનવડે તેના ઘરમાં પુણ્યરાજાનો પ્રવેશ થયો, એ કારણથી જેમ દેવોએ આકાશમાંથી વસ્ત્રો નાંખ્યાં તે ઘટિત છે. આ પ્રમાણે ત્યાં દાનના પ્રભાવથી પંચ દીવ્ય પ્રગટ થયાં.

દાનનો આવો અદ્‌ભુત મહિમા જોઈ હરિશ્ચંદ્રરાજા પોતે તે સમયે પૌરજન સહિત ત્યાં આવ્યો અને બંદીની માફક તેણે વિક્રમની સ્તુતિ કરી.

પછી શ્રીજિનેંદ્ર ભગવાને ત્યાંથી અન્યત્ર વિહાર કરે છતે પાત્ર દાનનો મોટો ઉદય જોઇ મહા બલવાન વિક્રમે પોતાને ધન્ય માની ભોજન કર્યું અને કૈલાસસમાન પોતાનું મંદિર બંધાવી કામદેવ સંબંધી ક્રીડા કરતો તે સ્વેચ્છા પ્રમાણે સુખ વિલાસ કરતો હતો.

નીલકંઠ વિદ્યાધર

અન્યદા વિક્રમક્ષત્રિય લક્ષ્મીવડે નરેંદ્રસમાન અતિ ઉદાર વેષ પહેરી મનોહર ઉદ્યાનમાં ક્રીડા કરવા માટે ગયો.

ત્યાં પુષ્પોના ગુચ્છરૂપી સ્તન અને સ્ફુરણાયમાન પલ્લવરૂપી છે હાથ જેમના એવી લતારૂપ અંગનાઓએ વિલાસવડે તેનું મન હરી લીધું.

નંદનવનની માફક પુષ્પોના સમૂહવડે ચિત્તને–મનને આનંદ આપનાર તે ઉદ્યાનમાં ભોગીપુરુષોમાં ચૂડામણિસમાન તે વિક્રમે ખૂબ ક્રીડા કરી. ત્યારબાદ તે ઉદ્યાનની શોભા જોતો હતો, તેવામાં ત્યાં એક સ્થળે એ પાંખો વિનાના પક્ષીની માફક ઉડતો અને નીચે પડતો કોઈ ઉત્તમ પુરુષ તેના જોવામાં આવ્યો.

તેણે તેને પૂછયું. હે મિત્ર ! તું ઉંચે જઈને નીચે કેમ પડે છે ?

તે સાંભળી અનુપમ વાણી વડે પુરુષ બોલ્યો; વિશાલ પદાર્થોથી વિભૂષિત **વૈતાઢય** નામે અહીં પર્વત છે.

તેમાં ઉત્કૃષ્ટ સમૃદ્ધિમય મંદિરોવડે સુશોભિત **મણિમંદિર** નામે નગર છે.

તેની અંદર ઇંદ્રસમાન પરાક્રમી **પવનવેગ** નામે રાજા છે.

વિશાલ કાંતિવડે ઇંદ્રાણીસમાન **જયા** નામે તેની સ્ત્રી છે.

નીલકંઠ નામે હું તેમનો પુત્ર છું.

વિદ્યાસિદ્ધ હોવાથી હું બહુ ઉત્કંઠાવડે તીર્થયાત્રા માટે આકાશ માર્ગે ગયો હતો.

તીર્થ વંદન કરી હું પાછો વળ્યો.

પોતાના નગર પ્રત્યે જતો હતો, તેવામાં અહીં આ સુંદર બગીચો જોઈ તેમાં રમવા માટે હું ઉતર્યો.

અહીં ક્રીડા કરી પોતાના નગરમાં જવા માટે મેં આકાશ ગામિની વિદ્યાનું સ્મરણ કર્યું. પરંતુ પ્રમાદીની માફક તેનું એકપદ અકસ્માત્ હું ભૂલી ગયો છું, તેથી હે મિત્ર ! આવા કષ્ટમાં હું આવી પડયો છું.

પક્ષીઓને પાંખો જેમ વિદ્યાધરોને વિદ્યા એ જ મુખ્ય સાધન છે.

તે વૃત્તાંત સાંભળી તેના દુઃખથી પીડાએલાની માફક વિક્રમ બોલ્યો. હે મિત્ર ! જો મારી આગળ કહેવા યોગ્ય હોય તો પોતાની વિદ્યા

તું બોલી જા.

તારી આગળ કંઈ ગુપ્ત રાખવાનું છે જ નહીં, એમ કહી નીલકંઠ પોતાની વિદ્યા બોલી ગયો.

પદ્યાનુસારી બુદ્ધિ–એક પદ્ય સાંભળવાથી બાકીનાં પદ્ય પૂર્ણ કરવાની બુદ્ધિવડે વિક્રમે વિસ્મૃત થયેલું પદ્ય પૂર્ણ કર્યું.

પછી સંપૂર્ણ વિદ્યાવાન થઈ નીલકંઠ સુંદર વચનથી બોલ્યો.

હે વિક્રમ! આ તારી બુદ્ધિ કોઇ નવીન પ્રકારની છે. અજ્ઞાત વિદ્યાનું પણ જે સ્મરણ કરે છે? અથવા જલ, આકાશ, દિશાઓ અને સમગ્ર વિશ્વને અવલોકનાર સત્પ્રજ્ઞાની સીમા હોતી નથી.

હે મિત્ર! તેં મારો પ્રથમ ઉપકાર કર્યો છે, તો તેનો બદલો મારાથી વળી શકે તેમ નથી, છતાં પણ કૃતજ્ઞતાને ઉચિત કંઈપણ મારે તારૂં હિત કરવું જોઈએ.

એમ કહી તેણે તે આકાશગામિની વિદ્યા અને એક વીંટી તેને આપી. વિશેષમાં તેણે કહ્યું; આ વીંટીનો પ્રભાવ એવો છે કે; એના સ્પર્શવાળા જળથી સર્વ પ્રકારનાં વિષ ઉતરી જાય છે.

હે મિત્ર! કોઈ વખત અહીં આવી આપને ફરીથી હું મળીશ, એમ કહી વિદ્યાધર પોતાના સ્થાનમાં ગયો.

વિદ્યા અને વીંટી મળવાથી સંતુષ્ટ થઈ વિક્રમ પણ પોતાને ઘેર ગયો.

વિષાપહાર

લક્ષ્મીના પ્રતિબિંબસમાન અને સુંદર પોપટ જેમાં રહેલો છે, એવી આમ્રમંજરીસમાન,

અતિ મનોહારી **રત્નમંજરી** નામે હરિશ્ચંદ્રરાજાની પુત્રી ઉદ્યાન અંદર જઈને પોતાની સખીઓ સાથે ક્રીડા કરતી હતી.

ત્યાં તેને કોઈક દુષ્ટ સર્પે દંશ કર્યો. તેનું વિષ ચરણથી મસ્તક સુધી એકદમ વ્યાપી ગયું. જેથી તે કાપેલી વેલડીની માફક મૂર્ચ્છિત થઈ ભૂમિ ઉપર આલોટવા લાગી.

તે વાત જાણી તેનાં માતા પિતા વિગેરે તેની પાસે આવ્યાં અને વિષહારક ગારૂડિક વૈદ્યો પાસે વિષ ઉતારવાના ઘણાએ ઉપાય કરાવ્યા.

પરંતુ અભવ્યમાં ઉપદેશ અને બાલકમાં સ્ત્રી કટાક્ષ જેમ તેમણે કરેલા સર્વ ઉપાયો તેને વિષે નિષ્ફલ થયા.

મરી ગયેલી હોય તેમ તેને માની તેનાં માતાપિત તેના દુઃખથી બહુ દુઃખી થઈ ગયાં અને ક્ષણમાત્ર તે દુઃખને વિઘ્ન કરનારી મૂર્છાને સ્વાધીન થઈ પડયાં.

શીતઉપચારથી હરિશ્ચંદ્ર સચેતન થયો. ત્યારબાદ તેણે મંત્રીના વિચારથી તેજ વખતે શિવપુરનગરની અંદર પટહઘોષણા કરાવી.

જે મારી પુત્રીને સજીવન કરે, તે પુરુષને અર્ધા રાજ્ય સાથે મૂર્તિમતી કુલલક્ષ્મી સમાન આ મારી પુત્રી હું આપીશ.

આ ઘોષણ સાંભળી ઉત્તમ કર્મનો આશ્રય કરી વિક્રમ પોતાની વીંટીની પરીક્ષા માટે રાજસુતાની પાસે ઘણા આનંદથી ગયો.

તેના દર્શનમાત્રથી જ રાજાએ જાણ્યું કે; મારી પુત્રી સજીવન થશે, એમ માની મિત્રની માફક અભ્યુત્થાનાદિવડે તેનો સત્કાર કર્યો. જેથી વિક્રમ બહુ પ્રસન્ન થયો.

રત્નમંજરીને જોઈ વિક્રમે વિષમ વિષ વેગને ત્રાસ આપનાર પોતાની વીંટીનું જલ તેના મુખપર છાંટયું.

તરત જ તે સુતેલીની માફક એકદમ જાગી ઉઠી.

પ્રફુલ્લ થયાં છે નેત્રકમલ જેનાં એવી રત્ન મંજરી પદ્મિની જેમ સૂર્યને તેમ આગળ ઉભેલા વિક્રમને જોઇ બહુ રાજી થઇ તે ખરેખર ઉચિત છે.

પોતાની પુત્રીને સજજ થયેલી જોઇ રાજાના હર્ષાશ્રુથી આંખોચીયાં ભરાઈ ગયાં અને સ્તુતિ પૂર્વક વિક્રમને કહ્યું.

જેનું મન નિરંતર પરદુઃખ દૂર કરવામાં અત્યંત રસિક હોય તેવો તું એક જ હાલમાં વિચારશીલ અને દયાળુ છે.

વળી જે દુષ્ટબુદ્ધિ સામર્થ્ય છતાં દુઃખીનો વારંવાર ઉપકાર કરતો નથી તેવા માતાના યૌવન હારી પુરુષનો જન્મ મા થાઓ.

તારામાં એટલી ઉત્તમતા રહી છે કે; વાસ્તવિક આ સ્તુતિ જ ગણાય નહીં. કારણ કે; જેના હાથે શ્રીજિનેંદ્રભગવાને પણ અનંત પુણ્યનું કારણ એવું પારણું કર્યું.

એમ કહી હરિશ્ચંદ્રરાજાએ પોતાની પુત્રી રત્નમંજરી વિક્રમ સાથે પરણાવી અને તે જ વખતે અર્ધું રાજ્ય પણ તેને આપ્યું, "ખરેખર સત્પુરુષોની પ્રતિજ્ઞા સત્ય હોય છે.

ત્યારબાદ રત્નમંજરી સહિત વિક્રમરાજા ગજેંદ્રપર આરૂઢ થયો, તે સમયે આકાશના મધ્યમાં રહેલો અને એક તારા સાથે વિરાજમાન ચંદ્ર હોય તેમ તે શોભતો હતો.

ખરેખર આ વિક્રમ કામદેવ છે. અનેક મુનિઓની કદર્થના કરવાથી પ્રથમ દુઃખી થઈને ફરીથી પુષ્ટ દાનોવડે આવો સુખી થયો અને આ રત્નમંજરી પણ પૂર્વજન્મમાં જરૂર રતિ હશે, અન્યથા વિક્રમના મિષ વડે કામદેવને આ કેવી રીતે વરે ?

ઇત્યાદિક સાંભળવામાં રસિક એવી પૌરજનોની વાર્ત્તાઓ સાંભળતો વિક્રમરાજ મોટા ઉત્સવ સાથે પોતાના ઘેર ગયો.

રત્નમંજરી રાણી

સ્ત્રીઓના ગુણરૂપ સમુદ્રનો પાર પામેલી રત્નમંજરીને અતિશય આનંદ આપતો વિક્રમરાજા નિરંતર કામદેવને કૃતાર્થ કરતો હતો.

જેમ જેમ વૈભવની વૃદ્ધિ થવા લાગી, તેમ તેમ તેનું દાન પણ બહુ વધવા લાગ્યું. દિવસની વૃદ્ધિ થવાથી સૂર્યનું તેજ શું વધતું નથી.

તેના ઉત્કૃષ્ટ દાનગુણથી ઉત્પન્ન થયેલ યશરૂપી પટહધ્વનિ સર્વત્ર પ્રસરી ગયો, જેથી નિદ્રિત થયેલા યાચકો જાગ્રત થયા. દૂર દેશમાં રહેલા યાચકો પણ તેને અસામાન્ય દાની માનતા ભ્રમરાઓ જેમ કમલ પ્રત્યે તેમ દાન લેવા માટે વિક્રમ પાસે આવવા લાગ્યા.

ત્યારબાદ હરિશ્ચંદ્રરાજાને પુત્ર નહોતો તેથી તેણે પોતાનું વૃદ્ધત્વ જોઇ વિક્રમને રાજ્યાસને સ્થાપન કર્યો. પછી તે કાળ કરી પરલોકમાં ગયો.

હવે રાજ્યના બલથી વિક્રમરાજા વસંત સમય પામીને કામદેવ જેમ બહુ તેજસ્વી થયો. તેના પુણ્યોથી પ્રેરાયેલા હોય તેમ મોટા

રાજાઓ પણ વિનયવંત થઇ દિવ્ય ભેટણાંઓવડે વિક્રમરાજાને સેવવા લાગ્યાં.

સ્ત્રીઓ તેને ઘણી હતી, છતાં પણ તેણે અતિપ્રિય હોવાથી રત્નમંજરીને પટ્ટરાણી પદ આપ્યું. પ્રૌઢ પ્રીતિની આગળ આ પદ કોણ માત્ર છે ?

વર્ષાકાલના ઉદયસમાન વિક્રમરાજાએ ન્યાયરૂપી જળવડે પૃથ્વીનું સિંચન કરે છતે, ખલપુરુષો જવાસાની સ્થિતિ પામ્યા અને સાધુપુરુષો કદંબપુષ્પની માફક બહુ પ્રફુલ્લ થયા.

તેમજ તેના અતિ વિશાળ રાજ્યમાં ઉચ્ચૈઃશ્રવસ્ નામે ઇંદ્રના અશ્વને જીતનારા ઘોડા હતા, ઐરાવત સરખા હાથી અને બૃહસ્પતિ સમાન મંત્રીઓ હતા.

વળી તેનું ચતુરંગ સૈન્ય એટલું મોટું હતું કે; જેના સંચારથી ચક્રવર્તી પણ શંકા કરતો હતો, એમ હું માનું છું.

અહો ! ઉત્તમ પ્રકારના દાનનો મહિમા ત્રણલોકમાં પણ માતો નથી, કારણ કે; જે દાનના પ્રભાવથી તેવો દરિદ્ર પણ આ વિક્રમરાજ્ય ભોક્તા થયો.

એમ પોતાના મનમાં વિચાર કરી સર્વનગરના લોકો પણ હંમેશાં સર્વજનને હિતકારક એવું ઉતમ દાન આપતા હતા, " ખરેખર લોકો સ્વામીને અનુસરનારા હોય છે. "

મણિમંદિર પ્રવેશ

અન્યદા વિક્રમરાજા સભામાં બેઠો હતો, તેટલામાં આકાશ માર્ગે આવતું મહાતેજસ્વી એક વિમાન તેના જોવામાં આવ્યું.

આ કયાં જાય છે ? એમ સભાના લોકો સાથે રાજા વિચાર કરતો હતો, તેવામાં સૂર્યબિંબ સમાન તેજસ્વી તે વિમાન સભાની વચ્ચે આવ્યું.

વિમાનમાંથી ઉતરી નીલકંઠવિદ્યાધર હર્ષપૂર્વક રાજાના પગમાં પડયો. રાજાએ તેને આલિંગન આપી પોતાના આસનપર બેસાડયો.

પરસ્પર કુશલવાર્તા થયા બાદ વિદ્યાધર બોલ્યો. હે દેવ! હાલ આપ મારે ત્યાં પધારો. મારા આશ્રમને સુશોભિત કરો.

પરસ્પર આલાપરૂપ અમૃતથી સિંચાયેલી પ્રીતિરૂપ મનોહર વેલડી પ્રશસ્ત મનરૂપ પુષ્પને વિકસ્વર કરી સુખરૂપ ફલને પ્રગટ કરે છે.

એમ તે વિદ્યાધરની પ્રાર્થનાથી વિક્રમરાજાએ રાજ્યભાર પોતાના મંત્રીને સોંપી દીધો અને તેની સાથે વિમાનમાં બેસી રાજા આકાશ-માર્ગે ચાલતો થયો.

પૃથ્વીનું અવલોકન કરતો વિક્રમરાજા ક્ષણમાત્રમાં વૈતાઢ્યપર મણિમંદિર નગરમાં પહોંચ્યો.

ત્યારપછી નીલકંઠ વિદ્યાધર બહુ વિનયપૂર્વક રાજાને પોતાના સ્થાનમાં લઈ ગયો અને જ્યેષ્ઠ બંધુની માફક તેનો બહુ આતિથ્ય સત્કાર કર્યો.

મદનવેગા વિવાહ

રૂપવડે દેવાંગનાઓના દૌર્ભાગ્યને પ્રગટ કરતી અને કામના આવેગથી શોભતી મદનવેગા નામે પોતાની બહેનને વિક્રમ સાથે પરણાવીને નીલકંઠે બહુ હર્ષથી કુબેરના ભંડારસમાન અનેક ઉત્કૃષ્ટ વસ્તુઓ તેને આપી.

ત્યારબાદ શાશ્વત ચૈત્યોને વાંદવા માટે વિક્રમરાજા વાદળાઓની માફક વિદ્યાધરોના વિમાનોવડે આકાશને આચ્છાદન કરતો ત્યાંથી નીકળ્યો.

ધર્મરૂપ ત્રિભુવનપ્રભુના આસ્થાન મંડપ સમાન, ધાતકીખંડના વિભાગોમાં અને મેરૂઆદિસ્થળોમાં રહેલાં સર્વતીર્થોને નમી, મનોહર સ્તોત્રોવડે સ્તુતિ કરી, વિક્રમરાજાએ પોતાનાં નયનોને સફલ કર્યાં.

ત્યારપછી તેજ વિમાનાદિક સમૃદ્ધિવડે ત્યાંથી પાછો વળી વિક્રમરાજા પોતાના નગરમાં આવ્યો. બાદ નીલકંઠ વિગેરે વિદ્યાધરોનો સત્કાર કરી તેમને વિદાય કર્યો.

મુનિચંદ્રસૂરિ

એક દિવસ વિશુદ્ધ પાદન્યાસથી ભૂમિપીઠને પવિત્ર કરતા શ્રીમુનિચંદ્રસૂરિ પુનઃ ત્યાં પધાર્યા. શ્રીવિક્રમરાજા ત્યાં ગયો.

સૂરીશ્વરને વંદન કરી તે બોલ્યો, હે પ્રભો ! કલ્પવૃક્ષસમાન ઇચ્છિત-પૂરક એવા આપના ઉપદેશેલા દાનના પ્રભાવથી હું આવા ઐશ્વર્યનો પાત્ર થયો છું.

હાલમાં પણ હંમેશાં સ્વાર્થની માફક તે દાનનું હું સેવન કરૂં છું. વળી કૃપા કરી મારૂ કલ્યાણ થાય તેવા અન્ય કોઈ ધર્મનો ઉપદેશ કરો.

એ પ્રમાણે રાજાનું વચન સાંભળી મુનિચંદ્રસૂરિ દાંતની કાંતિવડે શુદ્ધ ધર્મધ્યાનની છટાને બતાવતા હોય તેમ અતિ મધુર અને ગંભીર ધ્વનિ વડે સુંદર ઉપદેશ આપવા લાગ્યા.

હે રાજન ! દાનની માફક શીલબ્રહ્મચર્ય પણ ધર્મનું જીવિત છે. જેના વિના પ્રચંડ એવો પણ ક્રિયાકાંડ નિઃસાર છે.

નિષ્કપટ નવધા બ્રહ્મચર્યની ગુપ્તિવડે તેજસ્વી મુનિ અને સ્વદાર સંતુષ્ટ ગૃહસ્થાશ્રમી એ બંને પ્રકારના શીલવ્રતધારી હોય છે.

કોઈ ભાગ્યશાલીના જ હૃદય સરોવરમાં અદ્‌ભુત મહિમારૂપ સુગંધવાળું શીલ સુકૃતશ્રીના નિવાસ માટે કમલસમાન આચરણ કરે છે.

ક્રિયાવાન, અતિચતુર, ધ્યાની અને મૌની હોય, પરંતુ શીલ વિનાનો હોય તો તે નાકકટ્ટાની જેમ કોઈપણ ઠેકાણે શોભાપાત્ર થતો નથી.

વળી સ્વર્ગમાંથી આવી દેવો મહાસતીઓની જે સહાય કરે છે, તે તો શીલવ્રતના અતિશયની માત્ર પ્રસાદી છે.

જ્યાં સુધી શીલ સુગંધવડે ગંધવાયુ પ્રસરતો નથી, ત્યાં સુધી જ વિઘ્નરૂપ હાથીઓનાં ટોળાં ઉન્મત્ત થઈ ફરે છે.

એ પ્રમાણે ગુરુનો ઉપદેશ સાંભળી વિક્રમભૂપતિએ દુર્ગતિ દ્રુમના બીજની માફક પરસ્ત્રી સેવનનો જીવનપર્યંત નિષેધ કર્યો. તેમજ ચારે પર્વતિથિઓમાં પોતાની સ્ત્રીઓનો પણ નિયમ કર્યો.

ત્યારબાદ ગુરુમહારાજની આજ્ઞા લઈ ગુણોવડે ઉજ્જવળ તે રાજા પોતાના ઘેર આવ્યો.

પરસ્ત્રીને સહોદર સમાન માનવાથી વિક્રમની બહુ પ્રસિદ્ધિ થઈ. બાદ ભૂપતિ તે નિયમને પોતાના દેહની માફક પાલતો હતો.

માયાવી અશ્વ

એક દિવસ વિક્રમરાજા સભામાં બેઠો હતો. તેવામાં ઉત્તમ અશ્વ લઇ કોઈક વણિક ત્યાં આવ્યો. નમસ્કાર કરી તે બોલ્યો.

હે દેવ ! આ અશ્વ નિર્દોષ હોવાથી રાજ્યાસનને લાયક છે. આપની ઇચ્છા હોય તો ગ્રહણ કરો.

રાજાએ અશ્વલક્ષણ જાણનાર વિદ્વાનોને આજ્ઞા કરી. તેઓએ અશ્વનાં સર્વ અંગોનો સારી પેઠે તપાસ કરી કહ્યું. આ અશ્વનું મુખ બહુ માંસથી ભરેલું નથી. તેમજ તેના કાન બહુ ટુંકા છે.

ગરદનનો ભાગ ઉંચો છે. પીઠનો ભાગ વિશાળ છે. છાતીનો વિસ્તાર સારો છે.

પછવાડાનો ભાગ બહુ પુષ્ટ છે. મધ્યભાગ કૃશ છે. રોમ રાજી સુવાળી છે.

કાંતિમાં ચંદ્રસમાન, ઉંચાઈમાં પુરુષપ્રમાણ અને યથાસ્થાન શુભ આવર્તોવડે વિભૂષિત આ અશ્વ સૂર્યનો અશ્વ હોય તેમ દીપે છે.

હે દેવ ! રાજ્યનો અધિષ્ઠાયક દેવ હોય તેમ આ અશ્વ ભાગ્ય વિના મળે તેમ નથી.

એમ સાંભળી પ્રમુદિત થઈ રાજાએ તે વણિકને યોગ્ય મૂલ્ય અપાવીને તે ઘોડાને પોતાની અશ્વશાળામાં બંધાવી દીધો.

પ્રભાતમાં તે અશ્વપર બેસી વિક્રમરાજા તેની ગતિની પરીક્ષા માટે ગામની બહાર ગયો અને અશ્વની લગામ જ્યાં છુટી મૂકી કે તરત જ પવન ગતિએ તે દોડવા માંડયો.

રાજાએ ઘણો રોકયો તો પણ રજરપર્શના ભયથી જ જેમ એકદમ ઉડીને આકાશમાં ચાલતો થયો.

હા ! નાથ ! તમને આ શું થયું ? આ અશ્વ તમને શામાટે

લઈ જાય છે? ભૂમિપર રહેલા અને ઉપાય વિનાના અમે શું કરીએ? આ અશ્વ તો આકાશમાં ઉડ્યો છે.

એમ હાહારવ કરતા રાજાના સ્વારો જોઈ રહ્યા હતા, છતાંએ તેમની દૃષ્ટિથી અગોચર થઈ તે માયાવીની માફક બહુ વેગથી કોઈ સ્થળે ચાલ્યો ગયો.

હા ! હા ! આ મોટું આશ્ચર્ય છે. આકાશ માર્ગે ઘોડો દોડ્યો જાય છે. અથવા આ અશ્વ નથી, પરંતુ કોઈ કપટી દેવ હોવો જોઇએ. આકાશમાં મને કયાં લઈ જવા ઈચ્છે છે ?

એમ વિક્રમરાજા વિચાર કરતા હતા, તેટલામાં કોઇક વનમાં દૂર જઇ ત્યાં વિક્રમરાજાને મૂકીને તે અશ્વ અદૃશ્ય થઈ ગયો.

દિવ્યસ્ત્રી યુગલ

આકાશમાંથી પડેલાની માફક વિક્રમરાજા દિશાઓમાં દૃષ્ટિ ફેરવતો હતો. તેવામાં ત્યાં સુંદર અંગવાળી બે સ્ત્રીઓ તેના જોવામાં આવી.

નિર્નિમેષ-સ્થિર દૃષ્ટિ હોવાથી અને અતિશય લાવણ્યને લીધે આ દેવીઓ છે. મનુષ્ય જાતિ નથી. એમ તેણે નિશ્ચય કર્યો.

પૂર્વે જોયેલી હોય તેવી તે બંને સ્ત્રીઓ સ્નેહ પૂર્વક બોલી. હે સ્વામિ ! અમે આપની બહુ વખતથી વાટ જોઈએ છીએ. આપને આવતાં ઘણો વિલંબ કેમ થયો ?

એમ કહી તે બંને સ્ત્રીઓ રાજાને ઉપાડી ક્ષણમાત્રમાં પંચરંગી મણિઓથી બાંધેલા મહેલના સાતમે માળે લઈ ગઈ.

તારૂણ્ય અને પવિત્ર લાવણ્ય રસના સિંચનથી શંકરે બાળી નાખેલા કામને સચેતન કરતી, શૃંગાર રસનું સર્વસ્વ અને કામદેવનું ખાસ જીવિત હોય ને શું ? તેવી કોઇકે દેવી ત્યાં પલંગપર બેઠેલી વિક્રમરાજાએ જોઇ.

ત્યારબાદ દેવી પણ પલંગ પરથી નીચે ઉતરી અને આંતરિક વિનયનો સ્વીકાર કરી પ્રેમપૂર્વક તેણીએ રાજાનો બહુ આતિથ્ય સત્કાર કર્યો.

ત્યાર પછી પોતાની દેવીઓ પાસે સ્નાન કરાવી પોતે તેને દીવ્ય રસોઇ જમાડી વસ્ત્રાદિકથી વિભૂષિત કર્યો.

ત્યાર પછી દેવી વિક્રમરાજાની આગળ બેઠી. કૃત્રિમસ્નેહથી રાજાને મોહિત કરવા લાગી. ઉત્કટ કામથી મત્ત થયેલી હોય તેમ તે દેવી વિક્રમને કહેવા લાગી.

હે દેવ ! મારા પુણ્યથી જ ખેંચાઈ તું અહીં આવ્યો છે.

શું ચિંતામણિરત્ન ભાગ્ય વિના હાથમાં આવે ખરૂં ?

ઈશાનદેવલોકમાં રહેનારી હું દેવી આ વનમાં ક્રીડાની ઈચ્છાથી પોતાની શક્તિ વડે આ મહેલ બનાવી રહું છું.

ઘણા કાલનાં તૃષાતુર થયેલાં આ મારા નેત્ર આપના સ્વરૂપા-મૃતનું પાન કરી જેવી રીતે તૃપ્ત થયાં, તેવી જ રીતે કામ જ્વરની પીડાથી દુઃખી થયેલા મારા અંગને પણ તારા સંગમ રૂપ ઔષધથી તું સ્વસ્થ કર.

એ પ્રમાણે દેવીનું વચન પોતાના શીલવ્રતને પ્રતિકુલ માની વિક્રમરાજાએ તેને ગુરુની માફક ઉપદેશ કરવાનો પ્રારંભ કર્યો.

હે દેવી ! તું દેવને ભોગવનારી છે, હું મનુષ્ય જાતિ છું. તો તું મારી સાથે શા માટે ભોગની ઈચ્છા રાખે છે ? અમૃતનું પાન કરનારો એવો કોઈપણ ન હોય કે; ખારા જળની ઇચ્છા કરે ?

વળી સર્પાદિક સેવા કરવી સારી પરંતુ વિષય સેવા સર્વથા અરાબ છે. કારણ કે; સર્પાદિક તો એકવાર પ્રાણહરણ કરે છે અને વિષય તો વારંવાર મરણદાયક થાય છે.

શંકરના કંઠમાં વિષયથી માત્ર શ્યામ ચિહ્ન થયું છે અને વિષયોથી તો તેનું અર્ધાંગ હરણ થયું છે.

અહો ! વિષયનું બલ વિચિત્ર છે.

આ ચારે પ્રકારની સંસાર ગતિમાં પ્રાણીઓને જે અસહ્ય દુઃખ થાય છે, તે વિષય વૃક્ષનું ફળ જાણવું. માટે નરકમાં લઈ જનાર વિષયોનો વિષની માફક ત્યાગ કરી મોક્ષના સ્થાનભૂત પરબ્રહ્મ—બ્રહ્મચર્ય રૂપ અમૃતનું તું વારંવાર પાન કર.

વિલક્ષ થઈ દેવી બોલી. હે–નપુંસકશિરોમણે! તને ધિક્કાર છે, કારણ કે; આવી સ્નેહાધીન થયેલી મારો તું અનાદર કરે છે.

મનુષ્યોને સ્વપ્નમાં પણ જેનું દર્શન દુર્લભ હોય છે, તે હું પોતે જ તારી પ્રાર્થના કરૂં છું. છતાં પણ હાલ તારો શો વિચાર છે?

વિક્રમ બોલ્યો. હે દેવી! તારૂં કહેવું ઠીક છે, પરંતુ જીવતાં સુધી મારે પરસ્ત્રીનો ત્યાગ છે. પોતાની સ્ત્રી સિવાય અન્ય દેવીઓને પણ પ્રાણાંતે હું સેવવાનો નથી, કારણ કે પોતાના વ્રતભંગથી હું બહુ ભય પામું છું.

કાચના ટુકડા માટે માણિક્યને કોણ ભાંગે?
ધત્તૂરને માટે કલ્પવૃક્ષને કોણ કાપી નાખે?
એક લોઢાના ખીલા માટે દેવમંદિરને કોણ પાડે?
ક્ષણિક સુખ માટે સંસાર તારક શીલવ્રતનો કોણ ત્યાગ કરે?

રે રે મૂઢ! હું તારી ઇચ્છા કરૂં છું, છતાં તું જો મારો અનાદર કરીશ, તો હું તારા મસ્તકને કમલનાળની માફક ખડ્ગથી હાલ જ કાપી નાખીશ.

એમ કહી તે દેવી રાક્ષસી જેમ ભયંકર આકાર કરી ખડ્ગ ઉગામીને રાજાનું મસ્તક કાપવા દોડી.

પ્રાણ ભલે ચાલ્યા જાય, પરંતુ પોતાના શીલની રક્ષા કરવી, એવો નિશ્ચય કરી નવકારનું સ્મરણ કરતા રાજાએ છેદવા માટે પોતાનું મસ્તક નીચું નમાવ્યું.

નીચા મસ્તકે દૃઢ ધૈર્યથી રોમાંચિત્ત થઈ રાજા દેવીના પ્રચંડ ખડ્ગઘાતને સંકુચિત દૃષ્ટિથી જુએ છે.

તેટલામાં અહો! શીલનો મહિમા અદ્‌ભુત છે, એમ વારંવાર બહુ હર્ષથી સ્તુતિ કરતી દેવીએ રાજા ઉપર પુષ્પની વૃષ્ટિ કરી.

આ દેવી મારવાને તૈયાર થઈ હતી, એ શું? અને આ પુષ્પની વૃષ્ટિ કયાંથી? એમ પોતાના મનમાં આશ્ચર્ય માનતા રાજાને દેવીએ કહ્યું.

હાલમાં પોતાની સભામાં બેઠેલા ઈશાનેંદ્રે પોતાના જ્ઞાનથી શીલવ્રતમાં સ્થિર તને જાણીને દેવોની આગળ કહ્યું.

હે દેવો ! ધાતકીખંડના ભરતક્ષેત્રમાં શિવપુરનગરનો રાજા વિક્રમ હાલ શીલવ્રતમાં જેવો દૃઢ છે, તેવો બીજો કોઇ નથી.

પ્રાયે ચારિત્રધારી-મુનિ પણ શીલથી કદાચિત્ ચલાયમાન થાય, પરંતુ વિક્રમરાજા અપ્સરાઓથી પણ પોતે ચલાયમાન્ થાય નહીં.

લાવણ્યવતી અપ્સરાઓમાં ચૂડામણિ સમાન હું તેની દેવી છું.

આ તારી પ્રશંસા સાંભળી મેં ઘણો વિચાર કર્યો.

અહો ! ઈશાનેંદ્રનું આ વાક્ચાતુર્ય કોઇ નવીન પ્રકારનું છે. કારણકે; મનુષ્ય કીટને દેવીઓ પણ શીલથી ન ચલાવી શકે.

સ્વપ્નમાં પણ યુવતિને જોઈ માણસ જલદી વિહ્વલ થાય છે, તો સાક્ષાત્ મોહની વેલડી સમાન દેવીઓને જોઇ વિહ્વલ થાય તેમાં નવાઇ શી ?

એમ વિચાર કરી હું તારી પરીક્ષા માટે સ્વર્ગમાંથી એકદમ અહીં આવી અને અર્ધાપહારાદિક સર્વ પ્રપંચ મેં કર્યો.

હે ભદ્ર ! મસ્તક છેદનનો સ્વીકાર કરીને પણ જે તું પોતાના નિયમથી સ્ખલિત થયો નહીં, તેથી ધર્મવીરની ઉપમા તને જ ઘટે છે અને શીલવ્રત પાલનારાઓનો મુકુટ પણ તું જ છે.

के शीलं परिशीलयंति न जनाः स्वास्थ्ये व्रतस्थास्तु ते,
ये नैव व्यसनेऽपि जीवितमिवोन्मुञ्चन्ति तत् कर्हिचित् ।
ग्रीष्मे शैवलिनीं तरन्ति न कति स्युस्तारकास्ते परं,
श्रोतःप्रोततटावनिं घनऋतौ ये तां तरीतुं क्षमाः ॥ १ ॥

આરોગ્ય સમયમાં કયા માણસો શીલવ્રત પાલતા નથી ? પરંતુ જેઓ પ્રાણ સંકટમાં પણ જીવિતની માફક કોઇ દિવસ શીલનો ત્યાગ કરતા નથી તેઓજ સાચા વ્રતધારી જાણવા.

ગ્રીષ્મ ઋતુમાં કયા પુરુષો નદી તરતા નથી, પરંતુ જેઓ વર્ષા

ઋતુમાં પ્રવાહથી સંપૂર્ણ ભરેલી નદીને તરવા માટે શક્તિમાન હોય તેઓ જ ખરા તારા ગણાય."

હે રાજન્ ! આ પૃથ્વી સત્ય બ્રહ્મચર્યધારક તારાથી જ શોભે છે. પૂર્ણિમાના ચંદ્રવડે જ રાત્રી પ્રકાશવાળી કહેવાય છે.

ઈશાનદેવેંદ્ર પોતાની સભામાં જેવી તારી પ્રશંસા કરી હતી, તેવો જ તારો અનુભવ મને થયો, કારણકે; સજ્જનોની વાણી મૃષા હોતી નથી.

હવે તું બોલ ? મેં તારી કદર્થના કરી છે. તેથી શું તારૂં પ્રિય કરી હું તને પ્રસન્ન કરૂં ? સૂર્ય પણ વૃક્ષને તપાવી વૃષ્ટિથી તેનું સિંચન કરે છે.

વિક્રમભૂપતિ બોલ્યો. હે દેવી ! શીલ પાલન કરવું, એ મને બહુ પ્રિય છે.

તે તો તું કરી ચૂકયો છે. હવે બીજું શું કરવા તું ધારે છે ? એમ બોલી વિક્રમરાજા મૌન રહ્યો કે, તરત જ દેવી તેને શિવપુરમાં લઈ ગઇ અને રત્નજડિત સિંહાસન ઉપર બેસારી દિવ્ય આભૂષણોથી તેને સારી રીતે વિભુષિત કર્યો.

પ્રેમવિશુદ્ધ એવા નગરના લોકોને રાજાનું તે વૃત્તાંત સાંભળી મેઘશ્રેણીની માફક સ્વર્ણરાશિની વૃષ્ટિ કરી દેવી પોતાના સ્થાનમાં ચાલી ગઈ.

આશ્ચર્યકારક તે ચરિત્ર સાંભળી નગરજનો પ્રમોદ સાગરમાં ગરક થઇ ગયા અને તેવા પોતાના સ્વામીવડે તેઓ પોતાના આત્માને ધન્ય માનતા હતા.

વિક્રમરાજાના શીલનો ઉત્તમ મહિમા સર્વ જગતમાં ફેલાઇ ગયો અને તે શીલરહિત માણસોને પણ શીલમાર્ગમાં દોરનાર થયો.

રત્નસારકુમાર

વિક્રમરાજાને ગૃહસ્થાશ્રમ સેવતાં તરૂપ વૃક્ષના ફળ સમાન રત્નમંજરીની કુક્ષિથી એક પુત્ર જન્મ્યો. **રત્નસાર** તેનું નામ પાડયું.

અનુક્રમે તે શાસ્ત્રસાગરનો પારગામી થયો. વિનયવડે જ વિદ્વત્તાને અને પોતાના શરીરવડે જ યૌવનને તે દીપાવતો હતો.

તરૂણ અવસ્થામાં વર્તમાન કુમારને યૌવરાજ્યપદ આપી પોતે વિશુદ્ધભાવથી દાન અને શીલમય ધર્મનું આરાધન કરતો હતો. તેવામાં તે જ ગુરુમહારાજ ફરીથી ત્યાં પધાર્યા.

આરામિકના કહેવાથી ગુરુનું આગમન સાંભળી વિક્રમરાજા પરિવાર સહિત ત્યાં જઈ તીર્થની માફક વંદન કરી વિનયપૂર્વક બેઠો.

મુનિદેશના

ભવદાવાનળથી તપી ગયેલા પ્રાણીઓને જીવાડતા હોય તેમ તે મુનીશ્વરે રસાળવાણીવડે ધર્મદેશનાનો પ્રારંભ કર્યો.

હે ભવ્યાત્માઓ ! ધર્મસેનાનાં ચાર અંગ છે, તેમાં દાન અને શીલથી બળવાન એવું ત્રીજું અંગ તપ ગણાય છે.

તે તપ દુષ્કર્મરૂપી શત્રુને પિસી નાખે છે.

મનરૂપી કયારામાં શમ-શાંતિ રૂપ જળથી સિંચેલો,

વૈરાગ્યરૂપ મૂળ, વિશુદ્ધશીલરૂપ શાખાઓ,

પ્રભાવરૂપી પુષ્પ અને શુભ કાર્યરૂપ ઉત્તમ ફળરાશિને ધારણ કરતો તપરૂપ વૃક્ષ કોને સેવવા લાયક ન હોય ?

વળી કાષ્ઠરાશિને જેમ અગ્નિ તેમ વિવિધ પ્રકારના આરંભ સમારંભથી પ્રગટ થયેલા પાપોના ક્ષય માટે તપશ્ચર્યા જ હોય છે.

અવધિ જ્ઞાનાદિક લબ્ધિઓ અને અણિમાદિક સિદ્ધિઓ પણ જેની આજ્ઞાથી વિલાસ કરે છે, તે તપની હંમેશાં ઉપાસના કરવી જોઈએ.

બાહ્ય અને અભ્યંતર ભેદવડે તે તપ બાર પ્રકારનું કહ્યું છે.

મુનિઓના કર્મશત્રુને જીતવા માટે બાર આરાવાળા ચક્રની માફક તે શક્તિમાન્ થાય છે.

તપના બાર પ્રકાર છે (૧) ઉપવાસ, (૨) ઊનોદરતા, (૩) વૃત્તિનો સંક્ષેપ, (૪) રસત્યાગ (૫) શરીરક્લેશ અને (૬) સંલીનતા, એ છ પ્રકારનું બાહ્ય તપ છે.

(૧) પ્રાયશ્ચિત્ત, (૨) વૈયાવૃત્ય, (૩) સ્વાધ્યાય, (૪) વિનય, (૫) કાયોત્સર્ગ (૬) શુભધ્યાન, એ છ પ્રકારનું અંતરંગ તપ છે.

આ બાર પ્રકારનું સંપૂર્ણ તપ સર્વ સંગના ત્યાગી મુનિને જ હોય છે.

પરંતુ અનેક આરંભમાં તત્પર થયેલા ગૃહસ્થાશ્રમીથી સંપૂર્ણ રીતે તે થઇ શકતું નથી.

સંયમશ્રી અને તપઃશ્રી એ બંનેને પરસ્પર બહુ પ્રીતિ હોય છે. જ્યાં સંયમશ્રીનો ઉલ્લાસ હોય છે, ત્યાં તપઃશ્રીનો પણ ઉલ્લાસ થાય છે, માટે સંયમશ્રી એ જ ભવસાગરને તારનાર છે.

દીક્ષાગ્રહણ

આ પ્રમાણે સૂર્યની કાંતિ સમાન ગુરુની વાણીવડે વિક્રમરાજાનાં બોધચક્ષુ ખુલ્લાં થઈ ગયાં.

પોતાના પુત્રને રાજ્ય આપી વિક્રમરાજાએ ગુરુની ચરણમાં દીક્ષા ગ્રહણ કરી.

ગુરુની પાસમાં દશ પ્રકારની સામાચારીનો અભ્યાસ કરી તેમણે માસક્ષમણાદિક દુસ્તપ તપની આરાધના કરી.

તેના તે તપની ઘણી વૃદ્ધિ થવાથી દેવને આકર્ષવામાં સમર્થ એવો તેમનો પ્રભાવ બહુ બલવાન થયો, એ મોટું આશ્ચર્ય થયું. બુદ્ધિમાન તે મુનિ ઘૃતાદિક વિકૃતિ–વિગઇને પોતાના હૃદયમાં વિકારોનો હેતુ જાણીને શરીર બહુ કૃશ હતું, છતાંયે કોઈ પારણાના દિવસે પણ તેનું ભોજન કરતા નહોતા.

ચંડસેનમૂર્ચ્છા

એક દિવસ વિશાળ તપોરાશિની મૂર્તિસમાન વિક્રમમુનિ પારણા માટે **લક્ષણાવતી** નામે નગરીમાં ગયા.

ત્યાં **લક્ષ્મણ**ભૂપતિનો **ચંડસેન**નામે પુત્ર દુષ્ટ બુદ્ધિ હોવાથી શીકાર માટે બહાર જતો હતો.

તેવામાં સામા આવતા તે મુનિ તેના જોવામાં આવ્યા. તેથી તે ચંડસેન અપશુકન જાણી તીક્ષ્ણ ખડ્ગવડે વિક્રમમુનિને મારવા માટે દોડયો કે તરત જ તે પોતે મયૂરબંધથી બંધાઈને મૂર્છિત થઈ પૃથ્વીપર એકદમ પડી ગયો.

હા ! હા ! ! આ મહાશયને અકસ્માત્ શું થયું ? એમ ચિંતવતા અને અનુકંપાના તરંગોથી ઉછળતા કૃપાસાગરસમાન વિક્રમમુનિ તેની પાસે આવી ઉભા રહ્યા.

હાહાકાર કરતા નગરના લોકો અને શોકાતુર થયેલા તેના માણસોએ શીતાદિક ઘણા ઉપચાર કર્યા, પણ પાષાણની માફક તે સચેતન થયો નહીં.

તે વાત સાંભળી તેનો પિતા બહુ દુઃખી થયો અને તેજ વખતે પરિવાર સહિત દોડતો તે પોતાના પુત્રની પાસે આવ્યો.

મુનિને મારવાની ઈચ્છાથી મારા પુત્રને આ દુઃખ પડયું છે, એમ જાણી મુનિના ચરણકમલમાં પડી રાજાએ કહ્યું.

હે મુનીંદ્ર ! યૌવનાદિકના ગર્વથી મારા પુત્રે આપનો અપરાધ કર્યો છે, માટે આપ ક્ષમા કરો. કારણ કે; સાધુ પુરુષો ક્ષમાવાન હોય છે.

યૌવન, વૈભવ, શૌર્ય, સંપત્તિ, વિટપુરુષોની સંગતિ અને સારાસારના વિચારની શૂન્યતા, એ સર્વે વિના મદ્યે પણ મદ્ય કરનાર છે.

વળી હે તપોનિધે ! જેના હૃદયમાં વિશ્વને અંધકરનાર અજ્ઞાનરૂપ અંધકાર રહેલું છે, તે પુરુષ અવળા માર્ગે જાય, તેમાં તેનો શો અપરાધ ? માટે હે મુનીશ્વર ! આપ પ્રસન્ન થઈ દયાવડે મારા પુત્રને જલદી સજીવન કરો.

મેઘ પણ વિજળીના ચમત્કાર વિના જળવડે શું પ્રસન્ન નથી કરતો ?

વિક્રમમુનિ બોલ્યા. મેં એને કંઈ કર્યું નથી, પરંતુ આ કુમાર મારવાને દોડયો, એટલે તે પોતાની મેળે જ પૃથ્વીપર પડી ગયો છે.

અહો ! જેઓ પ્રાણાંતે પણ નાના કીટક ઉપર પણ કોઈ વખત દ્રોહ કરતા નથી, તે મુનિઓ તારા પુત્રને આવું દુઃખ દે ખરા ?

આ પ્રમાણે મુનિવચન સાંભળી લક્ષ્મણરાજા બહુ દીન હોય થઈ ગયો અને ફરીથી બોલ્યો. જો આપે એને એમ ન કર્યું તો એને શું થયું હશે ?

મુનિએ કહ્યું. મને પણ એ મોટું આશ્ચર્ય થાય છે.

ત્યારબાદ પરિવાર સહિત લક્ષ્મણરાજા મૂર્છની માફક બેભાન થઈ ગયેા.

દેવવચન

પેાતાના શરીરની કાંતિવડે સૂર્યને પણ નિસ્તેજ કરતેા કેાઈપણ સુરેાત્તમ ત્યાં આગળ પ્રગટ થઈ બેાલ્યેા.

હે નૃપ! હાલમાં સુધર્મેંદ્ર નંદીશ્વર દ્વીપમાંથી જિનેંદ્રોને નમસ્કાર કરી તારા નગરની ઉપર આ જ આકાશમાર્ગે જતેા હતેા. મુનિને મારવા માટે દેાડતા તારા પુત્રને જોઇ તે ક્રેાધાતુર થઇ ગયેા.

હું દેવ છું. શ્રીજિનશાસન પર મને બહુ પ્રેમ છે. તેથી તેણે મને અહીં મેાકલ્યેા. તારા પુત્રનેા દુર્નય જોઇ ક્રેાધથી મેં તેને આ પ્રમાણે શિક્ષા કરી છે.

કારણ કે; સમ્યક્‌દૃષ્ટિ પુરુષેા મુનિઓનું અપમાન સહન કરતા નથી, માટે આ તારેા પુત્ર મુનિરાજનું સન્માન કરશે તેા સાજો થશે. અન્યથા તેને સજ્જ કરવાને દેવ પણ સમર્થ નથી.

રાજાએ તે પ્રમાણે કબુલ કર્યું. પછી તે દેવના કહેવા પ્રમાણે મુનિના ચરણેાદકવડે સિંચન કરવાથી રાજકુમાર તત્કાલ સાજો થયેા.

ત્યારપછી તેને દેવે કહ્યું. રે દુષ્ટ! જો આ મુનિને તું અપશુકન માને છે, તેા શુકન કયા? એનેા જવાબ તું આપ. અથવા મૃગીયા-શિકારના પાપમાં આસકત થયેલા તારા દુષ્ટના સન્મુખ પાપીઓ આવે, ત્યારે જ તને સુખ થાય, પરંતુ ધાર્મિકેાના આગમનથી ન થાય.

તેમજ તીર્થસેવા અને દીક્ષા ઘણા કાળે જેનેા નાશ કરે છે, તે દુરિત શ્રેણિનેા ક્ષણમાત્રમાં મુનિમહારાજ પેાતે દર્શનમાત્રથી નાશ કરે છે. એ આશ્ચર્ય નહીં તેા શું?

હે ચંડસેન! આ મુનિના તપનેા પ્રભાવ તેં પેાતે જોયેા કે નહીં? જેમના મહિમાથી મહેંદ્ર પણ દાસ થયેા છે અને તું પણ જીવતેા થયેા. એમ કહી તે દેવ મુનિને નમસ્કાર કરી સ્વર્ગમાં ગયેા.

પછી ચંડસેનરાજકુમારે તે તપસ્વી મુનિની આગળ બહુ ક્ષમા માગી.

ત્યારબાદ પુત્ર સહિત લક્ષ્મણભૂપતિએ મુનિને વંદન કરી ધર્મનું સ્વરૂપ પૂછયું.

વિક્રમમુનિ ધર્મનું સ્વરૂપ કહે છે.

वात्यूर्द्धं पवनो न यद् यदनलस्तिर्यंग् न जाज्वल्यते,
वर्षत्यम्बु यदम्बुदो यदवनी तिष्ठत्यनालम्बना ।
सूर्याचन्द्रमसौ ध्रुवं यदुदितः श्रीर्यज्जडानां गृहे,
दिव्याच्छुध्यति यज्जनस्तदखिलं त्वं विद्धि धर्मोर्जितम् ॥१॥

પવન ઉર્ધ્વગતિએ જે વાતો નથી, અગ્નિ વક્રગતિએ જે બળતો નથી,

મેઘ જે વૃષ્ટિ કરે છે, આલંબન રહિત પૃથ્વી જે સ્થિર રહે છે,

સૂર્ય અને ચંદ્ર નિયમિત જે પ્રકાશ આપે છે.

જડ પુરુષોના ઘરમાં લક્ષ્મી જે નિવાસ કરે છે. તેમજ દિવ્ય કરનાર મનુષ્યની જે શુદ્ધિ થાય છે, તે સર્વ ધર્મનો વિલાસ છે, એમ તું નિશ્ચય જાણ.

શ્રીમાન જિનેંદ્રભગવાને પોતે કહેલો આ ધર્મ સર્વજનોને હિતકારક છે. પરંતુ નિર્ભાગી પુરુષોને કામકુંભની માફક તે અતિ દુર્લભ છે.

એમ ઉપદેશ સાંભળી પુત્ર સહિત રાજાએ આદરપૂર્વક તે ધર્મનો સ્વીકાર કર્યો.

પછી મુનિએ પારણું કરી ત્યાંથી વિહાર કર્યો. કારણ કે, તેવા ચારિત્રધારી મુનિઓની એકત્ર સ્થિતિ હોતી નથી.

રત્નાવલી વિગેરે અતિ દુશ્ચર વિવિધ પ્રકારનાં તપો વડે બહુ દુર્બળ થએલા વિક્રમમુનિને જોઈ, મુનિચંદ્રનામે તેમના ગુરુએ કહ્યું.

હે વિક્રમમુનિ ! ગ્રીષ્મકાલના સૂર્યવડે તળાવ જેમ આવા તીવ્ર તપ વડે તમારું શરીર શોષાઇ ગયું છે. માટે તે તપનો ત્યાગ કરી હવે તમે ભાવના ભાવો.

પવનના સમૂહની માફક આ ઉચ્ચ ભાવનાવડે કર્મરેણુનો સમુદાય નષ્ટ થયે છતે કૈલાસપર્વતની જેમ આત્મા શુદ્ધ થાય છે.

કર્મરજથી ખરડાયેલો આ આત્મા જ્યાં સુધી ભાવના રસ વડે વારંવાર પ્રક્ષાલન કરવામાં ન આવે, ત્યાં સુધી કેવી રીતે નિર્મલ થાય ?

એ પ્રમાણે પોતાના પૂજ્યગુરુનો ઉપદેશ સાંભળી ઉદારમનવાળા વિક્રમમુનિ ભાવનાવડે આત્માને ભાવતા છતા મુક્તિગૃહની એક નિસરણી સમાન ક્ષપકશ્રેણીને પ્રાપ્ત થયા. પછી સર્વ કર્મોનો ક્ષય કરી કેવળશ્રીને પ્રાપ્ત કરી તે વિક્રમમુનિ મહા આનંદમય પરમધામને પામ્યા.

પુનઃ શ્રી હેમચંદ્રસૂરિ બોલ્યા. હે કુમારપાલ નરેશ ! દાનાદિક ચાર પ્રકારના ધર્મ ઉપર વિક્રમરાજાની આ કથા સાંભળી તું પણ મન, વચન અને કાયાવડે દાનાદિકધર્મનું હંમેશાં સેવન કર.

ત્યારબાદ શ્રેષ્ઠબુદ્ધિમાન શ્રી કુમારપાલરાજા સત્પાત્રદાનાદિકમાં વિશેષ પ્રવૃત્ત થયો. ઉપદેશ શ્રવણ કરીને જે તે પ્રમાણે આચરવામાં ન આવે તો તે વૃથા થાય છે.

તેમજ તે શ્રી કુમારપાલ રાજા ચતુર્વિધ જૈનસંઘ, જૈનમંદિર, જૈનબિંબ અને જૈન આગમ સિદ્ધાન્ત, એ સાતે ક્ષેત્રોમાં બીજની માફક પોતાનું દ્રવ્ય વાવતો હતો.

મહાજન પ્રાર્થના

અન્યદા શ્રી કુમારપાળ રાજા સભામાં બેઠા હતા, તે સમયે કંઈક કરમાએલા મુખે મહાજન લોકો રાજસભામાં આવ્યા.

રાજાને નમસ્કાર કરી તેઓ પોતાને ઉચિત સ્થાને બેઠા.

અતિશય પરાજિત થયા હોય તેમ વિલક્ષણ સ્વભાવને પ્રાપ્ત થયેલા તેમને જોઈ રાજાનું હૃદય ચિંતાતુર થઈ ગયું અને બહુ આદરથી તે બોલ્યો.

હે મહાજન લોકો ! તમને કોઈથી પણ શું તેવો કોઈ ઉપદ્રવ આવી પડયો છે ? શું ન્યાયનો ભંગ થયો છે ? જેથી તમે સાયંકાળના પદ્મની માફક કાંતિહીન થઈ ગયા છો.

એ પ્રમાણે રાજાનો પ્રશ્ન સાંભળી હૃદયમાં આનંદ માનતા મહાજન લોકોએ રાજાને વિનંતિ કરી કહ્યું.

આપના રાજ્યમાં જો ઉપદ્રવ હોય તો સમુદ્રમાં ધૂળ કેમ ન હોય? તેમજ અમે કોઈ દિવસ સ્વપ્નમાં પણ જેનો અનુભવ કર્યો નથી, તેવો અન્યાય તો હોય જ કયાંથી.

વળી હે સ્વામિ! કદાચિત્ સૂર્યમંડળમાં અંધકારનો સંભવ હોઈ શકે, પરંતુ આપના ઉદયમાં કંઈ પણ અઘટતું બને નહીં.

પરંતુ વૈભવમાં ઇંદ્રસમાન કુબેરશ્રેષ્ઠી દેશાંતરથી સમુદ્રમાર્ગે અહીં આવતો હતો. તેવામાં તેના દુર્ભાગ્યને લીધે વહાણ ભાગી ગયું. જેથી તે મરી ગયો,

નિઃપુત્ર હોવાથી તેનો પરિવાર બહું આક્રંદ કરે છે, તો તેનું ધન આપ સ્વાધીન કરાવો. જેથી અમે તેની ઔર્ધ્વદેહિક અગ્નિદાહાદિક ક્રિયા કરીએ.

એનું ધન કેટલું છે? એમ રાજાના પૂછવાથી તેઓએ કહ્યું, ધન બહુ પુષ્કળ છે.

ત્યારપછી કૌતુકને લીધે શ્રીમાન કુમારપાળભૂપાલ તેમની સાથે તેના ઘેર ગયો. ત્યાં શોકાતુર થયેલું કુબેરનું કુટુંબ જોઈ વૈરાગ્યનાં વચનો વડે રાજાએ બોધ કર્યો.

શ્વાસ એ મનુષ્યોનું જીવન છે. તે શ્વાસ વાયુસ્વભાવ હોવાથી બહુ ચંચળ છે. તે પણ નિરંતર નિર્ગમન અને પ્રવેશ કરતો જ રહે છે.

હવે તે શ્વાસ જ્યારે દૈવયોગે નીકળીને ફરીથી પાછો પ્રવેશ કરતો નથી ત્યારે જ પ્રાણીઓનું મૃત્યુ થાય છે. તે મૃત્યુ કયાં દૂર રહેલું છે? નવ દ્વારથી રચેલા આ શરીરમાં સારી રીતે ચાલતો પણ શ્વાસવાયુ કેટલાક સમય સુધી રહે છે, તે પણ શું આશ્ચર્ય નથી?

પવન પાકેલા જેમ પાંદડાને તેમ કોલેરા, વિષ, શૂળ, શસ્ત્ર, અગ્નિ અને જલાદિક ઉપદ્રવો ક્ષણ માત્રમાં જીવિતને હરણ કરે છે.

અન્ય માર્ગે ગયેલા મુસાફર પ્રાણીઓ જ્યારે ત્યારે પાછા આવે છે, પરંતુ કાળધર્મના માર્ગે ગયેલા માણસો કલ્પાંતમાં પણ ફરીથી પાછા આવતા નથી.

આ પ્રમાણે સર્વ કુટુંબને આશ્વાસન આપ્યું.

કુબેરશ્રેષ્ઠીનું ત્યાં કરોડો સુવર્ણટંક, લાખો રૂપીઆ, હજારો મણિરત્ન, અગણ્ય ગાયો, ઘોડા અને ઉંટ, કેટલાક હાથી, અનેક દાસ અને અનેક વણિકપુત્ર ગુમાસ્તાઓ

તેમજ ધાન્યના ઢગલાઓ, વસ્ત્ર, દુકૂળ અને ચંદનાદિકના ઢગે ઢગ, તથા ઘર, દુકાનો, વહાણ અને સેંકડો રથાદિકને જોઈ શ્રીકુમારપાળ રાજા વિસ્મય પામ્યો અને તેણે કહ્યું.

ખરેખર આ કુબેરશ્રેષ્ઠી કુબેરદેવનો અવતાર છે, અન્યથા આટલી લક્ષ્મી એને કયાંથી હોય ?

હે રાજન્ ! આ સર્વ સમૃદ્ધિ આપ પોતાને સ્વાધીન કરો. એમ વણિકલોકોના કહેવાથી શ્રીમાન કુમારપાલભૂપાલનું મુખકમળ કંઈક કરમાઈ ગયું અને તે પોતાના હૃદયમાં વિચાર કરવા લાગ્યો.

યમરાજા પણ કેવળ પ્રાણને હરણ કરે છે, પરંતુ ધન હરણ કરતો નથી, તો તેણે ત્યજેલા ધનનું હરણ કરતા રાજાઓ યમથી પણ અતિનિર્દય ગણાય એ સત્ય છે.

વળી આર્ય પુરુષો જે કહે છે કે, રાજ્ય ભોક્તા નરકે જાય છે, તે રૂદન કરતી અપુત્ર વિધવાઓના દ્રવ્યગ્રહણના પાપથી જ કહેવામાં આવે છે. ઉલટું રાજાઓએ તો અનાથોને ધન આપવું જોઈએ. બળાત્કારે તેમની પાસેથી રાજાઓ જે લઈ લે છે, તે કોઈ નવીન સ્થિતિ જોવામાં આવે છે. માટે

તૃતીયવ્રતને ભ્રષ્ટ કરનાર એવું આ અપુત્રક ધન લેવું મને ઉચિત નથી, એમ નિશ્ચય કરી ધર્માત્મા શ્રીકુમારપાળ ભૂપતિએ મહાજનને કહ્યું.

પતિ અને પુત્રરહિત સ્ત્રીઓનું ધન રાજાઓએ બળાત્કારે ગ્રહણ

કરવાથી જે દુઃખ થાય છે, તેવું દુઃખ પોતાના પતિના મરણથી પણ થતું નથી, એ વાત સ્પષ્ટ છે.

જો પુત્ર હોય તો દ્રવ્યનો અધિકારી તે થાય છે, તો રૂદન કરતી સ્ત્રીઓનું ધન ગ્રહણ કરતા રાજાઓ તેમના પુત્ર કેમ ન કહેવાય ?

વળી પોતાનો પતિ મરવાથી તે સ્ત્રીઓ પ્રથમ પણ પ્રાયે મરેલી હોય છે, તો એમની પાસેથી જે દ્રવ્ય લેવું, તે તો ખરેખર મરેલાને મારવા જેવું છે.

માટે આ કુબેરના વૈભવવડે તેનો પરિવાર સુખેથી જીવો, એમ કહી શ્રીકુમારપાળરાજાએ તેના પરિવારને સર્વ ધન આપી દીધું.

વિવેકથી ઉલ્લસિત છે ચિત્ત જેનું એવા શ્રીકુમારપાળે ત્યાં જ પોતાના સેવકોવડે પોતાનું પંચકુળ બોલાવીને મહાજનની રૂબરૂમાં પુછયું.

બોલો ! દરેક વર્ષે પુત્ર વિનાની રૂદન કરતી સ્ત્રીઓનું ધન કેટલું ઉત્પન્ન થાય છે ?

પંચાયતીલોકોએ પણ લેખ વાંચીને કહ્યું, હે રાજન ! બોતેરલાખ રૂપીયા ઉત્પન્ન થાય છે.

પછી ભૂપતિએ તેમના હાથમાંથી પત્ર લઈ જીર્ણપત્રની માફક તે ચીરી નાખ્યું અને હુકમ કર્યો કે; હવેથી એ અપુત્રક રૂદતીનું ધન આપણે લેવું નહીં.

ગુરુવંદન

ત્યારબાદ સર્વલોકો અને નિર્વીશા-વિધવા સ્ત્રીઓ તરફથી બહુ આશીર્વાદ મેળવતા શ્રી કુમારપાલનરેંદ્ર ગુરુ પાસે ગયા અને વંદન કર્યું.

રાજાએ કરેલું તે અદ્‌ભુતકાર્ય અનેક લોકોના મુખથી જાણીને મનમાં ચમત્કાર પામેલા શ્રીહેમચંદ્રસૂરિ બોલ્યા.

નિર્લોભિ એવા મહાત્માઓ પણ દ્રવ્યને જોઈ તત્કાલ લોભ પામે છે, તો હે દેવ ! આ પ્રમાણે તૃણની માફક વિશાલ દ્રવ્યનો ત્યાગ તારા વિના બીજો કોણ કરી શકે !

વળી હે રાજન્! અપુત્રકનું ધન લેવાથી રાજા તેમનો પુત્ર થાય છે. અને તું તો તે ધન તેમને આપવાથી બરોબર તેમનો પિતા બન્યો છે.

એ પ્રમાણે ગુરુએ બહુ ગૌરવથી પ્રશંસા કરી. પછી રાજા પ્રમોદથી છલકાતો હોય તેમ પોતાના સ્થાનમાં ગયો.

ચૈત્યનિર્માણ

ચૈત્ય બંધાવવાથી સ્વ અને પરનું પુણ્ય જાણતા શ્રીકુમારપાળ ભૂપતિએ ઉત્સાહપૂર્વક ચૈત્યો બંધાવવાનો પ્રારંભ કર્યો.

પ્રથમ પાટણની અંદર **ત્રિભુવનપાળ** નામે વિમાનસમાન અતિ અદ્‌ભુત ચૈત્ય બંધાવ્યું. જેની ઉંચાઈ પચીશ હાથની હતી. તેમાં પોતાના પિતાના કલ્યાણમાટે પુણ્યબુદ્ધિથી તેણે સવાસો આંગળના પ્રમાણવાળી **શ્રીનેમિનાથ** ભગવાનની મૂર્તિ પધરાવી.

પ્રથમ અવસ્થામાં માંસનો સ્વાદ લેનાર બત્રીશદાંતની શુદ્ધિ માટે એક વેદી ઉપર નંદીશ્વર દ્વીપમાં સ્ફુરણાયમાન રાજધાનીનાં ચૈત્યોના અનુજ હોય તેમ મંડપાદિકથી શોભતા અને નિર્દોષ બત્રીશ પ્રાસાદ બંધાવ્યા.

ગુરુની આજ્ઞાથી તેમાં બે શ્વેત, બે કૃષ્ણ, બે લાલ, બે નીલ, અને સોળ સ્વર્ણસમાન એમ ચોવીશ ચૈત્યોમાં શ્રીમાન ઋષભાદિક જિનેંદ્રોની મૂર્તિઓ સ્થાપન કરી. તેમજ ઉદ્ધૃત કરેલાં ચાર મંદિરોમાં શ્રીસીમંધરાદિક ચાર મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી.

ત્યારબાદ રોહિણી–પ્રથમવિદ્યા, સમવસરણ, પોતાના ગુરુની બંને પાદુકાઓ અને અશોકદ્રુમ એ ચારની સ્થાપના બાકીનાં ચાર મંદિરોમાં કરી.

રાજકૃતજ્ઞતા

પ્રથમ દુઃખાવસ્થામાં ભ્રમણ કરતા શ્રીકુમારપાલભૂપતિએ નિર્ધનતાને લીધે રૂપાની મુદ્રાઓ લઈ લીધી હતી, ત્યારે જે ઉંદર મરી ગયો હતો, તેથી ઉત્પન્ન થયેલા પાપસંતાપને દૂર કરવા માટે ધારાયંત્ર–કુવારાની માફક એક સુંદર ઉંદરવિહાર નામે ચૈત્ય બંધાવ્યું.

તેમજ નામાદિકને પણ નહી જાણતી જે દેવશ્રીએ માર્ગમાં ત્રણ દિવસના ભુખ્યા રાજાને કરંભક જમાડી તેની ક્ષુધા દૂર કરી હતી. તેના પુણ્યની વૃદ્ધિમાટે અને સ્વાર્થની સિદ્ધિમાટે કૃતજ્ઞતાને લીધે ભૂપતિએ કરંભવસતિનામે વિશાળ પ્રાસાદ કરાવ્યો.

એક દિવસ રાજર્ષિકુમારપાળ વાગભટે બંધાવેલા ચૈત્યમાં શ્રી જિનેશ્વરોને નમસ્કાર કરવા માટે અને પાપનો તિરસ્કાર કરવા માટે ગયો.

ત્યાં નેપાલદેશના રાજાએ મોકલેલું, પ્રમાણમાં એકવિશ અંગુલ, પ્રાચીન પુરુષોએ કહેલું, ચંદ્રકાંત મણિમય અને દર્શન માત્રથી બાહ્ય તથા અભ્યંતર તાપનાશક બહુ અદ્‌ભુત શ્રીપાર્શ્વનાથ ભગવાનનું બિંબ આવ્યું હતું. ચંદ્રબિંબ સમાન તે બિંબને વારંવાર જોતાં રાજાનાં નેત્ર કુમુદના માફક પ્રફુલ્લ થઈ ગયાં.

ત્યારપછી તે મૂર્તિ પોતાના હાથમાં લઈ શ્રીકુમારપાલભૂપતિએ વાગ્‌ભટને કહ્યું. મને આ ચૈત્ય આપો, જેથી આ મૂર્તિને હું પધરાવું.

બહુ ખુશી થઈ વાગ્‌ભટ પણ બોલ્યો. મારી ઉપર મોટી મહેરબાની. આજથી આ ચૈત્ય શ્રીકુમારવિહાર નામે પ્રસિદ્ધ થાઓ.

ત્યાર પછી ભૂપતિએ હોંશીયાર ઝવેરીઓને બોલાવી તેમની પાસે પોતાના ચિત્તની માફક તે બિંબને ઉજવળ કરાવી તે ચૈત્યની અંદર તેની પ્રતિષ્ઠા કરી.

વળી તે ચૈત્યને ચાલની સમાન સર્વ બાજુએ જાળી હોવાથી તે બિંબની ઉપર સંપૂર્ણ ચંદ્રકિરણો પડે છે. તેથી ચંદ્રબિંબની માફક તે બિંબમાંથી સમસ્ત આધિ વ્યાધિને શાંત કરનાર સુધારસ અતિશય ઝરે છે.

દિવ્યઔષધ સમાન તે સુધારસવડે સર્વ ચક્ષુના દોષ તથા અનેક પ્રકારના પ્રાણીઓના સંતાપ તત્કાલ શાંત થાય છે.

તેમજ પ્રથમ અણોરાજનો પરાજય કર્યો, ત્યારે ચૈત્ય બંધા–

વવાની ઇચ્છા કરી હતી, તે ચોવીશ હાથ ઉંચો પ્રાસાદ તારંગાજી પર્વતપર બંધાવ્યો.

તેમાં શ્રીઅજીતનાથ ભગવાનની એકસો એક આંગળ પ્રમાણની મૂર્તિ બનાવરાવી પોતાના મૂર્તિમાન ધર્મની માફક તે મૂર્તિની સ્થાપના કરાવી.

પછી સ્તંભતીર્થ–ખંભાતમાં ભગવાન શ્રીહેમચંદ્રસૂરિથી જ્યાં વ્રતલાભ થયો હતો, તે શ્રીઆલિંગ નામે જિનમંદિર બહુ જ જીર્ણ થયું હતું, તે મંદિરને ગુરુના સ્નેહવડે મૂલમાંથી નવીન કરાવી તેમાં શ્રીવીરભગવાનની રત્નમયી મૂર્તિ સ્થાપન કરી.

એ સર્વ ચૈત્યોમાં મોટા ઉત્સવપૂર્વક શ્રીહેમચંદ્રસૂરિએ વિધિ પ્રમાણે પોતાના હાથે પ્રતિષ્ઠા કરી અને દરેક ચૈત્યોની પૂજા માટે પુષ્પોથી ભરપૂર ઘણા બગીચાઓ અને ભોગને માટે ઘણું ધન શ્રીમાન કુમારપાલભૂપતિએ આપ્યું.

ત્યારબાદ પોતાના પ્રધાનોને તેમણે આજ્ઞા કરી, આપણને આપવા લાયક દંડના ધનવડે તમારે પોતપોતાના દેશમાં કૈલાસ સમાન ઉન્નત ઘણા પ્રાસાદ કરાવવા. એમ રાજાના હુકમથી પ્રધાનોએ અન્ય દેશોમાં પણ આજ્ઞાંકિત રાજાઓ પાસે મોટાં જૈન મંદિરો કરાવ્યાં. (૧) ગૂર્જર, (૨) લાટ, (૩) સૌરાષ્ટ્ર (૪) ભંભેરી, (૫) કચ્છ, (૬) સિંધવ (૭) ઉચ્ચ, (૮) જાલંધર (૯) કાશી, (૧૦) સપાદલક્ષ (૧૧) અંતર્વેદિ (૧૨) મરૂ, (૧૩) મેદપાટ (૧૪) માલવ (૧૫) આભીર, (૧૬) મહારાષ્ટ્ર (૧૭) કર્ણાટક અને (૧૮) કોંકણ એ અઢારે દેશોમાં શ્રીમાન કુમારપાલરાજાએ કરાવેલા પ્રાસાદો જાણે મૂર્તિમાન તેની કીર્તિના સમૂહ હોય તેમ શોભતા હતા.

આ પ્રસંગે કવિઓએ કલ્પના કરી.

સમુત્તીર્ણાઃ સ્વર્ગા–દિહ કિમુ વિમાનાઃ સ્વયમમી,
ભુવં ભિત્ત્વા પ્રાપ–ન્નુત ભવનપવ્યન્તરગૃહાઃ ।
અથાઽભૂવન રૂપ્ય–સ્ફટિકહિમશૈલા ગણતિથાઃ,
વિહારા રાજર્ષે–રિતિ કવિભિરૌદ્યન્ત જગતિ ॥ ૧ ॥

સ્વર્ગમાંથી અહીં ઉતરેલાં આ શું પોતે વિમાનો હશે ? અથવા પૃથ્વીને ભેદી બહાર આવેલા ભવનપતિ તથા વ્યંતરોના પ્રાસાદ હશે ? અથવા રૂપ્ય, સ્ફટિક અને હિમના પર્વતો હશે ? એમ રાજર્ષિનાં બંધાવેલાં જૈન મંદિરો આ દુનિઆમાં જનસમુહને ચમત્કારિક થયાં.

ઉદયન અભિગ્રહ

સુરાષ્ટ્રદેશનો અધિપતિ **સમરસ** નામે રાણો બહુ ગર્વિષ્ઠ થઈ મદોન્મત્ત હાથી જેમ અંકુશને તેમ શ્રીકુમારપાલની આજ્ઞા માનતો નહોતો.

તેને સ્વાધીન કરવા માટે ભૂપતિએ ઉદયનમંત્રીને સેનાપતિ કરીને માંડલિક રાજાઓના બલ સાથે મોકલ્યો.

વર્ધમાનપુરમાં તેઓ જઈ પહોંચ્યા. ત્યાં સૈન્યનો પડાવ કર્યો.

શ્રી ઉદયનમંત્રી દેવ-વંદન માટે **વિમલાચલ** ઉપર ચઢયો. શ્રીઆદિનાથ ભગવાનની પૂજા કરી. મંત્રી શ્રીમુનીંદ્રની માફક વિધિપૂર્વક ચૈત્યવંદન કરતો હતો. તેટલામાં એક ઉંદર દીવામાંની બળતી દીવેટ પોતાના મુખમાં લઈ કાષ્ઠમય ચૈત્યના બિલ-દરમાં જતો હતો, તેને મહામુશીબતે પૂજકોએ મુકત કર્યો.

આ હકીકત જોઈ મંત્રીએ વિચાર કર્યો; બળતી દીવેટના પ્રસંગથી આ કાષ્ઠનું ચૈત્ય બળી જાય તો જરૂર તીર્થનો નાશ થાય. રાજાઓનાં અનેક કાર્ય કરવામાં જ જીંદગી ગમાવનાર એવા અમને ધિક્કાર છે. શકિત હોવા છતાં પણ જે અમે આવા જિર્ણ ચૈત્યનો ઉદ્ધાર કરતા નથી.

સર્વ જગાએથી ધૂળ એકઠી કરી તેમાંથી ઉત્તમ રત્નાદિક વસ્તુઓને ગ્રહણ કરતા તે ધૂલિધાવક-ધુળધોયાની બુદ્ધિને ધન્ય છે. અર્થાત્ તેઓ હોંશીયાર ગણાય.

અમે તો તે પ્રમાદરૂપ મહારજોભરવડે હાથમાં આવેલા પોતાના ધર્મરત્નને ગુમાવીએ છીએ, તો અમારા સરખા મૂર્ખ કોણ ?

પવિત્ર તીર્થાદિકમાં જે લક્ષ્મીનો નિવેશ કરી અધિકારીઓ કૃતાર્થ થતા નથી, તો તેવી રાજાઓના પાપ વ્યાપારથી પ્રગટ થયેલી લક્ષ્મીવડે પણ શું ?

જો આ લક્ષ્મીએ મને આવા ઉચ્ચ સ્થાને પહોંચાડયો છે, તો મારે પણ એને આ તીર્થમાં વાપરી ઉચ્ચ સ્થાનમાં યોજવી, એ જ યોગ્ય છે.

રાજાનું કાર્ય કરી જ્યાં સુધી હું આ તીર્થનો ઉદ્ધાર ન કરૂં, ત્યાં સુધી બ્રહ્મચર્યવ્રત અને એક ભુક્તઆદિક અભિગ્રહો મારે પાળવા.

સમરસ રાણો

શ્રીઉદયનમંત્રી વિમળાચલની યાત્રા કરી ત્યાંથી નીચે ઉતર્યો. સૈન્ય સહિત તેણે જલદી પ્રયાણ કર્યું. કારણકે ઉત્તમ સેવકો પોતાના સ્વામીની આજ્ઞામાં મંદ થતા નથી.

ત્યાંથી આગળ ચાલતા તેઓ અનુક્રમે શત્રુના નગરની નજીક ગયા. અને મંત્રીએ પોતાનો દૂત મોકલી સમરસરાણાને ખબર આપી.

અમારા રાજાની આજ્ઞા તું માન અને જો બલવાન હોય તો અમારી સાથે યુદ્ધ કર.

એ પ્રમાણે દૂતની વાણીવડે રાણો એકદમ ક્રોધાયમાન થઈ ગયો અને નિદ્રામાંથી જગાડેલા સિંહની માફક તે સમરસગૈરી યુદ્ધમાં શ્રીઉદયનના સામો થઇ ગયો.

યુદ્ધમાં ઉત્સાહ ધરાવતા રાજવંશી ક્ષત્રિયોવડે પ્રભાવિક તે શત્રુ દર્પાદિક સહચરો વડે મૂર્તિમાન વીરરસની માફક દીપતો હતો.

આદ્ય વૈરને પ્રગટ કરતા યથાયોગ્ય કાર્યનો સ્વીકાર કરતા અને અત્યંત ઉત્સાહને પ્રગટ કરતા સુભટોએ યુદ્ધનો પ્રારંભ કર્યો.

સમસ્ત શત્રુઓને પિષવાના ધ્યાનમાં લાગેલા મનવડે પોતાના શરીરે લાગતા શસ્ત્ર ઘાતને પણ સુભટો જાણતા નહોતા.

ભયને લીધે જેઓ યુદ્ધ કરવા પ્રથમ ડરતા હતા, તેઓ પણ પોતાના સુભટોને હણાયેલા જોઈ બહુ પરાક્રમ બતાવવા લાગ્યા.

તેમજ તે સમયે સુભટો ખડ્ગ, ભાલા, બાણ, ગદાઓ, કેશ અને મુષ્ટિઓવડે પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા.

ત્યારપછી મહાપરાક્રમી શત્રુના સૈનિકોએ પોતાના સૈન્યનો પરાજય કર્યો. તે જોઈ શ્રી ઉદયનમંત્રી પોતે કાલની માફક રૂષ્ટ થઇ યુદ્ધ કરવા તૈયાર થયો.

જો મરી ગયા ન હો તો તમે જલદી નાસી જાઓ, એમ નકકી કહેવા માટે જેમ, તેના ધનુષના શબ્દો શત્રુઓના કાનમાં પેઠા.

તેમજ વીરશિરોમણી મંત્રીએ ધનુષ ચઢાવી બહુ બલથી બાણ ફેંકયાં કે; તરતજ શત્રુઓ રણક્ષેત્રમાં પડી ગયા, એ મોટું આશ્ચર્ય.

સિંહ સમાન દૃઢ પરાક્રમી શ્રી ઉદયનમંત્રીએ યુદ્ધમાં પ્રહાર કરે છતે મૃગલાઓની માફક કયા શત્રુઓ મરણ ન પામ્યા ?

કૃતાંતયમની માફક ઉદયન વીરવડે સર્વ બાજુએથી હણાતા સૈન્યને જોઈ સમરસ બહુ ક્રોધાયમાન થઈ ગયો.

પછી કમરમાં લટકતા બાણના ભાથા અને હાથમાં ધનુષને વહન કરતો, ઉત્કૃષ્ટ વીરરસના ઉત્સાહથી ઉભા થઇ ગયા છે કેશ જેના,

યુદ્ધમાં કુશલ એવા અશ્વ ઉપર બેઠેલો, પ્રૌઢપરાક્રમને ધારણ કરતો સાક્ષાત્ ધનુર્વેદ સમાન તે રાણો મંત્રીની આગળ થયો.

સમાન સુભટના સમાગમથી પોતાને કૃતાર્થ માનતા અને હાથીની માફક ગર્જના કરતા તેઓ બંને ક્રોધ વડે યુદ્ધ કરવા લાગ્યા.

પરસ્પર બાણની વૃષ્ટિ કરતા અને એક બીજાના બાણોનો સંહાર કરતા તેઓ મિત્રની માફક બદલો ભૂલતા નહોતા.

બહુ વેગથી ચાલતાં અને સર્વથા મધ્ય ભાગમાં નહી અટકતાં બાણો પોતાનું શીઘ્ર ગમન સત્ય કરતાં હતાં.

ત્યારપછી ઉદયન મંત્રીએ શત્રુના બાણછેદને બચાવીને તેના હૃદયમાં પોતાના પરાક્રમની માફક બહુ જોસથી બાણ માર્યું.

રણસંગ્રામમાં શસ્ત્રોના ક્ષતથી પ્રસરતા રૂધિર વડે ખરડાયેલા મંત્રી અને રાણો બંને વર્ષાઋતુમાં ગૈરિક-લાલમાટીના ઝરણાથી વ્યાપ્ત પર્વતો હોય ને શું ? તેમ શોભતા હતા.

આ બંનેના મધ્યમાં કોનો જય થશે, એમ લોકો ચિંતાતુર થયે છતે અને નિરંતર સેંકડો બાણો પડે છતે પ્રહારથી જીર્ણ થયું છે, અંગ જેનું એવા મંત્રીએ હસ્ત લઘવથી બાણવડે મર્મસ્થલો હણીને તે શત્રુને યુદ્ધમાં માર્યો.

ઉદયનમંત્રીના સૈન્યમાં આવતી જયશ્રીના ઝાંઝરનો ઝંકાર હોય તેમ જય જય ધ્વનિ થયો.

ત્યારપછી કીર્તિ સહિત શત્રુની લક્ષ્મી લઈ તેના પુત્રને તેના સ્થાનમાં બેસારી મંત્રીશ્વર શિબિર-સૈન્ય સ્થાનમાં આવ્યો.

મર્મસ્થલના પ્રહારની વેદનાને લીધે મીંચાઈ ગયાં છે નેત્ર જેનાં એવા મંત્રી તે દુઃખને ભૂલવાને માટે ન હોય તેમ માર્ગમાં મૂર્છિત થઈ ગયો.

તેના સેવકોએ પવનાદિક ઉપચારવડે મહા કષ્ટથી તેને સચેતન કર્યો. પછી તેઓ તેને ઉપાડીને શિબિરની અંદર લઈ ગયા.

ત્યાં આગળ તેના સ્નેહિજનોએ સારી રીતે શય્યા પાથરી મંત્રીને સુવાડયો. તેમજ તેની સેવા પણ બહુ સારી રીતે કરી.

પરંતુ મંત્રી વારંવાર બહુ આક્રંદ કરતો હતો, તે જોઈ તેના નજીકમાં રહેલા મંડલાધિપ રાજાઓએ પૂછયું.

હે મંત્રીશ્વર ! શા કારણથી આપ આમ કરૂણ સ્વરે આક્રંદ કરો છો ?

પ્રથમ પણ વૈરીઓને નાશ કરનારા આવા અનેક સંગ્રામ આપે કર્યો હતા અને વીરશ્રીને આભૂષણ સમાન આવા પ્રહાર પણ તમારા શરીરે લાગ્યા હતા.

પરંતુ હે પર્વત સમાન સ્થિર ! તેં કોઈ દિવસ અધૃતિ કરી નહોતી. માટે તારા હૃદયનું જે શલ્ય હોય તે તું કૃપા કરી અમને કહે ?

મંત્રીવિચાર

ઉદયનમંત્રી ગળગળા કંઠે તેમને કહેવા લાગ્યા. આ અતિ દુઃસહ શસ્ત્રપ્રહારો છે, તોપણ મને તે બીલકુલ વ્યથા કરતા નથી.

કારણ કે, સ્વામીની આજ્ઞાથી જેઓ પોતાના પ્રાણોને યુદ્ધ-

દાવાનળમાં તૃણ સમાન હોમે છે, તેવા વીરપુરુષોને શસ્ત્રપ્રહાર સુખડી સમાન પ્રિય લાગે છે.

પરંતુ **શત્રુંજય** અને **શકુની** ચૈત્યનો મારે ઉદ્ધાર કરાવવો, એવા નિયમપૂર્વક મેં પ્રતિજ્ઞા કરી છે. હાલમાં આ પ્રમાણે મારૂં મરણ થયે છતે કલ્યાણશ્રેણીની માફક ખંડિત થતી મારી તે પ્રતિજ્ઞા મારા હૃદયને આ લાગેલાં બાણોથી પણ અધિક વીંધે છે.

બીજું પણ દેવું મનુષ્યોના દુઃખને માટે પ્રાયે થાય છે, તો આ દેવનું ઋણ તો મહાદુઃખનું કારણ કેમ ન થાય ?

એક તો દેવઋણ અને બીજું મારી પ્રતિજ્ઞાનો ભંગ, એ બેના ચિંતવનથી મંદની માફક હાલમાં હું ઝુરૂં છું.

તે સાંભળી માંડલિક રાજાઓ બહુ વિસ્મય પામી બોલ્યા. હે સ્વામિ ! ચિતાની માફક તપાવનારી ચિંતાને વૃથા ન કરો.

મારા પુત્ર વાગ્‌ભટ અને આમ્રભટની પાસે એક ભક્તાદિક તમારા સર્વ અભિગ્રહો ગ્રહણ કરાવીને થોડા સમયમાં જ તમે પ્રતિજ્ઞા કરેલા બંને તીર્થોનો ઉદ્ધાર અમે કરાવીશું.

તમારા કહ્યા પ્રમાણે આ કાર્ય અમે પાસે રહીને જરૂર કરાવીશું. કદાચિત્ તેઓ પિતૃભક્તિથી વિમુખ થઈ આ કાર્ય નહી કરે તો અમે પોતે જ આ બંને તીર્થોનો ઉદ્ધાર કરીશું. અહો ! શ્રેયસ કાર્ય કોને પ્રિય ન હોય ?

સ્વર્ગવાસ

માંડલિકરાજાઓના વચનામૃતનું પાન કરવાથી આત્મશુદ્ધિ પામી શ્રીયુત ઉદયનમંત્રી બોલ્યા.

અંતિમ આરાધના માટે કોઈ પણ સાધુને અહીં લાવો. ત્યારપછી મંડલેશ્વરોએ બહુ તપાસ કરી. પરંતુ સાધુનો પત્તો લાગ્યો નહીં.

ત્યારપછી તેમણે વિચાર કર્યો; મંત્રીનો સમાધિભંગ ન થાય, એવી બુદ્ધિથી કોઈક સરળ હૃદયના કુંવારા વંઠ પુરુષને મુનિની ક્રિયા શિખવી સાધુનો વેષ પહેરાવી તેને મંત્રી પાસે લઈ ગયા.

ગૌતમની માફક તે મુનિને તેમજ સર્વ પ્રાણીઓને ખમાવી દુષ્કૃતની નિંદા અને અગણ્ય પુણ્યનું અનુમોદન તેણે કર્યું.

તેના દોષની શુદ્ધિરૂપ જલવડે સમ્યક્ત્વને ફરીથી ઉજ્વળ કરી ભાવનારૂપ અદ્ભુત સુગંધવડે આત્માને સુવાસિત કર્યો.

ત્યારપછી સદ્ધ્યાનરૂપ રસના સંબંધ વડે મનને વિશુદ્ધ કરી શ્રીઉદયનમંત્રી સ્વર્ગલક્ષ્મીનો શિરોમણિ થયો.

ત્યારપછી તેની અંત્યક્રિયા કરીને શ્રીકુમારપાળના સામંત રાજાઓ પાટણ પ્રત્યે ચાલતા થયા.

કુમારપાળ વિષાદ

વૃષ્ટિથી વૃક્ષની જેમ મુનિવેષ ધારણ કરવાથી અને મંત્રીના પ્રણામથી તે વંઠના હૃદયમાં ઉત્કટ વિવેક અંકૂરિત થયો.

આવા પુણ્યવંત મંત્રીને વંદાવી જો હું ફરીથી સેવક થાઉં, તો મારી સમજણ શા કામની ? આ જ પ્રમાણે—ભાવ વિના જે વેષ ધારણ કરવાથી લોકમાં બહુ મહત્તા પ્રાપ્ત થાય છે, તેવા સાધુવેષને મૂકવો નહીં, ભાવથી શું ફળ થવાનું છે ? માટે આ વેષ વડે જ પરલોકનું હિત હું સિદ્ધ કરૂં. ધર્મની માફક ફરીથી એની પ્રાપ્તિ મને કયાંથી થાય ?

એ પ્રમાણે પોતાના મનમાં વિચાર કરી વેષધારી મુનિ રૈવતાચળમાં ગયા અને શુદ્ધ અનશનરૂપ નિસરણીવડે દેવલોકમાં ગયા.

હવે તે માંડલિક રાજાઓ પણ બહુ ઉતાવળથી પાટણ નગરમાં ગયા અને વૈરીની સંપત્તિ શ્રીમાન કુમારપાળરાજાને ભેટ કરી.

પછી અતિ ચમત્કારજનક શ્રીઉદયનમંત્રીનું પરાક્રમ અને અવસાન—મરણ એ બંને એક સાથે તેમણે નિવેદન કર્યાં. કાનને કરવત સમાન તે વચન સાંભળી શ્રીકુમારપાળ રાજા મુખમાંથી તાંબૂલ ફેંકી દઈ પોતાના બંધુની માફક પશ્ચાત્તાપ કરવા લાગ્યો.

વાગ્ભટ આદિક મંત્રી પુત્રો પણ તે વૃત્તાંત જાણી વજ્રઅગ્નિથી બળ્યા હોય તેમ ગાઢ દુઃખમાં પડ્યા.

રાજા તેના મહેલમાં ગયો અને તેના પરિવારને આદરપૂર્વક તેણે બહુ આશ્વાસન આપ્યું. પછી તેણે મહામાત્યના સ્થાનમાં વાગ્‌ભટને સ્થાપન કર્યો.

તીર્થોદ્ધાર

માંડલિક રાજાઓ વાગ્‌ભટ અને આમ્રભટની પાસે આવ્યા અને તેમણે શ્રીઉદયનમંત્રીએ કરેલી તીર્થોદ્ધારની પ્રતિજ્ઞા બંને ભાઇઓની સમક્ષમાં નિવેદન કરી કહ્યું.

જો તમે પિતૃભક્તિમાં ધર્મતત્ત્વ જાણતા હો તો તેમના અભિગ્રહ ધારણ કરી તીર્થનો ઉદ્ધાર કરો. જેઓ ઋણથી પિતાને મુક્ત કરે છે, તે પુત્રો જ સ્તુત્ય ગણાય છે, માટે તમે બંને જણ દેવઋણથી પિતાને મુક્ત કરો.

સવિતા–પિતા=સૂર્ય અસ્ત થયે છતે કંઈ પણ તેના સ્થાનનો ઉદ્ધાર કરતા નથી, તે પુત્રો શનિની માફક લોકોમાં નિંદ્ય ગણાય છે.

સુધા સમાન તે વાણીને સાંભળી મંત્રી પુત્ર બહુ ખુશ થયા. અને એક એક તીર્થનો ઉદ્ધાર કરવા માટે પિતાના નિયમો તેમણે ગ્રહણ કર્યા. પછી ઉદ્ધારને માટે વાગ્‌ભટે રાજાને વિનંતિ કરી.

ભૂપતિએ કહ્યું. હે બુદ્ધિનિધાન ! સર્વ જનને હિતકર એવા આ કાર્યમાં મને પુછવાનું હોય ખરૂં ?

શત્રુંજય મહાતીર્થ છે. ત્રિજગત્ પ્રભુના ચૈત્યનો ઉદ્ધાર કરવાનો છે અને ઉદ્ધાર કરનારો તું છે. એવું બીજું કયું કાર્ય છે ? જેથી એની અનુમતિ આપવામાં ન આવે.

એ પ્રમાણે રાજા વડે બહુ સત્કાર કરાયેલો અને ગુરુના આશીર્વાદથી ઉત્સાહિત થયેલો વાગ્‌ભટ રાજાની માફક મોટી સમૃદ્ધિ સાથે તીર્થ પ્રત્યે ચાલ્યો.

જલદી પ્રયાણ કરતો વાગ્‌ભટ શત્રુંજય તીર્થ પર ગયો. શ્રીઆદિનાથ ભગવાનનાં દર્શન કરી તંબુ નાખી ત્યાં સૈન્ય સહિત રહ્યો.

અનેક હોંશીયાર સૂત્રધારો શિલ્પિઓને એકઠા કર્યા, કે વિશ્વકર્મા પણ જેમની પાસે વિજ્ઞાનકળા શિખવાની ઇચ્છા કરે છે.

ત્યાં ચૈત્યનો ઉદ્ધાર સાંભળી પોતાની લક્ષ્મીના વ્યયવડે પુણ્યશ્રીનો વિભાગ લેવાની ઇચ્છા કરતા ઘણા સાધર્મિક શ્રેષ્ઠીઓ આવ્યા.

ભીમવણિક

નજીકના કોઈ ગામનો શ્રેષ્ઠી રહીશ **ભીમ** નામે કોઇ વણિક માથે ઘીની કુલડી મૂકી મંત્રીના લશ્કરમાં ગયો. તેની પાસે ફક્ત છ સોનૈઆની મુડી હતી. શુદ્ધ વ્યવહારથી સર્વ ઘી વેચી દીધું.

પોતાની હોંશીયારીથી તેણે એક રૂપીઓ અને એક સોનૈઓ પેદા કર્યો. સાતે સોનામહોરો મૂડી માટે ગાંઠે બાંધી. ધાર્મિક વૃત્તિથી તેણે એક રૂપીઆનાં પુષ્પ લીધાં અને શ્રીઆદિનાથ ભગવાનની પૂજા કરી.

પછી આમ તેમ ફરતો ફરતો ભીમવણિક લશ્કર જોવાના કૌતુકથી વાગ્ભટ મંત્રીના તંબુ આગળ આવ્યો.

દ્વારપાલોએ રંકની માફક તેને વારંવાર દૂર કર્યો તોપણ તેણે અંદર સભામાં બેઠેલા અને દિવ્ય વૈભવથી વિરાજમાન મંત્રીને જોયો.

તે જોઇ ભીમવિચાર કરવા લાગ્યો. એની પાસેના લોકો અલંકારોવડે દેવસમાન દીપે છે, અને તેમના મધ્યમાં બેઠેલો આ મંત્રીશ્વર લીલાવડે ઇંદ્રસમાન શોભે છે.

અહો ! એનામાં અને મારામાં મનુષ્યપણું સરખું રહેલું છે. પરંતુ રત્ન અને પાષાણની માફક ગુણોવડે અમારા બંનેમાં પણ કેટલું અંતર રહ્યું છે ? "ભાગ્યવિના કંઈ નથી."

હંમેશાં વશ થયા હોયને શું તેમ અનેક ગુણો વડે આ મહાત્મા સેવાય છે અને હું તો કોઈ ઠેકાણે સ્થાન નહીં મળવાથી જેમ દૂષણોવડે સેવાઉં છું.

પુરુષોત્તમની ભ્રાંતિથી લક્ષ્મી એની નિરંતર સેવા કરે છે અને પુરુષોમાં અધમ એવા મારી સેવામાં તો તેની ઇર્ષ્યાથી જેમ અલક્ષ્મી દારિદ્ર હાજર રહે છે.

વળી આ મંત્રી પોતાની કીર્તિની સ્પર્ધાવડે જેમ સર્વ જગતનુ

ઉદર ભરનાર છે. અને હું તો એવો નિર્ભાગી છું કે, પોતાનો નિર્વાહ કરવામાં પણ શક્તિમાન નથી.

દાન અને માનથી વશ થયેલા મોટા પુરુષો પણ એની સ્તુતિ કરે છે અને દારિદ્રના ઉપદ્રવથી પીડાયેલી મારી પત્ની પણ મારી સ્તુતિ કરતી નથી.

તેમજ આવા મહાન તીર્થનો ઉદ્ધાર કરવા માટે આ મંત્રી સમર્થ છે અને હું તો પુરુષ પ્રમાણ તીર્થને પણ નવીન કરવા સમર્થ નથી.

માટે આ મંત્રી જ પુણ્યમાં દૃષ્ટાંત છે, એમ હું માનું છું. જેનું આવું અલૌકિક ચરિત્ર ચક્રવર્તીને જીતનારું વર્તે છે.

એ પ્રમાણે ભીમવણિક વિચાર કરતો હતો, તેવામાં દ્વારપાલે તેને ગળે પકડીને બહાર કાઢી મૂક્યો. તે બીના મંત્રીના જોવામાં આવી. જેથી મંત્રીએ તેને તેજ વખતે પોતાની પાસે બોલાવરાવ્યો.

ભીમ ત્યાં આવી મંત્રીને નમસ્કાર કરી ત્યાં આગળ બેઠો. મંત્રીએ પોતાનો માણસ હોય તેમ તેને પ્રેમથી પૂછ્યું, તું કોણ છે?

ભીમે ઘૃતવિક્રયથી થયેલો લાભ તથા પૂજા વિગેરે પોતાનું વૃત્તાંત કહ્યું.

મંત્રી બોલ્યો. તને ધન્યવાદ ઘટે છે, નિર્ધન છતાં પણ જે તેં આ પ્રમાણે શ્રીજિનેંદ્રભગવાનની પૂજા કરી. માટે સાધર્મિકપણાથી તું મારો ધર્મબંધુ છે.

એ પ્રમાણે સભા સમક્ષ સ્તુતિ કરી વાગ્ભટે ભીતિવડે બેસતો નહોતો તો પણ તેને બલાત્કારે પોતાના આસન ઉપર બેસાડ્યો.

દિવ્ય વસ્ત્રધારી મંત્રીની પાસે બેઠેલો મલિન વસ્ત્રધારી ભીમવણિક સ્ફટિકમણિની નજીકમાં રહેલા શ્યામ પાષાણસમાન દેખાતો હતો.

ભીમવણિકે વિચાર કર્યો, હું દરિદ્ર છું તો પણ મને મંત્રીએ જે માન આપ્યું, તે જરૂર શ્રીજિનેંદ્રભગવાનની પૂજાનો જ મહિમા છે.

સાધર્મિક બંધુઓ

તે સમયે સાધર્મિકબંધુઓ ત્યાં આવ્યા અને બહુ આનંદથી તેમણે સભામાં વિરાજમાન મંત્રીશ્વરને તત્કાલ વિનંતિ કરી.

હે મંત્રી પુંગવ! તીર્થોદ્ધાર કરવામાં માત્ર તું એકલો સમર્થ છે, તો પણ બંધુસમાન અમને આ પુણ્યમાં જોડવાને તું યોગ્ય છે.

કદાચિત ધાર્મિક પુરુષો કોઈ સમયે પિત્રાદિકને પણ છેતરે છે, પરંતુ ધાર્મિક સ્નેહપાશના બંધનથી સાધર્મિકોને છેતરતા નથી.

માટે જે કંઇ દ્રવ્ય અમે ભાવથી આપીએ, તેનો આ તીર્થમાં નિયોગ કરી આપ અમારી પ્રાર્થના સફલ કરો.

એમ તેમના બહુ આગ્રહથી ઉદારતાના સાગરસમાન મંત્રીએ તેમનાં નામ અનુક્રમે એક પત્રપર પોતે જ લખી લીધાં. પછી તે શેઠીઆઓ સુવર્ણના રાશિ ત્યાં લાવતા હતા, ત્યારે મંત્રીના અર્ધાસને બેઠેલો ભીમવણિક વિચાર કરવા લાગ્યો.

અહો! મારી પાસે મુડીમાં સાત સોનૈયા છે, તે જો આ ચૈત્યના કાર્યમાં વપરાય તો હું કૃતાર્થ થાઉં. એમ તેનો ભાવ થયો, પરંતુ લજ્જાને લીધે તે બોલી શકયો નહીં.

બુદ્ધિના પ્રભાવથી મંત્રી તેના મનની વાત સમજી ગયો અને કહ્યું, બોલ તું શું કહેવા ધારે છે?

ઐશ્વર્યને પ્રાપ્ત થયેલાની જેમ ભીમવણિક બહુ પ્રમુદિત થયો અને નિઃશંક થઈ મંત્રીને કહ્યું.

મારા પણ સાત દ્રમ્મક–સોનૈયા આ કાર્યમાં તમે ગ્રહણ કરો. પોતાના મનમાં વિસ્મિત થયેલો મંત્રી બોલ્યો.

હવે વિલંબ કરવાનું કારણ નથી. જલદી તે સોનૈયા તું અહીં લાવ, કારણ કે થોડા સમયમાં ચૈત્યનો ઉદ્ધાર પૂર્ણ કરવો, એવી મારી ઇચ્છા છે.

રોમાંચને ધારણ કરતા ભીમવણિકે પોતાના નિધિની માફક તે દ્રવ્ય આપ્યું, એટલે વાગ્ભટે તેનું નામ પત્રમાં સૌથી પ્રથમ લખ્યું.

આ જોઇને ધનાઢય શ્રેષ્ઠીઓનાં મુખ અંજનસમાન કાળાં થઈ ગયાં.

મંત્રી બોલ્યો. તમે શા માટે ઝાંખા પડયા છો?

અમોએ ઘણું દ્રવ્ય આપ્યું, છતાં પણ એના સરખા તો અમે

સર્વથા ન જ થયા.

મંત્રીએ કહ્યું. એનો સોમો ભાગ પણ તમે આપ્યો નથી. કારણ કે; આ ભીમવણિકે પોતાની સઘળી મુડી આપી છે. એ પ્રમાણે મંત્રીની વાણી સાંભળી લજ્જાને લીધે શ્રેષ્ઠીઓ નીચે મુખે જોઈ રહ્યા. ત્યારબાદ ભીમવણિક સારી સ્તુતિથી પોતાને ધન્ય માનતો હતો.

ભીમસત્કાર

ત્યારપછી મંત્રીએ પાંચસો સોનૈયા અને નવીન ત્રણ ઉત્તમ વસ્ત્ર બહુ માનપૂર્વક ભીમવણિકને આપવા માંડયાં, ત્યારે ભીમવણિક બોલ્યો.

આટલા ધનવડે હું મોટા પુણ્યનો નાશ કરીશ નહીં. કુટેલી કોડી માટે કોટિધન કયો બુદ્ધિમાન ગમાવે ?

ત્યાર પછી મંત્રેશ્વર આજ્ઞા લઇ ભીમવણિક પોતાને ઘેર ગયો. પરંતુ સર્વ ધન અર્પણ કરવાથી પિશાચિની સમાન પોતાની પત્નીની ભીતિ તેના મનમાં બહુ હતી.

પરંતુ આજે તો જાણે સોનાનો દિવસે જાણે હોયને શું ? તેમ તેની પત્નીએ પણ બહુ સ્નિગ્ધ વાકયોવડે ભીમને પ્રસન્ન કર્યો.

ભીમ મનમાં વિચાર કરવા લાગ્યો. અહો ! આ પણ એક આશ્ચર્ય આજે આ સ્ત્રીના મુખમાંથી પ્રિય વચન નીકળ્યાં.

જેમ વિષમાં અમૃત અને અગ્નિમાં કમલ હોય નહીં, તેમ આ સ્ત્રીના મુખમાં કોઈ દિવસ લોકને આનંદ આપનાર વચન નહોતું.

જો કે આ મારી પત્ની રાક્ષસી સમાન ઉગ્ર સ્વભાવવાળી થઇ હતી, તે સુંદર સ્વભાવવાળી થઈ. તેથી હું આજનો સમગ્ર દિવસ ધન્ય માનું છું.

ત્યારબાદ ભીમે દ્રવ્ય વ્યયાદિકનું સર્વ વૃત્તાંત કહ્યું. તે સાંભળી સ્ત્રી પણ બહુ ખુશ થઈને બોલી.

હે સ્વામિ ! તમોએ આ કામ બહુ સારૂ કર્યું. સર્વ લોકોનું ધન પોતાના ઘર કાર્યમાં જ વપરાય છે, પરંતુ ચૈત્યાદિક ધર્મકાર્યમાં તો કોઈક ભાગ્યશાળીનું જ વપરાય છે. તેમજ આપે મંત્રી પાસેથી

જે ધન ન લીધું, તે પણ બહુ સારૂ કર્યું. કારણ કે તીર્થ સ્થાનમાં પારકું ધન ફોગટ કોણ ગ્રહણ કરે ?

દ્રવ્યનિધાન

ભીમવણિકને ત્યાં એક ગાય હતી. તેને બાંધવા માટે તે ખીલો ઘાલતો હતો. જમીન ખોદતાં અંદરથી ધર્મની માફક ઉત્તમ નિધિ નીકળ્યો. તેમાં ચારસો સોનૈયા હતા.

પુત્ર વિનાનો માણસ જેમ પુત્રોને તેમ તે સોનૈયાને જોઈ ભીમ બહુ રાજી થયો.

આજે મને જે જે સારૂ થયું, તે સર્વ ચૈત્યના ઉદ્ધારમાં સાત દ્રમ્મક-સોનૈયા વાપર્યા તેના પુણ્યથી થયું છે.

આ નિધિ પુણ્યથી મળ્યો છે, માટે એને પુણ્ય માર્ગે જ વાપરવો. એમ નિશ્ચય કરી ભીમવણિકે પોતાની ઇચ્છા સ્ત્રીને સંભળાવી.

સ્ત્રીની પ્રેરણાથી ભીમવણિક તે સર્વ ધન લઈ વાગ્ભટની પાસે ગયો.

બુદ્ધિમાન ભીમવણિકે યથાસ્થિત દ્રવ્ય પ્રાપ્તિનું વૃત્તાંત મંત્રીને સંભળાવી તીર્થોદ્ધાર માટે તે સર્વ ધન આદરપૂર્વક મંત્રીને આપ્યું.

મંત્રી બોલ્યો. પોતાના ઘરમાંથી નીકળેલો નિધિ તું શા માટે વાપરી નાંખે છે ?

ભીમ બોલ્યો. આ નિધિ મેં સ્થાપન કરેલો નથી. પારકું ધન હું શા માટે ગ્રહણ કરૂં ? એમ કહ્યું તોપણ મંત્રી બલાત્કારે તે ધન પાછું આપે છે અને ભીમ તે ધન લેતો નથી.

આ પ્રમાણે બંનેનો વિવાદ થયે છતે તે સાંભળવાના કૌતુકથી જેમ રાત્રી આવી પડી. પછી બંને પોતપોતાના સ્થાનમાં સુઈ ગયા.

કપર્દીયક્ષ

રાત્રીએ ભીમવણિકની પાસે પોતાના પૂર્વજની માફક તે તીર્થનો અધિષ્ઠાયક કપર્દીયક્ષ પોતે આવ્યો અને તેણે કહ્યું.

તેં એક રૂપીઆનાં પુષ્પો–વડે ભાવથી શ્રીઆદિનાથભગવાનની જે પૂજા કરી, તેથી હું તારી ઉપર પ્રસન્ન થયો. તારી સ્ત્રીને મિષ્ટ-ભાષા બોલતી મેં કરી, તેમજ આ નિધિ પણ મેં જ આપ્યો છે. માટે તારી ઈચ્છા પ્રમાણે આ દ્રવ્ય તું ભોગવ.

એમ કહી કપર્દીયક્ષ અદૃશ્ય થઈ ગયો.

ભીમવણિક પણ સવારમાં ઉઠ્યો અને યક્ષે કહેલું રાત્રી વૃત્તાંત મંત્રીને નિવેદન કર્યું. પછી સ્વર્ણ અને રત્નમય પુષ્પોવડે શ્રીઆદિ-નાથભગવાનની તેણે પૂજા કરી.

ત્યારબાદ પોતાનો નિધિ લઈ મહેભ્ય–શ્રેષ્ઠિની માફક તે પોતાના ઘેર ગયો અને પ્રમુદિત થઇ પુણ્ય ધર્મ કરવા લાગ્યો. કારણ કે પોતાના હિત કાર્યમાં કોણ ઉદ્યમ ન કરે ?

ચૈત્યારંભ

કાષ્ટનું ચૈત્ય ત્યાંથી દૂર કરી માંગલિક દિવસે અગાધ બુદ્ધિમાન મંત્રીએ પાષાણમય ચૈત્ય કરવાનો પ્રારંભ કરાવ્યો.

ખાતની જગાએ સુવર્ણની વાસ્તુમૂર્તિ વિધિપૂર્વક સ્થાપન કરીને મૂળનાયક કરવાના હતા, ત્યાં નીચે કૂર્મના આકાર સરખી એક શિલા સારી મજબુતાઈથી સૂત્રધારોએ સ્થાપન કરી. અનુક્રમે પ્રાસાદનું કામ ચાલતુ થયું.

વાસ્તુવિદ્યામાં કહેલી યુક્તિ પ્રમાણે જ સ્થિર દેવતાઓનું સ્થાપન કરતા શિલ્પીઓ ઉત્સાહપૂર્વક બહુ ઉત્કૃષ્ટ પ્રાસાદનું કામ કરવા લાગ્યા.

હંમેશાં નવીન નવીન હાર અને વસ્ત્રાદિક વડે સંતુષ્ટ કરેલા શિલ્પીઓ જાણે પલંગમાં બેઠા હોય તેમ બીલકુલ થાકતા નહોતા.

તે ચૈત્યની ચિંતાવડે વાગ્ભટ મંત્રી રાત્રી અને દિવસે પણ સુતો નહોતો. તેવા શુભકાર્યનો પ્રારંભ કરી નિદ્રાલુ કોણ થાય ?

દિવસે દિવસે તે પ્રાસાદ જેમ જેમ ઉંચો જાય છે, તેમ તેમ મંત્રીનો પુણ્યરાશિ પણ બહુ સ્થિર થાય છે.

જગત્ની દૃષ્ટિને શાંતિ આપનાર તે ચૈત્ય શ્રીશત્રુંજયગિરિનો મુકુટ હોય તેમ બે વર્ષે સંપૂર્ણ થયું. જેથી પ્રમોદવડે મંત્રીનું

ઉદર ભરાઈ ગયું અને તે પોતે અપૂર્વ મહોત્સવ કરવાનો પ્રારંભ કરતો હતો, તેટલામાં જેના મુખની કાંતિ ઉતરી ગઈ છે, એવો તે દેવનો પૂજારી ત્યાં આવી મંત્રી પ્રત્યે બોલ્યો.

હે દેવ ! કોઇપણ કારણને લીધે સમગ્ર મંદિર તુટી ગયું છે.

અમૃતમાં વિષ, દુધમાં કાંજી, હર્ષમાં વિષાદ અને વેદોચ્ચારમાં અશ્રાવ્ય ગાળોની માફક

બહુ દુઃખદાયક એવું પણ તે વાકય સાંભળી વાગ્ભટ સૂર્યના કિરણોવડે કમલ જેમ અત્યંત ઉલ્લાસ પામ્યો.

પછી તે વાત સાંભળી સેવકો બહુ શોકાતુર થઈ ગયા અને મંત્રીને પ્રમુદિત થયેલો જોઈ તેમણે પૂછયું.

હે સ્વામિ ! આ વિષાદના સમયે તમને હર્ષ શાથી થયો છે ?

મંત્રીએ તેમને કહ્યું. સર્વોત્કર્ષ સ્થિતિવાળો હું વિદ્યમાન છતે આ ચૈત્ય તૂટી ગયું છે, તે હું હાલમાં જ ફરીથી નવીન કરાવીશ, એથી મને આનંદ થયો છે. અન્યથા મારા મરણ પછી દૈવયોગે જો પડી ગયું હોત તો તે ચૈત્ય કોઈ બીજો બંધાવત, પછી મારૂં નામ પણ ચાલ્યું જાત.

ચૈત્યપતન કારણ

કલાવાન સમગ્ર શિલ્પીઓને બોલાવી મંત્રીએ પૂછયું. શા કારણથી આ પ્રાસાદ ચીરાઇ ગયો ?

શિલ્પીઓએ જવાબ આપ્યો. ભમતી વિનાનું ચૈત્ય બાંધવામાં આવે તો વંશનો નાશ કરનાર તે થાય છે.

એમ વિચાર કરી અમોએ આ મંદિર ભમતી સહિત બાંધ્યું તેની અંદર પવન ભરાઈ ગયો. તે પવન બહાર ન નીકળી શકયો. તેના ક્ષોભથી પાકા ચીભડાની માફક આ ચૈત્ય ફાટી ગયું છે, એ સત્ય વાત છે.

તે સાંભળી વાગ્ભટે વિચાર કર્યો, જો કે; વંશ પણ પ્રિય છે અને તેની આબાદી રહેવી જોઈએ, પરંતુ તે વંશનો હાલમાં સંશય છે.

કોણ જાણે તે થશે કે નહીં થાય ? અને કદાચિત્ તે થયેા હોય તેા પણ સ્થિર કોનેા રહ્યો ?

અથવા મેરૂની માફક સ્થિર રહે તેા પણ ભવશ્રેણીમાં ભ્રમણ કરતા મારા તે શેા ઉપકાર કરશે ?

વળી દુષ્ટ કર્મોવડે નરકમાં લઇ જવાતા પિત્રાદિકનું રક્ષણ કરવા માટે રંકની માફક નરકમાં રહેલેા પણ આ વંશ શક્તિમાન નથી.

આ લેાકમાં અને પરલેાકમાં પણ પુણ્ય વિના કોઈથી એ જીવનેા કોઇપણ પ્રકારનેા ઉપકાર થઈ શકતેા નથી. માટે ધર્મ સંતાન વંશની વૃદ્ધિ થાએા.

ખરી વસ્તુ મારી એજ છે કે, જે પાછળ રહીને પેાતાના પિતારૂપ જીવને મેાક્ષ સ્થાનમાં પહેાંચાડે.

વળી તીર્થોના ઉદ્ધાર કરનાર અને સંસારના વારણ કરનાર ભરતાદિક રાજાઓની પંક્તિમાં ભમતી વિનાનું ચૈત્ય કરવાથી મારૂં નામ રહે, એમ વિચાર કરી ધર્માર્થી એવા વાગ્ભટે સૂત્રધારેાને આજ્ઞા કરી, મૂળથી ઉખેડી ફરીથી ભમતી વિનાનું ચૈત્ય બાંધેા.

નવીનચૈત્ય

મંત્રીના હુકમથી શિલ્પીઓએ ચીરાએલા સમગ્ર પત્થર કાઢી નાખ્યા અને મૂળમાંથી ભમતી વિનાનું નવીન ચૈત્ય ત્રણ વર્ષની અંદર તૈયાર કર્યું.

તે ચૈત્ય બંધાવવામાં બે કરેાડ અને સત્તાણું લાખ સેાનૈયા મંત્રીને ખર્ચ થયા, એમ પ્રાચીન લેાકેા કહે છે.

બહુ ઉન્નત અને લેપન દ્રવ્યથી અતિ ઉજ્વલ એવા તે પ્રાસાદને જોઈ લેાકેાની કૈલાસગિરિ જોવાની ઉત્કંઠા મંદ થઈ ગઇ.

તેમજ તે ચૈત્યની અંદર દાનાદિ લક્ષ્મીના ભિન્નભિન્ન ક્રીડા ગૃહેા હેાયને શું ? તેમ મુનિઓના ચિત્તની માફક વિશાલ મંડપેા શેાભે છે. અને તે દરેક મંડપેામાં તે તે આશ્ચર્ય જોવામાં સ્થિર

થયેલી દેવીઓ હોયને શું ? તેમ ત્યાં રહેલી શાલભંજીકા–પુતળીઓને લોકો જોયા કરે છે.

ત્યાં નિરીક્ષણ કરતા લોકો જોયેલું અને નહીં જોયેલું શિલ્પ જોઈ એક સરખા આનંદને ધારણ કરતા પોતાના હૃદયમાં ભેદ જાણતા નથી.

પાર્શ્વભાગમાં રહેલાં પદ્મોવડે પદ્મહ્રદમાં રહેલા કમલોની માફક નાનાં દેવમંદિરોથી વીંટાયેલો તે પ્રાસાદ ચારે તરફ શોભે છે.

તેની પ્રતિષ્ઠા માટે પાટણમાં વિનંતિ મોકલીને વાગ્ભટ મંત્રીએ સંઘ સહિત શ્રી હેમચંદ્રસૂરિને બોલાવ્યા.

મૂર્તિપ્રતિષ્ઠા

વિક્રમ સંવત ૧૨૧૧માં માર્ગશીર્ષ સુદિ સાતમ શનિવારે પ્રથમ જિનેંદ્ર શ્રીઆદિનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરી તેમજ તે સૂરિએ ચૈત્યના શિખરપર દંડ, ધ્વજ અને સુવર્ણ કલશ સ્થાપન કર્યો.

પવનથી કંપતા ધ્વજાગ્રવડે ઉંચા કરેલા હાથવડે દુષ્કૃતને ધિક્કારતો હોય, તેમ તે પ્રાસાદ શોભતો હતો.

અષ્ટાહ્નિકાદિક બહુ અપૂર્વ કાર્યો કરે છતે તેના ચરિત્રવડે પ્રસન્ન થયેલા ગુરુએ વાગ્ભટને કહ્યું.

जगद्धर्माऽऽधारं, स गुरुतरतीर्थाधिकरण–
स्तदप्यर्हन्मूलं, स पुनरधुना तत्प्रतिनिधिः ।
तदावासश्चैत्यं, सचिव ! भवतोद्धृत्य तदिदं,
समं स्वेनोद्धे, भुवनमपि मन्येऽहमखिलम् ॥ १ ॥

"જગતને ધર્મનો આધાર છે. ધર્મને મોટા તીર્થનો આધાર છે. તીર્થનું મૂળ પણ શ્રીજિનેંદ્ર ભગવાન છે. અને હાલમાં તે શ્રીજિનેંદ્રભગવાન પ્રતિમારૂપ છે. તેમને રહેવાનું સ્થાન ચૈત્ય છે. માટે હે મંત્રીન્દ્ર ! તેં આ ચૈત્યનો ઉદ્ધાર કરી પોતાની સાથે સમગ્ર ભુવનનો પણ ઉદ્ધાર કર્યો. એમ હું માનુ છું."

भूत्वा मृद्घटिताद् घटाद्यदि पुरा वातापिवैरी मुनिः,
सप्ताऽप्यंबुनिधीन् किलैकचुलुनाऽपोशानकर्मण्यपात्।
मंत्रिंश्चैत्यमधि त्वया विनिहितात्कल्याणरूपात्ततः
सूतः पुण्यसुतः कथं तव भवांभोधिं न पातैककम् ॥ १॥

પ્રથમ સમયમાં માટીના ઘડામાંથી ઉત્પન્ન થઈ અગસ્તિ મુનિ સાતે સમુદ્રોને અપોશન ક્રિયામાં એક અંજલિવડે પી ગયા.

તો હે મંત્રિન ! તેં ચૈત્ય ઉપર સ્થાપન કરેલા સુવર્ણમય કલશથી પ્રગટ થયેલ પુણ્યરૂપી પુત્ર તારા એક ભવસાગરનું પાન કેમ નહીં કરે ? એમ ગુરુનો આશીર્વાદ થયા બાદ તેઓ તીર્થપરથી નીચે ઉતર્યા.

ત્યાં તેની તલેટીમાં વાગ્ભટે પોતાના નામથી નવીન નગર વસાવ્યું. તેમજ ત્યાં શ્રીત્રિભુવનપાલવિહાર નામે ભવ્ય મંદિર બંધાવીને તેમાં શ્રીપાર્શ્વનાથ ભગવાનની મનોહર મૂર્તિ પધરાવી.

નગરની ચારે બાજુએ ચોવીશ બગીચાઓ બનાવીને દેવપૂજન માટે ચોવીશ ગામ પણ આપ્યાં.

પછી વાગ્ભટમંત્રી સદ્ગુરુ અને સંઘ સહિત ત્યાંથી નીકળી પોતાના વતન પાટણમાં ગયો અને તે ધર્માત્માઓનો અગ્રણી થયો.

આમ્રભટમંત્રી

શ્રીકુમારપાલરાજાની અને તેના મંત્રી વાગ્ભટની આજ્ઞાથી આમ્રભટ ભૃગુકચ્છ-ભરૂચ નગરમાં ગયો. પોતાના પિતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા તેમજ પોતાના કલ્યાણ માટે તેણે શ્રીમુનિસુવ્રત સ્વામીના નવીન ચૈત્યનો પ્રારંભ કરાવ્યો.

ત્યાં લોકો તેના નીચેની ભૂમિ ખોદતા હતા, તેવામાં તે ખાડામાં મુખ નેત્ર પુટની માફક એકદમ પોતાની મેળે મળી ગયું. તેથી રાક્ષસીની માફક તે ગર્તાએ ગળેલા બોદ કામ કરતા લોકોને જોઈ તેમનાં કુટુંબો અત્યંત વિલાપ કરવા લાગ્યાં.

આમ્રભટ પણ ત્યાં આવ્યો અને તે ભયંકર બનાવ જોઇ બહુ ચિંતાતુર થઈ ગયો.

અહો ! ગર્તાનું નામ માત્ર પણ રહ્યું નથી, આ શું થયું ? મહાખેદની વાત થઈ.

જેમ જીવિત માટે ઔષધ ખાવાથી રોગીનું મરણ થાય તેમ પુણ્યના માટે ચૈત્ય બંધાવતાં મને ઉલટું આ મહાપાપ થયું.

આટલા બધા પ્રાણીઓના મૃત્યુનું કારણ વૃથા હું થયો.

હવે દૂષિતની માફક હું લોકોને કેવી રીતે મુખ બતાવીશ.

ગર્તામાં મરી ગયેલાઓની સ્ત્રીઓના અતિ ઉષ્ણ પ્રસરતા શ્વાસો વડે જીવતો હું જરૂર બળી જઈશ, એથી હું પોતે જ મરી જાઉં તો સારૂં.

મરણસાહસ

ત્યારબાદ તેઓના વધથી ઉત્પન્ન થયેલા પાપપંકને શુદ્ધ કરવાની ઇચ્છાથી જેમ આમ્રભટ ઝંપાપાત કરવા માટે પાસમાં રહેલા નર્મદાના તટપર ચઢયો.

તેમજ સ્ત્રી પતિના માર્ગને અનુસરનારી હોય છે, એ શાસ્ત્ર સિદ્ધ હોવાથી તેના પતિએ ઘણી ના પાડી તો પણ ભર્તાની પાછળ મરવા માટે તેની સ્ત્રી પણ ઉભી રહી.

રૂદન કરતા સેવકોએ "ઝંપાપાત ન કરો ન કરો" એમ નિવારે છતે પણ મરણીયાની માફક પોતાની સ્ત્રીસહિત તેણે તટપરથી પડતું મૂકયું.

નીચે પડયો તો પણ પ્રિયાસહિત આમ્રભટ શરીરે આબાદ રહ્યો અને તેજોમય મૂર્તિ હોયને શું ? તેમ ત્યાં આગળ ઉભેલી કોઇક સ્ત્રી તેના જોવામાં આવી.

ત્યારપછી તેણે પૂછયું. હે ભદ્રે ! બોલ. આવી કાંતિમય તું કોણ છે ? અદૃષ્ટગમન કરતી તું અહીંયા અકસ્માત્ કયાંથી આવી છે ?

પ્રભાઢયાદેવી

શાંતદૃષ્ટિથી અવલોકન કરતી તે દેવી બોલી. હે વત્સ ! આ ક્ષેત્રની અધિષ્ઠાયિકા **પ્રભાઢયા** નામે હું દેવી છું.

પુણ્યના સંસ્કારો જાગ્રત થાય, એ હેતુથી આ ચૈત્યનો આરંભ કરે છતે તારા સત્ત્વની પરીક્ષા માટે આ સર્વ ઉપદ્રવ મેં કર્યો છે.

હે વીર કોટીર ! આ જગતમાં તું સ્તુતિ પાત્ર છે. કારણકે; જેનું આવું અતિ ઉત્કટ ધૈર્ય છે. અન્યથા આ પ્રમાણે ઘણા લોકો મરે છે, તો પણ તારી માફક કોણ મરે છે ?

વળી જેનામાં અગાધ સત્ત્વ હોય છે, તેજ પોતાની ઈષ્ટસિદ્ધિ કરી શકે છે. કારણ કે; નિઃસીમ પરાક્રમ વિના પૃથ્વીનો અધિપતિ કોણ થાય ?

કેવળ એક સત્ત્વ પણ બલવાન થાય છે. વળી તે દયા સહિત હોય તો તેની વાત જ શી ? જેમકે; સૂર્યનું તેજ બહુ પ્રચંડ હોય છે, પુનઃ ગ્રીષ્મથી ઉત્તેજીત થાય તો તેની પ્રચંડતાની શી વાત ?

હે ભદ્ર ! તારી ઉપર હું પ્રસન્ન થઈ છું, મારી શક્તિ વડે ભોંયરામાંથી જેમ તે બાકીના સર્વ લોકો જીવતા નીકળ્યા છે, તેમનો તું તપાસ કર. એમ કહી દેવી અદૃશ્ય થઈ ગઇ.

ત્યારપછી આમ્રભટ ત્યાંથી ચૈત્યસ્થાનમાં આવ્યો. પ્રથમની માફક પૃથ્વીને ખોદતા પોતાના સર્વ માણસોને ત્યાં જોયા.

કોઈપણ દેવની અદ્‌ભુત માયા છે, એમ જાણી આમ્રભટે પોતે સર્વ દેવીઓને પુષ્કળ ભોગ આપી પ્રસન્ન કરી.

તેમના પ્રભાવરૂપ અગ્નિવડે વિઘ્ન વન બળી ગયે છતે અઢાર હાથ ઉંચું તે ચૈત્ય થયું.

પછી મંત્રીએ શ્રીમુનિસુવ્રત સ્વામી, રાજા, રાણી અને અશ્વની તેમજ વ્યાધે મારેલી અને વડ ઉપરથી પડેલી શમડીની અને નવકાર આપતા મુનિની પણ લેપ્યમય ઉત્તમ મૂર્તિઓ શિલ્પશાસ્ત્રમાં નિપુણ એવા ચિત્રકારો પાસે કરાવી.

પ્રતિષ્ઠા મહોત્સવ

ત્યારબાદ આમ્રભટે પ્રતિષ્ઠાના મહોત્સવ માટે શ્રી ગુર્વાદિકની વિનંતિ કરવા પોતાના માણસો મોકલ્યા.

પાટણથી નીકળી સંઘસહિત ગુરુ અને શ્રીકુમારપાળભૂપતિ ભરૂચનગરમાં આવ્યા.

સાક્ષાત્ પ્રભાવનાપિંડ હોયને શું ? તેવા મંત્રોવડે શાંતિકાર્ય કરીને શ્રીહેમચંદ્રસૂરિએ કૂર્મના લાંછનથી વિભૂષિત શ્રીમુનિસુવ્રત-જિનેંદ્રની પ્રતિષ્ઠા કરી.

પછી શ્રીકુમારપાળના પ્રસાદથી મલ્લિકાર્જુન કોશ સંબંધી ઉત્તમ જાતિના સુવર્ણના બત્રીશ લઘુ ઘટના પ્રમાણવાળો કલશ,

સુવર્ણમય દંડ અને કાંતિમય કૌશેય વસ્ત્રનો ધ્વજ,

એ સર્વની શ્રીહેમચંદ્રગુરુ પાસે પ્રતિષ્ઠા કરાવીને સંઘ તથા નૃપાદિકથી પરિવારિત આમ્રભટે પોતે ચૈત્ય ઉપર કલશાદિકને સ્થાપન કર્યાં. તેમજ પુણ્યશાલીજનોના હૃદયમાં પોતાને સ્થાપન કર્યો.

ચૈત્યની ઉપર વાજીંત્રરૂપી વરસાદની ગર્જના થયે છતે અતિ હર્ષથી ઘેરાયેલો મયૂરની જેમ મંત્રી નૃત્ય કરવા લાગ્યો.

ચૈત્ય ઉપર રહેલા આમ્રભટે દેવની માફક સુવર્ણ રત્નાદિકની અતિશય વૃષ્ટિ કરીને કોના દારિદ્રરૂપ સંતાપની શાંતિ ન કરી ?

પ્રથમ કાલમાં પણ લોકોએ જળમય વૃષ્ટિ જોઈ હતી અને તે સમયે તો દુકુલ, સુવર્ણ અને રત્નમયી વૃષ્ટિનો અનુભવ કર્યો.

કિંમત અને વજનમાં બહુ ભારે હોવાથી આમ્રભટે આપેલું દાન મજુરો પાસે જ્યારે યાચકોએ પોતાને ઘેર મોકલાવ્યું, ત્યારે દાન-રૂપી યજ્ઞવડે પૂજન કરતા આમ્રભટને જોઇ બહુ ખુશી થયેલા મુખ્ય કવિઓ-દેવોએ સ્તુતિ કરી.

स्रष्टुर्विष्टपनैपुणमयात् पाणेरपि त्वत्करे,
शक्तिः काऽप्यतिशायिनी विजयते यद्याचकानां जनौ ।
माले तेन निवेशितामतिदृढां दारिद्र्यवर्णावलीं,
दानिन्नाम्रभटैष भूरिविभवैर्निर्माष्टि मूलादपि ॥ १ ॥

હે દાનિ ! આમ્રભટ ! સૃષ્ટિ રચવામાં નિપુણ એવા બ્રહ્માના હાથથી પણ તારા હાથમાં કોઈ અલૌકિક શક્તિ રહી છે. કારણ કે;

યાચકોના જન્મ સમયે તેમના કપાલમાં બ્રહ્માના હાથે લખાયેલી અતિદૃઢ એવી દારિદ્રની અક્ષર પંક્તિને આ તારો હાથ મોટા વિભવોના દાનથી નિર્મૂળ કરે છે.

આરાત્રિકવિધિ

પછી શ્રીકુમારપાળરાજર્ષિની આજ્ઞાથી આમ્રભટ ચૈત્ય ઉપરથી નીચે ઉતર્યો.

ત્યારબાદ શ્રીજિનેંદ્રભગવાનની આરતીનો પ્રારંભ કર્યો.

તે સમયે પ્રથમ રાજાએ પછી વાગ્ભટે, સામંતમંડળે, સંઘાધિપ શ્રાવકોએ,

પછી માતા, બ્રેન અને પુત્રાદિકોએ શ્રીખંડચંદનથી મિશ્ર કેસરવડે, નવ અંગે અર્ચાપૂર્વક ભાલ સ્થલમાં વારંવાર કર્યું છે શ્રેષ્ઠતિલક જેને,

તેમજ કંઠમાં ચાર સેરોના સુગંધિત પુષ્પોના અનેક હાર પહેરાવ્યા છે જેને,

નિઃસ્પૃહ લોકો પણ સ્પૃહ સહિત જેનું મુખાવલોકન કરતા હતા,

તેમજ દ્વારમાં રહેલા ભટ્ટોને અશ્વ આપતા, બાકીના લોકોને સુવર્ણરાશિ આપતા અને

તેના અભાવમાં પોતાના શરીર ઉપરથી અલંકાર આપતા

આમ્રભટને જોઈને શ્રીકુમારપાલભૂપાલે જલદી તેના હાથ પકડી કરાવેલી આરતીનો વિધિ ધાર્મિક શિરોમણિ આમ્રભટે પૂર્ણ કર્યો.

ત્યારપછી તેણે રાજાને પૂછયું. આપે બહુ ઉતાવળથી હાથ પકડીને શા માટે આ કાર્ય કરાવ્યું ?

શ્રીકુમારપાલભૂપાલ કિંચિત્ હાસ્ય કરી બોલ્યો.

તું શરીરના અલંકાર પણ આપવા લાગ્યો, તે પરથી તું સર્વ આપી દેત, એમ જાણી મેં તે દ્વારાએ તને નાપાડી કે; હવે તું આપવું બંધ કર. કારણ કે; ધારાબંધ રસ પડવાથી પોતાને પણ ભૂલીને દાતા તેમજ જુગારી એ બંને પોતાનું મસ્તક પણ આપે છે.

कूर्मः क्षुद्रतमोऽपि लांछनमिषाद्यत्पादपद्मद्वयीं,
सेवित्वेव बभूव भुमिवलयं पृष्टे विवोढुं दृढः ।

अश्वोज्जीवनया धुरीणपदवीं कारुण्यभाजां श्रित;
स श्रीमान्मुनिसुव्रतोजिनपतिर्दत्तां श्रियं श्रेयसीम् ॥ १ ॥

કાયએા બહુ નાનેા છે, તેા પણ લાંછનના બહાના જેમના ચરણકમલને સેવીને જેમ ભૂમંડલને પેાતાની પીઠપર ધારણ કરવા માટે સમર્થ થયેા.

તેમજ અશ્વને જીવાડવાવડે દયાળુજનેામાં મુખ્ય સ્થાનને પ્રાપ્ત થયેલા તે શ્રીમાન મુનિસુવ્રતજિનેંદ્ર કલ્યાણમયી લક્ષ્મીને આપેા.

એ પ્રમાણે શ્રીજિનેશ્વરપ્રભુની સ્તુતિ કર્યા બાદ ચૈત્યવંદન કર્યું.

ત્યાર પછી શ્રી હેમચંદ્રસૂરિએ સંઘ સમક્ષ આમ્રભટને કહ્યું.

જ્યાં તું નથી ત્યાં કૃતયુગ વડે શું ? અને જ્યાં તું છે, ત્યાં કલિયુગ શું કરે ? વળી કલિયુગમાં તારેા જન્મ થયેા, તેા કલિયુગ ભલે રહે કૃતયુગની જરૂર નથી.

હે બુદ્ધિમાન ! બહુ વૃદ્ધ થવાથી દાનધર્મ ઘણેા કૃશ થયેા છે, તે હવે તારા હાથના અવલંબનવડે પૃથ્વીમાં પ્રસાર પામેા.

ગુરુ મુખથી નીકળેલી આ વાણીવડે વિસ્મય પામેલા કેાઈપણ એવા મહાન પુરુષેા ન હતા કે; જેમણે આમ્રભટનું મુખ નિરીક્ષણ ન કર્યું હેાય ?

ત્યારબાદ તેણે સત્કાર કરેલા ગુરુશ્રીહેમચંદ્રસૂરિ તથા શ્રીકુમારપાલરાજા વિગેરે સર્વે તેના ગુણેાની સ્તુતિ કરતા પેાતાના સ્થાન–પાટણમાં ગયા.

પદ્માવતીદેવી

આમ્રભટમંત્રી ભરૂચમાં રહ્યો હતેા. ત્યાં તે આકસ્મિક દેાષને લીધે મરણદશામાં આવી ગયેા હેાય, તેમ અકસ્માત્ માંદેા થઈ ગયેા.

આમ્રભટની તેવી માંદગી જોઈ તેનેા સર્વ પરિવાર ગભરાઈ ગયેા અને તત્કાલ વૈદ્યાદિકને બેાલાવી અનેક પ્રકારના તેઓ ઉપચાર કરવા લાગ્યા.

વૈદ્યોએ સંનિપાતાદિક દેાષેાને હણનારા રસેાની યેાજના કરી.

માંત્રિકેા મંત્રથી પવિત્ર પાણી વારંવાર છાંટવા લાગ્યા.

જ્યોતિર્વિદ્ લોકોએ વિધિ પ્રમાણે ગ્રહોની શાંતિ કરી.

વૈદિક મંત્રોના પાઠ કરતા બ્રાહ્મણોએ હોમ કર્યા.

અવતરણ ક્રિયામાં કુશલ એવા પુરુષોએ પાત્રોમાં પ્રવેશ કરી, બહુ તપાસ કરી.

સ્નેહી એવા બંધુઓએ તીર્થયાત્રાદિકની પ્રતિજ્ઞાઓ કરી,

વૃદ્ધ પુરુષોએ પોતાની ગોત્રદેવીઓની બાધાઓ રાખી.

પૂજારીઓએ ચોસઠ યોગિનીઓનાં બલિ પ્રદાન કર્યાં.

પરંતુ એ ઉપચારોવડે મેઘના પુષ્કલ જલવડે બળેલા બીજની માફક આમ્રભટને કોઇપણ પ્રકારનો ગુણ થયો નહીં.

ત્યારબાદ નિરાશ થયેલી **પદ્માવતી** નામે તેની માતાએ રાત્રીને વિષે **પદ્માવતી** દેવીની આરાધના કરી.

દેવી પ્રત્યક્ષ થઇ બોલી. તારો પુત્ર ચૈત્ય ઉપર આનંદથી નાચવા લાગ્યો, તે સમયે તેના સારાં લક્ષણ જોઈ યોગિનીઓ તેને વળગી છે.

શોકચના પુત્રને જેમ શોકચ તેમ બત્રીશ લક્ષણો ધર્મિષ્ઠપુરુષને દુષ્ટ આ યોગિનીઓ કોઇ દિવસ સહન કરતી નથી.

શ્રી હેમચંદ્રાચાર્ય અહીં રહ્યા હતા, ત્યાં સુધી તેઓ ગુપ્ત હતી, અને તે ગયા એટલે દરિદ્રાવસ્થામાં આપત્તિઓની જેમ તેઓ પ્રગટ થઈ.

એ દોષને નિવારવા માટે તે ગુરુ જ પોતે શક્તિમાન છે. કારણ કે, અંધકારના સમૂહને દૂર કરવા માટે સૂર્ય જ સમર્થ હોય છે. એમ કહી પદ્માવતી દેવી અદશ્ય થઇ ગઈ.

પછી તેજ વખતે પદ્માવતીએ ગુરુને તેડવા માટે પોતાના માણસને પાટણ મોકલ્યો.

યશશ્ચંદ્રગણિ

પદ્માવતીએ મોકલેલો માણસ સાયંકાલે ત્યાં પહોંચ્યો, સર્વ વૃત્તાંત તેણે નિવેદન કર્યું.

સર્વ હકીકત જાણી સૂરીશ્વર મહાદક્ષ એવા શ્રીયશશ્ચંદ્રગણિને

સાથે લઇ ત્યાંથી નીકળ્યા. વિદ્યાધરની માફક આકાશમાર્ગે તેઓ બંને જલદી ભૃગુપુરમાં આવ્યા.

આમ્રભટને જોઈ તેને દેવીનો ઉપદ્રવ છે, એમ તેમના જાણવામાં આવ્યું.

ત્યારપછી શ્રી યશશ્ચંદ્રગણિએ તેની માતાને કહ્યું. મધ્યરાત્રીના સમયે બલિ પુષ્પાદિ સહિત કોઇ પુરુષને અમારી પાસે તારે મોકલવો. તે વચન તેણીએ કબુલ કર્યું.

ગુરુમહારાજ પોતાના ઉપાશ્રયમાં ગયા. અર્ધ રાત્રી થઈ એટલે પદ્માવતીએ ગુરુએ કહેલી વસ્તુઓ સહિત એક પુરુષને તેમની પાસે મોકલ્યો.

તે પુરુષને સાથે લઇ ગણિ સહિત શ્રી હેમચંદ્રસૂરિ પોતાના સ્થાનમાંથી સર્વ દેવીઓની સ્વામિની સૌંધવી દેવીના મંદિર તરફ ચાલ્યા.

કિલ્લાની બહાર ગયા એટલે ચક્ર ચક્ર એવા ક્રૂર શબ્દોવડે બીવરાવતો ચકલાઓનો સમુદાય તેમના જોવામાં આવ્યો.

આ યોગિનીઓનો ઉપદ્રવ છે, એમ જાણી ગુરુએ ગણિ પાસે તેમના મુખમાં બાકલા નંખાવ્યા.

પછી તેઓ ચેટકની માફક અદૃશ્ય થઈ ગયાં.

ત્યારબાદ ત્યાંથી આગળ જતા સૂરિએ અગ્નિસમાન પીળા મુખવાળું અને ખાવા માટે તૈયાર થયેલું કપિમંડલ જોયું.

તેને પણ કૃત્રિમ છે, એમ જાણી મૂર્તિમાન મંત્રાક્ષર સમાન અક્ષતવડે સૂરિએ પ્રહાર કર્યો એટલે તે પણ કયાંય નાશી ગયું.

ત્યાંથી પણ આગળ ચાલતા સૂરિએ સૌંધવી દેવીના મંદિરની નજીકમાં યમરાજાના કિંકર સમાન મહાક્રૂર બિલાડાઓનો સમૂહ જોયો. તેને પણ લાલ પુષ્પના પ્રક્ષેપથી સૂરિએ દૂર કર્યો.

ત્યારપછી વિદ્યાનિધિસમાન ગુરુમહારાજ પોતે દેવીના તોરણ આગળ ઉભા રહ્યા. હૃદયમાં સૂરિમંત્રનું ધ્યાન કરી સૂરિએ શ્રીયશશ્ચંદ્રગણીને આજ્ઞા કરી, એટલે તેમણે સૌંધવી દેવીને કહ્યું.

જલંધર આદિ અસુરો જેમના ચરણકમલની પૂજા કરે છે એવા શ્રીહેમચંદ્રસૂરિ પોતે ચાલીને તારી પાસે આવ્યા છે. માટે તું એમની સન્મુખ આવીને ભક્તની માફક આતિથ્ય સેવા કર. આવા લોકોત્તર પાત્રરૂપ ગુરુમહારાજ મોટા પુણ્યવડે જ અતિથિ થાય છે.

એમ ગણિનું વચન સાંભળી ખૂબ હાસ્ય કરી મુખમાંથી જીભ બહાર કાઢીને બાલકની માફક દેવીએ તેમના સન્મુખ બરાબ ચેષ્ટા કરી.

એમ વિકાર કરતી દેવીને જોઇ ગણિ બોલ્યા. રે ! દુરાશયે ! ગુરુની પણ તું અવજ્ઞા કરે છે તેમજ મારૂં બળ પણ તું જાણતી નથી ?

જો કે, દયાભાવથી મેં તને અત્યંત શાંત વચન કહ્યાં, ત્યારે તું દુષ્ટરૂપી પર્વતોને ભેદવામાં વજ્ર સમાન એવા મને પણ ખીવરાવે છે. એ મોટું આશ્ચર્ય છે.

એ પ્રમાણે ક્રોધાતુર થયેલા ગણિએ દેવીનો તિરસ્કાર કરી અકસ્માત્ ભાગી ગયેલા બ્રહ્માંડના પ્રચંડ ખાટકાર સરખા દારૂણ ત્રણ હુંકારા કર્યા.

તેમાં પહેલા હુંકારાથી દેવીનો પ્રાસાદ મૂળથી ટોચ સુધી પ્રચંડ વંટોળે હલાવેલા વૃક્ષની માફક કંપવા લાગ્યો.

બીજા હુંકારાથી તેની અંદર રહેલી સર્વ દેવીઓ ચેષ્ટા રહિત ચિત્રલિખિત હોય તેમ અત્યંત ભયભીત થઇ ગઈ.

તેમજ ત્રીજા હુંકારાથી સૌંધવી દેવી ભય જ્વરથી જેમ પોતાના સ્થાનમાંથી વાયુની માફક ઉછળીને સૂરીશ્વરના ચરણકમલમાં પડી.

ત્યારપછી તેણીએ નમસ્કાર કરી કહ્યું.

આપની સેવામાં હું હાજર છું. આપ આજ્ઞા કરો, હું શું કરૂં ?

શ્રીમાન યશશ્ચંદ્રગણિ બોલ્યા. દેવીઓથી આમ્રભટને જલદી મુકત કરી મારા ગુરુની તું ભક્તિ કર.

દેવી બોલી. ક્ષુધાથી પીડાયેલા યોગિની વર્ગે તીક્ષ્ણ કુઠાર વૃક્ષના જેમ તેના હજારો ટુકડા કરેલા છે. તેને હું કેવી રીતે મૂકાવું

અને કદાચિત્ મૂકાવું, તોપણ તે જીવશે નહીં. સિંહની દાઢમાંથી ખેંચી લીધેલો મૃગલો શું જીવી શકે ખરો ?

ફરીથી શ્રીયશશ્ચંદ્રગણી બોલ્યા. ઠીક છે એમ થશે તો પણ કંઈ ચિંતા નહીં, પરંતુ અહીંથી પોતાના સ્થાનમાં જવાની શું તારી શક્તિ છે ?

સૌંધવીદેવી

એમ ગણિનું વચન સાંભળી સૌંધવી દેવી એકદમ ભયભીત થઈ ગઇ.

સિંહનાદ વડે હાથીની જેમ વ્યાકુલ થયેલી દેવીએ અતિ ભયંકર વજ્ર ધ્વનિ કર્યો.

એટલે પૃથ્વી કંપવા લાગી. પર્વતોનાં શિખરો તૂટી પડ્યાં. સમુદ્રોનાં જલ આકાશના મધ્ય ભાગમાં વિલાસ કરવા લાગ્યાં.

ભૃગુપુર નિવાસી નગરજનો પણ જાગ્રત થઈ ગયા અને તેઓ પોતાના હૃદયમાં કલ્પાંત કાલમાં ખળભળી ઉઠેલા સમુદ્રોની ભ્રાંતિ કરવા લાગ્યા.

તે શબ્દથી ભયભીત થયેલી યોગિનીઓ આમ્રભટને મૂકીને "રક્ષણ કર, રક્ષણ કર," એમ બોલતી ત્યાં પોતાની સ્વામિની પાસે આવી.

ગણિચમત્કાર

ગણિએ મંત્ર શક્તિવડે સર્વ યોગિનીઓને એકદમ સ્તબ્ધ કરી નાખી.

ત્યાર પછી તેમણે કહ્યું. રે દુષ્ટાઓ ! આમ્રભટને જલદી છોડી દો, નહી તો તમે જીવથી મરી જશો.

શરીરમાં ખીલાની માફક તે મંત્ર સ્તંભનથી પીડાયેલી યોગિનીઓ મુખમાં આંગલીઓ નાખી માંત્રિકોમાં રત્નસમાન ગણિને કહેવા લાગી.

આ તમારા યજમાન ભકતનો અમે સર્વથા ત્યાગ કરીએ છીએ, એમાં સાક્ષી તરીકે અમારો જમણો હાથ ગ્રહણ કરો.

આ મહાત્માનું નામ પણ અમે કોઈ પણ દિવસે લઇએ તો તમે પ્રચંડ પ્રાણ દંડવડે અમારો દંડ કરજો.

શરીરના સ્તંભનવડે અમારા પ્રાણ પ્રયાણની તૈયારી કરતા હોય તેમ વ્યાકુલ થયા છે. માટે હે મહાશય! કૃપા કરી અમને સ્તંભનથી જલદી મુક્ત કરો.

ગણિ બોલ્યા. રે રે હતાશાઓ! સ્તંભન માત્રથી તમને આટલી બધી પીડા થાય છે, તો પ્રાણનાશ થવાથી બીજાઓને કેટલી પીડા થતી હશે?

પ્રાણોનું રક્ષણ કરવું, તે મોટું પુણ્ય છે. અને તેમનો વધ કરવો તે મોટું પાપ કહ્યું છે. એમ શાસ્ત્રમાં કહેલું તત્ત્વ પોતાના હૃદયમાં જાણી હવેથી અન્ય પણ કોઇ પ્રાણીઓની કોઇ દિવસ તમારે હિંસા કરવી નહીં.

તેમજ જૈન ધર્મમાં સ્થિર અને સર્વ લોકનું હિત કરનાર એવા મહાપુરુષોનું તો વિશેષે કરી રક્ષણ કરવું, એમ ઉપદેશ આપી ગણિએ સ્તભંનથી તેમને મુકત કરી.

પછી તે દેવીઓ શ્રીહેમચંદ્રપ્રભુના ચરણકમલમાં વંદન કરી પોતાના સ્થાનમાં ગઇ.

તેજ વખતે આમ્રભટમંત્રી સર્વ કલેશથી મુકત થઈ ગયો. જેના આવા મહાસમર્થ ગુરુ છે, તેને તેમાં શું આશ્ચર્ય?

ત્યારબાદ શ્રીહેમચંદ્રસૂરિએ પણ પ્રભાતમાં હજાર રૂપીયાના ખરચથી આમ્રભટ પાસે દેવીઓનો ઉત્તમ પ્રકારને ભોગ કરાવ્યો.

ત્યારપછી નવીન ચૈત્યમાં પધરાવેલા શ્રીમુનિસુવ્રતસ્વામીને વંદન કરી પગે ચાલતા સૂરીશ્વર પુનઃ પાટણમાં આવ્યા.

અકસ્માત્ આપે કયાં વિહાર કર્યો હતો? એમ શ્રીકુમારપાલના પૂછવાથી આમ્રભટનું વૃત્તાંત કહી સૂરિએ તેને અત્યંત વિસ્મિત કર્યો.

એ પ્રમાણે દાનાદિક કાર્યોવડે મનોવૃત્તિને સુવાસિત કરતો, અનેક પ્રકારનાં જૈન મંદિરો બંધાવતો અને તે ચૈત્ય બંધાવનારાઓને સહાય કરતો શ્રીકુમારપાલરાજા બહુ પુણ્યશાલી થયો.

ઉદાયનરાજા

શ્રીમાનહેમચંદ્રસૂરિ શ્રીવીરભગવાનના ચરિત્રની વ્યાખ્યા કરતા, તે પ્રસંગે દેવાધિદેવની પ્રતિમાનું વૃત્તાંત શ્રીકુમારપાલભૂપાલ પ્રત્યે કહેવા લાગ્યા.

શ્રીમહાવીરભગવાન પ્રથમ **રાજગૃહનગર**માં સમવસર્યા. જંગમ-તીર્થની માફક તેમને જોઈ લોકો બહુ આનંદમય થયા.

તે રાજગૃહનગરમાં શ્રેણિકરાજાનો પુત્ર **અભય**નામે મહામંત્રી હતો. તેણે પ્રભુને વંદન કરી પૂછયું.

હે ભગવન્! અંતિમ છેવટનો રાજર્ષિ કોણ થશે?

પ્રભુએ કહ્યું. ઉદાયનરાજા થશે. ફરીથી મંત્રીએ પૂછયું.

તે કોણ અને કેવી રીતે થશે?

ત્યારબાદ શ્રીવીરભગવાને તેનું ચરિત્ર કહેવાનો પ્રારંભ કર્યો.

વીતભયનગર

સિંધુસૌવીર દેશના મધ્યભાગમાં વીતભય નામે ઉત્તમનગર છે. કોઈપણ પ્રકારનો ભય નહી હોવાથી જેનું નામ યથાર્થ રીતે શોભે છે.

રાત્રૌ યત્ર જિનેંદ્રમન્દિરશિરઃ કલ્યાણકુંભાવલી,
દિક્શાખાવિततस्य नीलिमगुणाऽऽविर्भूतपत्रस्थितेः ।
हर्षस्फारकतारकव्यतिकरप्रोद्यत्प्रसूनद्युते–
व्योमद्रोः परिपाकपिरुलफलप्रागल्म्यमभ्यस्यति ॥ १ ॥

જે નગરની અંદર રાત્રીએ શ્રીજિનેંદ્રભગવાનના મંદિરોના શિખરોપર રહેલી સુવર્ણ કલેશની શ્રેણી,

દિશાઓરૂપી શાખાઓથી વિસ્તાર છે જેનો,
નીલ ગુણરૂપી પ્રગટ છે પત્ર સ્થિતિ જેની અને
આનંદકારક તારાઓના સમૂહરૂપ વિકસ્વર પુષ્પોની કાંતિ છે જેની
એવા આકાશરૂપ વૃક્ષનાં પાકવાથી પીળાં ફલોની ઉન્નતિને ધારણ કરે છે.

તે વીતભયનગરમાં ઉદાયન નામે રાજા હતો. જે રાજા ઉદયન-વત્સરાજથી આકૃતિ વડે જ નહીં પરંતુ તેજથી પણ અધિક હતો.

સિંધુસૌવીર આદિ સમૃદ્ધિ યુક્ત દેશોનો તે અધિપતિ હતો. તેમજ તેના તાબામાં ત્રણસો ત્રેસઠ (૩૬૩) વીતભય આદિ નગર હતાં.

મહાસેન પ્રમુખ દશમુકુટધારી રાજાઓ તેના આશ્રયમાં હતા. દશ દિગ્પાલોવડે કાર્તિકેય જેમ તે રાજાઓ વડે ઉદાયનરાજા શત્રુઓને અજય હતો.

સમ્યક્ત્વ રૂપ સુગંધથી વ્યાપ્ત છે મન જેનું, એવી **ચેટક** રાજાની પુત્રી નામ અને શરીર વડે પણ **પ્રભાવતી** તેની સ્ત્રી હતી.

અભિચિ નામે તેનો પુત્ર હતો. તે યૌવરાજ્યના સ્થાનમાં વિરાજમાન હતો, તેમજ કાંતિથી સૂર્ય સમાન તેજસ્વી **કેશી** નામે તેનો ભાણેજ હતો.

કુમારનંદી

ચંપા નામે નગરી છે. તેમાં સ્ત્રીઓ સાથે ક્રીડા કરવામાં અતિલુબ્ધ અને બહુ વૈભવને લીધે ઉન્મત્ત દશાને અનુભવતો **કુમાર નંદી** નામે એક સોની હતો.

તે પાંચસો પાંચસો સોનૈયા આપી સુંદર સ્ત્રીઓ પરણ્યો. અનુક્રમે તેણે પાંચસો સ્ત્રીઓ એકઠી કરી. ઉત્કટ કામાતુર અને અનુરાગિણી તે સ્ત્રીઓ સાથે હાથણીઓ સાથે જેમ ગજેંદ્ર તેમ તે કુમારનંદી હંમેશા વિલાસ કરતો હતો.

અન્યદા **પંચશૈલ** નામે દ્વીપમાંથી ઇંદ્રની આજ્ઞા લઈ શ્રી **નંદીશ્વર**ની યાત્રા માટે બે વ્યંતર સ્ત્રીઓ નીકળી.

તે સમયે પંચશૈલનો અધિપતિ **વિદ્યુન્માલી** નામે તેમનો પતિ ચ્યવન પામ્યો. એટલે તેમને વિચાર થયો કે, હવે આપણો પતિ કોણ થશે ?

એમ ધ્યાન કરતી તે બંને દેવીઓ આકાશમાર્ગે ચાલતી ચંપાનગરીની ઉપર આવી.

ત્યાં પાંચસો સ્ત્રીઓ સાથે ક્રીડા કરતો કુમારનંદી તેમના જોવામાં આવ્યો, અને તેઓ વિચાર કરવા લાગી કે, લોકોમાં કામદેવ

અનંગ–અંગરહિત છે એમ જે સંભળાતું હતું, તે વાત ખોટી છે, કારણ કે, આ પ્રત્યક્ષ દેહધારી કામદેવ જ વિરાજે છે.

માત્ર સ્વરૂપના દર્શનવડે આ પુરુષને આપણે પતિ સ્વીકારવો એમ વિચાર કરી તે બંને વ્યંતર દેવીઓ તરત જ તેની પાસે આકાશમાંથી ઊતરી પડી.

આ બંનેના શરીરમાં કોઇ અદ્‌ભુત લાવણ્ય રસ સ્ફુરે છે, કે જેનો નેત્રો વડે અતિશય સ્વાદ લેવાય છે, તો પણ સર્વથા ક્ષીણ થતો નથી. એમ વિચાર કરી કુમારનંદીએ પૂછયું. તમે કોણ છો?

દેવીઓ બોલી. **હાસા** અને **પ્રહાસા** નામે અમે દેવીઓ છીએ.

ભોગપ્રાર્થના

ભોગ માટે કુમારનંદીએ તેમની પ્રાર્થના કરી.

ફરીથી દેવીઓ બોલી. અમારી તારે ઇચ્છા હોય તો પંચશૈલ દ્વીપમાં તું આવજે. એમ કહી બંને દેવીઓ ત્યાંથી વિદાય થઈ.

ત્યારપછી કુમારનંદી કામાતુર થઇ નિર્ધન પુરુષ જેમ ધનને તેમ તેમની પ્રાપ્તિનો ઉપાય બહુ ચિંતવવા લાગ્યો.

દીર્ઘ વિચાર કરી તેણે ચંપાનગરીના રાજાને ખૂબ સુવર્ણધન આપી પોતાનો અભિપ્રાય પ્રગટ કરી રાજાની પરવાનગી મેળવી નગરીની અંદર પટહ વગડાવ્યો.

જે મને પંચશૈલમાં લઈ જાય, તેને હું કોટી સોનૈયા આપું. એ પ્રમાણે પટહઘોષણા સાંભળી કોઈ વૃદ્ધપુરુષે દ્રવ્યના લોભથી તે પટહનો સ્પર્શ કર્યો.

ત્યારપછી તેણે કુમારનંદી પાસેથી તેટલા સોનૈયા લઈ પોતાના પુત્રાને આપ્યા. તેમજ પંચશૈલનો માર્ગ પ્રથમથી તેના જાણવામાં હતો, તેથી તેણે ત્યાં જવા માટે વહાણ તૈયાર કરાવ્યું.

વૃદ્ધની સાથે કુમારનંદી તૈયાર થયો. તેની સ્ત્રીઓ વિગેરેએ ઘણી ના પાડી તો પણ વહાણમાં બેસી સમુદ્રમાર્ગે તે ચાલતો થયો.

દૃષ્ટિ પ્રસાર સુધી ચારે તરફ કેવલ જલનું અવલોકન કરતો કુમારનંદી તે સમયે સમસ્ત જગતને જલમય જોવા લાગ્યો.

કેટલેક દૂર ગયો એટલે વૃદ્ધે કુમારનંદીને કહ્યું. સમુદ્રના તટ પર પર્વતના ભાગમાં ઉગેલો મોટો પેલો વડ આવે છે. તેની નીચે આ વહાણ જાય એટલે તું બે હાથ લાંબા કરી વાનરની માફક જલદી એ વૃક્ષને વળગી પડજે.

ભારંડપક્ષીઓ

પંચશૈલીમાંથી અહીં ભારંડપક્ષીઓ આવશે. તેમને ત્રણ પગ હોય છે. તેઓ સૂઈ જાય ત્યારે તેમાંથી એકના મધ્ય ચરણમાં તારે દૃઢમુષ્ટિથી વળગી મુડદાની માફક રાત્રીએ પડી રહેવું. સવારમાં જ તેઓ ઉડીને તને પંચશૈલમાં લઇ જશે.

જો આ પ્રમાણે તું નહીં કરે તો વિના મોતે તું જલદી મરી જઇશ. કારણ કે હવેથી આ વહાણ મોટા આવર્ત્તની અંદર પડશે, માટે તું ચેતી લે.

કુમારનંદીએ વૃદ્ધના કહ્યા પ્રમાણે વડની શાખા પકડી લીધી.

ભારંડ પક્ષીઓ તેને જલદી પંચશૈલમાં લઈ ગયા. "અહો ! બુદ્ધિનો પ્રકાશ અલૌકિક હોય છે."

ત્યાં હાસા પ્રહાસા અને તેમના દીવ્ય વૈભવને જોઈ કુમારનંદી પ્રથમ ઉત્પન્ન થયેલા સ્વર્ગીય દેવની માફક હર્ષઘેલો થઈ ગયો.

કુમારનંદીના આવા સાહસથી ચકિત થયેલી તે બંને દેવીઓએ પ્રીતિપૂર્વક કહ્યું.

હે ભદ્ર ! આ તારા મનુષ્યના શરીરવડે અમે તારી સાથે ભોગ ભોગવવા લાયક નથી. અને જો મારી સાથે તારે ભોગની ઇચ્છા હોય તો અગ્નિપ્રવેશાદિકથી મરીને તું પંચશૈલનો અધિપતિ થા.

પછી અમારી સાથે આનંદથી સુખવિલાસ કર. એમ દેવીઓનું વચન સાંભળી કુમારનંદી બોલ્યો.

તમારે માટે હું મૂર્ખની માફક ઉભયથી ભ્રષ્ટ થયો. "અહો ! દૈવચેષ્ટા બલવાન છે."

નાગિલમિત્ર

હાસા અને પ્રહાસાને કંઈક દયા આવી, જેથી તેમણે બાલકની માફક કુમારનંદીને ઉપાડી ચંપાનગરીના વનમાં મૂકયો.

લોકોએ પૂછયું. તું કયાં ગયેા હતેા ? ત્યારે તેણે પેાતાનું ચરિત્ર કહ્યું.

ત્યારપછી કામની પીડાને લીધે દેવીઓને મેળવવા માટે અગ્નિપ્રવેશ કરી તેણે મરવાની તૈયારી કરી.

આ વાત સાંભળી **નાગિલ** નામે તેના મિત્ર તેની પાસે આવ્યેા. અને તેણે તેને કહ્યું.

આ તું શું કરે છે ? તું બુદ્ધિમાન છે. અજ્ઞાન મરણ–આત્મ-ઘાત કરવા તેને ઉચિત નથી. માત્ર ભેાગની ઈચ્છાથી તું મનુષ્યપણું શા માટે ગુમાવે છે ? કારણ કે

દરેક ભવમાં ભેાગ વિલાસ પ્રાપ્ત થાય છે, પણ મનુષ્યભવ તેા ફરીથી દુર્લભ હેાય છે. ભેાગને માટે પણ દિવ્યમણિના વૈભવસમાન ધર્મનું તું આરાધન કર. જે ધર્મ યથેચ્છિત અર્થ અને કામ આપીને છેવટે મેાક્ષસુખ પણ આપે છે.

વળી સ્ત્રી પર જેવેા રાગ છે, તેવેા જો ધર્મ લક્ષ્મીપર હેાય, તેા તે મુક્તિ પણ તારી ઈચ્છા કર્યા વિના રહે જ નહીં.

એક જ રાગ શુભદૃષ્ટિથી ધારણ કર્યો હેાય તેા મેાક્ષ આપે છે અને તેજ રાગ અશુભ દૃષ્ટિએ કર્યો હેાય તેા સંસારનેા હેતુ થાય છે.

એ પ્રમાણે તેના મિત્રે ઘણેા ઉપદેશ આપ્યેા, તેા પણ તેના માનવામાં તે વાત આવી નહીં અને નિદાનપૂર્વક અગ્નિપ્રવેશથી મરણ સાધી પંચશૈલનેા અધિપતિ થયેા.

વિદ્યુન્માલી એવું તેનું નામ થયું. હાસા અને પ્રહાસા સાથે હંમેશાં ભેાગવિલાસ કરવા લાગ્યેા. અતિશય આનંદથી પેાતાને કૃતાર્થ માનતેા હતેા.

મિત્રના અકસ્માત મરણથી નાગિલ પણ સંસારથી વિરકત થયેા. **આર્હંતી** દીક્ષા લઈ બારમા દેવલેાકમાં તે દેવ થયેા.

વિદ્યુન્માલી પશ્ચાત્તાપ

નંદીશ્વરમાં યાત્રા માટે દેવેાએ પ્રયાણ કર્યું. તેમની આજ્ઞાથી હાસા અને પ્રહાસા, એ બંને દેવીઓ ગાયન માટે તેમની આગળ ચાલી.

બંને સ્ત્રીઓએ વિદ્યુન્માલી પતિને ઢોલ લેવા માટે પ્રેરણા કરી.

વિદ્યુન્માલી ક્રોધાતુર થઈ બોલ્યો. શું મારી ઉપર પણ હુકમ કરનાર કોઇ છે ખરો ? એમ તે રોષના હુંકારથી ભરાઈ ગયો.

તેટલામાં આભિયોગિક દુષ્કર્મના ઉદયથી પટહ પોતે જ તેના ગળામાં લાગી ગયો. ઘંટીના પડની માફક ગળામાં વળગેલા તે પટહને લજ્જાને લીધે તેણે ગળામાંથી દૂર કરવા માટે ઘણાંએ વલખાં કર્યાં, પણ તે દૂર થઈ શકયો નહીં, "દુષ્કર્મની રચનાને ધિક્કાર છે."

અહીંયાં જન્મેલાઓને આ કાર્ય કરવાનું હોય છે, માટે હે સ્વામિ ! આ પ્રમાણે ઢોલ વગાડવામાં બીલકુલ લજ્જા તમારે રાખવી નહીં. ઢોલ વગાડતા તમે આગળ ચાલો.

એ પ્રમાણે બંને સ્ત્રીઓના સમજાવવાથી વિદ્યુન્માલીએ તે પ્રમાણે ઢોલ વગાડવું શરૂ કર્યું. કારણ કે દુષ્કર્મનો વિપાક સમુદ્રના પુરની માફક દુર્નિવાર છે.

મિત્રપ્રબોધ

દેવ થયેલો તે નાગિલનો જીવ પણ દેવોની સાથે માર્ગમાં ચાલતો હતો. ઢોલ વગાડતા વિદ્યુન્માલીને જોઇ જ્ઞાનથી તેણે જાણ્યું.

આ મારા પૂર્વભવનો મિત્ર છે. પછી કંઇક કહેવા માટે તેની પાસે ગયો એટલે સૂર્યબિંબની માફક તેના તેજને નેત્રોવડે તે જોઇ શકયો નહીં, જેથી વિદ્યુન્માલી ત્યાંથી નાશી ગયો.

પછી માયાવીની માફક પોતાના તેજનો અપહાર કરી તે દેવે વિદ્યુન્માલીને કહ્યું.

તું જોતો ખરો ? તારી આગળ હું કોણ ઉભો છું ?

વિદ્યુન્માલીએ સ્પષ્ટ કહ્યું. તું કોઈ શકનો સામાનિક-મોટો દેવ છે, પરંતુ હું તારૂં નામાદિક જાણતો નથી.

પોતાનું નાગિલનું સ્વરૂપ ધારણ કરી કહ્યું.

રે મિત્ર ! જો હું તારા પૂર્વજન્મનો મિત્ર છું, શું મને ઓળખતો નથી ?

અગ્નિમરણવડે નિદાનથી મરતાં તને મેં ના પાડી હતી, છતાં પણ તું મરીને આવી વિડંબનાનો ભોકતા પંચશૈલનો અધિપતિ થયો. અને

હું તો જૈનધર્મના જ્ઞાનથી શ્રીજિનેંદ્રભગવાને કહેલા વ્રતની આરાધના કરી આયુષ્ય પૂરૂ કરી મરીને આવો વૈભવશાળી દેવ થયો છું.

કૃષ્ણસર્પનો દંશ કંઈક સારો, પરંતુ કામરૂપી સર્પનો દંશ સારો નહીં, કારણકે; કૃષ્ણસર્પનું વિષ કદાચિત સાધ્ય થાય છે, પરંતુ કામ વિષ તો અસાધ્ય જ હોય છે.

વળી હે મિત્ર ! કામરૂપી આ અપસ્માર રોગ વૈદ્યોને પણ અસાધ્ય હોય છે, જે બેભાન બનાવી છેવટે મનુષ્યોના જીવિતને હરણ કરે છે.

એ પ્રમાણે દેવનું વચન સાંભળી વિદ્યુન્માલી બહુ પશ્ચાત્તાપ કરી બોલ્યો.

હે મિત્ર ! હાલમાં પ્રસન્ન થઈ તું મને ઉપદેશ આપ. હાલમાં મારે શું કરવું ?

દેવ બોલ્યો. **શ્રીમહાવીર**પ્રભુ હાલમાં ગૃહસ્થ વેષે ગૃહાવાસમાં રહી મુનિની માફક ભાવવડે કાયોત્સર્ગે રહે છે. તેમની દીવ્યમૂર્તિ બનાવીને તું કોઇક શ્રદ્ધાલુપુરૂષના હાથમાં પૂજા માટે સમર્પણ કર. જેથી આગળ ઉપર તારૂં કલ્યાણ થશે.

रत्नाऽष्टापदरुप्यविद्रुमशिलाश्रीखण्डरीर्यादिभि–
मूर्त्तिं स्फूर्त्तिमयीं विधापयति यः श्रद्धाभरादर्हताम् ।
तस्मान्नश्यति भीरुकेव कुगतिः स्निग्धेव संसेवते,
शक्रश्रीर्वशितेव मुक्तिरमणी तत्संगमं वांच्छति ॥ १ ॥

રત્ન, સુવર્ણ, રૂપ્ય, વિદ્રમ, પાષાણ, ચંદન અને પિત્તલ વિગેરેથી શ્રીજિનેંદ્ર ભગવંતોની દીવ્ય કાંતિમય મૂર્તિને બહુ શ્રદ્ધા વડે જે નિર્માણ કરાવે છે,

તે પુરુષથી બીકણની માફક કુગતિ નાશી જાય છે અને

સ્નિગ્ધની માફક ઇંદ્રસંપત્તિ તેની સેવા કરે છે. તેમજ વશ થયેલીની માફક મુક્તિ રમણી તેના સમાગમની ઇચ્છા કરે છે.

એ પ્રમાણે દેવતાએ કહેલાં વચનને શુભમાર્ગની માફક સ્વીકાર કરી વિદ્યુન્માલી યાત્રા પરિપૂર્ણ થયા બાદ પોતાના સ્થાનમાં ગયો.

મહાવીરમૂર્તિ

ક્ષત્રિયકુંડગ્રામની અંદર કાયોત્સર્ગે રહેલા અમને જોઈ અને હિમાલય પર્વતમાંથી ગોશીર્ષચંદન લઇ અમારી આકૃતિ પ્રમાણે બરોબર મૂર્તિ બનાવી, બહુ અદ્‌ભુત આભૂષણોથી શણગારી બાકીના શ્રીખંડચંદનથી બનાવેલી પેટીમાં સ્થાપન કરી.

પછી તે પેટી લઈ આનંદ સહિત વિદ્યુન્માલી આકાશમાર્ગે ભમતો હતો. તેવામાં સમુદ્રની અંદર વાયુના ઉત્પાતને લીધે છ માસથી ફરતું વહાણ તેના જોવામાં આવ્યું.

ઇંદ્રજાલની જેમ તે ઉત્પાતનો સંહાર કરી વિદ્યુન્માલીએ તે પેટી વહાણમાં રહેલા વેપારીના હસ્તક સોંપીને કહ્યું.

આ પેટીમાં દિવ્ય પ્રતિમા છે. તેને પોતાના કોશબ્રજાનાની જેમ લઈ સિંધુસૌવીરદેશમાં રહેલા વીતભયનગરમાં તું જા. ત્યાં બજારની અંદર ઉભો રહી તું આ પ્રમાણે ઘોષણા કરજે.

હે નગરવાસી લોકો ! આ શ્રીદેવાધિદેવની પ્રતિમા ગ્રહણ કરો ! ગ્રહણ કરો !! એમ કહી વિદ્યુન્માલી ત્યાંથી વિદાય થયો.

પછી તે શ્રેષ્ઠી તેના પ્રભાવથી નિશ્ચિંત થઈ વીતભયપત્તનમાં ગયો. અને તેજ પ્રમાણે તેણે સર્વ કાર્ય કર્યું. બજારની અંદર શ્રેષ્ઠીની ઘોષણા સાંભળી ઉદાયનરાજા પોતે ત્યાં ગયો અને વિપ્રાદિક અન્ય લોકો પણ ઘણા એકઠા થયા.

શંકર, બ્રહ્મા અને વિષ્ણુને વારંવાર સંભારી તીવ્રધારાવાળા કુઠારોવડે તેઓ તે પેટીને ભાંગવા લાગ્યા.

કઠિન એવા પણ તે કુઠાર પત્થર પર જેમ તે પેટીપર પછાડવાથી એકદમ ભાગી ગયા, પરંતુ તે પેટી પોતે વજ્રની માફક કયાંયથી પણ કિંચિત્ માત્ર ભાંગી નહીં.

ત્યાં ગર્જના કરતા આવેલા પ્રભાવિક બ્રાહ્મણાદિક લોકો દુષ્ટની માફક પાડા સમાન શ્યામ મુખવાલા થઈ ગયા.

રાજા ત્યાં સ્થિર થઈ ઉભો હતો. દિવસ પણ યૌવનવયને પ્રાપ્ત થયો. તે આશ્ચર્ય જોવાની ઈચ્છાવાળો હોય ને શું ? તેમ સૂર્ય આકાશના મધ્ય ભાગમાં આવી ગયો.

પ્રભાવતી રાણી

ભોજનનો સમય વ્યતીત થઈ ગયો, એમ જાણી પ્રભાવતી રાણીએ રાજાને બોલાવવા માટે **પ્રિયંવદા** નામે પોતાની દાસીને મોકલી.

તે કૌતક જોવા માટે રાજાએ દાસીને આજ્ઞા કરી.

રાણીને જલદી અહીં બોલાવી લાવ. પ્રભાવતી પણ ત્યાં આવી. રાજાએ સર્વ હકીકત તેને કહી.

પ્રભાવતી બોલી. બ્રહ્મા, વિષ્ણુ અને શંકર એ શ્રીદેવાધિદેવ નથી, પરંતુ જેમના ચરણમાં દેવ અને દેવેંદ્રના સમૂહ નમે છે, તે શ્રી જિનેંદ્રભગવાન જ દેવાધિદેવ હોય છે.

માટે જરૂર આ પેટીમાં પૂજવા લાયક અર્હંત્ ભગવાનની મૂર્ત્તિ હશે, એ કારણથી જ શંકરાદિ દેવના સ્મરણથી આ મૂર્તિ પોતે પ્રગટ થતી નથી. માટે હું આ જૈન મૂર્તિને પ્રગટ કરીશ.

એમ કહી પ્રભાવતીએ ચંદન પુષ્પાદિકવડે તે પેટીની પૂજા કરી અને સ્તુતિ કરતી ઉંચા સ્વરથી તે બોલી,

હે જગત્પતે ! સર્વ દેવોમાં તમે મુખ્ય છો. ગ્રહોની અંદર સૂર્યથી શું બીજો કોઈ શ્રેષ્ઠ છે ખરો ? જો હું તમારા ધર્મમાં સુલસાની માફક રાગવાળી હોઉં, તો આપ પ્રસન્ન થઈ નિધિની માફક મને દર્શન આપો.

પ્રભાવતીનાં વચનોવડે સૂર્યના કિરણોથી કમલ જેમ તે પેટી ઉઘડી ગઈ.

વિકસ્વર પુષ્પમાલાથી વિભૂષિત અને દીવ્ય અલંકાર સહિત શ્રી જિનેંદ્રભગવાનની મૂર્તિ સમુદ્રમાંથી લક્ષ્મીની જેમ પ્રગટ થઈ.

તે સમયે પ્રભાવતીથી જૈનમતની ઉન્નતિ થઇ. ચંદ્રની કાંતિથી કુમુદવન જેમ પ્રફુલ્લ થાય તેમ શ્રી જિનેંદ્રમતનું અપૂર્વ પ્રભાવરૂપ સૌરભ્ય જોઈ જૈનમતરૂપ કમલમાં ભ્રમરની માફક ઉદાયનરાજા બહુ રક્ત થયેા.

ત્યારપછી તે પેાતવણિકને પેાતાના બંધુની જેમ ઉત્તમ પ્રકારે સત્કાર કરી ઉત્સવપૂર્વક પ્રભાવતી રાણી તે પ્રતિમાને પેાતાને ઘેર લઈ ગઇ.

સાક્ષાત્ પરમાત્મા સમાન તે મૂર્તિને પેાતાના હૃદયમાં માનતી પ્રભાવતી અંતઃપુરની અંદર તેને સ્થાપન કરી બહુ આદરપૂર્વક પૂજા કરતી હતી.

તેમજ તે મૂર્તિની આગળ પેાતાનેા પતિ ઉદાયનરાજા પેાતે પ્રીતિ પૂર્વક સ્વર, ગ્રામ અને મૂર્ચ્છનાદિવડે અતિ મનેાહર વીણા વગાડતેા હતેા.

મસ્તકાદિક ચેષ્ટાઓવડે સુંદર, ચેાસઠ હસ્તલાલ સહિત, બત્રીશ અંગુલ્યાદિક અંગ વિક્ષેપથી રમણીય, નૃત્ય, ગીત અને વાજીંત્રોના સંસ્થાન, તાડન અને રેાધ વિશેષ એકસેા આઠ કરણ સહિત અને ભક્તિ રસાદિથી સંપૂર્ણ તેમજ લાસ્ય અને તાંડવ એમ બંને ભેદથી વિલક્ષણ એવું નૃત્ય ભક્તિ રસમાં બહુ મગ્ન થયેલી પ્રભાવતી રાણી દેવીની માફક કરતી હતી.

એ પ્રમાણે તે પ્રતિમાની પૂજા, ધ્યાન અને નાટયાદિ ક્રિયાઓવડે પ્રભાવતીએ પેાતાના ખજાનામાં પુણ્ય એકઠું કર્યું. કારણ કે; વિવેકનું ફલ એજ હેાય છે.

એક દિવસ પ્રભાવતી રાણી પ્રતિમા આગળ નૃત્ય કરતી હતી, તેવામાં ગાયન કરતેા ઉદાયનરાજા મૂઢની માફક તાલ ચૂકી ગયેા. તેથી રસનેા ભંગ થઇ ગયેા. એટલે પ્રભાવતીએ પેાતાના પતિને કહ્યું.

હે સ્વામિ! નિદ્રાલુની માફક આપને આટલી બેભાનતા કેમ આવી?

ઉદાયન બેાલ્યેા. મારું બેભાનપણું નથી, પરંતુ હે પ્રિયે! નૃત્ય કરતી તારૂં શરીર મસ્તક વિનાનું જોઈ હું શૂન્ય સરખેા થઈ ગયેા.

આ સાંભળી રાણીએ જાણ્યું કે; જરૂર કંઈક અનિષ્ટ થવાનું છે, એમ માની તે વિશેષથી ધર્મધ્યાન કરવા લાગી. કારણ કે; ધર્મ-ધ્યાન એ શોકને દૂર કરવામાં મુખ્ય હેતુ છે.

એક દિવસ પૂજાના અવસરે તેણીએ પોતાની દાસી પાસે ધોયેલાં બે શુદ્ધ વસ્ત્ર મંગાવ્યાં. દ્રષ્ટિની ભ્રાંતિથી બંને વસ્ત્રોને લાલ જોઈ એકદમ તે કોપાયમાન થઇ અને બોલી.

રે ! રે ! દાસી ! તું લાલ વસ્ત્રો કેમ લાવી ?

દાસી બોલી. હે દેવિ ! ચંદ્રની કાંતિ સમાન આ વસ્ત્રો નિર્મલ છે, તમે તપાસ કરો.

પછી તે નિર્મલ વસ્ત્રો જોઈ પ્રથમ ઉત્પન્ન થયેલા ભ્રમ અને દુર્નિમિત્ત વડે રાણીએ જાણ્યું કે; મારૂં આયુષ્ય હવે થોડું રહ્યું છે, એમ માની વિષમિશ્રિત અન્નથી જેમ વિષયોથી અત્યંત વિરકત થઈ ચારિત્ર લેવા માટે વારંવાર રાજાની પ્રાર્થના કરવા લાગી.

રાજાએ કહ્યું. સમય ઉપર સ્વર્ગમાંથી અહીં આવી તારે મને પ્રતિબોધ કરવો. એમ વાણીનો પ્રતિબંધ કરી રાજાએ દીક્ષા લેવાની આજ્ઞા આપી.

ત્યારબાદ પ્રભાવતી ગુરુ પાસે દીક્ષા લઈ તપરૂપી ધનવડે સૌધર્મ લોકમાં દેવપણે ઉત્પન્ન થઈ.

તેમજ અંતઃપુરમાં રહેલી તે પ્રતિમાની પૂજા રાજાની આજ્ઞાથી દેવદત્તા નામે કુબ્જીકાદાસી હંમેશાં કરતી હતી.

ત્યારપછી પ્રભાવતી દેવે પૂર્વભવના જ્ઞાનવડે સ્વર્ગમાંથી આવી ઉદાયનરાજાને બહુ પ્રયાસથી સમ્યક્ત્વધારી કર્યો.

તે દિવસથી આરંભી જગતને હિતકારક એવા શ્રીજૈનધર્મમાં મહા જૈનની માફક ઉદાયનરાજા ઉત્કટ ભાવનાવાળો થયો.

ગાંધારશ્રાવક

ગાંધાર દેશનો રહીશ ગાંધાર નામે શ્રેષ્ઠી શાશ્વત ચૈત્યોને વાંદવા માટે વૈતાઢ્ય પર્વતમાં જતો હતો, તેના મૂલ ભાગમાં ગયો. પરંતુ ત્યાંથી ઉપર જવા માટે તેની શક્તિ રહી નહીં.

પછી તેણે ઘણા ઉપવાસ કરી શાસન દેવીના આરાધના કરી. દેવી પ્રસન્ન થઈ. તેનો મનોરથ સિદ્ધ કરી સર્વ કામ પૂરણ કરનારી એકસો આઠ ગુટિકાઓ આપી તેણીએ તેને ત્યાં જ મુકી દીધો.

પછી ગાંધાર શ્રેષ્ઠીએ તે દેવાધિદેવની મૂર્તિને નમવા માટે વીતભય નગરમાં રહેલી તે મૂર્તિનું ધ્યાન કરી એક ગુટિકા પોતાના મુખમાં મૂકી.

તે જ વખતે ગુટિકાના પ્રભાવથી શ્રેષ્ઠી વીતભય પત્તનમાં ગયો અને કુબ્જાદાસી દ્વારા તેણે બહુ ભકિતથી તે મૂર્તિને વંદન કર્યું.

એક દિવસે શ્રેષ્ઠીના શરીરે વ્યાધિ ઉત્પન્ન થયો. પોતાની બેનની માફક કુબ્જીકાએ સાધર્મિક વાત્સલ્યને લીધે તેની સારી રીતે સારવાર કરી. શ્રેષ્ઠીએ પોતાનું મરણ નજીક જાણી મહિમાના કથનપૂર્વક તે સર્વ ગુટિકાઓ કુબ્જાના હાથમાં આપી દીક્ષા ગ્રહણ કરી.

કુબ્જા દાસી

બરાબ રૂપવાળી તે કુબ્જાએ વિચાર કર્યો. મારૂં સ્વરૂપ હવે મારે સારૂ કરવું જોઇએ. એવા સંકલ્પથી શ્રેષ્ઠીએ આપેલી ગુટિકાઓમાંથી એક ગોળી પોતાના મુખમાં નાંખી, જેથી તે દેવી સમાન દીવ્ય કાંતિમય થઈ ગઈ.

હવે તેણીનું સ્વરૂપ સુવર્ણ સમાન કાન્તિવાળું જોઈને સર્વ લોકો તેને સુવર્ણગુલિકા એવા નામથી બોલાવવા લાગ્યા.

ફરીથી તેણીને વિચાર થયો કે; યોગ્ય પતિના અભાવથી આ મારૂં સ્વરૂપ વૃથા છે, એમ જાણી તેણીએ એક ગોળી પુનઃ મુખની અંદર નાખી વિચાર કર્યો.

આ રાજા પિતા સમાન છે અને બીજા તો એના પદાતિ–નોકર છે, માટે માલવ દેશનો અધિપતિ **ચંડપ્રદ્યોત** રાજા મારો પતિ થાય.

એ પ્રમાણે તેણીના મનોરથને સિદ્ધ કરવા માટે તત્કાલ શાસન દેવી ચંડપ્રદ્યોત રાજાની આગળ ગઈ અને કુબ્જીકાના રૂપનું બહુ સારી રીતે વર્ણન કર્યું.

રાજાએ પણ તેજ વખતે તેની પ્રાર્થના માટે પોતાનો દૂત મોકલ્યો.

કુબ્જાએ પણ દૂતની પ્રાર્થના સાંભળી સત્કારપૂર્વક જવાબ આપ્યો. મેં તારા નરેંદ્રને કોઇ વખત જોયો નથી, માટે હું જોયા વિના તેને વરીશ નહીં, તેથી તેને અહીંયા તું લાવ. દૂત પણ પોતાના સ્વામી પાસે આવ્યો, તેના કહેવાથી કુબ્જાનું વચન તેણે માન્ય કર્યું.

ચંડપ્રદ્યોત રાજા

વાયુસમાન વેગવાળા અનિલવેગ નામે હાથીપર બેસી ચંડપ્રદ્યોત રાજા રાત્રીએ ત્યાં આવ્યો. "કામનો પ્રભાવ બહુ વિચિત્ર હોય છે."

રાજા અને કુબ્જાનો સમાગમ થયો. એકેકનાં રૂપ જોવાથી બંનેનો પ્રેમ બહુ વધી પડયો.

હે રાજાએ કુબ્જાને કહ્યું. ચકોરાક્ષિ ! મારા નગરમાં તું ચાલ.

કુબ્જા બોલી. શ્રીજિનેંદ્ર ભગવાનની પ્રતિમા મારૂં જીવન છે. તેના વિના હું જીવી શકું નહીં. ક્ષણ માત્ર પણ હું કયાંઈ જતી નથી.

માટે આ મૂર્તિનું પ્રતિબિંબ કરાવી તું અહીં લાવ. જેથી તે મૂર્તિને અહીં મૂકી આ મૂર્તિને સાથે લઈ હું તારી સાથે આવું.

તે પ્રતિમાનું સ્વરૂપ બરોબર જોઈ તે રાત્રીએ રાજા ત્યાં રહ્યો અને સવારમાં સિદ્ધની માફક તે ઉજ્જયિનીમાં ગયો.

સારા ચંદનકાષ્ઠની તેવી પ્રતિમા બનાવરાવી મહર્ષિ કપિલ પાસે પ્રતિષ્ઠા કરાવી, બહુ અલંકારોથી સુશોભિત કરી, રાજાએ તે પ્રતિમા પોતાના હાથમાં લીધી અને અનિલવેગ હાથીપર બેસી ફરીથી તે વીતભયનગરમાં ગયો.

કુબ્જીકાને તે પ્રતિમા આપી. દાસી પણ પ્રાચીનમૂર્તિ પોતાની સાથે લઈ નવીન મૂર્તિ ત્યાં સ્થાપન કરી રાજા પાસે ગઈ.

મૂર્તિ સહિત કુબ્જીકાને હાથીપર બેસારી પવનસમાન ગતિવડે ચંડપ્રદ્યોત રાજા પોતાના સ્થાનમાં ગયો. રાજા અને દાસી બંને વિષય ભોગમાં બહુ આસક્ત થયાં.

વિદિશાનગરી

વિદિશાનગરીમાં ધનલાભસ્વામી નામે એક વણિક રહેતો

હતો, તેને તે મૂર્તિ પૂજન કરવા માટે તેમણે આપી દીધી. તે વણિકના ઘેર રહેલી તે શ્રીજિનેંદ્રભગવાનની મૂર્તિ ઘણા કાલે મિથ્યાદૃષ્ટિઓ ગુપ્ત રીતે પૂજશે.

તેમજ તે મૂર્તિનું પ્રતિબિંબ બહાર સ્થાપન કરી તે મૂર્ખ લોકો ભાયલસ્વામી વણિકને આદિત્ય એવા નામથી બોલાવશે. તેમજ લોકોપણ તેનું કહેલું વચન સત્ય માની તે પ્રતિમાની પૂજા કરશે. અહો ! ધૂર્તનો કયો કયો દંભ વિકાસ પામતો નથી ?

યુદ્ધપ્રયાણ

વીતભયનગરીનો અધિપતિ ઉદાયનરાજા સ્નાનાદિ ક્રિયા કરી પ્રભાતકાલમાં પૂજા કરવા માટે દેવાલયમાં ગયો.

પ્રતિમાનાં કંઠમાં મ્લાન થઈ ગયેલી પુષ્પમાલા જોઈ રાજા પોતાના હૃદયમાં વિચાર કરવા લાગ્યો.

આ દેવ મૂર્તિ પ્રથમ હતી તે નથી. કોઈપણ નવીન દેખાય છે, કારણ કે; તે પ્રતિમાનાં પુષ્પ પ્રતિક્ષણે નવીન હોય તેમ કોઇ સમયે મ્લાન થતાં ન હોતાં અને તેનું પૂજન કરનારી તે દાસી પણ અહિંયાં નથી. તેમજ હાલમાં " મહાવતો કહેતા હતા કે; આપણા હાથી મદ રહિત થઈ ગયા છે." એમ સાંભળવામાં આવ્યું છે. માટે જરૂર અહીં અનિલવેગ ગંધહસ્તી આવ્યો હશે.

અનિલવેગ હાથી પર બેસી ચંડપ્રદ્યોત રાજા અહીં આવી રાત્રીએ ઘરમાંથી પ્રતિમા તથા કુબ્જીકાને પણ હરી ગયો, એમાં સંશય નથી,

કાર્ત્તિકેયની માફક કોપવડે દુષ્પ્રેક્ષ્ય ઉદાયન રાજાએ પ્રદ્યોતની સાથે યુદ્ધ કરવા માટે સૈન્ય સહિત પ્રયાણ કર્યું.

તેમજ તેની સાથે પર્વતમાંથી નીકળતી નદીઓવડે સંપૂર્ણ ગંગાના પ્રવાહો જેમ સમુદ્ર પ્રત્યે તેમ મુકુટધારી દશ રાજાઓએ સેના સહિત પ્રયાણ કર્યું. તેના સૈનિકો ચાલતા ચાલતા અનુક્રમે અરણ્ય ભૂમિમાં જઈ પડયા.

ત્યાં જળનું બિંદુ પણ મળે નહીં, જળની ભ્રાંતિ વડે મૃગલાઓની માફક તેઓ આમતેમ દોડવા લાગ્યા. ચારે તરફ ફરતાં તેમનાં

તાળવાં તૃષાથી સુકાઇ ગયાં, માત્ર એક નેત્રના જળ વિના બીજું જળ દેખાતું નહોતું, તેવો પાણીનો ત્રાસ જોઈ ઉદાયનરાજાએ પ્રભાવતી દેવનું સ્મરણ કર્યું.

સ્વર્ગમાંથી આવી પ્રભાવતી દેવે ત્યાં સુંદર જલથી ત્રણ તળાવ સંપૂર્ણ ભર્યાં. કાલના મુખમાં આવી પડેલા સૈનિકો તત્કાલ અમૃત સમાન તે જળનું વારંવાર પાન કરી જીવતા રહ્યા. જળપાન વડે જીવિત લોકોએ તે સમયે જીવનીય અને અમૃત એ બંને જળનાં નામ સાર્થક માન્યાં.

પોતાનું સૈન્ય સ્વસ્થ થયે છતે રાજાએ ત્યાંથી પ્રયાણ કર્યું. બહુ ઝડપથી ચાલતા તેઓ ઉજ્જયિનીમાં જઈ પહોંચ્યા.

ત્યાં ઉદાયન અને પ્રદ્યોત રાજાએ પરસ્પર દૂત મોકલી રથમાં બેસી યુદ્ધ કરવું, એવી પ્રતિજ્ઞા કરી.

સંગ્રામના અભિમાનની મૂર્તિ સમાન ઉદાયન રાજા ધનુષ બાણ ચઢાવી રણભૂમિમાં ઉભો રહ્યો. રથમાં બેસી આ રાજા મારાથી જીતાશે નહીં, એમ જાણી રથની પ્રતિજ્ઞાનો ત્યાગ કરી ગંધહાથી પર બેસી ચંડપ્રદ્યોત રાજા યુદ્ધ ભૂમિમાં આવ્યો.

હાથી પર બેઠેલા પ્રદ્યોતને જોઈ કોપ કરી ઉદાયન બોલ્યો.

રે! રે! તું આવો બલવાન થઈ ને પણ પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ કેમ થયો? રથમાં બેસી હું યુદ્ધ કરીશ, એમ પ્રથમ બોલીને હાલમાં તું પોતે અન્યથા—હાથી પર આવતો સ્વજનની આગળ શું શરમાતો નથી?

અન્યના ઘરમાં પ્રવેશ કરી ચોરની માફક મૂર્તિ અને દાસીનું અપહરણ કરતાં તને લાજ આવી નહી, તો પ્રતિજ્ઞાનો ભંગ કરવામાં તને શી લાજ આવે?

જો કે જીવવાની ઇચ્છાથી તે તારી પ્રતિજ્ઞા લજ્જાની સાથે છોડી દીધી છે, પરંતુ મારા હાથથી છોડેલાં બાણોવડે તું જીવવાનો નથી. એમ કહી ઉદાયનરાજા કુંભારના ચક્રની માફક બહુ વેગથી રથને ભમાવી પોતાના શત્રુને મારવા માટે દોડ્યો.

ત્યારબાદ પ્રદ્યોત રાજાએ એક સાથે ઘોડા, રથ અને સારથિસહિત ઉદાયનને મારવા માટે ક્રોધપૂર્વક પોતાના ગંધ હસ્તીની પ્રેરણા કરી.

જેમ જેમ તે રથ ફરે છે, તેમ તેને પકડવા માટે રોષસહિત વૈરીનો હાથી રથની પાછળ વારંવાર ભમે છે.

ઉદાયનરાજાએ તીક્ષ્ણ મુખવાળાં બાણોવડે તે હાથીના પગ વ્યાધની માફક વારંવાર વીંધી નાખ્યા. જેથી તેના ચારે પગ છેદાઈ ગયા. ઉભો રહેવાને પણ અશકત થઈ ગયો અને રણભૂમિમાં પંગુની માફક પડી ગયો.

ઉદાયનરાજાએ હાથીના કુંભ સ્થલ ઉપરથી પ્રદ્યોતને પોતાના મૂર્તિમાન જયની માફક બાંધીને પકડી લીધો.

તેના ભાલસ્થલમાં પોતાની કીર્તિની પ્રશસ્તિ જેમ સ્પષ્ટ અક્ષરોવડે "**દાસીપતિ**" એવું નામ તેણે લખાવ્યું.

ચંડપ્રદ્યોતના કહેવાથી વિદિશાનગરીમાં રહેલી પ્રતિમા જાણીને માલવેંદ્રને સાથે લઇ ઉદાયનરાજા તે નગરીમાં ગયો.

તેણે ત્યાં મૂર્તિની પૂજા કરી. પછી રાજાએ પ્રતિમાને હલાવી તોપણ તે પૃથ્વીની માફક અચલ થઈ ગઈ અને પોતાના સ્થાનમાંથી ચલાયમાન થઈ નહી. ફરીથી વિશેષ પૂજન કરી ઉદાયને કહ્યું.

હે પ્રભો ! મારા ભાગ્યનો શું નાશ થયો ? જેથી આપ મારે ત્યાં આવતા નથી.

આ પ્રમાણે રાજાનું વચન સાંભળી તે મૂર્તિનો અધિષ્ઠાતા દેવ બોલ્યો.

હે રાજન્ ! તું શોક કરીશ નહીં. ધૂળની વૃષ્ટિવડે તારૂં નગર પૂરાઈ જશે, તેથી હું ત્યાં આવીશ નહીં.

એમ તે દેવની આજ્ઞાથી ઉદાયનરાજા હાથમાંથી પડી ગયો છે ચિંતામણિ જેનો, એવા પુરુષની માફક ચિંતાતુર થઈ પોતાના નગર પ્રત્યે પાછો વળ્યો.

દશપુરનગર

ઉદાયનરાજા માર્ગમાં ચાલતો હતો, તેવામાં પોતાના ઉદય વડે

સમગ્ર જગત્ જીવોને જીવાડતા મહાપુરુષની જેમ વર્ષાકાલ પ્રાપ્ત થયો. દરેક ઋતુઓમાં વર્ષાઋતુ શ્રેષ્ઠ ગણાય છે.

एते घटीप्रहरऋक्षरवीन्दुचारैः,
सर्वेऽपि यद्यपि समा ऋतवः स्फुरन्ति ।
भूयांस्तथाऽपि महिमाऽस्य घनागमस्य,
येनोच्छ्वसन्त्यखिलविष्टपजीवितानि ॥ १ ॥

ઘડી, પ્રહર, નક્ષત્ર, સૂર્ય અને ચંદ્રની ગતિવડે જો કે; સર્વે ઋતુઓ સરખી હોય છે, તો પણ આ વર્ષાઋતુનો મહિમા ઘણો મોટો છે. કારણ કે; સમસ્ત પ્રાણીઓ એના વિના જીવી શકતાં નથી."

પોતાના વૈરી ગ્રીષ્મઋતુને હણવા માટે તરવારને નચાવતો હોય, તેમ વારંવાર તેજસ્વી વીજળીને વિસ્તાર તો મેઘ શોભવા લાગ્યો.

તે સમયે મેઘમાલા અને વિરહિણી સ્ત્રીઓ પણ ઇર્ષ્યાથી જેમ જલ અને આંસુઓવડે ભૂતલ અને વક્ષસ્થલને સિંચવા લાગી.

ત્યારપછી ચારે તરફ જલથી ભરાઈ ગયેલી પૃથ્વીને જોઈ ત્યાંજ કોઈ ઠેકાણે સેનાનો પડાવ કરી ઉદાયનરાજાએ નિવાસ કર્યો.

જલને રોકવા માટે ધૂળના કિલ્લા કરી દશે રાજાઓ ત્યાં રહ્યા. તેથી તે સ્થાન **દશપુર**–મંદસોર એવા નામથી પ્રસિદ્ધ થયું.

ઉદાયન રાજાએ ભોજનાદિકવડે પ્રદ્યોતને સારી રીતે પ્રસન્ન કર્યો. "ખરેખર સત્પુરુષો શત્રુનો પણ કોઈ દિવસ સત્કાર કર્યા વિના રહેતા નથી."

વાર્ષિકપર્વ

પર્યૂષણપર્વનો સમય જાણી પ્રભાવતી દેવ ત્યાં આવ્યો અને ઉદાયનરાજાને પ્રતિબોધ કર્યો, જેથી તે રાજાએ બહુ શ્રદ્ધાવડે તે દિવસે ઉપવાસ કર્યો.

ત્યારે રસોઈઆએ ચંડપ્રદ્યોતરાજાને પૂછ્યું. આજે આપને શું જમવાનું છે ? એમ સૂપકારનું વચન સાંભળી ચંડપ્રદ્યોતનું હૃદય ભયાક્રાંત થઈ ગયું. અને તે પણ વિચારમાં પડ્યો.

એણે મને કોઇ વખત જોયેા નથી, છતાં આજે મને એમ પૂછવાનું શું કારણ ? માટે આજે જરૂર મારૂં અમંગળ થવાનું છે.

એમ વિચાર કરી તે બોલ્યેા. આજે એમ પૂછવાનું શું કારણ છે ?

સૂપકાર બોલ્યેા. આજે પર્યૂષણાપર્વ હોવાથી રાજાને ઉપવાસ છે. તમારા માટે હું શી રસોઇ બનાવું એટલા માટે તમને પૂછ્યું. તે સાંભળી શઠ એવેા તે ચંડપ્રદ્યોત પણ બોલ્યેા.

આજે પર્વતિથિની તેં મને જાણ કરી તે બહુ સારૂ કર્યું. કારણ કે મારા માતા પિતા પણ જૈનધર્મ પાળતાં હતાં, માટે મારે પણ આજે પુણ્યકારક ઉપવાસ કરવાનેા છે.

આ વાત રસોઇઆએ તેજ વખતે પેાતાના સ્વામી આગળ કરી.

તેણે પણ કહ્યું કે, આ ધૂર્તરાજ બરેાબર માયાવિપણું જાણે છે. ભલે માયાવી હેાય અથવા નિર્માયી હેાય, પરંતુ જ્યાં સુધી આ રાજા બંદીખાનામાં રહે ત્યાં સુધી મારૂં આ પર્યૂષણાપર્વ ધર્મયુક્ત ગણાય નહીં, એમ જાણી ઉદાયનરાજાએ પ્રદ્યોતરાજાને બંદીખાનેથી મુક્ત કર્યો.

ત્યારપછી તેને સારી રીતે ખમાવીને તેના ભાલસ્થલમાં કરેલા ચિન્હને ગેાપવવા માટે પટ્ટો બંધાવ્યેા. "અહેા ! સત્પુરુષેાનેા વિવેક કેાઈ અપૂર્વ હેાય છે."

ત્યારથી આરંભીને રાજાઓના મસ્તકે પટ્ટબંધન થયું. વળી તેની પહેલાંના રાજાઓ મસ્તકે આભૂષણરૂપ મુકુટો ધારણ કરતા હતા.

વર્ષાઋતુ વ્યતીત થવાથી ઉદાયનરાજાએ ચંડપ્રદ્યોતને સમૃદ્ધિ આપી પેાતાના સ્થાનમાં વિદાય કર્યો. તેમજ તે દશપુરનગર ધનાઢ્ય-લેાકેા વડે પૃથ્વીપર બહુ પ્રસિદ્ધ થયું, કારણ કે; "મેાટા પુરુષેાએ નિર્માણ કરેલું સ્થાન મેાટું ગણાય છે."

ઉદાયન પશ્ચાત્તાપ

લક્ષ્મી વિના જેમ નિર્ધન તેમ શ્રીજિનેંદ્રભગવાનની મૂર્તિવિના ઉદાયનરાજા પેાતાના હૃદયમાં બહુ દુઃખી થયેા. અને વિચાર કરવા લાગ્યેા.

મહાખેદ થાય છે કે; મારૂ આવું અભાગ્ય કયાંથી પ્રગટ થયું ? જેથી ઘરની અંદર રહેલી છતાં પણ કામધેનુ સમાન આ શ્રીદેવાધિદેવની મૂર્તિ ચાલી ગઈ.

આ પ્રમાણે દુઃખી થયેલા ઉદાયનને જોઈ તે સમયે પ્રભાવતી દેવે સ્નેહને લીધે સ્વર્ગમાંથી આવી શાંત કર્યો અને કહ્યું.

હે નરેંદ્ર ! શ્રીદેવાધિદેવની પ્રતિમા માટે તું શા કારણથી અતિશય ખેદ કરે છે ? કારણ કે; કલ્પવલ્લીની માફક તે મૂર્તિ અલ્પપુણ્યથી મળી શકતી નથી. જીવંત સ્વામીની જે નવીન મૂર્તિ તારા ઘરમાં રહેલી છે, તે પણ અતિશય માહાત્મ્યને લીધે તારે તીર્થપ્રાય જ સમજવી. કારણકે; "વિશેષ પ્રતિષ્ઠા કરવાથી પ્રતિમાનો પ્રભાવ વધે છે." અને આ મૂર્તિની પ્રતિષ્ઠા કેવલજ્ઞાની શ્રીકપિલમુનિએ પોતે કરેલી છે.

પ્રથમની પ્રતિમા માફક આ પ્રતિમાનું પણ હંમેશા તારે પૂજન કરવું. તેમજ યોગ્ય અવસરે આત્માને હિતકારક એવું ચારિત્રવ્રત પણ તારે ગ્રહણ કરવું. એમ કહી પ્રભાવતીદેવી ત્યાંથી વિદાય થયો.

ઉદાયનરાજા બહુ ભાવપૂર્વક તે મૂર્તિનું આરાધન કરવા લાગ્યો. વળી પુણ્યલક્ષ્મીરૂપ લતાના મૂળ સમાન શુભ ધ્યાન કરવા લાગ્યો.

જ્યાં **શ્રી વીરભગવાન** પોતે વિચરે છે, તે દેશ સ્તુતિ કરવા લાયક છે. તેમજ જેઓ તીર્થની માફક શ્રીવીર પરમાત્માને હંમેશાં નમે છે, તેઓ વિવેકી જાણવા. જેઓ ચારિત્ર લક્ષ્મીનો સ્વીકાર કરે છે, તે રાજાઓ તેથી કૃતાર્થ જાણવા.

સૂર્યની જેમ પાદવડે પૃથ્વીને પવિત્ર કરતા શ્રી મહાવીર ભગવાન જો અહીં પધારે તો વિશુદ્ધભાવથી હું ચારિત્ર ગ્રહણ કરૂં, એવો તેનો અભિપ્રાય જાણી તેને દીક્ષા આપવા માટે ચંપાનગરીથી વિહાર કરી અને તેના નગરમાં આવ્યા.

પ્રભુદેશના

ઉદાયન રાજાએ હર્ષથી અમારા ચરણકમલમાં ભ્રમરરૂપ થઈ ઉપદેશમય રસનું સંપૂર્ણ પાન કર્યું.

યયાઽયં ક્ષેત્રજ્ઞઃ પરિહૃતપથં વાઙ્મનસયો-
શ્ચિદાનન્દં બિન્દ ત્યનુપમસુખાઽઽશ્લેષસુભગમ્ ।
વિરક્તે રક્તાં તા-મમિલષસિ ચેન્મુક્તિરમણી,
તદા ત્વં તદ્દૂતી-મિવ કુરુ કરે સર્વવિરતિમ્ ॥ ૧ ॥

જેથી આ ભવ્યાત્મા વાણી અને મનને અગોચર અપૂર્વ સુખમય આનંદને મેળવે છે, વિરકત પુરુષ ઉપર રાગવાળી તે મુકિતસ્ત્રીને જો તું ઈચ્છતો હોય તો તેની દૂતી સમાન સર્વ વિરતિને હસ્તગોચર કર.

દાનાદિક ધર્મો છે, પરંતુ તેઓ ભોગાદિકના હેતુ છે. મુકિત આપવામાં તો કેવલચારિત્ર લક્ષ્મી જ સમર્થ છે.

આ પ્રમાણે ભગવાનના મુખથી ચારિત્રરૂપ કલ્પદ્રુમનું ફલ સાંભળી ઉદાયન રાજા ભોજનપર જેમ ભૂખ્યો માણસ તેમ ચારિત્ર ગ્રહણ કરવામાં ઘણો ઉત્સુક થયો.

પુત્રને રાજ્ય આપવું તે યોગ્ય નથી. રાજ્ય એ મહાપાપનું કારણ છે. તેથી એને જો રાજ્ય આપું તો તે ભવસાગરમાં વહાણની માફક જલદી ડૂબી જાય. હું એને રાજ્ય આપીને જો નરકભૂમિમાં નાખું, તો પુત્રવિષે મારું હિતકરપણું કેવી રીતે ગણાય ?

એ પ્રમાણે વિચાર કરી તેણે પોતાના રાજ્યમાં પોતાના ભાણેજ કેશીને સ્થાપન કર્યો.

પછી તે પ્રભુ પ્રતિમાની પૂજા માટે ઘણાં ગામ બક્ષિશ કર્યા.

ત્યારબાદ પુત્રસહિત ઉદાયન રાજાએ અમારી પાસેથી મોક્ષદ્રુમના બીજસમાન ચારિત્રવ્રત ગ્રહણ કર્યું, અને તે સંબંધી કેશી રાજાએ મહોત્સવ કર્યો.

વ્રત દિવસથી આરંભીને ઉદાયનમુનિ છઠ આદિક તપશ્ચર્યાના કષ્ટવડે કિરણોવડે સૂર્યની જેમ કર્મપંક-કાદવને સુકવવા માટે ઉદ્યમ કરવા લાગ્યા

હે શ્રેણિકસુત ! અપૂર્વ ચારિત્રલક્ષ્મીનું પાત્ર આ ઉદાયનરાજાને અમે છેલ્લા રાજર્ષિ કહ્યા.

અભયમંત્રી બહુ ખુશ થઈ ફરીથી પૂછયું.

હે ભગવાન ! આ રાજર્ષિની આગળ પર કેવી સ્થિતિ થશે, તે આપ કહો.

રાજર્ષિ પીડા

શ્રીજિનેંદ્ર ભગવાન બોલ્યા. વ્રત પાલતા ઉદાયનમુનિને રોગીની માફક ખરાબ ભોજનથી મોટો વ્યાધિ થશે.

પોતાના શરીરની પણ અપેક્ષા નહીં હોવાથી રોગનો ઉપાય ન ઇચ્છતા તે મુનિની આગળ વૈદ્ય લોકો કહેશે.

તમારે હંમેશાં દહી ખાવું એટલે તમારો રોગ મટી જશે. વ્યાધિ ઘણો વધી ગયો, જેથી પોતાનું શરીર ક્ષીણ થયેલું જોઈ નિર્દોષ દહીની ઈચ્છાથી તે મુનિ ગોષ્ઠસ્થાનમાં જશે. ત્યાંથી પણ વિહાર કરી તે મુનિ વીતભયનગરમાં જશે.

ત્યાં તેમનું આગમન સાંભળી દુષ્ટમંત્રીઓ કેશી રાજાને કહેશે કે; આ તારા મામા નક્કી રાજ્ય લેવાની ઇચ્છાથી અહીં પાછા આવ્યા છે. કારણ કે દુશ્ચરવ્રતવડે આ મુનિ પોતાના હૃદયમાં બહુ બેદાતુર થયા છે.

પ્રથમ વૈરાગ્યથી દૃઢ ચિત્તવાળાની માફક એમણે ચારિત્ર લીધું અને હાલમાં વ્રતથી ભ્રષ્ટ થઈ નપુંસકની માફક તે સુખની ઇચ્છા કરે છે.

ત્યારબાદ કેશી રાજા તેમને કહેશે કે હાલમાં એ ન્યાસ–થાપણની માફક પોતાનું રાજ્ય કેમ ન ગ્રહણ કરે ?

પારકી વસ્તુમાં મારે શા માટે લોભ કરવો જોઈએ ?

ત્યારપછી મંત્રીઓ તેને જવાબ આપશે કે; 'પર વસ્તુ' એ પ્રમાણે તારે બોલવું નહીં.

હે સ્વામિ ! આ રાજ્ય તારું જ છે. તારા ભાગ્યથી મળેલું છે. જેના માટે રાજાઓ ઘણાં યુદ્ધ કરી કપાઈ મરે છે, તેવું પોતાના હાથમાં આવેલું રાજ્ય કાંકરાની માફક કોણ ગુમાવે ?

એ પ્રમાણે મંત્રીઓનું વચન સત્ય માની કેશી તેમને પૂછશે કે;

હવે મારે શું કરવું ? ત્યારે મંત્રીઓ કહેશે, એ મુનિને તું વિષદાન કરાવ.

અકર્ણ–કાન વિનાનો અથવા અજ્ઞાની સર્પ લોકોને વારંવાર દંશ કરે છે એ ઉચિત છે, પરંતુ આશ્ચર્ય માત્ર એ છે કે; સકર્ણ છતાં પણ ખલ પુરુષ સાધુ પુરુષોને બહુ દુઃખ દે છે.

ખલ પુરુષથી વિષનો જન્મ હશે ? પરંતુ વિષમાંથી ખલનો જન્મ હશે ? કારણ કે; અન્યના પ્રાણ લેવામાં આ બંનેનું સરખુ પરાક્રમ હોય છે.

સ્નેહ–તેલ=પ્રીતિ રહિત અને મલિન એવો પણ ખલ–ખોળ ખલપુરુષ સરખો કેવી રીતે કહી શકાય ? કારણકે; આ ખલ–ખોળ તો પશુઓને પણ હિતકારક થાય છે. અને ખલપુરુષ તો વિદ્વાનોને પણ દુઃખદાયક થાય છે.

વિષપ્રદાન

રાજ્યમાં લુબ્ધ થયેલો કેશીરાજા કોઈક ગોવાલણી પાસે તે મુનિને વિષમિશ્રિત દહી અપાવશે.

ત્યારપછી પ્રભાવતી દેવ તે વિષનો અપહાર કરી મુનિને કહેશે કે; હવેથી તમારે વિષ સહિત દહી લઈને ખાવું નહીં.

પછી મુનિએ દહીનો ત્યાગ કરે છતે તેમના શરીરે વ્યાધિ બહુ વધી પડશે, કારણ કે, નિમિત્ત મળવાથી ભૂત, રોગ અને શત્રુઓ કોપ કરે છે.

ફરીથી કેશીએ તે મુનિને અપાવેલું વિષ પ્રમાદને લીધે દેવતા હરણ નહીં કરે એટલે તે વિષ સહિત દહીં ખાઈ જશે. તેમના શરીરમાં સર્વત્ર વિષ વ્યાપી જશે. પોતે મરણ સમય જાણી અનશન વ્રતનો સ્વીકાર કરશે.

એક માસ પર્યંત અનશનવ્રત પાળી સમતારૂપ જલના સ્નાનથી વિશુદ્ધ થઇ ઉદાયનમુનિ કેવલજ્ઞાન પામી અંતે મોક્ષ લક્ષ્મીને પ્રાપ્ત કરશે.

દૈવિપ્રકોપ

તે વૃત્તાંત પ્રભાવતી દેવના જાણવામાં આવશે. જેથી તે દેવ બહુ કોપાયમાન થઇ જશે અને તે વીતભય નગરને ધૂળથી પૂરી નાખશે.

જીવંત સ્વામીની તે પ્રતિમા પણ ધૂળના ઢગલાઓથી પુરી નાખી નિધાનમાં રહેલી સમૃદ્ધિની માફક પૃથ્વીની અંદર રહેશે.

વળી તે મુનિનો એક શય્યાતર-કુંભાર હતો. તેને પ્રભાવતી દેવ વીતભય પત્તનમાંથી **સીણુપલ્લી** નામે મહાપુરીમાં લઈ જઈને તેના નામથી કુંભકાર એવું તે નગરનું નવીન નામ પાડશે, "અહો! દેવતાઓનો પણ અનહદ સ્નેહ હોય છે."

પુનઃમંત્રીપ્રશ્ન

ફરીથી અભયમંત્રીએ પ્રભુને પૂછયું. હે ભગવાન! તે શ્રી અર્હંત ભગવાનની પ્રતિમા કયારે પ્રગટ થશે? તે આપ કહો.

યોજનગામિની વાણી વડે શ્રી વીરપ્રભુ બોલ્યા. અમારા નિર્વાણથી (૧૨૭૨) મા વર્ષે લાટ, ગુજરાત અને સૌરાષ્ટ્રના સીમાડામાં અણહીલ્લપુર નામે નવીન નગર થશે.

તેની અંદર અન્ય લોકો બોલે તેમાં નવાઇ શી? પરંતુ પાંજરામાં રહેલા શુક-પોપટ વિગેરે પ્રાણીઓ પણ શ્રાવકોના ઘરોમાં નવકાર મંત્ર ભણશે.

તેમજ તે નગરની અંદર રત્નોથી બનાવેલી શ્રીજિનેંદ્રોની પ્રતિમાઓ ધાર્મિક મનુષ્યોના મનમાં શાશ્વત પ્રતિમાઓના દર્શનની પ્રીતિ પૂર્ણ કરશે.

વળી તે નગરમાં ધનાઢય, વિદ્વાન, ધર્મજ્ઞ, અને દીર્ઘ આયુષવાળા લોકો ચોથા આરાના મનુષ્યોની માફક નિવાસ કરશે. દરેક ઘરની અંદર પ્રકાશ પામતી પોતાની શોકય એવી લક્ષ્મીને જોઈ ઈર્ષ્યાથી જેમ નિર્ધનતા તે લોકોથી દૂર રહેશે.

ત્યારબાદ વીરસંવત ૧૬૬૯ મા વર્ષે તે નગરની અંદર ચૌલુકય-વંશમાં આભૂષણ સમાન મૂળ રાજનરેંદ્રના વંશમાં દયા, દાક્ષિણ્ય,

નૈપુણ્ય અને શૌડીર્ય આદિ ગુણોનો એક સ્થાનભૂત શ્રીમાન કુમારપાલ નામે રાજા થશે.

આ રાજા દાન ધર્મ અને યુદ્ધની એક ખ્યાતિવડે કર્ણ, યુધિષ્ઠિર અને અર્જુનને અનુસરશે. તેમજ ગંગા, વિંધ્યાચલ, સમુદ્ર અને તુર્કસ્તાન સુધી ચારે દિશાઓમાં અનુક્રમે પૃથ્વીને જીતશે.

ધર્મ, અર્થ અને કામ એ ત્રણે પુરુષાર્થનો સાધક હોવાથી તે રાજા પ્રાણ અને ધનથી પણ ધર્મને અધિક માનશે.

શ્રાવકધર્મપ્રાપ્તિ

એક દિવસ શ્રીકુમારપાલરાજા વજ્ર શાખા અને ચંદ્રકુલમાં પ્રગટ થયેલા શ્રીહેમચંદ્રસૂરિને જોઈ બહુ પ્રસન્ન થશે.

પછી તેમને નમસ્કાર કરી મયૂર મેઘની ગર્જનાને જેમ તે રાજા તેમની વાણીરૂપ દેવતાએ કહેલો શ્રાવકધર્મ સાંભળશે.

પોતાના કલ્યાણ રાશીની માફક તત્ત્વ સમજીને સમ્યક્ત્વપૂર્વક શ્રાવક ધર્મનો તે સ્વીકાર કરશે. મદ્યાદિક વ્યસનોનો નાશ કરી પૃથ્વી પર દયાધર્મ પ્રવર્તાવશે અને રૂદન કરતી સ્ત્રીઓનું ધન છોડી દઈ જૈનમંદિરો બંધાવશે.

એક દિવસ અમારૂં ચરિત્ર વાંચતા પોતાના ગુરુ મહારાજના મુખથી ધૂળમાં દટાઈ ગયેલી તે પ્રતિમા કુમારપાલના સાંભળવામાં આવશે.

પછી તે રાજા આપ્ત સેવકો પાસે વીતભય નગરનું તે સ્થળ ખોદાવી પ્રતિમાને ઘેર લાવી ઘણા કાલ સુધી પૂજશે.

એ પ્રમાણે શ્રીગુરુમહારાજે કહેલી શ્રી વીરચરિત્રની વાર્તા સાંભળી શ્રીયુત કુમારપાળ રાજાનું શરીર હર્ષથી રોમાંચિત થઈ ગયું અને હૃદયમાં વિચાર કરવા લાગ્યો.

આ જગતમાં મને જ ધન્ય છે અને મારો જન્મ સફળ છે. અગણ્ય પુણ્યનો હું એક પાત્ર છું. કારણ કે, શ્રીવીરભગવાને અભયમંત્રીની આગળ સુર, અસુર અને મનુષ્યોની સમક્ષ મારા ભવિષ્યનું સમગ્ર વૃત્તાંત પોતે કહી સંભળાવ્યું.

ત્યારપછી તે પ્રતિમાને કાઢવા માટે ભૂપતિએ ગુરુની આગળ વિનંતિ કરી. ગુરુએ ધ્યાન કરી કહ્યું.

હે રાજન્ ! તું ઉદ્યોગ કર. મૂર્તિની પ્રાપ્તિ તને થશે.

રત્નાકરસાગર પણ સુકાઇ જાય, વાયુ પણ સ્થિર થાય અને જળ પણ બાળી શકે, પરંતુ ભગવાનની વાણી અસત્ય થાય નહીં.

એ પ્રમાણે ગુરુની વાણી વડે અને બીજા ભવ્ય શકુનો વડે વૃદ્ધિ પામ્યો છે ઉત્સાહ જેનો એવો ધર્માત્મા શ્રીકુમારપાલ રાજા સમજી ગયો કે, તે મૂર્તિ મારા હાથમાં આવશે.

પછી તે પ્રતિમાનો કલ્પકર્ત્તવ્યતા વિધાન આપીને તેણે મોકલેલા લોકો વીતભય નગરનું સ્થાન ઓળખી તેને ઉત્સાહથી ખોદવા લાગ્યા.

પ્રતિમા પ્રાપ્તિ

નરેંદ્રનું ઉત્તમ શ્રાવકપણું હોવાથી શાસનદેવીએ ત્યાં બહુ સહાયતા કરી. કારણકે; "શાસનદેવીને ધર્મકાર્યમાં સાન્નિધ્ય કરવું, તે ઉચિત છે."

તે સ્થળ ખોદે છતે રાજાના પુણ્યથી પ્રથમ સમયમાં પોતે સ્થાપન કરેલી હોય તેમ તે પ્રતિમા નીકળી.

તેમજ ઉદાયનરાજાએ પ્રતિમાની પૂજા માટે આપેલાં ગામોને આજ્ઞામય પત્રલેખ પણ અંદરથી નીકળ્યો.

તેમના દર્શનથી રાજાએ મોકલેલા પુરુષો બહુ પ્રસન્ન થયા અને વિધિ પ્રમાણે મૂર્ત્તિનું પૂજન કરી મહોત્સવ પૂર્વક રથની અંદર મૂર્તને સ્થાપન કરી.

જેના ઉત્કૃષ્ટ અને સ્વાભાવિક સુગંધિત પુષ્પોને લીધે ભ્રમરાઓ ખેંચાતા હતા.

પૂર્ણચંદ્ર સમાન સુંદર ચામરોથી જે મૂર્તિ વીંઝતી હતી.

તેમજ પુણ્યના લોભી એવા ભવ્ય પુરુષો દરેક ગામોમાં જેની પૂજા કરતા હતા.

એવી તે પ્રતિમાને પાટણની નજીક તેઓ લઈ ગયા.

તે સમયે સાક્ષાત્ પ્રમોદની મૂર્તિ સમાન ગુરુને આગળ કરી સર્વ સંઘ સહિત શ્રીયુત કુમારપાલરાજા તેમના સામેા ગયેા. સાક્ષાત્ શ્રીવીરપ્રભુ સમાન તે મૂર્તિના દર્શનથી પ્રસન્ન થયેલા રાજાએ સુવર્ણ પુષ્પેા વડે પૂજા કરી ચૈત્ય વંદન કર્યું.

ત્યારપછી રથમાંથી તે મૂર્તિને પેાતે ઉતારી પેાતાની પુણ્યશ્રીની માફક ગજેંદ્રપર બેસારી મહેલની અંદર લઇ ગયેા.

શાંતિગૃહની અંદર સ્ફટીકનું નવીન મંદિર કરાવી તેમાં પ્રતિમાને સ્થાપન કરી ત્રણે કાલ રાજા પેાતે પૂજતેા હતેા.

તેના પ્રભાવથી રાજાને ત્યાં દિવસે સમૃદ્ધિ વધવા લાગી. ચંદ્રના ઉદયથી સમુદ્રમાં ભરતી આવે તેમાં શું આશ્ચર્ય !

પુંડરિકાદ્રિ તીર્થની માફક તે પ્રતિમાને નમવા માટે દૂરથી પણ હજારેા ધાર્મિક પુરુષેા ત્યાં આવવા લાગ્યા. તે પ્રતિમાનું શાસનપત્ર જોઈને શ્રી કુમારપાલે ઉદાયનરાજાનાં આપેલાં ગામ મૂર્તિપૂજા માટે આપ્યાં.

યાત્રાફલ ઉપદેશ

એક દિવસ શ્રીહેમચંદ્રસૂરિએ ધર્માત્મા શ્રીકુમારપાલ રાજાને શત્રુંજયાદ્રિ તીર્થોની યાત્રા કરવાથી શું ફલ થાય છે, તે સંબંધી સ્પષ્ટ ઉપદેશ આપ્યેા.

ધ્યાને પલ્યસહસ્રસંભવમઘં પ્રક્ષીયતેઽભિગ્રહે,
તલ્લક્ષેાત્થમનેકસાગરકૃતં માર્ગે સમુલ્લડ્ઘિ·ઘતે ।
તીર્થસ્યાશ્રયણેઽભ્યુપૈતિ સુગતિર્દેવાનનાઽઽલોકને,
શ્રીસૌખ્યાદિ તદર્ચને સુરપદં તત્તીવ્રભાવે શિવમ્ ॥ ૧ ॥

તીર્થયાત્રાનું ધ્યાન કરવાથી સહસ્રપલ્યેાપમથી પ્રગટ થયેલું પાપ દૂર થાય છે.

અભિગ્રહ કરવાથી લક્ષ પલ્યેાપમથી થયેલું અને માર્ગે ચાલવાથી એક સાગરેાપમથી કરેલું પાપ દૂર થાય છે.

તેમજ તીર્થનેા આશ્રય કરવાથી સદ્ગતિ પ્રાપ્ત થાય છે.

દેવ દર્શન કરવાથી લક્ષ્મીઆદિક સુખ મળે છે.

પ્રતિમાનું પૂજન કરવાથી સ્વર્ગ સંપત્તિ અને દેવાર્ચન સંબંધી તીવ્રભાવ થવાથી મોક્ષ લક્ષ્મી પ્રાપ્ત થાય છે.

ખરેખર શુભ કાર્યોમાં મુખ્ય તીર્થયાત્રા જ કહેવાય છે. દાનાદિક સર્વ ધર્મ પણ તીર્થમાં સમાઇ જાય છે.

વળી તીર્થબંધાવવાથી ધન સંપત્તિ કલ્યાણકારી થાય છે. કારણ કે, ઇક્ષુ-શેરડીના ક્ષેત્રમાં વર્ષવાથી શું પાણી માધુર્યદાયક ન થાય?

એકલો પણ બુદ્ધિમાન પુરુષ તીર્થયાત્રા કરવાથી કલ્યાણ મેળવે છે. તો પછી સંઘપતિ થઈને તીર્થને નમે તેને તો કહેવું જ શું?

એજ કારણથી ભરતાદિક રાજાઓ સપ્તતીર્થી–સાત તીર્થોને નમસ્કાર કરી શ્રીસંઘપતિ થયા. માટે હે રાજન! તારે પણ તે માર્ગે પ્રવૃત્તિ કરવી યોગ્ય છે. કારણકે, ગજેંદ્રના માર્ગને નાનો હાથી અનુસરે છે.

યાત્રાપ્રયાણ

ત્યારપછી તેજ વખતે તીર્થયાત્રા માટે શુદ્ધ લગ્નનો નિર્ણય કરાવી ભૂપતિએ મહોત્સવ પૂર્વક દેવાલયનું પ્રસ્થાન કર્યું.

કોઇએ જીવહિંસા ન કરવી, એ પ્રમાણે અમારી પટહની ઘોષણા કરાવી.

કારાગૃહમાંથી બંદી જનોને છોડી મૂકયા.

સાધર્મિક વિગેરે લોકોનો સત્કાર કર્યો. તેમજ ચૈત્યસ્નપન કરાવ્યાં.

આ પ્રકારનો વિધિ અન્ય સંઘપતિ તો એકવાર પણ બહુ મહેનતે કરાવે છે અને ધાર્મિક જનોમાં શિરોમણિ સમાન શ્રીકુમારપાલ તો હંમેશાં કરાવતો હતો.

સંઘમાં શ્રીહેમચંદ્રસૂરિ વિગેરે મોટા શ્રુતધર આચાર્ય

તેમજ વાગ્ભટ પ્રમુખ મંત્રીઓ, પ્રલ્હાદન આદિ રાણાઓ,

નૃપમાન્ય બહુ સ્ફુર્તિમાન નાગશ્રેષ્ટીનો પુત્ર આભડશ્રેષ્ઠી અને નેવું લાખ સોનૈયાનો અધિપતિ **છાડા** નામે શ્રેષ્ઠી,

તેમજ બીજા પણ બહુ ધનાઢ્ય શ્રેષ્ઠીઓ યાત્રા માટે તૈયાર થયા. બરોબર સત્પુરુષોને શુભ કાર્યમાં તૃપ્તિ થતી નથી.

રાજાના આમંત્રણ વડે ચારે દિશાઓમાંથી તીર્થયાત્રા માટે લોકોએ પ્રયાણ કર્યું.

તે સમયે બહુ વિશાલ એવા પણ રસ્તાઓ ઘણા સંકીર્ણ થઈ ગયા. સર્વ સંઘ એકઠો થયો અને શ્રીકુમારપાલરાજા જેટલામાં પ્રયાણ કરે છે, તેટલામાં અંતઃકરણમાં દુઃખી થયેલા ચરોએ આવીને કહ્યું.

હે દેવ ! **ડાહલ** દેશનો અધિપતિ **કર્ણરાજા** બલવાન સૈન્ય-રૂપ સમુદ્ર સાથે યુદ્ધ કરવાની ઈચ્છાથી બે ત્રણ દિવસમાં અહીંયાં આવશે.

એમ સાંભળવા માત્રથી શ્રીયુતકુમારપાલના ભાલસ્થલમાં ચિંતા સાગરથી ઉત્પન્ન થયા હોયને શું ? તેમ પ્રસ્વેદ બિંદુઓ પ્રગટ થયા.

ત્યારપછી વાગ્ભટની સાથે તેજ વખતે એકાંતમાં ગુરુને અશ્રવણીય તે વાક્ય નિવેદન કરી રાજાએ કહ્યું.

હે સૂરીંદ્ર ! જો તીર્થમાં જઈશું તો પાછળથી શત્રુ અહીં આવી પાડો જેમ તળાવને તેમ મારા દેશને ડહોળી નાખશે.

હવે જો એની સામો થઈ યુદ્ધ કરું તો બંનેનું સરખું બલ હોવાથી ઘણો સમય લાગે અને તેટલા સમય સુધી આ પરદેશી લોકો કેવી રીતે અહીં રહી શકે ? એમ વિચાર કરતો હું જલ જંતુ સમાન ચિંતા સાગરમાં પડયો છું.

અધમ પુરુષોમાં અગ્રણી એવા મને ધિક્કાર છે કે; જેનો પુણ્યરૂપ મનોરથ વિંધ્યશૈલ-પર્વતમાં રથની માફક અથડાઈને તત્ક્ષણ ભાગી ગયો.

આ શ્રેષ્ઠીઓ ભાગ્યશાળી ગણાય કે; જેઓ સુખેથી સંઘપતિ થાય છે. દેવની માફક હું સંઘપતિના ભાગ્યથી હીન છું. તો મારામાં શ્રેષ્ઠત્વ કયાં રહ્યું ?

અહો ! નીકળતો જ મારો ધર્મ કર્મનો અંકુર દાવાનળ સમાન દુષ્ટ દૈવે કેમ બાળી નાખ્યો ? આથી અન્ય શોચનીય શું ?

ગુરુકૃપા

ત્યારબાદ ધ્યાન કરી શ્રીમાન હેમચંદ્રસૂરિ નરેંદ્રની હાર્દિક ચિંતા રૂપ સંતાપની શાંતિ માટે અમૃતવૃષ્ટિ સમાન વચન બોલ્યા.

હે નરેંદ્ર ! તારે કોઈ પ્રકારની ચિંતા કરવી નહીં. કારણકે; સુરેંદ્રની માફક તેં શુભ કાર્ય આરંભ્યું છે, તેનો કોઈ રીતે ભંગ થવાનો નથી. બાર પ્રહરની અંદર આ વિઘ્ન દૂર થઇ જશે.

એમ ગુરુએ પોતે બહુ ધૈર્ય આપ્યું, તો પણ જવરથી પીડાયેલાની માફક ભૂપતિના હૃદયમાં શાંતિ થઇ નહીં. અરે ! હવે શું થશે ? એમ અતિશય ચિંતા કરતો શ્રીકુમારપાલ પોતાના મહેલમાં રહ્યો હતો, તેવામાં ગુરુએ કહેલા સમયે ચરોએ આવી રાજાને કહ્યું;

હે સ્વામિ ! સવારમાં જ પોતાના બળવડે હું પાટણ શહેરને કબજે કરીશ. એવી પ્રતિજ્ઞા કરી આપના શત્રુ કર્ણરાજાએ એકદમ રાત્રીએ પ્રયાણ કર્યું.

પાપથી પ્રેરાયેલાની માફક તે હાથીપર બેસી અર્ધ રાત્રીએ આવતો હતો. ક્ષણમાત્રમાં નિદ્રાવશ થઇ ગયો.

ભર ઉંઘમાં આવેલા કર્ણરાજાના કંઠમાં રહેલી સોનાની કંઠી માર્ગમાં કોઈક વડની શાખામાં પાશની માફક ભરાઈ ગઇ.

નીચે થઈ હાથી ચાલ્યો ગયો, એટલે તેનું શરીર શાખાએ વળગી રહ્યું અને કંઠે પાસ બેસવાથી રૂંધાઈને તત્કાલ તે મરી ગયો.

તેની સર્વ દહનક્રિયા અમે પોતે નજરે જોઈ અહીં આપને કહેવા માટે આવ્યા છીએ.

હા ! એકદમ એને આ શું થયું ? એમ ક્ષણ માત્ર શોકાતુર થઈ શ્રીયુત કુમારપાલ પોતાના ગુરુ પાસે ગયો અને એમના અદ્‌ભુત જ્ઞાનથી ચમત્કાર પામી તેણે કર્ણરાજાનું વૃત્તાંત ગુરુઆગળ નિવેદન કર્યું.

યાત્રા મહોત્સવ

ત્યારબાદ મહોત્સવ કરી શ્રીમાન્ ભરતચક્રીની માફક અપૂર્વ વિભૂતિને ધારણ કરતા શ્રીકુમારપાલે પોતે યાત્રા માટે પ્રસ્થાન કર્યું.

બહુ માણસો હોવાથી આ સંઘ માર્ગમાં દુઃખી ન થાય, એટલા માટે હંમેશાં તેઓ પાંચ ગાઉ ચાલતા હતા. જોડા વિના પગે ચાલતા પોતાના ગુરુને જોઈ શ્રીકુમારપાલ પણ ભક્તિરસમાં મગ્ન થયો છતાં ઉઘાડા પગે ચાલવા લાગ્યો.

ત્યાર પછી ગુરુએ કહ્યું. હે રાજન્ ! માર્ગમાં પગે ચાલવું; એ મુનિઓનો ધર્મ છે, કારણ કે; તેઓ પ્રાણીઓના રક્ષક હોય છે.

પરંતુ તેવો કઠિન ધર્મ પાળવો તે તને યોગ્ય નથી, અને એમ કરવાથી તને પણ વખતે પ્રમાદ આવી જાય, માટે તને બહુ કહેવું ઉચિત નથી. યોગ્યતા સમજી તું અશ્વાદિક વાહનનો સ્વીકાર કર અથવા પગમાં જોડા પહેર.

રાજાએ વિનતિપૂર્વક જણાવ્યું. હે ગુરુમહારાજ ! પ્રથમ અવસ્થામાં દરિદ્રતાને લઈ પરવશપણાથી કયા ઠેકાણે હું પગે નહોતો ચાલ્યો ? પરંતુ તે તો નકામું હતું, અને આ હાલનું પાદચારી પણું તો તીર્થનું કારણ હોવાથી અતિ સાર્થક છે. કારણ કે; એનાથી મારા અનંત ભવ ભ્રમણનું દુઃખ નિવૃત્ત થાય છે.

એમ યુક્તિવડે ગુરુએ કરેલા વાહન ગ્રહણ કરાવવાના આગ્રહને દૂર કરી અભિગ્રહધારીની માફક રાજર્ષિ શ્રીકુમારપાલરાજા માર્ગમાં તેજ પ્રમાણે ચાલવા લાગ્યો.

રાજગુરુ અને રાજાને પાદચારી જોઈ તેમની ભક્તિ માટે બીજા પણ સંઘના લોકો મુનીંદ્રની માફક પગે ચાલવા લાગ્યા.

માત્ર આશ્ચર્ય એ હતું કે; શરીરે વળગતી સંઘ પ્રયાણની ધૂળવડે યાત્રાળુઓ ધોયેલા વસ્ત્રની માફક નિર્મળપણું ધારણ કરતા હતા.

દરેક સ્થાનમાં સ્ફુરણાયમાન ચૈત્ય પરિપાટી અને પૂજનાદિક વડે ઘરમાં રહેલાની માફક કોઇપણ માણસ પ્રયાણનો પરિશ્રમ જાણતો ન હોતો.

ધંધૂકાનગર

અનુક્રમે ચાલતા સર્વ સંઘના લોકો ધંધૂકા નગરમાં પહોંચ્યા. ત્યાંના લોકોએ શ્રીહેમચંદ્રસૂરિના જન્મ સ્થાનની ભૂમિ બતાવી.

તીર્થ સમાન ઉત્તમ એવી તે જન્મભૂમિને જોઇ શ્રીયુત કુમારપાલે નમસ્કાર કર્યો.

ગુરુ મહારાજ અહીં બાલ્યાવસ્થામાં ઝોલિકામાં રહ્યા હતાં, એમ જાણી રાજાએ ત્યાં ઝોલિકા વિહાર એવા નામથી ચૈત્ય બંધાવ્યું. તેમાં શ્રીમહાવીરભગવાનની પ્રતિષ્ઠા કરાવી.

પછી ત્યાંથી પ્રયાણ કરી સર્વત્ર જૈનમતનો ઉદ્યોત કરતો અને પુણ્ય રંગથી તરંગિત થયેલો ભૂપતિ વલભીપુરમાં ગયો.

ત્યાં તેની નજીકમાં **સ્થાપ** અને **ઇષ્ટ્યાળુ**, નામે બે પર્વત હતા. તેમના મધ્ય ભાગમાં નિવાસ કરી, ગુરુમહારાજે પ્રભાત કાળનું આવશ્યક ધર્મ કાર્ય કર્યું.

ત્યાં ધર્મધ્યાનમાં મગ્ન થયેલા ગુરૂમહારાજને જોઈ શ્રીમાન કુમારપાલની ભક્તિ બહુ વૃદ્ધિ પામી, અને બંને પર્વતોના શિખરો ઉપર જાણે તે બંને પર્વત હોયને શું ? તેમ અતિ ઉન્નત બે મંદિર બંધાવ્યાં તેમજ તે મંદિરોમાં શ્રીઆદિનાથભગવાન અને શ્રીપાર્શ્વનાથભગવાનની મૂર્તિઓ પધરાવી.

પુંડરીકગિરિ

તીર્થ દર્શનમાં ઉત્સુક થયેલો ભૂપતિ ત્યાંથી પ્રયાણ કરી સાક્ષાત મોક્ષની માફક પુંડરીક–શત્રુંજય–ગિરિરાજ ચઢયો.

ત્યાં પોતાના મંત્રીએ કરાવેલા ઉજ્વલ ચૈત્યને જોઈ રાજાએ પોતાના મનમાં તેનો કીર્તિસ્તોમ–સમૂહ હોયને શું ? તેમ તેને માન્યું.

તે ચૈત્યની અંદર રોમાંચના મિષથી હર્ષાંકૂરને પ્રગટ કરતો ભૂપતિ ગુરુની સાથે શ્રીમાન આદિનાથભગવાનને નમ્યો.

તે તીર્થમાં જૈન ધર્મનો અતિશય પ્રભાવ જોઇ તેની પ્રાપ્તિથી પોતાના આત્માને તેણે ધન્ય માન્યો.

પછી સુવર્ણ પુષ્પોવડે શ્રીઆદિનાથ ભગવાનની પૂજા કરી. ભૂપતિએ ઇંદ્રની માફક ચૈત્યપરિપાટીનો મહોત્સવ કર્યો.

જે રાણીઓ સૂર્યને પણ જોતી નહોતી તેઓ પણ પૂજનની ઇચ્છાથી દરેક ચૈત્યોમાં ફરતી હતી.

માલાગ્રહણ

મધુકપુર–મહુવામાં રહેનાર, **પ્રાગ્વાટ**–પોરવાડ વંશમાં આભૂષણ સમાન.

હંસમંત્રીના પુત્ર અને **માઢ** કુક્ષિરૂપ સરોવરમાં કમલ સમાન **જગડ**–જગડુ શ્રેષ્ઠીએ

તે મહોત્સવની અંદર સવાકરોડ મુલ્યનો મણિ આપીને દુર્લભ એવા ઇંદ્રપદની પ્રાપ્તિ માટે પહેલી માળા ગ્રહણ કરી.

તેમજ બીજા ધનાઢ્ય પુરુષોએ પણ એક બીજાની સરસાઇ વડે શુભ લક્ષ્મીના સ્વયંવરની માફક બહુ આગ્રહથી માલાઓ લીધી.

સર્વસ્વ આપીને પણ જિનમંદિરમાં કયો પુરુષ માલગ્રહણ ન કરે ? કારણ કે, જેના પુણ્યથી આ લોકમાં પણ મનુષ્યોને ઇંદ્રપદ પ્રાપ્ત થાય છે.

ભોપલદેવી વિગેરે રાણીઓ અને **લીલા** નામની રાજકુમારીએ પણ ઉદ્યાપનાદિક શુભ કાર્યોવડે પોતાની લક્ષ્મીનો તીર્થ સ્થાનમાં સદુપયોગ કર્યો.

ઉત્તમ વસ્ત્ર, ધન, મણિ, સુવર્ણ, હાથી અને અશ્વાદિકના દાન વડે અનેક યાચકોને જીવાડતા રાજાને જોઈ કોઇક વિદ્વાન બોલ્યો.

નષ્ટાસ્તેઽર્થિમિયેવ કલ્પતરવો નાયાંતિ પાર્શ્વ નૃણાં,
માનેનેવ સુરા રુષેવ ન વશાઃ સ્વર્ણાદિસંસિદ્ધયઃ ।
લૌક્રઃ સૈષ કથં ભવિષ્યતિ કલૌ ધ્યાત્વેતિ વેધા ધ્રુવં,
તત્સ્થાને વિદધે ભવન્તમધુના ચૌલુક્યભૂમીધવ ! ॥ ૧ ॥

હે કુમારપાલભૂપાલ ! યાચકોની ભીતિવડે કલ્પવૃક્ષો નાશી ગયાં હોય, તેમ તેઓ મનુષ્યોની પાસે આવતા નથી.

દેવો માનવડે અને સુવર્ણાદિ સિદ્ધિઓ ક્રોધ–રોષવડે જેમ વશ થતી નથી.

હવે આ કલિયુગમાં આ લોકો શું કરશે ? એમ ધારી બ્રહ્મા-એ તેમના સ્થાનમાં ખરેખર હાલમાં તને ઉત્પન્ન કર્યો છે."

પ્રભુભક્તિ

અષ્ટાહ્નિક મહોત્સવ અને સુવર્ણ ધ્વજારોપણાદિક ક્રિયાઓ સમાપ્ત કરી શ્રી આદિનાથ ભગવાનને વંદન કરી શ્રીમાન કુમારપાલ ભૂપાલ હાથ જોડી સ્તુતિ કરવા લાગ્યો.

હે સ્વામિ ! તમારી ભક્તિ વિનાના જે દિવસો ગયા, હાથમાંથી પડી ગયેલા સુવર્ણની માફક મને બહુ પીડા કરે છે.

વિષથી પીડાયેલો માણસ અમૃતને જેમ, વ્યાધિથી પીડાયેલો ઔષધને જેમ સંસારથી પીડાયેલો હું હાલમાં આપનાં દર્શન કરી બહુ પ્રસન્ન થયો છું.

આપના દર્શનથી વિમુખ થઈ સાર્વભૌમ થવાની ઇચ્છા રાખતો નથી અને પક્ષી થઈને પણ હું આપના મંદિરમાં આપના દર્શનમાં તત્પર રહું, એમ હું ઇચ્છું છું.

देवोऽर्हन् गुरुरग्रणीर्व्रतभृतां धर्मः कृपांभोनिधि-
र्लोकाढयङ्करणी रमा परहितव्यापारपारीणता ।
उच्चैः सज्जनसंगमो गुणरतिश्चाध्यात्मनिष्णातता,
स्वामिन् ! मे त्वदनुग्रहात् प्रतिभवं भुयासुरेतेऽनिशम् ॥ १ ॥

હે સ્વામિ ! અર્હંત્ દેવ, મુનિઓમાં શ્રેષ્ઠ એવા ગુરુ દયાસાગર ધર્મ,

લોકોને ધનાઢય કરનારી લક્ષ્મી, પરોપકારરૂપ વ્યાપારમાં મુખ્યત્વ, હંમેશાં સત્પુરુષોનો સમાગમ,

ગુણોપર પ્રીતિ અને અધ્યાત્મજ્ઞાનમાં કુશલતા, એ સર્વે આપના અનુગ્રહથી દરેક ભવમાં મને હંમેશાં પ્રાપ્ત થાઓ.

એમ પ્રાર્થના કરતા શ્રીકુમારપાલને જોઈ દેવની નજીકમાં ઉભેલો કોઈક ચારણ આ પ્રમાણે ઉચિત વાણી બોલ્યો.

"જે એક પુષ્પ વડે નર, અમર અને મોક્ષની સંપત્તિ આપે છે, તે શ્રીમાન આદિનાથભગવાનની ભક્તિનું તો કહેવું જ શું ?"

એ પ્રમાણે તું વારંવાર બોલ, એમ ભૂપતિના કહેવાથી તે નવ

વાર આ શ્લોક બોલ્યો. એટલે શ્રી કુમારપાલે તેને નવ લાખ સોનૈયા ખુશી થઈને આપ્યા.

ગુરુકૃત સ્તુતિ

શ્રી હેમચંદ્રસૂરિએ પાંચ શકસ્તવ વડે દેવવંદન કરી આનંદના મંદિરરૂપ શ્રીતીર્થંકર ભગવાનની સ્તુતિ કરી.

ત્વમીશસ્ત્વં તાત–સ્ત્વમતિસદયસ્ત્વં હિતકર–
સ્ત્વમર્ચ્યસ્ત્વં સેવ્ય–સ્ત્વમખિલજગદ્રક્ષણચણઃ ।
અતસ્ત્વત્પ્રેષ્યોઽહં, ભવપરિભવત્રસ્તહૃદયઃ,
પ્રપન્નસ્ત્વામસ્મિ, ત્વરિતમવ માં નાભિતનય ! ॥ ૧ ॥

હે આદિનાથ ભગવાન ! તમે સ્વામિ છો, તમે પિતા છો, તમે અતિ દયાલુ છો, તમે હિતકારી છો, તમે પૂજ્ય છો, તમે સેવવા લાયક છો.

તેમજ સર્વ જગતનું રક્ષણ કરવામાં કુશલ પણ તમે જ છો.

એટલા માટે આપનો કિંકર હું સંસાર પરિભવથી ત્રાસ પામી આપના શરણમાં આવ્યો છું તો જલદી આપ મારૂં સંરક્ષણ કરો.

ત્યારપછી શ્રીકુમારપાલભૂપતિ યાત્રા પૂર્ણ કરી, ત્યાંથી ઉતરી તેમનું જ ધ્યાન કરતો કેટલાક દિવસે ઉજ્જયંતગિરિરાજની નજીકમાં આવ્યો.

ઉજ્જયંતગિરિ

સૂરીંદ્ર અને નરેંદ્ર બંને એક સાથે ગિરીંદ્રપર ચઢે છતે રાવણે ઉપાડેલા અષ્ટાપદ ગિરિની માફક તે ગિરિ કંપવા લાગ્યો.

શ્રી મહારાજ કુમારપાલે ગુરુને પૂછયું કે, આ પર્વતને કંપવાનું શું કારણ ?

ગુરુ બોલ્યા. હે રાજન ! આ માર્ગમાં છત્રશિલા નામે એક શિલા રહેલી છે. તેની નીચે એક સાથે બે પુણ્યશાલી જીવો નીકળે, તો તેમના મસ્તક પર આ શીલા પડે, એમ પ્રાચીન લોકો કહે છે.

આપણે બંને પુણ્યશાલી છીએ, માટે અહીંયાં જતાં આપણી ઉપર રૈવતાચલના કંપવાથી આ શિલા કદાચિત પડે.

એટલા માટે તું પ્રથમ તીર્થપર જા. પોતાનું કાર્ય સિદ્ધ કર. હું પછીથી આવીશ અને શ્રી નેમિનાથભગવાનને વંદન કરીશ.

શ્રીકુમારપાલે કહ્યું. એમ કરવાથી મારો અવિનય થાય, માટે આપ પ્રથમ જાઓ. હું પછીથી આવીશ.

તે પ્રમાણે કરીને સુરીંદ્ર અને શ્રીયુત કુમારપાલ સંઘ સહિત અનુક્રમે ગિરિરાજ પર ગયા અને બંને જણ કામજ્વરને નાશ કરનાર શ્રીતીર્થંકરને નમ્યા.

ત્યારપછી ત્યાં શ્રી જિનેંદ્રભગવાનની સ્નાત્રપૂજા તેમજ બહુ ચંદન પુષ્પાદિ ઉત્તમ દ્રવ્યો વડે પૂજા કરીને રાજર્ષિ સાથે અન્ય લોકોએ પણ ઘણું પુણ્ય ઉપાર્જન કર્યું.

પુનઃ તેજ જગડુ શ્રેષ્ઠીએ પૂર્વની માફક માલા પરિધાન કરી અદ્ભુત તેવો જ મણિ આપીને ઇંદ્રપદનો સ્વીકાર કર્યો.

ત્યારબાદ તીર્થને ઉચિત એવાં સર્વકાર્ય કરાવીને શ્રી કુમારપાલ નૃપતિ શ્રી નેમિનાથભગવાનની સ્તુતિ કરવા લાગ્યો.

હે ભગવન્ ! આપના ધ્યાન રૂપ પવન રાશિવડે મેઘ મંડલી જેમ મારી પાપ મંડલી લીન થઈ ગઈ. કારણ કે, મહાપ્રભાવિક એવા આપનું મને દર્શન થયું.

હે સ્વામિ! મહા મેઘ સમાન આપ મારા હૃદયમાં રહ્યા છો, છતાં આ સંસારરૂપ દાવાનલથી ઉત્પન્ન થયેલા તાપ મને કેમ દુઃખ દે છે?

હે વિશ્વેશ! આપના જ શરણે રહેલા એવા મારી ઉપર પ્રસન્ન થાઓ કે, જેથી આપના ધ્યાનવડે મારૂં મન આપને વિષે જ લીન થાય, આપમય થાય.

ત્યારબાદ કુસુમ સમાન કોમલ સ્તોત્રોવડે ચિરકાલ શ્રી જિનેંદ્ર-ભગવાનની સ્તુતિ કરી શ્રી હેમચંદ્રસૂરિ પણ પ્રાર્થના કરવા લાગ્યા.

मया प्राप्तो न त्वं, क्वचिदपि भवे प्राचि नियतं,
भवभ्रान्तिर्नो चेत्, मम कथमियत्ताविरहिता ।
इदानीं प्राप्तोऽस्मि, त्रिभुवनविभो पुण्यवशत–
स्ततो भंक्त्वा क्लेशं, रचय रुचिरं मे शिवसुखम् ॥१॥

હે ત્રિભુવન વિભો ! પૂર્વભવમાં કોઈપણ સમયે આપનાં દર્શન મને નષ્ટી થયાં નથી, અન્યથા પ્રમાણ રહિત ભવભ્રમણ મને કેવી રીતે પ્રાપ્ત થાય ?

વળી હાલમાં પુણ્ય યોગથી હું આપને પ્રાપ્ત થયો છું, માટે મારા કલેશને દૂર કરી ઉત્કૃષ્ટ મોક્ષ સુખ મને આપો.

ત્યારબાદ સાંકળનાં પગથીયાંવડે પર્વતપર ચઢવું બહુ મુશ્કેલ માની શ્રીકુમારપાલરાજાએ સુરાષ્ટ્ર દેશના અધિકારી શ્રીમાલજ્ઞાતિના આભૂષણ સમાન **રાણાશ્રી આંબદેવની** પાસે જુનાગઢની દિશાથી આરંભીને નવીન સુખાવહ સોપાનપંક્તિ બંધાવી.

દેવપત્તન

ત્યાંથી પ્રયાણ કરી સંઘ સહિત શ્રીકુમારપાલભૂપતિ **દેવપત્તન** પ્રભાસમાં ગયા.

ત્યાં ચંદ્રથી અધિક કાંતિમય **શ્રી ચંદ્રપ્રભજિનેંદ્રના** ચરણ કમલમાં સર્વે નમ્યા.

અહીંયાં પણ તેવો જ ઉત્તમ મણિ આપીને જગડુ શ્રેષ્ઠી પૂર્વની માફક પ્રથમેંદ્ર થયો. ખરેખર પુણ્યમાં સત્પુરુષોની તૃષ્ણા અધિકાધિક હોય છે.

સર્વ લોકને ઉલ્લંઘન કરનાર તેવું જગડુ શ્રેષ્ઠીનું ચરિત્ર જોઇ શ્રીકુમારપાલરાજર્ષિ વિસ્મિત થયો અને સંઘાધિપતિ તેને કહ્યું.

ત્યારપછી રાજર્ષિએ તેને પૂછયું રાજાઓને પણ દુર્લભ એવાં સવા કરોડ મૂલ્યનાં ત્રણ રત્નો તારી પાસે કયાંથી આવ્યાં અને આ પ્રમાણે ઉદારતાથી પુણ્ય કાર્યમાં તે કેમ આપી દીધાં ? કારણ કે તારી માફક બીજો કોઈ માણસ દરેક સ્થાનમાં આવાં રત્ન આપે નહી.

જગડુ શ્રેષ્ઠી બોલ્યો. હે રાજન ! આ દેશમાં મહુવા નામે સુપ્રસિદ્ધ નગર છે.

તેમાં લક્ષ્મીવડે રાજાઓથી પણ અધિક મારા પૂર્વજો હતા. તેમણે સંપાદન કરેલાં આ પાંચ રત્નો મારા પિતા **હંસમંત્રીના** હાથમાં હતાં.

તેમાંથી ત્રણ રત્ન આ ત્રણ તીર્થોમાં વાપરવા માટે અને મુક્તિ સુખને સ્વાધીન કરવા માટે મારા પિતાની ઇચ્છા હતી.

એવો ઉત્તમ તેમને ઘણો વિચાર હતો છતાં પણ તેમનાથી યાત્રા થઈ શકી નહીં અને દૈવ યોગે મૃત્યુ સમય આવ્યો. ત્યારે તેમણે મને પાસે બોલાવી કહ્યું.

હે પુત્ર ! આ પાંચ રત્ન હું તને આપું છું. તેમનો તું સ્વીકાર કર. એમાંથી ત્રણ રત્ન શત્રુંજયાદ્રિ તીર્થોમાં એક એક આપજે. બાકીનાં બે રત્નોથી પોતાના કુટુંબનો તું નિર્વાહ કરજે.

એમ કહી પાંચ રત્ન મને આપી મારા પિતા મરી ગયા. માટે મેં એમનું કહેલું વચન સત્ય કર્યું. હાલમાં બે રત્ન મારી પાસે રહ્યાં છે. આ જુઓ ? એમ કહી તેણે બંને રત્ન ભૂપતિના હાથમાં આપ્યાં.

સૂર્યસમાન તેજસ્વી તે રત્નો પોતાના હાથમાં લઈ રાજા અને સંઘના લોકો વારંવાર જોવા લાગ્યા.

હું પૃથ્વીપતિ છું, તોપણ મારી શ્રેષ્ઠતા ગણાય નહીં અને આ વણિક છે, પરંતુ તેને ધન્યવાદ ઘટે છે, કારણ કે; એણે આવાં રત્નો વડે શ્રી જિનેંદ્રભગવાનની પૂજા કરી.

એમ વિચાર કરી શ્રી કુમારપાલે તેને અઢી કરોડ ધન અપાવીને તેની પાસેથી તે બે રત્નો લઈ લીધાં. પછી તે બંને માણિક્યને મધ્યનાયક કરી બે અમૂલ્ય હાર બનાવરાવી ભૂપતિએ રૈવતાચલ અને શત્રુંજયગિરિરાજ પર શ્રી જિનેંદ્રભગવાન માટે મોકલી દીધા.

ત્યારપછી ત્યાંથી નીકળી શ્રીકુમારપાલભૂપતિ મહોત્સવપૂર્વક પાટણમાં ગયા.

સર્વ યાત્રાળુ લોકોનો સત્કાર કરી તેમને આદરસહિત પોતપોતાના સ્થાનમાં વિદાય કર્યા.

જૈનતત્ત્વબોધ

શ્રીકુમારપાલરાજાને તત્ત્વ જાણવાની ઇચ્છા થઈ. શ્રીમાન હેમચંદ્રસૂરિ સાત તત્ત્વનું સ્વરૂપ કહેવા લાગ્યા.

જૈન મતમાં જીવ, અજીવ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ, એમ સાત તત્ત્વ કહેવાય છે.

તેમાં જ્ઞાનદર્શનાત્મક, અનાદિઅનંત, કર્ત્તા, ભોક્તા અને પરિણામી એવા જીવો છે, એમ શ્રી જિનેંદ્રભગવાને કહ્યું છે.

વળી તે જીવો સંસારી અને મુક્તના ભેદવડે બે પ્રકારના કહેલા છે.

તેઓમાં સંસારી જીવો સ્થાવર અને ત્રસ, એવા ભેદવડે બે પ્રકારના છે.

તેમાં પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એ સ્થાવર જીવો એકેંદ્રિય હોય છે. તેઓમાં પ્રથમના ચાર સૂક્ષ્મ અને બાદર પણ હોય છે. અને વનસ્પતિ જીવો તો પ્રત્યેક અને સાધારણ ભેદવડે બે પ્રકારના હોય છે. તેમાં પ્રત્યેક વનસ્પતિકાય તો બાદર જ હોય છે. અને સાધારણ તો સૂક્ષ્મ અને બાદર હોય છે. બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઇન્દ્રિય અને પંચેંદ્રિયપણાથી ત્રસ જીવો ચાર પ્રકારના હોય છે.

તેમાં શંખ, જલોઇ અને કુંમી આદિ જીવો દ્વીંદ્રિય જાણવા.

લીક્ષા-લિખ, કીડી, ચૂકા-જુ, અને કુંથુ આદિ જીવો ત્રીંદ્રિય જાણવા.

તેમજ ભ્રમર, મક્ષિકા અને દંશ વિગેરે ચતુરિંદ્રિય જાણવા.

બાકીના તિર્યંગ, નૈરયિક, મનુષ્ય અને દેવતાઓ પંચેંદ્રિય જાણવા. વળી તેઓ પણ સંજ્ઞી અને અસંજ્ઞી એમ બે પ્રકારના છે.

સમનસ્ક હોવાથી જેઓ શિક્ષા-ઉપદેશ વિગેરેને જાણે છે, તે સંજ્ઞી જાણવા. બાકીના અસંજ્ઞી જાણવા.

આયુષ, ઉચ્છવાસ, પાંચઇંદ્રિય તેમજ મન, ભાષા અને આયુ એ દશ પ્રાણબલના સંબંધથી જીવોને પ્રાણી કહેલા છે.

એકેંદ્રિયમાં ચાર, દ્વીંદ્રિયમાં છ, ત્રીંદ્રિયમાં સાત, ચતુરિંદ્રિયમાં આઠ, અસંજ્ઞી પંચેંદ્રિયમાં નવ અને સંજ્ઞીપંચેંદ્રિયમાં દશ પ્રાણ કહ્યા છે.

વળી તે જીવો પર્યાપ્ત અને અપર્યાપ્તપણાથી બે પ્રકારના કહ્યા છે. તેમાં પર્યાપ્ત જીવો પર્યાપ્તિઓ પામીને અંતર્મુહૂર્ત્તમાં ઉત્પન્ન થાય છે.

તે પર્યાપ્તિઓ સમસ્તપણાથી આહાર, શરીર, ઈન્દ્રિય, ઉચ્છવાસ ભાષા અને મન એવી સંજ્ઞાવડે સર્વજ્ઞ ભગવાને છ પ્રકારની કહી છે.

પર્યાપ્તિ કર્મ વડે તે પર્યાપ્તિઓ એકેંદ્રિયોને ચાર, વિકલેંદ્રિયોને પાંચ અને પંચેંદ્રિયોને છ હોય છે.

વળી તે જીવો વ્યવહારી અને અવ્યવહારી એમ બે પ્રકારના છે. સર્વે વ્યવહારી જીવો સ્થૂલ હોય છે અને અવ્યવહારી જીવો નિગોદ જ હોય છે.

તે જીવો સકર્મ હોવાથી સંસારી હોય છે અને કર્મોનો સર્વથા ક્ષય થવાથી કાંત મનોહર લોકાંતમાં વિશ્રાંતિ પામેલા અને અનંત ચતુષ્ટયથી સિદ્ધ થયેલા જીવો મુક્ત થાય છે.

ચિદાનંદમય જે અક્ષયસુખને મુક્ત જીવો અનુભવે છે, તે સુખને બુદ્ધિમાન પુરુષો પણ કોઈ સમયે કહી શકતા નથી.

જીવ અને અજીવ

ધર્મ, અધર્મ, આકાશ કાલ અને પુદ્ગલ એ પાંચ **અજીવ** કહ્યા છે. જીવની સાથે એ છને જૈનમતમાં **દ્રવ્ય** કહ્યાં છે.

જેમ જલચરપ્રાણીઓનો આધાર જળ છે, તેમ પોતાની શક્તિ વડે સર્વત્ર પ્રસરતા જીવ અને પુદ્ગલોનો સહાયક **ધર્મ** કહ્યો છે.

પાંથજનોને વૃક્ષની છાયા જેમ પોતાની મેળે જ સ્થિતિ કરતા જીવ અને અજીવની સ્થિતિનું કારણ **અધર્મ** છે,

એક જીવપ્રદેશાત્મક અને અસંખ્ય પ્રદેશસમૂહાત્મક એવા ધર્મ અને અધર્મ લોકાકાશને અભિવ્યાપી રહેલા છે.

જીવ અને પુદ્ગલોને અવકાશ આપનાર તેમજ સ્વપ્રતિષ્ઠિત એવું **આકાશ**, અનંત પ્રદેશના યોગથી લોકાલોકને અભિવ્યાપી રહેલું છે.

જે કાલ પરમાણુઓ લોકાકાશમાં રહ્યા છે, તે કાલ મુખ્ય છે.

જ્યોતિષમાં ક્ષણાદિક જે કાલ કહેવામાં આવે છે, તે વ્યવહારથી ગૌણ છે. સર્વ પદાર્થનું જે ભૂત, ભવિષ્ય અને વર્તમાનપણું કહેવાય છે, તે સર્વજ્ઞના વચનથી કાલકીડિતવડે જાણવું.

સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ, વડે સહિત પુદ્ગલો માન્યા છે. તેઓ અબદ્ધ હોય તો અણુ અને બદ્ધ હોય ત્યારે સ્કંધ, એમ શાસ્ત્રમાં કહ્યું છે.

વળી ધ્વાંત, આતપ અને ઉદ્યોતરૂપ તે સ્કંધો સૂક્ષ્મ અને બાદર હોય છે.

તેમજ કર્મશબ્દાદિકના જનક અને સુખ દુઃખાદિકના હેતુ છે.

મન, વાણી, કાય, અને ક્રિયા એ **આશ્રવ** કહેવાય છે. વળી તે શુભનો હેતુ હોય તો શુભ અને અશુભની પ્રાપ્તિમાં **અશુભ** જાણવો.

ઉત્કૃષ્ટ ધ્યાનથી સંગત થયેલું મન **શુભ કર્મને** પ્રગટ કરે છે. અને દુર્ધ્યાન વાસિત તે ચિત્ત **અશુભકર્મને** ઉત્પન્ન કરે છે.

મિથ્યાત્વ રહિત અને શ્રુતજ્ઞાન સહિત એવું વચન પ્રાણીઓને **શુભદાયક** થાય છે અને એથી વિપરીત વચન **અશુભદાયક** થાય છે. તેમજ **ગુપ્તદેહવડે** પ્રાણી શુભ કર્મ બાંધે છે. અને **ગુપ્તિરહિત** મોટા આરંભ કરનાર પ્રાણી અશુભ કર્મ બાંધે છે.

આશ્રવ–પાપનો નિરોધ તેને જ્ઞાનિ પુરુષોએ **સંવર** કહ્યો છે. તે સંવર દ્રવ્ય અને ભાવ વડે બે પ્રકારનો કહ્યો છે. તેમાં દ્રવ્યસંવર નવીન કર્મ પુદ્ગલોને ગ્રહણ કરતો નથી, અને ભાવ સંવર તો સંસારના હેતુભૂત કાર્યોનો નાશ કરે છે.

પૂર્વે ગ્રહણ કરેલાં કર્મોને જીર્ણ કરવાં, તે **નિર્જરા** કહી છે. તે નિર્જરા મુનિઓને **સકામ** અને અન્ય માનવોને **અકામ** હોય છે.

મિથ્યાત્વાદિકની સહાયથી પ્રાણીના જે કર્મયોગ્ય પુદ્ગલોનું ગ્રહણ કરવું. તે **બંધ** કહેવાય અને તે બંધ જીવને પરતંત્રતા કરનાર છે. **પ્રકૃતિ, સ્થિતિ, અનુભાવ** અને **પ્રદેશવડે** તે બંધ ચાર **પ્રકારનો છે.**

તેમાં જ્ઞાનાવરણીયાદિક કર્મોનો સ્વભાવ તે **પ્રકૃતિ** કહેવાય. જઘન્ય અને ઉત્કર્ષથી કર્મોનું કાલનિયતપણું તે **સ્થિતિ** કહેવાય. તેમનો રસ તે **અનુભાવ** અને કર્મદલીયાંનો સમૂહ તે **પ્રદેશ** કહેવાય છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચાર કર્મોના બંધમાં **હેતુ** છે.

શ્રી જિનેંદ્રોએ નિઃશેષ કર્મથી મુક્ત થવું, તેને મોક્ષ કહ્યો છે. અને તે મોક્ષ ખરેખર કેવળજ્ઞાની આત્માઓનો જ થાય છે.

આ જગતમાં સર્વથા દુઃખના નાશવડે પ્રાણીઓ જે શાશ્વત સુખ મેળવે છે, તે મોક્ષ સર્વને પ્રિય હોય છે.

હે રાજન્ ! જે પુરુષ આ સાત તત્વોને સાંભળી પરિપૂર્ણ શ્રદ્ધા રાખે છે, તે સમ્યગ્દૃષ્ટિ થઈ અંતસમયમાં મોક્ષપદ પામે છે.

તીર્થંકરાદિ ચરિત્ર

શ્રીકુમારપાલભૂપતિને તીર્થંકરાદિકનાં ચરિત્ર સાંભળવાની ઇચ્છા થઈ, ત્યારે તેણે બહુ આદરથી પોતાના ગુરુશ્રી હેમાચાર્યની પ્રાર્થના કરી.

પછી ઉત્તમ રસથી વ્યાપ્ત, છત્રીશ હજાર શ્લોક પ્રમાણ,

સ્થવિરાવલી ચરિત્ર જેના અંતમાં રહેલું છે તેમજ દશ પર્વોવડે મનોહર સંસ્કૃત ભાષામય,

ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર દ્રાક્ષાપાક સમાન કવિત્વવડે રચીને **શ્રી હેમચંદ્રસૂરિએ** શ્રી કુમારપાલને સંભળાવ્યું.

તેમજ ભૂપતિની પ્રાર્થનાથી ગુરુમહારાજે જ્ઞાનવડે દીપક સમાન બીજા પણ **યોગશાસ્ત્રાદિક** ગ્રંથો અને શ્રીવીતરાગભગવાનનાં સ્તવનો પણ બનાવ્યાં.

મુનિ અને શ્રાવકના આચારવડે સુંદર **યોગશાસ્ત્રનું** અધ્યયન કરી શ્રીયુત કુમારપાલરાજા તે ગુરુમહારાજ પાસે વ્યાખ્યાન કરાવતો હતો.

એ પ્રમાણે સિદ્ધાંતનો સાર સાંભળતા શ્રીકુમારપાલને જગતમાં વિચારચતુર્મુખ-વિચારમાં બ્રહ્મા એવું બિરૂદ પ્રાપ્ત થયું.

રાજઅભિગ્રહ

બહુ ગુરુભક્તિથી રાજાએ નિયમ કર્યો. પોતાના ગુરુએ રચેલા સર્વ ગ્રંથો મારે લખાવવા. એવો નિશ્ચય કરી તે ગ્રંથો બહુ લેખકો લહીયાઓ પાસે હંમેશાં રાજા અતિશય ભાવનાપૂર્વક લખાવતો હતો. જેથી ખજાનામાં તાડપત્ર સર્વથા ખુટી ગયાં.

તે લેખન કાર્યનો અધિકારી ત્યાં આવ્યો અને શ્રીકુમારપાલને કહ્યું કે, હાલમાં તાડપત્રનો સર્વથા અભાવ થયો છે, તેથી સર્વ લેખન ક્રિયા બંધ રહી છે.

તે સાંભળી રાજાએ વિચાર કર્યો. નવીન ગ્રંથ રચવામાં ગુરુની અસ્ખલિત શક્તિ છે. તે ગ્રંથો લખાવવામાં પણ મારી શક્તિ નથી.

એ પ્રમાણે લજ્જાને સ્વાધીન થઈ રાજા સાયંકાલના સમયે શોભામાં નંદનવનસમાન બહારના બગીચામાં અલ્પ પરિવાર સાથે ગયો.

તે બગીચાની અંદર લખવામાં અનુપયોગી બરતાલ વૃક્ષોનું ચંદનાદિક વડે પૂજન કરી મંત્રસિદ્ધની માફક રાજાએ પોતે કહ્યું.

પોતાના આત્માની માફક જૈન મતમાં મારૂં મન જો દૃઢ હોય તો તમે સર્વ ઉત્તમ તાલવૃક્ષ થાઓ, એમ કહી ભૂપતિએ સોનાની એક કંઠી એક તાડ વૃક્ષના સ્કંધપ્રદેશમાં સ્થાપન કરી.

ત્યારપછી રાજા પોતાના સ્થાનમાં આવી ધર્મ ધ્યાનમાં તત્પર થયો. શાસનદેવીએ તે વૃક્ષોને ઉત્તમ તાડવૃક્ષ કરી નાખ્યાં.

પ્રભાવિક ચમત્કાર

પ્રભાતકાલમાં ઉદ્યાનપાલકો શ્રીતાડવૃક્ષોને જોઈ શ્રીમાન કુમારપાલ-નરેંદ્ર પાસે આવ્યા.

ગુરુની પાસે બેઠેલા નરેંદ્રને વૃત્તાંત નિવેદન કરી તેમણે વધામણી આપી, ઉદ્યાનપાલોને પારિતોષિક આપી બહુ પ્રસન્ન કર્યા.

ત્યારપછી રાજાએ તેમને કહ્યું કે, તાડપત્ર લાવી લેખકોને ઈચ્છા પ્રમાણે આપો. આ તાડપત્ર કયાંથી ? એમ ગુરુના પૂછવાથી રાજાએ સર્વ સભા સમક્ષ ચમત્કારિક તે વૃત્તાંત ગુરુની આગળ નિવેદન કર્યું.

કાનને અમૃત સમાન તે વૃત્તાંત સાંભળી શ્રીહેમચંદ્રસૂરિ રાજા અને સભ્ય લોકોની સાથે તે ઉદ્યાનમાં ગયા. તેમજ લોકોના મુખથી તે વૃત્તાંત સાંભળી મિથ્યાત્વી એવા બ્રાહ્મણાદિક પણ તે જોવા માટે તે બગીચામાં ગયા.

કઠોર તાલવૃક્ષોમાં તે સમયનું નવીન શ્રીતાલપણું જોઈ શ્રીહેમાચાર્ય આદિ સર્વ લોકો અત્યંત આશ્ચર્ય પામ્યા.

ત્યારપછી શ્રીમાન હેમચંદ્રસૂરિ મધુર કંઠથી સર્વ મિથ્યાત્વીઓને સંભળાવતા છતા જૈનમતની સ્તુતિ માટે બોલ્યા.

अस्त्येवाऽतिशयो महान् भुवनविद्धर्मस्य धर्मान्तराद्,
यच्छक्त्तयाऽत्र युगेऽपि तालतरवः श्रीतालतामागताः ।
श्रीखण्डस्य न सौरभं यदि भवेदन्यद्रुतः पुष्कलं,
तद्योगेन तदा कथं सुरभितां दुर्गन्धयः प्राप्नुयुः ॥१॥

અન્ય ધર્મથી ખરેખર જૈનધર્મનો મોટો અતિશય વર્તે છે, જેની શક્તિ વડે આ યુગમાં પણ તાલ વૃક્ષો શ્રીતાલ વૃક્ષ થઈ ગયાં.

જો કે, અન્ય વૃક્ષથી શ્રીખંડ ચંદનનું સૌરભ્ય અધિક ન હોય તો તેના યોગથી દુર્ગંધ વસ્તુઓ સુગંધપણાને કેવી રીતે પ્રાપ્ત થાય ?

તે વૃક્ષોથી ઉત્પન્ન થયેલાં પુષ્કલ અને સુકોમલ પત્રો વડે મુખ્ય લેખકોએ સૂરિએ કરેલા ઘણા ગ્રંથો સુખ શાંતિથી લખ્યા.

ધર્મનિયમ

અન્યદા શ્રીકુમારપાલરાજર્ષિ ગુરુ મહારાજનાં દર્શન કરી વિનય પૂર્વક બેઠો હતો.

ગુરુએ દેશનાનો પ્રારંભ કર્યો, વિવેકી પુરુષોએ વર્ષાઋતુમાં પોતાના સ્થાનમાંથી બહાર જવું નહીં. કારણ કે, વર્ષાઋતુમાં બહુ પાણીને લીધે સર્વ પૃથ્વી જીવાકુલ થાય છે તે પર ઉન્મત્ત મહિષપાડાની માફક પરિભ્રમણ કરતો માણસ જીવોને હણે છે.

મિથ્યાત્વિઓ પણ જીવ રક્ષા માટે કહે છે કે, ડાહ્યો માણસ એક ગાઉ ચાલે અને ચાતુર્માસ એક સ્થાનમાં રહે, એ કારણથીજ

પ્રથમ શ્રીનેમિનાથભગવાનના ઉપદેશથી શ્રીકૃષ્ણે વર્ષાઋતુમાં બહાર જવાનો નિયમ કર્યો હતો.

તે સાંભળી વિવેકી શ્રીકુમારપાલરાજાએ નિયમ લીધો કે, આજથી હવે વર્ષા ઋતુમાં મારે કોઈપણ ઠેકાણે બહાર જવું નહીં.

સર્વ ચૈત્યોનાં દર્શન અને ગુરુમહારાજને વંદન વિના વર્ષાકાલમાં પ્રાયે નગરમાં પણ હું નીકળીશ નહીં.

બાહ્ય અને આંતરિક કાદવ રૂપી રોગને દૂર કરવા માટે મોટા કાર્યમાં પણ તે ગ્રહણ કરેલું વ્રત બરોબર પાળતો હતો. પછી તેવા પ્રકારનો શ્રીકુમારપાલનો નિયમ પૃથ્વીમાં પ્રસિદ્ધ થયો. પુણ્યરૂપ-કેતકીનો કીર્તિરૂપ સુગંધ ગુપ્ત રહેતો નથી.

તુર્કશાહ

શ્રીકુમારપાળના નિયમની વાત સર્વત્ર ફરતા પોતાના ચાર પુરુષોના મુખથી સાંભળી સમૃદ્ધિ વડે સ્વર્ગ સમાન ગૂર્જર દેશને માની તુર્કસ્તાનનો બાદશાહ પ્રચંડ સૈન્ય સહિત તે દેશને ભાગવા માટે તે સમયે કૃતાંત-યમની માફક પૃથ્વીને કંપાવતો છતાં નીકળ્યો.

ઉત્તર દિશામાં ફરતા ચાર પુરુષોએ તે વૃત્તાંત એકાંતમાં ગૂર્જરેન્દ્રને જણાવી વિશેષમાં કહ્યું.

હે સ્વામિ ! શત્રુઓને તપાવનાર તેના પ્રતાપ રૂપ સૂર્યને સહન કરવા માટે અશકત એવા કયા રાજાઓ કૌશિક-ઘુવડની માફક નથી થતા ?

સૈન્ય સહિત-પર્વતના મધ્યભાગ સહિત મોટા એવા પણ રાજાઓ-પર્વતોને ચારે તરફથી ભીંજાવતો-આક્રમણ કરતો અને પ્રસરતો તેનો સૈન્ય સાગર કોનાથી રોકી શકાશે ?

તેના સુભટો સાથે સ્પર્ધા અને યુદ્ધની વાર્ત્તા પણ દૂર રહી. પરંતુ તેના સન્મુખ જોવાને પણ કોઈ સુભટ શક્તિમાન નહીં થઈ શકે.

એ પ્રમાણે ચર પુરુષોની વિજ્ઞપ્તિ સાંભળી શ્રીકુમારપાળ કંઈક ચિંતાતુર થયો અને મંત્રી સહિત તે ગુરુ પાસે જઈ બોલ્યો.

હે પ્રભો ! આજે ચર પુરુષોએ સમાચાર આપ્યા છે, મહા-બળવાન તુર્કસ્થાનનો અધિપતિ ગીજની શહેરથી પ્રયાણ કરી યુદ્ધ કરવા અહીં આવે છે.

તેને જીતવાને હું સમર્થ છું, પણ વર્ષાકાલમાં ઘરમાંથી બહાર ન જવું એવો અભિગ્રહ કરવાથી હાલમાં હું અશક્ત જેવો થયો છું.

મારાથી બહાર નીકળાય તેમ નથી. માટે ખળભળેલા સમુદ્રના તરંગ સમાન ઉછળતા સૈનિકોવડે તે મ્લેચ્છ અધિપતિ અહીં આવી મારા દેશનો ભંગ કરે તો હું શું કરું ?

એક તરફ આ મારો નિયમ છે અને બીજી તરફ શત્રુ આવે છે. "એક તરફ નદી અને બીજી બાજુએ વ્યાઘ્ર" એ ન્યાય મને પ્રાપ્ત થયો છે.

ગુરુ બોલ્યા. હે રાજન ! તારી બુદ્ધિ ધર્મમાં બહુ નિર્મળ છે. છે, માટે તારા દેશને આ શત્રુ બાધ કરી શકશે નહીં.

તેં આરાધના કરેલા જૈન ધર્મના મહિમારૂપ અગસ્તિ મુનિ અગાધ એવા પણ તારા ચિંતાસાગરને જરૂર પી જશે.

દિવ્ય પલંગ

શ્રીહેમચંદ્રસૂરિ રાજાને એ પ્રમાણે શાંત કરી પદ્માસનવાળી ઈષ્ટદેવનું કંઈક ધ્યાન કરવા બેઠા.

પછી બે ઘડીવાર થઈ એટલે આકાશ માર્ગે આવતો દિવ્ય વસ્ત્રથી આચ્છાદિત એક પલંગ રાજાના જોવામાં આવ્યો.

આકાશમાં નિરાધાર વિદ્યાધરની વિમાનની માફક આ પલંગ કેવી રીતે આવે છે, એમ વિસ્મય પામી રાજા તે તરફ વારંવાર જોતો હતો.

તેટલામાં આકાશમાંથી ઉતરી તે પલંગ ક્ષણ માત્રમાં ગુરુની આગળ આવી સ્થિર થયો. તેની અંદર એક પુરુષ સુતો હતો.

અહીંયાં આ પલંગ કયાંથી ? અને આ પુરુષ કોણ સુતો છે ? એ પ્રમાણે નરેંદ્રના પૂછવાથી ગુરુએ કહ્યું.

તારી ઉપર ચઢી આવતો મહાપરાક્રમી બાદશાહ પલંગમાં સુતો હતો. તેના સૈન્યમાંથી સુતેલો તેને પલંગ સહિત અહીં હું લાવ્યો છું.

તે સાંભળી રાજા તેના મુખ સામું જુએ છે, તેટલામાં સંભ્રમથી જાગ્રત થયેલો શકાધીશ પણ વિચાર કરવા લાગ્યો.

તે સ્થાન કયાં ગયું ? તે સૈન્ય કયાં ? અને હું અહીં કયાંથી આવ્યો ? આ મારી આગળ કોણ ઉભા છે ? આ સર્વ સ્વપ્ન સમાન શું છે ?

ચારે દિશાઓમાં દિવ્ય દૃષ્ટિ પ્રસારતા ગુરુરાજ બોલ્યા. હે શકાધીશ ! શાખાથી ભ્રષ્ટ થયેલા વાનરની માફક તું શો વિચાર કરે છે ?

સૂરિ પ્રબોધ

આ જગતમાં પોતાના ધર્મનું એક છત્રવાળું ઐશ્વર્ય ચલાવતા જે રાજાની સહાય દેવતાઓ પણ કરે છે.

તેમજ જે રાજા ઘર અને ભૂમિના મધ્યમાંથી પણ શત્રુભૂત રાજાઓને પોતાની શકિતવડે કિંકરની માફક ક્ષણમાત્રમાં પોતાની પાસે લવરાવે છે.

અને ગર્વિષ્ઠ રાજાઓના ગર્વરૂપ રજને હરણ કરવામાં વાયુ સમાન તે આ શ્રીકુમારપાલરાજાએ

પોતાના દેશમાં આવતા તને દાસની માફક બાંધીને અહીં લવરાવ્યો છે.

હે શકનાયક ! એવી એની અપૂર્વ શકિતનો વિચાર કરી પોતાના હિત માટે શરણ કરવા લાયક એનું તું શરણ કર.

એ પ્રમાણે સૂરીંદ્રનું વચન સાંભળી આશ્ચર્ય, ભય, ઉદ્વેગ, ચિંતા અને વ્યગ્રાદિકભાવને પ્રાપ્ત થયેલા બાદશાહે ગર્વની સાથે પલંગનો ત્યાગ કર્યો.

સાક્ષાત્ વિદ્યાના પ્રકાશ સમાન શ્રી હેમચંદ્રસૂરિને પ્રણામ કરી પશ્ચાત્ બાદશાહે રાજાને નમસ્કાર કર્યો.

અહો ! મનુષ્યોની પરવશતાને ધિક્કાર છે.

બાદશાહ હાથ જોડી બોલ્યો. હે રાજન્ ! અન્ય રાજાઓને દુર્લભ એવી દેવતાઓની સહાય તમારે છે, એમ હું જાણતો નહોતો.

હે સત્યધારી ! આજથી આરંભી હું જીવું ત્યાં સુધી તમારી સાથે મારે કોઈ પ્રકારનો વિરોધ નથી. એ બાબતમાં મારા શપથ સોગન છે.

કુમારપાલવચન

શ્રીકુમારપાલરાજાએ બાદશાહને કહ્યું. શત્રુઓને તપાવનાર મારું પરાક્રમ તારા જાણવામાં હતું, છતાં તું અહીં શામાટે આવ્યો ?

બાદશાહ બોલ્યો.

નિયમધારી હોવાથી તું વર્ષાકાલમાં નગરમાંથી બહાર નહીં નીકળે એમ જાણી કપટથી તારા દેશને ભાગવા માટે મેં પ્રયાણ કર્યું હતું.

પરંતુ હે રાજન્ ! આવા સમર્થ ગુરુ વિદ્યમાન છતાં કપટથી તને જીતવા માટે કેવી રીતે હું સમર્થ થાઉં ? કારણ કે; મંત્રવાદી સમીપમાં હોય, ત્યારે ભૂતપ્રેતાદિકની શક્તિનો નાશ થાય છે.

વળી હે વીર ! તારું પરાક્રમ પ્રથમ મારા સાંભળવામાં આવ્યું હતું, પણ તે હું ભૂલી ગયો. હવે હું કોઈ દિવસ ભૂલીશ નહીં. વારંવાર આ સ્મરણ મને રહ્યા કરશે.

હે ભૂપતે ! તારું કલ્યાણ થાઓ. મને મારા સ્થાનમાં તમે વિદાય કરો. નહીં તો મારા સૈનિકો બહુ દુઃખી થશે.

ફરીથી શ્રીકુમારપાળ રાજાએ કહ્યું. પોતાના નગરમાં છ માસ સુધી જો તું અમારી જીવહિંસા નિષેધ પ્રવર્ત્તાવે તો તને અહીંથી હું છુટો કરું, નહીં તો તને છોડવાનો નથી.

બલ અથવા છળ વડે પ્રાણીઓના પ્રાણનું જે રક્ષણ કરવું તેજ મારું સર્વસ્વ અને આત્મહિત છે.

તેમજ મારી આજ્ઞા પ્રમાણે બરોબર તારે વર્તવું અને પ્રાણીઓની રક્ષા કરવી, એથી તું મોટો પુણ્યશાલી થઇશ. કારણ કે,

જીવ રક્ષા સમાન બીજું કોઇ શુભ કાર્ય નથી. માટે જો તારે

ઘેર જવાની ઈચ્છા હોય તો તું આટલું મારૂં વચન માન્ય કર. નહીં તો કારાગૃહની માફક મારા સ્થાનમાં તું અહીં જ નિવાસ કર.

વચન સ્વીકાર

પાદશાહે વિચાર કર્યો. ગુર્જરેંદ્રની શકિત અપાર છે.

માટે એમનું વચન માન્ય કર્યા સિવાય અહીંથી હું છુટવાનો નથી. એમ ધારી તેણે શ્રીકુમારપાળનું વચન કબુલ કર્યું. બરોબર બલવાનની આગળ પોતાનો ધારેલો વિચાર સિદ્ધ થતો નથી.

ત્યારપછી શ્રીકુમારપાલરાજા તેને પોતાના ઘેર લઈ ગયો અને તેને બહુ સત્કાર્યો. પછી લોકમાં પ્રસિદ્ધ કરવા માટે ત્રણ દિવસ પોતાના ઘરમાં તેને રાખ્યો.

ત્યારબાદ ભૂપતિએ જીવરક્ષા માટે શિક્ષા આપી પોતાના હિત પુરુષો સાથે પાદશાહને આજ્ઞા આપી પોતાના સ્થાનમાં મોકલી દીધો.

ત્યાં જઈને રાજાના આપ્ત પુરુષો છ માસ સુધી ગીજનીમાં રહ્યા અને પાદશાહની આજ્ઞાથી જીવ રક્ષા પ્રવર્તાવી. પછી પાદશાહે રાજયોગ્ય ઘણી ભેટ આપી રાજપુરુષોને વિદાય કર્યા.

તેઓ પણ પાટણમાં આવ્યા.

નરેંદ્રની આગળ પાદશાહે આપેલી વિવિધ પ્રકારની અશ્વાદિક ભેટ મૂકી અમારી કરણ–જીવરક્ષાની વાર્ત્તાવડે તેમણે શ્રીકુમારપાલને બહુ પ્રસન્ન કર્યો.

રાજર્ષિ અભિગ્રહ

રાજર્ષિ શ્રીકુમારપાલે પોતે એવો અભિગ્રહ લીધો કે; જેવા તેવા પણ જૈનમુનિને મારે વાંદવા. એવો નિયમ લીધા પછી એક દિવસ શ્રીકુમારપાળ સૈન્ય સહિત હાથીપર બેસી રાજમાર્ગમાં ચાલતો હતો.

તેવામાં એક હાથે પાન બીડું પકડેલું, પગમાં જોડા પહેરેલા, કામની ચેષ્ટાઓ વડે વારાંગના–વેશ્યાના સ્કંધપર એક હાથ મૂકેલો અને જારપુરુષની માફક ખરાબ ચેષ્ટાઓ કરતો કોઈક મુનિ તેના જોવામાં આવ્યો.

આચારથી ભ્રષ્ટ એવા તે મુનિને જોઈને પણ રાજાએ શ્રેણિક-રાજાની માફક હાથીના કુંભસ્થળપર મસ્તક નમાવી આનંદપૂર્વક પ્રણામ કર્યો.

વળી ભૂપતિએ વિચાર કર્યો કે; આ મુનિનો કિંચિત્ માત્ર પણ દોષ નથી. કારણકે; ધર્મજ્ઞ પુરુષ પણ પોતાના કર્મોને લીધે બહુ ખરાબ કર્મ ઉપાર્જન કરે છે.

કોઈ વખત જીવ બલવાન થાય છે અને કોઈ વખત કર્મ બલવાન થાય છે. આટલા કારણથી જ એ બંનેનો પરસ્પર નિરંતર મોટો દ્વેષ રહેલો છે.

ઉત્તમ સાધુની માફક વ્રતથી ભ્રષ્ટ થયેલા તે મુનિને નમેલા રાજાને જોઇ તેની પાછળ રહેલા નડ્ડુલ રાજાએ હાસ્ય કર્યું. તે જોઈ વાગ્ભટ મંત્રીને લજ્જા આવી અને તેનું મન પણ બહુ દુઃખાયું, જેથી તેણે શ્રીહેમચંદ્રસૂરિની આગળ તે વાત જાહેર કરી. ત્યારબાદ સૂરીશ્વરે વંદ્ય અને અવંદ્યનો વિચાર જણાવવા માટે રાજાને ઉપદેશ આપ્યો.

જ્ઞાન અને દર્શનયુક્ત, કષાયરહિત, જીતેંદ્રિય અને સામાયિકમાં તત્પર એવા મુનિઓ સત્પુરુષોને વાંદવા લાયક છે.

તેમજ પાર્શ્વસ્થ, અવષણુક, શાસ્ત્રમાં કહેલા કુશીલ–શીલભ્રષ્ટ, સંસક્ત અને ઈચ્છા મુજબ વર્તનાર સાધુઓ અવંદ્ય છે.

તેમાં સર્વ અને દેશથી પાર્શ્વસ્થ બે પ્રકારના છે. સત્જ્ઞાન અને દર્શનાદિકના પાર્શ્વભાગમાં રહી જે પ્રવૃત્તિ કરે, તે સર્વથી અને શય્યાતરાદિથી જે જીવિકા કરે, તે દેશથી **પાર્શ્વસ્થ** કહ્યો છે.

તેમજ સર્વ અને દેશથી **અવષણુ** પણ બે પ્રકારનો કહ્યો છે. તેમાં બહુ શય્યાદિકને ગ્રહણ કરે અને રાખી મૂકેલું ભોજન કરે, તે આદ્ય જાણવો. અને આવશ્યકાદિ ક્રિયાઓમાં જે ન્યૂનાધિક કરે તે બીજો જાણવો.

તેમજ જ્ઞાન, દર્શન અને ચારિત્રની અપેક્ષાએ ત્રણ પ્રકારનો કુશીલ જાણવો.

તેમાં અકાલમાં અધ્યયનાદિ કરનારો, **જ્ઞાનકુશીલ** જાણવો.
શંકાદિક કરવામાં જે તૈયાર હોય, તે **સદ્દર્શન કુશીલ** જાણવો.
દ્રવ્ય પ્રાપ્તિના ઉપાયની યોજના કરે, તે **વ્રતકુશીલ જાણવો.**

પંચ આશ્રવ–પ્રાણાતિપાદિકમાં તત્પર, ત્રણ પ્રૌઢ ગૌરવ–ઋદ્ધિ, રસ અને સાતાથી ગર્વિષ્ઠ તેમજ સ્ત્રી ગૃહાદિકથી સંકિલષ્ટ હોય તે **સંસક્ત** કહેવાય છે.

પોતે ઉત્સૂત્રનું આચરણ કરતો સ્વછંદતામાં રહી જે લોકોમાં ઉત્સૂત્રનો જ ઉપદેશ કરે છે, તે **યથાછંદ** કહેલો છે.

હે રાજન્ ! આવા મુનિઓના વંદનથી કીર્તિ તેમજ નિર્જરા પણ થતી નથી, ઉલટો કાયકલેશ અને કર્મ બંધ થાય છે.

એ પ્રમાણે ગુરુનો ઉપદેશ સાંભળી રાજાએ વિચાર કર્યો કે; તે મુનિના વંદનની વાર્તા જરૂર કોઇએ કહેલી હશે. જેથી એમણે મને આ પ્રમાણે શિક્ષા આપી.

પછી રાજા કિંચિત્ હાસ્ય કરી બોલ્યો ! આપે મને શિખામણ આપી તે બહુ સારૂ કર્યું. હવેથી હું હંમેશાં આપના કહ્યા પ્રમાણે ચાલીશ.

મુનિપશ્ચાત્તાપ

રાજાએ નમસ્કાર કર્યો, તેથી તે અધમ મુનિને લજ્જા આવી અને તે ભવ્યાત્મા હોવાથી પોતાના હૃદયમાં વિચાર કરવા લાગ્યો.

અધમ પુરુષોમાં શિરોમણિ સમાન મને ધિક્કાર છે. જે મેં અતિ દુર્લભ વ્રતરૂપ ચિંતામણિ પામીને પણ તેને મોહથી પ્રમાદરૂપ સાગરમાં ફેંકી દીધો.

પ્રથમના મુનિઓ વિદ્યમાન છતા પણ ભોગોનો ત્યાગ કરી વ્રત ગ્રહણ કરતા હતા અને વ્રતધારી એવો પણ હું તો અવિદ્યમાન ભોગોની ઇચ્છા કરૂં છું.

શકિત નહીં હોવાથી જે પુરુષ દીક્ષા લેતો નથી, તે કંઇક સારો. પરંતુ જે પુરુષ વ્રત લઇને છોડી દે છે, તે નિંદાને પાત્ર થાય છે.

વળી આ રાજાને ધન્યવાદ ઘટે છે કે; જેણે હું ભ્રષ્ટ છું, છતાં પણ મને પ્રણામ કર્યો. તેમજ મારા જેવો કોઈ આ દુનિયામાં અશરણ નથી.

આવા ધર્મિષ્ઠ રાજાને જેણે વંદન કરાવ્યું.

જે પોતે આચારથી ભ્રષ્ટ થઈ સદાચારીઓને વંદાવે છે, તેવા અનાત્મજ્ઞની ગતિ નરકમાં પણ થતી નથી. માટે સર્વનો ત્યાગ કરી હાલમાં હું તેવી કોઇ પ્રવૃત્તિ કરૂં કે; જેથી હું અને રાજર્ષિ બંને પણ કોઈ વખત લજ્જાને પાત્ર થઈએ નહીં.

એમ વિચાર કરી તે મુનિએ બંધનની માફક સર્વ ધનાદિકનો ત્યાગ કરી ગુરુની પાસે આલોચના પૂર્વક ફરીથી ચારિત્ર વ્રત લીધું.

અનશન રૂપ જળવિના પાપ રૂપ તાપથી ઉત્પન્ન થયેલી મારી મોટી મોટી વિપત્તિઓ શાંત થશે નહીં, એમ જાણી તેજ વખતે તે મુનિએ અનશન વ્રત લીધું.

દુઃખે ત્યજવા લાયક એવો પણ મહામોહ રાગદ્વેષના ત્યાગથી સુખેથી ત્યજી શકાશે. એમ જાણી તેણે સુકૃતનાદ્વેષી એવા રાગદ્વેષનો ત્યાગ કર્યો.

સંસાર દાવાનલથી બળેલા જીવની શાંતિ સમતામૃતવડે થાય છે, એમ જાણી તે મુનિએ સમતામૃતનું પાન કર્યું.

તે સાંભળી દરેક પાડાઓમાં રહેનારા પાટણના લોકો હંમેશાં તે મુનિની પાસે આવતા અને ઉત્તમ ભાવનાઓવડે પ્રભાવનાઓ કરતા હતા.

અનશન ધારી તે મુનિને જાણી શ્રીકુમારપાલ પણ બહુ હર્ષથી ત્યાં પ્રભાવના માટે જતો હતો. "કયો પુરુષ પુણ્યની ઇચ્છા ન કરે?"

ગુરુને પ્રથમ નમસ્કાર કરી રાજા તે મુનિને નમે છે, તેટલામાં નમસ્કારનો નિષેધ કરી મુનિએ રાજાને કહ્યું.

હે રાજન્! સાક્ષાત્ તમે મારા ગુરુ છો, હું તમને કેવી રીતે વંદાવું? કારણ કે; આપના નમનથી મને બોધ થયો અને અનશન વ્રત ધારી હું થયો છું.

તે વખતે તેવી સ્થિતિમાં પણ મને આપે વંદન જો ન કર્યું હોત તો કલ્યાણકારી આ મારૂં ચારિત્ર અને અનશન વ્રત કયાંથી સિદ્ધ થાત !

ભવસાગરમાં ડુબતાં મને આપનો નમસ્કાર મોટા વહાણની માફક હાથનું આલંબન થયો, જે આ ધાર્મિક લોકો હર્ષથી મારી પ્રભાવના કરે છે, તે સર્વ આપના પ્રસાદનું ફલ છે.

રાજભક્તિ

રાજાએ પણ તે વૃત્તાંત સાંભળી મુનિને કહ્યું, આપ બહુ ભવ્યાશય છો. આટલા જ માટે નમસ્કાર માત્રથી આપને જલદી બોધ થયો.

અભવ્ય પ્રાણીઓને તો પોતે શ્રીમાન સર્વજ્ઞભગવાન બોધ આપે તો પણ તેઓ સ્થૂલ પાષાણની માફક કોઈ દિવસ બોધ પામતા નથી.

સુખ દુઃખની પ્રાપ્તિની માફક પ્રાણીઓને ધર્માધર્મની પ્રાપ્તિમાં પણ પોતાનું કર્મ જ કારણ ભૂત થાય છે.

અન્ય તો માત્ર સહાય કારક થાય છે હાલમાં તમે જ ધન્યવાદને લાયક છો. જેણે આવું દુષ્કર કાર્ય કર્યું. કારણ કે; "અલ્પ સુખનો પણ ત્યાગ કરીને દુષ્કર વ્રત પાલન કોણ કરે ?"

જેમ કાદવમાં ખુંચી ગયેલો કોઈક જ હાથી પોતાનો ઉદ્ધાર કરે છે, તેમ મોહમાં મગ્ન થયેલો કોઈકિ જ પ્રાણી ભ્રષ્ટ વ્રતનો ઉદ્ધાર કરે છે.

તમે સુકૃતને વિષે સ્થિર થાઓ. ઉત્તમ તેજનો અનુભવ કરો. ભવ–સંસારને ભેદવામાં શક્તિમાન થાઓ તેમજ મોક્ષ સુખમાં વ્યાપ્ત થાઓ.

એ પ્રમાણે સ્તુતિ કરી બલાત્કારે તે મુનીંદ્રને નમસ્કાર કરી શ્રીકુમારપાલ રાજાએ પુણ્યરૂપ બગીચાને અમૃતની નીક સમાન પ્રભાવના કરી.

ત્યારબાદ શુભધ્યાનરૂપ પવનવડે રજ–દોષ રહિત થયું છે મન જેનું, એવા તે અનશનધારી મુનિ કેટલાક દિવસ પછી સ્વર્ગસ્થ થયા.

એ પ્રમાણે શ્રીકુમારપાલ રાજા શત્રુંજયાદિક ઉત્તમ તીર્થયાત્રા અને સિદ્ધાંત તત્ત્વના શ્રવણાદિક કાર્યો વડે પુણ્યશ્રીથી અતિ પવિત્ર દિવસોને નિર્ગમન કરતા હતા.

દેવીપ્રાદુર્ભાવ

શ્રીકુમારપાલરાજાએ વિનયપૂર્વક શ્રીહેમચંદ્રસૂરિને પૂછયું.

હે ગુરુમહારાજ! પૂર્વભવમાં હું કોણ હતો? ભવિષ્યમાં હું કોણ થઈશ ? સિદ્ધરાજે મારી ઉપર બલાત્કારે શામાટે દ્વેષ કર્યો ?

ઉદયનમંત્રીનો અને તમારો પ્રેમ મારી ઉપર શા કારણથી રહ્યો છે.

પૂર્વભવના સંબંધ વિના કોઈપણ સમયે કોઈની સાથે વૈર અને મિત્રપણું અત્યંત હોતું નથી. કોઈક જ્ઞાનવડે આ હકીકત જાણીને સત્યવાત મને કહો. આપના વિના બીજો કોઇ મારો સંદેહનું સમાધાન કરવા માટે સમર્થ નથી.

સૂરીશ્વર બોલ્યા. જો કે હાલમાં કોઈપણ એવું જ્ઞાન નથી. છતાં પણ દેવ્યાદિકના આદેશથી તારા પ્રશ્નોનો ઉત્તર હું કહીશ.

ત્યારપછી રાજાને વિદાય કરી સૂરીશ્વર સિદ્ધપુર જઈ સરસ્વતી નદીના પવિત્ર તટપર બેઠા. ત્યાં મંત્રમય સ્નાન કરી ધ્યાનમાં સ્થિર રહી સૂરિએ ત્રણ દિવસ સુધી સૂરિમંત્રનું આરાધન કર્યું.

તેથી તેમની આગળ ત્રણ લોકની સ્વામિની તે સૂરિમંત્રના આદ્ય પીઠની અધિષ્ઠાત્રી દેવી મૂર્તિમતી સ્ફૂર્તિ હોયને શું ? તેમ પ્રગટ થઈ.

હે સૂરિચૂડામણિ ! શા કારણથી આપશ્રીએ મારૂં ધ્યાન કર્યું છે ? એમ દેવીના પૂછવાથી સૂરીંદ્ર ખુશ થઈ દેવીને કહેવા લાગ્યા.

હે દેવિ ! દિવ્ય નેત્ર વડે સમ્યક્ પ્રકારે જાણીને શ્રીકુમારપાલ-રાજાના ભૂત અને ભવિષ્યના સર્વ ભવ મને તું નિવેદન કર.

હાથમાં રહેલા મુકતાફલની માફક સમગ્ર ભાવને જાણતી દેવી સૂરિએ પૂછેલા પ્રશ્નોનો ઉત્તર કહી પોતાના સ્થાનમાં ચાલી ગઇ.

પ્રાતઃકાલમાં ગુરુમહારાજે પોતાના સ્થાનમાં આવી પારણું કર્યું. પછી તેમણે રાજાની આગળ તેના પૂર્વભવ કહેવાનો પ્રારંભ કર્યો.

પલ્લીપતિ

શ્રીમેદપાટ-મેવાડ દેશમાં કોઇકે ઉંચા પર્વતપર પરમાર વંશમાં જન્મેલો જયતાક નામે પલ્લીપતિ રહેતો હતો.

જેનો ભુજ રણસંગ્રામની ખરજ વડે પ્રચંડ ભુજ દંડને ધારણ કરતા શત્રુઓના દર્પજ્વરને શાંત કરવા માટે ઔષધરૂપ હતો. તેમજ તે વીરકુંજરે શત્રુઓના ગામોને ભાગી ભાગીને પોતાનો પ્રભાવ પ્રસિદ્ધ કર્યો હતો. કારણ કે, શૌર્ય વડે કંઈપણ દુષ્કર હોતું નથી.

એક દિવસ ધનદત્ત નામે સાર્થવાહ બહુ ધન ભરી પોતાની પલ્લીના નજીક માર્ગમાં આવતો તેના જોવામાં આવ્યો.

તે સાર્થની ઉપર પડીને તે પલ્લીપતિએ પોતાના લુંટારા સુભટો સાથે તેનું સમગ્ર ધન લઇ લીધું. અને સાર્થપતિ તો કોઇપણ સ્થલે નાશી ગયો.

પછી સર્વસ્વ નાશ થવાથી તેમજ તિરસ્કારરૂપ અગ્નિવડે ધનદત્તનું હૃદય બહુ બળવા લાગ્યું અને તે વિચાર કરવા લાગ્યો.

પિશાચોવડે રાક્ષસ જેમ અતિ ક્રૂર ચોરોથી વીંટાયેલો આ પલ્લીપતિ ઉન્મત્ત થઈ લોકોને અત્યંત ઉપદ્રવ શા માટે કરે છે ?

હાલમાં જો આ દુષ્ટનો હું ઉપાય નહીં કરૂં તો આ દુર્બુદ્ધિ વારંવાર મારા સાર્થને લુંટી લેશે. માટે હાલમાં મારી પાસે ભંડારમાં જે ધન હોય તે ખરચીને રાજાના સૈન્યવડે કંદની માફક આ દુષ્ટને જો હું મૂળમાંથી ઉખેડી નાખું તો સુખ થાય.

માલવ રાજા

ધનદત્ત સાર્થવાહ ભેટ લઈ માલવ દેશના રાજા પાસે ગયો અને પોતાનો પરાજય તેની આગળ નિવેદન કર્યો.

માલવેંદ્ર બોલ્યો. તું તારા સ્થાનમાં ચાલ્યો જા. પલ્લીમાંથી તેને નિર્મૂલ કરી તારૂં ધન હું મોકલાવી દઈશ.

ધનદત્તે ફરીથી કહ્યું. હે રાજન! મારે ધનની કંઈ જરૂર નથી. પરંતુ મારી પ્રતિજ્ઞા એવી છે, એ દુષ્ટને મારી જાતે જ મારે નિર્મૂલ કરવો. માટે આપનું સૈન્ય મને આપો, જેથી મારી ઇચ્છા હું પૂર્ણ કરૂં અને આપના અનુગ્રહથી વેરવાળી હું સુખી થાઉં.

એ પ્રમાણે ધનદત્તનું વચન સ્વીકારી પ્રસન્ન થઈ માલવાધીશે સૈન્ય સહિત ઉદ્ધત એવો પોતાનો સેનાધિપતિ તેને આપ્યો.

મદોન્મત્ત હાથી વેલડીને જેમ ધનદત્ત શ્રેષ્ઠી તે સૈન્યને આગળ કરી ત્યાં જઇ પલ્લીની ચારે તરફ઼ ઘેરો ઘાલી ઊભો રહ્યો.

દૈત્યોના સૈન્ય સમાન અતિ પ્રચંડ તેનું સૈન્ય જોઇ સંગ્રામમાં કુશલ એવો પણ તે જયતાક ત્યાંથી નાશી ગયો.

પછી યુદ્ધ કરવામાં ઉદ્ધત એવા તેના સુભટોનો સંહાર કરી સમગ્ર પલ્લીને બાળી નાંખી અને ત્યાંથી નાસતી તે પલ્લીપતિની સગર્ભા સ્ત્રીને તેણે પકડી લીધી.

બાદ નિર્દય થઈ તેણે પોતાના હાથે તે સ્ત્રીનું ઉદર ચીરી તે બાળકને કાષ્ટની માફ઼ક પત્થરપર પછાડયો.

પછી પોતાની લક્ષ્મી વ્યાજ સહિત ત્યાંથી લઈ ધનદત્ત કૃતાર્થ થયો છતો માલવેંદ્રની પાસે ગયો.

નૃપતિકોપ

કુકૃત્યની માફ઼ક ધનદત્તનું કુકર્મ સાંભળી માલવ દેશનો રાજા બહુ કોપાયમાન થયો. ભયંકર ભ્રકુટી ચઢાવી તે બોલ્યો.

રે કર્મચંડાલ! તું વણિક કુલમાં ઉત્પન્ન થયો છે છતાં પણ કર્મવડે ચાંડાલ દેખાય છે. કારણકે, પોતાના હાથે તેં સ્ત્રી અને બાલકનો ઘાત કર્યો.

રે રે દુષ્ટ! બંને લોકને વિરૂદ્ધ જે કાર્ય તેં કર્યું છે, તેવું કાર્ય કોઇ ચાંડાલ પણ કોઇ દિવસ કરે નહીં.

માટે રે પાપિષ્ઠ! મારી આગળથી તું દૂર જા. તારૂં મુખ પણ જોવા લાયક નથી. તારા દર્શનથી પણ હું પાપથી લેપાઉ છું.

એ પ્રમાણે રાજાએ તેનો બહુ તિરસ્કાર કરી તેનું સર્વસ્વ લુંટી લઈ તેને દેશમાંથી કાઢી મૂકયો. "ખરેખર તીવ્ર પાપ તત્કાલ ફલદાયક થાય છે."

તે રાજાના તિરસ્કાર વડે બહુ દુઃખી થયેલો તે સાર્થવાહાધિપતિ તાપસ થઈ કોઈ વનમાં અતિ દુસ્તપ તપશ્ચર્યા કરવા લાગ્યો.

તે તાપસ તીવ્ર તપવડે મરીને ઈંદ્ર સમાન તેજસ્વી ગૂર્જરદેશનો અધિપતિ જયસિંહ નામે રાજા થયો.

શ્રીયશોભદ્રસૂરિ

કોઈક મોટા વનમાં શરણ રહિત નાસતા જયતાકને શ્રીયશોભદ્ર સૂરિ મળ્યા. ભવિષ્યમાં ભદ્રકતાને લીધે ભક્તિથી નમ્ર થયેલા જયતાકને સૂરીશ્વરે કહ્યું.

હે ભદ્ર ! શું કોઈએ તારો તિરસ્કાર કર્યો છે ? જેથી તું આવી દીન અવસ્થામાં આવી પડયો છે.

ચૌર્યવડે સાર્થાધિપતિ-ધનદત્તથી પોતાના પરાજયનું કારણ કહીને તેણે સૂરીશ્વર પાસે કંઈક ખાવાનું ભાતુ માગ્યું.

ત્યારપછી ગુરુમહારાજ બોલ્યા. ઉત્તમ લક્ષ્મી પામીને પણ તેં શા માટે વૃથા ચોરી કરી ? જેથી આ પ્રમાણે તું દુઃખી થયો છે. નિર્ધન માણસે પણ જે ચોરી કરવી યોગ્ય નથી, છતાં તેં રાજ્યાધિપ થઈને તે ચૌર્યકર્મ કર્યું. તેથી તારો પરાજય થયો તે યોગ્ય છે.

જે ચોરી કરવાથી તત્કાલ સ્થાનનો ભ્રંશ, કુલનો નાશ અને સર્વ વૈભવનો ક્ષય થાય છે, તેવી ચોરીને કયો બુદ્ધિમાન પુરુષ કરે ?

વળી જન્મપર્યંત દરિદ્રપણું કંઈક સારૂ, તેમજ લોકોના ત્યાં દાસપણું સારૂં, પરંતુ પ્રાણનાશક ચોરીથી પ્રાપ્ત થયેલો મહાન વૈભવ સારો નહીં.

માટે હે મહાશય ! સજ્જનોએ નિંદિત એવા ચૌર્ય કર્મનો જન્મ પર્યંત ત્યાગ કરી શ્રેષ્ઠ કાર્ય કરવામાં તું ઉદ્યુકત થા.

એકશિલા નગરી

વિજળીના દીવા સમાન ગુરુના વાકયવડે તેજ વખતે તેને સન્માર્ગનું જ્ઞાન થયું અને તત્કાલ તેણે કુમાર્ગનો ત્યાગ કર્યો.

સૂરીશ્વરે બહુ પ્રેમવડે શ્રાવકો પાસેથી ઘણું ભાતુ તેને અપાવ્યું.

ત્યારપછી તે જયતાક ફરતો ફરતો એકશિલાનગરીમાં ગયો. ત્યાં પ્રૌઢ લક્ષ્મીવાન સર્વસંપત્તિઓના નિધાનરૂપ **ઓઢર**નામે પ્રસિદ્ધ શ્રેષ્ઠી રહેતો હતો. તેને ત્યાં દાસવૃત્તિ વડે તે દરિદ્રી રહ્યો. અનુક્રમે વિહાર કરતા તે યશોભદ્રસૂરીંદ્ર પણ લોકના કલ્યાણઅર્થે ત્યાં પધાર્યા.

જયતાકને માલુમ પડવાથી સૂરીશ્વરના દર્શન માટે ગયો. દુઃખના સમયે હિત ઉપદેશ અને માર્ગમાં અપાવેલા ભાતાનું સ્મરણ કરતો કૃતજ્ઞ તે જયતાક ગુરુમહારાજની સેવા કરવા લાગ્યો.

એક દિવસ આઢર શ્રેષ્ઠીએ તેને પૂછયું. આજકાલ આખો દિવસ તું કયાં રહે છે?

જયતાક બોલ્યો. યશોભદ્ર નામે મારા ગુરુ અહીં પધાર્યા છે. તેમના વચનામૃતનું પાન કરતો હું તેમની પાસે રહું છું.

આઢરશ્રેષ્ઠી

જયતાકનું વચન સાંભળી ઓઢર શ્રેષ્ઠીને ગુરુમહારાજના દર્શનની ઈચ્છા થઈ. જયતાક અને વિવેકને આગળ કરી શ્રેષ્ઠી ગુરુ પાસે ગયો અને વિનયપૂર્વક તેણે વંદન કર્યું,

તેની ભદ્રકતા જોઇ સર્વ પ્રાણીઓના એક હિતકારી ગુરુમહરાજે શ્રાવક ધર્મનો કંઈક ઉપદેશ આપ્યો. શય્યામાંથી જાગ્રત થયેલાની માફક તે બંને જણે ગુરુનું વચન સાંભળી શુદ્ધ શ્રદ્ધાવડે શ્રાવક ધર્મનો સ્વીકાર કર્યો. પછી પ્રમુદિત થઈ આઢર બોલ્યો.

હે પ્રભો! આપના અનુગ્રહથી મને જૈન ધર્મની પ્રાપ્તિ થઈ. આપને દક્ષિણામાં હું શું આપું?

મહામુનિ બોલ્યા. અમારૂં દર્શન–સાધુ માર્ગ નિઃસંગ હોય છે. તેથી બ્રાહ્મણોની માફક અમે દક્ષિણા લેતા નથી. છતાં પણ મને કંઈક સેવા બતાવો, એમ બહુ આગ્રહથી તેણે ફરીથી કહ્યું. ત્યારે ગુરુમહારાજે કહ્યું જો તારો ભાવ હોય તો તું સુંદર એક ચૈત્ય–જિનાલય બંધાવ.

ત્યારપછી બહુ પુણ્યશાલી તે ઉત્કૃષ્ટ ઓઢરશ્રેષ્ઠીએ આકાશ ગંગાના

પ્રવાહ સમાન આચરણ કરતી પતાકાઓવડે ગગનાંગણને આચ્છાદિત કરતું શ્રીવીર ભગવાનનું ભવ્ય મંદિર બંધાવ્યું.

ત્યારબાદ શ્રીયશોભદ્રસૂરિના માંગલિક હસ્તે તે ચૈત્યની અંદર મહોત્સવ પૂર્વક શ્રીવીરભગવાનની પ્રતિષ્ઠા કરાવી.

ત્યારબાદ સૂરીશ્વરની અન્ય સ્થળે વિહાર કરવાની ઈચ્છા હતી, છતાં પણ આઢર શ્રેષ્ઠીની બહુ પ્રાર્થનાથી વર્ષા કાલમાં પણ ગુરુ-મહારાજ ત્યાં જ રહ્યા.

તે સમયે મેઘ અને સૂરીશ્વર બંને મધુર સ્વરે ગર્જના કરતા મોટો ભાગ્યશાળી જનોના ક્ષેત્રોમાં પુણ્યરૂપ અંકુરાઓને પ્રગટ કરવા લાગ્યા. તેમજ ગુરુ અને મેઘ એ બંને જણે ધારા બંધ ધર્મામૃતની વૃષ્ટિ કરે છતે કેટલાક ભવ્ય જીવો અંતર અને બહારના પંક-પાપ સમૂહનું પ્રક્ષાલન કરવા લાગ્યા.

પર્યુષણાપર્વમાં આઢર શ્રેષ્ઠીની સાથે જયતાકે પાંચ કોડીથી ખરીદેલાં પુષ્પોવડે શ્રી જિનેંદ્રભગવાનની પૂજા કરી.

અને તે દિવસે ઉપવાસ કરી ધર્મ કાર્યમાં તત્પર થઈ ભક્તિ પૂર્વક મુનિઓને આહાર વ્હોરાવ્યા બાદ તેણે પારણું કર્યું.

હવે આઢર શ્રેષ્ઠી આયુષના અંતે મરીને પૂર્વોપાર્જીત પુણ્યના સમૂહવડે **ઉદયન** મંત્રી થયો.

તેમજ હે રાજન ! તે જયતાક કાલ ધર્મ પામીને ગૂર્જર દેશનો નાયક એવો તું શ્રી કુમારપાલભૂપાલ થયો.

અને શ્રીયશોભદ્રસૂરિ પણ કાલ કરી ઉજ્વલ પુણ્યથી હેમચંદ્ર નામે હું તારો પવિત્ર ધર્મગુરુ થયો છું.

પૂર્વભવના વૈરથી સાર્થવાહનો જીવ સિદ્ધરાજ ભૂપતિ તને મારવાની અત્યંત ઈચ્છા કરતો હતો. કારણકે; "વૈરબુદ્ધિ કોઈ દિવસ જીર્ણ થતી નથી"

ઉદયનમંત્રી અને હું પૂર્વ ભવના સ્નેહથી મોહિત થઇ તારી ઉપર બહુ સ્નિગ્ધ થયા છીએ. ખરેખર સ્નેહ પણ પૂર્વભવના સંબંધને અનુસરે છે.

પૂર્વભવમાં કેટલાક દિવસ તું ચૌર્યાદિ નિંદ્ય કાર્યમાં રક્ત થયો હતો. તેના પાપથી આ ભવમાં કેટલાક સમય સુધી તારે કલેશ ભોગવવો પડયો.

તેમજ પાંચ કોડીથી ખરીદેલાં પુષ્પોવડે જે તેં શ્રીમાન જિનેંદ્ર-ભગવાનની પૂજા કરી અને બહુ ભકિત પૂર્વક જે મુનિઓને દાન આપ્યું.

તેથી ઉત્પન્ન થયેલા સંપતિઓના નિધાનની માફક પ્રચંડ પુણ્ય વડે તું પૂજ્ય લક્ષ્મીનો અધિપતિ પરમાર્હત રાજા થયો.

ભાવપૂર્વક તેવી શ્રીજિનેંદ્રભગવાનની પૂજા કયાં એકવાર આપેલું તે મુનિદાન કયાં ? અને આવું અદ્‌ભુત પ્રકારનું તારૂં ઐશ્વર્ય કયાં ?

અહો ! ધર્મનો મહિમા અલૌકિક હોય છે.

હે રાજન્ ! આ તારો પૂર્વભવ મેં કહ્યો. એમાં તને સંશય હોય તો એકશિલાનગરીમાં કોઇ તારા હિત પુરુષને મોકલી આ બાબત તું પૂછાવી તપાસ કર.

ઓઢર શ્રેષ્ઠીના પુત્રોના ઘરમાં કોઇ વૃદ્ધ દાસી છે. તે વૃદ્ધા મૂળથી આરંભી આ સર્વ વૃત્તાંત કહેશે.

શતબલરાજા

હે રાજન્ ! હવે અહીંથી આયુષ્ય પૂર્ણ કરી પંડિતમૃત્યુ–જ્ઞાન પૂર્વક મૃત્યુવડે તું વ્યંતર ગતિમાં ઉત્તમ દેવ થઇશ.

ત્યાં પણ કલ્યાણની ઈચ્છાવાળો અને દેવોથી અલંકૃત તે સુરોત્તમ ભૂતલપર ફરી ફરીને શાશ્વત ચૈત્યોનં દર્શન કરશે.

તેમજ તે સુરોત્તમ સૌધર્મ સુરેંદ્રની માફક ભાવ વડે નંદીશ્વરાદિ દ્વીપોમાં મોટા અષ્ટાહ્નિક મહોત્સવ કરશે.

વળી તે સુરોત્તમ મહાવિદેહાદિ ક્ષેત્રોમાં પવિત્ર મુનિઓને વારંવાર નમસ્કાર કરી શ્રોત્રને અમૃત સમાન પાન કરવા લાયક તેમના ઉપદેશ રસનું બહુ ભાવથી પાન કરશે.

અનેક શ્રી–લક્ષ્મી સમાન દેવીઓ વડે અલંકૃત તે સુરોત્તમ નંદનાદિ વનોમાં પોતાની ઈચ્છા પ્રમાણે વિલાસ કરશે.

પછી ત્યાંથી ચવી તે વ્યંતરેંદ્ર આ ભારતક્ષેત્રમાં રહેલા **ભદ્રદિલપુર** નગરમાં શતાનંદ રાજાને ત્યાં ધારિણી રાણીની કુક્ષિથી ઉત્પન્ન થઇને અતિશય વૈભવશાળી **શતબલ** નામે પ્રખ્યાત પુત્ર થશે.

બાલ્યાવસ્થામાં પણ બૃહસ્પતિની માફક કલાચાર્યની પાસે રહી તે કુમાર ઉત્તમ કલાઓમાં બહુ નિપુણ થશે.

ભોગની પ્રાર્થના કરતી એવી પણ અન્ય પ્રમદાઓનો ત્યાગ કરતો તે શતબલ યૌવન વયમાં પણ સુશ્રાવકની માફક શીલવ્રત પાળશે.

ત્યારબાદ રાજ્યપદવીનો સ્વીકાર કરી ઉપદેશ વિના પણ તે નૃપતિ પ્રાચીન દયાલુતાને લીધે હિંસાદિક સાવદ્ય કાર્ય કરશે નહીં.

તેમજ તે સાક્ષાત્ પરાક્રમની મૂર્તિઓ સમાન ઉદ્ધત સૈન્યોવડે ચક્રવર્ત્તિની માફક લીલા માત્રથી પૃથ્વીને જીતશે.

પદ્મનાભ જિનેંદ્ર

તે સમયે પ્રથમ નરક ભૂમિમાંથી નીકળી શ્રેણિક રાજાનો જીવ આ ભરતક્ષેત્રમાં **પદ્મનાભ** જિનેંદ્ર થશે.

અન્યદા દીક્ષા લઈ તપશ્ચર્યાવડે કર્મોને ક્ષીણ કરી કેવલ જ્ઞાન-પામી, યાચકોવડે દાનવીર જેમ ઉત્તમ સાધુઓ વડે સેવાતા ભૂતલપર વિહાર કરતા પુણ્યવડે જંગલ કલ્પવૃક્ષ હોયને શું ? તેમ તેઓ શ્રી ભદ્રદિલપુરમાં આવશે.

લોકોના મુખથી ધાર્મિકની માફક તેમનું આગમન સાંભળી સજ્જનની માફક પ્રમુદિત થઇ શ્રીશતબલ રાજા તેમની પાસે જઈ વંદન કરશે.

પછી તે અતિશય સંસાર તાપથી તપી ગયેલાની માફક બહુ ઉત્કંઠિત થઈ અલૌકિક માધુર્યરસથી ભરેલી ભગવાનની દેશનારૂપ અમૃતનું પાન કરશે.

બાદ પ્રબુદ્ધ થયેલો તે પોતાના પુત્રને રાજ્ય આપી શ્રીજિનેંદ્ર ભગવાન પાસે પુણ્યશ્રીની સહચારિણી એવી દીક્ષાને ગ્રહણ કરશે. પછી તે શતબલમુનિ દ્વાદશાંગીનો અભ્યાસ કરી અગીયારમા ગણધર થશે.

બહુ તપશ્ચર્યાઓ વડે કર્મને ક્ષીણ કરી કેવલજ્ઞાન પામશે. પછી તે શતબલ મહાશય કેવલજ્ઞાન રૂપ સૂર્યવડે કમલની માફક વિશ્વને પ્રકાશિત કરી મુક્તિ સ્ત્રીને વરશે.

હે રાજન્ ! એ પ્રમાણે આ ભવથી ત્રીજે ભવે જૈનધર્મના પ્રભાવવડે ખરેખર તને મોક્ષ લક્ષ્મી પ્રાપ્ત થશે.

એ પ્રમાણે શ્રીસૂરિમંત્રની અધિષ્ઠાયક દેવીના વચનથી મેં તારા ભૂતભવિષ્યના ભવ યથાર્થ રીતે કહ્યા.[૧]

સ્થિરદેવીદાસી

પોતાની સિદ્ધિ નજીકમાં થવાની છે, એમ સાંભળી તેના લાભથી જેમ બહુ ખુશ થઇ ગૂર્જરેશ્વર શ્રી કુમારપાલ રાજા ગુરુને વિનંતિ પૂર્વક કહેવા લાગ્યો.

જ્ઞાનનાશક આ કલિયુગની અંદર હાલમાં સર્વજ્ઞની માફક આપના સિવાય ભૂતભવિષ્યની વાર્તા બીજો કોણ કહી શકે ?

જેમ શ્રીમાન સર્વજ્ઞભગવાનની વાણી અન્યથા ન થાય તેમજ આ આપની વાણી પણ ભગવદ્ ધ્યાનના અતિશયથી જેમ સત્ય હશે. પરંતુ હે ગુરુમહારાજ ! આપે જે મને પૂર્વભવ સંબંધી વૃત્તાંત કહ્યું, તે સંબંધી મને કૌતુક હોવાથી કોઈ આપ્ત પુરુષને એકશિલાનગરીમાં મોકલી તે વૃદ્ધ દાસીને હું પૂછાવી જોઉં.

---

૧ स्वयमपि चिरकालं संयमं पालयित्वा,
स्वनशनविधिना च प्राप्य मृत्युं सुखेन ।
निखिलसुखमनोज्ञं देवलोकं तुरीयं,
निहतसकलशोकं संगमिष्याम आर्य ! ॥ १ ॥
भरतभुवि नरत्वं प्राप्य भूयोऽपि भव्यं,
कृतसुकृतमनस्कौ त्वत्कभोगाऽभिलाषौ ।
चरमवयसि शुद्धं संयमं पालयित्वा,
शिवपदमपसादं भूप ! यास्याव आवाम् ॥ २ ॥

રાજન્ ! આ વૃતાંત વિશેષ કરી તું પૂછાવી જો, એમ ગુરુના કહેવાથી તેજ વખતે તેણે પોતાના આપ્ત પુરુષને એક શિલાનગરીમાં મોકલ્યો. "ખરેખર કૌતુકીને આળસ હોતી નથી."

તે આપ્ત પુરુષ એક શિલાનગરીમાં ઓઢર શ્રેષ્ઠીના પુત્રોને ઘેર ગયો. ત્યાં સ્થિરદેવી દાસીને મૂલથી આરંભી સર્વ વૃતાંત તેણે પૂછી લીધું.

"હે રાજન્ ! અમે પણ બહુ સમય સુધી સંયમ પાળીને સમ્યક્ પ્રકારે અનશનવિધિવડે સમાધિ પૂર્વક કાલ કરીને સમગ્ર સુખમય અને સમસ્ત શોક રહિત એવા ચોથા દેવલોકમાં જઈશું."

હે ભૂપાલ! ભરત ક્ષેત્રમાં ફરીથી પણ ઉત્તમ નરભવ પામી સુકૃતની રૂચિવાળા અને ભોગાભિલાષાના ત્યાગી એવા આપણ બંને જણ વૃદ્ધાવસ્થામાં શુદ્ધ સંયમ પાલીને સર્વ સુખમય એવા મોક્ષપદને પામીશું. એમ શ્રીચારિત્રસુંદરગણિ સ્વરચિત શ્રી કુમારપાલચરિત્રમાં કહે છે.

પછી ઓઢર શ્રેષ્ઠીએ બંધાવેલા શ્રીવીરભગવાનના ચૈત્યનાં દર્શન કરી તે સેવક રાજની પાસે આવ્યો અને યથાસ્થિત તે સર્વ વૃત્તાંત તેણે ભૂપતિની આગળ નિવેદન કર્યું.

તે સાંભળી શ્રીકુમારપાળ નરેંદ્રને બહુ પ્રતીતિ થઈ, જેથી બહુ આનંદવડે તેણે સંઘ સમક્ષ પોતાના ગુરુને "શ્રીકલિકાલ સર્વજ્ઞ" એવું બિરૂદ આપ્યું.

રાજ્યચિંતા

શ્રીમાન્ કુમારપાલરાજા પોતાની વૃદ્ધાવસ્થા જોઈ રાત્રિના સમયે એકાંતમાં રહી પોતાના ગુરુની આગળ કહેવા લાગ્યો.

સર્વ વિદ્યાઓના સાગર સમાન આપ સરખા ગુરુ વિદ્યમાન છતાં મારા અભાગ્યને લીધે ગૃહસ્થાશ્રમ રૂપ વૃક્ષના ફલરૂપ પુત્ર મને પ્રાપ્ત થયો નહીં. અને દિવસે દિવસે અંગોને કૃશ કરતી આ વૃદ્ધાવસ્થા રાજ્યદાનને લાયકની ચિંતા સાથે બલવાન થાય છે.

માટે હે ભગવાન ! આ રાજ્યની કંઈક વ્યવસ્થા કરી હું સમતા-રૂપ અમૃતસાગરમાં હંસની માફક આચરણ કરવાને ઈચ્છું છું.

આ રાજ્ય **અજયપાલ** નામે મારા ભત્રીજાને આપું ? કે પછી **પ્રતાપમલ્લ** નામે મારા ભાણેજને આપું ? આપની શી આજ્ઞા છે ? વિચાર કરી સૂરિએ કહ્યું.

અજયપાલ બહુ દુષ્ટ છે, માટે તે દાસી પુત્રની માફક રાજ્યને લાયક નથી. વળી ઐશ્વર્યને પ્રાપ્ત થયેલો આ અજયપાલ વૈરીની માફક ધર્મસ્થાનની શ્રેણી સમાન વનસ્થલીને મદોન્મત્ત હસ્તી જેમ ભાગી નાખશે.

અને આ પ્રતાપમલ્લ તો તેવો દુષ્ટ બુદ્ધિવાળો નથી. માટે પોતાનો રાજવૈભવ તું એને આપ, જેથી પરિણામે તે હિતાવહ થાય.

ગુણવાન પુરુષને વિષે જે લક્ષ્મી સ્થાપન કરાય છે, પરંતુ સંબંધિને અપાતી નથી. કારણ કે; પોતાનો પુત્ર શનિ વિદ્યમાન છતાં પણ સૂર્ય પોતાનો પ્રકાશદીપમાં સ્થાપન કરે છે.

હે ગુરુમહારાજ ! સમય ઉપર આપનું હું વચન સિદ્ધ કરીશ. એમ કહી શ્રીકુમારપાળ રાજા પોતાના સ્થાનમાં ગયો.

બાલચંદ્રશિષ્ય

શ્રીમહાવીર સ્વામીપર ગોશાલક જેમ શ્રીહેમચંદ્રસૂરિ પર દુષ્ટ આશયવાળો **બાલચંદ્ર**નામે તેમનો શિષ્ય હતો. નજીકમાં ગુપ્ત રહેલા તેણે રાજા અને સૂરીશ્વરનો ગુપ્ત વિચાર સાંભળી લીધો. તેજ વખતે તેણે **અજયપાલ** નામે પોતાના બાળમિત્રને તે સર્વ વૃત્તાંત નિવેદન કર્યું, " ખરેખર બલ પુરુષોને અનિષ્ટ કર્ત્તવ્ય ઉચિત હોય છે."

તે વૃત્તાંત સાંભળી અજયપાલનું મુખકમલ વિકસ્વર થઈ ગયું અને તે બોલ્યો.

હે મુનિ ! આગુપ્ત વિચાર તેં જાણ્યો, તે બહુ સારૂ થયું. આ વિચાર રૂપ વેલીને તેંજ સફલ કરી. કારણ કે; રાજાના મનમાં રહેલો વિચાર મારી આગળ તેં પ્રગટ કર્યો.

વળી હે મુનિ ! હાલમાં શ્રીકુમારપાળરાજાના આ હેમાચાર્ય ગુરુ છે, તેમ જો મને રાજ્ય મળશે, તો તે સમયે તુંજ મારો ગુરુ થઈશ.

એમ બાલચંદ્રને કહી તે દિવસેથી આરંભી દુષ્ટબુદ્ધિ અજયપાલ શ્રેણિક રાજાપર કોણિકની જેમ શ્રીકુમારપાલ નરેંદ્ર પર દ્વેષ કરવા લાગ્યો.

અંતિમદેશના

ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ રૂપ ત્રણ વિદ્યાઓથી અધિષ્ઠિત નવીન શબ્દાનુશાસન આદિ શુભ ગ્રંથો વડે જ્ઞાન યજ્ઞને પ્રવર્તાવતા,

ક્રિયા માર્ગમાં પોતે પ્રવૃત્તિ કરતા અને અન્ય જનોને પણ સ્થાપન કરતા,

છઠ્ઠ, અઠ્ઠમ આદિક તપશ્ચર્યાઓવડે ધર્મને વધારતા,

ચંદ્ર કુમુદવૃંદને જેમ જૈનમતને વિકસ્વર કરતા

શ્રીહેમચંદ્રસૂરિએ ચોરાશી વર્ષનું આયુષ પૂર્ણ કર્યું.

પછી કોઇપણ જ્ઞાનના અતિશય વડે પોતાના આયુષની સમાપ્તિ જાણી પોતાના ગુરુભાઈ શ્રીપ્રદ્યુમ્નસૂરિને ગચ્છની શિક્ષા આપી ગુરુશ્રીએ સંઘ સહિત નરેંદ્રને બોલાવ્યો.

પોતાના શરીરે પણ વૈરાગ્ય ભાવ ધારણ કરતા ગુરુ મહારાજે સર્વની સમક્ષ વિધિ પ્રમાણે અનશન ગ્રહણ કર્યું.

તે સમયે જન્મથી આરંભી કોઈ દિવસ અદૃષ્ટની માફક તેમના મુખકમલના દર્શન માટે સમસ્ત લોકો અહંપૂર્વિકા એક બીજાની સરસાઇ વડે ત્યાં એકઠા થયા.

ત્યારબાદ રાજા અને સર્વ સંઘ સાવધાન થયે છતે ગુરુ મહારાજે વૈરાગ્ય રસથી ભરપૂર દેશનાનો પ્રારંભ કર્યો.

આ અસાર સંસારમાં ભાવિક જનોને કર્મના યોગથી ચારેગતિમાં કિંચિત્ માત્ર પણ સુખ નથી.

પ્રથમ આ જીવો કાય સ્થિતિનો આશ્રય લઈ અનંત સમય સુધી નિગોદ સ્થાનોમાં રહે છે.

વળી તે જીવો તેમાં એક શ્વાસોશ્વાસમાં સત્તર વખત મૃત્યુની દુઃસહ વેદના હંમેશાં ભોગવે છે.

નરકસ્થાનમાં નારકી જીવોને જે ઉત્કટક દુઃખ થાય છે, તેથી અનંતગણું નિગોદના જીવોને તે દુઃખ થાય છે,

પછી બહુ દુઃખવડે ત્યાંથી નીકળી તે જીવો પૃથ્વી, જલ, અગ્નિ અને વાયુકાયમાં અસંખ્યાત ઉત્સર્પિણી કાલસુધી રહે છે.

મહાકષ્ટ વડે તેઓમાંથી નીકળી તે જીવો અનંત કાલ સુધી બહુ દુઃખ ભોગવીને હજારો વર્ષ સુધી વિકલેંદ્રિયોમાં રહે છે.

ત્યારબાદ વિવિધ પ્રકારના ભવભ્રમણ કરી તે જીવો પંચેંદ્રિયપણું પામી જલ, સ્થલ અને ખેચર એવા તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે.

ત્યાં સ્થૂલ શરીરવાળા મત્સ્યાદિકને જાળો વડે જલમાંથી ખેંચી લઇ ક્રૂર એવા કૈવર્ત્તો–મત્સીમારો તીક્ષ્ણ કુઠાર કાષ્ઠની જેમ ચીરી નાખે છે.

ક્ષુધા, તૃષા, અંગછેદ, વિછેદ, ડંભ–ડામ અને વાહાદિક ક્રિયાઓ વડે અત્યંત પીડાતા વૃષભાદિક જીવો પ્રત્યક્ષ દેખાય છે.

વાગુરા–જાલ વિગેરેના પ્રયોગ વડે મૃગલાં વિગેરે પ્રાણીઓને બાંધી માંસ પાકમાં પ્રવીણ એવા વ્યાધ લોકો તૈલાદિકની અંદર પકાવે છે.

તેમજ બહુ ખેદની વાત છે કે, દયાહીન એવા કસાઈ લોકો વિવિધ પ્રકારના કપટ વડે ચકલાં વિગેરે પક્ષીઓને પકડી લોહાદિકના ખીલાઓ પર તેમનું માંસ પકાવે છે.

ત્યાં ક્રૂરતા વડે હજારો પાપ કરી તે પ્રાણીઓ શરણરહિત નરક યોનિને પામે છે.

તેની અંદર ઉત્પન્ન થયેલા તે જીવો દરેક અંગ છેદ, વજ્રઅગ્નિ સમાન દાહ અને નેત્ર કર્ષણાદિકવડે ઘણી પીડાઓને સહન કરે છે.

વળી પૂર્વનું વૈર સંભારી પરસ્પરશસ્ત્રોના ઘાતવડે મુશળથી ખાંડેલા દાણાઓની માફક તે પોતે ટુકડાઓ થાય છે.

નરક સ્થાનમાં પચાતા નારકી જીવોને હંમેશાં જે દુઃખ થાય છે, તે કહેવાને લક્ષ જીભવાળો પણ કોઇ સમર્થ નથી.

બાદ કિંચિત્ પુણ્યના યોગથી કથંચિત્ પ્રકારે નરક સ્થાનમાંથી નીકળેલા પ્રાણીઓ નરક સમાન સ્ત્રીઓના ગર્ભમાં ઉત્પન્ન થાય છે.

દરેક રૂંવાટાઓમાં તપાવેલી સૂચી-સોયો વડે ભેદાતા પ્રાણીને જે દુઃખ થાય છે, તેથી આઠગણું દુઃખ ગર્ભાવાસમાં થાય છે.

ગર્ભાવાસમાં ઉત્કૃષ્ટથી બાર વર્ષ સુધી નીચે મુખે રહીને તે પ્રાણીઓ જન્મ સમયે કષ્ટથી મુડદા સમાન અચેતન થાય છે.

બાલ્યાદિક ત્રણે અવસ્થાઓમાં અશુચિપણું, વિરહાગ્નિ, વિકલતા અને પ્રચંડ રોગાદિકને લીધે મનુષ્યો બહુ દુઃખથી ઘેરાઈ જાય છે,

તેમજ નિર્ધનતા, સ્ત્રી પુત્રનો અભાવ, દાસ્ય, વૈર, યુદ્ધાદિક અને જનકાદિકના તિરસ્કાર વડે મનુષ્યો કેવલ દુઃખના પાત્ર થાય છે.

ત્યાં પણ કંઈ સુકૃત કરી દાનાદિક ઉત્તમ કર્મોવડે ભદ્ર આશયવાળા કેટલાક મનુષ્યો દેવપણું પામે છે.

તેમજ ત્યાં પણ દુષ્કર્મના ઉદયથી કેટલાક કિલ્વિષિકાદિક દેવો-સ્વામીની સેવા વડે કિંકરની માફક બહુ ખેદ કરે છે.

વળી કેટલાક દેવો બીજા દેવોની શ્રી સમૃદ્ધિ અને સ્ત્રીઓને જોઈ વજ્રાગ્નિના ખીલાઓથી ગ્રસાયેલા હોય, તેમ પોતાના હૃદયમાં બળે છે.

કેટલાક કામાંધ થયેલા દેવો ઉત્તમ એવી અન્ય દેવીઓનું હરણ કરી કૃષ્ણરાજી વિમાનોમાં ચોરની માફક સંતાઈ જાય છે.

તે તેમનું અકૃત્ય જાણી તેમનો અધિપતિ ઇંદ્ર તેમના મસ્તક પર વજ્ર મારે છે.

જેથી તેની પીડાવડે તેઓ મૂર્છિતની માફક છ માસ સુધી બહુ આક્રંદ કરે છે.

વળી તેઓ પોતાની ભવિષ્યમાં થનાર દુર્ગતિ માનીને તેમજ તેવા પ્રકારનો વૈભવ માની જે દુઃખ ભોગવે છે, તેને કહેવા માટે કોઈપણ સમર્થ નથી.

એ પ્રમાણે ઇર્ષ્યા, માન, માયા, લોભ, ઉદ્વેગ અને ભયાદિક વડે અત્યંત વ્યાકુલ થયેલા દેવો કેવી રીતે સુખી હોય ?

એમ કેવલ દુઃખમય સમગ્ર સંસારનો વિચાર કરી વિવેકી પુરુષોએ એકાંત સુખમય મુકિત સાધવામાં ઉદ્યુકત થવું.

વળી તે મુકિતનું મુખ્ય સાધન સત્પુરુષોને આત્મજ્ઞાન જ કહ્યું છે. કારણ કે અંકુરાઓની ઉત્પતિ બીજ સિવાય અન્યથી હોતી નથી. જેથી આ પોતાના આત્માનું સ્વરૂપ જણાય તેજ શાસ્ત્ર, વિવેકીપણું ચારિત્ર, તપ, ધ્યાન અને સમાધિ પણ તેજ કહેવાય.

જેઓ આ સમસ્ત વસ્તુને જાણવા માટે બૃહસ્પતિસમાન થાય છે. તેઓ પણ પોતાના આત્માને જાણવા માટે મૂઢની માફક મંદ થાય છે.

સ્ફુરણાયમાન મોહરૂપી મહા નિદ્રાથી વ્યાપ્ત થયેલા ત્રણે લોકમાં ખરેખર જ્ઞાન ચક્ષુષવાળો એક આત્મજ્ઞાની જ જાગે છે.

જ્યાં સુધી ઉત્કૃષ્ટ ધ્યાનરૂપ અમૃતના પૂર વડે આ આત્મા ધોવાતો નથી, ત્યાં સુધી દુઃખરૂપી શ્યામતામાં લીન થયેલો તે શુદ્ધ થતો નથી.

સર્વ ઇંદ્રિઓ જેને વશ થઇ હોય, કામાદિક કષાયોનો વિજય કર્યો હોય,

હૃદયમાં વૈરાગ્ય રહ્યો હોય, તેમજ મૈત્ર્યાદિથી જેનું અંતઃકરણ સુવાસિત હોય એવો સત્યપુરુષ ધ્યાનને ઉચિત થાય છે.

બુદ્ધિમાન પુરુષે આત્મજીજ્ઞાસા માટે પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત–રૂપ વર્જીત એમ ચાર પ્રકારનું ધ્યાન કરવું.

શરીરમાં રહેલા કર્મથી નિર્મુક્ત અને જ્ઞાનવાન એવા શ્રી જિનેંદ્ર ભગવાન જેની અંદર સ્મરણ કરાય, તે પિંડસ્થ ધ્યાન કહ્યું છે.

શ્રીમદ્ અર્હન્મય અને ચંદ્રના સરખાં ઉજ્વલ જે મંત્ર પદો હૃદય કમલમાં ચિંતવન કરાય, તેને પદસ્થ ધ્યાન કહ્યું છે.

પ્રાર્તિહાર્ય સહિત સમવસરણમાં બેઠેલા શ્રી જિનેંદ્ર ભગવાનનું તેમજ તેમની પ્રતિમાનું જે ધ્યાન કરાય, તે રૂપસ્થ ધ્યાન કહ્યું છે.

અમૂર્ત્ત–મૂર્તિરહિત ચિન્મય સિદ્ધ સ્વરૂપ, જ્યોતિર્મય અને નિરંજન એવા પરમાત્માનું જેની અંદર સ્મરણ કરાય, તે રૂપાતીત ધ્યાન કહ્યું છે.

આ ચાર પ્રકારનું ધ્યાન કરનાર તેવા ભાવથી રંજીત થયેલો ધ્યાની પુરુષ ભ્રમરી રૂપ થયેલા કીટની જેમ તન્મયતાને પામે છે.

ધ્યાતા અને ધ્યાન, એ બંનેને નિવૃત્ત કરનાર ધ્યેયની સાથે જ્યારે એકતા થાય છે, ત્યારે આ અંતરાત્મા પરમાત્માને વિષે લીન થાય છે.

ત્યારબાદ ઘાતી કર્મોનો નાશ કરી કેવલજ્ઞાન પામી દૃષ્ટિગોચર થયેલી વસ્તુની માફક સમગ્ર વિશ્વનું અવલોકન કરે છે.

સર્વ કલેશથી મુક્ત થયેલો અને જીવન મુક્તપણાને પ્રાપ્ત થયેલો તે આત્મા પરમાત્માની માફક આ લોકમાં પણ પરમાનંદને ભોગવે છે.

અંતે–છેવટમાં શૈલેશી ધ્યાનવડે શેષ કર્મનો ક્ષય કરી, શરીરનો ત્યાગ કરવાથી આત્મા પરમાત્મારૂપ થઈને મોક્ષ સુખમાં લીન થાય છે.

સર્વનું સર્વકાલમાં જે સુખ હોય છે, તે મોક્ષ સુખના અનંતમા ભાગ જેટલું પણ હોતું નથી.

માટે હે ભવ્યાત્માઓ ! જેવી રીતે મોક્ષ સુખ તમારા હસ્ત ગોચર થાય, તેવી રીતે પ્રમાદનો ત્યાગ કરી તમે યત્ન કરો.

જો કે કાલના મહિમાથી આ જન્મમાં મુક્તિ સુખ મળવાનું નથી. તો પણ આત્મધ્યાનમાં રકત થવાથી તે મોક્ષ સુખ ભવાંતરમાં પણ પ્રાપ્ત થાય, એમ કહી આચાર્ય મહારાજ શાંત રહ્યા એટલે કેટલાક ભવ્ય પુરુષોએ માનવ ભવને દુર્લભ માની સમ્યકૃત્વાદિ અભિગ્રહ લીધા.

નરેંદ્રવિલાપ

રાજર્ષિ શ્રીકુમારપાળરાજા ક્ષમાપનાના સમયે ચરણકમલમાં પડી નેત્રોમાંથી અશ્રુ વર્ષાવતો ગદ્‌ગદ્‌ કંઠે ગુરુને કહેવા લાગ્યો.

દરેક ભવમાં સ્ત્રી વર્ગ તથા રાજ્ય સુખાદિક સુલભ છે, પરંતુ કલ્પવૃક્ષ સમાન આપના સરખા કલ્યાણકારી ગુરુ મળવા બહુ દુર્લભ છે.

હે ભગવાન્ ! તમે મને કેવલ ધર્મ આપનાર નથી, પરંતુ જીવિત આપનાર પણ તમે જ છો, માટે આપના ઋણમાંથી હું કેવી રીતે મુક્ત થઈશ ?

હે ભગવાન ! આપે સ્વર્ગમાં જવની તૈયારી કરી છે, તો હાલમાં મને અખંડિત ધર્મ ક્રિયાના સમૂહરૂપ નૃત્યની શિખામણ કોણ આપશે ?

અંતિમ સમયમાં અગાધ એવા મોહ સાગરની અંદર ડુબતા મને તમારા વિના નિર્યામણારૂપ હસ્તાવલંબન કોણ આપશે ?

હે સ્વામિ ! આપના ચરણકમલની ઉપાસના જો મારા મનોરથ પૂર્ણ કરનાર હોય તો તે વડે મોક્ષ પર્યંત તમે જ મારા ગુરુ થાઓ.

એ પ્રમાણે રાજાના વિલાપવડે સૂરીશ્વરનું હૃદય ભેદાઇ ગયું અને નેત્રોમાં પ્રસરતા અશ્રુને બહુ કષ્ટથી રોકીને તે સૂરીંદ્ર પોતાના ચરણમાં પડેલા શ્રીકુમારપાલને અતિ પ્રયાસવડે ઉભો કરી ગંગાની લહેરી સમાન શુદ્ધવાણી વડે કહેવા લાગ્યા.

હે રાજન્ ! જન્મથી આરંભી નિર્બાલસ ભક્તિમય તારા હૃદયમાં, કોતરાયેલાની માફક હું સ્વર્ગમાં જઈશ, તો પણ તારાથી જુદો નથી.

શુદ્ધ મનવડે જૈન ધર્મની તેં આરાધના કરી છે, માટે તારી આગળ મોક્ષ પણ દુર્લભ નથી. તો સદ્‌ગુરુનું તો કહેવું જ શું ?

હે રાજન્ ! અમારા વચનથી જૈન ધર્મનો સ્વીકાર કરી ભૂમંડલમાં તેનું સામ્રાજ્ય પ્રવર્તાવી, તું ઋણરહિત કેમ ન થયો ગણાય ?

સત્ક્રિયા સ્થાપન કરવામાં આચાર્ય સમાન હે રાજર્ષિ ! ક્રિયાથી ભ્રષ્ટ થયેલા અન્ય લોકોને ક્રિયા માર્ગમાં તું પ્રવર્તાવે છે, તો હવે તારે કંઈ શિક્ષા બાકી રહી છે ?

પ્રથમ તેં સર્વ લોકોની સાક્ષીએ જેનો પરાજય કર્યો છે, તે મોહ અંત સમયમાં પણ કેવી રીતે તારો પરાજય કરશે ? માટે સહજ ધૈર્ય વડે તું પોતાનું મન દૃઢ કર, કારણ કે; અમારા મરણ પછી નજીકમાં તારૂં મૃત્યુ થવાનું છે.

મરણ સમયે ક્ષમાપના અને અનશનાદિક ક્રિયા તારે સારી રીતે કરવી, કારણકે તે સિવાય પ્રાચીન શુભ કાર્ય ભસ્મમાં હોમેલા હવ્યની માફક વૃથા થાય છે.

પરલોક સંબંધી સર્વ ક્રિયા પોતાની મેળે જ તારે કરવી, કારણ કે પુત્રના અભાવને લીધે તારી પાછળ તે ક્રિયા કોઇપણ કરવાનો નથી.

સ્વર્ગવાસ

એ પ્રમાણે સુભાષિતની માફક ગુરુની વાણીનો સ્વીકાર કરી શ્રીકુમારપાલરાજા આત્મોન્નતિ માટે બહુ ભક્તિ કરવા લાગ્યો.

અન્ય રાજકુમારો ઇચ્છા પ્રમાણે નૃત્ય કરવા લાગ્યા.

શ્રાવકો રાસ ગાવા લાગ્યા.

ભટ્ટ લોકો બિરૂદાવલી બોલવા લાગ્યા.

ગાયક લોકો ગાયન કરવા લાગ્યા.

પાર્શ્વભાગમાં રહેલા નરેંદ્રાદિક ધર્મવ્યયમાં લક્ષથી અધિક નવકાર મહામંત્રનું સ્મરણ કરવા લાગ્યા અને હજારો પુણ્ય કરવા લાગ્યા.

અતિ નજીકમાં મરણ જાણી ધ્યાન કરવાની ઇચ્છાથી સૂરીશ્વરે સર્વત્ર પ્રસરતા કોલાહલનો નિષેધ કરાવ્યો.

અતિ ઉન્નત નિવૃત્તિ રૂપ લગામ વડે ઉત્કટ અશ્વ સમાન ઇંદ્રિયોનો રોધ કરી, ધ્યાનરૂપી પાશવડે વાનર સમાન ચંચલ ચિત્તને બાંધી, બહુ સમય સુધી અપૂર્વ પરમાત્મ સંબંધી તેજનું ચિંતવન કરતા શ્રીહેમચંદ્રસૂરિએ બ્રહ્મરંધ્ર દ્વારાએ પ્રાણનો ત્યાગ કર્યો.

કુમારપાળ મૂર્છા

કાલધર્મ પામેલા ગુરુમહારાજને જોઈ તેજ વખતે શ્રી કુમારપાલ રાજા પોતાના જીવ વડે ગુરુના જીવની પાછળ ગયો હોય તેમ અચેતન થઈ ગયો.

ક્ષણમાત્ર પછી સચેતન થઈ સર્વ જગતને શૂન્યની માફક જોતો અને ઇષ્ટજનોને શોકાતુર કરતો, તે ભૂપતિ ગદ્‌ગદ્ કંઠે બોલ્યો.

હે પ્રભો! આજસુધી મારી ઉપર આવો અપૂર્વ ધર્મસ્નેહ ધારણ કરી હાલમાં આપે શા માટે નિર્મમત્વ ધારણ કર્યું? કારણ કે મને અહીં મૂકીને આપ ચાલ્યા ગયા?

આપને પોતાના શરીરપર પણ સ્નેહ ન હતો, છતાં મેં આપને

વિષે અતિશય સ્નેહ જોયેા, તે કેવલ મારી ભ્રાંતિ જ છે. "કારણ કે, હાલમાં આપે સ્નેહનેા ત્યાગ કર્યો છે."

મનુષ્યેાને બેાધ આપી બરેબર હાલમાં દેવેા બેાધ આપવાની ઇચ્છાથી આપે સ્વર્ગવાસ કર્યો, "કારણ કે, સંતપુરુષેા સર્વને હિતદાયક હેાય છે.'

હે ગુરુમહારાજ ! વારંવાર એટલેા બધેા મને પશ્ચાત્તાપ થાય છે કે; રાજ્ય મળ્યા પછી મેં આપનેા કંઈપણ ઉપકાર કર્યો નથી.

શિષ્યવર્ગ

પેાતાના ગુરુના સ્વર્ગવાસથી અંતઃકરણમાં દુઃખી થયેલા રામચંદ્રાદિક શિષ્યેા તે સમયે કરૂણસ્વરે વિલાપ કરવા લાગ્યા.

હે પ્રભેા ! આપના સ્વર્ગવાસથી પ્રભાવરૂપી સાગર સુકાઈ ગયેા.

ઉત્તમ ગુણેાનેા આકર–નિધાન બંધ થઈ ગયેા અને જ્ઞાનરૂપી યજ્ઞ ક્ષીણ થયેા.

ઉદર માત્રની પૂર્ત્તિ કરનાર આચાર્ય હાલમાં ઘણા છે, પરંતુ તમારી માફક રાજાને બેાધ આપી જગતનેા ઉદ્ધાર કેાણ કરશે ?

હે ભગવાન ! જ્ઞાનના પ્રદીપ સમાન આપ નિર્વાણ પદ પામે છતે અજ્ઞાનરૂપ અંધકારના તરંગેા પૃથ્વીને ડુબાવશે.

વિષવૃક્ષની માફક મિથ્યાત્વને નિર્મૂલ કરી કલ્પવૃક્ષની માફક તેનેા સ્થાનમાં સમ્યક્ત્વને કેાણ સ્થાપન કરશે ?

આ પ્રમાણે વિલાપ કર્યા બાદ શેાકાશ્રુથી અલ્પ સરેાવરને નિર્માણ કરતા સંઘ અને રાજાએ મળીને દિવ્ય રચનાથી સુશેાભિત એક સુંદર પાલખી તત્કાલ તૈયાર કરાવી.

પ્રથમ સ્નાન કરાવ્યું. પછી ચંદન લેપ કર્યો તેમજ ઉત્તમ રેશમી વસ્ત્ર અને સુગંધિત માલાઓથી અલંકૃત ગુરુમહારાજની મૂર્તિને વૃદ્ધ મુનિઓએ તે શિબિકામાં સ્થાપન કરી.

બાદ મેાટા ઉત્સવ સાથે ઉત્તમ શ્રાવકેા પાલખીને નગરની બહાર લઇ ગયા. પછી કર્પૂર અને અગરૂ ચંદનના કાષ્ઠેા વડે ગુરુમહારાજના દેહનેા સંસ્કાર કર્યો.

તે સમયે સૂર્ય પરિવેષ–અશુભ સૂચક કુંડાળાવાળો અર્થાત ઝાંખો થઈ ગયો.

સર્વ દિશાઓ ધૂળથી વ્યાપ્ત થઇ ગઈ અને દિવસ ભૂખરો થઈ ગયો. અહો! "તેવા ઉત્તમ પુરુષોનો સ્વર્ગવાસ કોને દુઃખદાયક ન થાય?"

જ્યારે તે ચિતાગ્નિ શાંત કર્યો, ત્યારે ગુરુ પર અત્યંત ભક્તિ હોવાથી શ્રી કુમારપાલભૂપતિએ પોતે તે ચિતામાંથી ભસ્મ લઈ પોતાના મસ્તકપર સ્થાપન કરી.

પછી દેશાધિપ–સામંત રાજાઓ, શ્રાવક અને સર્વ નગરવાસી-લોકોએ લેશમાત્ર ભસ્મ લઈ પોતપોતાના મસ્તકે ધારણ કરી, જેથી તે ચિતાની ભૂમિમાં ઢીંચણ જેટલો ખાડો પડયો.

હાલમાં પણ પાટણની નજીકમાં હેમગર્ત્તા–ખાડ એવા નામથી તે ગર્ત્તા પ્રસિદ્ધ છે. "અહો! મહાન પુરુષોની સંસ્કાર ભૂમિ પણ ખ્યાતિને પામે છે."

સ્વર્ગકાલ

શ્રી કુમારપાલભૂપતિએ ગુરુના સ્વર્ગવાસ નિમિત્તે પાટણમાં તેમજ અન્ય નગરોમાં વિસ્તારપૂર્વક મોટા અષ્ટાન્હિક ઉત્સવ કરાવ્યા.

શ્રી વિક્રમ રાજાથી અગીયારસો પીસતાળીસમા (૧૧૪૫) વર્ષે કાર્તિકીપૂર્ણિમાના દિવસે શ્રીહેમચંદ્રસૂરિનો જન્મ.

અગીયારસો ચોપન (૧૧૫૪) માં તેમનો દીક્ષા મહોત્સવ.

અગીયારસો છાસેઠ (૧૧૬૬) માં સૂરિપદ.

અને બારસો ઓગણત્રીસ (૧૨૨૯) માં સ્વર્ગવાસ થયો.

શ્રી હેમાચાર્ય ગુરુના વિયોગવડે સર્વથા શૂન્ય ચિત્તવાળો હોયને શું? તેમ શ્રી કુમારપાલરાજા પોતાના કાર્યમાં વિમૂઢ થઈ ગયો.

ત્યારબાદ રામચંદ્રાદિક પંડિતોએ હંમેશાં બોધ કરી કેટલાક દિવસોએ તેનો શોક મહામુશીબતે કંઈક ઓછો કરાવ્યો.

વિષપ્રયોગ

શ્રીકુમારપાલે વિચાર કર્યો કે, શ્રેષ્ઠ દિવસ જોઈ પ્રતાપમલ્લ

ભાણેજને પોતાની રાજ્યગાદીએ બેસાડું તો ઠીક એમ તે ધારતો હતો, તેટલામાં બહુ તાપને વિસ્તારતો આકસ્મિક જ્વર પ્રચંડ જ્વાલાથી વ્યાપ્ત અગ્નિની માફક તેના શરીરમાં પ્રગટ થયો.

જ્વરાતુર નરેંદ્રને જોઇ વૈદ્ય લોકો એકદમ તે જ્વરને ઉતારવા માટે યત્નપૂર્વક સર્વ ઉપચાર કરવા લાગ્યા.

તે સમયે દુષ્ટ હૃદયવાળા અજયપાલે બહુ યુક્તિથી રાજાને જલની અંદર વિષ આપી દીધું.

કોશ- ખજાનાની કુંચી લઈ અને કેટલુંક સૈન્ય બલાત્કારે પોતાને સ્વાધીન કરી તે દુષ્ટબુદ્ધિ રાજ્યગ્રહણ કરવામાં ઉત્સુક થઇ બેઠો.

હવે પોતાના શરીરમાં સંક્રમેલા વિષને જોઈ રાજાએ જલદી વિષને દૂર કરનાર છીપ પોતાના ભંડારમાંથી મંગાવી.

કોશાધિપતિએ કહ્યું. હે સ્વામિ ! ભંડારની કુંચી અજયપાલ મારા હાથમાંથી બલાત્કારે લઇ ગયો છે અને તે કોશને ચારે બાજુએ રોકીને બેઠો છે.

એ પ્રમાણે કોશાધિપનું વચન સાંભળી વિશુદ્ધ મનવાળા રાજાને બીલકુલ અજયપાલ ઉપર ક્રોધ થયો નહીં. અને પોતે વિચાર કર્યો કે; ભવિતવ્યતા સિવાય કંઈપણ બનતું નથી. આ યોગ પણ ભવિતવ્યતાને લીધે જ થયો છે.

રાજાએ પોતે મંગાવેલી છીપ નહીં આવેલી જોઇ, તે સમયે તેની પાસે રહેલો કોઈક ચારણ બોલ્યો.

હે રાજન્ ! આટલાં બધાં મંદિરો તમે શા માટે બંધાવ્યાં છે ? કારણ કે; આપ સ્વામી છતાંપણ આપની મંગાવેલી એક છીપ ન આવી તો આ મંદિરોની કોણ સેવા કરશે ?

ખરેખર એનું કહેવું સત્ય છે, એમ ચમત્કાર પામી ભૂપતિએ તે ચારણને દારિદ્ર નાશક પારિતોષિક આપ્યું.

પછી તેજ સમયે ભૂપતિએ સર્વ ચૈત્યોમાં નિરંતર પૂજાઓ પવર્તાવી તેમજ સાધર્મિક સેવા અને દીનાદિકને અન્નાદિકદાનની પ્રવૃત્તિ કરાવી.

અંતિમ ક્ષમાપના

રાજર્ષિ શ્રીકુમારપાલે **રામચ**ંદ્ર મુનીશ્વરને બોલાવ્યા. તેમણે અંતિમ આરાધના કરવાનો વિધિપૂર્વક પ્રારંભ કર્યો.

સૂર્યના બિંબ સમાન તેજસ્વી શ્રી જિનેંદ્ર ભગવાનની મૂર્તિ પોતાની આગળ સ્થાપન કરી વિધિ પ્રમાણે પૂજન કરી વારંવાર નમસ્કાર કર્યા.

શ્રીજિનેંદ્ર ભગવાનને સાક્ષીભૂત કરી શ્રીમાન્ કુમારપાલભૂપતિએ પાપ પ્રક્ષાલનની ઇચ્છાથી શુદ્ધ મનવડે મુનિની આગળ કહ્યું.

જન્મથી આરંભી આજ સુધી સ્થાવર અને ત્રસ પ્રાણીઓનો જે કાંઇપણ મેં વધ કર્યો હોય, તો તેની હું વારંવાર ક્ષમા માગું છું.

સ્વાર્થ અથવા પરાર્થ વડે સ્થૂલ કે સૂક્ષ્મ જે કંઈ અનૃતવચન બોલવામાં આવ્યું હોય, તેનું હું અતિ યત્નથી મિથ્યા દુષ્કૃત માગું છું.

નીતિ અથવા અનીતિ વડે પારકું ધનાદિક દ્રવ્ય, જે આપ્યા વિનાનું મેં લીધું હોય, તેનો હું નિરપેક્ષ બુદ્ધિએ ત્યાગ કરૂં છું.

પોતાની અથવા પર સ્ત્રી સાથે જે મેં મૈથુન સેવ્યું હોય અથવા જે દિવ્યભોગનું ચિંતવન કર્યું હોય, તેની હું વારંવાર નિંદા કરૂં છું.

ધન, ધાન્ય, ક્ષેત્ર, ગૃહ, સુવર્ણ, દાસ અને અશ્વાદિકમાં અધિક વૃદ્ધિ પામેલી તૃષ્ણાનો હું એકાગ્ર મનથી ત્યાગ કરૂં છું.

જન્મથી આરંભી મેં રાત્રીએ જે ભોજનાદિક કર્યું હોય તેમજ અભક્ષ્યનું ભક્ષણ કર્યું હોય, તે સર્વ ગર્હિતની હું નિંદા કરૂં છું.

દિગ્વિરતિ વગેરેમાં અને સામાયિકાદિકમાં મેં જે અતિચાર કર્યા હોય, તેમનો હું ફરીથી નહીં કરવા માટે ત્યાગ કરૂં છું.

પૃથ્વીકાયાદિના સ્વરૂપ વડે સ્થાવરોમાં વાસ કરતા મારાથી જે જીવોનો અપરાધ થયો હોય, તે સર્વ જીવોની હું ક્ષમા માગું છું.

ત્રસપણામાં તેમજ તિર્યંચ, નરક, નર અને દેવતાઓના ભવમાં રહી મેં જે જીવોને દુઃખ આપ્યું હોય, તે પ્રાણીઓ મારી ઉપર ક્ષમાવાન થાઓ.

દુર્વાકયાદિક કહેવા વડે સંઘને વિષે જે કોઈ પ્રાણીઓને મેં પીડા કરી હોય, તેમને હું હાથ જોડી ત્રિકરણ શુદ્ધિ–મન, વચન અને કાયાવડે ખમાવું છું.

સર્વ જીવ જાતિઓમાં ભ્રમણ કરતા મેં મન, વચન અને કાયા વડે જે કંઈ પાપ કર્યું હોય, તે મને મિથ્યા દુષ્કૃત થાઓ.

દાક્ષિણ્યવડે અથવા લોભવડે અન્યને જે મેં મૃષા ઉપદેશ કર્યો હોય, તે સર્વ મારૂં મિથ્યા થાઓ.

પ્રમાદાદિકના યોગવડે ધર્મકાર્યમાં મેં જે ખલ છુપાવી રાખ્યું હોય, તે સંબંધી મિથ્યા દુષ્કૃત થાઓ.

ચરણાદિકના સ્પર્શવડે પ્રતિમા પુસ્તકાદિકની જે આશાતના થઇ હોય, તે સર્વ આશાતના નાશ પામો.

અનશનવ્રત

આ પ્રમાણે ક્ષમાપનાવડે જેમ સ્નાનવડે સર્વથા વિશુદ્ધ છે આત્મા જેનો, એવા શ્રી કુમારપાલરાજર્ષિએ અનશન ગ્રહણ કર્યું.

પછી તેણે કહ્યું. ન્યાય માર્ગવડે ધન સંપાદન કરી–સાત ક્ષેત્રોમાં જે કંઈ પણ મેં વાવ્યું હોય, તે પુણ્યની હું અનુમોદના કરૂં છું.

દેવ અને સુગુરુની પૂજાઓ વડે તેમજ અમારિકરણ અને નિષ્પુત્રક વિધવાઓના ધનની મુક્તિવડે જે પુણ્ય ઉપાર્જન કર્યું હોય, તેનું હું સ્મરણ કરૂં છું.

પાપને દૂર કરનારી શત્રુંજયાદિક તીર્થોની યાત્રાઓ કરી જે પુણ્ય મેં મેળવ્યું હોય, તેની હું ભાવના કરૂં છું.

તીર્થંકર ભગવાન, સિદ્ધ ભગવાન, સાધુ અને ધર્મ એ ચારે મારૂં શરણ થાઓ,

તેમજ તે જગત્ પૂજ્ય ચારે મારા મંગલ રૂપ થાઓ.

ચૈતન્યમય સ્વરૂપ ધારી આ મારો આત્મા જ મારો છે.

આ સર્વે દેહાદિક ભાવો સાંયોગિક હોવાથી પૃથક્–ભિન્ન છે.

આ લોકમાં જીવોને જે દુઃખ થાય છે, તે ખરેખર દેહાદિકવડે

થાય છે, માટે મન, વચન અને કાયાવડે અવશ્ય ત્યાગવા લાયક તે દેહાદિકનો હું ત્યાગ કરૂં છું.

એમ સ્મરણ કર્યા બાદ રાજર્ષિએ ચિત્તને સાવધાન કરી શુભ ધ્યાનવડે પ્રપંચરહિત પંચપરમેષ્ઠિના નમસ્કાર નવકાર મંત્રનું સ્મરણ કર્યું.

રાજર્ષિ સ્વર્ગવાસ

પછી રાજર્ષિ–શ્રીકુમારપાલ પોતે સમાધિસ્થ થયા. પોતાના હૃદયમાં સર્વજ્ઞ ભગવાન શ્રીહેમચંદ્રગુરુ અને પાપરૂપી મષીને પ્રક્ષાલન કરવામાં જળસમા તેમણે કહેલા ધર્મનું સ્મરણ કરી શ્રીકુમારપાલભૂપતિ વિષની લહરીથી પ્રગટ થયેલી મૂર્છાવડે કાલ કરી વિક્રમ સંવત્ (૧૨૩૦) માં વ્યંતરેંદ્રપણે ઉત્પન્ન થયા.

શ્રીકુમારપાલભૂપતિનો સ્વર્ગવાસ થવાથી તેમનો સર્વ પરિવાર ખિન્ન થઈ ગયો. "સૂર્યનો અસ્ત થવાથી કમલાકર–કમલસમૂહ વિકસ્વર કયાંથી રહે" ?

મોટી ઋદ્ધિવડે રાજર્ષિનો સંસ્કારવિધિ કરીને અજયપાલ વિગેરે તેમના ભત્રીજાઓએ સર્વ અંત્યક્રિયાઓ કરી.

ત્યારબાદ તેવા ઉત્તમ પ્રકારના ધાર્મિક ગૂર્જરેશ્વરની વિપત્તિથી ખિન્ન થયાં છે મન જેમનાં અને જેમના ગુણ ગૌરવનું વારંવાર સ્મરણ કરતા ઉત્તમ કવિઓએ કાવ્ય રચનાઓ કરી.

ક્ષીણો ધર્મમહોદયોઽદ્ય કરુણા પ્રાપ્ત કથા રોષતાં,
શુષ્કા નીતિલતા વિચારસરણિઃ શીર્ણા ગતા સાધુતા ।
ઔચિત્યં ચ પરિચ્યુતં જિનમતોલ્લાસઃ ક્રશીયાનભૂ–
ચ્છ્રીચૌલુકયમહીપતૌ ક્ષિતિતલાત્ સ્વર્લોકમાસેદુષિ ॥ ૧ ॥

"આજે શ્રીકુમારપાલભૂપતિ ભૂતલનો ત્યાગ કરી સ્વર્ગલોકમાં પધાર્યા, તેથી ધર્મનો મહોદય ક્ષીણ થયો.

કરૂણા–દયા નામ માત્ર થઇ ગઇ, નીતિરૂપલતા વેલી સુકાઈ ગઈ. વિચારસરણિ વિખરાઈ ગઈ. સાધુતા નષ્ટ થઈ ગઈ.

ઉચિતપણું નિર્મૂલ થયું, તેમજ જૈન મતનો પ્રભાવ બહુ દુર્બલ થઈ ગયો."

निर्दग्धश्चिदृशद्रुमः सुरगवी प्रच्यावित्ता प्राणतो–
नीतः कामघटः कपालघटनां चिन्तामणिश्चूर्णितः ।
एकैकोचितदत्तलक्षकनकप्रोज्जीवितार्थिव्रजं,
दैवेनाऽद्य कुमारपालनृपतिं नीत्वा यशःशेषताम् ॥ ६ ॥

દૈવે આજે શ્રીકુમારપાલરાજાને સ્વર્ગ સ્થાનમાં મોકલી કલ્પવૃક્ષને બાળી નાખ્યો,

કામધેનુને પ્રાણથી વિયુક્ત કરી.

કામઘટને ભાંગી નાખ્યો, એટલું જ નહીં પણ ચિંતામણિ રત્નના ચુરેચુરા કરી નાખ્યા.

કારણકે; જે ભૂપતિએ એકેક ઉચિત આપેલાં લક્ષ સુવર્ણ દાનવડે અનેક યાચકોને જીવાડયા હતા."

"અત્યંત ભુજ બળવાળા ઘણાય રાજાઓ થયા, પરંતુ તેઓમાંથી કોઈપણ ભૂપતિ શ્રીકુમારપાલની સમાનતાને પામે તેમ નથી. કારણ કે

જેણે સમગ્ર પૃથ્વી મંડલમાં ધૂતાદિક સાતે વ્યસનોનું નિવારણ કરી, રૂદન કરતી વિધવાઓના દ્રવ્યને છોડી દઈ ચૌદ વર્ષ સુધી સર્વત્ર અમારી પ્રવર્તાવી."

लोको मूढतया प्रजल्पतु दिवं राजर्षिरध्यूषिवान्,
ब्रूमो विज्ञतया वयं पुनरिहैवास्ते चिरायुष्कवत् ।
स्वान्ते सच्चरितैर्नभोऽध्यिमनुभिः कैलासवैहासिकैः,
प्रासादैश्च बहिर्यदेष सुकृती प्रत्यक्ष एवेक्ष्यते ॥ १ ॥

"શ્રીકુમારપાલરાજર્ષિ સ્વર્ગ સ્થાનમાં ગયા, એમ અજ્ઞાનતાને લીધે લોકો ભલે બોલે, પરંતુ અમે તો સમજીને કહીએ છીએ કે;

ચિરંજીવીની માફક તે રાજા આ લોકમાં જ વિરાજે છે, કારણકે,

હૃદયમાં ઉત્તમ ચરિત્રોવડે અને બહારથી કૈલાસગિરિનું ઉપહાસ કરનારા ચૌદસોચાળીશ (૧૪૪૦) પ્રાસાદ–જિનમંદિરો બંધાવવા વડે આ ભાગ્યશાળી રાજા પ્રત્યક્ષ જ દેખાય છે."

અજયપાલ

ભુજબલવડે તે રાજ્ય લક્ષ્મીને પોતાની મેળે જ ધારણ કરતો જાણીને રાજ્યના અધિકારી પુરુષોએ મહોત્સવપૂર્વક અજયપાલને રાજગાદીએ બેસાર્યો.

"પોતાની કાંતિવડે નેત્રોને સિંચન કરતા અને નવીન ઉદય પામતા ચંદ્ર સમાન અજયપાલને જોઇ નગરના લોકો અંતઃકરણમાં મોટા ઉલ્લાસને પામી તે સમયે કુમુદ સમાન પ્રફુલ્લ થયા."

એ પ્રમાણે અનેક ધાર્મિક કથાઓના સારથી અલંકૃત અને શ્રેષ્ઠ વિચારોથી ભરપુર એવું આ શ્રીકુમારપાલનરેંદ્રનું ચરિત્ર સંક્ષેપવડે સંપૂર્ણ થયું.

વળી તે પુણ્ય પુરુષનું આદ્યંત ચરિત્ર વિસ્તારપૂર્વક કહેવા માટે પોતે બૃહસ્પતિ સહસ્ત્ર જીહ્વા ધારણ કરે, તો પણ તે સમર્થ થાય નહીં.

આ પવિત્ર ચરિત્રની અંદર યથોચિત ધર્માદિક સમગ્ર પુરુષાર્થ પ્રતિ પાદન કરવામાં આવ્યા છે. માટે તે ધર્મ વિગેરેના જીજ્ઞાસુ ભવ્ય જનોએ હંમેશાં આ ચરિત્ર સમ્યક્ પ્રકારે સાંભળવું.

વળી ચરિત્ર કર્તા કહે છે કે; મારો આ ચરિત્ર રચવાનો પરિશ્રમ પ્રાચીન કવીશ્વરોના યશની પ્રાપ્તિ માટે નથી.

તેમજ આધુનિક સમયમાં વિદ્યમાન વિદ્વાનોની સમાનતા માટે નથી.

અને પોતાની બુદ્ધિ જણાવવા માટે પણ નથી, પરંતુ સત્પુરુષોનું રચેલું ચરિત્ર અનંત પુણ્યની સમૃદ્ધિ માટે થાય છે, એમ વિચાર કરી મેં આ શ્રી કુમારપાલરાજાનું અદ્‌ભુત ચરિત્ર રચ્યું છે.

આવા પ્રકારનું રાજર્ષિનું પ્રાચીન ચરિત્ર કોઇ ઠેકાણે રચાયેલું નથી, પરંતુ સત્પુરુષોના મુખમાં નાના પ્રકારના પ્રબંધો વિલાસ કરે છે.

પ્રભાવક ચરિત્રાદિકમાં જેવું આ ચરિત્ર મારા જોવામાં આવ્યું. તે પ્રમાણે મેં આ રચના કરી છે. માટે વિદ્વાનોએ મને ન્યૂનાધિકનો દોષ આપવો નહીં

આ ચરિત્રમાં અપૂર્વ અને નવીન પદરચના નથી.

મનોરંજક વિચિત્રતા નથી. શુદ્ધ અલંકાર નથી અને ભવ્ય રસ પણ દીપતો નથી, તો પણ આ શ્રીમાન કુમારપાલનરેશનું

ચરિત્ર જાણી સુકૃતની ઈચ્છાવડે બુદ્ધિમાન પુરુષોએ શુદ્ધ કરીને વાંચવું તથા સાંભળવું.

શ્રીવિક્રમરાજાથી ચૌદસોબાવીશ (૧૪૨૨) મે વર્ષે આ ગ્રંથ રચાયો છે. તેનું પ્રમાણ અનુષ્ટુપ શ્લોક(૬૩૦૭) છે.

અન્ત્ય મંગલ

यावद् द्योतयतः स्वदीधितिभरैर्धावापृथिव्यन्तरं,
सूर्याचन्द्रमसौ निरस्ततमसौ नित्यप्रदीपाविव ।
तावत् तर्पयतादिदं नवसुधानिस्यन्दवत् सुन्दरं,
पृथ्वीपालकुमारपालचरितं चेतांसि पुण्यात्मनाम् ॥ १ ॥

" નિત્ય પ્રદીપ સમાન અંધકારનો સંહાર કરનાર સૂર્ય અને ચંદ્ર પોતાની કાંતિના સમૂહવડે આકાશ ભૂમિના અંતરને જ્યાં સુધી પ્રકાશિત કરે, ત્યાં સુધી નવીન અમૃતના ઝરણાની માફક શ્રીકુમારપાલ રાજાનું આ સુંદર ચરિત્ર પુણ્યાત્મપ્રાણીઓના હૃદયને તૃપ્ત કરો.

પ્રશસ્તિ

" શ્રીમહાવીરભગવાનના ગણધર શ્રીસુધર્માસ્વામી હતા.

તેમના વંશમાં શ્રીઆર્યસુહસ્તિ સ્વામી થયા.

તેમના શિષ્યોમાં મુકુટ સમાન શ્રીગુમસૂરીશ્વર થયા. જેમને ચારણમુનિની લબ્ધિ પ્રાપ્ત થઈ હતી.

તે સૂરીશ્વરથી **ચારણ** નામે ગણ પ્રસિદ્ધ થયો. તે ચારણગણની કલ્પવૃક્ષની માફક દેવનો સમૂહ જેમ અનેક વિદ્વાનો સેવા કરતા હતા."

તે ગણની ચાર શાખાઓ છે, તેમાં વજ્ર નાગરી નામે તેની ચોથી શાખા છે. જેનો વિસ્તાર સર્વ દિશાઓમાં પ્રસરી રહ્યો છે.

ગુણોથી ઉત્તમ એવી તે શાખાના પલ્લવ સમાન **શ્રીસ્થિતધર્મ** નામે દ્વિતીય કુલ છે. તેની અંદર સીમારહિત લબ્ધિઓના સ્થાનભૂત, નમન કરતા દેવોના સમૂહોએ પ્રસિદ્ધ કર્યું છે તપ જેમનું, અને દયાના સાગર એવા **શ્રીકૃષ્ણ** નામે મુનિ હતા."

પોતાના મિત્રનો નાશ થવાથી બહુ દુઃખી થઈ જેમણે ચારિત્ર વ્રત લીધું અને દુર્ગ્રહ એવા અભિગ્રહો ધારણ કર્યા. તેમજ પોતાના ચરણોદકવડે જેમણે સર્પ વિષથી વ્યાકુળ થયેલા પ્રાણીઓને જીવાડયા.

વળી દરેક વર્ષે તે મુનિરાજ માત્ર ચોત્રીશ જ પારણાં કરતા હતા.

સમતારૂપ સંપત્તિને ધારણ કરતા અને રાજાઓને ઉપદેશ આપતા તે શ્રીકૃષ્ણ મુનિ ભવ્યાત્માઓના હર્ષ માટે થાઓ.

તેમજ તે મુનિરાજે પોતાની અમૃતમય વાણીવડે શ્રીનાગપુર નગરમાં **નારાયણ** શ્રેષ્ઠીને ઉપદેશ આપી, તેની પાસે ઉત્તમ પ્રકારનું એક ચૈત્યજિનમંદિર બંધાવ્યું અને તેમાં શ્રીવીર સંવત્ (૭૧૯) શુચિ –જ્યેષ્ઠ=આષાઢ શુદી પંચમીના દિવસે શ્રીમહાવીર સ્વામીની પ્રતિષ્ઠા કરીને બોતેર (૭૨) ગોષ્ઠિક–કાર્યવાહક ગોઠીઓની સ્થાપના કરી.

તેમની પાટપરંપરાએ વિસ્મયકારક અને સુંદર ચારિત્ર ધારક ઘણા સૂરીંદ્ર થયા.

અનુક્રમે વિક્રમ સંવત્ (૧૩૦૧)માં સૂર્યસમાન તેજસ્વી અને મુનિઓમાં ચૂડામણિ સમાન **શ્રીજયસિંહસૂરિ** થયા.

જેમણે મરૂદેશમાં પીડાતા સંઘને મંત્રથી આકર્ષણ કરેલા જલવડે જીવાડયો.

તેમની પાટે પ્રભાવશાલી મુનિઓમાં ચૂડામણિ સમાન, નમ્ર જનોને ચિંતામણિ સમાન અને ઉત્કૃષ્ટ બુદ્ધિવાળા **શ્રીપ્રસન્નચંદ્ર**-સૂરિ થયા.

જેમના ચરણકમલને રાજાઓ પોતાના મસ્તકને ધારણ કરેલા મુકુટરૂપ સૂર્યના અનેક કિરણોવડે વિકસ્વર કરતા હતા.

તેમની પાટે શ્રી **મહેંદ્રસૂરિ** થયા. દરેક વર્ષે દીન અને દુઃખી જનોના ઉદ્ધારરૂપ સુકૃત માટે લક્ષસોનૈઆઓનું માનપૂર્વક દાન આપતા હતા. તેનો તૃણની માફક નિર્લોભપણાથી એકદમ ત્યાગ કરી જે મહાત્મા **શ્રીમહંમદસાહિ** નરેંદ્રના સ્તુતિ પાત્ર થયા કે; એમના સરખા અન્ય કોઇ મુનીંદ્ર નથી, એવા શ્રીમહેંદ્રસૂરિ સર્વ તાપને શાંત કરો.

તેમની પાટરૂપ પૂર્વાચલને દીપાવવામાં ખાસ સૂર્ય સમાન બીજા **શ્રીજયસિંહસૂરિ** થયા.

જેમણે ગુરુ પ્રસાદથી આ શ્રીકુમારપાલ નરેંદ્રનું ચરિત્ર રચ્યું. તેમના પ્રશિષ્ય અવધાનમાં, પ્રમાણ–ન્યાયશાસ્ત્રમાં અને કવિત્વમાં કુશલ એવા શ્રીનયચંદ્રસૂરિ થયા. જેમણે ગુરુ ભક્તિવડે આ ગ્રંથનો પ્રથમ આદર્શ લેખ લખ્યો.

અતિશય મનોહર અને ઉલ્લાસ પામતો સમુદ્ર એ જ છે જલ જેનું,
દિશાઓ રૂપ પત્રોની શ્રેણીથી શુશોભિત,
પાતાળમાં રહેલા શેષનાગરૂપ નાલવડે સંયુક્ત અને લક્ષ્મીદેવીના વિલાસને ઉચિત એવા પૃથ્વીરૂપ કમલમાં

જ્યાં સુધી મેરૂગિરિ કર્ણિકા–કેશરપણાને વહન કરે, ત્યાં સુધી આ વિશુદ્ધ ચરિત્ર વિદ્વાનોને અત્યંત આનંદ આપો. ૐ શાંતિઃ

સમાપ્ત

નિત્ય સ્મરણીય સદ્‌ભાવના

शिवमस्तु सर्व जगतः ।
परहित निरता भवंतु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं,
सर्वत्र सुखी भवतु लोकः ॥

સર્વથા સહુ સુખી થાઓ,
પાપ ન કોઈ આચરો;
રાગ દ્વેષથી મુક્ત થઈને,
શિવ સુખ સહુ જગ વરો.

જિન-દર્શનનો પ્રભાવ

दर्शनाद् दुरित ध्वंसी,
वन्दनात् वांछितप्रदः ।
पूजनात् पूरकःश्रिणां,
जिनः साक्षात् सुरद्रुमः ॥

શ્રી જિનેશ્વર પરમાત્માના દર્શન અન્તઃકરણની પવિત્રતા પૂર્વક કરવાથી અનન્ત જન્મોના પાપમય અશુભ કર્મોનો નાશ થાય છે.

પરમાત્માને વિશુદ્ધ ભાવે વન્દન કરવાથી સર્વ પ્રકારના ઇચ્છીતની પ્રાપ્તિ થાય છે.

શ્રી જિનેશ્વર પરમાત્માની અનેક પ્રકારે ભક્તિપૂર્વક પૂજા કરનારને સર્વ પ્રકારની લક્ષ્મી પ્રાપ્ત થાય છે.

માટે જ કહ્યું છે કે

શ્રી જિનેશ્વર પરમાત્મા સાક્ષાત્-પ્રત્યક્ષ જંગમ કલ્પવૃક્ષ છે.

इणमेव निग्गंथं पावयणं
अट्ठं, परमट्ठं, शेषे अणट्ठं ।

શ્રી જિનેશ્વર પરમાત્માએ કહેલું નિગ્રન્થ પ્રવચન જ અર્થ છે, પરમ (શ્રેષ્ઠ) અર્થ છે અને બાકી અન્ય સર્વ અનર્થ છે.

धर्मो रक्षति रक्षितः ।

મનની મક્કમતા અને દૃઢતાપૂર્વક પાલન કરાયેલો ધર્મ જ આત્માનું અવશ્ય રક્ષણ કરે છે.

અધ્યાત્મિક તથા કથા સાહિત્ય

પાંચો____પંચાવો____પસાવો_____

પુસ્તક નું નામ	કિંમત	રચયિતા
૧ કર્મયોગ ભા-૧-૨-૩	૫૦-૦૦	પૂ.આ શ્રીમદ્ બુધ્ધિસાગર સૂરિ.મ.સા.
૨ આનંદઘન પદ ભાવાર્થ ભા.૧.૨.૩	૭૫-૦૦	" "
૩ ભજન પદ સંગ્રહ	૫-૦૦	" "
૪ શ્રાવક ધર્મ સ્વરૂપ	૫-૦૦	" "
૫ ૬ દ્રવ્ય વિચાર	૫-૦૦	" "
૬ પરમાત્મ જ્યોતિ	૧૧-૦૦	" "
૭ પરમાત્મ દર્શન	૨૧-૦૦	" "
૮ તત્વ અને દ્રવ્ય	૧૦-૦૦	" "
૯ પાથેય	૫-૦૦	" "
૧૦ જિન સ્તુતિ ચતુર્વિંશતિકા તથા ઐન્દ્ર સ્તુતિ	૧૦-૦૦	પૂ.આ.શ્રીમદ્ અજીતસાગર સૂરિ.મ.સા. " "
૧૧ લઘુસ્તોત્ર રત્નાકર	૫-૦૦	" "
૧૨ તરંગવતી (પ્રત) સંસ્કૃત	૨૦-૦૦	" "
૧૩ ગીત રત્નાકર	૫-૦૦	" "
૧૪ ગીત પ્રભાકર	૫-૦૦	" "
૧૫ આંબાઝરી આગ [ભીમસેન ચરિત્ર]	૨૦-૦૦	" "
૧૬ સુર સુંદરી ચરિત્ર-ભા-૧-૨	૪૦-૦૦	" "
૧૭ ઘંટાકર્ણ-કલ્પ [સંસ્કૃત-ગુજરાતી]	૨૦-૦૦	પૂ.આ શ્રીમદ્ શાન્તિ ચન્દ્રોપાધ્યાય સૂરિ.મ.સા.
૧૮ ચિકણગારી	૨૫-૦૦	મુનિ શ્રી દિવ્ય કિર્તીસાગર

પ્રાપ્તિસ્થાન

- મહુડી જૈન શ્વે.મૂ.પૂ.ટ્રસ્ટ મહુડી તા.(વિજાપુર) ફોન.નં-૫૬
- શ્રી બુધ્ધિસાગર સૂરિ જૈન સમાધિ મંદિર,સ્ટેશનરોડ,વિજાપુર(ઉ.ગુ.) ૩૮૨૮૭૦,ફોન.૨૦૬
- શ્રી બુધ્ધિ-કીર્તિ-જ્ઞાન-પ્રકાશન ટ્રસ્ટ. ફોન.નં.૪૧૨૨૨૮.
'સુલક્ષણા' નવપદ સોસાયટી, નવા વિકાસગૃહ સામે, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
- નવનીત બી. મહેતા. સાગર પ્રીન્ટર્સ પાદશાહ કી પોળ,અમદાવાદ-૩૮૦૦૦૧.